## ● અનુક્રમણિકા ●


| ક્રમ | વિષય | પાના.નં. |
|---|---|---|
| ૧. | **પ્રકીર્ણ પ્રસાદ** | ૧ |
| ૨. | અરિહંત ભગવાનને કેવી રીતે ભજવાનું | ૨૪ |
| ૩. | નમો અરિહંતાણંનો ચમત્કાર | ૩૭ |
| ૪. | અન્ય માસિકોમાં આપેલ લેખો | ૭૩ |
| ૫. | પૂજ્યશ્રીની ૧૦૦મી ઓળી પ્રસંગ | ૧૪૯ |
| | **શ્રદ્ધાંજલિ** | |
| ૬. | **શ્રમણ માર્ગ સાધનાના ૧૫ લેખો** | ૧૮૪ |
| | (૧) ગ્રહણશિક્ષા - આસેવનશિક્ષા | ૧૮૪ |
| | (૨) લોકોત્તર ભાવો અને પાપવિકારો | ૧૮૯ |
| | (૩) સાધુ-સાધ્વીએ સમજી લેવાની ચાર જાતની ભાષા | ૧૯૫ |
| | (૪) શ્રમણધર્મનો એક મુખ્ય અંશ | ૨૦૦ |
| | (૫) અસમાધિ સ્થાન | ૨૦૪ |
| | (૬) 'અઢ્ઢારસસહસ સીલંગધારા' | ૨૦૮ |
| | (૭) ષડ્આવશ્યકની વિધિ કેમ જરૂરી ? | ૨૧૦ |
| | (૮) પ્રતિક્રમણની ક્રિયામાં 'તચ્ચિત્ત, તન્મન' વગેરે | ૨૧૧ |
| | (૯) મુનિ ક્ષમાશ્રમણ કેમ ? - ૧૦ યતિધર્મ | ૨૧૫ |
| | (૧૦) સાધુ જીવનમાં અતિ જરૂરી દશવિધ સામાચારી | ૨૨૬ |
| | (૧૧) વિવિધ દૃષ્ટિએ મોક્ષમાર્ગે પ્રયાણ | ૨૩૫ |
| | (૧૨) 'કરેમિ ભંતે૦'ના પદોનું રહસ્ય | ૨૪૪ |
| | (૧૩) પ્રતિક્રમણાદિમાં એકાગ્રતાના ઉપાય | ૨૫૧ |
| | (૧૪) ધર્મક્રિયામાંથી ટાળવાના ૮ દોષ | ૨૫૯ |
| | (૧૫) સંયમ અને સંયમકુશળ | ૨૬૨ |
| ૭. | **પ્રાચીન બાર ભાવના સજ્ઝાય - ભાવાર્થ** | ૨૬૬ |
| | (૧) પહેલી અનિત્ય ભાવનાની સજ્ઝાય | ૨૬૮ |
| | (૨) બીજી અશરણ ભાવનાની સજ્ઝાય | ૨૭૨ |
| | (૩) ત્રીજી સંસાર ભાવનાની સજ્ઝાય | ૨૭૬ |
| | (૪) ચોથી એકત્વ ભાવનાની સજ્ઝાય | ૨૮૦ |
| | (૫) પાંચમી અન્યત્વ ભાવનાની સજ્ઝાય | ૨૮૫ |
| | (૬) છટ્ઠી અશુચિ ભાવનાની સજ્ઝાય | ૨૮૯ |
| | (૭) સાતમી આશ્રવ ભાવનાની સજ્ઝાય | ૨૯૩ |
| | (૮) આઠમી સંવર ભાવનાની સજ્ઝાય | ૨૯૮ |
| | (૯) નવમી નિર્જરા ભાવનાની સજ્ઝાય | ૩૦૧ |
| | (૧૦) દશમી લોકસ્વરૂપ ભાવનાની સજ્ઝાય | ૩૦૮ |
| | (૧૧) અગિયારમી બોધિદુર્લભ ભાવનાની સજ્ઝાય | ૩૧૧ |
| | (૧૨) બારમી ધર્મ-સ્વાખ્યાત ભાવનાની સજ્ઝાય | ૩૧૭ |






## નાગપુર સેન્ટ્રલ જેલમાં કેદીઓને
## મુનિશ્રી હેમરત્નવિજયજીએ આપેલ પ્રવચન

**अण थोवं वण थोवं, अग्गि थोवं कसाय थोवं च ।**
**न हु ते विससीयव्वं, थोवं पि तं बहुं होई ॥**

**અકારણ વત્સલ - અનંત ઉપકારની હેલી વરસાવનારા શાસ્ત્રકાર પરમર્ષિ ભગવંતો સાવધાનીનું રેડ સિગ્નલ બતાવતાં આપણને ઊભા રાખી કર્ણમાં કંઈક કહેવા માગે છે.**

**ભાઈ ! "अण थोवं" થોડા પણ પૈસાનું દેવું જો માથે ચડ્યું હોય તો તું સાવધાન રહેજે કેમકે એ થોડું દેવું જ તને વ્યાજની વિકરાળ ગર્તામાં ઝીંકી દેશે.**

**"वण थोवं" દેહ પર પડેલા નાનકડા ઘાની તું ઉપેક્ષા ન કરીશ. કેમકે જો એ ઘામાંથી સેપ્ટીક થશે તો નાનકડો ઘા પણ મોતનો ઘાટ ઉતારી નાખશે.**

**"अग्गि थोवं" અગ્નિના નાનકડા કણથી પણ ક્યારેય બેપરવાહ રહીશ નહીં. કેમકે એ નાનો કણીયો પણ વિરાટ મહેલાતોને બાળી નાખવાની પ્રચંડ તાકાત ધરાવે છે.**

**ના, આ દેવું, શરીરનો ઘા અને અગ્નિના કણ કરતાંયે ઓ માનવ ! તું અલ્પ એવા કષાયથી વધુ સાવધાન રહેજે.**

**નાનકડું છિદ્ર આખીયે સ્ટીમરને ડુબાડી દે છે. હજારો ટન ભારને ઉંચકીને દોડી જતી ટ્રકને પંચર કરી નાખનારું છિદ્ર ખૂબ જ ઝીણું હોય છે. આખાયે વિશ્વને લપેટામાં લઈ નાખનારા વાવાઝોડાનું ઉત્પત્તિ સ્થાન અતિ સૂક્ષ્મ હોય છે. ઓરિસા, બંગાલ અને બિહાર જેવા દેશોને તારાજ કરી નાખનારી ગંગા-ઘાઘરા અને ઋષિકુલ્યા જેવી તોફાની નદીઓના નીર જ્યાંથી ફુટે છે ત્યાં તેના ઉદ્‌ગમ સ્થાન ખૂબ જ નાના હોય છે અને જલપ્રવાહ પણ ત્યાં શાંત જણાતો હોય છે.**

**વડલાનું બીજ : રસ્તા ઉપર ઉગેલા વિરાટ વડલાનું બીજ અતિ સૂક્ષ્મ હોય છે. એનો પહેલો અંકુર જ્યારે ફુટે ત્યારે તે અતિશય સુકોમળ હોય છે. તેનું થડ અને મૂળ ખૂબ નાના હોય છે. એક નાનકડો બાળક પણ તેને ડાભા હાથે ઉંચકીને ફગાવી દે તેવી તેની નિર્મળ સ્થિતિ હોય છે. પરંતુ જ્યારે તે વડલાને કોઈ હાથ લગાડવા જ તૈયાર નથી ત્યારે તો તે નીચે જમીનને ચીરતો જાય છે. ધરતિના પેટાળમાં ઉતરતો જાય છે. અંતે એક દિ' એવી સ્થિતિમાં એ ફેલાય છે કે દિગ્ગજ**



હાથી પણ તેને ઉખેડી શકતો નથી.

પાપ પણ પ્રારંભમાં તો ખૂબ જ નાનું હોય છે. ના, તેની પ્રચ્છન્ન પ્રલયકારીતા તે વેળાએ તો જલદી નજરમાં પણ આવતી નથી તેથી જ માનવ એ નાના નાના પાપોની ઉપેક્ષા કરી નાખે છે. જેના પરિણામે ઉપેક્ષિત એ પાપો એક દિવસ ઉગ્ર સ્વરૂપ ધારણ કરીને ઈન્સાન જેવા ઈન્સાનને પણ કેદના સળીયા બતાડી દે છે.

આ નાગપુરના મધ્યવર્તી કારાગૃહમાં તમને લઈ આવનારા ઉગ્ર પાપોના જન્મ પહેલાં, હજારોની સંખ્યામાં જ્યારે નાનકડા પાપો જન્મી ચુક્યા હશે. અને તેને ઉગતા જ દાબી દેવાને બદલે "આમાં તો શું વાંધો છે" એવી ઉપેક્ષાઓ કરીને તે પાપોને પંપાળ્યા હશે. તેના પરિણામે જ દૂધ પીને વકરી ગયેલા કાળોતરા નાગની જેમ એ પાપોએ તમને ડસી ખાધા છે.

**न हु ते विससीयव्वं थोवं पि-तं बहुं होइ ।**

માટે પાપ નાનું હોવા છતાં તેમાં વિશ્વાસ ન કરો એ નાનું જ આવતીકાલે મોટું થનાર છે.

**આજે ત્રીજો પ્રસંગ :** એક દિવસની વાત છે. હું મુંબઈ ક્રાફર્ડ માર્કેટમાંથી પસાર થઈ રહ્યો હતો. રોડની ફુટપાથ પરથી એકાએક પંખીઓની ચીચીયારી સંભળાઈ, સહેજ તીરછી નજરે જોયું તો 'આહ' નીકળી ગઈ. નીલાકાશમાં ઉડનારા ગગન વિહારી હજારો નિર્દોષ પંખીઓને લોઢાના પીંજરામાં પૂરવામાં આવ્યા હતા. એમના ઉડ્ડયનનો આનંદ ઝુંટવાઈ જવા બદલ તે કાગારોળ મચાવી રહ્યાં હતાં. પણ પાંજરાના બારણા સજ્જડ રીતે બંધ હતાં. એક ઘેરા નિઃશ્વાસ સાથે હું ત્યાંથી આગળ વધ્યો. બંધન કેટલું બધું દુઃખદાયી છે તેના ઘેરા વિચારોમાં મન ખોવાઈ ગયું.

ફરી એક દિવસની વાત છે. હું મલાડ જઈ રહ્યો હતો. રસ્તામાં જોગેશ્વરી બસ સ્ટોપ પાસેના એક વિરાટ તબેલામાં હજારો ભેંસોને જાડા દોરડાથી સજ્જડ રીતે ખીલે બાંધવામાં આવી હતી. બંધનમાંથી નાસી છુટવાના પ્રયત્નો કરતા એ જાનવરોને જોઈને ફરી બંધન કેટલું બધું અકારું છે તે વિચારોએ મન પ્રદેશ પર ઘેરો ઘાલ્યો.

આ બંને પ્રસંગો જોયા બાદ આજે હું આંખમાંથી આંસુ ચાલ્યા જાય એવો દુઃખદ એક ત્રીજો પ્રસંગ જોઈ રહ્યો છું કે જેમાં જીવતા માનવોને કેદ કરવામાં આવ્યા છે. સોળસો સોળસો કેદીઓથી ઉભરાતી આ સેન્ટ્રલ જેલનું દૃશ્ય કાળજાને કંપાવી નાખે તેવું છે. દોરડાથી બંધાયેલા જાનવર અને પીંજરામાં પૂરાયેલ પંખીઓના દર્શન કરતાં પણ આ દર્શને મારા દિલમાં વધુ દર્દ પેદા કર્યું છે. ત્યાં જાનવર કેદી હતા અહીં ઈન્સાન કેદી બન્યો છે. ચિંતા, ખેદ, અજંપા અને બળાપાથી શેકાઈ

ગયેલા તમારા શરીર પરની ગ્લાની, આંખના આંસુ; આત્માની ઘોર બરબાદી આ બધુંય મારા હૃદયમાં દુ:ખની; અનુકંપાની લાગણી પેદા કરે છે.

**નિર્બંધ બંધનમાં શા માટે ?**

ગુમરાહ આતમ જ્યારે આર્ય ધરતીના ન્યાય, નીતિ, સદાચાર અને પવિત્રતાના બંધનોને ફગાવી દે છે, મન ફાવે તેમ બેફામ રીતે વર્તવાનું શરૂ કરી દે છે, લાજ મર્યાદા અને ખાનદાનીયતના ચીંથરે ચીંથરા ઉડાડી દે છે, ત્યારે એને ન છૂટકે પણ ન ગમતા બંધનમાં કેદ થવું પડે છે.

આ કેદના બંધન જેને ન ગમતા હોય એણે વહેલી તકે ધર્મસત્તાએ ફરમાવેલ બંધનોથી બંધાઈ જવું જોઈએ અને પવિત્ર જીવન જીવવાનો પ્રારંભ કરી દેવો જોઈએ. એમાં જ એકાંતે કલ્યાણ રહેલું છે.

**બ્રેકલેસ ઈમ્પાલાકાર ! :** ધર્મસત્તાએ ફરમાવેલ બંધનો વિનાનું જીવન જે જીવી રહ્યો છે, તે ખરેખર જાતને જોખમમાં મૂકી રહ્યો છે.

સારી પણ બ્રેક વિનાની ઈમ્પાલાકાર નકામી,

સારો પણ લગામ વિનાનો ઘોડો નકામો,

સારો પણ અંકુશ વિનાનો ગજરાજ નકામો,

સારો પણ બંધન વિનાનો માનવ નકામો,

બંધન વિનાનું જીવન એટલે જ બ્રેકલેસ ઈમ્પાલાકાર,

જગતમાં નજર કરશો તો સર્વત્ર બંધનમાં લાભ જણાશે. જગતની વિનાશક શક્તિઓને પણ બંધનમાં, કબ્જામાં લેવામાં આવે તો એ વિકાસમાં ઉપકારક બની જાય છે. બંધન દ્વારા તેની વિનાશકારીતા ખતમ થઈ જાય છે.

જો નદીને કિનારાના બંધન ન હોત તો કેટલા શહેરોને ડુબાડી દેત !

જો ભાખરાનાંગલ ડેમને પાળ ન હોત તો કેટલાયે નગરોનું સત્યાનાશ નીકળી જાત !

જો સાગરને કાંઠાના બંધન ન હોત તો આખાયે વિશ્વને ઓઈયા કરી નાખ્યું હોત !

જો સરકસના સિંહ, વાઘ અને રીંછ પર રીંગમાસ્ટરનો ચાબૂક ન હોત તો કેટલાયને ફાડી ખાત !

માનવ જ્યારે ઈશ્વરીય બંધનોને ફગાવી દે છે, ત્યારે એના અંતરમાં પડેલી સુષુપ્ત પ્રલયકારક વિનાશકારક શક્તિઓ બહાર ઉભરાઈ આવે છે અને એ કંઈકનું



કંઈક કરી બેસે છે.

**તમે અહીં શા માટે ?**

જ્યારે હજારો નરનારીઓ ધરતી પર મુક્ત રીતે ફરી રહ્યા છે, જ્યારે શેરીના કૂતરાઓ પણ નિર્બંધ રીતે ઘૂમી રહ્યા છે, જ્યારે કરોડો પંખીઓ નીલગગનમાં સ્વૈર વિહાર કરી રહ્યા છે ત્યારે ઓ માનવો ! તમે અહીં કેદમાં શા માટે ? આ સવાલ તમે તમારી જાતને પૂછ્યો છે ? જો પૂછ્યો હોત અને તમારી જાતને ઠગ્યા વિના - બેઈમાની કર્યા વિના - ઈમાનદારીથી જો જવાબ શોધ્યો હોત તો, આ જેલમાંથી નીકળતાં પહેલાં જ તમે શરાબ, જુગાર, દુરાચાર અને લુંટફાટ જેવા પાપો (જેના કારણે તમે કેદ થયા છો) માંથી છુટકારો પામી ચુક્યા હોત. પણ અફસોસની વાત છે, કે તમે કોઈ દિવસ આત્મનિરીક્ષણ કર્યું જ નથી.

આ જેલના છુટકારા બાદ પણ ફરી પાછા આ જેલમાં લઈ આવે તેવા જુગાર, શરાબ, દુરાચાર, લુંટફાટ અને ખૂનખરાબીને શું હજુ પણ તમે ઝંખી રહ્યા છો ? એકવારની આ સજા પછી પણ શું સાન ઠેકાણે નહિ આવે ?

જંગલના સિંહ-વાઘ અને રીંછ પણ એકવાર સજા થતાં સીધા દોર થઈ જાય છે. રીંગમાસ્ટરના ઓર્ડર મુજબ સર્કસના સ્ટેજ પર આવી નમ્ર બનીને કાર્ય બજાવે છે. તો શું તમે આ એકવારની સજા પછી નહીં સુધરી શકો ? શું તે જાનવર કરતા પણ માનવ પછાત છે ?

**કૂતરા સાથે માનવને એડમીશન :** મુંબઈની ઓબેરોય હોટલમાં સંધ્યાના સમયે ટેલીફોનની ઘંટડી રણકી ઉઠી. મેનેજરે રીસીવર ઉપાડ્યું, એલાઉ એલાઉ કોણ? હા, હું અમેરિકાથી બોલી રહ્યો છું. તારીખ પાંચમી ડીસેમ્બરના પ્લેનથી ત્યાં આવી રહ્યો છું. મારે ઉતરવા માટે એક રૂમનું બુકીંગ નોંધી લેશો, અને હા ખાસ તો એ પૂછવાનું કે મારી સાથે મારો એક 'જોકી' નામનો કૂતરો પણ આવનાર છે તો મારી સાથે ત્યાં કૂતરાને પણ એડમીશન મળી શકશે ને ? માલિકને પૂછીને મેનેજરે જણાવ્યું કે "આજ સુધી હોટલના રેકોર્ડ પર ક્યારેય કૂતરાએ તોફાન, લુંટફાટ, ચોરી વગેરે કર્યાની ફરિયાદ આવી નથી, ક્યારેય કપ-રકાબી એણે ફોડ્યા નથી, દીવાલ પર પાનની પીચકારી મારી નથી. હા, કૂતરા સાથે આવનાર માણસો અહીં આવીને ઘણાં પ્રકારની તફડંચી, ચોરી, ઉઠાવગીરી કરી ગયાની ફરિયાદો નોંધાયેલી છે." માટે તમારી સાથે કૂતરાને લાવવાને બદલે તમે કૂતરાની સાથે આવો તે વધુ સારું ગણાશે. જોકી કૂતરાના નામ પર રૂમનું બુકીંગ નોંધી લઈએ છીએ. તો આપ જરૂર પધારશો, પણ એકલા નહીં કૂતરા સાથે.

ભગવાન બનવાને સર્જાએલો ઈન્સાન જ્યારે હેવાન બને છે, ત્યારે

ઈન્સાનિયતને તો ગુમાવે છે જ, પરંતુ પશુતાને પણ ગુમાવી બેસે છે.

**નિર્દોષ અને નિર્દય :** એક દૈનિક પત્રના તંત્રીને ઈચ્છા થઈ કે મારા પત્રના ફંટ પેજ પર એક નિર્દોષ સુકોમળ અને સુલક્ષણા શિશુનું ચિત્ર પ્રગટ કરવું. અનેક પત્રકારો આવા શિશુની શોધમાં નીકળી પડ્યા. એક ખાનદાન માતાના ઉત્સંગમાં દૂધ પીતું બાળક નજરમાં ચઢી આવ્યું, કેમેરાની ચાંપ દબાવીને બાળકને કચકડાની પટ્ટી પર ઝડપી લેવામાં આવ્યું. બીજે જ દિવસે આ નિર્દોષતા સુકોમળતા અને સુલક્ષણતાએ દુનિયાભરના પેપરોના મુખપૃષ્ઠ પર સ્થાન લીધું. ખરેખર ! સૌને એ પ્રતિકૃતિમાં જાણે પરમાત્માનો પડછાયો જણાયો.

વણ થંભ્યા વેગે કાળ ગંગા પસાર થઈ ગઈ, વર્ષો વીતી ગયા, તે જ તંત્રીને ફરી એક ક્રૂર રાક્ષસી ઘાતકી અને ખાટકી ચહેરો પેપર પર ચમકાવવો જેથી આ દુનિયા એ જીવતા રાક્ષસને જોઈને કંઈક પ્રેરણા પામે. પત્રકારો દૂર દૂરની ગિરિકંદરાઓમાં ઘૂમી વળ્યા અંતે એક નરાધમ રાક્ષસ મળી આવ્યો.

જેની આંખોના ડોળા રાતાચોળ હતા. માથાના વાળ શાહુડીના પીંછાની જેમ ઊભા હતા. જાડું લઠ્ઠ જેવું શરીર ડામરના પીપડા કરતાંય વધુ કાળુ હતું. હાથના કાંડા જાણે થુવારીયાના પંજા જોઈ લો. હજારો જીવતા જીવોને કાચા ને કાચા ચાવી ખાઈને ફૂલી ગયેલું પેટ લોઢાના કઢાયા જેવું જણાતું હતું. સાથળ તો જાણે સુકાયેલા બાવળીયાના જાડા થડ જોઈ લો. પત્રકારોએ કેમેરાનો લેન્સ ગોઠવ્યો. ચાંપ દબાવી. રક્તબિંદુઓથી રંજીત થયેલો એ રાક્ષસી ચહેરો કેમેરામાં ઝડપાઈ ગયો.

પણ એટલામાં તો પેલો નરાધમ દોડી આવ્યો અને પૂછવા લાગ્યો. તમે આ ચાંપ દબાવી લાઈટ મારીને શું કર્યું ? પત્રકારે કહ્યું, 'ભાઈ ! તારા ભાગ્ય ઉઘડી ગયા છે. આવતીકાલે દુનિયાભરના માણસો પેપરમાં પ્રગટ થનારી તારી તસ્વીરના દર્શન કરશે.'

વર્ષો પૂર્વે એક નિર્દોષ શિશુનું ચિત્ર અમે પ્રગટ કરેલું. અને હવે આવતીકાલે એક નિર્દય રાક્ષસનું ચિત્ર અમે પ્રગટ કરી રહ્યા છીએ. આટલું સાંભળતાં જ આ પથ્થર પીગળી ગયો. કાળા ડીબાંગ એ પાણામાંથી પાણીનો પ્રસવ થયો. પોતાનો ઉજળો ભૂતકાળ નજરમાં આવતાં રડી રહેલા રાક્ષસે, કહ્યું કે કાલે પ્રગટ થનારા ફોટાની નીચે લખી નાખજો કે વર્ષો પૂર્વે "તમે જે નિર્દોષના દર્શન કરેલા તે જ આ નિર્દય રાક્ષસ છે." કુસંગે અને કુછંદે ચડીને મેં નિર્દોષતા-સુકુમાલતા અને સદાચારિતા ગુમાવી છે માટે મહેરબાની કરી કોઈ કુસંગના કુછંદે ચડશો મા, નહિતર દેદાર મારા જેવા થશે.

નરમાંથી નારાયણ થવાના ભવમાં માનવ શું વાનર બને ! જીવમાંથી શીવ



થવાને બદલે અશીવ (ઉપદ્રવી) બને ! રામ બનવાના ભવમાં તે રાવણ બને ! કેટલી દુઃખદ આ પરિસ્થિતિ છે.

તું શું બનીશ ? માનવ, નારાયણ કે વાનર
શીવ કે અશીવ ? રામ કે રાવણ ?
પાંડવ કે કૌરવ ? કૃષ્ણ કે કંસ ?

શું બનવું એ એના હાથની વાત છે. એ જેવો પુરુષાર્થ કરે તેવો તે બની શકે તેમ છે. આ જેલમાંથી છૂટ્યા બાદ તમે શું બનવાનો નિર્ણય કર્યો છે ?

આ જીવન તો ખાણના પથ્થર જેવું છે. તેમાંથી શું બનાવવું તે શીલ્પીના હાથની વાત છે. એ ધારે તો પથ્થરમાંથી રામની પ્રતિમા નિર્મિત કરી શકે છે. અને ચાહે તો રાવણનું પુતળું પણ બનાવી શકે છે.

આ જીવન કોરા કાગળ જેવું છે. તેમાં ભગવાનનું નામ પણ આલેખી શકાય છે, અને 'ગધેડા' શબ્દ પણ લખી શકાય છે, શું લખવું તે તો લેખકના હાથની વાત છે.

જે કુસંગના કુછંદે ચઢે છે ! કુસંગની કેવી તાકાત છે કે સજ્જનને પણ દુર્જન બનાવી નાખે છે. તમે આ જેલના સળીયા વચ્ચે પૂરાયા છો, તેમાં તમારા લુંટફાટ વગેરેના પાપો જેટલા ગુનેગાર નથી એટલા કુસંગ ગુનેગાર છે. તમામ પાપની પ્રેરણાઓ કુસંગમાંથી મળે છે. અને તમામ મોટા પાપોનો પ્રારંભ શરાબમાંથી થાય છે. શરાબ જીવનને ખરાબ કર્યા વિના રહી જ ન શકે. શરાબી સ્વભાવ સ્વભાન અને સ્વજન તમામને ભૂલી જતો હોય છે. તે કયું અકાર્ય નહીં કરે તે સવાલ છે.

**શરાબ કરે ખરાબ !**

એક સજ્જન નવજવાને શરાબી મિત્ર સાથે મૈત્રી બાંધી. દિન-પ્રતિદિન પરસ્પરની ચાહના વધતી ગઈ. એક દિવસ નવજવાનના લગ્ન લેવાયા. નવવધુએ ઘરમાં પગલાં કર્યા, પહેલા જ દિવસે શરાબી મિત્રે કહ્યું, દોસ્ત ! આજે તારે મારી ત્રણ વાત માનવી જ પડશે. એક તો તું જેને પરણ્યો છે તે મારી ભાભીને સખત રીતે લાકડીઓ ફટકારીને બેસિતમ માર મારી દે, જેથી ભવિષ્યમાં તે ક્યારેય તારી સામે ચું કે ચા ન કરે. બીજા નંબરમાં તું તારી બાનું છરીથી ખૂન કરી નાખ, જેથી તારે પત્ની સાથે જીવનમાં કોઈ બાધ ન આવે.

બે વાત સાંભળતાં જ મિત્ર ઉકળી ઉઠ્યો ને પેલાનું મોં દબાવતાં કહી દીધું બસ કર તારી બોબડી બંધ કર. મારી સુશીલ અને નમ્ર પત્નીને હું વિના વાંકે

મારું ? મારી પરમોપકારી જનેતાનું હું ખૂન કરું ? ના, એ કદાપિ નહિ બને, આવી વાતો બંધ કર.

શરાબી મિત્રે કહ્યું, જો તું નહીં માને તો આપણી મૈત્રી રહેશે નહીં. પણ કહું છું કે મારી બે વાત માની જા. સજ્જન મિત્રે જ્યારે ધરાર ના પાડી ત્યારે દુર્જને કહ્યું, જો બે વાત ન માનવી હોય તો છેવટે ત્રીજી વાતનો સ્વીકાર કરી લે, એમાં જરાયે જોખમ નથી.

ચાલ તું મારી સાથે આપણે બીયરબારમાં જઈએ, ત્યાં હું તને પીવડાવું તેટલો શરાબ તારે પી લેવાનો છે. આનાકાની કરવા છતા દુર્જન મિત્ર તેને ઢસડીને બીયરબારમાં લઈ ગયો, ઓવરલીમીટ શરાબ પીવડાવીને તેને ઘર ભેગો કરી દીધો.

ઘરમાં પેસતાં જ લથડતા પગ, ઘેરાતી આંખો, શરાબથી ગંધાતું મોં જોઈને માતાના મુખમાંથી ચીસ નીકળી ગઈ. રે ! રે ! તેં શું પીધું છે ? તું આ શું કરી આવ્યો ? આ દુર્ગંધ શાની મારે છે ?

માતાના સવાલોથી છંછેડાયેલા પુત્રે સીધો જ છરીનો ઘા કરી નાખ્યો. માતાના ધડ-મસ્તક જુદા કરી નાખ્યાં. કૂવે કપડાં ધોવાં ગયેલી પત્નીએ જ્યારે ઘરમાં પ્રવેશ કર્યો ને જોયું તો સાસુના કપાઈ ગયેલા ગળામાંથી લોહી વહેતું હતું. શેરીના કૂતરા કલેવર ચુંથી રહ્યા હતા. પતિ ગુસ્સાથી તેની સામે કતરાઈ રહ્યો હતો. પત્નીએ પૂછ્યું તમે બેસી શું રહ્યા છો ? આ બાનું ખૂન કોણે કર્યું ? ઓ દોઢડાહી ! તારી જીભ લાંબી થઈ ગઈ લાગે છે. જરા અહીં આવ. એમ બોલતાં બોલતાં જ એ ઊભો થયો અને કપડાં ધોવાનો ધોકો લઈને પત્નીના બરડા ઉપર ફરી વળ્યો. પત્નીની કારમી ચીસો સાંભળીને પાડોશીઓ દોડી આવ્યા અને રાક્ષસ બનેલા આ પતિના પંજામાંથી પત્નીને ઉગારી લીધી.

ઘરનાં બારણાં બંધ કરીને તે શરાબીને અંદર જ પૂરી દીધો. ૬ કલાકે ઊંઘીને ઉઠ્યા પછી શરાબનું ઘેન ઉતરી જતાં ખબર પડી કે મેં શું કરી નાંખ્યું ? પોતે કરેલા અપકૃત્ય બદલ ઘણો જ પશ્ચાત્તાપ થયો. પરંતુ હવે મરી ગયેલી માતાને પાછી લાવી શકાય તેમ ન હતું.

દુર્જન મિત્રે માત્ર એક જ વાત કબૂલ કરાવીને તેની ઇચ્છા મુજબ માતાનું ખૂન અને પત્નીને માર એ બંને કામો પાર પાડી દીધા. એક જ શરાબ સારાયે જીવનને ખરાબ કરી નાખે છે. તમે આ જેલના સળીયામાં સપડાયા તેમાં લુંટફાટ, ખૂન-ખરાબી જરૂર કારણભૂત હશે. પરંતુ તે લુંટફાટ, ખૂન-દુરાચારમાં તો શરાબ જ કારણ હશે. એથી યે આગળ વધીએ તો શરાબના મૂળમાં પણ કોઈ દુર્જનનો સંગ જ કારણ હશે. જેમણે તમને શરાબ પીવડાવીને ઉન્માર્ગે ચઢાવીને જેલના



સળીયા ભેગા કર્યા, અને તે ઉસ્તાદો આજે હોટલોમાં પાપભરી લહેર ઉડાવી રહ્યા હશે !

હવે જો સુખેથી જીવવું હોય તો પાપ મિત્રોને પડછાયો પણ લેતાં નહીં અને જે શરાબમાંથી તમામ પાપોનો જન્મ થયો છે તે શરાબને કદાપી હાથ લગાડશો નહીં. એ એવી માદક ચીજ છે, પીવાની શરૂ કર્યા પછી તેના વિના ચેન પડતું નથી. કેટલા લીટર પેટમાં જતી રહે છે, તેનું ભાન પણ રહેતું નથી.

**"एक ही ग्लास" :**

મુલ્લો રોડ પર લથડીયા ખાતો ખાતો શરાબના ઘેનમાં જઈ રહ્યો હતો. રસ્તા પર એક મુતરડી જોઈ તેમાં તેણે પ્રવેશ કર્યો અને પેશાબ કરતાં કરતાં જ બેભાન થઈને ત્યાં મુતરડીના ખાડામાં પડી ગયો. એક કલાક બાદ એક મિત્રે તેને ઉઠાડીને પૂછ્યું.

"ક્યોં મુલ્લાજી કુછ જ્યાદા ડ્રીંક્સ લે લિયા લગતા હૈ । આપ ઈધર હી ગીર ગયે, ઘર તક ભી નહીં પહુંચે । બિલકુલ નહીં કિસને કહા કી મૈં ગીર ગયા હું ? મૈં તો ઈસ અત્તર કે કુંડમેં આરામસે સો રહા થા, ક્યોં ફિજુલ મેરી નીંદ હરામ કર રહે હો ?"

દોસ્તને કહા, મુલ્લાજી ! અબ તો બાત પક્કી હો ગઈ કિ આપને આજ ૪-૫ ગ્લાસ શરાબ લગા દિયા હૈ । મુલ્લાને બડે જોરસે બોલા કિ ઐસી ગલત બાત મત કરો । સહી રૂપમેં બતાતા હું કિ મૈંને સિર્ફ એક હી ગિલાસ શરાબ પિયા હૈ । હાં, પેટકે ભીતર ગયા હુઆ એક ગિલાસ શરાબ ને દુસરે ગિલાસ કો પી લીયા ઓર દુસરે ગિલાસને તીસરે ગિલાસ કો પી લીયા ઈસ પ્રકાર શાયદ પેટમેં ૬-૭ ગિલાસ શરાબ પહુંચ ગઈ હોગી । લેકિન તબ 'મૈં' નહીં થા કયોકિ પહિલા ગિલાસ હી પીનેકે બાદ 'મૈં' મીટ જાતા હું । આગે જો કુછ ભી હોતા હૈ ઉસમે મેરા કોઈ ભી અધિકાર નહીં રહતા । મૈં તો સીર્ફ એક હી ગ્લાસ !

**રાવણ શરમાઈ ગયો...!**

દશેરાને દિવસે હજારો માણસો ભેગા થઈને જાહેરમાં લંકાપતિ દશાનન રાવણના પૂતળાને પૂળો ચાંપીને સળગાવી મારે છે. કદાચ તમે પણ આ હવન ક્રિયામાં ગયા હશો. ભડભડતી આગમાં બળતા રાવણના પૂતળાને જોઈને ખુશ પણ થયા હશો.

પરંતુ મારે તમને પૂછવું છે કે; પૂતળું બળતું દેખતી વેળાએ જેણે તમારા પવિત્ર જીવનને નષ્ટ, ભ્રષ્ટ કરી નાખ્યું છે, જે તમારા અંતરમાં જીવતો ને જાગતો

બેઠો છે તે વિષયવાસનારૂપ રાવણ ક્યારેય નજરમાં આવેલો ? તેને ફૂટી બાળવાનું મન થયેલું ? જો ના તો પછી પૂતળું બાળ્યાનો શો અર્થ ? ભીતરમાં રાવણને જીવતો રાખનારને; એના તમામ ભોજન પાણીની સગવડ કરી આપનારને દશાનનના પૂતળાંને બાળવાનો જરાયે અધિકાર નથી.

અફસોસ ! જેને બાળવાનો હતો તે બચી ગયો; જેને મારવાનો હતો તે જીવી ગયો.

અંતરમાં આંટા મારી રહેલા આ રાવણનો વધ કરવા માટે કોઈ રામ બનવા તૈયાર નથી. કોઈ જંગે ચડવા તૈયાર નથી. માટેસ્તો વિશ્વમાં આજે અનાચાર, દુરાચાર, અને ભ્રષ્ટાચારો કૂદકે ને ભૂસકે વધી રહ્યા છે. ધોળે દહાડે છરી બતાવીને માણસોને લૂંટી લેવામાં આવે છે. ગળામાં હાથ નાખીને સોનાની ચેન ઝુંટવી લેવાય છે. ઘરમાં ઘૂસી જઈને બંદુકની અણી બતાવીને કોકની ઘરવાળીને ઉઠાવી જવાય છે. ઠેરઠેર નારીઓ પર સામુહિક બળાત્કારો ગુજારવામાં આવે છે. આઠ દશ વર્ષની માસુમ બાળાઓ પર ભૂખ્યા વરૂની જેમ તૂટી પડનારા નરરાક્ષસોના નામો છાશવારે ને છાશવારે છાપાઓમાં છપાતા રહે છે.

ચોરી, લૂંટફાટ, દગાફટકા, લાંચ, રૂશ્વત, વિશ્વાસઘાત, અનીતિ અને અન્યાય વડે ગમે તેમ કરીને માણસ પૈસો કમાવા ધમપછાડા કરી રહ્યાં છે. પાપના માર્ગે આવેલો એ પૈસો એના અંતરમાં દુર્બુદ્ધિ પેદા કર્યા વિના રહેતો નથી. બુદ્ધિજીવી ગણાતો વર્ગ પણ બુદ્ધિભ્રષ્ટ બને છે. થ્રીસ્ટાર, ફાઈવસ્ટાર હોટલોના, કેબરેડાન્સ કે ડીસ્કો ડાન્સની પાર્ટીઓમાં પહોંચી જાય છે. ત્યાં રાતભર શરાબ, જુગાર, માંસાહાર અને દુરાચારોના કાદવમાં આળોટે છે. ભોગોની જયાફત ઉડાવે છે. જેને જોઈને કદાચ શેતાન પણ લજવાઈ જાય અને સીતાનો અપહર્તા રાવણ પણ શરમાઈ જાય.

લોકો આવા ધૂમ પાપો કરીને પાપનું પ્રક્ષાલન કરવા કાશીમાં વહેતી ગંગામાં સ્નાન કરવા જાય છે. તો શું ત્યાં નાહવા માત્રથી પાપ ધોવાઈ જશે ? ના, જ્યાં સુધી ડાભી-જમણી આંખમાંથી પશ્ચાત્તાપના આંસુ રૂપી ગંગા-જમના ન છૂટે ત્યાં સુધી ગંગા નદી નાહ્યાનો કોઈ અર્થ નથી. સાચી ગંગા તો તે જ છે, જે પશ્ચાત્તાપના પાવકથી પીગળીને અંતરના હિમાલયથી ઉદ્ભવે છે અને નયનના દ્વારેથી વહેવા લાગે છે. એમાં જ્યાં સુધી સ્નાન ન થાય ત્યાં સુધી ભાગીરથી ગંગા શી રીતે પાપને પ્રક્ષાલે ? વિના પશ્ચાત્તાપે પણ જો પાપ ધોવાઈ જતા હોય તો ગંગામાં પેદા થયેલા માછલાંઓનો મોક્ષ વહેલો થઈ ગયો હોત.



**સત્સંગનો અપાર મહિમા !!!**

દુષ્ટના સંગે સજ્જનને પણ દુર્જન બની જતા વાર લાગતી નથી. તેમ સંતના સંગે દુર્જનને પણ સજ્જન બની જતા વાર લાગતી નથી. કુસંગની જો તાકાત છે તો સત્સંગની પણ કોઈ ઓર તાકાત છે. એક સુભાષિતમાં કહેવાયું છે કે-

**"क्षणमपि सज्जनसंगतिरेका भवति भवार्णवं तरणे नौका"**

એકવારનો પણ સંત સમાગમ ભવસાગર તરી જવા માટે નૌકા તુલ્ય બની રહે છે.

લૂંટફાટ કરનારા પેલા વાલિયા લૂંટારાને જંગલમાં એકવાર કોઈક સંત મળી ગયા. તેમણે વાલીયાને રામ નામ જપવા પ્રેરણા કરી. વાલીયાએ ઘસીને ના પાડી દીધી. "ના મારાથી રામ નામ જપવાનું બનશે નહીં. લૂંટફાટ કરવી અને જે આવે એને માર માર કરવું એજ મારું કામ છે."

સંતે કહ્યું; ખેર ! રામ નામ નહિ તો મરા મરાનો જાપ કરવાનું ફાવશે ! લૂંટારાએ કહ્યું કે હા, એ જરૂર બની શકશે. એણે 'મરા મરા'નો જાપ શરૂ કર્યો. જેમ જેમ બોલવાની સ્પીડ વધતી ગઈ તેમ તેમ મરા મરાને બદલે આગળ પાછળના અક્ષરનું સંયોજન થતાં તે રા...મ, રા...મ, રા...મ, માં એકાકાર થઈ ગયો. જેના પ્રભાવે વાલિયો આ જગતમાં અજૈન રામાયણના રચયિતા વાલ્મીકી મહર્ષિ તરીકે ખ્યાતનામ બની ગયો.

પેલા કામી તુલસીદાસ સન્નારી રત્નાવલીના સમાગમે ગોસ્વામી સંત તુલસીદાસ તરીકે જગત મશહૂર બની ચૂક્યા. જાત અનુભવને કલમથી કંડારતા કહી ગયા કે-

**"एक घडी आधि घडी आधिमें पुण आध ।**
**तुलसी ! संगत संतकी कटे कोटी अपराध ॥"**

રોજ કમસે કમ ૨૪ મિનિટ સુધી સંત સમાગમ અવશ્ય કરવો, એટલો સમય ન મળે તો છેવટે ૧૨ મિનિટનો સત્સંગ કરવો. જંજાળથી ભરેલા સંસારમાં એટલો સમય પણ ન જ મળે તો છેવટે ૬ મિનિટનો સમાગમ તો જરૂર કરવો. એ છ મિનિટમાં કરોડો પાપોના ભુક્કા બોલી જશે.

ઈલાયચીકુમાર, ચિલાતીપુત્ર, દૃઢપ્રહારી, અર્જુનમાળી આર્દ્રકુમાર, રોહિણેય, હરિબલ, સ્થૂલભદ્ર, સિદ્ધર્ષિ, વંકચૂલ, જયતાક, ચંડકૌશિક અને ગરુડરાજ જટાયુ, આદિ અનેક આત્માઓ જૈન શાસનના વિરાટ ગગનમાં સીતારા બનીને ચમકી

ગયા છે. જેમણે સત્સંગના પ્રભાવે, પોતાના કાળા મસોતા જેવા થઈ ગયેલા જીવનને પણ કલહંસની પાંખ જેવા ઉજ્જવળ બનાવી દીધા હતા.

સત્સંગના મહિમાને વર્ણવતા અનેક પ્રસંગો મેં તમારી સમક્ષ રજૂ કર્યા. હવે અંતમાં તમે જેના નામ અને કામથી વધુ તમે પરિચિત છો તે સંત નામદેવના જીવન પરિવર્તનનો એક પ્રસંગ રજૂ કરીને પ્રવચન પૂર્ણ કરીશ.

**સંત નામદેવ :** એ એક સોભાગણ માતાનો દીકરો હતો. શૈશવના શણગાર હજુ તો જ્યાં ઉતર્યા ન ઉતર્યા ત્યાં તો તે કુસંગના કુછંદે ચડ્યો. માતાએ ખૂબ સમજાવ્યો પણ તે ન સમજ્યો. યૌવન વયમાં તે પ્રવેશ્યો ત્યારે તો ખ્યાતનામ બહારવટીયો બની ચૂક્યો હતો. ધોળે દા'ડે લૂંટ કરવી એ એના માટે રમત વાત હતી. જીવતા માણસને કાપી નાખવો એ એના માટે ડાબા હાથની વાત હતી.

જગતભરની ક્રૂરતા એના મોં પર પ્રતિબિંબિત થઈ હતી. યુવાનીના મદઘેનમાં એણે હજારો માનવોને ઉડાવી દીધા હતા. એટલે જ અનેક નવયોવનાઓને અકાળે વૈધવ્યને વધાવી લેવું પડ્યું હતું. હજારો માતાઓ પુત્ર વિહોણી બની હતી. અનેક બાળકો અનાથ બન્યા હતાં. કોઈકે બાપ ગુમાવ્યો, કોઈકે મા ગુમાવી, તો કોઈકે પોતાના પ્રિયતમને ગુમાવ્યો.

નામદેવ નામથી દેવ હતો. પરંતુ કામથી તો તે દૈત્ય જાહેર થયો. એકવાર તેના પાપોથી વાજ આવી ગયેલી જનેતાએ તેને કહ્યું બેટા ! બસ થયું. હવે તો હદ આવી ગઈ પાપોની ! બંધ કર તારા આ હત્યારા ધંધા, દીકરા ! પરલોકમાં તારા ગોટલાં છોતરા વેરાઈ જશે. શોધ્યું હાડકુંયે હાથ નહી લાગે. રૌ રૌ કરતાં દુઃખોની દુનિયામાં તું ધકેલાઈ જઈશ. ડાહ્યો થા. તારા આતમ કાજે કંઈક કરી છૂટ. વધુ નહીં તો રોજ સવારે પ્રભુદર્શને જવાની આખડી (બાધા) રાખ. એના દર્શને તારા કરોડો પાપ ધોવાશે. આગ વરસાવતી તારી આંખમાં ટાઢક વળશે. અને ક્રૂરતાઓથી કઠોર બનેલા તારા કાળજામાં કરુણાની સરવાણી ફૂટશે, તારા દેદાર આમૂલચૂલ બદલાઈ જશે.

માતાના હૃદયદ્રાવક શબ્દોથી દ્રવિત બનેલા નામદેવે કહ્યું કે હે મા ! મારો ધંધો તો હું બંધ કરી શકું તેમ નથી. એ પાપોની વાસના મારી નાડીઓમાં વહેતા લોહીમાં એકાકાર બની ચૂકી છે. અસ્થિમજ્જાના અણુ પરમાણુમાં તે ઓળઘોળ થઈ ગઈ છે. મા ! તે પાપો તો નહીં છૂટે, પરંતુ તારી વાતને શિરસા વંદ્ય કરતાં એટલું તો જરૂર કરીશ કે ધંધે ચડતાં પહેલાં રોજ ૧૦ મિનિટ પ્રભુદર્શનમાં પસાર કરીશ. માતાએ ખુશ થઈને પુત્રના મસ્તકે આશિષ વરસાવતો હાથ મૂક્યો.

રોજ પરોઢીયે નામદેવ દેવદર્શને જવા લાગ્યો. પલાઠી વાળી ૧૦ મિનિટ તે



ધ્યાનમાં બેસવા લાગ્યો. સ્વીકારેલી પ્રતિજ્ઞાના પાલનમાં નામદેવના દિવસો પસાર થવા લાગ્યા. વર્ષો વીતવા લાગ્યા.

એક વખતની વાત છે. મંદિરમાં છપ્પનભોગ મહોત્સવ મંડાયો હતો. રોજ સવારે ભક્તોની ભીડ જામતી. સંધ્યાએ ત્યાં ઝાલરો વાગતી. ખડતાલો ખખડતી. ઘંટનાદ થતા. ઓટલે નગારા પીટાતાં, નગરના નરનારની આંગળીયે નાગાંપુંગાં છોકરા કાંસ્યાના વાડકા લઈને ખાંડ-ટોપરાના પ્રસાદ લેવા દોડી આવતા. સમય થતાં દેવની આરતી ઉતરતી, પછી મંદિરના ઓટલે ઠઠ જામતી. કથા ભજનમાં લોકો રસ લેતા.

આજે મહોત્સવનો છેલ્લો દિવસ હતો. પ્રભાતથી જ સોનાના મોટા થાળમાં છપ્પનીયોભોગ તૈયાર કરવામાં આવ્યો હતો. થાળમાં ગોઠવાયેલા ચોખ્ખા ઘીની મીઠાઈની સૌરભ ચોતરફ પ્રસરી રહી હતી. મંદિરના ઓટલે એક માતા ભૂખ્યા છોકરાને લઈને બેઠી હતી. છોકરું ત્રણ દિવસથી ભૂખ્યું હતું. મા પેટે પથ્થર બાંધીને દા'ડા પસાર કરી રહી હતી. બાપ પરલોક સીધાવી ગયો હતો.

એટલામાં તો કમ્મરે કટારી ખોસીને માથે ફેંટો વાળીને ઘરેથી નીકળેલો નામદેવ મંદિરે આવી પહોંચ્યો. પલાંઠી વાળીને દેવના ધ્યાનમાં અંતર્ધાન થવાનો પ્રયત્ન કર્યો. પણ આજે ધ્યાનમાં મજા આવતી ન હતી. એની અંતર વીણાના તાર આજે બેસૂરા બની જતા હતા. કારણ કે ઓટલે બેઠેલી માતાના ખોળામાં રહેલું બાળક ધ્રૂસકે ધ્રૂસકે રડી રહ્યું હતું. માને કહેતું હતું કે મા ! આ થાળમાં પડી છે તે મીઠાઈ હમણાં ને હમણાં મને ખાવા આપ બહુ ભૂખ લાગી છે.

માતા તેને સમજાવવાનો પ્રયત્ન કરતી હતી, કે બેટા હજુ ભગવાનને ભોગ ધરવાનો બાકી છે. સાંજે ભોગ ધરાયા પછી તને જરૂર ખાવા મળશે. તું રડવાનું બંધ કર છાનો રહે. પણ જીદે ચડેલું આ બાળક સમજવા તૈયાર ન હતું. તે વધુ ને વધુ રડવા લાગ્યું. તેના રૂદનના અવાજથી નામદેવની ધ્યાનધારા તૂટવા લાગી. ફરી ફરી તેને ધ્યાન સિદ્ધ કરવાના પ્રયત્નો કર્યા પણ બાળકના રૂદને તે તમામ પ્રયત્નોને નિષ્ફળ બનાવી નાખ્યાં. અંતે અકળાઈ જઈને નામદેવે કહ્યું ઓ બાઈ ! શા માટે આ છોકરાને રોવડાવે છે ? છપ્પનીયો ભોગ તો છેક સાંજે ધરાશે. ત્યાં સુધી શું આ છોકરાને ભૂખે મારીશ ? જા-જા ઊભી થા. એને બજારમાં લઈ જા અને કોઈક કંદોઈની દુકાનેથી મીઠાઈ વેચાતી લઈને છોકરાને રાજી કર.

અજાણ્યા આદમીના હોઠેથી નીકળેલા શબ્દો સાંભળીને ભૂતકાળની એક કાળ કોટડીમાંથી બહાર નીકળતી એ બાઈ બોલી. ભઈલા ! છોકરું રુવે છે એ હું જાણું છું. બજારમાંથી મીઠાઈ ખવડાવીશ તો રાજી થશે, એય હું સારી રીતે જાણું છું.

પણ હું લાચાર છું. કેમકે ગામડે ગામડે જેણે બૂમરાણ મચાવી નાખી છે, આજ સુધીમાં જેણે હજારો મડદા પાડી નાખ્યા છે, તે નામદેવ બહારવટીયાએ આ છોકરાના બાપને પણ અકાળે યમ દ્વારે પહોંચાડી દીધો છે. ત્યારથી અમારા આખાયે કુટુંબના એવા તો ભોગ લાગ્યા છે કે દિવસ જશે તો રાત કેમ જશે અને રાત જશે તો દિવસ કેમ જશે. રાતો પૈસો સમ ખાવા પૂરતો પણ પાસે રહ્યો નથી. છોકરું ત્રણ દિવસથી સાવ ભૂખે મરે છે. પેટ ભરવાનો ઉપાય હવે તો કોઈ જ સુઝતો નથી. બધી રીતે હારીને નાસીપાસ થયેલી ચમચી પ્રસાદની રાહ જોતી આ ઓટલે બેઠી છું.

બાઈની આપવીતી વીતક સાંભળીને નામદેવનું હૈયું વીંધાઈ ગયું. એણે કહ્યું, ઓ બહેન ! તારા પતિનું માથું ઉતારી લેનાર મારા સિવાય બીજો કોઈ નથી. આ ઊભો એજ લૂંટારો નામદેવ છે. મેં જુવાનીના ઉન્મત નશામાં શું શું નથી કર્યું તે સવાલ છે. આવા ફૂણા માખણ જેવા હજારો બેટાઓને બાપ વિનાના કર્યાં. કરોડો નવોઢાને વૈધવ્યની વ્યાધિમાં ઝીંકી દીધી. કેટલીયે માતાઓના લાડકવાયાને મેં ધરતી ભેગા કર્યા. આજ સુધી મેં કદીયે વિચાર્યું નથી કે મરનારની પાછળ તેનો પરિવાર જીવતાં જ મૃત્યુના કેવા ત્રાસને અનુભવે છે. ઓ બહેન ! બસ થયું. હવે હું જીવવાને લાયક રહ્યો નથી. તારા પતિની ગરદનનું ખૂન પીને રક્ત બનેલી આ તલવાર ઉઠાવ અને મારી ગરદન પર ચલાવ. હું જીવતો રહીશ તો હજારોને મારતો રહીશ. એના કરતા બહેતર છે હું જ મરી પરવારું. હજારો સુખેથી જીવી જશે. બહેન ! ઉઠાવ કટાર, તૈયાર છે આ ગરદન, આંખમાં આંસુ સાથે બાઈએ જણાવ્યું કે છોકરાનો બાપ મરી ગયા બાદ મારા માથે શી શી વીતી છે, એ મારું મન જાણે છે. બાપ વિનાના બેટા કેવા ટળવળે છે, એ હું નજરો નજર નિહાળું છું. ના તમારી ગરદન પર કટાર ચલાવીને મારી ભાભીને અને તમારા પરિવારને હું આવા દુઃખના દવમાં ધકેલી દેવા હરગીજ તૈયાર નથી.

હું તો પ્રભુને પ્રાર્થના કરું છું કે મારા પતિનો હત્યારો પણ સો વરસનો થજો જેથી તેનો પરિવાર નિરાધાર ન બને એનું જીવતર એ સુખેથી જીવે.

છેલ્લા આ શબ્દોથી નામદેવ ખૂબ ખૂબ પીગળી ગયો. એ આ બાઈની ઉદારતા પર ઓવારી ગયો. એને પોતાની જાત પર ધિક્કાર વછૂટી ગયો. એ મંદિરના ગર્ભગૃહમાં દોડી ગયો. હજારોના માથા વાઢી નાખનારી કટાર પ્રભુના ચરણમાં સુપ્રત કરી દઈ; તે ધ્રૂસકે ધ્રૂસકે રડ્યો. ઓ પ્રભુ ! બચાવ મને ઓ નાથ ! ઉગાર મને ! ઓ કૃપાલ ! કરુણાકર આજે અવગુણે ભર્યા તારા દાસ પર કૃપા ધોધ વરસાવ ! ઓ દિનદયાળ ! તને સોંપેલી કટારને આજ પછી કોઈ પણ દિવસ હાથ લગાડીશ નહિ. બહારવટું કરીશ નહિ. કોઈનું ખૂન કરીશ નહિ. બસ ત્યારથી એણે કટારી ત્યાગી દીધી અને માળા પકડી લીધી. નામદેવ દેવભક્તિમાં લયલીન બની



ગયો. ખરેખર ! એના નામને એ સાર્થક કરી ગયો. નામદેવનું નામ જગ બત્રીસીએ ગવાવા લાગ્યું...!

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૮,અંક-૨૭,તા.૨૧-૪-૧૯૯૦

## "ચમકારા બલસાણા તીર્થના-૧"

### શ્રી વિમલનાથદાદાના પ્રભાવિકતાની હારમાળા

**સામે જુઓ તો નાગદેવ :** વ્યાપાર-વાણિજયનાં કાજે રાજસ્થાનના ભાઈઓ દોંડાઈચા આવ્યા છે. સ્થાનિક દેરાસરમાં દર્શન-પૂજન કરતાં ત્યાં લાગેલા એક બોર્ડના લખાણે તેમના તન-મન આકર્ષિત કર્યા... આનંદિત કર્યા... બોર્ડમાં લખ્યું હતું, "બલસાણામાં બિરાજમાન મહાચમત્કારી શ્રી વિમલનાથ ભગવાનનાં દર્શન-પૂજન કરીને જીવન સફળ બનાવો..." નિર્ણય લેવાઈ ગયો... અહીં થોડું કામ પતાવીને પછી બલસાણા જઈ આવીએ. એક જીપ નક્કી કરી લીધી... સમય નક્કી થયો... પણ વ્યાપાર-કાર્યમાં ધાર્યા કરતાં વધુ સમય થઈ ગયો... ડ્રાઈવરે કહી દીધું, માત્ર ત્યાં દર્શન થશે, પૂજા-સેવા નહીં. નિર્ધારિત સમય થવા આવ્યો છે.

'પૂજા નહીં તો દર્શન કરી લેવા દો, દર્શન વિના પાછા તો જવું જ નથી.' અને જીપગાડી પુરપાટ દોડવા માંડી બલસાણા ભણી. પણ થોડે આગળ વધતાં જ એક અજબ દૃશ્ય જોઈને સહુ અચંભિત થઈ ગયા. ગાડી ઊભી રાખી... રોડની વચ્ચે ૭-૮ ફુટ લાંબા નાગરાજ ફણા ચડાવીને ગાડી સન્મુખ બેઠા છે. સહુ નીચે ઉતર્યાં. નમન કર્યું અને દૂર થઈ જવા વિનવ્યા પણ નાગરાજ કોઈનું સાંભળવા તૈયાર ન હતાં. ત્યારે અચાનક ડ્રાઈવરનાં મનમાં એક વિચાર ઝબૂક્યો અને તેણે કહ્યું, 'મેં યાત્રિકોને પૂજાસેવાની ના પાડી તેથી આપ પધાર્યા હો તો હું આપને કહી દઉં છું, "દરેક યાત્રી પૂજા કરશે"... હવે આપ પધારો.' આટલા શબ્દો ઉચ્ચારાતાં જ બે પલમાં તો આ વિશાળકાય નાગરાજ ક્યાંય અલોપ થઈ ગયાં. ચમત્કારી દાદાનાં આ ચમત્કારે રાજસ્થાની ભાઈઓ ભાવવિભોર બની ગયાં... એક દીપ હજારો દીપ પ્રગટાવે... તેમ આ ચમત્કારે મહારાષ્ટ્રમાં પ્રભુનાં અલૌકિક પ્રભાવની અમીટ છાપ છોડી દીધી.

● **બચાવનાર એક પરમાત્મા :** સાધના... સિદ્ધિ... સિદ્ધિ...! સાધનાનાં ચરમ બિન્દુ સાથે સિદ્ધિ ને પ્રસિદ્ધિની પાંખ ને ખ્યાતિની આંખ સ્વયંમેવ મળી જતી હોય છે. બલસાણાનાં નામનેય ન જાણનારાં આજે બલસાણાની પ્રસિદ્ધિનાં ગાન મુક્ત મને ગાઈ રહ્યાં છે. આ ગાન સુણીને તો નવાપુર યુનિયન બેંકમાં મેનેજર

બી.ટી.ભણસાળીનાં મનમાં પણ બલસાણાનાં વિમલનાથને ભેટવાનાં અરમાન જાગ્યાં. પણ અરમાન તો એનાં જ પૂરાં થાય છે જેનાં પર વિધાતાનાં ફરમાન લખાયાં છે.

'ત્રણ સાંધે ત્યાં તેર તૂટે' આ છે ગૃહસ્થાશ્રમ... ભણશાળીનાં કર્મનાં વિપરિત ચક્રો ગતિમાન હોવાથી તીર્થયાત્રાને સંયોગ હજી સધાયો નથી... પણ સાધના અંતે તો સિદ્ધિને વરે જ છે. ભણશાળીનો પુરુષાર્થ પણ એકદા સફળ થઈ જ ગયો... અંધ પિતાને મૂકીને પરિવારનાં બધાં સદસ્યો સાથે શ્રી બી.ટી. ભણસાળી સ્પેશ્યલ જીપ કરીને બલસાણા ભણી ઉપડ્યો.

પ્રભુનાં પ્રીતની રીત કોઈ અનોખી જ હોય છે. ભક્તોનાં ધૈર્યની પરીક્ષા લેવાનું પણ પ્રભુ ક્યારેય ચૂકતાં નથી. ભક્તિઘેલાં આ ભક્તોને લઈ જતી ગાડી અચાનક ભયંકર ધડાકા સાથે ઊભી રહી. સહુને કારમો આંચકો લાગ્યો... બે પલ તો કોઈને સમજાયું નહીં... આ શું બની ગયું...! વાત એમ બની હતી... જીપની આગળ એક ટ્રક દોડતી હતી... સામેથી એક કેરીયર પુર ઝડપે આવી રહ્યું હતું. આમાં સાઈડ લેવાં જતાં જીપનો આગળનો ભાગ ટ્રકમાં ઘૂસી ગયો ને ચેપાઈ ગયો હતો... પણ વાહ પ્રભુ ! તારી લીલા ન્યારી...! આટલો ગંભીર અકસ્માત છતાં કોઈને આંચ પણ ન આવી.

પાંચ મિનિટમાં... હતું... ન હતું...નો નિર્ણય કરીને એ જ ચેપાએલી જીપગાડી પાછી બલસાણા તરફ ઉપડી... હેમખેમ સહુ પહોંચી ગયાં. ત્રૈલોકયનાથ વિમલનાથ ભગવાનનાં દિવ્ય મુખારવિંદને જોતાં સહુની આંખો આંસુભીની બની ગઈ. ક્યારેક ભગવાનને નહીં જોનારો ડ્રાઈવર પણ આ જાગતાં દેવાધિદેવનાં ચરણોમાં વિનમ્ર વદને ઝુકી પડ્યો...! ચેપાયેલી જીપને જોઈને ગામલોક એકઠું થયું, ને પ્રસંગને સાંભળી સહુ ભગવાનના પ્રભાવને વાગોળવા લાગ્યા.

• **સંકલ્પથી સિદ્ધિ :** મહારાષ્ટ્રનું ચાલીસગાંવ... વ્યાપારનું નાનકડું પણ ધીખતું કેન્દ્ર ! અચ્છા અચ્છા વ્યાપારીઓનાં આવન-જાવનથી ચાલીસગાંવનાં બજાર સદા ગાજતાં હોય છે. કર્મક્ષેત્રની જેમ ધર્મક્ષેત્રે પણ આ ચાલીસગાંવ સદા આગે રહ્યું છે. ચાતુર્માસનાં દિવસોમાં તો આ નગરી ધર્મનગરી બની જતી હોય છે. તપ-જપનાં દિવ્ય નાદોથી અહીંનું વાતાવરણ ગુંજી ઊઠે છે.

ચાલીસગાંવમાં ખ્યાતનામ મુનિવરોનું ચાતુર્માસ જામ્યું છે. તપસ્યાનો યજ્ઞ આરંભાયો તેમાં કન્નડના એક બહેને અહીં આવીને બીજા તપસ્વીઓની સાથે સાથે મૃત્યુંજયતપ-માસખમણનો શુભારંભ કર્યો છે ગામમાં અપરંપાર ઉત્સાહનું વાતાવરણ છવાયેલું છે... મોટેરાંની તપસ્યાઓનાં જુવાળને જોઈને નાનકડા ભૂલકાઓ પણ અક્રમની તપસ્યા આદરે છે.



સાંકડાભાઈ પર્વના દહાડા... માસખમણની તપસ્યાનાં દિવસો સુખે-સુખે પસાર થઈ રહ્યા છે... ૨૩-૨૩ દિવસો વીતી ગયાં... અને ૨૪માં દિવસનો સૂર્ય ઊગ્યો છે. તપસ્વી બેન વાજતે-ગાજતે વ્યાખ્યાન સાંભળવા ગયાં છે... અને ગીતોનાં ગુંજન સાથે ઘર તરફ પાછા ફરી રહ્યા છે. પરંતુ અચાનક આપત્તિની આંધી ચડી આવે છે અને તપસ્વી અવાચ બનીને ધરતી પર પછડાઈ જાય છે... જડ જેવા બની ગયા, ન હાલે કે ન ચાલે.

વાજા બંધ...! ગીત શાંત...! ચારે તરફ ખામોશી ને સ્તબ્ધતા...!

અચાનક આવી પડેલી આ આફતે સહુ હેબતાઈ ગયાં હતાં. સહુના ચહેરા પર નાખુશી ફેલાઈ ગઈ... એક ભાઈ ડૉક્ટરને બોલાવવાં દોડી પડ્યાં અને બીજા ભાઈ ભાવ ડૉક્ટર ગુરુમહારાજને બોલાવવાં ઉપાશ્રયે પહોંચ્યા અને બધી વાત કરી... મુનિરાજ તરત જ વાસક્ષેપ લઈને તપસ્વીને ત્યાં પહોંચી ગયાં. તપસ્વીની શારિરીક-માનસિક સ્થિતિ-પરિસ્થિતિનું અવલોકન પરીક્ષણ કરીને મુનિરાજશ્રીએ કહી દીધું. 'આમાં ડૉક્ટરની કોઈ જરૂરત નથી. બધાં શાંતિથી શ્રી વિમલનાથ ભગવાનનું ધ્યાન ધરો ને દાદાનાં દર્શનનો સંકલ્પ લઈ લો...'

સાચા અંતરનો સંકલ્પ સફળ થયા વિના રહી શકતો નથી. મુનિરાજશ્રીએ પણ મંત્રિત વાસક્ષેપ તપસ્વી બેનનાં મસ્તકે નાંખ્યો અને સહુના આશ્ચર્ય વચ્ચે તપસ્વીબેને આંખો ખોલી... બેસી ગયા... ઊભા થયાં... ગુરુદેવનાં ચરણોમાં વંદન-નમન કર્યું. 'શ્રી વિમલનાથ ભગવાન કી જય' નાં નારાઓથી વાતાવરણ પુનઃ પ્રસન્નતાભર્યું બન્યું.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૮,અંક-૨૮,તા.૨૮-૪-૧૯૯૦

## "ચમકારા બલસાણા તીર્થના-૨"

• **ભાગચંદનું ભાગ્ય ખુલ્યું...**

શૂન્યમાંથી સર્જનને પામેલાં બલસાણાનાં નવનિર્મિત ભવ્ય જિનમંદિરમાં પ્રતિષ્ઠાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. મહારાષ્ટ્રનાં અનેક સંઘો જિનશાસનની શાનસમા આ તીર્થનાં પ્રતિષ્ઠોત્સવને યાદગાર ને અવિસ્મરણીય બનાવવા ખડે પગે સેવા આપી રહ્યાં છે. 'કયા સ્વર્ગપુરીશા છા રહા હૈ બલસાણા તીર્થમેં' બલસાણાં સાચે જ આજે સ્વર્ગપુરીસમું બની ગયું હતું. સૌંદર્યનાં અનોખાં સ્વાંગ એણે સજ્યાં હતાં.

જુઓ, આજનો આ દિવસ... હમણાં... હમણાં જ... વીતી જશે... વરઘોડાની તૈયારી... સાંજે જમણ... પ્રતિષ્ઠાની ઉછરામણી... રાતનાં ભાવનાનાં ભજનીયાં ગવાશે અને બીજા દિવસનાં પ્રભાતે તો આ વિમલનાથદાદા દેવવિમાનતુલ્ય મંદિરમાં બિરાજમાન થઈ જશે.' સહુ આમ, પ્રતિષ્ઠાની વાતો કરતાં હતાં... ત્યાં તો રંગમાં ભંગ પડી ગયો. ખુશાલીનાં સ્થાને સર્વત્ર નિરાશા છવાઈ ગઈ.

બલસાણા તીર્થનાં ઉદયકાળ... નિર્માણકાળ... અને પ્રતિષ્ઠા-મહોત્સવમાં જે પરિવાર તનતોડ... મનમોડ... ધનછોડ... પ્રયાસ કરી રહ્યો હતો તેમનાં જ ૧૬ વર્ષનાં જુવાનજોધ પુત્ર ભાગચંદનાં પેટમાં અચાનક ભયંકર પીડા ઉપડી... અસહ્ય વેદના પ્રારંભ થઈ... આંખો ઘૂમવા માંડી અને ભાગચંદ જમીન પર આળોટતાં કરુણ કલ્પાંત કરવા લાગ્યો... પરિવારનાં બધાં સદસ્યો આવી ગયાં... મહોત્સવનાં કાર્યકર્તાઓ પણ ઉપસ્થિત થઈ ગયાં. ગામનાં આગેવાનો આવી ગયાં, સહુને મળીને નિર્ણય કર્યો... ભાગચંદને હૉસ્પિટલમાં ભરતી કરવો.

વિશ્વવંદનીય શ્રી વિમલનાથ પ્રભુનાં પાવન દર્શન કરીને સહુ ગુરુભગવંતનાં વાસક્ષેપ અને માંગલિક શ્રવણ માટે ઉપાશ્રયમાં આવ્યાં. ભાગચંદનાં પિતાએ પુત્રને થયેલી પીડા અને હૉસ્પિટલ લઈ જવાની વાત રડતી આંખોએ કરી... જ્ઞાની ને અનુભવી મુનિરાજશ્રી ભાગચંદનાં શરીર પર બદલાતાં વિવિધ ભાવો ને દેદારો જોઈને વસ્તુસ્થિતિને પામી ગયાં.

ભાગ્યશાળી...! તમે ચિંતા ન કરો... તમે તો બલસાણા તીર્થનાં કર્તા-હર્તા છો... તમે પ્રતિષ્ઠામાં ઉપસ્થિત ન રહી શકો એવું તો અધિષ્ઠાયક દેવ કદાપિ ન કરે... છતાં જ્યારે આવું બની રહ્યું છે ત્યારે જરૂર મને લાગે છે કે તમારાથી કોઈ આશાતના થઈ છે અથવા વહિવટ કરતાં અજાણે કો'ક ગડબડ થઈ છે. ચાલો. પ્રભુ-સંમુખ હાથ જોડીને ઊભા થાઓ. પ્રભુની પાસે આશાતના બદલ માફી માંગી લો... અને ભૂલેચૂકે પણ વહિવટમાં ગડબડ થઈ હોય તો તે માટે ભંડારામાં ૫૦૦ રૂા. નાંખવાનો નિર્ણય કરી લો... બધું સારું થઈ જશે.

સ્વપ્નદૃષ્ટા પૂજ્ય મુનિરાજની આ વેધક વાણી સાંભળીને ભાગચંદના પરિવારે યથાવત્ બધી વિધિ કરી... પ્રભુને હૈયામાં ધાર્યાં... ગુરુને દિલમાં વસાવ્યાં... વાસક્ષેપને માથે લીધો... અને બધાં ભાગચંદને લઈને ચાલવાં માંડ્યાં... પ્રભુ દેખાય ત્યાં સુધી ભાગચંદ દેખતો રહ્યો અને વિનવતો રહ્યો. 'પ્રભુ...! આ બાલકડાની લાજ નહીં રાખે...?'

બસસ્ટેશને સહુ પહોંચી ગયાં... નાનકડું એક ટોળું ત્યાં ભાગચંદની ચોતરફ બની ગયું...ત્યાં જ ભાગચંદ બોલ્યો... 'પિતાજી ! મને હવે કંઈક આરામ લાગે છે... પાણી પીવું છે...' આરામ શબ્દે સહુને આસ્થા ને વિશ્વાસનાં દર્શન થયાં. પાણી પીતાં તો ભાગચંદની જાણે બધી જ વેદના દૂર ફંગોળાઈ ગઈ... 'મારે હૉસ્પિટલ નથી જવું મને હવે સંપૂર્ણ સારું છે. પાછા ગામમાં ચાલો...'



દાદા, તારો પ્રભાવ અપાર...

દાદા, તારી મહિમા અમાપ...

દાદા, તારું શરણું અથાગ...નાં નારાં સાથે ભાગચંદ અને તેનો સંપૂર્ણ પરિવાર ફરી ગામમાં આવ્યો. પ્રભુનાં આ અલૌકિક પ્રભાવે તો સહુનાં તન-મન નાચી ઉઠ્યાં. બમણા ઉત્સાહ સાથે સહુ પ્રતિષ્ઠા-મહોત્સવનાં કામે લાગી ગયાં.

આનું નામ, જૈનં જયતિ શાસનમ્...!

**• જંગલમાં પાણી પાનાર એ કોણ ?**

અસંભવ...! ના... સંભવ છે.

અશક્ય...! ના... શક્ય છે... જ્યાં શ્રદ્ધાની સરવાણી વહેતી હોય... વિશ્વાસની લાગણી ફેલાએલી હોય ત્યાં બધું જ સંભવ છે, શક્ય છે. પરમાત્માનાં નામે ગુંજતાં ચમત્કારોની પાછળનું કારણ જો ખોજવાં જઈએ તો... શ્રદ્ધા-વિશ્વાસ ને સમર્પણ જ એમાં મુખ્ય હોય છે શ્રદ્ધા પાયો બને છે તો સમર્પણ દીવાલોનું કામ કરે છે...!

ચાલીસગાંવનાં જૈનોમાં તો બલસાણા તીર્થને વિમલનાથ પ્રભુનાં નામ-કામ ને ધામ ખૂબ જ વસી ગયા છે. જનતાની જીભે જીભે દાદાનાં જશવાદ ત્યાં ગવાઈ રહ્યાં છે. સહુના મનમાં કોડ છે... બલસાણાની યાત્રાનાં... પણ... સમય દરેકને અનુકૂળ નથી... એક સાથે સહુ નીકળી શકે તેવી સંભાવના દેખાં દેતી નથી ત્યારે... બે વેપારીઓએ નિર્ણય કરી લીધો... આપણે તો જવું જ છે... કોઈ ન આવે તો પણ...!

શુભનો સંકલ્પ જાગે મુશ્કેલીથી... જાગેલાં એ સંકલ્પને જો ભવિષ્યનાં ગર્ભમાં મૂકી દઈએ તો સંકલ્પનું બીજ બળ્યા વિના રહેતું નથી. બંને વેપારીઓનો સંકલ્પ જાગતાં જ સિદ્ધિ ભણી કદમ ભરવાં તૈયાર થઈ ગયાં... ઘડીયાળે દશનાં ટકોર સંભળાવ્યા અને તે સાથે જ બંને પ્રભુભક્ત ધુળીયાની બસમાં બેસી ગયાં...!

આભમાં આતપ... ધરતીમાં તપત... દિશાઓમાં ઉષ્ણતા... દોડતી બસમાં પણ બારી વાટે ઉના પવનનાં સુસવાટા શરીરને ધૂળ ને ગરમીથી ભરી દેતાં હતાં... લાંબી યાત્રા... બંનેને ભારે તરસ લાગી ગઈ. ધુળીયાનું બસ સ્ટેન્ડ આવ્યું... ચાલો, અહીં થોડું પાણી પી લઈએ. પણ ત્યાંજ સામે સાક્રીની બસ

ઉપડવાની તૈયારી હતી... એક મિનિટ પણ રોકાય તેમ દેખાતું ન હતું... ચાલો, આગળ સાકી પાણી પીશું... સાકીમાં ઉતર્યાં કે ત્યાંજ દોંડાઈચાની બસ હોર્ન વગાડી રહી હતી... પ્રભુ પણ જાણે આજ ભક્તોનાં સત્ત્વની, તત્ત્વની, મહત્ત્વની પરીક્ષા લઈ રહ્યાં હતાં. પાણી લીધા વિના જ બસમાં આગળ વધ્યાં... બલસાણા ફાંટા પર બસ ઊભી રહી. આ બસ ગામમાં જતી ન હતી. ૫ કિ.મી.ની પદયાત્રા હતી...!

ધરતી કહે મારું કામ... આસમાન કહે મારું કામ...! ક્યાંય આસપાસ કોઈ નાનકડું ગામ... નાનકડું ખેતર કે નાનકડું મકાન ક્યાંય દેખાતું ન હતું કે જ્યાં જઈને ખોબો પાણી મળી શકે... ગળું સુકાઈ ગયું છે... કંઠ શોષાઈ રહ્યો છે. પાણી વિના એક પણ કદમ આગળ ભરવાં પગ સાફ ના ભણે છે. જવું છે આગે... પણ હિંમત થતી નથી. ત્યારે એક સાથીએ કહ્યું 'ભાઈ ! ભક્તિનાં પારખાં તો આવાં અવસરે જ થતાં હોય છે. ચાલો આપણે ય દાદાનું નામ લઈને આગળ વધીએ. ભગવાન આપણી વહારે દોડી આવશે...' અને બંને આગળ ચાલ્યાં...

અર્ધા કિલોમીટરની યાત્રા પૂર્ણ થઈ... અને પાછળ નજર કરતાં એક મુસાફરને ઉતાવળા આ બાજુ આવતાં જોયો... ચાલો, દોસે તીન ભલા... બંને ભક્તો ત્યાં જ ઊભા રહ્યાં... 'શેઠીયાઓ...! ક્યાં જવું છે...? આજે પગે પગે શીદને યાત્રા કરી રહ્યાં છો...? થાક કેમ વરતાઈ રહ્યો છે તમારા મોઢા પર...! કહો, કહો, કેમ ચિંતામાં છો ?'

'ભાઈ ! ચાલીસગાંવથી દશ વાગ્યાનાં નીકળ્યા છીએ. જવું છે બલસાણાનાં ભગવાન વિમલનાથને જુહારવા... પણ હમણાં તો તરસે મરી રહ્યાં છીએ. પાંચ કલાક થયાં પાણીનું હજી એક ટીપુંયે જોયું નથી...'

'શેઠીયાઓ...! ચિંતા ન કરો... સામે પેલાં ખેતરમાં જ તમને પાણી મળી જશે. ભગવાન પર વિશ્વાસ રાખો ને મારી હારે હાલ્યા આવો...' ગહન અંધકારમાં આશાનાં કિરણ જેવાં આ વ્યક્તિને જોતાં જ બંને પ્રભુ ભક્તોનાં દિલમાં ને પગમાં જોશ ચડી ગયું... ત્રણે ચાલ્યાં... ૫૦માં ડગલે તો ખેતર... એમાં થોડાં અંદર વધતાં જલથી ભરેલો કૂવો... બાજુમાં રસ્સી ને ડોલ પડ્યાં છે. આગંતુક વ્યક્તિએ ડોલ ઉતારી કૂવામાં અને શીતળજળ કાઢી આપ્યું. પાણી ગાળીને બંનેએ ધરાઈને પી લીધું. દુઃખ પછીનું સુખ... તરસ પછીનું પાણી સદા શ્રેષ્ઠ હોય છે.

યાત્રા ફરી આગળ વધી... બંને શેઠીયા આગળ ચાલે છે અને આગંતુક વ્યક્તિ પાછળ ચાલે છે... એક શેઠીયાના મનમાં થયું. 'આવાં વનવગડામાં અકાળનાં



કારમા તાપમાં આવું મીઠું મધુર પાણી પાનાર આપણો મહા ઉપકારી છે. એને ભેટ તો આપવી જ જોઈએ.' અને તેણે પોતાના સાથીની સંમતી લીધી... પરંતુ ભેટ આપવાં જ્યાં પાછળ નજર નાંખે છે તો કોઈ ન મળે... એક ક્ષણ પૂર્વે જે વ્યક્તિ હાજર હતી તે નાંખી નજર જાય ત્યાં સુધી કાં ન દેખાય...! દૂર-દૂર જોયું... ઊંચા અવાજે પોકાર કર્યો પણ સામેથી કોઈ જવાબ ન હતો.

'ભાઈ ! જોયો, દાદા વિમલનાથનો પ્રત્યક્ષ પ્રભાવ...! દૂર દૂર જ્યાં જલ-દર્શન પણ દુર્લભ હતાં ત્યારે પેટ ભરીને પાણી મળ્યું. પાણી પાનારો પણ કોણ જાણે ક્યાંથી આવી ચડ્યો...? ભાઈ ! માન ન માન... મને તો પથિકનાં રૂપમાં સાક્ષાત્ આવેલ અધિષ્ઠાયક દેવ જ લાગે છે... નહીં તો એક ક્ષણમાં તે જાય ક્યાં...?'

'હા, ભાઈ...! હાં... આ તો દાદાનો જ દિવ્ય ચમત્કાર...! બંને વેપારીભાઈઓ હૃદયમાં અપાર અચરજ અને ભક્તિની ભરતી સાથે બલસાણા પહોંચ્યાં... પ્રભુ વિમલનાથને ભેટીને જાણે આજે એમનાં જનમ-જનમનાં પાતક દૂર હડસેલાઈ ગયાં હતાં... ! બલસાણાવાસી જનતાએ આ સમાચાર સાંભળ્યા ત્યારે તો સહુને થઈ ગયું.' 'આપણે કેટલાં ભાગ્યશાળી... ! ધ્રુવતારક સમાન પ્રભુ અહીં બિરાજમાન છે. '

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૮,અંક-૨૯,તા.૫-૫-૧૯૯૦

## "ચમકારા બલસાણા તીર્થના-૩"

**• ભક્તને ત્યાં ભગવાન...**

ભક્ત ભગવાનને ત્યાં જાય એ તો સહજ વાત છે... પણ... ભગવાનનેય ક્યારેક ભક્તને ત્યાં આવી જવું પડે છે.

આવી જ એક શકવર્તી બીના બલસાણામાં બની ગઈ. ભક્ત જ્યારે સદૈવ ભગવાનની ભક્તિ કરતો હોય... આરતી ને પૂજા કરતો હોય... પ્રાર્થના ને અભ્યર્થના કરતો હોય તો ભગવાને પણ ભક્તની કોઈ બગડતી વાતને બચાવી લેવા દોડી આવવું પડે છે.

ચાલીસગામનાં માસખમણનાં મહાન તપસ્વીબેનને પારણું કરાવવા માટે તેમનાં ભાઈ પૂનાથી આવી ગયાં હતાં... ઘર-ઘરમાં... જન-જનમાં ને મન-મનમાં ગવાતો વિમલનાથ દાદાનો પ્રભાવ સુણીને ભાઈનાં દિલમાં પણ બલસાણાતીર્થે જવાના કોડ

જાગ્યાં... તપસ્વીબેનને સાથે લઈને બપોરનાં એક વાગે જીપ ઉપડી... સાથે બીજા ૮ ભક્તો.

સૂર્યનારાયણ જ્યારે પશ્ચિમાવકાશમાં ઢળી રહ્યો હતો ત્યારે સહુ બલસાણા પહોંચી ગયાં. 'નમોજિણાણં'નાં નાદ સાથે જ્યારે વિમલનાથનાં વિમલ-દર્શન સહુએ કર્યાં ત્યારે તેમની પ્રસન્નતાનો પાર ન રહ્યો. 'ઓહ...! કેટલી ભવ્ય પ્રતિમા...! પ્રશમરસનિમગ્નં દૃષ્ટિ યુગ્મંપ્રસન્નં દૃષ્ટિમાં નિર્વિકાર ભાવના... ચહેરાપર અદ્‌ભુત આભા-મંડળ...! હસતાં આ જિનરાજ હમણાં જ બોલશે... એમ સહુને લાગ્યું...! મનભર દર્શન કરીને સહુ બહાર આવ્યાં ત્યારે સૂર્યાસ્તની અર્ધા કલાકની જ વાર હતી.'

માસક્ષમણનાં પારણાંનો આજે બીજો જ દિવસ હતો. બપોરથી હજી સુધી કાંઈ વાપર્યું નથી. સાથેનાં યાત્રિકોમાંથી પણ ૪ ને રાત્રિભોજનનો ત્યાગ હતો... સ્થાનિક શ્રાવકને ભોજન માટે પૃચ્છા કરતાં જવાબ મળ્યો. પહેલા સમાચાર મોકલ્યાં હોત તો વ્યવસ્થા થઈ જાત. છતાં ઘરમાં તપાસ કરીને પાછો આવું છું...! ઘરમાં તપાસ કરતાં પરિવારનાં ૪ સદસ્યો માટે ખીચડી બનીને તૈયાર થઈ હતી. કઢી બનાવવાનું કહીને શ્રાવક યાત્રિકો પાસે પહોંચ્યો... અને રાત્રિ-ભોજનનાં ત્યાગવાળાને જમવાં માટે આમંત્રણ આપ્યું... પણ આશ્ચર્ય...! બધાં જ એક સાથે જમવાં માટે ગાડીમાંથી નીચે ઉતર્યા...! ચારની રસોઈ... જમનાર ચૌદ...! આમંત્રણ આપનાર શ્રાવકને તો આ બાજુ વાઘ તો આ બાજુ નદી...જેવું થયું...!

'ભગવાન...! લાજ રાખજે મારી...' ની પ્રાર્થના કરીને સ્થાનિક શ્રાવકે બધાં યાત્રિકોને જમવાં માટે બેસાડી દીધા... નાનકડી હાંડલીમાંથી સહુનાં ભાણામાં ખીચડી આવવાં માંડી... કઢીનાં વાટકા ભરાતા ગયાં. સહુએ ધરાઈને જમી લીધું... ઘરનાં ચાર સદસ્યો પણ જમ્યાં છતાં હાંડલીમાં નજર નાંખી તો ખીચડી... હજી પડી છે...' આવાં આ આશ્ચર્યજનક બનાવે પુનાવાસી અને બલસાણાનાં સ્થાનિક શ્રાવકનાં દિલમાં તો ખુશીનો કોઈ પાર જ ન રહ્યો...!

**• ચમત્કારોનાં ચમકારાં...**

આવાં તો કેટકેટલાંય પ્રભાવિક પ્રસંગો બલસાણા તીર્થનાં ચમત્કારોની તેજસ્વી ગાથા ગાઈ રહ્યાં છે... દરેક પ્રસંગોને વિસ્તૃત રીતે શબ્દસ્થ કરવાં જતાં તો એક મહાકાય ગ્રંથનું નિર્માણ કરવું પડે... ચાલો, આપણે આવા અમુક પ્રસંગોની એક આછેરી ઝલક જોઈએ.

• પ્રભુ-પ્રતિષ્ઠાનો દિવસ નજર સામે હતો... પણ... પરમાત્માનું પરિકર વ્યવસ્થિત લેવલ પ્રમાણે બંધબેસતું ન હતું. સોમપુરાની મુંઝવણનો પાર નહીં... મનોમન પ્રભુનું ધ્યાન ધર્યું અને સંકલ્પ કર્યો ત્યાં જ પરિકર બેસી ગયું.



• પ્રભુનાં પ્રભાવની ગૌરવ ગાથાઓ સુણીને... દેખીને... અનુભવીને બલસાણાનાં કેટલાંય અજૈનોએ મનોમન પ્રતિજ્ઞા લીધી છે... પ્રભુનાં દર્શન કર્યાં વિના ખેતરે જવું નહીં... બહારગામ જવું નહિં...!

• બલસાણામાં પધારેલા મુનિરાજને અચાનક ભયંકર તાવ ચડી ગયો... મસ્તક-વેદના અસહ્ય બનતી ગઈ... વાતાવરણ ગંભીર બનતું ગયું... ત્યાં જ ગ્લાન મુનિએ ભગવાનને સંભાર્યા... અને સહુના આશ્ચર્ય વચ્ચે તેમનાં સ્વાસ્થ્યમાં પૂર્ણ શાંતિ થઈ ગઈ.

• આકોલાનાં એક શ્રાવકનો ૭ વર્ષનો પુત્ર... બોલી શકે નહીં ને સાંભળી પણ ન શકે... ધુળીયામાં પોતાની સાળીને ત્યાં આવતાં બલસાણાનાં દેવાધિદેવનાં ચમત્કાર સાંભળ્યાં, પુત્રને લઈને ત્યાં પહોંચ્યો... ધૂપની ભસ્મનો સ્પર્શ થયો અને બાલક થોડું થોડું બોલતો-સાંભળતો થઈ ગયો... સહુ આ પ્રસંગથી આશ્ચર્યચકિત બની ગયાં...!

• કૂવે ગયો ને તરસ્યો આવ્યો... બલસાણામાં જ રહેતાં એક સ્થાનકવાસી ભાઈ... પ્રભુ-દર્શનમાં પાપ માનતાં હતાં... દુનિયાનાં દરિદ્રનારાયણો ને પાપાત્માોનું મોઢું સવારનાં ઉઠીને જુએ પણ પરમાત્માનું નહીં...! જીવનમાં એક ઘટના બની ગઈ... વિઘ્ન આવી ગયું... હજારો ખર્ચ કરવાં છતાં કામ ન થયું... ત્યારે ભગવાનનાં દરબારમાં તે પહોંચ્યો. પતિત-પાવન પ્રભુનાં એણે દર્શન કર્યાં... આશાતનાની માફી માંગી... અને અલ્પ-સમયમાં જ તેનું કામ સંપન્ન થઈ ગયું.

• વિમલનાથ દાદાનાં દર્શન-પૂજન ને ભક્તિ પ્રાપ્ત થયેલ પુત્રનું નામ તે પિતાએ વિમલકુમાર પાડ્યું...! રાજસ્થાની ભાઈનાં ધર્મપત્નીને બહાર ઉપદ્રવ થતાં સાત રવિવાર સુધી બલસાણાની યાત્રા કરતાં સંપૂર્ણ શાંતિ થઈ ગઈ.

• સુરતનાં એક ભાઈ મગદલ્લા જમીનનાં કામકાજ માટે જતાં કંઈક થઈ ગયું અને તે દિન-રાત મગદલ્લા-મગદલ્લાનું રટણ કરતાં ગયાં. હૉસ્પિટલમાં ભરતી કર્યાં. બિરાજમાન મુનિરાજ વાસક્ષેપ અને માંગલિક માટે પધાર્યા... બલસાણાની યાત્રાનો સંકલ્પ કર્યો અને અલ્પસમયમાં જ તેમને પૂર્ણ આરામ થઈ ગયો.

• પજુસણાનાં દિવસોમાં બલસાણા તીર્થમાં કામ કરનારાં કારીગરો ને રસોઈ બનાવનાર ધનગરબાઈને પણ ઉપવાસની ભાવના થઈ. સાથે એક રજપૂત યુવાનની પણ આવી જ ભાવના જાગી. ચાલીસગામમાં જઈને બંનેએ ૧૦ ને ૯ ઉપવાસ કર્યા... પારણાં પછી બરસાણા આવતાં જ ધનગરબાઈ માંદા પડ્યાં... સ્થિતિએ વિકરાળ રૂપ લીધું, સહુની ચિંતા વધી... ત્યારે સ્થાનિક શ્રાવકે પ્રભુના ધૂપની રાખ ભગવાનનું નામ લઈને છાંટી તે સાથે જ ઉપદ્રવ દૂર થઈ ગયો.

● પરમાત્માનાં દર્શને પોતાની આંખોની વેદના દૂર થતાં ધરણગાંવનાં એક ભાઈ પરમાત્માને કિંમતી ચક્ષુ ભેટ કરી ગયાં.

ચાલો, આપણે... આજે... આ ક્ષણે... નિર્ણય કરીએ... દૃઢ સંકલ્પ ધરીએ... બલસાણા તીર્થ મંડન શ્રી વિમલનાથ ભગવાનનાં દર્શન કરીને જીવન પાવન કરીએ.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૩૮,અંક-૩૦,તા.૧૨-૫-૧૯૯૦

## "ચમકારા બલસાણા તીર્થના-૪"

● ચાલીસગામમાં રાજસ્થાનના એક કુટુંબના પાંચ ભાઈઓ એમાં એક ભાઈ ડૉક્ટર હતા. ડૉક્ટરના પત્ની કોઈ કારણસર પીયર ગયા પછી પાછા આવતા ન હતા. સમય પસાર થયે જતો હતો. લગભગ ૧ાા-૨ વર્ષ નીકળી ગયા તેમના બહેન નેરમાં હતાં. તેમણે બલસાણા દર્શન કરવા જણાવ્યું ને ભગવાનની કૃપા મેળવવા કહ્યું. તેઓ બધા બલસાણા દર્શન કરવા ગયાં અને બે મહિના થયા નહિ ને બધું સંસારનું ચક્ર વ્યવસ્થિત ગોઠવાઈ ગયું.

● ચાલીસગાંવમાં એક જૈન ઘડીયાળી એકાએક અમલનેર દર્શન કરવા આવ્યા ને એકદમ ઉદ્વિગ્ન દેખાયા કારણ પૂછ્યું શી હકીકત છે ? સાહેબ શું કહું મારા મોટાભાઈ ભર્યું ઘર, ચાલતી દુકાન - પણ કોણ જાણે ઘરમાં શું બન્યું ? ને આ બધું છોડીને પહેરેલ કપડે ક્યાંથી ચાલી ગયા છે. ઘણા સમયથી બધે તપાસ કરીએ છીએ. ક્યાંય પત્તો લાગતો નથી. બધા મુંઝાઈ ગયા છે. તેના તરફથી પણ કોઈ સમાચાર નથી. ક્યાં ને કેટલે સુધી આ બધી તપાસ કરાવી. હવે વિચાર છે બલસાણા દાદાના દર્શન કરી આવું ને દાદાને મારી વાત જણાવું દાદા ! આ ચિંતાથી અમને મુક્ત કરાવો આપનો પ્રભાવ અચિંત્ય છે. મિલન થયા પછી તુરત આપના ચરણોની સેવા કરવા ઉપસ્થિત થઈશું. અમલનેરથી બલસણા જઈ ઉપરોક્ત પ્રાર્થના પ્રભુ પાસે કરીને ૧૫ દિવસમાં જ ભાઈનો પત્તો લાગી ગયો ને તે પોતે જાતે ઘરે આવી ગયા. આખું કુટુંબ હર્ષવિભોર બની ગયું. દાદાના અધિષ્ઠાયક ખૂબ જાગતા છે એમ સહુ બોલવા લાગ્યા.

● દેરાસરમાં દર્શન કરવા એક અજૈનભાઈ શ્રીફળ લઈને આવ્યાં. પૂછ્યું કેમ શ્રીફળ લઈને આવ્યા છો ? દાદા ચમત્કારી છે. મારી ઈચ્છા પૂરી કરી મેં નોકરી માટે અરજી કરી હતી ને ૩૦૦ માણસો ઉમેદરવારીમાં હતા. તેમાં મારો નંબર લાગી ગયો. આ દાદાનો પ્રભાવ છે. એટલે શ્રીફળ લઈને દર્શન કરવા આવ્યો છું.



● એક જૈનેતરભાઈ ઘણાં વખતથી બીમાર, ઘણી દવા કરી પણ આરામ ન થાય. જૈનની દુકાને માલ લેવા ગયો અને બીમારીની વાત કરી વાણીયાએ ભગવાનના દર્શન કરી નમન લગાડવાનું જણાવ્યું. દરરોજ સ્નાન કરી આવવા લાગ્યો. દર્શન કરી નમન લગાડતાં બીમારી હટવા લાગી ને સારું થયું. દરરોજ દર્શન કરતો થઈ ગયો.

● સ્થાનિક જૈન અગ્રેસરના ઘરમાં છોકરાની વહુ બીમાર જ રહ્યા કરે. ધૂળીયા, નાસિક દવા કરાવી સારું થયું નહિ એટલે બહારનો ઉપદ્રવ છે માની બધે બહાર બતાવ્યું છતાં સારું થયું નહિ ખબર પડી, ત્યાં ગયા ને તેને જણાવ્યું કે 'તમારે બહાર ભટકવાની કોઈ જરૂરત નથી તમારા ગામમાં જ ચમત્કારી ભગવાન છે તેની પૂજા શરૂ કરો બધું શાંત થઈ જશે ને સારું થઈ ગયું.'

● નેરમાં ડૉક્ટર શારીરિક તકલીક થતાં પૂના ડૉક્ટરને બતાવ્યું. ઓપરેશન કરાવવું પડશે. ઓપરેશન ભારે હતું ટ્રીટમેન્ટ શરૂ કરી પણ ફરી દુઃખાવો થતાં ફરી બતાવવા ગયા ને ઓપરેશનની ડેઈટ નક્કી કરી ઘેર આવ્યા. ઓપરેશન કરાવવા જતાં પહેલાં બલસાણા દર્શન કરી આવ્યા ને પછી ગયા. ઓપરેશન જેવું ધાર્યું હતું તેવું ભારે ન નીકળ્યું ને સામાન્ય ઓપરેશન કરાવી ટુંકા દિવસોમાં ઘેર આવી ગયા. આ છે દાદાનો પ્રભાવ !

● રાજસ્થાની ભાઈના ધર્મપત્નીને ઘણા સમયથી બહારની તકલીફ એમાં ચૌદસ-અમાસ આવે ત્યારે તકલીફ ઓર વધે. ઘણા ઉપચારો કર્યા પણ કંઈ ફળીભૂત બન્યા નહિ. આથી નજીકમાં બલસાણા તીર્થ છે તેનો મહિમા સાંભળીને સાત રવિવાર દર્શન કરવા જવાનો સંકલ્પ કર્યો. સંકલ્પ પૂરો ને કાર્યસિદ્ધિ થઈ. આ છે હજુરાહજુર અધિષ્ઠાયક દેવ.

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૪૧,અંક-૧૩,તા.૨૬-૧૨-૧૯૯૨

## અરિહંત ભગવાનને કેવી કેવી રીતે ભજવાનું ? (લે. ૧)

મનુષ્ય-જન્મની વિશેષતા ધર્મસાધનાથી છે; કિન્તુ આહાર-વિષય-પરિગ્રહની સાધનાથી નહિ, એમ બધા આસ્તિક દર્શન યાને આત્મવાદી દર્શનો સ્વીકારે છે. બાકી આહાર-વિષય-પરિગ્રહ આદિની સાધના તો નાના કીડા મંકોડા આદિ અને મોટા પશુ પંખી આદિ...યાવત્ અનાર્ય મનુષ્યાદિ પણ કરે જ છે. આર્ય મનુષ્ય પણ જો એ જ સાધના કરીને બેસી રહે, તો એથી એની કશી વિશેષતા નથી. એની વિશેષતા તો ધર્મથી છે, ધર્મસાધનાથી છે. કહ્યું છે,

**"आहार निद्रा भय मैथुनानि समानमेतत् पशुभिर्नराणाम्,
धर्मो हि तेषामधिको विशुद्धो धर्मेण हीनाः पशुभिस्समानाः ॥"**

ધર્મસાધનામાં પહેલા નંબરે દેવાધિદેવ વીતરાગ અરિહંતની ઉપાસના છે; કેમકે આપણે અંતે પ્રાપ્ત કરવા યોગ્ય જે વીતરાગતા સર્વજ્ઞતા આદિ સર્વોત્કૃષ્ટ ગુણો છે, તેના સ્વામી છે દેવાધિદેવ અરિહંત અને વળી એ ગુણોના દાતાર પણ એ જ છે. એમની ઉપાસના કરતી વખતે એ આદર્શ તરીકે નજર સામે રહે છે, અને એ મેળવવાની આપણને પ્રેરણા મળે છે. એટલા જ માટે શાસ્ત્રકાર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે યોગનું શ્રેષ્ઠ બીજ **'જિનેષુ કુશલં ચિત્તં'** કહ્યું છે. જિનેન્દ્ર અરિહંત ભગવાન વિષયક શુભ ચિંતન એ શ્રેષ્ઠ યોગ-અરિહંત ભગવાન વિષયક શુભ ચિંતન એ શ્રેષ્ઠ યોગબીજ કહ્યું છે. યોગબીજમાં 'યોગ' શબ્દનો અર્થ છે, 'મોક્ષ સાથે યોજી આપે જોડી આપે તે ધર્મવ્યાપાર ધર્મપ્રવૃત્તિ.' એ મોક્ષ સાથે આત્માને જોડી આપે છે તેથી ધર્મપ્રવૃત્તિને યોગ કહેવાય. એવા યોગમાં અધ્યાત્મ, ભાવના, ધ્યાન વગેરે પાંચને ગણ્યા છે.

'યોગદૃષ્ટિ-સમુચ્ચય' શાસ્ત્રે અધ્યાત્માદિ યોગને લાવી આપનાર આ પાંચ 'યોગબીજ' કહ્યાં છે,-(૧) જિનોપાસના, (૨) આચાર્યાદિની વૈયાવચ્ચ (૩) સહજ ભવોદ્વેગ, (૪) અભિગ્રહપાલન, અને (૫) શાસ્ત્રોપાસના. આમાં પહેલું યોગબીજ 'જિનોપાસના' ને બતાવ્યું; એટલે ગૃહસ્થ-જીવનમાં પણ ધર્મને જે પ્રધાન બનાવવાનો છે, તે ધર્મમાં આ જિનોપાસનાને મુખ્ય કરવાનું આવે.

**પ્ર.**- તો શું ગૃહસ્થે આજીવિકા-ઉપાર્જન વગેરે મુખ્ય નહિ ? જો મુખ્યપણે જિનેન્દ્ર ભગવાનને જ લઈને બેસે તો આજીવિકાદિ સાંસારિક જવાબદારીઓ ક્યારે બજાવે ?

ઉ.- અહીં 'મુખ્ય' નો અર્થ સમજવા જેવો છે. **'મુખ્ય' એટલે તે, કે જેને બાકીની ગૌણ બાબતોમાં દરેકમાં આગળ કરવાની હોય, અને જે હોંશથી શક્ય વધુ કરવાની હોય.** આજીવિકાદિ યાવત્ ખાનપાનાદિ તો હોંશથી નહિ, પણ ન છૂટકે કરવાની વસ્તુ છે. જીવન નભાવવું છે માટે એ ખાનપાનાદિ કરવું પડે; પણ તેથી માનવ-જીવનની એ મુખ્ય વસ્તુ નહિ મુખ્ય વસ્તુ તો ધર્મ છે, જિનોપાસના છે, કે જેને આગળ કરીને પછી બીજા બધા કાર્યો થાય. એ જિનોપાસનાદિ ધર્મ હોંશથી કરવાની વસ્તુ છે; કેમકે ધર્મથી જ અહીં આ જીવનમાં ચિત્તને સુખ-શાંતિ-સમાધિ મળે છે. અને પરભવે સદ્ગતિ પુણ્યાઈ અને ધર્મ-સામગ્રી મળે છે.

આમ, જીવનમાં જિનોપાસના એટલે કે અરિહંતની ઉપાસના સૌ પ્રથમ કરવાની અને હોંશથી કરવાની મુખ્ય વસ્તુ છે.



(૧) મનથી ઉપાસના એટલે 'જિનેષુ કુશલં ચિત્તં' અર્થાત્ અરિહંત ભગવાનનું શુભચિંતન.

(૨) વચનથી ઉપાસના એટલે ભગવાનના સ્તોત્રો, સ્તુતિઓ, સ્તવનો બોલીને વાચિક નમસ્કાર-ગુણગાન;

(૩) કાયાથી ઉપાસના એટલે એમને પ્રણામ, દર્શન, પૂજા...વગેરે કરાય તે. આમાં ઘણું ઘણું આવે, દા.ત. અષ્ટપ્રકારી પૂજા, સ્નાત્ર મહોત્સવ, તીર્થયાત્રા, આંગી-મહાપૂજા, મંદિર-શણગાર, મંદિર-નિર્માણ, જિનપ્રતિમા ભરાવવી, અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવવી...વગેરે

(૧) આ ત્રિવિધ ઉપાસના એ અરિહંત ભગવાનને ભજવાનો એક પ્રકાર છે.

(૨) અરિહંતને ભજવાનો બીજો પ્રકાર એ છે કે દરેક કાર્યના પ્રારંભે અરિહંતને નમસ્કાર સાથે યાદ કરીએ, **'નમો અરિહંતાણં'** પદ સ્મરણથી અરિહંતને નમસ્કાર કરીએ. દા.ત. ખાતાં પહેલાં **'નમો અરિહંતાણં'** યાદ કરાય, પીતાં પહેલા એ જ ચાલવા જતાં એ જ, ઘરની બહાર નીકળતાં એ જ, ને ઘરમાં પેસતાં પણ મનમાં એ જ **'નમો અરિહંતાણં'** આવે. દુકાને જઈ બેસતાં એ જ, ધંધો શરૂ કરતાં એ જ. દરેક કાર્યનું મથાળું **'નમો અરિહંતાણં'** થી બંધાય.

(૩) અરિહંતને ભજવાનો આ એક પ્રકાર છે કે જેમ શ્રદ્ધા અરિહંતદેવ પર જોઈએ, એમ એથી વધુ એમના અચિંત્ય પ્રભાવ પર જોઈએ કે 'એમનો એવો અચિંત્ય પ્રભાવ છે કે એનાથી સર્વ ઈષ્ટ મળે, અને સર્વ અનિષ્ટ ટળે.' જગતમાં અરિહંત પરમાત્મા છે જ, એ શ્રદ્ધા સાથે ખાસ આ શ્રદ્ધા જરૂરી છે કે 'બધું સારું થવામાં કામ અરિહંતનો અચિંત્ય પ્રભાવ કરે છે.'

(૪) એટલા જ માટે અરિહંતને ભજવાનો આ એક પ્રકાર છે કે જે કાંઈ સારું ઈષ્ટ ઈચ્છીએ, યા અનિષ્ટ આફત ટાળવા માગીએ, ત્યાં મનમાં અરિહંતને આ પ્રાર્થના કરવાની 'પ્રભુ ! મારે તમારા પ્રભાવે ઈષ્ટ કાર્ય સિદ્ધ થાઓ, ને અનિષ્ટ ટળો.' આ વળી ખૂબ જ અગત્યનું છે, કેમકે જીવનમાં સારા નરસા પ્રસંગો ચાલ્યા કરે છે, ત્યાં (૧) જાતના પુરુષાર્થનાં અભિમાન તોડવામાં તથા (૨) અનિષ્ટ હટાવવામાં અને (૩) ઈષ્ટ કાર્ય સિદ્ધ કરવામાં અરિહંતનો અચિંત્ય પ્રભાવ એ મોટું બળ છે. માટે તો ગણધર ભગવાનને 'જયવીયરાય' સૂત્રમાં ખાલી 'હોઉ મમં ભવનિવ્વેઓ એટલું જ ન કહ્યું, પરંતુ વચમાં 'તુહપ્પભાવઓ' ઉમેરીને કહ્યું, 'હોઉ મમં તુહપ્પભાવઓ ભયવં ભવનિવ્વેઓ ઈટ્ઠફળ સિદ્ધિ.' ગણધર ભગવાન જેવાના મનમાં એ કેટલું બધું રમતું હશે કે **'જગતમાં બધુ સારું પરમાત્મા અરિહંતદેવના પ્રભાવે જ થાય છે. અરિહંતદેવના પ્રભાવે બધુ સારું થાય જ છે.'** એવું કેમ ?

પૂછતા નહિ; કેમ કે અરિહંત એ અલૌકિક લોકોત્તર તત્ત્વ છે. એનો પ્રભાવ અચિંત્ય છે. આપણી કલ્પનામાં ન આવે. માટે દરેક કાર્યમાં એનો ઉપયોગ કરો કે 'પ્રભુ ! તમારા પ્રભાવે મારે આ કાર્ય થાઓ.'

(૫) અરિહંતને ભજવાનો આ પણ એક પ્રકાર, બધું સારું થવામાં અરિહંતનો અચિંત્ય પ્રભાવ, અચિંત્ય સામર્થ્ય, યાને અરિહંતની કરુણા કારણભૂત હોવાથી અરિહંતનો આભાર માનવાનો કે, 'ઓ મારા તારણહાર અરિહંતપ્રભુ ! આપના અચિંત્ય પ્રભાવે આ મારે ઇષ્ટ બન્યું; માટે પ્રભુ ! તમારો આભાર માનું છું. પ્રભુ ! તમારી મહાન દયા છે, મહાન ઉપકાર છે, કે અહીં મને ઉત્તમ આર્ય જૈન માનવભવ, માનવદેહ, રુડી પાંચ ઇંદ્રિયો, અને સ્વસ્થ મન મળ્યા ! રુડાં ખાનપાન, મકાન અને વસ્ત્રાદિ મળ્યા કરે છે. અરે ! એક શુભ અધ્યવસાય જાગે છે એ પણ પ્રભુ ! તમારા પ્રભાવે. એથી તમારો આભાર માનું છું.'

**પરદેશી બાઈની આભારવિધિ :**

વિલાયતમાં એક બાઈ ૩૫-૪૦ વર્ષની ઉંમરમાં વિધવા થઈ, કમાનારો ગયો. '૪-૫ બાળકો શી રીતે પોષવા ?' માટે રોતી હતી. એક માનસશાસ્ત્રીએ એની હકીકત સાંભળી બિસ્કિટની હાટડી કરવા એને ૧૦-૨૦ પાઉન્ડ આપીને કહ્યું પ્રભુની દયાને તું શું સમજે છે ? શું માત્ર પૈસા આપવાની જ દયા કરે છે ? એ પૈસા ન આપે તો પ્રભુ નિર્દય ? અરે ! પ્રભુની દયાની તો પૈસા કરતાં વિશેષ વસ્તુ સત્ત્વ મળે છે. માટે પ્રભુને ઠપકો ન દઈશ કે 'આ કેવો અન્યાય કે જેને ત્યાં છોકરો નથી એને ત્યાં ધનના ઢગલા છે ને મારે પાંચ બાળકો છતાં કમાનાર મર્યો ? પાસે પૈસા નથી;' આવો ઠપકો ન દેતાં પ્રભુને પ્રાર્થના કરજે કે

"પ્રભુ ! તારો ઉપકાર માનું છું કે ધણી કમાતો હતો ત્યારે હું નિઃસત્ત્વ હતી, તે એના આધારે જ જીવતી હતી તે હવે મને સત્ત્વ વિકસાવવાની તક આપી તારો આભાર માનું છું. તું પૈસા આપે એ નાનો ઉપકાર છે. સત્ત્વના પ્રભાવે (૧) મોટી આપદાઓ શાંતિથી પસાર થાય છે; અને (૨) મોટી સંપત્તિમાં અભિમાન થતું નથી. નિઃસત્ત્વ યાને સત્ત્વહીન માણસો જ અભિમાન કરે છે. કાંસાની થાળી જ અવાજ કરે છે, સોનાની થાળી નહિ; કેમકે કાંસુ તુચ્છ ધાતુ છે સોનું મૂલ્યવાન ધાતુ છે. પ્રભુ ! તારો ઉપકાર માનુ છું કે પૈસા કરતાં મહાન ચીજ આ સત્ત્વવિકાસની તક આપી ! મને આ સચોટ શ્રદ્ધા છે કે You are a world welfarer જગત આખા પર તું દયા જ કરે છે. જગતમાં બધું સારું તારી દયાથી થાય છે. તો મારું પણ સારું તારી દયાથી થઈ રહ્યું છે; અને હજી પણ સારું થવાનું જ છે."

બસ, બાઈ રોજ સવાર સાંજ બે વાર મંડી આ પ્રાર્થના કરવા. એનો



પ્રભાવ એવો પડ્યો કે નાની હાટડીમાંથી જતે દહાડે એ મોટી સ્ટોર-માલકીણ બની ગઈ ! પરંતુ ખૂબી બીજી થઈ. એકવાર પેલો માનસશાસ્ત્રી મળ્યો, એને ખબર પૂછે છે, ત્યારે એ કહે છે,

**બાઈના પ્રેરક બોલ :**

"તમારો કેટલો ઉપકાર માનું કે તમે મને ઈશ્વરની સાચી ઓળખ અને શ્રદ્ધા આપી ! ઈશ્વરને નિયમિત પ્રાર્થના કરતાં મારે તો એવું બન્યું કે હું જે ધારું તે કોણ જાણે ગેબી રીતે સિદ્ધ થઈ જાય છે ! મનમાં જ્યાં વિચારું કે 'આજ ઘરાક નથી મળ્યા,' ત્યાં તરત જ ઘરાક ખરીદી કરવા આવીને ઊભા રહે છે ! બજારમાં ખરીદી કરવા જાઉં ત્યાં ધારી ચીજ અણધારી રીતે મળી જાય છે !

"દિવ્ય-દર્શન" - **"પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૪૧,અંક-૧૪,તા.૨-૧-૧૯૯૩

## અરિહંત ભગવાનને કેવી રીતે ભજવાનું ? (લે. ૨)

મનમાં આવ્યું કે 'ઘણા વખતથી ફલાણા ભાઈ મળ્યા નથી.' ને રસ્તા પર નીકળું ત્યાં જ એ ભાઈ મળી જાય છે ! આવું આવું તો અણધાર્યું કેટલું ય સારું બનતું રહે છે; ત્યારે મેં પણ એવું રાખ્યું છે કે ત્યાં કે ધાર્યું કે અણધાર્યું બને ત્યાં ત્યાં ઈશ્વરનો આભાર માનું છું. આવું તો દહાડામાં દોઢસો વાર મારે 'THANK YOU GOD' 'THANK YOU GOD' કરવાનું થાય છે. બસ, મારે ભગવાનની દયાથી લીલા લહેર છે."

આપણે પણ જો અરિહંતને ભજવા છે તો વારે વારે આમ અરિહંતનો આભાર માનવાનો.

(૬) અરિહંતને ભજવા માટે વળી એક પ્રકાર આ છે કે જ્યારે કાંઈ આફત આવે ત્યારે દોષ બીજા કોઈને પણ ન દેતાં, આ જ યાદ કરવાનું કે 'મારા અરિહંતદેવે કહ્યું છે. **'કડાણં કમ્માણ હું નિત્થ મોક્ખો' 'સવ્વં પુવ્વં કયાણં કમ્માણં પાવએ ફલવિવાગં'** અર્થાત્ કરેલા કર્મનો (ભોગવ્યા વિના કે તપ વિના) છુટકારો નથી થતો. બધું પોતાના પૂર્વે કરેલા કર્મના ફળવિપાકરૂપે મળે છે. માટે આ આફત ભોગવી લેવામાં શાહુકારી હિસાબ છે કે કર્મનું દેવું ભરપાઈ થઈ કર્મ રવાના થાય છે. મારા અરિહંત પ્રભુએ શીખવ્યું છે કે **આફત એ અશુભનો ઉદય નહિ, પણ અશુભનો નિકાલ છે.** આ અશુભના નિકાલના તત્ત્વ પર શ્રદ્ધા કરીને જ રામ-સીતા, નળ-દમયંતી, પાંડવ-દ્રૌપદી, વગેરેએ વનવાસ શાંતિથી પસાર કરેલા. **અરિહંતે કહેલા તત્ત્વની શ્રદ્ધાને અમલી બનાવીએ તો આપણે અરિહંતને**

**સાચા ભજ્યા કહેવાય, અરિહંતનું સાચું શરણ લીધું કહેવાય.**

(૭) અરિહંતને ભજવાનો એક વળી મહાન પ્રકાર આ છે કે અરિહંત ભગવાને આફતમાં એની પાછળના પોતાનાં કર્મ કરતાં ય એના મૂળભૂત પોતાના રાગ આસક્તિ આદિ દોષને જ જોવાનું કહ્યું છે. એવા દોષમાં રાગ, દ્વેષ, વાસના, આસક્તિ, કષાય, ઈર્ષ્યા વગેરે આવે તો મુખ્ય દૃષ્ટિ એ દોષ પર રાખી હવે એવા દોષથી બચવાનું. દા.ત., રામચંદ્રજી દ્વારા મહાસતી એવી પણ સીતાજીની લોકનિંદા પર હકાલપટ્ટી થતાં સીતાજીએ આવું કાંક વિચાર્યું હશે કે 'મારા મુનિસુવ્રત ભગવાને તો કહ્યું હતું કે જૈન સંતાન આઠ વરસની ઉંમર થતાં સંસાર છોડી દઈ ચારિત્ર લઈ લે, પરંતુ મેં તે છોડ્યો નહિ ને વાસનાવશ સંસાર માંડ્યો તેથી આ કલંક અને અપમાનના દહાડા જોવાના આવ્યા ! એટલે હવે કલંક ઊતરી જાય કે તરત બગડી બાજી સુધારી લઉં અને ચારિત્રમાર્ગ લઈ લઉં.' આવું ધારી રાખ્યું હશે માટે દિવ્ય કરી કલંક ઊતરી જતાં એ સીધા ચારિત્રમાર્ગે સંચર્યા ! આમ દરેક આફતમાં મૂળભૂત કારણ તરીકે આપણો દેહરાગ, વસ્તુરાગ, અજ્ઞાનતા, અભિમાન વગેરે જોઈ શકાય. પછી માત્ર જાતને જ દોષ આપવાનો, ને બીજાઓ પ્રત્યે તો મૈત્રી-કરુણા-પ્રમોદ રાખવાના.

(૮) અરિહંતને ભજવાનો વળી એક પ્રકાર આ છે કે આફતમાં આ વિચારિએ કે 'મારા અરિહંત ભગવાને સાધના-કાળમાં કેટકેટલા (૧) ભયંકર ઉપસર્ગ, (૨) કેવા ઉગ્ર પરીસહ અને (૩) ૧૨ પ્રકારના તપના કેવાં કેવાંક કષ્ટ સહન કર્યા છે ! એની આગળ મારી આફત કે કષ્ટ શી વિસાતમાં છે ? મારા પ્રભુએ એમાં જો ભારે શાંતિ-સમતા રાખેલા, તો મારે એમના સેવક તરીકે આફતમાં શાંતિ જ રખાય. જો શાંતિ પ્રભુનો સેવક નહિ રાખે, તો બીજો કોણ રાખવાનો હતો ?'

એટલું જ નહિ, પણ પ્રભુને ભજવાનું આ, કે પ્રભુના પગલે પગલે આપણા પોતાના જીવનમાં બાર પ્રકારના તપમાંથી કેઈ પ્રકારના તપના કષ્ટ ઉપાડાય, પરીસહ આવી પડે તે શાંતિથી સહાય. ઉપરાંત પરિસહ સ્વેચ્છાથી ઊભા કરીને પણ સહાય, એમ ક્ષમાદિ દશવિધ ધર્મને વીર્ય ફોરવી આરાધાય. એવી અનિત્યતાદિ ૧૨ ભાવનાનું વારંવાર ચિંતન રખાય. એમ સમિતિગુપ્તિનો જયણા-ધર્મ ખૂબ સાચવવાનો. એમ સામાયિક-વ્રત-નિયમાદિનો ખપ કરાય. બધું સહવાનું તે અરિહંત પ્રભુના પગલે પગલે,- 'પ્રભુ ! તેરે નામ પર !' સમજીને સહવાનું.

(૯) એટલે જ અરિહંતને ભજવાનો આ એક પ્રકાર છે કે, જે કાંઈ સાધના કરીએ તે એમ યાદ કરીને કરીએ કે 'મારા ભગવાને આ કરવાનું કહ્યું છે માટે કરું' શાસ્ત્ર કહે છે 'આણત્તિ વેયાવડિયં કુજ્જા' અર્થાત્ 'ભગવાનની વૈયાવચ્ચની આજ્ઞા



છે માટે આ વૈયાવચ્ચ કરું.' ઉપવાસનું પચ્ચક્ખાણ લેતાં ય આ વિચારાય કે 'ભગવાનની આજ્ઞા છે માટે ઉપવાસ કરું.' દરેક સાધનાનું મથાળુ આ બંધાય કે 'મારા ભગવાનની આ સાધનાની આજ્ઞા છે માટે કરું.' આમ કરવાથી ભવાંતર માટે અરિહંતની આજ્ઞા મળવાનું રિઝર્વેશન થાય.

(૧૦) અરિહંતને ભજવાનો એક પ્રકાર આ પણ છે. ક્યારે ય પણ મુંઝવણમાં 'અરિહંતા મે સરણં' યાદ કરી આપણે કેસ અરિહંતને સોંપાય. 'પ્રભુ ! હું અજ્ઞાન છું, આમાં શું કરવું તે નથી જાણતો. મારે તમારું શરણ છે.' આમ કરવાથી ચિત્તનો સંકલેશ ઓછો થાય છે. પંચસૂત્ર શાસ્ત્રે પણ કહ્યું છે,-'ભુજ્જો ભુજ્જો સંકિલેસે,' અર્થાત્ જ્યારે જ્યારે ચિત્તમાં કોઈ રાગનો કે દ્વેષનો સંક્લેશ થાય, ત્યારે ત્યારે વારંવાર 'ચત્તારિ મે સરણં, અરિહંતા મે સરણં...' એમ શરણ-ગ્રહણ કરવું, અને સંકલેશ ન હોય ત્યારે પણ દિલમાં ત્રણ વાર શરણ સ્વીકાર કરવાના.

(૧૧) અરિહંતને ભજવાનો વળી એક પ્રકાર આ છે કે,- વારે વારે અરિહંતની આજ્ઞાને માથે ચડાવવી. માટે તો જિનવચન પ્રમાણ.' 'આચરણમાં મારાથી ઓછું વધતું થાય એ બને, કિન્તુ કરવા જેવું તો ભગવાને કહ્યું તે જ,- એવી સચોટ શ્રદ્ધા હોય. જિનવચન એ જ અમૃત સમાન છે કે જે ઠેઠ મોક્ષના અનંતુ સુખનું કાયમી અમર જીવન આપે છે. પણ તે જિનવચન આ જગતમાં અતિ દુર્લભ છે તે જો મને મળ્યા છે તો એની પ્રાપ્તિને, હું જિનાજ્ઞા અમલમાં મૂકીને, સફળ કરું. કમમાં કમ જિનવચનને બને તેટલા રટ્યા જ કરું, રટ્યા જ કરું.'

(૧૨) અરિહંત ભગવાનને ભજવાનો વળી એક પ્રકાર આ છે કે,- ભગવાનના જીવન-કવનનાં આલંબને આપણે નિત્ય પ્રસન્ન રહીએ. કશી વ્યાકુળતા-અસમાધિ-આર્તધ્યાન આપણને નડે નહિ, આપણે કરીએ નહિ કહ્યું છે ને 'ચિત્ત પ્રસન્ની રે પૂજન ફળ કહ્યું' અર્થાત્ અરિહંત ભગવાનની પૂજાનું ફળ શું ? તો કે ચિત્તની પ્રસન્નતા આમે ય બોલીએ છીએ.

**'મનः પ્રસન્નતામેતિ પૂજ્યમાને જિનેશ્વરે ॥**

ભગવાન જિનેશ્વરદેવનું પૂજન કર તો ફળમાં ચિત્ત પ્રસન્નતાને પામે છે. ચિત્તની આ પ્રસન્નતા શું છે ? આ જ કે ચિત્તમાંથી વ્યાકુળતા-વિહ્વળતા નીકળી જાય, ચિત્તમાં કશી અસ્વસ્થતા-અસમાધિ-આર્તધ્યાન ન હોય, હાયવોય-વ્યગ્રતા કે કષાયના ધમધમાટ ન હોય, મોટી દેવલોકની કે ચક્રવર્તીની સત્તા-સંપત્તિઓ મળી હોય, પરંતુ જો ચિત્તમાં અશાંતિ-અસ્વસ્થતા હોય, તો એ બાહ્ય સત્તા-સંપત્તિની કશી કિંમત નથી, ત્યાં કોઈ ધર્મસાધના સ્વસ્થ ચિત્તે થઈ ન શકે, ઊલટું 'અટ્ટેણ તિરિય ગઈ' આર્તધ્યાન-અસમાધિથી તિર્યંચ-ગતિનાં પાપ બંધાય !

ત્યારે આપણે અરિહંત પ્રભુનાં જીવનનું અને એમના કવનનું (ઉપદેશોનું) આલંબન એવું પકડીએ કે જેના સહારે આપણને આ કશી અસ્વસ્થતા-અસમાધિ ન રહે. અરિહંતદેવના જીવન-કવનનું આલંબન જ એવું છે કે એના આધારે આપણે કોઈ પણ પ્રકારની અસ્વસ્થતા ટાળી ચિત્તને નિર્મળ અને પ્રસન્ન રાખી શકીએ.

જુઓ પાલક પાપીની ઘાણીમાં પીલાઈ જવાની પીડા-વેદના કેટલી બધી જાલિમ ? એમાં ચિત્ત કેટલું બધું વ્યાકુળ વિહ્વળ અને હાયવોયવાળું બને ? તો પણ ખંધક સૂરિના ૫૦૦ શિષ્ય-મુનિઓએ ઘાણીમાં પીલાયા છતાં મનને સહેજ પણ અસ્વસ્થતા કે કષાય કે દુર્ધ્યાન કર્યું નથી ! તો જ એ ત્યાં પીલાતાં પીલાતાં જ વીતરાગ બની કેવળજ્ઞાન પામે છે. નહિતર ચિત્તમાં સહેજ પણ હાયવોય કે અશાન્તિ હોય તો વીતરાગતા આવવી ક્યાં સસ્તી હતી ? આવી જાલિમ વેદનામાં પણ શી રીતે તદ્દન શાંત-પ્રશાન્ત-પ્રસન્ન રહી શકે ? પૂછો,-

**પ્ર.**- એવી ઘાણીમાં પીલાઈ કચરાઈ જવાની જાલિમ પીડામાં શી રીતે સંપૂર્ણ પ્રશાંતતા-પ્રસન્નતા રાખી શકયા ?

**ઉ.**- કહો, એમણે ચિત્તમાં અરિહંત પરમાત્મા મુનિસુવ્રત ભગવાનમાં જીવન-કવનનું આલંબન રાખ્યું હતું, તેથી ચિત્તમાં લેશ પણ હાયવોય ઉકળાટ વિહ્વળતા ઊઠવા જ દીધી નહિ, સંપૂર્ણ શાંતતા પ્રસન્નતા રાખી. આ પૂર્ણ પ્રસન્નતા રાખીએ એ અરિહંત ભગવાનને ભજ્યા કહેવાય.

'અહો ! આ મારા અરિહંત ભગવાન કેવાક વીતરાગ ! એમનું જીવન જનમથી જ કેટલા બધા ઉત્કૃષ્ટ વૈરાગ્ય અને ઉપશમ ભાવભર્યું ! ત્યારે એમનો ઉપદેશ પણ કેટલો બધો ઉચ્ચ તત્ત્વજ્ઞાન રાખવાનો ! અને ઉત્કૃષ્ટ કષાયશમન કરવાનો ? નાના બાળમુનિ પણ સ્વેચ્છાથી ઘાણીમાં કૂદી પડ્યા, અને માંહી હાડકાના છૂંદેછૂંદા થઈ રહ્યા છે, ત્યારે પણ ભગવાનનો આ ઉપદેશ જ વિચારતા રહ્યા, કે-

"જોજે, આ કુટિલ કાયાના મોહમાં તારા અંદરવાળા અજર-અમર આત્માનું બગાડતો નહિ. જોજે, સહેજ પણ હાય ! મારી કાયાને વાગે છે ! એમ હાયવોય કરીશ નહિ, જો એ કરવા જઈશ તો તારા આત્મામાં અશાન્તિ-અસ્વસ્થતા પેદા થઈ જશે. ઘોર પાપકર્મ ઊભા થઈ જશે ને આત્માનું બગડી જશે. કાયા જુદી છે, અંદરવાળો આત્મા જુદો છે. કાયા એ તું નહિ, તું તો અંદરવાળો આત્મા છે, અને ખુશીથી શાંતિથી કાયાના છૂંદા થઈ જવા દેતાં તારા આત્માના કર્મના છૂંદા થઈ જાય છે, અને અંદરવાળો તારો આત્મા ચોક્ખો સોના જેવો નિર્મળ બની જાય છે." મારા ભગવાને આ કરવાનું કહ્યું છે, તો આ પીસનાર પાલકને તો મારે ઉપકારી માનવાનો કે એ કાયાનો છૂંદો કરવા દ્વારા મારા કર્મનો જ છૂંદો કરી આપે છે ! બાળમુનિ પણ આમ



વિચારી, અતિશય પ્રશાંતતા-પ્રસન્નતા રાખીને વીતરાગ બની ગયા !

આ જે કર્યું, એ અરિહંત ભગવાને જ ભજવાનું કર્યું.

(૧૩) અરિહંત ભગવાનને ભજવાનો વળી એક પ્રકાર આ, કે ભગવાનના ઉચ્ચ સંયમ ક્ષમા-નિર્લોભિતાદિ ગુણોથી આપણા આત્માને ભાવિત કરીએ, ગુણોની સુવાસથી આત્માને રંગી નાખીએ. કસ્તુરીના ડાબડામાં મૂકેલ કપડું કે દાતણ એની સુવાસથી કેવા રંગાઈ જાય છે ? ભગવાનના ગુણો અને સાધનાઓથી આપણા આત્માને આપણા મનને રંગી નાખીએ, જાણે આપણે પણ એ સાધનાઓને એ ગુણોને આપણા આત્મામાં ઊતારી દઈએ છીએ ! એવું કરવાનું એથી આત્મા ભાવિત થાય, આત્મામાં ભાવનરસ આવે, એ જ સાચી ભક્તિ, ભગવાનને સાચું ભજવાનું કહ્યું છે,-

**'સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો,**

**'પ્રભુ ગુણ અનુભવ રસ કે આગે આવત નહિ કોઉ માન મેં,**

**હમ મગન ભયે પ્રભુ ધ્યાન મેં.'**

સારાંશ, આ ઉત્તમ આર્ય મનુષ્ય ભવમાં મુખ્યપણે અરિહંત ભગવાનને ભજવાના છે, ભગવાનનો આશરો લેવાનો છે. તે જ્યાં જ્યાં જેવો મોકો મળે, ત્યાં ત્યાં ને તે રીતે ભગવાનનો આશરો લેવાનો. ભગવાનના ઓલિયા ભગત બની જવાનું, કેમ કે ભગવાનના ઓલિયા ભગત હોય એને આ રીતે ભજવાનું સહેલાઈથી આવડે છે.

સુદર્શન શેઠનો જીવ પૂર્વ ભવે એ જ ઘરમાં ઢોરાં ચારનારો નોકર, તે મહાત્મા પાસેથી એણે 'નમો અરિહંતાણં' પદ સાંભળેલું, અને શેઠ પાસેથી એને મહામંત્ર તરીકે જાણેલ, પછી એની ખૂબ હોંશથી એણે રઢ લગાડી, તે દિવસ રાત નવરો પડ્યો કે બસ એ જ રટણા ! કેમ વારું ?

ઓલિયા ભગતે તે સમજી મૂકેલું કે 'જીવનમાં આનાથી વધીને બીજું સારું કામ કયું છે ?' એમાં એકવાર નદી તરી સામે કાંઠે જવા, ભેખડ પરથી એણે નદીમાં ઝંપો મારતાં એ અંદરના એક લાકડાના ખૂંટા પર પડ્યો, પેટ ફાટી ગયું ! તો ત્યાં 'મારે હવે બચવાની આશા જ નથી, તો બીજા ફાંફાં શું કામ મારું ? ભલું રે મારું 'નમો અરિહંતાણં' લગાવી એની રઢ અને ૧-૨ મિનિટમાં જ જીવ નીકળી ગયો, અને એ જ ઘરમાં શેઠાણીના પેટમાં સુદર્શન શેઠના પુત્ર તરીકે અવતર્યો. પ્રભુને ભજવા છે, તો મરણાંત કષ્ટમાં તો ખાસ કરીને 'નમો અરિહંતાણં' રટો પણ અંતકાળે આ ક્યારે સૂઝે ? જીવન કાળમાં નવરા પડતા એ રટણા આવડે તોસ્તો.

શ્રીપાલકુમારને ધવલશેઠના પ્રપંચે વહાણના ઝરૂખેથી દરિયામાં પડવાનું આવ્યું ! મરમાંત જેવું જ કષ્ટ ને ? પરંતુ જીવન જીવતી વખતે એવી રઢ રાખી હશે, તે

અત્યારે ઝટ 'નમો નવપયાણં' નમો સિદ્ધચક્કસ્સ' જ યાદ આવે છે ! પણ 'હાય બાપ' કે 'ઓય મા ! મર્યો' નહિ. ભગવાનને ભજવા છે ? તો આ રટણા શ્વાસમાં ઘુંટો.

શ્રાવકશેઠનું પારખું કરવા દિલ્હીના બાદશાહ મહણસિંહે ગમે તે નિમિત્ત કાઢી એમને જેલમાં નખાવ્યા શેઠને બે ટાઈમ પ્રતિક્રમણ કરવા જોઈએ, અને તે પણ ઊભા ઊભા બરાબર વિધિસર કરવા જોઈએ. પણ પગમાં બેડી પડી છે, શું કરે ? કિન્તુ ભગવાનને ભજવા છે તો એમણે એમની આરાધનાની ક્રિયા નિયમિત બરાબર કરવાની નક્કી રાખી છે. તે એમણે જેલરને કહ્યું, 'તું મને પ્રતિક્રમણ ક્રિયા-પૂરતું બેડી છોડી છૂટો રાખ, હું તને એ બદલ એકેક ટાંક સોનું અપાવીશ' અને એ રીતે મહિના સુધી પ્રતિક્રમણ બરાબર સાચવ્યું. બાદશાહ ખૂશ થઈ ગયો. અને શેઠને પોતાના એક વિશ્વાસપાત્ર તરીકે સ્થાપ્યા. શેઠ તો ઓલિયા ભગત ! તેમણે મનમાં નક્કી રાખેલું 'ભગવન્ ! મારે તારી ધર્મક્રિયાઓ બરાબર બજાવવાની.'

સતી નર્મદાસુંદરીને પતિએ વહેમથી પરદેશમાં તજી દીધેલી, તે શીલની રક્ષા કરતાં કરતાં ક્રમશઃ ગણિકા-વેશ્યાના હાથમાં સપડાઈ ગયેલી. વેશ્યા એને મનામણાં કરતી, અને એ બહાનાં કાઢી ગણિકાને ટલ્લે ચડાવતી એમાં વેશ્યા એના કહેવાથી રાજાની આગળ એનો મુજરો ગોઠવ્યો. અને એને એ માટે કિંમતી પોષાક પહેરાવી માણસો સાથે રવાના કરી. નર્મદાસુંદરી છટકવા તક શોધતી હતી. તે રસ્તામાં કીચડનું તલાવડું આવ્યું. ત્યાં ગાડીમાંથી ઝટ ઊતરીને કીચડમાં પડી પાગલની જેમ કિંમતી કપડે આળોટવા માંડ્યું. અને પાગલના જેવા લવારા કાઢવા માંડ્યા. માણસો એને પાછી લઈ આવ્યા, ગણિકાએ જોયું કે 'આ સારા ઘરની બાઈ તે આવા પ્રસંગથી આઘાત પામી પાગલ થઈ ગઈ લાગે છે. આ મારે કામની નથી, ઊલટું મને નુકસાન કરશે તો આ બલાને હું ક્યાં રાખું ?' એમ કરી એને છોડી દીધી. મહાસતી ભગવાનની ઓલિયા ભગત તે 'મારે ભગવાનનો શીલ-ધર્મ ગમે તે રીતે સાચવવાનો' એ ગણતરી પર અવસરોચિત ગાંડપણ લગાવ્યું. એ શીલની રક્ષા કરી. એવામાં જોગાજોગ એનો મામો એ પ્રદેશમાં ગયેલો. તે જોઈને ઓળખીને ઘરે લઈ આવ્યો. ભગવાનને શી રીતે ભજાય ? ભગવાનની પ્રતિક્રમણાદિ ધર્મક્રિયાઓ અને શીલ આદિ ધર્મ બરાબર પાળવાથી ભજાય.

મહાસતી દમયંતીને પતિનું રાજ્ય ગયું, અને પતિ નળરાજાએ તેને વનમાં રાતે ઊંઘતી ત્યજી દીધી, નિર્દેશ લખ્યો. 'આ તરફ તમારા પિયરનો રસ્તો છે,' પતિને દુઃખમાં છોડી મહાસતીને પોતે પિયેર જવું નહોતું, પણ હવે ન છૂટકે ચાલવું પડ્યું, દમયંતી ચાલી તો ખરી, પરંતુ જંગલના રસ્તામાં સાપ-ચોર-રાક્ષસ વગેરેના ઉપદ્રવ આવ્યા, તો શીલ અને નવકાર મંત્રના પ્રભાવે એ પાર કરી ગઈ. પરંતુ પછીથી આશ્રય આપનાર એક સાર્થવાહ મળ્યો, પણ તે લુચ્ચો લાગ્યો એટલે ત્યાંથી



એકલી ભાગી અને તપ તપનારા તાપસોનો આશ્રમ મળ્યો ત્યાં પર્વતની ગુફા હતી તો એણે જોયું કે 'અહીં મારે શીલને સલામતી છે, તો અહીં જ મારા શાંતિનાથ ભગવાનને ભજતી બેસું. મારે અરિહંત માથે છે, તો શા માટે ચિંતા કરું ? બીજા ફાંફા ન મારતાં, પતિ-વિયોગના વરસો અહીં જ પસાર કરું.' ને શાંતિનાથ ભગવાનની માટીની મૂર્તિ બનાવી રોજ પુષ્પોથી પૂજતી, ને પ્રભુનાં સ્તવન-ગુણગાન સાથે તત્ત્વચિંતન કરતી કરતી સમય વીતાવે છે. અરિહંત પ્રભુની ઓલિયા ભગત, તે 'મારે પ્રભુભજન અને શીલપાલન ચાલે છે તે હાલ ઘણું ઘણું છે.' એ જ એના મનને સંતોષ હતો.

(૧૪) ભગવાનને ભજવાનું શી રીતે ? તો કે એવી તકલીફમાં બીજી ત્રીજી ઘરવાસની અનુકૂળતાઓને મનમાં લાવ્યા વિના પ્રભુભજન અને શીલપાલનમાં મહાઆનંદ માની કષ્ટમય જિંદગીને કષ્ટમય માનવાની જ નહિ. દમયંતી ગુફામાં સાત વરસ વિતાવે છે, તે એકલી અટુલી ! પરંતુ અરિહંતભજનમાં એટલી બધી મુસ્તાક છે, કે સમ્યક્ત્વને એ અજવાળી રહી છે. એનો પ્રભાવ કેટલો બધો પડ્યો કે જ્યારે એકવાર મુશળધાર વરસાદ અને પાણીના પૂર ઉમટ્યા ત્યાં તાપસોનો આશ્રમ અને તાપસો ભયમાં આવી જાય એવું હતું. ત્યારે તે પૂર્વે દમયંતી આશ્રમને ફરતી ચારે બાજુ લાકડીથી લીસોટો ખેંચી કુંડાળું કરે છે, પછી જાહેર કરે છે કે "મારું સમ્યક્ત્વ અને શીલ નિર્મળ હોય, તો એના પ્રભાવે આ કુંડાળા પર વરસાદ ન પડો, અને પાણીના પૂર ન આવો."

બસ, પછી વરસાદ ઝીંક્યો છતાં તાપસોના આશ્રમ પર જાણે છાપરું, તે ત્યાં વરસાદના પાણીનું એક ટીંપુ પણ પડ્યું નહિ ! અને આશ્રમની ચારે બાજુ જાણે કિલ્લો, તે પાણીના ઉમટેલા પૂર બાજુએથી જ પસાર થઈ રહ્યા ! પૂરનો આશ્રમમાં લેશ પણ પ્રવેશ નહિ ! બોલો, મહાસતી દમયંતીએ અરિહંતને કેવા ભજ્યા હશે ! એના હૈયામાં ખૂણે ખૂણેમાં અર્હદ્ ભક્તિ બહુમાન એવા વ્યાપી ગયા છે, એની રગરગમાં અને રોમેરોમે અરિહંત ભક્તિનાં ગુંજન એવા ચાલતા છે, કે મુશળધાર વરસાદ અને પાણીના ઘોડાપૂર જાણે ડાહ્યા થઈ ગયા ! તે સમજી બેઠા કે, 'આ મહાસતીની ઇચ્છા અને બોલને ઉલ્લંઘાય નહિ !'

(૧૫) અરિહંતને ભજવા છે ? તો ભજવાનો આ એક પ્રકાર છે કે સાંસારિક જીવનની ધમાલ વચ્ચે દિલના ખૂણે ખૂણે અને શરીરની રગરગમાં તથા રોમેરોમે આ અરિહંતભક્તિની નિષ્ઠા જોઈએ. તો પૂછોને.

**પ્ર.**- અમે આ નિષ્ઠા ઘણી ઇચ્છીએ છીએ, છતાં કેમ નથી આવતી ?

**ઉ.**- એનું કારણ, બીજી બાજુ કર્મ-સંયોગો આવી પડતાં કષ્ટો સહર્ષ અને

રોદણાં વિના ઉઠાવી લેવા તૈયારી નથી. નાની નાની ક્ષુલ્લક આપદામાં પણ રોદણાં રોવા જોઈએ છે. દા.ત., સહેજ માથું દુખ્યું, તો એક બીજાને ત્રીજાને એમ ૫-૭ જણને કહેવા જોઈએ છે કે 'આજે મારે માથું બહુ દુઃખે,' અર્હદ્ભક્તિ ભૂલ્યાનું રોદણું નથી, કે આ જ મારે ભક્તિ ભુલાય છે. કેવી કમનસીબી ! કેવો ક મોહનો ઉદય ! આ રોદણું નથી, માથું દુખ્યાનું રોદણું છે ! આમા ભક્તિની નિષ્ઠા શી રીતે જામે ? અરે ! માત્ર આવી પડેલા કષ્ટમાં જ નહિ, કિન્તુ ત્યાગ વગેરેથી કષ્ટ ઊભાં કરીને કષ્ટમાં પણ મરતી અનુભવવાની અર્હદ્ભક્તિની નિષ્ઠા અને શીલની નિષ્ઠા એવી ભલી ભોળી નથી કે એમ જ આપણી સગી થાય. એ ભોગ માગે છે. મેવા-મિઠાઈ ઉડાવતા રહેવું છે, અર્થાત્ લીલાલહેર ભોગવતા રહેવું છે. અને અંતરમાં પ્રભુ-ભક્તિની નિષ્ઠા ઊભી કરવી છે, એ ફાંફાં મારવાના છે. ત્યાગ કરો, સહન કરો, કષ્ટ ઉપાડો, એમ કરી મનને કસો, તો એ મનમાં ભક્તિ-નિષ્ઠા આવે. વિષયો અને સુખશીલતાના લંપટ મનમાં પ્રભુભક્તિની નિષ્ઠા આવે નહિ. પૂછો,-

**પ્ર.**- જૈન ધર્મ કેમ ત્યાગ-તપ-પરિસહ અને વૈયાવચ્ચનાં બહુ કષ્ટ ઉઠાવવાનું કહે છે ?

**ઉ.**- કષ્ટ ઉઠાવવાનાં એટલા જ માટે, કે કષ્ટથી મન સાત્ત્વિક બને. અને સાત્ત્વિક મનમાં જ દેવ-ગુરુભક્તિની નિષ્ઠા ઊભી થાય. સત્ત્વહીન મનમાં એ નિષ્ઠા ન આવી શકે.

અરિહંતના ઓલિયા ભગતની આ વાત છે કે 'કષ્ટ આવો, મને અરિહંત ભજવા મળે છે ત્યાં સુધી ગમે તેવા સંયોગમાં મારે લીલાલહેર છે. મારે અરિહંતને ભજવા છે. તો જડ પુદ્ગલની પરાધીનતા અને જરૂરિયાત બહુ કાપી જ નાખવી પડે, તો જ ભગવાનને અંતરમાં ઉતારી શકાય, અને ભગવાનમાં દિલ ઠરે.

(૧૬) એટલે જ અરિહંતને ભજવાનું આ, કે અરિહંતના ભક્તને કષ્ટોમાં મન ફોરું રહે.

સમરાદિત્યનો જીવ ચોથા ભવમાં વણિકપુત્ર ધન્યકુમાર ને દેશાવર વેપાર અર્થે નીકળ્યો છે, એમાં એને કેટકેટલી આપદાઓ આવે છે પણ સાત્ત્વિક છે, તેતી મન ફોરું રાખે છે કેવું ક ફોરું, એ જોવા જેવું છે. સમરાદિત્યનો પહેલો ભવ ગુણસેન રાજાનો ત્યાંથી દુશ્મન બનેલો અગ્નિશર્મા તાપસ ભવોભવ આને મારવાનું નિયાણું કરે છે, અને ભવિતવ્યતાના યોગે નવનવ ભવ સુધી એ સમરાદિત્યના જીવના એક યા બીજા સંબંધમાં આવે છે, અને પીડા આપે છે. તે અગ્નિશર્માનો જીવ અહીં ચોથા ભવે ધન્યકુમારની પત્ની બની દેશાવરમાં એની સાથે છે.

તે વૈરના સંસ્કારથી આને એવું જડીબૂટ્ટીઓનું કામણ પાઈ દે છે, કે આને



બિચારાને દરિયાની મુસાફરીમાં ઊલટીઓ ઊબકા ચાલે છે. ખાનપાન પેટમાં ટકતા નથી. એમાં 'એ હજી મરતો નથી ?' તે પત્ની અધીરી થઈ રાતના લઘુશંકાર્થે ઊઠેલા આ પતિ ધન્યકુમારને વહાણમાંથી દરિયામાં ધકેલી દે છે ! પરંતુ એને એક પાટિયું મળતાં પાટિયાને વળગી પડી ડૂબી જતો બચી જાય છે અને એમ સાત દિવસ દરિયામાં તણાવું પડે છે. છતાં મન એનું એવું ફોરું છે કે પત્ની પર કોઈ દ્વેષ નહિ, બલ્કે દયા ખાય છે કે-

**"દિવ્ય-દર્શન" - "પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૪૧,અંક-૧૫,તા.૯-૧-૧૯૯૩

## અરિહંત ભગવાનને કેવી રીતે ભજવાનું ? (લે. ૩)

'અહો ! સારા કુળમાં જન્મેલી, છતાં બિચારી કેવી કર્મવશ કે આવું સાહસ કરી નાખ્યું !' ખેર. પછી એના પર લાંબો ચોડો વિચાર નહિ કરતાં પોતાના કર્મનો દોષ સમજી શાંતિ રાખે છે. સાત દિવસ દરિયામાં રહેવાથી દરિયાના પાણી પેટમાં જઈ જઈને અંદરનું કામણ ખલાસ થઈ ગયું ! બહારના ફોલ્લા વગેરે માછલાઓના ચટકાથી સાફ થઈ ગયા ! સાત દિવસ પછી પાણીના મોજાના ધક્કાથી કિનારે મુકાયો, તે સાજો સારો થઈને !

**મન ફોરું કેટલું બધું** કે વહાણ અને માલની સંભાળ નષ્ટ થઈ જવા છતાં એને હાયવોય નથી ! પછી દરિયા કિનારે એક મડદાની પાસે મોતીની માળા પડેલી તે કોઈ માલિક ન દેખાવાથી લઈને ચાલતો થાય છે. વચમાં એક યોગી મળે છે. આ યોગી પૂર્વે જુગારી હતો, તે એને ધન્યકુમારે બચાવેલો. તે હવે યોગી થઈ ગયેલો, એ પ્રત્યુપકારરૂપે આને પરાણે વિષહર મંત્ર આપે છે. આગળ જતાં એની પાસેથી રાજાના માણસ દ્વારા મોતીની માળા પકડાય છે, રાજાની પુત્રી દેશાવર ગયેલી એની આ માળા જાણી રાજાને શંકા પડે છે કે 'આણે રાજપુત્રીનું ગમે તે કર્યું હોય,' તેથી આ ધન્યકુમારને મારી નખાવવા ચંડાળને સોંપે છે. એમાં બને છે એવું કે રાજાના અતિ પ્રિય પુત્રને બગીચામાં સાપ કરડેલ, તે મરવા જેવો થઈ ગયેલ. રાજારાણી કલ્પાંત કરે છે. રાજા ઢંઢેરો પીટાવે છે કે 'કોઈ રાજપુત્રને બચાવે, તો રાજા એને અદ્ભુત ઈનામ આપશે !'

અહીં ચંડાળ ધન્યકુમારને આગ્રહ કરી રહેલ છે કે 'મરવા પહેલાં તારી છેલ્લી શી ઈચ્છા પૂર્ણ કરું ?' ધન્યકુમારનું મન કેટલું બધું ફોરું હશે કે એને પોતાના મોતનો ભય નથી.

ચંડાળને એ ધન્યકુમાર કહે, "મારી છેલ્લી ઈચ્છા છે કે મારી પાસે મંત્ર છે

હું રાજપુત્રને બચાવી લઉં. પછી મને મારજે." ચંડાળ સમજે છે કે 'જો આ રાજપુત્રને બચાવે, તો તો પછી મારે શા સારું આને મારી નાખવાનું પાપ જ કરવું પડે ? કેમ કે રાજા એને માફી બક્ષી મારી નાખવાની ના પાડશે.'

ચંડાળ ધન્યકુમારને લઈ ગયો રાજા પાસે. ધન્યકુમાર રાજપુત્રને પેલા વિષહર મંત્રથી બચાવી લે છે; પછી રાજા કહે 'ઇચ્છિત માગ' ધન્યકુમારનું મન અહીં કેવુંક ફોરું કે ફોરા મનવાળો ધન્યકુમાર કહે છે 'આ ચંડાળ ઇચ્છે છે કે એને આવા ધંધાથી મુક્ત કરો' એને આમ મુક્ત કરવા અહીં જોવાની ખૂબી છે કે ધન્ય પોતાને બચાવવાનું નથી માગતો ! કારણ ? એનું મન ફોરું અને દયા ભરેલું છે.

અલબત્ત પછી તો ત્યાં પરદેશથી રાજકુમારી સલામત આવી જાય છે. એ ખુલાસો કરે છે કે "પોતે જ પોતાની માળા દાસીને આપેલી પણ તે પછી વહાણ ભાંગી જતાં પોતે પાટિયાના આધારે બચીને ઘર ભેગી થવા પામી, રાજાને ભેદ સમજાઈ ગયો કે દરિયા કિનારે દાસીનું મડદું તણાઈ આવ્યું હશે એની પાસે પડેલી મોતીની માળા ધન્યકુમારને મળી હશે માટે ધન્યકુમાર નિર્દોષ છે.' તે ધન્યને ધનમાલ સાથે પોતાના દેશ તરફ રવાના કરે છે.

એ પછી પણ પૂર્વભવોપાર્જિત અશુભ કર્મો એવા ઉદયમાં આવે છે કે કેટલાય કષ્ટો ભોગવીને એ ધન્યકુમાર ઘરે પહોંચે છે. બધે મન એટલું ફોરું છે કે ઘરે પહોંચ્યા પછી યશોધર મુનિને ભેટો થાય છે અને એમનું નવ ભવનું ચરિત્ર સાંભળી વૈરાગ્ય વધી જવાથી સંસાર ત્યાગ કરી ચારિત્ર માર્ગ અપનાવે છે !

**પરમાત્માને ભજવા છે ?** પ્રભુને સક્રિય ભજવાનો આ એક પ્રકાર છે કે વિકટ સંયોગોમાં પણ મન ફોરું રાખીએ.

'મન ફોરું' એટલે ન તો પોતે સ્વયં હાયવોય કરે, ન સ્વયં મનને અશાંતિ કરે, કે ન તો બીજા પર ગુસ્સો ધમધમાટ કરે.

'મન ફોરું' એટલે શાંત-સ્વસ્થ અને પ્રસન્ન મન. પૂછો,

**પ્ર.**- પ્રશાંતતા-પ્રસન્નતા હંમેશાં શી રીતે રહે ?

ઉ.- એનો આ ઉત્તર છે કે મન પર અરિહંત ભગવાનનો આશરો રાખવાથી નિત્ય પ્રશાંતતા-પ્રસન્નતા રહે. મન સદા ફોરું રહે.

• • •

## • 'નમો અરિહંતાણં'નો ચમત્કાર : સુદર્શન શેઠ •

સુદર્શનશેઠને શૂળીનું સિંહાસન થયું. આ એક પ્રસિદ્ધ ઘટના છે.



અભયારાણીએ એમના ઉપર શીલભંગ કરવાના પ્રયત્નનો જૂઠો આરોપ ચઢાવ્યો. અને રાજાએ બહાર જ્યાં સંત્રી પોલીસ ચોકી કરે છે ત્યાંથી સુદર્શન શેઠ મહેલમાં આવી જ કેવી રીતે શકે એ કાંઈ તપાસ કર્યા વિના શેઠને સીધી શૂળીની સજા ફરમાવી દીધી.

સવાલ થાય કે શેઠે પોતાનો બચાવ કેમ ન કર્યો ? એના બે કારણ છે. એક તો પોતાને મૌન પોષધ પ્રતિમાનો અભિગ્રહ (નિયમ) હતો અને બીજું એ કે એ ભલે બોલે નહિ પણ પોતે જો સંત્રી પોલીસને પૂછવાનો ઈશારો માત્ર કરે તોય રાણીનો ભાંડો ફૂટી જાય અને તેથી રાજા રાણીને ભયંકર સજા કરે. એ હિંસા અટકાવવા અને પોતાના અહિંસાવ્રતને અખંડ રાખવા રાજાને ખુલાસો ન કર્યો. અને પોતે સિપાઈઓએ દોર્યા શૂળીના પાટીયા પર જઈને બેસી ગયા. કેમ જાણે મનમાં વિચાર્યું હશે કે "પહેલા હું બ્રહ્મચર્યની પરીક્ષામાં તો પાસ થઈ ગયો પરંતુ મારા બોલથી રાણીની હિંસા થઈ ન જાય એ માટે મૌન રાખી અહિંસાની પરીક્ષામાં ય પાસ થઈ જવા દે." કેટલું બધું સત્ત્વ ! અલબત્ત જલ્લાદે શેઠને ઉપર બેસાડ્યા પછી શૂળી આસપાસના બે પાટીયા જેવા ખસેડ્યા ત્યાં તરત જ શાસનદેવતાએ સોનાનું સિંહાસન ગોઠવી દીધું. શૂળીની અણી નીચે રહી એના પર સિંહાસન એના પર શેઠ બિરાજ્યા. બે બાજુ ચામર ઢળે છે ઉપર છત્ર ધરેલું છે, ઉપર આકાશમાંથી પુષ્પવૃષ્ટિ અને "જય હો, મહાન શીલવંતા, સુદર્શન-શેઠનો જય હો !" એવો જય જયકાર ગાજ્યો.

અહીં વિચારવા જેવું આ છે કે (૧) સામે શૂળી જેવી આપત્તિ છતાં સુદર્શનશેઠના મૌનવ્રતની રક્ષા કરવાનું સત્ત્વ ક્યાંથી આવ્યું ? (૨) બદમાશ રાણી ઉપર એણે બચાવી લેવાની કરુણા કરવાનું પણ સત્ત્વ ક્યાંથી આવ્યું ? (૩) એમને જનમથી મોટી સમૃદ્ધિ, ઊંચી ધાર્મિકતા તથા શાસનદેવીનું એમની રક્ષા માટે આગમન, આવી મહાન અનુકૂળતાઓ કેવી રીતે થઈ ?

આ બધાના સમાધાનમાં એક જ વાત મળે છે કે એમને પૂર્વજન્મમાં નવકારમંત્રના પહેલા પદ 'નમો અરિહંતાણં'ની આરાધના પ્રાણના ભોગે પણ સત્ત્વપૂર્ણ કરી હતી તેથી અહીં સુદર્શનના ભવમાં એ સત્ત્વનો વારસો અને ઊંચી પુણ્યાઈ મળી. એમનો પૂર્વભવ જોઈએ.

**સુદર્શન શેઠનો પૂર્વભવ :**

સુદર્શન શેઠ પૂર્વભવમાં એ જ ઘરમાં નોકર હતા. આ નોકર સુદર્શન શેઠના પિતા અર્હદ્દાસના ગોધનને જંગલમાં ચરાવી લાવવાની નોકરી કરતો હતો. એકવાર એવું બન્યું કે બહુ જાલિમ ઠંડીના દિવસોમાં સાંજના સમયે સૂર્યાસ્ત પછી એ ઢોરોને

લઈને નદી કિનારેથી આવી રહ્યો હતો એમાં ત્યાં એક મુનિ મહાત્માને લગભગ ખુલ્લા બદને કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભા રહેલા દેખ્યા. પછી બીજે દિવસે સૂર્યોદય પહેલાં જ પાછો ઢોરોને લઈને જ્યારે જંગલમાં જાય છે ત્યારે પણ મહાત્માને ત્યાં જ નદી કિનારે એમ જ ધ્યાનમાં ઊભા રહેલા દેખ્યા ત્યારે તે ચકિત થઈ ગયો. 'હો હો ! આટલી બધી પોષ-મહા મહિનાની સખત ઠંડીમાં મારે મોટો ધાબળો ઓઢવા છતાં પણ ઠંડીના લીધે મોંમાંથી સૂસકાર નીકળી જતાં હતા ત્યારે આ મહાત્માએ રાત્રીભર ખુલ્લા શરીરે ખડા રહીને કેવી રીતે ઠંડી સહન કરી શકયા હશે ?' આમ વિચાર કરીને મહાત્માને પૂછે છે, 'બાપજી ! આપે આટલી બધી ઠંડી શી રીતે સહન કરી શક્યા ?'

એટલામાં એવું બન્યું કે ત્યાં સૂર્યોદય થયો અને મહાત્મા તો આકાશમાં ઊડ્યા. એ વિદ્યાધર મુનિ હતા. તેમને ગત સૂર્યાસ્ત પછી આજના સૂર્યોદય સુધીમાં અભિગ્રહ (નિયમ) હતો કે આટલો ટાઈમ કાયોત્સર્ગ ધ્યાનમાં રહેવું. હવે સૂર્યોદય થવાથી એમને કાયોત્સર્ગ પાળવા માટે 'નમો અરિહંતાણં' પદનું ઉચ્ચારણ કર્યું. અને સાથે આકાશમાં ઊડી ગયા.

વિચારવા જેવું છે કે આવી આકાશગામીની વિદ્યાલબ્ધિવાળા હતા એવા મુનિને પણ સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી લગભગ અગીયાર-બાર કલાક સખત ઠંડીમાં પણ કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભા રહેવાનું આવા કડક નિયમનો ખપ હોય છે ત્યારે એમની આટલું બધું સહન કરીને પાપકર્મનો ક્ષય કરવાની લગન કેવી ! ત્યારે આપણે જ આવી કોઈ થોડી પણ કષ્ટમય સાધનાનો ખપ નહિ ? આવશ્યકતા નહિ ? ત્યારે પૂછશો,-

**પ્ર.**- આવી મહાન લબ્ધિવાળા અને કદાચ વૈભવી કુટુંબમાંથી આવેલા મુનિને આટલું બધું સહન કરવાની લગન કેવી રીતે આવી હશે ?

ઉ.- આવા મુનિ પણ એ વિચારતા હતા કે ભૂતકાળમાં સ્વચ્છંદતાથી ને અતિશય સુખશીલતા બહુ ખાનપાન વગેરેના જ જીવન વીતાવ્યા છે અને એનાથી ભરચક પાપકર્મ બાંધતો આવ્યો છું તો હવે આ પાપ કર્મોના ઢેરના ઢેરનો નિકાલ શી રીતે થાય ? નિકાલ કર્યા વિના અનંત ભવભ્રમણનો અંત આવે એમ નથી એથી અહીંથી આગળ જન્મ-મરણની સિરિયલ (પરંપરા) પાછી ચાલુ જ રહેવાની અહીં પણ સુખશીલ જીવન ગમે છે એ પૂર્વના ખોટા અભ્યાસનું પરિણામ છે. માટે હવે તો આ કાયાની સુખશીલતા ઉપર ભારે કાપ મૂકવો જોઈએ અને સ્વચ્છંદતાથી વિરુદ્ધ જિનાજ્ઞાનું બંધન, જિનવચનની રટના તેમજ જિનાજ્ઞાવિહિત ત્યાગ તપસ્યા, કાયોત્સર્ગ આદિની પ્રવૃત્તિનો જ ખપ કરવો જોઈએ. એ અહીં જ થઈ શકશે. આ



મહામૂલ્યવાન માનવજન્મ સિવાય બીજા જન્મોમાં આ શકય જ નથી તેથી મન મારીને પણ મારે આ જ કરવું જોઈએ. કિંમત આની છે. માનવભવની સફળતા આ બધું કરવા ઉપર જ છે કિંતુ દુન્યવી વિષય-વિલાસ અને વૈભવ સત્તાદિથી ભવની સફલતા નથી એમાં તો સરિયામ નિષ્ફળતા છે, માટે 'લગાવું કર્મ સામે જંગ, કર્મ સામે જીવનસંગ્રામ' આવા આવા વિચાર પર મોટા વિદ્યાધર રાજર્ષિઓ પણ આવી આરાધનાઓ કરતા હતા.

જ્યારે વિદ્યાધર મુનિ કાઉસ્સગ્ગ પારવાનું પદ બોલ્યા ત્યારે પેલો ઢોરાચારું ગમાર નોકર એ પદ સાંભળીને સમજ્યો કે ઠંડી કેવી રીતે સહન કરી એનો મને મંત્ર આપ્યો. એટલે મારે ઠંડી સહન કરવા માટે આ મંત્રની રટના લગાવવી જોઈએ. આવી ચમત્કારિક ઘટનાથી એણે આ મંત્રપદ ઉપર એટલું બધું બહુમાન થઈ ગયું કે તરત જ ત્યારથી માંડીને એ માથું ધૂણાવતો ભારે હરખની સાથે 'નમો અરિહંતાણં' પદ રટવા લાગ્યો.

૪-૫ કલાક ત્યાં તો એ રટતો રહ્યો, ઘરે ગયા પછી પણ માથું ધૂણાવીને 'નમો અરિહંતાણં,' 'નમો અરિહંતાણં' એમ રટણ કરે છે ત્યારે શેઠ એને પૂછે છે, અરે ! આ તું શું રટી રહ્યો છે ? ગમાર નોકર કહે છે, 'જંગલમાં મને મહારાજ સાહેબે ઠંડી રોકવાનો આ મંતર આપ્યો છે.' શેઠ પૂછે છે, 'મહારાજ, સાહેબે તને કેવી રીતે આપ્યો ?' ત્યારે નોકરે ગઈ સાંજથી માંડીને આજ સવાર સુધીની સાધુ મહારાજની ઘટનાનો અહેવાલ કહી બતાવ્યો.

શેઠ તમામ હકીકત સાંભળીને સમજી ગયા કે કોઈ વિદ્યાધર મુનિ મહાત્મા પાછલા સૂર્યાસ્તથી આગલા સૂર્યોદય સુધીના અભિગ્રહવાળા હશે એમાં એ તો સ્વાભાવિક રીતે સૂર્યોદય થતાં પોતાનો કાઉસ્સગ્ગ પારવાનું પદ બોલ્યા હશે પરંતુ આ ગમાર નોકરને તો એ પદ એટલે મહાત્માએ મને મંત્ર આપ્યો એમ સમજી બેઠો લાગે છે, કિન્તુ હવે આ અનભિજ્ઞ નોકરની આગળ આ હકિકત ખુલ્લી ન પડાય કે 'મહારાજે તને મંત્ર નથી આપ્યો પરંતુ એ તો કાયોત્સર્ગની પ્રતિજ્ઞા પારવા માટેનું પદ બોલેલા અત્યારે આવો ખુલાસો કરવો અનુચિત છે, કેમ કે એથી નોકરની શ્રદ્ધાનો ભંગ થાય. કારણ એ તો પછી કહી દે 'શેઠ ! એમ છે, લો ત્યારે આ નમો અરિહંતાણં પદની રટના પડતી મૂકી.' આવી 'નમો અરિહંતાણં' પદ ઉપરની શ્રદ્ધાનો ભંગ ન કરાય. ઊલટું એની શ્રદ્ધા ઓર વધારવી જોઈએ.

આવો વિચાર કરીને શેઠ નોકરને કહે છે, જો ભાઈ, આવા આકાશમાં ઊડવાવાળા મહાત્માજીએ તને મંત્ર આપ્યો છે એ માત્ર બહારની ઠંડી રોકવાનો મંત્ર સમજીશ નહિ કિન્તુ એમને તો મૂખમાંથી વારંવારનો જન્મમરણ અને સંસાર

પરિભ્રમણની ઠંડી રોકવાનો મંત્ર તને આપ્યો છે એમ સમજ. કેમ કે જ્યારે આપણા ઉપર પ્રસન્ન થયેલ કોઈ મોટો ચક્રવર્તી ઈનામ આપવા બેસે ત્યારે કંઈ માત્ર આટો-દાળ-ચોખાનું સિધું ન આપે કિન્તુ એ તો કોઈ મોટી સંપત્તિ કે રાજ્યની બક્ષીસ કરે એમ આ ચક્રવર્તી જેવા મહાત્માએ બહુ મોટો મંત્ર આપ્યો છે.

આ સાંભળીને નોકર ખુબ હરખમાં આવી ગયો. અને કહે છે 'અરે શેઠ ! આવું છે શું ! ત્યારે તો લો એમ કહેતાંક હવે માત્ર માથું નહિ કિન્તુ અડધું શરીર ધૂણાવતો 'નમો અરિહંતાણ, નમો અરિહંતાણં' રટવા લાગ્યો.

અહીં જોવા જેવું છે કે નોકર અગર જો ભણેલો ગણેલો હોત તો કદાચ કુતર્ક કરતો કે આટલા પદ માત્રના રટનથી શું જન્મમરણ ટળતા હશે ? પરંતુ આ ભલા ભોળા અનપઢ નોકરને તો પાકી શ્રદ્ધા થઈ ગઈ કે, હવે ચોવીસે કલાક ગદ્ગદ દીલથી એ પદની રટનામાં લાગી ગયો.

એકવાર આ નોકર જંગલમાં ઢોરો ચારવા લઈ ગયેલો. ઢોરોને ચરતાં મૂક્યા અને પોતે ઝાડ નીચે બેસીને 'નમો અરિહંતાણં'ની રટણામાં બેસી ગયો. ઢોરો ચરતા ચરતા પાસેની નદીમાં પાણી બહુ હતું નહિ તેથી નદી પાર કરી સામી બાજુએ ચરવા ચાલી ગયા. ચાર કલાકે આ નોકર આંખ ખોલી જુએ છે તો ઢોરાં ત્યાં દેખાયા નહિ પણ નદીને સામે પાર ચરતાં દેખાયા. પરંતુ વચમાં નદીમાં, ઉપર ક્યાંક વરસાદ પડ્યો હશે તેથી પાણીના પૂર ચઢી આવેલા. એને વિચાર્યું કે ઢોરાની સંભાળ કરવા જાઉં, નહિતર અજ્ઞાન જનાવર ક્યાંક જંગલમાં રખડતા થઈ જશે. પરંતુ નદીમાં પૂર હોવાથી પગે ચાલીને કાંઈ ઓળંગાય એવી નહોતી તેથી નદીમાં તરીને જવાય એટલા માટે એ પાસેની ખડક ઉપર ચઢ્યો. એ તરવૈયો હતો એને ખડક પરથી નદીમાં ઝંપો મૂક્યો. જેથી જ્યાં પડે ત્યાં બહોળું પાણી હોવાથી એમાં તરતો તરતો સામે કિનારે પહોંચી જવાય. પરંતુ નસીબજોગે એવું બન્યું કે જ્યાં એને ઝંપો મૂક્યો ત્યાં નદીમાં પાણીની અંદર એક લાકડાનો ખૂંટો ઊભો ખૂંચી ગયેલો. બરાબર એ નોકર એના જ ઉપર ઝંપો મારતા પડ્યો અને પડવાના ફોર્સથી લાકડાનો ખૂટો સીધો એનું પેટ ફાડીને ઘુસી ગયો. ખૂંટામાંથી પેટ ઊંચકી લેવા ખુંટાને બે હાથ વડે પકડીને ઊંચો થવા ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ ખૂંટા પર માટીની ચિકાશ લાગેલી હોવાથી હાથ એના પર જામ્યો નહિ અને એમજ પાણીમાં આંતરડા બહાર નીકળી પડ્યા છે અને પોતે ભારે ગુંગળામણ થવાથી પાણીમાં જ મૃત્યુ પામ્યો. પરંતુ એનું સત્ત્વ એટલું બધું કે આવી મરણાંત ભયંકર પીડા વચ્ચે એને 'હાય બાપ ! કે વોય માય !' એવું કશું રોદણું ન કરતા પોતે જીવનમાં સિદ્ધ કરેલ 'નમો અરિહંતાણં' પદની માનસિક રટનામાં લાગ્યો રહ્યો. એનું સુખદ પરિણામ



એ આવ્યું કે એ ત્યાંથી મરીને સીધો અર્હદ્દાસ શેઠની શ્રાવિકાના ગર્ભમાં પુત્રપણે ઉત્પન્ન થઈ ગયો, અને જન્મતા એનું નામ સુદર્શન રાખવામાં આવ્યું. આ સત્ત્વના ઘેરા સંસ્કારે સુદર્શનને સત્ત્વનો વારસો મળ્યો, જે સત્ત્વે અભયારાણીના પ્રપંચમાં શીલ નહિ ચૂકવાનું સત્ત્વ વિકસાવ્યું. તેમજ રાણી ઉપરની દયામાં એની ગુપ્તલીલા પ્રગટ ન કરવાનું પણ સત્ત્વ વિકસાવ્યું.

પૂર્વના એક જ જન્મના એ સત્ત્વ વિકાસે સુદર્શન શેઠનો કેટલો બધો મહાન ઉદય કર્યો કે શૂળીનું સિંહાસન થયું. જૈનશાસનનો જય જયકાર થયો અને મહા સમૃદ્ધ વેપારી છતાં સંસારનો ત્યાગ કરી ચારિત્રમાર્ગ અપનાવ્યો અને એની આરાધના કરીને એ જ ભવમાં સમસ્ત જન્મ-મરણની પરંપરાનો અંત આણી એ મોક્ષ પામ્યા.

'નમો અરિહંતાણં' પદની ગદ્ગદ દિલની ચોવિસે કલાકની રટના તથા મરણાંત કષ્ટ વખતે પણ એ નહિ છોડવાનું સત્ત્વ, આ બે ચીજ કેવી કામણગારી બની ગઈ કે તરત જ બીજા ભવે મોક્ષ પમાડનારી બની.

• • •

## તુજ મૂરતિ નિરખે સો પાવે : દેવપાલ-૧

દેવપાલ રજપુત હતો કિન્તુ દુર્ભાગ્યવશ ગરીબ હોવાને કારણે એને નોકરી કરવી પડતી હતી, પરંતુ એટલું સદ્ભાગ્ય હતું કે શેઠ શ્રાવક હતા. એ શેઠના ઢોરા દિવસમાં બે વાર જંગલમાં ચરાવવા લઈ જતો. એકવાર એવું બન્યું કે એના સદ્ભાગ્યની લોટરી ખુલી ગઈ અને મોટું ઈનામ લાગ્યું. કિન્તુ આ ઈનામ ભૌતિક સંપત્તિનું નહિ પણ એવી આધ્યાત્મિક સંપત્તિનું કે જે સંપત્તિ પરંપરાએ એને તીર્થંકરપણાની સર્વશ્રેષ્ઠ વિભૂતિનું સંપાદન કરવાવાળી બની. વિચારો ઈનામ શું લાગ્યું હશે ?

બન્યું એવું કે વરસાદના દિવસો હતા. જ્યાં જંગલમાં દેવપાલ ગાયો ભેંસોને ચરાવવા લઈ જતો ત્યાં પાસેના પર્વતમાંથી રાતના એક ભેખડ તૂટી પડી હતી. ત્યાં સવારે દેવપાલ જઈને જુએ છે તો જિનેશ્વર ભગવાનની સુંદર પ્રતિમા હતી. દેવપાલ દેખીને અત્યંત આનંદ વિભોર બની ગયો, નાચવા લાગ્યો અને બોલે છે કે ઓહો ! આ હું શું જોઈ રહ્યો છું !! મારા શેઠના ઘરમંદિરમાં જે અરિહંત ભગવાનની મૂર્તિ છે. બરાબર એની સમાન આ પણ અરિહંત ભગવાનની મૂર્તિ છે.

એ વિચારે છે કે ભગાવનને અશુદ્ધ કાયાથી સ્પર્શ ન કરાય તેથી એ પાસેની નદીમાં ગયો. સ્નાન કરી સાથે ધોતીને પણ સ્વચ્છ કરી એ જ પહેરી લઈને કાંઠેથી ચોકખી ભીની માટી લીધી. અહીં લઈ આવીને પર્વતની તળેટીમાં એક સુંદર

નાનકડું દેવળીયું બનાવ્યું અને પર્વત પર ચઢી ભગવાનને પ્રણામ કરીને વિનંતી કરે છે કે 'પ્રભુ ! આપને નીચે દેવમંદિરમાં લઈને આનંદ પામું' એમ કહી બહુ બહુમાનપૂર્વક ભગવાનને બંને હાથમાં ઉઠાવી નીચે લઈ આવી માટીના મંદિરમાં પધરાવ્યા. આસપાસમાંથી સુંદર, સુગંધી ફૂલો લાવી ભગવાન ઉપર ચઢાવ્યા. હવે આંખમાં ભરપુર આંસુની સાથે ગદ્ગદ સ્વરે ભગવાનને પ્રાર્થના કરે છે.

'હે પ્રભુ ! કેટલું મારું પ્રચંડ સૌભાગ્ય કે તું મને મળી ગયો ! નહિતર તું મહાતવંગર હું મહા ગરીબ ! શું એવું પુણ્ય કર્યું હશે કે ગરીબને તું વિશ્વનો સમ્રાટ મળ્યો ! તું તો કલ્પવૃક્ષથી અધિક છો ! મારા જેવા પુણ્યહીનને તું મળ્યો. ઓ પ્રભુ ! મારા જેવા રાંક ઉપર તારી કેટલી બધી કરુણા થઈ કે મને રાંકને તે દર્શન આપી મારું જીવન પાવન કર્યું. હવે તું મળ્યા પછી તો રોજ તારા દર્શન તારી ભક્તિ વિના મારાથી ખાવું, પીવું કેમ કરાય ? આજથી મારે સંકલ્પ છે કે કોઈ પણ દિવસ તારા દર્શન પૂજન વિના મોંમાં પાણીનું ટીંપુ નહીં નાખવું. હવે હું ગરીબ તને મેળવી મોટો તવંગર થઈ ગયો. હવે પ્રભુ ! તારી પાસેથી બીજું કાંઈ નથી માગતો સિવાય આ ભવસાગર પાર કરી જવાનો.' બસ, આ રીતે પોતાની ભાષામાં ભગવાનની પ્રાર્થના કરતો રહ્યો. સમય થવા પર જનાવરોને લઈને ઘેર તો ગયો. કિન્તુ નજર સામે ભગવાન જ દેખાયા કરે છે અને હૃદયમાં ભગવાનનું નામ તથા ગુણગાન જ ચાલ્યા કરે છે. તેનો રોજનો કાર્યક્રમ થઈ ગયો. જંગલમાં ઢોરો ચરતા રહે અને પોતે પ્રભુને સામે દર્શન-પૂજન-ગુણગાન કરતો રહે.

એકવાર એવું બન્યું કે રાતના વરસાદની હેલી ચાલુ થઈ. રસ્તા પર પાણીનું પૂર એટલું ઊંચું ચઢી ગયું કે ઢોરોને લઈને તે દિવસે જંગલમાં લઈ જવાનું રહ્યું નહીં. યાવત્ પોતે પણ ઊંચા પૂરમાં પસાર થઈ શકે એમ નથી. ભોજન સમયે શેઠ એને કહે છે. 'આજ બહાર જવું અશક્ય છે, ભોજન કરી લે.'

દેવપાલ કહે, 'ના શેઠ, મારા ભગવાનના દર્શન વિના હું કાંઈ લઈ શકતો નથી.'

શેઠ કહે, 'આપણા ઘરમાં મંદિર છે, ભગવાનના દર્શન કરી લે.'

દેવપાલ કહે- 'શેઠ એ ભગવાન તો આપના છે, મારા ભગવાન તો જંગલમાં બિરાજે છે. એમના દર્શન વિના મોંમાં પાણીનું ટીપું પણ નહિ નાખવાની મારે પ્રતિજ્ઞા છે.' સાંજ પડવા આવી તો પણ હેલી ચાલુ છે. દેવપાલ બહાર નીકળી શક્યો નહિ અને અંતે ભૂખ્યો સૂઈ ગયો. આવાને આવા સાત દિવસ વરસાદની હેલી ચાલુ રહેવાથી ભૂખ્યા તરસ્યા પસાર કરવા પડ્યા, પરંતુ એમાં દિવસ-રાત ભગવાનના નામરટણ અને પ્રાર્થના સ્તુતિ કરતો રહ્યો.



દેવપાલની ઉત્તમતા જુઓ કે એના મનને એમ નથી થતું કે 'અરરર... મેં આવો સંકલ્પ છૂટ વિનાનો ક્યાં કરી લીધો ? આવા પ્રસંગની છૂટ મેં કાં ન રાખી ? ક્યારે વરસાદ રોકાય ને હું જંગલમાં જઈ પ્રભુના દર્શન કરી આવી રોટલા ભેગા થઉં ?' આવું કશું એના મનને ન થયું. કિંતુ એને એવો પસ્તાવો એ થાય છે કે 'અરેરે, પ્રભુના દર્શન વિના મારા દિવસ વાંઝિયા જાય છે. આવા પ્રભુની દયા થયા પછી તો એકેક દિવસની સફળતા પ્રભુના દર્શન પૂજન અને ભક્તિ સ્તુતિ કરવા મળવા ઉપર છે. પ્રભુ ! પ્રભુ ! મારા પર દયા કર, મને દર્શન દે, મને ખાવા નહિ મળે તો ચાલશે, પરંતુ તારા દર્શન પૂજન વિના મને ચેન નથી.' અણપઢ નોકરની કેવી પ્રભુ ભક્તિ ! એને કેવો વિવેક છે કે ચિંતા ભોજન ન મળ્યાની નથી કિન્તુ ભજન ન મળ્યાની છે. આશ્ચર્ય થાય કે આવાને આટલો બધો વિવેક ક્યાંથી જાગ્યો ? એનો જવાબ આ છે કે દેવપાલ આમ ગરીબ નોકર છતાં તીર્થંકરનો જીવ હોવાથી મૌલિક ઉત્તમતાવાળો અહીંથી ત્રીજે ભવે એ મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર બનનાર છે. જેમ બુદ્ધિ કોઈના બાપની નથી હોતી. કિન્તુ વ્યક્તિની પોતાની એ સ્વતઃ ઉપલબ્ધિ હોય છે.

એની દર્શનની તીવ્ર પ્યાસ અને ભોજન નહિ પણ ભજનની તીવ્ર લગનનો એવો પ્રભાવ પડ્યો કે સાત દિવસની હેલી શમી ગઈ અને આઠમે દિવસે પ્રભાતે જંગલમાં પહોંચી ગયો. ભગવાનની આગળ એમ નથી વિચારતો 'ચાલો આજે ભગવાનના દર્શન મળ્યા એટલે ખાવાનું ખુલ્લું થયું. એ તો,-

પ્રભુની આગળ છાતીફાટ રૂદન સાથે પ્રાર્થના કરે છે કે, 'પ્રભુ ! પ્રભુ ! આપના દર્શન વિના મારા સાત સાત દિવસ વાંઝિયા ગયા. મને માફ કરજો. હું સાત સાત દિવસ તારી સેવા સંભાળ કાંઈ જ ન કરી શક્યો. હું તારો ગુનેગાર છું, પણ પ્રભુ હવે પછી ગુનાની સજા રૂપે ભલે મને એક મહિનો ભૂખ્યો રાખજે પરંતુ એક દિવસ પણ તારા દર્શન વિનાનો ન રાખજે.' આમ રૂદન કરતો જાય છે, પ્રભુની ક્ષમા માગતો જાય છે ને પ્રભુના ગુણ ગાતો જાય છે કે પ્રભુ ! તું મળ્યાથી મને શું નથી મળ્યું ? તારી આગળ દુનિયાનું રાજ્ય વિસાતમાં નથી. ક્યાં દુનિયાની નાશવંત સંપત્તિ અને ક્યાં અજર-અમર અરિહંત ભગવાનની ભક્તિ !

**"દિવ્ય-દર્શન" - "પ્રકીર્ણ પ્રસાદ"** વર્ષ-૪૧,અંક-૧૬,તા.૧૬-૧-૧૯૯૩

## તુજ મૂરતિ નિરખે સો પાવે : દેવપાલ-૨

દેવપાલની ગદ્ગદ દિલની આવી ભક્તિનો પ્રભાવ એ પડ્યો કે એ જ

વખતે ત્યાં ચક્રેશ્વરી દેવી હાજર થઈ. પરંતુ ભગવાનને જ જોવામાં મુગ્ધ બનેલા દેવપાલને ઊંચે આકાશમાં રહેલી આ દેવી તરફ જોવાની ફુરસદ નથી, તમન્ના જ નથી. ત્યારે દેવી જરા નીચે ઉતરીને એને સંબોધે છે. દેવપાલ ! જરાક સામે જો, હું તારા ભગવાન ઋષભદેવની અધિષ્ઠાયિકા ચક્રેશ્વરી દેવી છું. તારી ભક્તિથી ખેંચાઈને અહીં આવી છું. શું તારી ભક્તિ ! સાત-સાત દિવસ ભૂખ્યા રહીને કેવું તારું ભક્તિની પ્રતિજ્ઞાનું પાલન ! ધન્યવાદ છે તને ! હું તારી ભક્તિથી બહુ પ્રસન્ન થઈ છું તો ભક્તિના બદલામાં તારે જોઈએ તે માંગી લે.

દેવપાલ કહે છે કે મારે ભક્તિના બદલામાં ભક્તિ જ જોઈએ. દેવી કહે, ભક્તિ તો તારી પાસે છે જ. હું દેવતા છું. દેવતાનું દર્શન નિષ્ફળ જાય નહિ, માટે દુન્યવી ધન સંપત્તિ રાજ્ય વગેરે જે જોઈએ તે માંગી લે.

દેવીનો આગ્રહ દેખીને દેવપાલ કહે છે કે, તું મને શું ફોસલાવે છે ? ભક્તિના બદલામાં માગું એટલે કે ભક્તિ વેચીને તું આપે તે ખરીદું. જે કાંઈ આપે તે ગધેડા સમાન છે. ઐરાવણ હાથી વેચીને ગધેડો ખરીદી લેવા જેવો હું મૂર્ખ નથી.

આજે લોકો વરસોના વરસો, કલાકો સુધી દેવી દેવતાની જપમાળા જપે છે છતાં એનું દર્શન નથી મળતું પછી બીજી ઓફર મળવાની તો વાતે ક્યાં ? માનો કદાચ કોઈ દેવતા પ્રસન્ન થઈ ઓફર કરે કે, માગ, તો આજના માણસ શું શું ન માગે ? કેમ જાણે ભુખારવો કેટલાય કાળનો, કેટલીય વાતની ભૂખ કે માગવા બેસે તો મોટું લીસ્ટ થાય. એનામાં એ સત્ત્વ નથી કે દેવ દેવીને સ્પષ્ટ કહી દે કે, મારે પ્રભુભક્તિ સિવાય કાંઈ જ જોઈતું નથી.

દેવપાલમાં આ સત્ત્વ હતું. ચક્રેશ્વરી દેવી હારી-થાકી છેવટે કહી દે છે કે, મહાસાત્ત્વિક અને મહાનિસ્પૃહી દેવપાલ ! તું મારું આપ્યું કશું નહીં લે, કિન્તુ હું તને કહું છું કે, તારી આ નિરાશંસ ભાવની ઉત્કૃષ્ટ પ્રભુભક્તિથી ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જ્યું અને **'ઉત્કૃષ્ટપુણ્ય-પાપાનિ ઈહૈવ લભ્યતે ફલમ્'** ઉત્કૃષ્ટ પુણ્ય યા ઉત્કૃષ્ટ પાપનું ફળ પરલોકમાં શું ? અહીંનું અહીં જ મળે છે. આ હિસાબે તેં બાંધેલા ઉત્કૃષ્ટ પુણ્યથી આજથી સાતમે દિવસે તું આ નગરનો રાજા થવાનો છે.

આ સાંભળીને દેવપાલ રાજી ન થયો. મોટું રાજ મળે ને રાજી નહિ ? ના, કેમકે દેવપાલને હવે આ જીવનમાં એક માત્ર વીતરાગની ભક્તિ જ પ્રિય હતી ભક્તિ જ સર્વેસર્વા હતી તેથી દેવીની વાણી સાંભળીને એ ખેદ સાથે વિચારે છે કે, અરે ! આ શી આફત ? રાજકાજની ખટપટમાં પડું અને ખટપટમાં તો મારો અણમોલ માનવસમય રોકાઈ જશે, પછી મારા ભગવાનની ભક્તિ શી રીતે કરી શકીશ ?



જુઓ, દેવપાલ જન્મથી જૈન નથી તેમજ સાધુ મહાત્માઓનો એટલો પરિચયવાળો પણ નથી. છતાં એક ઋષભદેવ ભગવાનની પ્રતિમા મળવાથી કેવું જીવન પરિવર્તન થયું કે (૧) હવે એને માત્ર ભગવદ્ ભક્તિની જ લગન રહી. એમાં મોટી ચક્રેશ્વરી દેવી પણ એને દુન્યવી સંપત્તિથી લોભાવી શકી નહીં. (૨) તેમજ ઉત્કૃષ્ટ ભક્તિભાવથી તત્કાળ ઉત્તમ ફળદાયી પુણ્ય ઊભું થયું. એનો એને રાજીપો નહીં એટલી બધી એની નિઃસ્પૃહા ! હવે જોઈએ કે સાત દિવસમાં એ રાજા કેવી રીતે થાય છે.

બીજાઓ પણ મહાન કલ્યાણ સાધે છે. નહિતર અહીં દેવપાલના જીવનમાં ધર્મ સિવાય બીજું કયું તત્ત્વ હતું કે એને અને બીજાને આટલે બધે ચઢાવ્યો. આજના ભયંકર વિલાસવાદના યુગમાં જો આપણે વિષયલંપટ બની વિષયોને પ્રીય બનાવીને વીતરાગ પ્રભુની ભક્તિને પ્યારી નથી કરતા તો પછી મૃત્યુ પછી એનો ભયંકર નતીજો કેવો ? અરે, પરલોકની વાત તો પછી પણ પ્રભુભક્તિ ભૂલીને વિષયલંપટ બનનાર ક્યાં સુખી છે ? જીવનમાં અનેક પ્રકારની સમસ્યાઓ, આફતો, ચિંતાઓ, દુર્ઘટનાઓ વગેરેથી ભરેલા જીવનમાં સુખી થવાની વાત ક્યાં ? એ તો પ્રભુનો સાચો ભક્ત જ અહીં પણ સુખી થઈ શકે. આજે વિલાયત અમેરિકા જેવા દેશોમાં ઈશ્વરની પ્રાર્થના તથા ભક્તિ તેમજ ઈશ્વરની અનંતશક્તિ અને દયાની શ્રદ્ધા પર કાંઈક સુખનો અનુભવ કરી રહ્યા છે. એ રીતે ભગવાન પર શ્રદ્ધા વધી રહી છે.

દેવપાલે જંગલમાં મળેલી પ્રતિમાના રોજ દર્શન પૂજનનો અને ન થાય ત્યાં સુધી આહાર-પાણી ત્યાગનો સંકલ્પ કરેલો. એના સાત દિવસની વરસાદની હેલીમાં ભોજન-પાણી વિના રહ્યો અને આઠમે દિવસે ઉઘાડ નીકળતા ભગવાન પાસે દોડીને હવે ભોજન મળવાની ખુશી નહી મનાવી કિન્તુ ભગવાન આગળ રોયો. પ્રભુ ! હું મહાદુઃખી છું. મને સાત સાત દિવસ તારાં દર્શન ન મળવાથી મારા દિવસો વાંઝીયા ગયા. મને માફ કરજે કે મેં તારી સંભાળ ન લીધી વગેરે... એ વખતે એની પ્રબળ પ્રભુભક્તિ પર તુષ્ટમાન થયેલી ચક્રેશ્વરી દેવી એને ભક્તિના બદલામાં કોઈ રાજ્ય સંપત્તિ વગેરે માગી લેવા કહે છે ત્યારે એ કહે છે કે 'મારી પ્રભુભક્તિ ઐરાવણ હાથી જેવી છે, તું આપે તે રાજ્ય સંપત્તિ વગેરે ગધેડા સમાન છે. ઐરાવણ હાથી વેંચીને ગેધેડો ખરીદવાની મૂર્ખાઈ હું ન કરું. તારે મને આપવું હોય તો પ્રભુભક્તિ આપ. એ વિના મારે કાંઈ જ જોઈતું નથી.'

એ વખતે ચક્રેશ્વરી દેવી એને કહે છે, 'દેવપાલ ! તું મારું આપ્યું નહિ લે પરંતુ તારા ઉત્કૃષ્ટ ભક્તિ સુકૃતથી તેં જે ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જ્યું છે એ અહીં જ

ફળવાનું અને તને સાત દિવસમાં અહીંનો રાજા બનાવશે.' જોવાની ખુબી છે કે દેવપાલ રાજ્ય મળવાની ખુશીને બદલે 'રાજા બનું તો પછી મારા ભગવાનની ભક્તિ કેવી રીતે કરી શકીશ.' એવી ચિંતામાં એ પડી ગયો છે.

**દેવપાલ રાજા કેવી રીતે થાય છે ?**

પ્રબળ પુણ્યથી આ જગત પર દુર્ઘટ ઘટનાઓ બની આવે છે કે એ વખતે આપણી કલ્પના ટૂંકી પડે છે. એટલા જ માટે આશાવાદી માણસે પુણ્ય વધારવાની જરૂર છે અને એ માટે (૧) જિનભક્તિ, (૨) જીવદયા, (૩) ત્યાગ-વ્રત સેવાના નિયમ. આ ત્રણ સાધનાને રોજિંદા જીવનમાં (MAIN ITEM) મેઈન આઈટેમ મુખ્ય વસ્તુ બનાવવી જોઈએ. એનાથી નવી શુભ ઉપલબ્ધિ તો ઉત્પન્ન થાય ઉપરાંત અનિષ્ટ ઉપદ્રવો પણ દૂર થઈ જાય. શ્રીપાળકુમારે પૂર્વભવમાં નવપદ સાધનાથી પ્રબળ પુણ્ય ઉપાર્જેલું. એના પ્રભાવે અહીં અલબત્ત કોઈક એવા અશુભ કર્મના ઉદયે શ્રીપાળની બે વરસની ઉંમરમાં કાકાએ દગો કરી ભાઈને મારી રાજ્ય બથાવી દીધું. ત્યારે તેને ભાગવું પડેલું અને અમુક ટાઈમ કોઢિયાના ટોળામાં રહેવું પડ્યું. પરંતુ અંતે એ ઉપદ્રવ ટળી કોઢિયાપણામાં ગેબી રીતે મહાન મયણાસુંદરી રાજકુમારી પરણવા મળી અને પછી તો બીજી આઠ રાજકુમારીઓ પરણવા મળી અને અંતે કાકાને હરાવી પિતાના રાજ્ય કરતા મોટા રાજ્યનો માલિક બન્યો.

અહીં પણ જુઓ કે દેવપાલની ઉત્કૃષ્ટ ભક્તિનું પુણ્ય શું કામ કરે છે.

બન્યું એવું કે એ રાજ્યના ઉદ્યાનમાં સાધુ રહેલા. એમાં એક મહાન સંયમી તપસ્વી સાધુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. દેવતાઓ આવ્યા. એમને કેવળજ્ઞાની ભગવાનને સોનાના કમળમાં બિરાજમાન કરી ચામર છત્ર ગીત વાજિંત્ર અને આકાશમાંથી પુષ્પવૃષ્ટિ વગેરેથી કેવળજ્ઞાનીનો મોટો મહિમા કર્યો ત્યારે નગરનો રાજા અને પ્રજા દર્શન વંદન અર્થે ત્યાં ઉમટી પડી. દેવતાની વિનંતીથી જ્ઞાની ભગવંતે ત્યાં દેશના આપી કે નાશવંતા મનુષ્ય જીવનમાં એક માત્ર કર્તવ્ય હોય તો અજરઅમર અવિનાશી અનંત સુખમય મોક્ષની સાધના છે જેથી જન્મમરણ વગેરે સર્વ દુ:ખોનો અંત આવી જાય.

રાજા પૂછે છે, પ્રભુ ! મોક્ષ સાધના માટે શું કરવું જોઈએ ?

જ્ઞાની કહે છે કે, એનો સીધો હિસાબ છે કે જો પાપોની સાધનાથી સંસાર ચાલે છે, તો સર્વ પાપ ત્યાગની સાધના અને પવિત્ર સંયમ-સ્વાધ્યાય તથા શાસ્ત્ર-સ્વાધ્યાયમાં લાગ્યા રહેવાથી મોક્ષ નિષ્પન્ન થાય છે, માટે ચારિત્રધર્મની આરાધનાથી મોક્ષ સિદ્ધ થાય.

રાજા કહે છે, આપના ઉપદેશથી મને ચારિત્રની તીવ્ર ઈચ્છા તો થઈ છે



પરંતુ દીકરો છે નહિ, રાજ્યભાર કોને સોંપું ? તેમજ મારી કલાવિજ્ઞાન અને ગુણથી સંપન્ન સુયોગ્ય કન્યાને યોગ્ય ઉમેદવાર નથી મળતો એટલે રાજ્ય અને કન્યાને એકાએક છોડીને ચારિત્ર કેવી રીતે લઈ શકું ?

ત્યારે જ્ઞાની ભગવંત ફરમાવે છે કે 'જો તારું આયુષ્ય માત્ર સાત દિવસનું બાકી છે તો પાપમાં મરીને તું ક્યાં જઈશ ? કન્યા અને રાજ્ય તને આગળ બચાવવા નહિ આવે.'

રાજા આ સાંભળીને ચોંકી ઊઠ્યો, 'હાય, આઠમા દિવસે મારું મોત ?'

જ્ઞાનીની સમજાવટથી તત્કાળ સર્વ વિરતિ ચારિત્ર નહિ સહી તો પણ શ્રાવકના અણુવ્રતો લઈ અને મહેલ પર આવ્યો પરંતુ ત્યાં તેને ચેન નથી ભયભીત થઈ ગયો છે વિચારે છે કે 'આ સુંદર રાજ્ય અને સુંદર રાજકન્યા મને મોત અને દુર્ગતિપતનથી બચાવી નહીં શકે, બચવાનું ચારિત્રથી જ છે એના વિના સાત દિવસ એમજ પસાર થઈ જશે તો તે પછી પરલોકમાં મારું શું થશે ?

અહીં જોવા જેવું છે કે આયુષ્યના પુણ્યની હવે ઘણી ઓછાશ દેખીને રાજાને ચારિત્રની તીવ્ર લાલસા થઈ છે ત્યાં પ્રશ્ન કરે છે કે,-

ચારિત્ર ક્યારે લેવાય ? ઘણા લોકો કહે છે કે બહુ પુણ્ય હોય તો ચારિત્ર મળે ?

**પ્ર.-** શું ખરેખર બહુ પુણ્ય હોય તો ચારિત્ર લેવાય ? કે પુણ્ય ખતમ થવા આવ્યું હોય તો લેવાય ?

**ઉ.-** ખરી વાત આ છે કે ચારિત્ર અપાવનાર કોઈ એવું પુણ્યકર્મ છે જ નહિ, કિન્તુ **ચારિત્રને રોકવાવાળું મોહનીય નામનું પાપકર્મ છે એ કર્મના ક્ષયનો પુરુષાર્થ કરવાથી એ કર્મક્ષય થાય તો ચારિત્ર મળે છે.** પ્રસ્તુતમાં રાજાને એવો પુરુષાર્થ કરવાની તીવ્ર લાલસા થવામાં અત્યાર સુધી એના બહુ પુણ્યે કામ ન કર્યું. કિન્તુ હવે એના પુણ્યની બહુ ઓછાશે એને સાવધાન કર્યો. જો એને અત્યારે લાંબુ જીવવાનું પુણ્ય હોત તો ક્યાં ચારિત્રની આ તીવ્ર લાલસા થવાની હતી ? એટલે જ કોઈક એવા અકસ્માતમાંથી ગેબી રીતે બચી જવા પર આ વિચારવા જેવું છે કે જો હું અકસ્માતમાં ભોગ બન્યો હોત તો તો ચારિત્ર વિના જ અહીંથી ઉપડી ગયો હોત. હવે તે તેમ ન બનતા જીવી ગયો છું, એ શું પાપ પોષવા માટે કે પાપોને દૂર કરવા માટે ?

રાજા ભારે ચિંતામાં હતો એને કુળદેવીને ગદ્‌ગદ દિલથી પ્રાર્થના કરી કે 'મને માર્ગ બતાવો હું શું કરું ?' ત્યાં કુળદેવીને એની પવિત્ર ભાવના જોઈને લાગણી થઈ આવી તેથી પ્રગટ થઈને કહે છે કે કળશની સાથે સાંઢણી (હાથણી)ને

નગરમાં ફેરવ, જેના માથે કળશ ઢાળે એને તું રાજા બનાવી લે અને કન્યા પણ એને જ આપી દે.

રાજાને નિશ્ચિંતતા તો થઈ, અને તરત સાંઢણીને શણગારીને ઘૂમવા કાઢી પરંતુ નગરના બધા રસ્તા પર એ ઘૂમવા છતાં કોઈના પર એને કળશ ઢાળ્યો નહિ. અલબત્ત રાજા થવું કોને ન ગમે ? મોટા મોટા શેઠિયાઓ રાજમાર્ગો પર કડીબદ્ધ ગોઠવાઈને અને માથા નમાવીને ઊભા હતા. સાંઢણી આવતી જોઈ આતુરતામાં હતા કે હમણાં મારા માથે સાંઢણી કળશ ઢોળશે પરંતુ પ્રબળ પુણ્ય વિના રાજા થવાનું ક્યાં રીઢું પડ્યું છે. અહીં જુઓ કે દેવપાલનો ઉત્કૃષ્ટ પુણ્યોદય સાંઢણીને ક્યાંય કળશ ઢાળવા દેતું નથી. એટલે જ સાંઢણીને નગર બહાર ખેંચી લાવે છે. રાજા તો બીચારો ફરીથી ચિંતાગ્રસ્ત બની ગયેલો કે એકેક રાજમાર્ગનો રીપોર્ટ સાંઢણી કળશ નહિ ઢાળવાનો આવ્યા કરે છે તો પછી દેવીનું વચન શું નિષ્ફળ થવાનું ? અંતે સમાચાર આવ્યા ફલાણા શ્રાવક શેઠના નોકર દેવપાલ ઉપર નગરને બહાર સાંઢણીએ કળશ ઢાળ્યો.

**પ્ર.**- નોકરો અને શેઠિયાઓ પોતાના માથે કળશ ઢળવાની આશામાં જો નગરના રાજમાર્ગો પર ગોઠવાઈ ગયા હતા તો ત્યાં દેવપાલ પણ કેમ ગોઠવાઈ ન ગયો ?

ઉ.- દેવપાલને જે ભગવાન અને ભગવાનની ભક્તિ મળેલી એને સંસારની લાલસાઓ ખતમ કરી દીધી. મારા પ્રભુને જો મોટા મોટા રાજ-સંપત્તિ અને પરિવાર ન ગમ્યા અને ત્યાગની સાધના કરી પોતે વીતરાગ ભગવાન બન્યા. હવે એમનામાં કશી લાલસા રહી નહીં. એવા પ્રભુને પામ્યા પછી લાલસાથી ભૂખારવો જ બની રહું ? નહીં જોઈએ મારે દુનિયાનું કશું જ. દેવપાલને જો આ ઊંચી નિઃસ્પૃહતા જાગી ગઈ હોય તો શું લોકોની જેમ સાંઢણીની કળશ ઢળવાની આશામાં રાજમાર્ગે ઊભો રહે ? એ તો નગરની બહાર ઢોરા ચરતા મૂકીને નિરાંતે પોતાના ભગવાનની ભક્તિમાં ગુલતાન હતો અને ત્યાં સાંઢણીએ આખા નગરને ઠેલીને બહાર જઈને એના માથા પર કળશ ઢાળ્યો અને એને ઉઠાવીને પોતાની પીઠ પર બેસાડી દીધો અને એ ચાલી રાજદરબાર તરફ. આખા નગરમાં દેવપાલનો જય જયકાર થઈ ગયો અને રાજા પણ ખૂબ ખુશ થઈ ગયો.

આટલું બધું બનવા છતાં પ્રભુભક્તિનો પ્રેમ શી ચીજ છે એ જોવા જેવું છે. રાજ્યાભિષેક થયા પછી દેવપાલને ખુશખુશાલી ન થઈ કે ચાલો નોકરમાંથી મોટા રાજા બનવાનું મળ્યું. પરંતુ ચિંતા થઈ કે 'આ શી આફત આવી, હવે હું મારા ભગવાનની નિર્વિઘ્ન નિરંતર ભક્તિ કેવી રીતે કરી શકીશ ? અને ભવની પરંપરા આ રાજપાટ



મળવાથી મટવાની નથી. એ તો નિરંતર પ્રભુભક્તિથી જ મટવાની અને એમાં અહીં વિઘ્ન આવ્યું. હવે શું કરું ? ક્યાં જાઉં ? કોને કહું ?' વગેરે વગેરે ચિંતામાં હતો એમાં વળી એક બહુ મોટી ચિંતા આવી પડી અને દેવપાલ ડઘાઈ ગયો.

બન્યું એવું કે એક ઢોરાચારું નોકરપણામાંથી સીધો આખા રાજ્યનો મોટો રાજા બની ગયો. એટલે દિવાન, મંત્રીઓ વગેરે બધાને નાનમ લાગી કે 'અમે શું ઢોરાચારું નોકરની આજ્ઞા અને સેવામાં રહીએ ?' આ નાનમ લાગવાથી એ બધા પોતપોતાના ઘરે બેસી ગયા. રાજા દેવપાલે એમને બોલાવવા સિપાઈ મોકલ્યા પણ કોઈ આવ્યા નહિ યાવત્ પોતાના શેઠ શ્રાવકને બોલાવ્યા તો તે પણ આવ્યા નહિ. એટલે દેવપાલ સીધો જંગલમાં જઈ પોતાના ભગવાન આગળ પોતાની ધા નાખે છે કે 'પ્રભુ ! મેં તમારી પાસે રાજ્ય ક્યાં માગ્યું હતું ? શું કામ મને તમારી ભક્તિ ચૂકાવી આ વિટંબણામાં ઉતાર્યો કે હવે કોઈ મારો બોલ જ ઝીલે નહિ.'

ત્યાં ચક્રેશ્વરી દેવી પ્રગટ થઈને કહે છે, 'દેવપાલ ! જરા ય મુંઝાઈશ નહિ માત્ર કુંભાર પાસે માટીનો એક હાથી તૈયાર કરાવ અને પછી એના પર તું બેસી એને પ્રેરણા કરજે એટલે તે સાચા હાથીની જેમ તું કહીશ તેમ ચાલવા માંડશે.' બસ, કહેવાની જરૂર નથી કે દેવપાલે રાજદરબારે જઈ તે પ્રમાણે કરી માટીના બનાવેલા હાથી ઉપર સવારી ચાલુ કરી તો હાથી ખરેખર દરબારમાંથી આગળ બજારમાં ચાલવા લાગ્યો. દિવાન મંત્રીઓ વગેરે બધાને આ જોતાં ફાળ પડી કે હાય ! આને તો દેવતાનું પીઠબળ લાગે છે માટે જો આપણે એની સામે ઉદ્ધતાઈ અને આજ્ઞાભંગ કર્યા તો માર્યા ગયા સમજો, એમ ઘબરાઈને એકેક જણ દોડતા આવી રાજા દેવપાલના પગમાં પડી ગયા, માફી માગી અને કહે છે કે 'ફરમાવો મહારાજાધિરાજ શી આજ્ઞા છે ?' આમ બધા આજ્ઞામાં આવી ગયા. શેઠ પણ હાજર થઈ ગયા. બીજાઓને તો એમના તે તે પદ પર સ્થાપિત કરી દીધા. વધારામાં શ્રાવક શેઠને મહા અમાત્યના પદે સ્થાપી બધો રાજ્યકારભાર એમને સોંપ્યો અને દેવપાલ પોતે ભગવાનને જંગલમાંથી લાવી મહેલમાં સુંદર ગૃહમંદિર બનાવી એમાં પ્રભુને પધરાવીને ભક્તિ સ્તુતિમાં લાગી ગયો. એટલું જ નહિ પણ એક વિશાળ સુવર્ણમંદિર બનાવ્યું. તેમ નગરના મંદિરોમાં ભક્તિ મહોત્સવો કરાવવાનું રાખ્યું. સારી સારી પ્રભાવના કરી લોકોને જિનભક્તિમાં જોડવા વગેરે શરૂ કરાવી દીધું. તીર્થયાત્રા વગેરે અરિહંત ભગવાનની કેટલાય પ્રકારની ભક્તિ વાત્સલ્ય કરતા જવાથી એને તીર્થંકરનામકર્મ બાંધી ઉત્કૃષ્ટ પુણ્ય બાંધ્યું.

દેવપાલની પ્રભુભક્તિથી પહેલા રાજાને ક્યાં સુધી ઊંચે ચઢાવ્યો તેમજ પોતાને રાજાપણામાં કેવા ઊંચા સ્થાને પહોંચાડ્યો ઉપરાંત નગરવાસીઓને પણ

કેવા અરિહંત ભક્તિમાં જોડી દીધા એ બધું જોતાં દેખાય છે કે ધર્મ પોતાનું ઊર્ધ્વીકરણ તો કરે જ છે.

• • •

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૨,અંક-૩૧,તા.૨૮-૫-૧૯૯૪

**પ.પૂ. ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ**
**આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની**

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિની ઉજવણી

**અમદાવાદ : લાવણ્ય સોસાયટી** જૈન સંઘમાં ગત વર્ષે શાશ્વતી ઓળીની આરાધના કરાવવા માટે ગચ્છાધિપતિ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ અનુગ્રહ કરી મહાકૃપા કરી હતી. સ્વ. પૂજ્યશ્રીની પ્રથમ વાર્ષિક તિથિની ઉજવણી પણ એમના સંઘમાં થાય અને એઓશ્રીના પ્રશિષ્યરત્ન તપસ્વી પંન્યાસ શ્રી વિદ્યાનંદવિજયજી મ.ને શ્રી વર્ધમાનતપની ૧૦૦ મી ઓળીની પૂર્ણાહુતિ પણ એજ દિવસે થતી હોઈ તેનો લાભ મળે તે હેતુથી સંઘહિતચિંતક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ. તથા તપસ્વી સમ્રાટ પૂજ્યપાદ આ.દેવ શ્રી વિજય હિમાંશુસૂરીશ્વરજી મ., પૂ.આ. શ્રી વિજય નરરત્નસૂરીશ્વરજી મ., પ.પૂ. ઉપાધ્યાય શ્રી યશોભદ્રવિજયજી મ., પ્રખર વક્તા પ.પૂ.પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મ., પ્રવર્તક શ્રી યોગીન્દ્રવિજયજી મ. તથા પૂ.પં.શ્રી પદ્મસેન વિજયજી મ., પૂ.પં. શ્રી જયસોમવિજયજી મ. આદિ પરિવારે સંઘની આગ્રહભરી વિનંતીનો સ્વીકાર કરેલ. આ નિમિત્તે શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવરૂપે પાંચ દિવસનો કાર્યક્રમ નક્કી થયો. ચૈ.વ. ૯ના ધરણીધર જિન મંદિરથી પ.પૂ. ઉપાધ્યાય શ્રી યશોભદ્રવિજયજી મ.શ્રી આદિનું સામૈયું થયું. માંગલિક બાદ પ્રભાવના થયેલ. સવારે ૯ વાગે અનુભાઈ પ્રેમચંદ પરિવાર તરફથી શ્રી પંચકલ્યાણક પૂજામાં સંગીતકાર શ્રી હસમુખભાઈ વોરાએ પ્રભુભક્તિની રમઝટ મચાવેલ. ચૈ.વ. ૧૦ના શ્રી પ્રવિણચંદ્ર ચંદુલાલ ઉમેદચંદ પરિવાર તરફથી નવપદજીની પૂજામાં શ્રી વિનોદભાઈ રાગીએ પ્રભુભક્તિમાં તરબોળ કરેલ. ચૈ.વ. ૧૧ ના ચંદરવો પ્લોટના વિશાળ મંડપમાં પૂ.પં. શ્રી ચંદ્રશેખર વિ.મ.ના પ્રવચનમાં મનુષ્ય જીવનરૂપી સુવર્ણપાત્રમાં દારૂપીવારૂપ વિષયોની અત્યંત આસક્તિ છોડવા અંગે તેમજ સમેતશીખરજી તીર્થ રક્ષા અંગે સંઘને પ્રોત્સાહિત કરેલ. ચૈ.વ. ૧૨ ના પ્રવચન બાદ શ્રી બચુભાઈ ભગુભાઈ સુતરીયા તરફથી શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર ભવ્ય રીતે થયું. વિધિવિધાન શ્રી રજનીકાંતભાઈ કે. શાહે કરાવેલ. ચૈ.વ. ૧૩નો દિવસ એ આનંદનો દિવસ ગણવો



કે શોકનો ગણવો તેવી દ્વિધામાં જ ભવ્ય અને ભરચક કાર્યક્રમો થયા. સવારે ૫-૩૦ વાગે પૂજ્યપાદ સ્વ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની સમાધિના દર્શનાર્થે **પૂ.પં. શ્રી પદ્મસેનવિજયજી મ.ની નિશ્રામાં** ચતુર્વિધ સંઘ લાવણ્ય સોસાયટી દેરાસરથી નીકળી પંકજ સોસાયટી ગયેલ. પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ. શ્રી આદિ સંઘ સહિત સમાધિસ્થાને પહોંચેલ. ત્યાં સ્વ. પૂજ્યશ્રીની ભવ્ય પ્રતિકૃતિની ૩ પ્રદક્ષિણા આપી સ્વ. પૂજ્યશ્રીની સ્તુતિ પૂ. મુનિરાજ શ્રી ગુણસુંદરવિજયજીએ સંઘને ઝીલાવેલ. બાદ પૂ. આચાર્યદેવશ્રીએ મંગળાચરણ કરી મૃત્યુની નિશ્ચિતતા ઉપર વિવેચન કરી સ્વર્ગસ્થના ગુણોને યાદ કરાવેલ. પ.પૂ.મુનિશ્રી ચંદ્રજીતવિજયજી મહારાજે સ્વ. ગુરુદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજીના ગુણાનુવાદ કર્યા. એમાં જણાવ્યું કે "હિમખંડનો ઉપરનો ભાગ તે હિમખંડની ઓળખ નથી. દક્ષિણ-ઉત્તર ધ્રુવના મહાસાગરમાં આઈસબર્ગ હોય છે. જે સાગરની સપાટી ઉપર માત્ર આઠમો ભાગ જ દેખા દે છે. બાકીના સાત ભાગ સાગરના અતળ ઊંડાણમાં જ ધરબાયેલા રહે છે. સ્વર્ગસ્થ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાનું જીવન હિમખંડ સમાન હતું, જેમાં તેમના જીવનની સપાટી ઉપર દેખાતી તેમની વૈરાગ્યસભર પ્રવચનશક્તિ, લેખનશક્તિ, શિષ્યસંપત્તિ સ્થૂલ છે. જ્યારે તેમના સાત ભાગ જેવું ભીતરી જીવન કે જેમાં અપ્રમત્તતા, સંયમચૂસ્તતા, પાપભીરૂતા વગેરે છે જે ન દેખાતી અમાપ શક્તિપૂંજ હતો. તેઓશ્રીને પોતાના ૨૧૦ શિષ્યોને તૈયાર કરવામાં કોઈ લોહીના પાણી કરવા જ પડ્યા નથી. સૂર્યના બિંબમાં રહેલી કરોડો ફેરનહેઈટ ગરમી કે જે ગરમીના કારણે જીવનસૃષ્ટિમાં જીવવા માટેની ૯૮ ડીગ્રી ગરમી મળી રહે છે. આ મહાપુરુષનું જીવન સૂર્ય જેવું હતું. જેઓશ્રીએ પોતાના જીવનમાં જ એવી તો આચારની સૂર્ય જેવી ગરમી ભરી દીધી કે જેના રૂડા પ્રભાવે ૨૧૦ શિષ્યોમાં સંયમજીવનમાં જીવવા માટેની ૯૮ ડીગ્રી જેટલો આચાર પ્રકાશ્યો છે. શાસ્ત્રો કહે છે તે જ ગુરુ મહાન છે જે પોતાના આચારથી શિષ્યોને ભણાવે છે." નાના પ્રવચન બાદ શ્રી પંકજ જૈન સંઘ, અમદાવાદ આરાધકભાઈઓ તથા શરદચંદ્ર જેઠાલાલ દોશી રાજકોટવાળા તરફથી ૩ સંઘપૂજનો થયેલ. પૂ.પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મ.ના પ્રશિષ્ય નૂતન મુનિશ્રી પ્રિયદર્શન વિજયજી મ.ની વડીદીક્ષા શ્રી લાવણ્ય સોસાયટીમાં બં.નં. ૫૩ રોહીતભાઈના બંગલામાં પૂ.આ.શ્રી નરરત્નસૂરીશ્વરજી મ.શ્રીની નિશ્રામાં ભવ્ય રીતે થયેલ. પૂ.પં. શ્રી વિદ્યાનંદવિજયજી વિ.મ.ની ૧૦૦ મી ઓળી તથા શ્રીમતી ચંદાબેન કાંતિલાલની ૫૦ મી ઓળીની પૂર્ણાહૂતિ પણ આજે હોવાથી તેમના ઘરઆંગણે સકલસંઘની પધરામણી કરી પૂજ્યોને ૧૦૦ ચાંદીના સિક્કાઓથી ગુરુપૂજન કર્યું. તેમજ ઉપકરણો વહોરાવેલ. પૂ.પં. શ્રી

ચંદ્રશેખરવિજયજી મ.નું તપના અનુસંધાનમાં પ્રવચન કરી ઘરના કુટુંબીઓએ ખાસ કાંઈને કાંઈ ધર્મ સાધના જીવનમાં લાવવાનું કહેલ. બાદ સર્વને નવકારશી એમના તરફથી કરી સંઘપૂજન કરેલ.

સવારે ૯ વાગે શાંતમૂર્તિ પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજય નરરત્નસૂરીશ્વરજી મ.શ્રીની નિશ્રામાં વિશાળ સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકાની ભરચક હાજરીમાં વિશાળમંડપમાં ગુણાનુવાદ સભા શરૂ થતા પૂર્વે સ્વ. પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની પ્રતિકૃતિને સન્માનવામાં આવી. પૂજ્યશ્રીના મંગળાચારણ બાદ સૌ પ્રથમ શ્રી દીપક બારડોલીવાલાએ સ્વર્ગસ્થ ગુરુદેવના અમાપ ઉપકારોના હૃદયંગમ ઉચ્ચારો રજૂ કરતા કહ્યું કે જેમ કૃષ્ણને સમજવા રાધા-મીરા બનવું પડે, પ્રભુ મહાવીર સ્વામીને ઓળખવા સુલસા બનવું પડે એમ ગુરુદેવશ્રીના ગુણાનુવાદ કરવા સારા ગુરુભક્ત બનવું પડે. પણ એ ખૂબ કઠણ છે. કારણ કે તેમાં જીવન સમર્પણ કરવું પડે. પોતાનો ગુરુદેવ સાથેનો અનુભવ યાદ કરતા કહ્યું કે મારું આખું બાળપણ ગુરુદેવની નિશ્રામાં વિત્યું. અનેક વૈરાગ્યવર્ધક વાર્તાઓ કહેતા. લોખંડ સાથે ચિંતામણીનો સ્પર્શ થાય પણ મારા જેવા કટાયેલા લોઢા ઉપર અસર ન થાય એમાં પારસમણિનો દોષ શો ? બાળકોને સહનશીલતાના પાઠ શીખવવા ‘બળ બળ પગ બળ, પગ બળે તેમ મારા કર્મ બળે’ જેવા સૂત્રો શીખવતા.

બંગાળનો પ્રસંગ ટાંકી તેમણે કહ્યું, કે સંગીત વિદ્યાના નિષ્ણાત સંગીતકારની ૭૦ વર્ષની ઉંમરે અંતિમ ક્ષણે દરેક શિષ્યોએ અલગ અલગ ભેટ આપી અને એક શિષ્યે કહ્યું કે મારી જિંદગીના ૩૦ વર્ષ હું આપને ભેટ આપું છું. અને આશ્ચર્ય વચ્ચે શિષ્ય ત્યાં જ મૃત્યુ પામ્યો અને સંગીતકારગુરુ બચી ગયા અને ૩૦ વર્ષ વધુ જીવ્યા. આપણામાંથી કોઈમાં પણ આવી ભક્તિ કેમ ન જાગી કે અમે પણ ગુરુદેવને અમારું આયુષ્ય સમર્પણ કરીએ અને તેઓશ્રીનું અમૂલ્ય જીવન વધારીએ. આવો અફસોસ કરતા ધ્રૂસકે રડી પડેલ.

૬-૬ ગ્રીષ્મકાલીન શિબિરના ભૂતપૂર્વ પ્રમુખશ્રી પ્રવિણભાઈ સી. શાહે ગુરુદેવના ઉપકારોને યાદ કરાવતા કહ્યું કે છેલ્લા ૫૦ વર્ષના અડધા દાયકામાં જૈનસંઘને મહાન ધુરંધર આચાર્યોની ભેટ મળી છે. કોઈ તીર્થોદ્ધારક, કોઈ ન્યાયશાસ્ત્રપ્રવીણ, જ્યોતિર્વિશારદ, કવિશિરોમણી, વ્યાખ્યાન-વાચસ્પતિ કે ગચ્છાધિપતિ; પણ All In One આ મહાન વિભૂતિમાં જોવા મળે છે, તેઓ યુવાપેઢીના તારણહાર અષ્ટાપદજી પૂજાના અચ્છા ગાયક નાસ્તિક નહિ પણ મડદાલને વૈરાગ્યના પંથે ચઢાવનાર, દીર્ઘસંયમી, વિદ્યાર્થીઓના અચ્છા વિદ્યાગુરુ વગેરે ભુવનમાં ભાનુ સમાન ચમકનારા તેજસ્વી સૂર્યસમાન આ મહાપુરુષ શાસનનું અણમોલ



જવાહિર હતું. આંતરરાષ્ટ્રીય ફલક ઉપર તેમને રજૂ કરવામાં આવે તો દુનિયાભરના એકેડેમિક એવોર્ડ, નોબલ પ્રાઈઝ ભાવિના પદ્મભૂષણ કે ભારતરત્ન આદિ ઇલ્કાબ પણ એમને ઝાંખા પડે, ઓછા પડે એવું અદ્‌ભુત વ્યક્તિત્વ એમણે ખિલવ્યું હતું.

**‘આચાર્યો છે જિન ધરમના દક્ષ વ્યાપારી શૂરા’** આ પદના રચયિતા એ આચાર્યની વિશિષ્ટ લાક્ષણિકતાને સાર્થક બનાવી હતી. હવે પછીના ૧૦૦ વર્ષ સુધી શાસનને આગળ વધારવા તેમણે ખણખણતા રૂપિયા જેવા જ્ઞાની-તપસ્વી પ્રખરવક્તા અને પ્રભાવક શિષ્યો તૈયાર કરેલા છે.

આવા વિષમકાળમાં ભૌતિકવાદના અનેક વાવાઝોડા અને આંધીઓ વચ્ચે એક માનવી કેટલી સિદ્ધિઓ કરી જૈનસંઘને જગતને પોતાનું યોગદાન આપી શકે છે એ આ મહાપુરુષના અપ્રમત્ત ચારિત્ર જીવનથી જોવા મળે છે. પૂ.મુનિરાજ શ્રી ગુણસુંદરવિજયજીએ કહ્યું કે પૂજ્યપાદશ્રીને ટુમકુર મુકામે હાર્ટએટેકનું નિદાન થતાં બેંગ્લોરના અને ટુમકુરના તજજ્ઞ ડૉક્ટરોએ પૂજ્યપાદશ્રીને સંપૂર્ણ Bed Rest પથારીમાં રહીને આરામ કરવાની સલાહ આપેલી... પણ ‘કાયા કામ કરવા મળી છે, આરામ માટે નહિ.’ એ સિદ્ધાંતને વરેલા પૂજ્યપાદશ્રી પોતાના પુસ્તક ગણધરવાદના ઇંગ્લીશ અનુવાદને તપાસવાનું કામ કરતા રહ્યા હતા. સવારે ડૉક્ટરે પણ કાયાને આરામની સંપૂર્ણ જરૂરિયાત પર ભાર મૂકતાં પૂજ્યપાદશ્રી કહે; ‘જુઓ ડૉક્ટર ! લેખન કાર્યવાહી એ મારી (હોબી) Hobby મનગમતો વિષય છે. લેખન કાર્યમાં હું કલાકોના કલાકો સુધી ઓતપ્રોત થઈ જાઉં છું, મને એમાં થાક લાગતો નથી ઊલટાનો મારો થાક ઊતરી જઈ મને તાજગી મળે છે. એટલે આ બાબતમાં મને કોઈ શારીરિક પ્રતિકૂળતા વધશે એવો તમે વિચાર પણ ન કરતાં” પૂજ્યપાદશ્રીના મનોવૈજ્ઞાનિક જવાબથી ડૉક્ટર પણ ખુશી થયા એટલું જ નહિ ગુરુદેવના ભક્ત બની ગયા...

પ્રખરવક્તા પૂ.પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજે ગુરુમાતા તરીકે સિદ્ધાંત મહોદધિ પૂ.આ. શ્રી વિજય પ્રેમસૂરિશ્વરજી મ. અને ગુરુદેવ તરીકે પોતાના સ્વજીવનના ઘડવૈયા પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજીને સંબોધતા લાંબા વર્ષના સંભારણા યાદ કરી કૃતજ્ઞતા ભાવપૂર્વક આ બંને વિભૂતિઓના ગુણોની ઝાંખી કરાવી. સાધુતા અને વિદ્વત્તાનો તફાવત બતાવી કોઈ યોદ્ધાની શૂરવીરતા કે પરાક્રમને વખાણવાને બદલે તેનામાં સંગીતની કોઈ હોબી જોઈ તેના ગીતને વખાણવું તે યોદ્ધાનું અપમાન છે. તેમ ઉગ્ર સાધના ને કઠોર આરાધનામય સાધુજીવનના મુખ્ય લક્ષણને વખાણવાને બદલે માત્ર તેમની પ્રવચનછટા ને વિદ્વત્તાને વખાણવી તે તેનું અવમૂલ્યન છે. અમે વિદ્વત્તાના લોભામણા પ્રવાહમાં તણાઈને આ મહાન ગુરુમાતા

ને ગુરુદેવના જેવી સંયમની ઉગ્ર સાધનામાં પાછા પડ્યા છીએ.

વિ.સં. ૨૦૦૬ માં નવલાખ નવકારમંત્રની આરાધના પાલીતાણામાં થયેલ. તે પ્રસંગે જાત્રાએ ડુંગર ચઢતા ચઢતા ગુરુમાતા અને ગુરુદેવના વાતચીતમાં નવી પેઢીને ધર્મના માર્ગે ખેંચી વિશાળ સંખ્યામાં સાધુ બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી અને ત્યાર પછી મુંબઈમાં આવી જે વૈરાગ્યવર્ધક વ્યાખ્યાન શ્રેણીઓની રમઝટ બોલાવી કે મુંબઈથી એમણે ટૂંકા ગાળામાં ૬૦ યુવાનોને સાધુ બનાવ્યા તેમાં મારો પણ એક નંબર હતો અને હાલના ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી જયઘોષસૂરિજી મ. પણ એક હતા. તેઓ તોફાની મુનિ હતા અને સંસ્કૃત પ્રાકૃતમાં 'ઢ' હતા. તેમણે ગુરુમાતાની કૃપાથી પ્રાકૃતભાષામાં ૪૫ મિનિટ સુધી ખંભાતમાં પ્રવચન આપી સાધુઓને ચકિત કરી દીધેલા.

પૂ. ગુરુદેવમાં રહેલી ગુરુભક્તિને સ્ટ્રેચરમાં ઉપાડવાની પડિલેહણ કરવાની આગ્રહતા વગેરે જણાવ્યા બાદ ઈર્યાસમિતિ ને જયણાની વાત કરતા એક મુનિનો અનુભવ જણાવેલ. મુનિએ ગુરુદેવને પૂછ્યું, હેં ગુરુદેવ ! આજકાલ દેવો પૃથ્વી પર કેમ નથી આવતા ? એક સ્મિત વેરીને પૂજ્યશ્રીએ મારા પ્રશ્નનું સુરસુરીયું કરી નાખ્યું. બે દિવસ પછીનો એક પ્રસંગ. પાણી ગાળીને મેં ગરણું દોરી પર સુકવ્યું, ઘડા બરાબર ઢાંકયા. પરાતો ભીંતને અઢેલીને મૂકી. હોલમાં વચ્ચે પાટ પર બેઠેલા ગુરુદેવશ્રી આ બધું જોઈ રહ્યા હતા. તેઓશ્રીએ ઈશારાથી મને બોલાવ્યો. મને કહ્યું, "બે દિવસ પહેલા તું જ પૂછતો હતો ને કે દેવો કેમ નથી આવતા ?" પાડ માન દેવોનો કે નથી આવતા. તેં અત્યારે ભીંતને અઢેલીને જમીન પર પરાત મૂકી તે પહેલા ભીંત ઉપર અને જમીન ઉપર ઓઘાથી પૂજ્યું હતું ? પૂંજવાના અનુપયોગથી કેવી જીવવિરાધના થઈ જાય ? સાધુઓનું ઓડીટીંગ કરવા દેવો અહીં આવતા હોત તો તારો ઓઘો જ લઈ લેત.

એકએક ક્રિયામાં એમનો ઉપયોગ એટલો રહેતો કે અંતિમ ક્ષણે હૉસ્પિટલમાં ચાલુ ટ્રીટમેન્ટ દરમિયાન ઘેનના ઈંજેકશનને લીધે સૂત્રોમાં ઉપયોગ ન રહેલો યાદ આવતા ફરી ફરી પ્રતિક્રમણ કરાવવાનું કહેતા.

સંયમ જીવનની અદ્ભુત અપ્રમત્તતા, જાગૃતિ, જયણા, ગુરુભક્તિ, ગુરુવિનય આ બધા આંતરિક ગુણોનો એમને જે અનુભવ થયો છે તે બાહ્ય વિશેષણો આપવાથી સમજી શકાય એમ નથી. અને આજે અમારા જીવનમાં આ બધાની ઉણપો જે દેખાય છે ત્યારે કહેવું જ પડશે કે આ બંને મહાત્માઓ ગુરુમાતા અને ગુરુદેવ મહાવિદેહક્ષેત્રમાંથી ભૂલા પડેલા જીવો આ પંચમ કાળમાં અહીં આવી ગયા હતા.



**"જિનકા પવન પાવન ચરિત્ર પ્રેરણા કા શ્રોત હૈ,**
**જિનકે ગુણોં કે ગાનમેં હમ પા સકે ન પાર હૈ,**
**બસ વીતરાગ વિજ્ઞાન હી જિનકે કથનકા સાર હૈ,**
**વહ ધર્મદર્શી ભુવનભાનુસૂરિજી કો વંદના શતબાર હૈ."**

આ પ્રમાણે છેલ્લે પૂ. મુનિશ્રી ભુવનસુંદરવિજયજીએ પૂજ્યશ્રીની સ્તુતિ કરી કહ્યું કે, જન્મ પામી જેમણે જન્મ મરણના ચક્કરને ઓછા કર્યા છે તેમનો જન્મ વખાણવાલાયક અને મનાવવાલાયક છે. પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ જન્મ પામી આમ કરેલું. વિ.સં. ૨૦૪૭ માં ટુમકુર મુકામે હાર્ટએટેક આવ્યો તેના આગલા દિવસે નાના ગામમાં મુકામ હતો. નિર્દોષ આહારના આગ્રહી ગુરુદેવશ્રીએ માત્ર છાશ અને કેળાથી આખો દિવસ ચલાવ્યું. કદાચ એ નિમિત્ત બન્યું હોય. દુઃખતી છાતીએ જ વિહાર કર્યો. ટુમકુરમાં પ્રવેશ થયો. બેંગલોર પાસેના કાંચનહલ્લીમાં થનારા કતલખાનાના વિરોધ માટે પત્રકારસભામાં ચાલુ દુઃખાવો છતાં ૦।।। કલાક ઈંગ્લીશમાં વક્તવ્ય કર્યું. પછી ડૉક્ટરને બોલાવતા હાર્ટએટેકનો હુમલો કહ્યો. 'આવા દુઃખાવામાં પણ પૂજ્યશ્રીએ પત્રકારોને સંબોધ્યા ? પેશન્ટનો વીલપાવર કેવો ?' બેંગલોર સંઘના આગેવાનો તજજ્ઞ મોટા ડૉક્ટરો સાથે આવી પહોંચતા બેંગલોર લઈ જવાનો આગ્રહ કર્યો પણ પૂજ્યશ્રીએ અહીં જે ટ્રીટમેન્ટ કરવી હોય તે કરો કહી બેંગલોર જવાની ના પાડી. ડૉક્ટરે ઘેનના ઈંજેકશન આપેલા છતાં ઘેનમાં પણ સાહિત્ય સર્જનનું મન થતું. પેડ લઈ લખવા બેસી જતા. ઘેનમાં પણ પૂજ્યશ્રી પૂછતાં કે સાધુઓ ક્યાં ગયા ? કોઈનો ગોખવાનો અવાજ કેમ નથી આવતો ? પડિલેહણ થયું ? કેમ આજે વાચના નથી ? વગેરેની જ રટણ. આ કાળમાં આવા ગુરુ મળવા તે અમારા સૌનું મોટું સદ્ભાગ્ય છે. **'ગજબ ખજાનો મારા નાથનો મેં દીઠો ગુરુ ઉપદેશ.'** અમે મોક્ષમાં ન જઈએ ત્યાં સુધી ભવોભવ આવા ગુરુ અમારો હાથ પકડે એ જ અભ્યર્થના.

**"વિરહ મ પડજો હો એહવા ગુરુતણો, જાવ લહું નિર્વાણ મુનીશ્વર."**

સંઘપૂજનો થયા બાદ ગુણાનુવાદ સભા પૂર્ણ થયા બાદ ૧૧-૩૦ વાગે શ્રી મેરુપર્વતની રચનાપૂર્વક ૬૪ ઈન્દ્રો, ૫૬ દિક્કુમારી સહિતનો ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવાયો. શ્રી લલીતભાઈ ધામી, દીપકભાઈ વગેરે સંગીતકારોએ પ્રભુભક્તિની રમઝટ મચાવતા સાંજે પાંચ વાગી ગયા બાદ શ્રી કાંતીલાલ ફુલચંદ દોશી પરિવાર તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું.

આ પ્રસંગે (૧) ૧૦૦ પાઠશાળાના બાળક-બાળીકા શિક્ષક-શિક્ષિકાઓનું બહુમાન (૨) ૧૦૦ પાયા નાખનારનું બહુમાન (૩) ૧૦૦ સાધર્મિકની ભક્તિ (૪) ૧૦૦ જિનમંદિરોમાં મૂળનાયકની ભવ્ય અંગરચના (૫) ૧૦૦ વ્યક્તિઓને

શ્રી સિદ્ધગીરીરાજની તીર્થયાત્રા કરાવવી. (૬) ૯૯ તથા ૧૦૦ મી ઓળી પૂર્ણ કરનારા પૂજ્યોનું તથા સાધર્મિકોનું બહુમાન (૭) ૧૦૦ જીવોને અભયદાન (૮) ૧૦૦ અઠ્ઠમ તપસ્વીઓનું બહુમાન (૯) વૃદ્ધાશ્રમ-અંધાશ્રમ વગેરેમાં અનુકંપા દાન વગેરે કાર્યક્રમો પણ અનુમોદનીય બન્યા.

**બૃહદ્ મુંબઈના આંગણે આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ગુણાનુવાદ સભાઓ :**

| | |
|---|---|
| **મલાડ** | : પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. |
| **બોરીવલી મંડપેશ્વર રોડ** | : પૂ.આ.શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ. |
| **ગોરેગામ-જવાહરનગર** | : પૂ.આ.શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. |
| **પાર્લા ઈસ્ટ** | : પૂ.પં. શ્રી જયતિલકવિજયજી મ. |
| **કાંદીવલી-મહાવીરનગર** | : પ.પૂ. મુનિશ્રી શીલરત્નવિજયજી મ. |
| **માટુંગા** | : પૂ. મુનિશ્રી રાજપાલવિજયજી મ. |
| **ઘાટકોપર (સાંઘાણી)** | : પૂ. મુનિશ્રી ભદ્રયશવિજયજી મ. |
| **સાયન** | : પૂ. મુનિશ્રી નંદીશ્વર વિ.મ., પૂ. મુનિશ્રી કલ્પરત્ન વિ.મ. |
| **ગોડીજી (પાયધુની)** | : પૂ. મુનિશ્રી મુક્તિદર્શન વિ.મ. |
| **ભાઈંદર** | : પૂ. મુનિશ્રી હિરણ્યબોધિ વિ.મ. |
| **ભાયખલા** | : પૂ. મુનિશ્રી હિરણ્યબોધિ વિ.મ. |
| **ઈર્લાબ્રીજ** | : પૂ. મુનિશ્રી કલ્યાણબોધિ વિ.મ. |
| **મુલુંડ** | : પૂ. મુનિશ્રી અપરાજીત વિ.મ. |
| **દાદર** | : પૂ. મુનિશ્રી ધર્મરક્ષિત વિ.મ. |
| **વાલકેશ્વર તીનબત્તી** | : પૂ. મુનિશ્રી મુક્તિવલ્લભ વિ.મ. |
| **ઘાટકોપર** | : પૂ. મુનિશ્રી સંયમબોધિ વિ.મ. |
| **ગોવાલીયાટેંક** | : પૂ. મુનિશ્રી મેઘવલ્લભ વિ.મ., પૂ. મુનિશ્રી ઉદયવલ્લભ વિ.મ. |

**પિંડવાડામાં મહોત્સવો :** પૂ.આ.શ્રી વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પાંચ મહોત્સવની ઉજવણી શાસન પ્રભાવના પૂર્વક થનાર છે. એઓશ્રીના શિષ્યરત્ન તપસ્વી પૂ.પં. શ્રી કનકસુંદરવિજયજી મ.ની ૧૦૦મી ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે તેમના સંસારી પિતાશ્રી સ્વ. કાંતીલાલ જગજીવનદાસ પરિવાર તરફથી શ્રી વીસસ્થાનક મહાપૂજા ઠાઠથી થયેલ. ચૈ.વ. ૧૩ના સંઘહિતચિંતક વર્ધમાનતપોનિધિ



ગચ્છાધિપતિ સ્વ. આચાર્ય વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની પ્રથમ વાર્ષિક સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે સવારે ચૈત્યપરિપાટી, ગુણાનુવાદસભા, સામુદાયિક આયંબિલ તથા શ્રી ચિંતામણીપાર્શ્વનાથ મહાપૂજન શા. જયચંદજી માણેકચંદજી પરિવાર તરફથી થનાર છે. પાંચ જિનાલયોની વર્ષગાંઠ નિમિત્તે શાંતિસ્નાત્ર ભણાવાશે. વૈ.સુ. ૧૦ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના કેવળજ્ઞાન કલ્યાણકની રથયાત્રા સહિત... ધાર્મિક સ્પર્ધા, અનુકંપાદાન સહિત થશે. વૈ. વદ ૧૧ ના અધ્યાત્મયોગી પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિ ...સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે સવારે સ્તોત્રપાઠ, પ્રભાવના, ગુણાનુવાદ સભા, સામુદાયિક આયંબિલ થશે. પંચ પરમેષ્ઠી પૂજન શા. મિલાપચંદજી સુરચંદજી તરફથી થશે. વૈ.વ.૧૧ પિંડવાડાના કોહીનુર, સુવિશુદ્ધ સંયમી, કર્મસાહિત્ય-સૂત્રધાર સુવિશાલ ગચ્છાધિપતિ સિદ્ધાંતમહોદધિ પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ની ૨૬ મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે સવારે પ્રભાતફેરી, ગુણાનુવાદ સભા, શ્રી પ્રેમસૂરીશ્વરરાસનું ગીત-સંગીત પાર્ટી સાથે ગવાશે, સાંજે કુમારપાળ મહારાજાની આરતીનો ભવ્ય કાર્યક્રમ, બપોરેશ્રી ભક્તામર મહાપૂજન શ્રી વિજય પ્રેમસૂરી જૈન યુવક મંડળ તરફથી થશે. દરરોજ પ્રભુજીને ભવ્ય અંગરચનાઓ થનાર છે. ૧૧ છોડનું ઉજમણું, ભારતભરના ૧૦૦ ઓળીના આરાધકોનું વિશિષ્ટ બહુમાન, રંગોળી રચનાઓ તેમજ ધાર્મિક પાઠશાળાના શિક્ષકોનું યોગ્ય બહુમાન થશે. શ્રી સંઘ તરફથી તા. ૨૦-૫-૯૪ થી ૩૦-૫-૯૪ સુધી બામણવાડજી તીર્થમાં ધાર્મિક શિબિર થનાર છે, જેમાં ધોરણ-૮થી કૉલેજ સુધીના વિદ્યાર્થીઓને લેવામાં આવનાર છે.

- **માઉન્ટ આબુ-અચલગઢ ઉપર શિબિર :**

પૂ.આ.શ્રી વિજયગુણરત્નસૂરીશ્વરજી મ. શ્રી રાજીકાવાસમાં ભવ્ય પ્રતિષ્ઠા ઉજવ્યા બાદ અચલગઢ વાચના આપવા પધારનાર હોઈ તા. ૨૭-૫ થી ૫-૬-૯૪ સુધીની આધ્યાત્મિક શિબિરનું આયોજન થયેલ છે. સ્કૂલ-કૉલેજના વિદ્યાર્થીઓને ખાસ લાભ લેવા જેવો છે.

દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ-અગ્રલેખ"** વર્ષ-૪૨,અંક-૩૧,તા.૨૮-૫-૧૯૯૪

## પૂજ્યપાદ ગુરુદેવશ્રી સમ્યક્ત્વના લક્ષણોથી ઝળહળે

**(લે.- મુનિશ્રી અજીતશેખરવિજયજી)**

આખી દુનિયા જીતી સમ્રાટ પોતાની રાજધાનીમાં પાછો ફર્યો. એનો ભવ્ય સત્કાર થયો. દેશ-પરદેશના જીતાયેલા ખંડીયા રાજાઓ એ સત્કારમાં હાજર રહ્યા. વિજયનો આ સમારંભ મોડી સાંજે સમાપ્ત થયો. પછી રાજા પોતાના કુળદેવતાના

મંદિરે દર્શન કરવા ગયો. રાત પડી ચૂકી હતી. અંધારાના ઓળામાં બધું જ શ્યામરંગી ભાસતું હતું. રાજા મંદિરમાં દર્શન કરી બહાર નીકળતા એક વૃદ્ધપુરુષ સાથે ભટકાયા. અંધારામાં એ વૃદ્ધપુરુષનો ચહેરો ઓળખાયો નહીં, પરંતુ પોતાના માર્ગમાં આવવાની એ વૃદ્ધપુરુષની ધૃષ્ટતામાત્રથી રાજા ધૂંઆપૂંઆ થઈ ગયા અને બરાડ્યા તું કોણ છે ? સામેથી જવાબ આવ્યો, 'સમ્રાટ' આ સાંભળી રાજાને લાગ્યું આ ચક્રમ લાગે છે, છતાં વધારે ચકાસવા પૂછ્યું - તમે કોના કોના પર જીત મેળવી છે ?

સામેથી જવાબ આવ્યો, 'મારી જાત પર જીત મેળવી છે.' આ સાંભળી રાજા સ્તબ્ધ થઈ ગયા, આંખ ઉઘડી ગઈ. લાગ્યું જાતને જીત્યા વિના જગત જીતવું વ્યર્થ છે, એ બધા વિજયો તુચ્છ છે. જાત પરની જીત જ સર્વોપરી છે અને જાતને જીતનાર જ સમ્રાટ છે, રાજા એ પુરુષના ચરણમાં નમવા ગયો... પણ અંધકારમાં એ પુરુષ ક્યાં અલોપ થઈ ગયા... ખબર પડી નહીં રાજાએ ફરીથી મંદિરમાં જઈ જાતવિજેતા બનવાની સકામ પ્રતિજ્ઞા લીધી.

જ્યારે જ્યારે જાતવિજેતા બની અધ્યાત્મસમ્રાટ બનેલા પૂજ્યપાદ સ્વ. ગુરુદેવનું નામ સંભળાય-વંચાય, ફોટો દેખાય કે આંતરમનમાં સ્મૃતિ થાય, ત્યારે આ દૃષ્ટાન્ત યાદ આવી જાય. એ વૃદ્ધવ્યક્તિ કદાચ ગુરુદેવ જ હશે !

એઓ જાતવિજેતા હતા... કેવી રીતે ? તેઓશ્રીનું જ એવું મન્તવ્ય હતું કે "જેની દરેક પ્રવૃત્તિ અહંકેન્દ્રી છે, જેના દરેક વિચારોના બીજમાં 'હું' છે, જેના શબ્દોમાં જાતવડાઈનો પડઘો છે તે જાતથી હારી ગયેલો છે. જાતને જીતવી હોય, તો આ જાતવડાઈ છોડવી જોઈએ. જાતને માત્ર જીતવાની નથી, અરિહંતમાં ઓગાળી નાંખવાની છે. આપવડાઈના સ્થાને અરિહંત-વડાઈ વણાઈ જવી જોઈએ. દરેક કાર્ય-પ્રવૃત્તિ-ક્રિયામાં 'મારા અરિહંતની આ આજ્ઞા છે' 'મારા અરિહંત ભગવાને આ કહ્યું છે' 'આમાં મારા અરિહંતપ્રભુનો પ્રભાવ છે' એમ સતત અરિહંતને યાદ કરી અહો ! અહો ! થવું જોઈએ. જેમ સીતાને અગ્નિપરીક્ષામાં સફળતામાં જાતની વડાઈ નહીં, પણ પતિ રામની વડાઈ દેખાઈ તેમ આપણને બધે જ અરિહંતની વડાઈ દેખાવી જોઈએ. પૂજ્યપાદ ગુરુદેવશ્રી જાતને જીતવા હંમેશાં આ ચાવી બતાવતા.

જો આ માપદંડ લઈએ, જો આ ચાવી લઈએ, તો કહેવું જ પડશે કે પૂજ્યાદ ગુરુદેવ જાતને માત્ર જીતી નહોતી, ઓગાળી નાખી હતી. અરિહંતવડાઈની ઉત્કૃષ્ટ સાધના ગુરુદેવશ્રીના શ્વાસોચ્છવાસમાં પરખાતી હતી, ધબકારમાં સંભળાતી હતી. રોમેરોમમાં ગૂંજતી હતી, પ્રત્યેક ક્રિયામાં પ્રતિબિંબિત થતી હતી. વિચારો અને



ઉપદેશોમાં વણાઈ ગઈ હતી.

એટલે જ પૂજ્યપાદ ગુરુદેવશ્રીનું સમ્યક્ત્વ ખડગથી વધુ અડગ અને સોના કરતાં વધુ શુદ્ધ હતું. એક વિધાન છે કે 'અનુયાયીઓ પોતાના નાયકના ગુણ આંખ બંધ કરીને ગાતા હોય છે.' આ વિધાન બીજે કદાચ સાર્થક હોય, તો પણ મેં જે કહ્યું તેને લાગુ નથી પડતું, કેમકે આ કથન તે બધાનું જ છે કે જેઓ સાક્ષાત્ કે અન્ય પુસ્તકવાંચનાદિ દ્વારા ગુરુદેવના પરિચયમાં આવ્યા હોય. આમે ય ગુરુદેવશ્રીનું સાન્નિધ્ય એવું હતું કે, દસ વર્ષના પુસ્તકવાંચનથી કે સેંકડો વર્ષની એકાંત બંદગીથી જે પ્રાપ્ત ન થાય, તે પળભરના તેઓ સાથેના સત્સંગથી પ્રાપ્ત ન થાય, તે પળભરના તેઓ સાથેના સત્સંગથી પ્રાપ્ત થઈ શકતું.

લક્ષણથી લક્ષ્ય પરખાય. સમ્યક્ત્વના (૧) ઉપશમ (૨) સંવેગ (૩) નિર્વેદ (૪) અનુકંપા અને (૫) આસ્તિક્ય આ પાંચ લક્ષણો શાસ્ત્રમાન્ય છે. જેઓમાં આ પાંચ લક્ષણો પૂરબહારમાં ખિલ્યા હોય, તેના આત્મામાં સમ્યક્ત્વની વસંત માનવી જ રહી. પૂજ્યપાદશ્રીના જીવનની પ્રત્યેક પળ કોયલના ટહુકા જેવી. મનભાવન તો ખરી જ. પણ એ ટહુકિ સતત લક્ષણોના બહારની અને સમ્યક્ત્વવસંતના સામ્રાજ્યની છડી પોકારતી હતી.

જોઈએ ત્યારે પૂજ્યપાદશ્રીના જીવનમાનસરોવર એ એક એક લક્ષણ લાખ લાખ પાંખડીઓ સાથે કેવા ખિલેલા !

(૧) **ઉપશમભાવ :** ગુરુદેવ રવિવાર જેવા. રવિવાર એટલે રજાનો અને મજાનો દિવસ. ગુરુદેવ પાસે આવો એટલે બધી ચિંતા-ઉપાધિ-સંકલ્પો-વિકલ્પોમાંથી રજા... છુટ્ટી... મુક્તિ. ગુરુદેવશ્રીની અરિહંતભક્તિ, ગુરુસમર્પણભાવ આદિ માધ્યમોથી પાતાલકૂવા જેવી પ્રગટેલી ચિત્તપ્રસન્નતા ધારા એવી કે સાન્નિધ્યમાં આવનાર એનાથી ભિંજાયા વિના રહે જ નહીં. એવી મજા પડે, કે ઘડીભર પોતાની જ ઈર્ષ્યા થઈ આવે. પૂજ્યપાદશ્રીનું મુખ પર સતત ફરકતું હાસ્ય એટલે આંતરિક મજાની જાણે ફરકતી ધજા.

ઘુંટાયેલા ઉપશમભાવનો આ પ્રભાવ હતો ગુરુદેવશ્રી કડક ખરા... પણ આશ્ચર્યની વાત હતી કે પ્રાયઃ ક્યારે ય પોતાના માટે ગુસ્સે થયા નથી. પોતાનું અપમાન, સામો જવાબ મળવો, ઉદ્ધત વર્તન જોવું. પોતાની વાત અમલમાં ન મુકાવી એવા એવા સ્વનિમિત્તે ગુસ્સો ક્યારેય પ્રાયઃ નહીં... જે કંઈ કડકાઈ કે ક્રોધ દેખાય, તે શિષ્ય આદિ પ્રત્યેની પ્રબળ દયાના કારણે જ. પ્રમાદ, આળસ, ડફોળિયાવૃત્તિ, અસંયમ, અજયણા, આ બધું જોઈ દિલ દ્રવી જાય અને કડકાઈ આવી જાય... પણ તે પણ કડકાઈ અતિ તપેલા ગોળા પર પડેલા પાણીના બુંદ

જેટલા સમય પૂરતી જ અને તે વખતે પણ અંતરથી એટલા જ સાવધ. જીવમાત્ર પ્રત્યે કોમળતા કેળવવાના આ ભવમાં રખે ને શિષ્ય પ્રત્યે પણ કઠોરતા થઈ જાય... એની ચીવટ. જાણે કે કઠોરતાની એક કણ કેળવેલી કોમળતાના મણને કચડી નાંખશે.

શિષ્યોના, આશ્રિતોના ક્યારેક મોહવશ થઈ જતાં ખાનગી-જાહેર ઉદ્ધત વર્તનો, તેઓ તરફથી આવેલા અપમાનો, પોતાને હાથો બનાવી કેટલાક તરફથી ઉઠાવાતા ખોટા લાભો વગેરે તમામ પ્રસંગોએ ગુરુદેવે જે સહજતા અને સ્વસ્થતાથી ગેરકટોરા પી લીધા છે તેમાં તેમનામાં ઘર કરી ગયેલા સમ્યક્ત્વના મુખ્ય લક્ષણભૂત ઉપશમભાવનો પ્રભાવ હતો. 'અપરાધિશું વિનવિ ચિંતવીએ પ્રતિકૂળ' એમનો જીવનમંત્ર હતો.

પાછા 'સંત હૃદય જસ, ઉપજ ન કામા' પંક્તિને ચરિતાર્થ કરેલી. સમુદ્રનું ખારું પાણી પી પીને ખારપાટ, ઉજ્જડ થઈ ગયેલી ભૂમિ પર ગમે તેટલા બીજ પડે... કશું ઉગે જ નહીં. ગુરુદેવનું હૃદય પણ આવું કેટકેટલા એવા પ્રસંગો બની જાય... પણ એ પ્રસંગો એમના હૃદયમાં બીજ બની ઉગી શકે જ નહીં. દ્વેષ, ખાર, અસૂયાના અંકુરા ફૂટે જ નહીં. કોઈ એવા બની ગયેલા પ્રસંગો યાદ કરાવે, તો ગુરુદેવશ્રી ઠપકારે... ભલા ! ગઈકાલની વાસી રોટલી ભાવતી નથી, ને આટલી જૂની-વાસી થઈ ગયેલી વાત વાગોળવી કેમ ગમે છે !

એમની સ્યાદ્વાદ-અનેકાંતના સુવર્ણરસથી પવિત્ર થયેલી અને શાસ્ત્રવચનોથી કંડારાયેલી વિચારધારા અને વચનધારાથી હતપ્રભ બનેલા તેજોદ્વેષીઓની ઈર્ષ્યા છેલ્લે પાટલે ગયેલી.

માણસની ભાષાને પણ ભૂલી ગયેલા અને છતાં પોતાને જ ધર્મના એક માત્ર ઠેકેદાર સમજી બેસેલા કેટલાક અજ્ઞ જીવો ઈર્ષ્યાના સાપના ડંસથી મૂર્છિત થઈ બેફામ અનામી પત્રિકાઓ પ્રકાશિત કરવા માંડ્યા. પૂજ્યપાદ ગુરુદેવશ્રી જેવા જૈનશાસનના ગૌરવભૂત અને 'તિત્થયર સમોસૂરિ' જેવા પૂર્વપુરુષવચનોથી નવાજાયેલા આચાર્યભગવંત સામે તદ્દન નીચકક્ષાના વચનોથી ભરેલી એ પત્રિકાઓથી તેઓએ શાસન-હીલનાનું કેવું ઘોર કૃત્ય કર્યું તે તેઓ જાણે ! પણ એ સામે પણ પૂજ્યપાદશ્રીની સ્વસ્થતા ગજબની. ઘણા વર્ષો સુધી ચાલેલી એ પત્રિકાબાજીને તેઓએ એટલી બધી હળવાશથી લીધેલી કે એઓશ્રીના વિચાર, વાણી કે વર્તનમાં આનો અંશભર અણસાર પણ જોવા ન મળે. ક્યાંય કે ક્યારે આનો અછડતો ઉલ્લેખ પણ જોવા ન મળે.

શિષ્યો ઉશ્કેરાઈને સામે પત્રિકાબાજીનું કહે ત્યારે પૂજ્યપાદશ્રી સ્પષ્ટ મના



કરે... કહે 'આપણને સત્યના નિર્ણયમાં અને અસત્યના નિરાકરણમાં રસ હોવો જોઈએ, એ બેની વચ્ચે રહેલા ચૂંથણા અને કલહથી મુક્ત બનવું જોઈએ.' બહુ દબાણ થાય ત્યારે કહે, 'કોઈ આપણી પાસે ખોટું કરાવવા માંગે, તો આપણાથી એને સાથ અપાય ? એનો હાથો બનાય ? એની ચાલ સફળ કરાવાય ? એ આડુ-અવળું-ખોટું કરે અને તે દ્વારા આપણને અપ્રસન્ન કરવા, દુઃખી કરવા, સામો વાર કરીએ તે હેતુ ઉશ્કેરવા માંગે... તો આપણે અપ્રસન્ન થઈ, દુઃખી થઈ, સામી પત્રિકાઓ છાપી સામો વાર કરવા ઉશ્કેરાઈ જઈએ તો એની આ અજૂગતી માંગણી પૂરી કરી ગણાય ને ! એમાં આપણે હાથા બની ગયા ! આપણાપણું અને આપણે જેટલો સમય ગુસ્સે થયા, એટલો સમય આપણને આપણી પ્રસન્નતા ગુમાવવાનું થયું. પત્રિકાઓમાં પડ્યા એટલે એટલો સમય શાસ્ત્રને હડસેલવાનું થયું ! અને વ્યક્તિગત રાગ-દ્વેષ પોષવા શાસન ડહોળવાનું થયું !' (આ પ્રસંગે એક મુસ્લીમ મહાપુરુષની વાત યાદ આવે છે. એ મહાપુરુષે ધર્મવિરોધી એક વ્યક્તિને યુદ્ધની ભૂમિ પર પછાડ્યો... છાતી પર ચડી તલવારની ધારે પેલાને માફી માંગી લેવા કહ્યું. પેલાએ માફી માંગવાને બદલે એ મહાપુરુષ પર થુંકવાનું કામ કર્યું અને પેલા મહાપુરુષો પેલાને છોડી મુકતા કહ્યું જલ્દી ભાગી જા... પેલો આશ્ચર્યમાં પડ્યો. પોતે થુંકીને વધુ મોટો ગુનો કર્યો... તો પછી માફી શા માટે ? એટલે પૂછ્યું. મહાપુરુષે કહ્યું, અત્યારસુધી મારો વિરોધ ધર્મ ખાતર હતો. તે મારા પર થુંકી એ વિરોધ વ્યક્તિગત બનાવ્યો. હવે જો તને મારું, તો તે ધર્મ ખાતર નહીં, મારા વ્યક્તિગત અપમાન ખાતર બદલો લીધો ગણાશે અને વ્યક્તિગત દ્વેષ ખાતર તને મારું તો ધર્મવિરુદ્ધ ગણાય. ધર્મને કલંક લાગે... માટે છોડી દઉં છું !)

બીજાને અપરાધી ગણીને માફ કરવો એ જઘન્ય ક્ષમા - ઉપશમ છે. બીજાને કર્મ ખપાવવામાં સહાયક માની - મિત્ર ગણી માફ કરવો એ મધ્યમ ક્ષમા છે. બીજાને દયાપાત્ર ગણી-બિચારાનું શું થશે ! એવો વિચાર કરી માત્ર ક્ષમા નહીં કરુણા વહેવડાવી એ ઉત્તમ કોટિનો ઉપશમભાવ છે. સંગમના પ્રસંગમાં ભગવાન મહાવીર સ્વામીએ આવી કરુણા મિશ્રિત ક્ષમાના આંસુ વહેવડાવેલા. ભગવાનના જીવન અને વચનને જીવી જાણેલા પૂજ્યપાદ ગુરુદેવશ્રી આવા ઉપશમભાવના ઉપાસક હતા.

ક્યારેય કોઈનુંય નાનું પણ અહિત કરવાનો થવાનો એઓશ્રીને વિચારસુધ્ધાં નહીં આવ્યો હોય એમ કહેવામાં અતિશયોક્તિ ગણાય ખરી ?

(૨) **સંવેગ :** સંસારના સુખ દુઃખ લાગે ને મોક્ષસુખ ઝંખે તે સંવેગ. પણ સંસારસુખ એટલે શું ? સંસારની જે ચીજ ગમે... જેનું આકર્ષણ જાગે, તેમાં સુખની બુદ્ધિ થાય તે,

એટલે એ બધા પર નફરત જાગે તો સંવેગ સાચો. તેથી જ એવી સામગ્રીઓ જોઈ ભડકે... સહજ દૂર ભાગે... હાથમાં લેતા વિષ્ઠા લાગે એવી નિષ્ઠા જાગે તો સંવેગ સાચો. એ વખતે **'અમે તો મનમે હી વૈરાગી' 'કમળવત્ નિર્લેપ'** એમ માની મનાવી મજેથી એવી સામગ્રી વાપરે તે આત્મવંચક છે.

**'સાદું જીવન ને ઊંચું ચિંતન'** મુદ્રાલેખવાળા પૂજ્યપાદશ્રી પાસે રહેલા સાધનો જોઈએ એટલે આ સંવેગ શું ચીજ છે ? તે ખબર પડે. પ્રભાવક આચાર્ય અને પુણ્યશાળી ભક્તોનો મેળ મળે પછી એ આચાર્યના ઉપયોગમાં આવતી સામગ્રી કેવી હોય ! કપડાં કેવા હોય ! મુહુપત્તી કેવી હોય ? કંદોરા કેવા હોય ? લખવાની પેન, કાગળ, ટેબલ કેવા હોય ? કેવી ઘડીયાળ હોય ને કેવી કામળી હોય ? કેવી ગોચરી હોય ? ઝળહળતાં સંવેગ વિના, સતત મોક્ષની યાદ વિના આ બધા અંગે લોભામણી માયાજાળની ચુંગાલમાંથી છુટી શકાય ખરું ! એ વખતે 'પ્રબળ પુણ્યોદય' કે 'જબ્બર શાસનપ્રભાવના'નું ઓઠું લેવામાં આચાર્યમંગુ જેવા કંઈ કેટલાય પૂર્વધર આચાર્યો ડૂબી ગયા તે પૂજ્યપાદશ્રી સતત નજર સમક્ષ રાખતા. તેથી જ આ બધામાં પૂજ્યપાદશ્રીનો ઉત્કૃષ્ટ ત્યાગ સંઘ સમગ્ર જાણે. અરે એવી કોઈ વસ્તુ ઉપાશ્રયમાં લાવતા પણ બધા ડરે. જ્ઞાનનું ફળ વિરતિ. સાધુ થયા પછી પણ ગમતું છોડો તો જ જ્ઞાન પચ્યું... વૈરાગ્ય ટક્યો... વિરતિ સાચી. ભણતરનો મહત્તમ આશય આચાર જ હોઈ શકે, ઠાલી પંડિતાઈ નહીં પૂજ્યપાદ ગુરુદેવશ્રીનું આ જ્ઞાનસાર હતું.

(૩) **નિર્વેદ :** કારાવાસમાં ત્રાસદાયક લાગતા સંસારથી છૂટવાની તીવ્ર તાલાવેલી સાથેની મથામણ એટલે નિર્વેદ. જેલ ન ગમતી હોય, તો જેલથી મુક્ત થવા કેવા કેવા ધમપછાડા થાય ? કેવા કેવા પ્રયત્ન થાય ? છુટવાનું જે સાધન દેખાય, તેમાં કેવા પ્રયત્નો થાય ?

પૂજ્યપાદશ્રીનો નિર્વેદ વર્ણવી શકાય ખરો ? સૂર્યના પ્રકાશને કેવી રીતે વર્ણવવો ? ઊંચી પાયરીની પોસ્ટ છોડી ભાગીને દીક્ષા લઈ, સાધુ બનેલા પૂજ્યપાદશ્રીનો નિર્વેદ = વૈરાગ્ય કેટલો પ્રબળ હશે ? સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્ર મોક્ષમાર્ગ=સંસારથી છૂટવાનો માર્ગ છે, એ જાણીને પૂજ્યપાદશ્રીએ એ ત્રણ રત્નની જે અપ્રમત્ત આરાધના કરી છે તે ઇતિહાસરૂપ છે, શબ્દોને વામણા પૂરવાર કરે એમ છે. દરેક ક્રિયા-પ્રવૃત્તિમાં સમયે સમયે સો વાર પ્રભુનું સ્મરણ... ઉપકાર - પ્રભાવ યાદ કરી ગદ્‌ગદ્‌ભાવ, સ્તવનોમાં લય અને આષ્ટાપદપૂજા જેવામાં મસ્ત મીરાને ભૂલાવે તેવી પ્રભુભક્તિના સૂચક હતા... ગૌતમની યાદ અપાવતો અખંડ ગુરુસમર્પણભાવ, દુર્બળિકા-પુષ્યમિત્રને શરમાવે તેવો અખંડ જ્ઞાનસાધનાયોગ, ભારંડથી ચાર ચાસણી તડે એવો અંતિમ સમય સુધીનો અપ્રમત્તભાવ, સૂક્ષ્મ સંયમ,



માતા જેવી જયણા, દર્શનીય પ્રતિક્રમણ, કેટલું ગણાવશું ! ભગવાને બતાવેલા સંયમના આ બધા યોગો જ મને આ ગોઝારા સંસારથી છોડાવશે એવી ઝળહળતી શ્રદ્ધા એમના પ્રત્યેક યોગમાં ઝબુકતી હતી. જાણે આ જ ભવમાં ભવના ભયથી મુક્ત થઈ જવાની તીવ્ર તાલાવેલી હતી.

વૈરાગ્ય કેવો આત્મસાત્ કર્યો હશે, કેવો સિદ્ધ કર્યો હશે કે એમના પડછાયામાં આવનારા ભલભલા ભોગીઓ, શ્રીમંતો ડૉક્ટરો, એન્જીનીયરો, વકીલો અને રંગીલા યુવાનો વૈરાગ્યપ્રવાહના ગ્રાહક અને વાહક બની ગયા એમની દેશનાવર્ષાએ વરસાવેલા વૈરાગ્યજળનાં પૂરમાં કેટકેટલાના મોહનગરો ડૂબી ગયા... તણાઈ ગયા તેનો હજી હિસાબ મેળવવો બાકી છે. એમના સાહિત્યમાં પીરસાયેલો વૈરાગ્યરસ વૈરાગ્યના વિષયમાં પી.એચ. ડી. કરાવી આપે એમ છે.

(૪) **અનુકંપા :** ગામની બહાર નીકળતા 'પગ પૂંજ્યા ? પૃથ્વીકાયની જયણાનો ખ્યાલ રાખો' 'પાણી આટલું બધું ઢોળવાનું ? વારે ઘડીએ શાનો કાપ (=કપડા ધોવાના) ? સાધુ માટે પાણી ઘી કરતાં કિમતી છે તે ખબર છે ? આપણા માટે દોષીત પાણીના બુંદે બુંદે અસંખ્ય જીવોની વિરાધના આપણા માથે ચોંટે છે તે ધ્યાનમાં રાખો' માંદગીના બીછાને 'આ ચા કોણ લાવ્યું ? દોષીત છે કે નિર્દોષ ! આપણા માટે ચા બનાવવામાં અગ્નિકાયનો આરંભ થાય.' કામળી ઓઢતી વખતે 'આમ ઝપટ ન મરાય... અસંખ્ય વાયુકાયની વિરાધના થાય.' ગોચરીમાં 'બબ્બે - ત્રણ ત્રણ શાક વાપરતા જીવ કેમ ચાલે ? આપણા માટે શ્રાવકો ફ્રુટ સમારી અચિત્ત કરે એટલે વનસ્પતિની હિંસાના આપણે ભાગીદાર બન્યા' 'પાણીની ટોકસી નહીં લૂછો તો બિચારા સંપાતિમ ત્રસ જીવો માટે એ કૂવો બની જાય' 'રાતના દંડાસણ વગર એક પગલું ચલાય કેમ ! કોઈ જીવ કચડાઈ જાય તો !'

વગેરે વગેરે બાબતોમાં સતત ચોકસાઈ અને ભૂલ કરતાં આશ્રિતોને કરાતી ટકોર પૂજ્યપાદશ્રીનો સૂક્ષ્મતમ જીવો પ્રત્યેનો તોફાને ચડેલો અને વામ વામ ઉછળતો અનુકંપાસાગર વ્યક્ત કરે છે. પેનમાં ચૂનાના પાણીની સહી વાપરવાની અને ત્રણ દિવસ પૂરા થાય એ પહેલા સાફ કરી નાંખવાની વગેરે સૂક્ષ્મતમ કાળજી પૂજ્યપાદશ્રી જીવોની કેવી માતા હતા તેનું સૂચક છે. આ થઈ દ્રવ્ય અનુકંપા.

પોતાના આશ્રિતો વગેરે પ્રમાદ કરે, ભૂલ કરે, સંયમસાધનામાં પાછા પડે, જ્ઞાન ભણવામાં ઢીલ કરે, એક પણ યોગમાં સીદાતા દેખાઈ એટલે એઓશ્રીનું હૈયું વલોવાઈ જાય... 'આ બિચારો હારી જશે, ડૂબી જશે' એટલો વિચારમાત્ર એમને ધ્રૂજાવી દેવા સમર્થ હતો. વ્યક્તિગતરૂપે અને વાચનાઓ દ્વારા સતત હિતશિક્ષાઓ આપી આરાધના માટે જોમ પૂરતા રહેતા... નાનામાં નાનો અને સામાન્યમાં સામાન્ય

સાધુ એમના માટે મહત્ત્વનો અને મહાન હતો... સંઘ-સમાજની ગરીબ વ્યક્તિ જેની પાસે વિના રોક ટોક જઈ શકે તેવા સમૃદ્ધમાં સમૃદ્ધ આચાર્ય, સામાન્યતમ પુરુષને સમય આપી શકે તેવા એવા અસામાન્યતમ યુગપુરુષ, નાનામાં નાનાને હૂંફ આપી શકે તેવા મહાનતમ માનવશ્રેષ્ઠ પૂજ્યપાદ ગુરુદેવશ્રી હતા.

બધા સાધુઓની વચ્ચે જ આસન રાખી દિવસે નજર રાખી અને રાતે રાતે રોન લગાવી સતત કાળજી લેતી એ માતાની અનુપમ અનુકંપા સમ્યક્ત્વના તેજ લીસોટા જેવી હતી.

(૫) **આસ્તિક્ય :** લાખો માઈલ દુર રહેલા તારાઓની સંખ્યાની બાબતને 'નનુ' 'નચ' કર્યા વિના સ્વીકારી લેતો માનવ પાસે રહેલા તાજા રંગેલા બાંકડા પર 'તાજો રંગ કર્યો છે, અડશો નહીં' એ બાબતને સીધી સ્વીકારતો નથી, હાથ લગાડશે અને રંગે ચોંટે તો જ વાત સાચી માનશે. કહેવાની વાત એ છે કે દૂરની બાબતમાં તો હજી માની લેવું સહેલું છે... પણ રોજ-બ-રોજના જીવનને, પ્રવૃત્તિને સ્પર્શતી બાબતમાં 'બાબાવાક્યં પ્રમાણં' કરવું સહેલું નથી, અનુભવ વિના સ્વીકારી લેવા મન જલ્દી તૈયાર થતું નથી.

એમાં પણ આજનું શિક્ષણ ભણેલો અધુરો યુવાન શ્રદ્ધા ગુમાવવામાં ગૌરવ સમજતો હોય છે. શોધક વૈજ્ઞાનિકો, સફળતમ ડૉક્ટરો શ્રદ્ધાળુ હોય છે. પણ તેઓની શોધ વગેરેના રવાડે ચડેલો ભણેલો પણ નહીં ગણેલો યુવાન ઝનુની અશ્રદ્ધામાં અટવાતો હોય છે. એમાં પણ આજથી સાઈઠ વર્ષ પહેલા ગુલામ મનોદશા એવી ઘર કરી ગયેલી કે યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટો નહીં, પશ્ચિમ સંસ્કૃતિ - સભ્યતાની આરતી ઉતારનારા અને ધર્મને હંબગ, ભારતની ગરીબીનું એક માત્ર કારણ, વિકાસનું બાધક સમજનારા નાસ્તિકો બહાર પડતા હતા. પ્રતિમા એટલે પથ્થર પાછળ ધનનો ધૂમાડો. ગુરુઓ એટલે મફતનું ખાઈ તાગડધિન્ના કરતાં અને ગરીબ અંધશ્રદ્ધાળુઓને ગેરમાર્ગે દોરી ચૂસી લેનારા દેશના બેકારોની જમાત... ધર્મ એટલે દેશનું ધનોતપનોત કાઢી નાખનારી જડકિયાઓ સંસ્કૃતિ એટલે સ્ત્રીઓ અને ગરીબોની શોષણપદ્ધતિઓ. અંગ્રેજોના શિક્ષણથી એ લોકોએ આપેલી આવી કૃત્રિમ આંખે જોવાયેલા યુવાનો આવી આવી વિકૃત માન્યતાઓમાં અટવાઈ ગયેલા.

એ વખતે એવો જ ભણેલો - ગણેલો વ્યવહારિક શિક્ષણમાં દેશ અને સમાજનું ગૌરવ બનેલો યુવાન પ્રવાહથી વિરુદ્ધ માર્ગ લઈ દેવ-ગુરુ-ધર્મને સર્વસ્વ ગણે... માનવજીવન એટલે ધર્મનું નંદનવન... સંયમથી જ કલ્યાણ થાય અને ભવ સાર્થક થાય આવી જિનવાણી પર શ્રદ્ધા રાખી અને 'તારી બુદ્ધિ-શક્તિ અને યુવાની સાધુ થવાથી જ સાર્થક થશે' એવા બ્રહ્મચર્યનિષ્ઠ, સિદ્ધસંયમહસ્ત પ્રેમગુરુના



મંત્ર પર મુગ્ધ થઈ સાધુ થઈ ધર્મને જીવન સમર્પિત કરે એ પ્રબળતમ આસ્તિકતા વિના શક્ય છે ? પ્રાયઃ આટલું વિશિષ્ટ વ્યવહારિક શિક્ષણ પામેલા અને આટલા ઊંચા હોદ્દે પહોંચેલા આપણને જૈનાચાર્ય તરીકે મળ્યા એવો કિસ્સો આ શતાબ્દીમાં તો પ્રથમ જ હશે.

એઓશ્રીને જેટલી તીવ્ર શ્રદ્ધા જીવવિચાર, નવતત્ત્વ, કર્મસિદ્ધાંત, સ્યાદ્વાદ વગેરે તત્ત્વો પર હતી એટલી જ તીવ્ર શ્રદ્ધા ધર્મના એક એક અનુષ્ઠાન પર હતી. તત્ત્વો પરની આસ્તિકતા કરતાં પણ ક્રિયાપરની આસ્તિકતા વધુ અઘરી છે. ભલભલા એમાં ભૂલા પડી ગયા છે. ગુરુદેવનો તો સિદ્ધાંત હતો 'તમારી ક્રિયા જેટલી મોળી, એટલું તમારું સમ્યક્ત્વ મોળું'

મારો પરલોક છે અને અહીંની તમામ ક્રિયાનો હિસાબ પરલોકમાં થવાનો છે અને મોક્ષ નામથી નહીં કામથી મળશે... આવી સતત યાદે જ એમને યોજના વિનાના આચાર્ય બનાવ્યા... આટલા મહાન પ્રભાવક આચાર્ય હોવા છતાં વ્યક્તિગત ભગતોની સંખ્યાની બાબતમાં કંગાલ બનાવ્યા. છાપે ચઢવા કરતાં છુપા રહેવું વધુ પસંદ પડતું. એ પદ, એ વાતાવરણ, એ અવસરોની વચ્ચે આટલા બધા અલિપ્ત અને નિઃસ્પૃહ રહેવું એ પરમ આસ્તિકય વિના સંભવે નહીં સંઘમાં સ્વ - પર પક્ષમાં જ્યાં પણ, આરાધનાનું નાનું પણ ફૂલ ઉગ્યું દેખાય એટલે અનુમોદના દ્વારા સુગંધ લીધા વિના રહેવું નહીં, ગ્લાન વૈયાવચ્ચ અને ઉત્કૃષ્ટ કોટિની અંતિમ નિર્યામણા કરાવવાની કળા અને સ્ફુર્તિ, સાવ વંઠેલ, ઓછી અક્કલવાળો, સાવ ફાલતુ ગણાતો, કે પછી વિરોધી ગણાતો આદમી પણ સમય મેળવી શકે, સાન્નિધ્ય માણી શકે આવી તેઓશ્રીની ઉદારતા... શિબિરોમાં તદ્દન નાસ્તિક ગણાતા યુવાનો પણ કોણ જાણે એમના પ્રભાવમાત્રથી ધર્મની દરેક બાબતમાં પરમ આસ્તિક બની જાય, અને પોતે વાતવાતમાં આંબેલાદિ તપ કરવા બેસી જાય... સાવ બેસ્વાદ અને; જોવા પણ ન ગમે તેવા આહાર નિર્દોષ મળે એટલે મિષ્ટાન્ન માણી આરોગી જાય... આવા... આવા તો કંઈ કેટલાય મુદ્દા ગણાવી શકાય... એ બધા મુદ્દાઓ એમની દેવ, ગુરુ, ધર્મ, તત્ત્વ, ક્રિયા, સંઘ, વ્યક્તિ, જીવન, તપ, સમાધિ, મૃત્યુ પછીના ભવો, મોક્ષ, યુવાનો આ બધા પ્રત્યેની ઉછળતી આસ્તિકતાના પ્રકાશિત કુંડાળા હતા.

આમ પૂજ્યપાદશ્રીના જીવનના પ્રત્યેક પળે આપણને પાંચે લક્ષણથી જીવતું, જાગતું અને ઝળહળતું સમ્યક્ત્વ જોવા મળે ખરેખર એઓશ્રીના અસ્તિત્વના અભાવમાં આસ્તિકતા પણ અધુરાશ અનુભવે છે.

ગુરુદેવશ્રીની હાજરી એટલે જનતાના નેતાની નહીં, સંઘની જનેતાની હાજરી

એમ અનુભવાતું.

બાળકને ચાંદો જોઈતો હતો. રડે છે... ભેંકડો તાણે છે... પણ ચાંદો લવાય કેવી રીતે ? બધી સમજાવટ પણ નકામી ગઈ. અંતે માતાએ થાળીમાં પાણી ભર્યું. જમીન પર થાળી મૂકી. ચંદ્રનું પ્રતિબિંબ પડ્યું... બાળક 'જાણે ચાંદો મળી ગયો' એવી ખુશી ખુશીમાં નાચવા માંડ્યો.

મારે પરમાત્મા જોવા હતા... પ્રતિમા જોવા છતાં એવો સંતોષ થતો ન હતો... ઘડીભર પરમાત્મતત્ત્વ હોવા પર શંકા જતી હતી... એવામાં ગુરુદેવશ્રી મળી ગયા... જાણે મને મા મળી... મારી માંગણી પૂરી કરી... મારી શ્રદ્ધા દૃઢ કરી... પોતાનું જીવન જ એવું હતું કે મને સતત લાગતું કે એમની આત્મથાળીમાં, હૃદયસરોવરમાં સતત પરમાત્માનું પ્રતિબિંબ ઝળક્યા કરે છે. એમને જોયા-જાણ્યા, અનુભવ્યા પછી હવે પરમાત્મતત્ત્વના હોવા પર દૃઢ શ્રદ્ધા પ્રગટી છે, હવે પ્રતિમામાં પરમાત્મા ભાસે છે.

પૂ. સૂરિપુરંદર આચાર્ય હરિભદ્રસૂરિએ 'અનાથા વયં'... ના પોકારોથી કહ્યું 'જિનાગમ ન હોત તો અનાથ એવા અમારી શું વચે થાત...' મારા મનમાંથી પોકાર ઉઠે છે 'ઓ ગુરુદેવ ! જૈનધર્મ અને જિનાગમ બધું મળ્યા છતાં જો આપ ન મળ્યા હોત... તો અનાથ એવા અમારું શું થાત !' નાવ મળ્યા પછી પણ જો કુશળ નાવિક ન મળે, તો શું થાય, તે કહેવાની કોઈ જરૂરત છે ?

મારા તો અંતરનો સ્પષ્ટ પોકાર છે કે માનવભવ મળ્યો એ સૌભાગ્ય, જૈનધર્મ મળ્યો એ પરમ સૌભાગ્ય, જૈનધર્મ મળ્યો એ પરમ સૌભાગ્ય પણ આ ગુરુદેવ મળ્યા એ સર્વોત્કૃષ્ટ સૌભાગ્ય... નહીંતર બધા સૌભાગ્ય દુર્ભાગ્યમાં ફેરવાઈ ગયા હોત... **સૂક્ષ્મતત્ત્વમિદં સૂક્ષ્મમેક્ષિક્યા નિરુપણીમિતિ અલં-વિસ્તરેણ...**

**દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના"** વર્ષ-૪૨,અંક-૩૨,તા.૪-૬-૧૯૯૪

## ભુલ્યા ન ભુલાચે ગુરુવર !

(લેખક : પં. શ્રી હેમરત્નવિજય ગણિ)

આસો વદની એકાદશીના દિવસે હું સુરતની સબ જેલમાં પ્રવચન કરવા જઈ રહ્યો હતો. પૂજ્યશ્રી પાસે રજા લેવા ગયો તો ગુરુદેવ કહે ઊભો રે ! હું પણ આવું છું. અરે સાહેબ ! આ ધૂમ ગરમીમાં આપ શા માટે ધક્કો ખાવ છો. ૩ કિ.મી. દૂર જવાનું છે અને કેદીઓને સંબોધવાના છે. હું જઈને આવી જાઉં છું, આપ પરિશ્રમ ન લેશો. મારી એકેય વાતને ગણકાર્યા વિના મહારાજજી કપડાં



પહેરીને સીડી ઉતરી ગયા. હું પાછળથી સ્ટેચર લઈને નીચે ઉતર્યો. પૂજ્યશ્રીને સ્ટેચરમાં બેસાડ્યા અને અમે ખભે ઉંચકીને રસ્તે ચાલવા લાગ્યા. અડધો કલાકે જેલ દરવાજે પહોંચ્યા. જેલ સુપ્રિટેન્ડરે પૂજ્યશ્રીનું સ્વાગત કર્યું. પછી અમે જેલ પ્રવચન કક્ષામાં પહોંચ્યા. પૂજ્યશ્રી પાટે બિરાજયા અને માંગલીક ફરમાવ્યું.

મેં પ્રવચન શરૂ કરતાં જ જણાવ્યું કે, ઓ કેદીભાઈઓ ! ભારતભરના લોકો પોતાના પાપ ધોવા કાશીમાં વહેતી ભાગીરથીમાં સ્નાન કરવા જાય છે, પણ આજે તમારા પ્રચંડ પુણ્ય જાગ્યા હોવાથી ખુદ ગંગા બહતી હુઈ આપકે આંગનમેં આઈ હૈ !

જેલરો, કોર્ટના જજો કે ભારત સરકાર તમને સજામાંથી મુક્તિ આપે કે ન આપે પણ આ મહાપુરુષના દર્શન માત્રથી તમારા સેંકડો પાપો ધોવાઈને સાફ થઈ જવાના છે. જેઓશ્રીના દર્શન માટે લોકો લાઈનો લગાવે છે, એવા મહાપુરુષના દર્શન આજે તમને જેલ આંગણે સંપ્રાપ્ત થયા છે. કદાચ જો તમે જેલમાં ન હોત તો આખી જિંદગીમાં તમે આ વિરલ વિભૂતિના દર્શન ન પામી શકત. આવા એક ત્યાગી, તપસ્વી, સંયમી, વિદ્વાન, પવિત્ર પુરુષના દર્શન આજે પ્રાપ્ત થયા છે. તો તેઓશ્રીની યાદમાં આજથી શરાબપાન અને માંસાહાર નામના બે પાપને તમે તિલાંજલી આપી દેજો.

મેં પ્રવચન પૂર્ણ કર્યું પછી પૂજ્યશ્રીએ પણ આ બે પાપ ત્યજી દેવા માટે સુંદર પ્રેરણા કરી અને એક એવો અદ્ભુત ચમત્કાર સર્જાયો કે આખી જેલના તમામ કેદીઓએ હાથ જોડ્યા અને આજીવન શરાબ, માંસાહારનો ત્યાગ કરી દીધો.

જેલમાં પ્રવચનનો પ્રસંગ પત્યો પછી જ ખ્યાલ આવ્યો કે પૂજ્યશ્રીના અંતરમાં આ કેદીઓ પ્રત્યે પણ કેવી અપાર કરુણા પડેલી હતી. માત્ર એક દર્શન આપવા માત્રથી ૪૫૦ કેદીઓને જીવનભર બે પાપોથી મુક્ત કરી દીધા અને કેદીઓ માટે એ ઉગ્ર તપસ્વી, સંયમી, વિરલ વિભૂતિના પાવન દર્શનનું એક યાદગાર સંભારણું બની રહ્યું.

ઓ ગુરુદેવ ! વિશ્વ હિન્દુ વિદ્યાપીઠ બનારસથી માંડીને અનેક સ્કૂલો, કોલેજો, મઠો અને મંદિરો સુધી પહોંચીને આપે પ્રવચનોની ધારા વહાવી હતી છેલ્લે છેલ્લે બાકી રહી ગઈ હતી જેલો, તો જીંદગીના છેલ્લા ૮૩ મા વર્ષે જૈફ વયે પણ જેલમાં પગલાં પાડીને કેદીઓના જીવનના પરિવર્તન કરીને આપે ખરેખર જેલને પણ પાવન તીર્થમાં પલટાવી નાખી હતી.

• • •

## પ.પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની પ્રથમ વાર્ષિક તિથિ નિમિત્તે ગુણાનુવાદ સભાઓ

| | |
|---|---|
| દહાણુ રોડ (જી. થાણા) : | પૂ.પં.શ્રી વિમલસેનવિજયજી મ., પૂ.પં.શ્રી રત્નસુંદર વિ.મ. આદિ. |
| શહાપુર (મહારાષ્ટ્ર) : | પૂ.પં.શ્રી હેમરત્નવિજયજી મ. |
| **અંકલેશ્વર** : | પૂ.આ.શ્રી વિજય યશોવર્મસૂરીશ્વરજી મ. તથા પૂ. મુનિશ્રી વરબોધિવિજયજી મ. |
| **ઝંખવાવ** : | પૂ.પં.શ્રી કુલચંદ્રવિજયજી મ. |
| **વાકુગામ (પુના)** : | પૂ. મુનિરાજશ્રી યશોવિજયજી મ. |
| **અમદાવાદ** : | ભટ્ટીની બારી વીરનો ઉપાશ્રય, પૂ. મુનિશ્રી ચરણપ્રભવિ.મ. |

### • સ્વ. ગચ્છાધિપતિશ્રીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે એક સ્તુત્ય કાર્ય •

જૈન પંડિતો અને ધાર્મિક શિક્ષકોના નિર્માણનું લાજવાબ કાર્ય કરતી મહેસાણા પાઠશાળા આજે રણમાં વીરડી સમાન છે. જ્ઞાન અને ક્રિયા, સંસ્કાર અને સદાચારના મૂળભૂત પાયા પર વરસોથી સતત સેવારત સંસ્થા સાચે જ જ્ઞાન તીર્થ બની રહી છે.

પાઠશાળામાંના અધ્યયરત ૪૮ યુવાનો અને સંસ્થામાં કાર્યરત ભાઈઓનું નોંધપાત્ર રકમ આપવા સહિત સન્માન કરાયું હતું.

સ્વ. ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના સ્વાર્ગારોહણની પ્રથમ પુણ્યતિથિ ચૈત્ર વદ ૧૩ ના રોજ મહેસાણા ખાતે આમ અનોખી રીતે ઉજવાતાં સૌની આંખ અને અંતર ભીંજાઈ ગયાં હતાં.

કુમારપાળ વિ. શાહ, જયેશ ભણસાલી, કલ્પેશ શાહ અને વિનોદ ચીનુભાઈ શાહની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમ સંસ્થાના ઉદ્દેશોને બળ આપનારો પુરવાર થશે. મહેસાણા સંઘના અગ્રણી શ્રી બાબુભાઈ તથા સંસ્થાના ટ્રસ્ટી શ્રી બાબુભાઈ મહેતાએ કાર્યક્રમનું અનુમોદન કરવાપૂર્વક આભારદર્શન કર્યું હતું.





પં. શ્રી વિમલસેનવિજયજી ગણિ અને પં. શ્રી રત્નસુંદરવિજયજી ગણિની પુનિત નિશ્રામાં સુવિશાલ ગચ્છાધિપતિ સકલસંઘ હિતચિંતક ન્યાયવિશારદ વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ને પ્રથમ વાર્ષિક સ્વર્ગારોહણ તિથિએ

### ભાવાંજલિ

ગીત રજૂઆત : શ્રી નિકેશભાઈ સંઘવી

(સાખી)

મુઠી ઉંચેરો એક મુનિવર, આવ્યો આવ્યો ને ચાલી ગયો.
ત્રણ ભુવનમાં ભાનુ જેવો, પ્રકાશ એ પાથરી ગયો...
જીવન એવું જીવી ગયો કે, મરીને અમર બની ગયો...
જીવન ને મૃત્યુ બંને ને, ધન્ય ધન્ય બનાવી ગયો...

(જય પાલીતાણા... રાગ...)

જય ભુવનભાનુસૂરિ દર્શન આપો. સ્વર્ગલોકના દ્વારેથી,
ભારતનો સંઘ રડી રહ્યો છે, સૂરિજી તમારા વિયોગથી,
દેવલોકથી દેવબાળ એક, **રાજનગર**માં આવે,
**ચીમનભાઈ**નો લાડીલો એ, કુલદીપક બની આવે,
લાખેણા દીકરાને જન્મ આપી, ધન્ય બની **ભૂરીબેન** માડી.. (૧)
અભ્યાસકાળે **કાંતિભાઈ**ની, પ્રતિભા હતી બહુ ઉંચી,
મહામૂલી ને ગૌરવવંતી, સી. એ.ની પદવી લીધી,
દુનિયા થાતી દિવાની, એના મધુર કંઠના કામણથી... (૨)
**પ્રેમસૂરિ**દાદાની વાણીએ, આતમ ઉઠ્યો રે જાગી,
ત્રેવીસ વરસની યુવાન વયમાં, સંસાર દીધો રે ત્યાગી,
બે બે ભાઈ ને બેની સાથે, ચાલી નીકળીયા સંસારથી... (૩)
જ્ઞાન ધ્યાનની સાથે સાથે, વિધવિધ તપસ્યા કરતાં,
**એકસો આઠ આંબેલની ઓળી,** પૂરા ઉમંગે કરતાં,
ધન્ય ગુરુજી, ધન્ય તપસ્વી, તમારી બીજી જોડી નથી... (૪)
લુખ્ખી દાળ, પાણી ને રોટલી, મસ્તીથી એ વાપરતા,
જે રીતે આપણે મસ્તીથી, રસ રોટલી વાપરતા,
કેટકેટલી ઓળીઓ કીધી, ગુરુએ ઠામ ચોવિહારથી... (૫)

| | | |
|---|---|---|
| એના વ્યાખ્યાન એની શિબિરો, | ચિરંજીવ બની રહેતી, | |
| અષ્ટાપદની પૂજા એની, | સદા કાનમાં ગુંજતી, | |
| જીવનરાહ સહુના બદલાતા, | **'દિવ્ય દર્શન'**ના વાંચનથી... | (૬) |
| બસો પચીસ શિષ્યો એના, | એકથી એક સવાયા, | |
| સેંકડો સાધવીજી ભગવંતો, | વાચનાઓ સાંભળતા, | |
| અંતિમ ઘડી સુધી આગમવાંચન, | ગુરુજીએ મુકયા નથી... | (૭) |
| સેંકડો દીક્ષા સેંકડો પ્રતિષ્ઠા, | જીવનમાં એણે કીધી, | |
| જિનશાસનની અપૂર્વ સેવા, | જીવનમાં એણે કીધી, | |
| કેટલા શાસન કામો કીધા, | એનો કોઈ હીસાબ નથી... | (૮) |
| અઠ્ઠાવન વરસો સુધી સંયમ, | અપ્રમત્ત ભાવે ધરતા, | |
| વીસ વીસ વરસો સુધી ગુરુજી, | સૂરિપદને શોભાવતા, | |
| બ્યાશી વરસની ઉંમરે સૂરિએ, | વિદાય લીધી દુનિયાથી... | (૯) |
| ચૈતર વદ તેરસને દિવસે, | તેડા મૃત્યુના આવ્યા, | |
| એ તેડાને જ્ઞાની ગુરુએ, | હોંશે હોંશે વધાવ્યા, | |
| અરિહંત અરિહંત સમરણ કરતાં, | જીવનલીલા સંકેલી લીધી... | (૧૦) |
| જ્યોત વિહોણા દીપક જેવું, | થઈ ગયું જીવન અમારું, | |
| લેશે અમારી કોણ ખબર | ને જીવન બન્યું નોધારું, | |
| પુણ્ય બધું પરવારી ગયું, | ગુરુજીની વસમી વિદાયથી... | (૧૧) |
| એ ગુરુના જીવન કામોના, | ઉજળા ઈતિહાસ રચાશે, | |
| એ ઈતિહાસના પાને પાના, | સુવર્ણ અક્ષરે લખાશે, | |
| પ્રેરણા લેતી રહેશે દુનિયા, | ગુરુના દિવ્ય જીવનથી... | (૧૨) |
| એ ગુરુની અંતિમ ભૂમિ પર, | સ્મારક મોટા રચાશે, | |
| પ્રભાતે ઉઠી લોકો એના, | ચરણકમળને પૂંજશે, | |
| ધરતી **પંકજ સોસાયટી**ની, | તીરથધામ બની ગઈ... | (૧૩) |
| તમારા દરિયાવ દીલમાં ગુરુજી, | સ્થાન અમારું રાખજો, | |
| કો'ક દિવસ સ્વપનામાં આવી, | દર્શન અમને દેજો, | |
| ગુરુ અમર રહો, ગુરુ અમર તપો, | મળજો તમને શાશ્વત શાંતિ, | (૧૪) |

**વિ.સ.૨૦૫૦, ચૈત્ર વદ-૧૩૪** **રચના : શ્રી જયંત સંઘવી**
**રવિવાર, તા. ૮-૫-૯૪** **સુરત.**



"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૪૨,અંક-૩૮,તા.૧૬-૭-૧૯૯૪

**વલ્લભીપુર :** પ્રખર પ્રવચનકાર પૂ.આ.શ્રી વિજય યશોવર્મસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન મુનિરાજશ્રી **વિમલયશવિજયજી** મ.ને વલ્લભીપુર આવતા ટ્રકની ટક્કર લાગતા અકસ્માતથી તા. ૨૫-૬-૧૯૯૪ ના કાળધર્મ પામતા શાસન-સમુદાયમાં એક તેજસ્વી રત્નની ખોટ પડી છે. મૂળ ભાવનગરના વતની M.Sc. સુધીનો અભ્યાસ, ત્રણ વર્ષનો ચારિત્ર પર્યાય હતો. મુનિશ્રીની સ્મશાન યાત્રામાં ૧૦ હજારની મેદની હતી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૨,અંક-૪૦,તા.૩૦-૭-૧૯૯૪

## આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી જૈન સ્મૃતિમંદિરના ખાતમુહૂર્ત પ્રસંગે જૈનોની વિશાળ હાજરી

● **અમદાવાદ :** પંકજ સોસાયટીમાં **પૂ. પંન્યાસ શ્રી પદ્મસેનવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં** અષાઢ સુદ ૧૧ના વહેલી સવારે સ્વ. પૂજ્યશ્રીના અગ્નિસંસ્કારની મૂળ જગ્યામાં ગુરુમંદિર અને સ્મૃતિમંદિરના ખાતમુહૂર્તનો પ્રસંગ હતો. અમદાવાદના અનેક સંઘોના ટ્રસ્ટીઓ તથા ભક્તવર્ગ પત્રિકા-આમંત્રણને લીધે શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ આદિ સારી સંખ્યામાં આવી ગયા હતા. ગણિ શ્રી યશોભૂષણ વિ. ભુવનસુંદર વિ. ગુણસુંદર વિ. આદિ મુનિઓ તથા વિશાળ સંખ્યામાં પૂ. સાધ્વીજી ભગવંતો પધારેલ. મુંબઈથી રજનીભાઈ કેશવલાલ, લલિતભાઈ કોઠારી, લક્ષ્મીચંદ ગડા, ભાણાભાઈ ચોકસી આવી ગયેલ. સ્નાત્રપૂજા - શાંતિકળશાદિ વિધિ પૂર્ણ થતાં પૂજ્ય આચાર્યભગવંતોના આવેલ વાસક્ષેપ ખનનભૂમિ ઉપર નાખવામાં આવેલ. શ્રેણિકભાઈ, કુમારપાળ વિ. શાહ, રજનીભાઈ આદિ પુણ્યશાળી વ્યક્તિઓએ ખનનવિધિ કરી. શ્રી પંકજ જૈન સંઘ તરફથી ચાંદીના કોદાળી-પાવડો-તગારીના ૮-૮ જોડી કરવામાં આવેલ તેનાથી સૌએ વિધિ કરી.

શ્રી જયેશભાઈ ભણશાળીએ શાંતિકળશજળ સર્વત્ર છાંટી લીધા બાદ વિશાળમંડપમાં સૌ પ્રવચનમાં હકડેઠઠ ગોઠવાતા પૂ. પંન્યાસજી મહારાજના મંગળાચરણ કર્યા બાદ ભરતભાઈ માણસાવાળાએ સૌનું સ્વાગત કર્યું. કલ્પેશ વિ. શાહે આમંત્રિત મહેમાનોની ઓળખ કરાવી. શ્રી કુમારપાળભાઈએ સ્વ. પૂજ્યશ્રીના જીવનની અનેક વિશેષતાઓ પૈકી "સાદુ જીવન એટલે સાધુ"ની ઓળખ સાથે સૌને ગદ્‌ગદ કર્યા. શ્રી શ્રેણિકભાઈએ સ્વર્ગસ્થ આચાર્યદેવના ઉપકાર અને સાહિત્યકૃતિઓથી પોતાને થયેલ લાભને વર્ણવી સૌને પૂજ્યશ્રીનું સાહિત્ય વાંચવા

જણાવેલ. સાંતાક્રુઝથી પધારેલ પ્રકાશચંદ્ર ઝવેરી, શ્રી ભાણાભાઈએ પૂજ્યશ્રીના ઉપકારોને યાદ કરેલ. ગણિ શ્રી યશોભૂષણ વિ. મ., ગણિ શ્રી ભુવનસુંદરવિજયજી મ., ગણિ શ્રી ગુણસુંદરવિજયજી મહારાજે પૂજ્યશ્રીના જીવનના અનેક પાસાઓ પર સંક્ષિપ્ત વિવેચન કરી બનનારા ભવ્ય સ્મૃતિમંદિરમાં આરાધના કરી મોક્ષસુખને પ્રાપ્ત કરવા આશા વ્યક્ત કરેલ. આ પ્રસંગે **શ્રી પંકજ જૈન સંઘ** તરફથી અને શેઠ **શ્રી બીપીનચંદ્ર ચીમનલાલ નંદરબારવાળા** તરફથી દાનની શરૂઆત કરેલ. બાદ શ્રી પંકજ જૈન સંઘ તરફથી નવકારશીનો લાભ આપવા આગ્રહ કરી સૌનું અભિવાદન કર્યું. શ્રી વર્ધમાનભાઈ આદિ સૌએ આવેલ મહેમાનોનું બહુમાન કર્યું. ખનનવિધિ પ્રસંગ પર અટ્ઠમતપ અને આયંબિલ સારી સંખ્યામાં કરેલ તેઓનું પણ શ્રી પંકજ જૈનસંઘ તરફથી બહુમાન કરેલ.

**"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ"** વર્ષ-૪૨,અંક-૪૧,તા.૬-૮-૧૯૯૪

● **હુબલી** : (કર્ણાટક) શાંતમૂર્તિ પ. પૂ. આચાર્યદેવશ્રી વિજય ધનપાલસૂરીશ્વરજી મ. તા. ૨૮-૭ના સવારે ૯-૪૦ મિનિટે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રી વૈરાગ્યવારિધિ ૩૬ ક્રોડ નમસ્કારમંત્રના આરાધક આ. શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ. ના પટ્ટધર હતા. વિ.સં. ૨૦૦૧ના વીસ વર્ષની ભરયુવાનીમાં પિંડવાડા મુકામે દીક્ષા લઈ સુંદર આરાધના કરતા ક્રમસર પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના વરદહસ્તે વિ.સં. ૨૦૪૦ ના મહા સુદ ૧૩ ના શુભ દિને આચાર્યપદ પામ્યા હતા. શાસનપ્રભાવના કરતા આ વર્ષની ચાતુર્માસની આરાધના માટે હુબલીસંઘની આગ્રહભરી વિનંતીથી પધારેલ હતા. પરંતુ તા. ૨-૭ના રાતના લકવાની તકલીફ ઊભી થતા દવાખાનામાં દાખલ કરી ઉપચારો શરૂ કરેલ. થોડા દિવસની ટ્રીટમેન્ટ થતા થોડી રાહત થતા ઉપાશ્રયે લાવેલ. પૂ. પં. શ્રી ચતુરવિજયજી મ., પૂ. મુનિશ્રી મતિસારવિજયજી મ. તથા મુનિશ્રી જયપાલવિજયજી મહારાજે તથા હુબલી જૈન સંઘે સારી સેવા બજાવેલ.

• • •

**"કલ્યાણ" - "પ્રકીર્ણ પ્રસાદ"**

## ઈશ્વર પેટલીકરે કરેલ સાધુ નિંદાનો જવાબ

**(લે.- પૂ.પાદ આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ. અમદાવાદ)**

શ્રી ઈશ્વર પેટલીકર 'સંદેશ'ની કટારમાં પતિત ચિત્રભાનુની ટીકા કરતાં સમસ્ત જૈન સાધુ સંસ્થા પર આક્ષેપ કરવામાં ઊતરી પડ્યા. પરંતુ એ જે દલીલો



કરે છે તે કેટલી પોકળ છે એ જોઈએ ત્યારે, આજે વિશ્વમાં અનન્ય તરીકે પ્રસિદ્ધ જે પવિત્ર જૈન શ્રમણ સંઘ એના પર એમનો અનાચારનો ભયંકર આક્ષેપ એમના અધમ માનસને વ્યક્ત કરે છે એમ લાગ્યા વિના રહેશે નહિ.

એ લખે છે કે 'ચિત્રભાનુ' જેવા પ્રતિભા-સંપન્ને વર્ષોથી દમ્ભ સેવ્યો એ જોતાં સામાન્ય સાધુઓનું દંભની બહાર નીકળવાનું ગજું શી રીતે ?' આમ લખી એ આક્ષેપ કરે છે કે 'સામાન્ય સાધુઓ પણ દંભ સેવે જ છે.' પરંતુ આ આક્ષેપ વાહિયાત એટલા માટે છે કે આજેય નિર્દંભ સાધના કરનારા સાધુઓ અનેકાનેક છે. જેઓ શું જાહેર કે શું ખાનગીમાં સ્ત્રીઓના દર્શન પરિચય અને વાતચીતથી દૂર જ રહે છે, તેમજ સાધ્વાચારોનું બરાબર પાલન કરે છે. ચિત્રભાનુમાં આ નહિ એટલે એ પતિત થાય એમાં નવાઈ નથી. આવા કોઈકને લઈને સમસ્ત સાધુ સંસ્થા ઉપર આળ ચઢાવવું એવું સજ્જન તો ન જ કરે. કોઈક ભણેલી બાઈનો દંભનો શીલનો ભવાડો જોઈ કહેવું કે 'તો પછી ઓછી ભણેલી સામાન્ય બાઈઓનું દંભ બહાર નીકળવાનું શું ગજું ? આમાં સજ્જનતા છે ?'

વળી શ્રી પેટલીકર લખે છે કે 'જ્યાં સુધી જૈન સમાજમાં સાધુના વેશને લીધે નાહક મહત્ત્વ મળતું રહેવાનું ત્યાં સુધી દંભીપણું પોષાવાનું !' આમ લખી એ એમ આક્ષેપ કરે છે કે, 'જૈન સંઘમાં જ્યાં ને ત્યાં વેશના લીધે ખોટું મહત્ત્વ અપાય છે.' પરંતુ જૈન સંઘ સાધુના આચાર વિચાર અને સાધનાના હિસાબે સાધુને મહત્ત્વ આપે છે એટલું જ નહિ પણ જૈનેતરોય જૈન સાધુનું કડક સંયમ પાલન જોઈ મુગ્ધ બને છે એ દીવા જેવું સ્પષ્ટ છે. એ જોવા માટે લેખકને દૃષ્ટિ ન હોય એ દૈવની વક્રતા છે.

લેખક લખે છે કે, 'સંસાર ત્યાગને ખોટો મહિમા આપવાથી સાધુ બનવાનું વલણ વધે છે.' આ લખાણ આર્યસંસ્કૃતિ પામેલા લખે એ આશ્ચર્ય છે. આર્યસંસ્કૃતિએ ભોગને નહિ પણ ત્યાગને મહત્વ આપેલું છે, એ ઈશ્વરભાઈને પેટમાં દુ:ખતું લાગે છે. વળી નિયમ પણ પ્રત્યક્ષ વિરૂદ્ધ બાંધી અસત્કલ્પનામાં તણાય છે. સાધુ બનવાનું વલણ વધતું હોય તો તે આજના સંસારની પાપમયતા જોઈને, અને ત્યાગના અભ્યાસમાં જ માનવ જીવનની સફળતાનો શ્રી તીર્થંકરદેવોનો ઉપદેશ સાંભળીને, પરંતુ આ વસ્તુસ્થિતિને બદલે સાધુ બનવામાં જો સમાજથી ત્યાગીના કરાતા મહિમાને કારણભૂત કહેવો છે, તો તો લેખક આવા અસત્ લખાણ લખી સમાજમાં મહત્ત્વના અભિલાષી તો છે જ તો કેમ સાધુ નથી બનતા ? વળી એ લખે છે કે; 'સાધુ થયા પછી કસોટીમાંથી ઉગરવાનું થોડાઓ માટે સહજ બને છે.' એનો અર્થ એ કે મોટો ભાગ ઉગરતો નથી ને દંભી સાધુપણું પાળે છે. આ એમનું કાળા ચશ્માનું દર્શન છે. શ્રીમાને સાધુ સંસ્થામાંથી કેટલાનો પરિચય કર્યો ?

લેખકની કલમ દોડે છે કે "સ્ત્રીના પ્રેમમાં ન પડતાં સ્ત્રી સંબંધથી દૂર રહે છે એમનું ચિત્ત એ સુખની ઝંખના કર્યા વિના રહી શકે છે એવું નથી" અર્થાત્ ઝંખના કરે જ છે. આ કથન જાણે એક સનાતન સત્ય જેવું દેખાય છે. પણ એ કેટલું બધું સત્યથી વેગળું છે એ પૂર્વ મહર્ષિઓ અને પૂર્વના ને વર્તમાનના મહાન આત્માઓનાં શુદ્ધ બ્રહ્મચારી જીવનથી જણાઈ આવે છે. પેટલીકરના મતે તો "ભૂતકાળમાં શું કે વર્તમાનમાં શું, કોઈ પુરુષ સ્ત્રી સુખની ઝંખના વિનાનો હોઈ શકે જ નહિ" પણ આ કથન વાસનાના વિજ્ઞાનની અજ્ઞાનતાના ઘરનું છે, કેમકે દેખાય છે કે એવા પણ બાળકો પૂર્વના તેવા સંસ્કારના પ્રભાવે મીઠાં ખાનપાન અને રમતના રસ વિનાના હોય છે તેમ બીજાઓ નાનપણથી એવા નહિ પણ પાછળથી સાધુના સંપર્ક ઉપદેશે ચાલીને ક્રમશઃ એવા રસથી મુક્ત બને છે. તો પછી એજ રીતે મહર્ષિઓના ઉપદેશથી સ્ત્રીના પ્રેમ વિનાના અને સ્ત્રી સંબંધથી આઘા રહેનારા સ્ત્રીસુખની ઝંખનાથી મુક્ત બને એ યુક્તિયુક્ત જ છે. આ તર્કસિદ્ધ હકીકતને ન સમજતાં વાહિયાત વિધાન કરવામાં વાયુના વિકારને જ કારણભૂત કહેવું પડે.

લેખકે કિશોરો અને જુવાનો સંસારી બનતા પહેલાં હસ્તદોષ અને જાતીય સંબંધોમાં ફસાય છે એમ કહીને સમગ્ર કિશોરો ને જુવાનોને દુષિત ઠરાવ્યા એ એમની મિથ્યા પંડિતાઈનું અભિમાન છે. નહિતર એમણે લખ્યું હોત કે 'કેટલાક કિશોરો' આગળ વધીને લેખક 'તેમ સાધુઓનું પણ બનતું હોય છે' એમ કહીને સમગ્ર સાધુ સંઘને દુષિત ઠરાવ્યા એ વળી કલ્પનાના ઘોડા જ છે, ને એ પવિત્ર સાધુ મહાત્માઓના અનુભવ ન લીધાનું પરિણામ છે.

લેખક જાતીય સુખની લાગણી સર્વવ્યાપી બતાવી એની ઈચ્છા અને તાણમાંથી બચવાની મુશ્કેલી બતાવે છે. એ કથન પાછળ એમને જાત માટે એવો અનુભવ થતો હોય એટલે બરોબર હશે, પણ બીજાના અનુભવ અને તર્કની અજ્ઞાનતાથી ભરેલું છે. જો મોક્ષ અને મોક્ષ-સાધના માન્ય છે તો માનવું જ પડશે કે માણસ જાતીય સુખની લાગણી પર વિજય મેળવી શકે છે. તો જ મોક્ષની સાધના એ માત્ર Abstraet ભાવની વસ્તુ નહિ પણ Concrete રચનાત્મક (ક્રિયા અમલની) વસ્તુ ઠરી શકે. વળી જો વિરક્ત જીવ અધ્યાત્મ શાસ્ત્રોનાં મનનથી મીઠા રસ મીઠા સંગીત મધુરી સુવાસ વગેરેની લાગણી ઈચ્છા-તાણને નિગૃહીત કરી શકે છે તો સુંવાળા સ્પર્શની લાગણીને કેમ ન દબાવી શકે ?

ખાવાની ભૂખ એ જુદી વસ્તુ છે, એ કુદરતી હાજત છે, પણ વિષયોની ભૂખ એવી નથી એ તો માણસનાં મન પર છે, મનને એથી વિરુદ્ધ દિશામાં લઈ જાય તો વિષય-ભૂખ મરી જાય છે. દા.ત. સ્ત્રી સાથે હોઈને વાસના જાગે છે, પણ એ પિયર કે ક્યાંક ગઈ હોય તો વાસના કેમ નથી જાગતી ? કહો, માણસ એમાં મન જ લઈ



જતો નથી. જો કુદરતી હાજત હોત તો નિયમસર જાગવી જ જોઈતી હતી.

પ્રાંતે શ્રી પેટલીકર અને એમના તર્કવિહોણા વિધાનોથી દોરાઈ જનાર ભોળા માણસો આત્મા, વાસના, એમાં હ્રાસ વૃદ્ધિ એનાં કારણો, મોક્ષ અને મોક્ષમાર્ગનું અસ્તિત્વ વગેરેને સમજે વિચારે તો આ જગતના સત્પુરુષોની અને મોક્ષ માર્ગની નિંદાથી બચે.

• • •

## "કલ્યાણ" જુલાઈ-ઓગસ્ટ, ૧૯૮૦

## પાઠશાળા આકર્ષણનું કેન્દ્ર કઈ રીતે બની શકે ?
## પાઠશાળા ચૌમુખી-વિકાસ કઈ રીતે સાધી શકે ?

**(પૂ. આ. વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ, શ્રીપાલનગર, મુંબઈ-૬)**

પાઠશાળાની પ્રગતિ અંગે ઊંડી સૂઝ અને રસ ધરાવતા પૂ. આચાર્યદેવશ્રીએ આ લેખમાં જે જે સૂચનો કર્યા છે એ ખૂબ જ આવકાર-પાત્ર છે, જેટલાં અંશમાં આવું અમલીકરણ થાય એટલા અંશમાં પાઠશાળા જરૂર પ્રગતિ સાધી શકે - એ તો અનુકરણ કરીને અનુભવવા જેવી વાત છે. **- સંપાદક**

(૧) પાઠશાળા વર્ગના પ્રારંભે શક્ય હોય તો વાજિંત્ર સાથે સમૂહ મંગળ કરવું. જેમાં-

- માલકોશ રાગમાં નવકાર, ॐ નમો અરિહંતાણં ચલતીમાં ૩ વાર, ॐ નમો સિદ્ધાણં ચલતીમાં ૩ વાર.
- ચત્તારિ મંગલં (વૈદિક રાગમાં)
- અર્હન્તો ભગવંત ઈન્દ્ર॰... અથવા શ્રી અરિહંતો સકલ હિતદા...
- શિવમસ્તુ॰, ખામેમિ॰
- કોઈ ગીતની બે કડી દા.ત.

**'પ્રભુ તારું ગીત મારે ગાવું છે,**
**પ્રભુ તારા જેવા મારે થાવું છે.'**

- પછી મહાપુરુષોનું ચરિત્ર કહેવું, જ્યાં રસ આતુરતા રહે, ત્યાં બંધ કરવું, એમ કહીને કે 'ચાલો આપણે હવે ગાથા કરી લઈએ.'
- પછી ગાથા કરાવવી.
- અમદાવાદ રાજનગર અથવા મુંબઈ ધાર્મિક શિક્ષણ સંસ્થાની પ્રશ્નોત્તરી સમજાવવી.

● વર્ગના અંતે 'અરિહા શરણં સિદ્ધા શરણં'... સમૂહમાં બોલાવવું.

(૨) ઈનામી યોજના રાખવી. આટલી ગાથા, આટલા સૂત્ર, અતિચાર કે નાની- મોટી શાંતિ ૧૦-૧૫ દિવસમાં ગોખી કડકડાટ સંભળાવે એને આટલું ઈનામ રૂા. ૧૦૧, ૫૧ વગેરે.

(૩) અઠવાડિયામાં ૨ દિવસ સંગીત શિક્ષણ આપવું જેમાં સ્નાત્રનું, સ્તવનનું પદોનું, પૂજાઓનું, અજિતશાંતિ, ભક્તામર, કલ્લાણકંદં, સંસારદાવા જુદા જુદા રાગમાં શીખવવું.

(૪) રવિવારે ૧૦ થી ૩ શિબિર જેવું યોજવું. જેમાં ૧૦ થી ૧૧ તત્ત્વજ્ઞાન, ૧૧ થી ૧૨ મોક્ષમાર્ગ, ૧૨ થી ૧ જૈન ઈતિહાસ 'જૈન તત્ત્વાદર્શ' યા ભરહેસર સજ્ઝાયના ચરિત્ર, મદ્રાસના ૨૯ ચિત્રોમાંથી ૧-૧ લઈ ચરિત્ર કહેવું. ૧ થી ૨ અલ્પાહાર.

૨ થી ૩ સૂત્રો ગાથા, ભાવાર્થ, **પ્રતિક્રમણ સૂત્ર-ચિત્રાવલી**ના આધારે. આમાં દરેક વર્ગના પ્રારંભે સમૂહમાં ૧૦ મિનિટ ગીત ગવરાવવું.

(૫) મહિને ૧ વાર ચૈત્યપરિપાટી, બને તો એક ગણવેશમાં અને ગીત ગાતાં ચાલે 'દેવ આવો જગતમાં નહિ મળે રે, ગુરુજી ! અમારો અંતર્નાદ અમને આપો આશીર્વાદ.' એક જણ બોલે 'જોરસે બોલો' બધા બોલે 'જય મહાવીર' આવા આવા સૂત્રોચ્ચાર કરી શકાય.

(૬) અવરનવર સ્નાત્ર, સામાયિક, ભક્તિ સંગીત, ડાંડિયા રાસ, ચામર નૃત્ય આદિ પ્રોગ્રામ યોજવા.

(૭) વકતૃત્વ હરિફાઈ (આની ૧૦ દિવસ તાલીમ આપવી જોઈએ) અજિતશાંતિ-ભક્તામર-ગાવાની હરિફાઈ, નિબંધ કે કથા લેખન હરિફાઈ, ૧૪ નિયમ યા ૧૨ વ્રતની સમજણ-વિવેચન હરિફાઈ યોજવી.

(૮) નિત્યનોંધ તિથિવાર કોલમોમાં આચારો-અનુષ્ઠાનો-ગાથા-માળા-ત્યાગ-તપ આદિ નોંધવા.

(૯) માસિક ત્રિમાસિક પરીક્ષા, મૌખિક, કે લેખિત લેવી.

(૧૦) વિધિઓમાં ૧૦ ત્રિક-દિનચર્યા, સ્તવનો-સજ્ઝાયો-સ્તુતિ શીખવાડવા.

(૧૧) સૂત્ર-સ્તવન-સ્તુતિ-સજ્ઝાય લીટી પર અંતાક્ષરી યોજવી.

(૧૨) ૩ ભાષ્ય, ૪ પ્રકરણ, ગુણસ્થાનક ક્રમારોહ, ૪ કર્મગ્રંથ કંઠસ્થ થયા બાદ માત્ર સળંગ પદાર્થ રોજ યા એકાંતરે થોડા થોડા શિખવવા. (ગાથાના શબ્દસાર અર્થ નહિ, પણ સળંગ સંકલતાબદ્ધ પદાર્થો).

(૧) નાના બાળકોને Chorus સમૂહમાં ગાથા ગોખાવવી. ૨૪ પ્રભુનાં



નામ, ૧૦ ત્રિક, અષ્ટ પ્રકારી પૂજાનાં નામ, નવાંગી તિલકના ૯ અંગના નામ, બધું સમૂહમાં બોલાવતાં મોંઢે થતું જાય ને રસ રહે.

પાઠશાળાના શરૂઆતના દિવસોમાં ગાથા ગોખવા પર બહુ ભાર ન દેતા ઉપરોક્ત રસિક કાર્યક્રમો રાખવા. જેથી નવા વિદ્યાર્થીઓને પાઠશાળામાં આવવાનો રસ જાગે, આવતા થાય, પછી ગાથા ગોખવાના મહાન લાભ જેવા કે અથાગ પુણ્યબંધ પ્રભુ પર પ્રેમ, જૈનશાસન-જૈનધર્મની પરંપરા ચલાવવાનો મહાલાભ વગેરે સમજાવી ગાથા ગોખાવવી. પ્રારંભના દિવસોમાં છેલ્લી ૧૦ મિનિટ કોરસ (સમૂહ)માં ગાથાની લીટી બોલાવી શકાય. આમ થાય તો પાઠશાળા બાળકોના આકર્ષણનું કેન્દ્ર બનીને વિકાસ પામી શકે.

"દિવ્ય-દર્શન" - **"સુઘોષા"** **વર્ષ-૩,અંક-૭,વિ.સં.૨૦૨૧ મહા માસ**

## નિવેદન

શ્રી સંઘને જણાવવાનું કે છેલ્લા કેટલાક વર્ષોથી કર્મસાહિત્ય અંગેનું લેખનકાર્ય મારી પાસે ચાલી રહ્યું છે. તે દરમિયાન મારા હાથમાં પૂ. મુનિચન્દ્રસૂરિ મહારાજની **કર્મપ્રકૃતિ ચૂર્ણિ** ઉપરની અપ્રગટ હસ્તલિખિત **અવચૂરિ** આવી. એ જોતાં પૂર્વે લખેલ સંક્રમકરણ ગ્રન્થમાં મારી બે સ્થાને ક્ષતિ થઈ ગયાનો ખ્યાલ આવેલ છે.

(૧) ૧ લા ગુણસ્થાને સમ્યક્ત્વ-મિશ્ર મોહનીય પ્રકૃતિ બંધાતી નથી માટે ત્યાં તેનો યથાપ્રવૃત્તસંક્રમ ન સંભવે એવો ખ્યાલ હતો. ગોમ્મટસારમાં તો ત્યાં યથાપ્રવૃત્તસંક્રમ કહ્યો છે એટલે મેં તેનું ખંડન કર્યું.

(૨) ૮ મા ગુણસ્થાને ૩૦ શુભપ્રકૃતિનો બંધ વિચ્છેદ હોવાથી મેં તે પ્રકૃતિનો વિધ્યાતસંક્રમ કહ્યો છે. આ બેય સ્થાને યથાપ્રવૃત સંક્રમ કહેવો જોઈએ. એવું પૂર્વોક્ત અવચૂરિ જોતાં સમજાયું છે.

આથી આ બે ક્ષતિયો બદલ તથા બીજે ક્યાંય પણ મારી કોઈ ક્ષતિ થઈ હોય તો તે બદલ મિચ્છામિ દુક્કડં દઉં છું. પૂર્વોક્ત બેય ક્ષતિઓનું સવિસ્તર શુદ્ધિકરણ ભવિષ્યમાં છપાનારા કર્મસાહિત્યમાં આવી જાય તેવી સૂચના મેં લેખક મુનિઓને કરી દીધી છે. આ પ્રસંગે મારી વૃદ્ધાવસ્થાને લક્ષ્યમાં લઈને બીજા પણ મિચ્છામિદુક્કડં દેવાનું ઉચિત માનું છું.

મારા સમુદાયના સાધુઓ જે કોઈ સાહિત્ય લખે છે, છપાવીને બહાર પાડે છે તે બધું જોઈ જવાની મને ટેવ નથી એટલે સંભવ છે કે તે લેખક મુનિવરોના લેખનમાં જાણતાં-અજાણતાં ક્ષતિઓ રહી ગઈ હોય. આવા લેખનનો મેં નિષેધ ન

કર્યો હોય તેવું પણ બન્યું હશે એટલે **"न निषिद्धं अनुमतं"** ન્યાયે તે ક્ષતિઓમાં મારી અનુમતિ ગણાઈ જાય. તે બદલ 'મિચ્છામિ દુક્કડં' દઉં છું.

**લિ. આ. વિજય પ્રેમસૂરિ. - નવાડીસા**

**"સુઘોષા"** **વર્ષ-૬,અંક-૧૨**

## તમે ગુણવંતના ગુણ ગાઓ રે, ગાઓ રે, રે ઓ માનવીઓ !

**(લે.- પૂ. પંન્યાસજી મહારાજ ભાનુવિજયજી ગણિવર-અમદાવાદ)**

(સ્વ. પૂ. આચાર્ય દેવ શ્રીમદ્‌ની પુનિત નિશ્રામાં વર્ષોલગી આ લેખના લેખક પૂ. પંન્યાસજી મહારાજશ્રી રહ્યા છે. તેમના અનેક વિમલ ગુણોમાંથી કેવળ એક-બે ગુણોનું પૂ. પંન્યાસજી મહારાજે એવી સરસ અને સુંદર રીતે, ભાવવાહી અને હૃદય સ્પર્શી શૈલિમાં આલેખન કર્યું છે કે જે વાંચકોને થોડા શબ્દોમાં ઘણું આપી જાય છે.)

સુશ્રાવક સોમચંદભાઈનું તેડું આવ્યું કે 'સ્વર્ગસ્થ પૂજ્યપાદ ગુરુદેવ શ્રી આચાર્યદેવના સ્મૃતિ અંકમાં લખાણ મોકલો; કેમકે તમે એઓશ્રીના બહુ અનુભવમાં હતા.' પરંતુ મને મૂંઝવણ થઈ કે શ્રીમદ્ તો ગુણોના સાગર; એનાથી ગાગર શુ આલેખન કરતાં શ્રીમદ્‌ને અન્યાય તો નહિ થાય ? ટમટમિયા તેલિયા દીવાનો પ્રકાશ વર્ણવીને કહેવું કે 'સૂર્ય આના કરતાં બહુ તેજસ્વી,' એમાં સૂર્યનું શું ગૌરવ કર્યું ? સ્વ. પૂજ્ય પાદશ્રીના ગુણો સૂર્યપ્રકાશની તોલે; એમાંથી આજની અલ્પપુણ્ય-પ્રાપ્ત વામની બુદ્ધિએ કરાતું કોઈક ગુણનું ક્ષુદ્ર આલેખન એ તો પેલા તેલિયા દીવાના પ્રકાશવર્ણન જેવું. ત્યાં શ્રીમદ્‌નું શું ગૌરવ થાય ?

પરંતુ વિશાળ વસંતઋતુ જ એવી છે કે મોટા કવિરત્નો તો એને ગાય, કિંતુ નાનકડી કોયલ જેવા અબુઝ પંખીને પણ તેનાં ગૌરવ-ગાન કર્યા વિના રહેવાતું નથી. એ ન્યાયે પરમારાધ્યપાદ પરમયોગી પરમ કરુણામૂર્તિ પરમગુણ નિધાન સિદ્ધાન્તમહોદધિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ આજના કાળે એવા અલૌકિક મહાપુરુષ થઈ ગયા કે એઓશ્રીના અદ્‌ભુત ગુણોનું ગાંડાઘેલા પણ શબ્દોથી ગાણું ગાયા વિના અબુઝથી ય રહેવાતું નથી. અહીં મારો આવો કોઈક પ્રયત્ન છે; કેમકે કાન પર મહર્ષિઓનું એલાન આવે છે કે, 'તમે ગુણવંતના ગુણ ગાઓ રે ગાઓ રે, રે ઓ માનવીઓ.'

સ્વર્ગસ્થ પૂજ્યશ્રીના સંયમ-સમતા આદિ ગુણોની પ્રશસ્તિ ગાવા પૂર્વે અમારા



દીક્ષા પ્રસંગથી નિહાળેલ એઓશ્રીની અદ્‌ભુત, અનન્ય ભાવકરુણા, શિષ્યનિઃસ્પૃહ અને શાસનદાઝનો લેશ રજૂ કરું છું.

અમને બે ભાઈને સંસાર કીચડમાંથી કાઢવા માટે શ્રીમદે જે વિરોધ-વાતાવરણમાં જહેમત ઊઠાવી અને દીક્ષાપ્રદાનનું જે સાહસ ખેડ્યું એ એઓશ્રીના હૃદયમાં વહી રહેલી ભાવકરુણા-ભાગીરથી વિના શે બને ? વિ.સં. ૧૯૯૦ ના ચોમાસામાં એઓશ્રી મને દીક્ષા લેવા માટે ખૂબ ખૂબ પ્રેરણા કરતા. પરંતુ ઠેઠ આસો ઓળી વીતી ત્યાં સુધી નિર્ણય પર ન અવાયું. એ જોઈ પૂજ્યશ્રીએ હતાશ ન થતાં મારા મનની ચોરી પકડી કરુણાના એક છેલ્લા પ્રયત્ન તરીકે મને કહ્યું 'જો, તારે દીક્ષા મોડી લેવી હોય તો મોડી લેજે, પરંતુ બ્રહ્મચર્ય લઈ લે ! ત્યાં હું ચોકયો. મનને થયું કે 'દીક્ષા તો લેવી જ છે, પરંતુ કદાચ ન લઈ શકાઈ તો સંસારમાં વાંઢા શી રીતે રહેવાય ?' મનમાં આ પાપની ચોંકામણ હતી. પરંતુ ૨-૪ મિનિટમાં જ વિચારી લીધું કે.'

'સાહેબજી કાંઈ બળાત્કાર નથી કરવાના; એટલે 'ના, હમણાં વિચાર નથી' કહીં ચાલતી પકડીશ તો કોણ રોકવાનું છે ? કિન્તુ ચોમાસુ તો હમણાં પૂરું થઈ જશે અને પૂજ્યશ્રી વિહાર કરી જશે, પછી તને આ તોફાની જુવાનીમાં કોણ સમર્થ ઊંચકી શકવાનું હતું ? ગદ્ધાપચીશીની વયમાં જો આવી તક ચૂક્યો તો જિંદગી માટે ખલાસ ! માટે કર સાહસને પામ. આવા અશરણ-શરણ્યના ખોળે માથું મૂકી દે ! બસ, ૨-૪ મિનિટમાં જ નિર્ણય લીધો ને આજીવન બ્રહ્મચર્ય લઈ લીધું. એનો એવો ચમત્કારિક પડઘો પડ્યો કે પછી તો તરત દીક્ષાનું નજીકનું મુહૂર્ત કઢાવ્યું અને પોષ-સુદ ૧૨ અમો બે ભાઈની દીક્ષાથી શોભી ઊઠી. પણ એ જે રીતે થઈ એ કાળે શ્રીમદ્‌નું ભાવકરુણાભર્યું એક જબરદસ્ત સાહસ હતું. આવી આવી તો કેટલાયની ઉપર કરુણા શ્રીમદે વરસાવી છે. ત્યારે આ ભાવકરુણા પણ ખાલી હૃદયની ઊર્મિ નહોતી પણ ભોગ આપીને કરેલી સક્રિય કરુણા હતી.

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ પણ સમ્યક્ત્વના લક્ષણમાં કહે છે **'ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શક્તે મન લાવ;** આમાં 'નિજ શકતે' કહ્યું છે એ સક્રિય કરુણાની દૃષ્ટિએ. નહિતર તો ખાલી ભાવના ભાવવામાં શું કામ બાકી રખાય ? એમાં શી શક્તિ જોઈતી હતી ? નિજ શક્તિ તો સક્રિય ભાવ કરુણામાં જોવાની હોય. શ્રીમદ્‌માં અપરંપાર એ હતી. માટે જ દીક્ષાઓ ઉપરાંત વિશેષ તો વિશાળ ગચ્છના પાલનમાં એઓશ્રીની કરુણા સદા વહેતી. એઓશ્રીની સામે કવચિત્ ક્યારેક કોઈ ઉદ્ધતાઈ કરી, યા એઓશ્રીની ઈચ્છાવિરુદ્ધ વર્તાવ કર્યો, તો પણ કરુણાસાગર એઓશ્રીના દિલમાં એની કોઈ જ ગાંઠ નહિ; તેમ એને કષાય વૃદ્ધિનું નિમિત્ત ન આપતાં મૌન રહેતા એટલે તો એ ગુન્હાહિત આવીને ક્ષમા માગતો. ત્યારે પૂજ્યશ્રી

કહેતા 'જો ભાઈ ! હવે ખ્યાલ રાખજે, નાહક કર્મબંધ થાય એવું શા માટે કરવું ?' બસ, પછી એના પર એજ વાત્સલ્ય, એ જ દયા.

એઓશ્રી મોટા સાધુઓને કહેતા કે 'જુઓ આ બધા પંચમકાળના જીવો છે, એટલે ભૂલભાલના ભરેલા હોય એ બને. એથી એનો તિરસ્કાર ન કરતાં એના પર સદાય વાત્સલ્ય રાખી મીઠાશથી એને કહેજો ! પોતે એ રીતે પ્રેમ અને કરુણાથી ગચ્છ સંભાળ કરી છે, એનું પરિણામ જગતે જોયું કે ૨૫૦-૩૦૦ મુનિઓના સમુદાય પર એઓશ્રીનું એક છત્રી સામ્રાજ્ય હતું.

સંઘ ઉપર પણ એઓશ્રીની અનેક રીતે સક્રિય કરુણા વરસતી રહી છે. મુનિઓને વ્યાકરણ, કાવ્ય અને દર્શનશાસ્ત્રોમાં મુનિઓને એવા તૈયાર કરેલા કે પછી એજ બીજા મુનિઓને ભણાવે જેથી સંઘ પર પંડિતના ખર્ચનો બોજ ન પડે. આમ બીજા પણ બોજ બને ત્યાં સુધી એઓશ્રી ટાળતા. સુરેન્દ્રનગરમાં વિ.સં. ૨૦૧૫માં એકી સાથે દસ મુનિઓની પંન્યાસપદવી કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે સંઘને કહેલું જુઓ ! આપણે તો માત્ર નાણ મંડાવવાની છે પણ કોઈ મોટો ઠાઠ ઠઠારો કરવા ખેંચાશો નહિ. પૂર્વે વડ નીચે ૮૪ને આચાર્ય પદવી અપાયેલી જ છે ને ! શ્રાવક એના ઉછળતા ભાવથી કરે એને અટકાવવાનો નહિ, પરંતુ ખેંચાઈને કરે એમાં કદાચ ભાવ બગડે, માટે એવું ન થવા દેવું એ ભાવ કરુણામાં શ્રીમદ્ સાવધાન રહેતા.

શિષ્ય નિસ્પૃહતા પણ એઓશ્રીમાં અમારી દીક્ષામાં એવી જવલંત જોવા મળી કે અમારી દીક્ષા પૂર્વે પૂ. પરમગુરુદેવ આચાર્ય ભગવંત વિજયદાનસૂરીશ્વરજી મહારાજસાહેબને એમના પર હુકમ કરવો પડેલો કે **'હવેથી કોઈ તમારા નામથી દીક્ષા માગતો આવે તો એને ના પાડતા નહિ'** આમ છતાં અને અમ પામર માટે એઓશ્રીને એ વખતથી આશા હતી કે 'આ શાસનરત્નો થશે' છતાં, એ નિસ્પૃહ શિરોમણિએ ઠેઠ દીક્ષાની ઘડી સુધી પોતાનો શિષ્ય બનાવવાની વૃત્તિ ધરી નથી; આડકતરું પણ એવું આકર્ષણ કર્યું નથી કે જેથી અમે એમના જ શિષ્ય થઈએ. એતો માત્ર ઠેઠ દીક્ષાની ક્રિયા કરાવ્યા બાદ અમને પૂછ્યું કે' તમારે કોના નામની દીક્ષા કરવી છે ?' કેવી અદ્ભુત નિઃસ્પૃહતા ! માટે જ એઓશ્રીના પોતાના શિષ્ય બહુ થોડા છે, ને પ્રશિષ્યો ઘણા છે.

શાશનદાઝ પણ એઓશ્રીમાં અનન્ય, અવર્ણનીય નીહાળી. એના એક દૃષ્ટાંતમાં, મુનિઓને એઓશ્રી ઝડપી જ્ઞાનવિકાસ કરાવતા. એ માટે રોજ હાજરી લેતા, ઉત્સાહ ચડાવતા, અને જરૂર પડ્યે પોતે અભિગ્રહ પણ કરતા કે 'જો તું આટલા વખતમાં આ ભણવાનું પૂરું નહિ કરે તો પછી મારે અમુક ચીજ ત્યાગ છે.'



એઓશ્રીની ગણતરી હતી કે મુનિ ગીતાર્થ બને એટલે સારું સંયમ પાળી શકે, તેમજ સ્વાધ્યાયમાં રસથી લાગ્યો રહે એટલે આડાઅવળા વિચારોમાં ન ચડે. વળી સંયમ સ્વાધ્યાયમાં જ રક્ત મુનિઓ શાસનને પણ સાચા અજવાળનારા અને પરંપરા વધારનારા બને. આવી કરુણાયુક્ત શાસનદાઝ વિશેષ તો ત્યાં પ્રગટ થતી કે એઓશ્રી બુદ્ધિમાન શિષ્યોને તેજીથી જ સંસ્કૃત પ્રાકૃત-વ્યાકરણ, તર્કશાસ્ત્ર, દર્શનશાસ્ત્રો, પ્રકરણો, આગમો, વગેરેનો બોધ કરાવતાં. માટે જ મને દીક્ષા પછી ૩ માસમાં જ તર્કશાસ્ત્રનું અધ્યયન શરૂ કરાવ્યું. પછી તો કાળજી પાકી ને ઉપરના તર્કદર્શનોનાં શાસ્ત્ર કાશીથી ખાસ પંડિત બોલાવીને કરાવેલાં. આમાં દૃષ્ટિ એક માત્ર શાસનની હતી. તેથી જ એઓશ્રીને એ ડર નહોતો કે 'આ ઝટપટ સારું ભણાવીને તૈયાર કરેલા પંખેરા પાંખ આવતાં ઉડી જશે તો મારી સેવા-શોભામાં કોણ ? આમ એ પરમ કૃપાળુ ગુરુદેવશ્રીના એકેક ગુણનો અનુભવ લખતાં પાનાં ભરાય પણ અહીં તેટલો અવકાશ નથી. એટલે ટૂંકમાં હું કહીશ કે માત્ર વિ. સં. ૨૦૦૨ વિસનગર તથા ૨૦૦૫ અને ૨૦૨૩ મુંબઈના જુદા ચોમાસા સિવાય વિ. સં. ૧૯૯૧થી વિ. સં. ૨૦૨૪ સુધી એઓશ્રીના પાવન સાનિધ્યમાં રહી સંયમ-બ્રહ્મચર્ય, સમતા, સહિષ્ણુતા, શાસ્ત્રવ્યસંગ, ત્યાગ, વિહાર, નિર્દોષગોચરી, સાધુસેવા, વચનગુપ્તિ, લઘુતા, અંતર્મુખતા વગેરે વગેરે સંખ્યાબંધ ગુણો ઉચ્ચકક્ષાના અનુભવ્યા છે. દૂધ-ઘી વગેરે વિગઈઓ ઉપર એમને ભારે તિરસ્કાર; તે હું દીક્ષાના પહેલા ચોમાસામાં એકાંતરે ઉપવાસ કરવા લાગ્યો ત્યારે મને કહે 'જો તપ જ કરવો હોય તો આયંબિલનો કર, ઉપવાસમાં તો પારણે રસનાને ઉજાણી થશે.' કેવું સરસ નિદાન ! નિંદા, કુથલી, જાતવડાઈ, રત્નત્રયી બાહ્યપ્રવૃત્તિ વગેરેથી એ દૂરજ રહેતા. ધન્ય અપ્રમાદ ! ધન્યમહર્ષિ ! ધન્ય આચાર્ય ! ધન્ય ગચ્છાધિપતિ...ધન્ય ગુરુદેવ !

**"સુઘોષા"** **વર્ષ-૭,અંક-૩, આસો**

## મુક્તિ માર્ગના ઓ પથિક !...

**(લે.- પૂ. પંન્યાસજી મ. ભાનુવિજયજી ગણિવર)**

**(કૉલેજના વિદ્યાર્થીને લખાયેલ એક પત્ર)**

સદૈવ એટલું વિચારતો રહેજે કે આ માનવબૃદ્ધિ, શક્તિ અને માનવદેહ શા માટે મળ્યાં છે ? જડના વિચાર અને જડ હિતકારી પ્રવૃત્તિ કરવા માટે ? કે આત્માનો વિચાર અને આત્મ હિતકારી પ્રવૃત્તિ કરવા માટે ? જડના વિચાર અને પ્રવૃત્તિ ભરપૂર અને કલાકોના કલાકો કર્યે જવામાં અનંત સમૃદ્ધિના ખજાના ખોલવા

માટે સમર્થ એવી મહા કિંમતી બુદ્ધિ અને પુરુષાર્થ શક્તિ વેડફી નાખતાં કોઈ અંતરનો કકળાટ ? કોઈ હૈયાફાટ રુદન ? તેમજ તેવી સમર્થ માનવ કાયાને જડમુખી પ્રવૃત્તિમાં રગદોળતાં કોઈ શરમ... સંકોચ... સંતાપ ખરાં ?

એ પણ ન ભૂલજે કે આ જીવની માનવભવ રૂપી હોસ્પિટલમાં આત્મરોગોની ચિકિત્સા કરવા માટે ભરતી થઈ છે. તો પછી તેવી ભરતી થયા પછી આત્મરોગોનું પોષણ કરવાનું ? કે શોષણ માટે ખૂબ મથવાનું ?

અરિહંત પ્રભુ જેવા ધન્વંતરી, સદ્ગુરુઓ જેવા કમ્પાઉન્ડર, માનવ ભવ જેવી હોસ્પિટલ અને દર્શનજ્ઞાન, ચારિત્ર-તપ જેવી રામબાણ દવાઓ મળવા છતાં કાતીલ આત્મરોગોને હટાવવાનો એક માત્ર નિર્ધાર અને એનો જ ભેખ નહીં લેવાય તો પછી કયા ભવમાં આ ઉચ્ચ સામગ્રી મળવાની ? અને એ મહાન કાર્ય થશે પણ કેવી રીતે ?

જીવન બહું ટૂંકું છે અને રાગ, દ્વેષ, આસક્તિ, વિરતિ, કષાયો, હર્ષ-ખેદ વગેરે રોગો અપરંપાર છે. એનો બહુ ઉંડો વિચાર કરજે, આ દેહરૂપી ટમટમિયા દીવામાં આયુરૂપી તેલ પરિમિત છે. એના અજવાળે શાસન ખાણમાંથી મેળવી લેવાનું ઘણું છે, અપરિમિત છે, તો એ જીવન દીપક એક ક્ષણ પણ શે જતી કરાય? અંતે-પ્રાપ્ત થયેલ ઉત્તમ જીવનની કદર મૂલ્યાંકન એક ઝવેરીની અદાથી કરજે, કોહીનુર હીરાનું મૂલ્ય ઝવેરી કેવાં આંકે ? એના રક્ષણ કેવાં કરે ? એને કોના અંગ ઉપર ચઢાવે ? એ મળ્યા પર કાચના ટુકડા પ્રત્યે કેવો બેપરવા હોય? બસ, એ રીતે આપણા આ અતિદુર્લભ જીવન અંગે વિચારવાનું છે. એનાં સંરક્ષણ વીતરાગ ભગવાનના વચનની તિજોરીમાં રાખી કરવાનાં છે. એને ત્રણ લોકના તારણહાર તીર્થંકર પ્રભુના ચરણે ધરવાનું છે.

મહાનુભાવ ! નક્કી સમજજે કે અમારી આંતરિક કરુણાની વેદનાનો આર્તનાદ છે મનને એમ થાય છે કે આવો ઉત્તમ ભવી જીવ સુરેન્દ્રો અને નરેન્દ્રોથી સેવિત તીર્થંકર ભગવાનનું શાસન પામીને પણ જડના વિકલ્પોની ભૂતાવળમાં અટવાઈ રહે ? બિચારો કેવો કર્મ પીડિત કે એના અંતરની સ્વસ્થ વિચારધારા ગુંગળાઈ રહી છે અને એ મોહ અને વિષય-કષાયોની આજ્ઞા સહર્ષ ઉઠાવી રહ્યો છે.

ત્યાંની કૉલેજ-સ્કૂલ, ઘર, ચોપડીઓની સૃષ્ટિ સાથે શિબિરની ભેટ રૂપે મળે સામાયિક, તત્ત્વચિંતન, ત્યાગવૃત્તિ તપ, જાપ, આધ્યાત્મિક વાંચન સાથે આરાધનામાં શક્ય શક્તિઓને કામે લગાડી દેજે ને એ આરાધનાની માહિતીનો પત્ર અવસરે લખજે.



“સુઘોષા” વર્ષ-૯,અંક-૧-૨,તા.૩૦-૯-૧૯૭૦

## પર્યુષણાનું એક પ્રેરક બળ

### (માનવજન્મ મળ્યો શાહજોગ વેપારથી કે લોટરીથી)

(લે.- પૂ. પંન્યાસજી મ. ભાનુવિજયજી ગણિવર)

(માનવજન્મ મળી તો ગયો છે પણ આરાધના વિના એળે જાય છે એ માટે પૂ. પંન્યાસજી મહારાજશ્રી ટૂંકમાં સુંદર શબ્દો અને ભાવવાહિ શૈલીમાં રાગ-દ્વેષાદિ કષાયોને અલ્પ કરવા, દાનરુચિ વધારવા અને પર્વાધિરાજની આરાધનામાં લીન રહેવા સૂચન કરે છે.)

પર્યુષણા મહાપર્વ આવી રહ્યું છે. એની સુંદર આરાધના થાય એ માટેની પ્રેરણા મેળવવાના અનેક ઉપાય છે, એમાં એક ઉપાયભૂત વિચારણા અહીં કરવામાં આવે છે. મનુષ્ય જન્મ પામેલો જીવ પશુ-પંખી તથા કીડા-મકોડા અને યાવત્ પૃથ્વીકાય... વનસ્પતિકાયાદિ જીવો કરતાં અતિ અલ્પ સંખ્યામાં છે. એ સ્પષ્ટ દેખાય છે. એ હિસાબે માનવજન્મની અતિ દુર્લભ પ્રાપ્તિ સમજાય એવી છે.

આ મનુષ્ય જન્મ શી રીતે મળે છે ? શાસ્ત્ર કહે છે કે સ્વભાવે અલ્પ કષાય, દાનરુચિ અને મધ્યમ ગુણો એ મનુષ્યપણાનું આયુષ્ય બાંધવાનાં કારણો છે. પૂર્વે એ સેવ્યાં હોય તો એથી મનુષ્ય-આયુ ઉપાર્જન થઈ અહીં માનવ અવતાર મળી ગયો હોય એ બનવાજોગ છે.

ત્યારે એવું પણ બને છે કે જીવની કર્મ લઘુતા થઈ હોય તેથી મનુષ્યપણું મળી ગયું હોય. દા.ત. મરુદેવા માતા સીધા વનસ્પતિકાયમાંથી અહીં મનુષ્ય જન્મ પામ્યાં એમ જીવ તેઉકાય-વાઉકાય અને સાતમી નરક સિવાય બીજી સ્થિતિમાંથી નીકળી મનુષ્ય થઈ શકે છે. ત્યાં એકેન્દ્રિય, વગેરેના અવતારમાં સમજપૂર્વક સ્વભાવે અલ્પ કષાય, દાનરુચિ વગેરે કરવાનું ક્યાં છે ? છતાં આત્માના તેવા અધ્યવસાય મનુષ્યપણાના આયુષ્યને યોગ્ય આવી ગયા અને મનુષ્ય આયુ બંધાઈ ગયું, તેથી મનુષ્ય થવાનું બનવા જોગ છે. નવમા અને ઉપરના દેવલોકવાળા દેવો તો મરીને મનુષ્ય જ થાય છે, પછી ભલે એમાં ગોશાળાના જીવ દેવતા જેવા દેવ હોય. આમાં પણ સહજ અલ્પ કષાય વગેરેની નિયમિત આરાધના હોય જ એવું નથી. આમ સહજ અલ્પ કષાયાદિની આરાધના દ્વારા કે કર્મલઘુતાએ તેવા મૃદુ અધ્યવસાય દ્વારા મનુષ્યજન્મ મળી શકે છે.

હવે અહીં જોઈએ કે સ્વભાવે અલ્પ કષાય અને મધ્યમ ગુણોની નિયમિત આરાધનાથી મનુષ્ય જન્મની પ્રાપ્તિને જો એક શાહજોગ વેપારથી થયાનું ગણીએ,

તો કર્મ લઘુતા અને તાત્કાલિક તેવા મૃદુ અધ્યવસાયમાં બંધાયેલ આયુષ્યથી થતી મનુષ્યપણાની પ્રાપ્તિને લોટરી લાગ્યા જેવું ગણાય.

આપણે બેમાંથી કઈ રીતે મનુષ્યપણું પામ્યા એની શી ખબર પડે ? ખબર આ રીતે પડે કે અહીં જો સ્વભાવે અલ્પ કષાય, દાનરુચિ ને મધ્યમ ગુણો ધરાવતા હોઈએ, ને એને યોગ્ય ધર્મ-પ્રવૃત્તિ ચાલતી હોય, તો સંભાવના થાય કે શાહજોગ વેપારથી માનવભવ પામ્યા છીએ પરંતુ જો એમ ન હોય, અને વાત-વાતમાં ભારે કષાય તેમ જ કૃપણતા હોય તથા મધ્યમ પણ ગુણોને બદલે દોષો તરવરતા હોય, તો સંભવ છે કે મનુષ્યભવ મળવામાં લોટરી લાગી હશે. કેમકે પૂર્વના તેવા સંસ્કાર નહિ એટલે અહીં તેવું સૂઝતું નથી છતાં નવે નામે સૂઝાડી શકાય છે. જગતમાં જ્યારે ક્યારેક ગુણો અને ગુણસાધક-ધર્મની નવી જ શરૂઆત થાય છે, કાંઈ અનાદિથી એના સંસ્કાર ચાલ્યા આવે અને આરાધના થતી હોય એવું નથી, અનાદિના સંસ્કાર તો ઉંધા છે.

હવે બંને સ્થિતિમાં અહીં ગુણો અને ધર્મની આરાધના આવશ્યક બને છે. જો નવી શરૂઆત નહિ થાય અગર પૂર્વભવથી ચાલુ આરાધના અહીં ચાલુ નહિ રહે તો આગળ શું દેખવા મળે એ સ્પષ્ટ છે.

સમજીને સહેજે અલ્પ કષાય, અલ્પક્રોધ-માન-લોભ, અલ્પ રાગ દ્વેષ આદિ, એમ સારી દાનરુચિ અને મધ્યમગુણો ઉદારતા, સહિષ્ણુતા, ગંભીરતા, પરોપકાર, દયા, વૈરાગ્ય વગેરે પ્રાપ્ત કરવા અને વિકસાવવા માટે પર્યુષણા મહાપર્વમાં ઘણી સુંદર તક મળે છે, કેમ કે-

(૧) એમાં તેવા ઉપદેશ અને મહાપુરુષોનાં ચરિત્રનું ભરપૂર શ્રવણ મળે છે.

(૨) લગભગ આખો સંઘ પર્વની આરાધનામાં લાગી ગયો જોઈ પ્રેરણા મળે છે.

(૩) દાન, તપસ્યા, અર્હત્ ભક્તિ વગેરેની આરાધના પર્વના હિસાબે સુલભ બને છે.

(૪) પર્વના પ્રભાવે મન કાંઈક કૂણું બને છે.

આ બધું જોતાં મનને એમ થવું જોઈએ કે બારે મહિના અગર ચોમાસાના ચારે માસ તો એવી આરાધના નથી કરતો, પણ આવા અદ્ભુત અને બીજા કોઈ પણ ધર્મમાં અપ્રાપ્ય મોંઘેરા પર્યુષણ મહાપર્વ પામીને તો જરૂર તક સાધી લઉં. જરૂર તન, મન, ધનથી શક્ય ઉચ્ચ આરાધના કરી લઉં. આવતા પર્યુષણાની કોને ખબર કે જોવા પામીશ કે નહિ ? સાજો હોઈશ અગર અનુકુળ પરિસ્થિતિ હશે કે કેમ ? આરાધના બધીય પાછી શામાં ઉતારવાનું લક્ષ રાખવાનું છે ? આમાં કે આપણા કષાય, રાગદ્વેષાદિ સ્વાભાવિક અલ્પ થઈ જાય, દાનરુચિ વધે, તે યાવત્



સર્વ ત્યાગના નિષ્પાપ જીવવાના માર્ગે ચઢાવે.

આ રીતે પર્યુષણા પર્વની બધી આરાધના હોંશથી કરાઓ એજ શુભેચ્છા.

**"સુઘોષા"** **વર્ષ-૧૧,અંક-૫, તા.૧૫-૧૨-૧૯૭૨**

## ભગવાન મહાવીર દેવની નિર્વાણ કલ્યાણકની ઉજવણી-કઈ રીતે ઉજવવી ?

(લે.- પૂ. પંન્યાસજી મ. ભાનુવિજયજી ગણિવર અમદાવાદ)

ભગવાન મહાવીરના ૨૫૦૦ મા નિર્વાણ વર્ષની ઉજવણી અંગે વિચારણા કરવાનું આજે આવશ્યક બન્યું છે. કેમકે, બહારમાં આ ઉજવણીનો ઉહાપોહ ચાલી રહ્યો છે; એટલું ધ્યાનમાં રહે કે કહેવાતા પ્રગતિવાદીઓ જે ઉજવણી કરશે તેમાં અનેક અનર્થો થવાનો સંભવ છે. જેવા કે - ભગવાનને તેઓ લોકોત્તર પુરુષ તરીકે નહિ પણ સામાન્ય માનવી તરીકે રજૂ કરશે. કસાઈ અને કતલખાનાની હિંસાથી માંડીને એકેન્દ્રિય જીવ સુધીની હિંસાના વિરોધકને બદલે તેમને યજ્ઞમાં થતી હિંસાના વિરોધક તરીકે અહિંસાના પેગંબર તરીકે ગણાવાશે. જૈન સિદ્ધાંતોને વિકૃત સ્વરૂપે રજૂ કરાશે. જૈન ધર્મને બાધક એવી જમાનાની વાતોને ધર્મમાં દાખલ કરી ધર્મરૂપે પોષવાનો પ્રયત્ન થશે. ધર્મના આચારને બદલે ભળતી વસ્તુઓને કર્તવ્ય ગણાવાશે. 'દાનનો પ્રવાહ બદલવો' એમ કહી આજ સુધી જે આરાધ્ય અંગે ચાલતાં આવ્યાં તે શાસનને અવિચ્છિન્ન રાખનાર વસ્તુઓ બંધ કરવાનું કહેવાશે. શાસનમાન્ય આચાર પરંપરાના રક્ષક સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકાની ઠેકડી જૂનવાણી ગણાવી ઉજાવાશે. મહાવીરના જીવનને વિકૃત સ્વરૂપે રજૂ કરાશે. ધાર્મિક કાર્યક્રમોમાં જાહેરમાં વાસના-વિલાસ-પોષક નૃત્યો તેમજ ધર્મના નામે યથેચ્છ ભાષણો, રાતના ભક્તિ કાર્યક્રમોના નામે સ્ત્રી-પુરુષોનાં સંમેલનો, રાત્રિભોજનો, નાસ્તા-પાણી પણ થવા સંભવ છે.

ધર્મ એ જાણે મંચ ગજવવાની જ વસ્તુ હોય એમ વાગાડંબર થશે. ધર્મી-અધર્મીના ઐક્ય અને સંગઠનોની વાતો થશે. આર્યસંસ્કૃતિનું ખૂન કરનારી આધુનિક કેળવણીને જ્ઞાન તરીકે અને એવી કેળવણી સંસ્થાઓને જ્ઞાનદાયક સંસ્થાઓ તરીકે બિરદાવી જ્ઞાનખાતાના નાણાં એમાં વાપરવાનું કહેવાશે. દેવદ્રવ્ય સીધી યા આડકતરી રીતે શ્રાવકોના લાભમાં વપરાય એ માટે એને સહકારી બેન્કો કે સસ્તા ભાડાની ચાલીઓમાં રોકવાનું કહેવામાં આવશે. વળી સંગઠિત ઉજવણી કરવામાં મૂર્તિપૂજા, દયાદાન, પવિત્ર જાપ, આગમો તથા શાસ્ત્રો પર અથાગ શ્રદ્ધા વગેરેનું

નામ પણ નહિ લેવાય.

આમ આ રીતે પ્રભુના નામ હેઠળ સીધી કે આડતકરી રીતે આર્ય જૈન સંસ્કૃતિને તોડનાર ભૌતિકવાદ, વિજ્ઞાનવાદ, વગેરેનું સમર્થન થવાનો સંભવ છે; એટલે આ બધી વાતનો ખ્યાલ આપી જૈનોને એવી ઉજવણી પ્રત્યે સજાગ કરી તેમાં ભાગ લેતા પહેલાં પૂરતો વિચાર કરતા કરવાની જરૂર છે.

આમ છતાં પ્રશ્ન એ ઉદ્ભવે છે કે માત્ર આવી ઉજવણીનો વિરોધ કર્યાથી જ ઇતિકર્તવ્યતા થાય ખરી ? કે એથી આગળ વધીને ઘસાતા જતા જૈન આચાર-વિચારોની રક્ષા કેમ થાય ? એમાં વૃદ્ધિ કેમ થાય ? ધર્મસંસ્કૃતિ નાશક આધુનિક પાશ્ચાત્ય રીતરીવાજો અને નવી જીવનપદ્ધતિ તથા ભ્રષ્ટાચારોથી પ્રજાને કેમ બચાવાય? જૈનધર્મનો બોધ કેમ વધે ? જિનેશ્વરદેવની ભક્તિ કેમ વધે ? એ માટે કંઈ કરવાની જરૂર ખરી ?

શું જૈન સંસ્કૃતિ રક્ષાનો અર્થ માત્ર એટલો જ છે કે જ્યાં સંસ્કૃતિ ઉપર ઘા પડતો હોય અને સંસ્કૃતિ તોડવા માટે પ્રયત્ન થતો હોય એનું ખંડન માત્ર કરવું ? શાસનરક્ષાના પ્રેમીઓનો માત્ર એટલો જ ઉદ્દેશ હોય ? આ બધાની સામે શાસનરક્ષા માટે કશું રચનાત્મક કાર્ય કરવાનો ઉદ્દેશ જ ન હોય ?

એક વાત ધ્યાનમાં રાખવાની છે કે આપણો ગમે તેટલો વિરોધ હોવા છતાં જમાનાવાદીઓ ભગવાન મહાવીરના નિર્વાણની ૨૫૦૦મી સાલની ઉજવણી કરવાના તો છે જ. એ વખતે ભારતની કરોડોની જનતા એમનાં વાજાં વાગશે તેમ દોરાશે અને એના આધારે ભગવાન મહાવીરને એક સામાન્ય મહાપુરુષ સમજશે. તે તો જમાનાવાદીઓના પ્રવાહમાં પ્રભુને યજ્ઞહિંસા વિરોધી અહિંસા અને કહેવાતા અનેકાંતવાદના પ્રચારક તરીકે, સ્ત્રીને પુરુષ જેટલી સ્વતંત્રતાના પ્રતિપાદક તરીકે, આધુનિક શિક્ષણના તથા ઉત્તમકુળ-નીચકુળના અભેદના પ્રચારક તરીકે ગણશે. વળી ઉપદેશક ધર્માચાર્યોને સંકુચિત વિચારના તરીકે ઓળખાવશે, ગચ્છભેદ કે ક્રિયાકાંડને ફતવા તરીકે બિરદાવશે. જૈનધર્મ માત્ર નિવૃત્તિમાર્ગની બહુ કડકાઈ અને સંકુચિતતાના કારણે પાછો પડી ગયો એમ કહેશે. આ બધું કરવાથી જૈનેતરો તો ઠીક પણ નવી ઉગતી જૈન પ્રજા જેને પ્રભુનું કે ધર્મનું ખાસ જ્ઞાન નથી તે પણ દોરવાઈ જશે.

આ આવી રહેલા ઘોડાપુરની સામે જૈન સંસ્કૃતિની રક્ષા માટે આપણે વિધેયાત્મક કશું કરવું જોઈએ. શુદ્ધ જૈન ધર્મના ટકાવ માટે સબળ રચનાત્મક પ્રયત્નો, પ્રવૃત્તિઓ અને આયોજનો વિના ટકવું મુશ્કેલ છે.

એક વાત આપણે સમજવી જોઈએ કે ૨૫૦૦ મા વીર નિર્વાણ-વર્ષનો



માણસના મન ઉપર એક વિશિષ્ટ સમય તરીકે ભાસ રહેશે, માટે આ વર્ષ એ જૈન જ નહિ પણ સમસ્ત આર્ય સંસ્કૃતિને થઈ રહેલા લોપનો પ્રતિકાર કરવા માટે એક સોનેરી તક સમું છે. એ પૂજ્ય આચાર્યાદિ શ્રમણ ભગવંતોએ ખૂબ વિચારવા જેવું છે. આ તકનો લાભ ઉઠાવી શાસ્ત્રસંમત અને શાસનપ્રભાવક આયોજનો કરી જૈન પ્રજામાં જૈનત્વનું ગૌરવ, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, જૈન આચારોનું મહત્ત્વ તથા પાલન, પરલોક દૃષ્ટિ, પાપભિરૂતા વગેરે ઉત્પન્ન કરવા તથા પ્રચારવાનો પ્રયત્ન કરવો જરૂરી છે.

એ ધ્યાનમાં લેવા જેવું છે કે જો આપણી શાસ્ત્રીય આયોજનપૂર્વકની ઉજવણી ચાલતી હશે તો ભદ્રિક પ્રજા જમાનાવાદી આયોજન તરફ નહિ તણાય માટે આ વર્ષ દરમિયાન (૧) જિનેન્દ્રભક્તિના ઉત્સવો ઉજવાય. (૨) ભગવાનના તપ-ત્યાગ વૈરાગ્યમય જીવન તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર્ય પર વિશિષ્ટ વ્યાખ્યાનો રખાય. (૩) દાન-શીલ-તપ-ભાવના, માર્ગાનુસારીના ૩૫ ગુણ, શ્રાવકના ૨૧ ગુણ, શ્રાવકની દિન ચર્યા, ભાવ શ્રાવકનાં વિવિધ લક્ષણો ઉપર વ્યાખ્યાનો યોજાય. (૪) ભગવાનના મહાવીરની જીવનકથાની તથા જીવનના મર્મની શાસ્ત્રીય પુસ્તિકાઓ પ્રગટ કરવામાં આવે. (૫) જૈન ધર્મના ઇતિહાસની, સિદ્ધાંતોની, આચાર, વિચાર, ચર્યા વગેરેની પુસ્તિકાઓ પણ પ્રગટ કરવી જોઈએ. (૬) 'ભગવાન મહાવીરનો સંદેશ' એવા નામની ત્રણ મિનિટમાં વાંચી શકાય એવી પત્રિકા શાસ્ત્રીય રીતની તૈયાર કરાવી આકર્ષક સ્વરૂપે છપાવી વહેંચવામાં આવે. (૭) ભારતનાં ગ્રામ-નગરોમાંથી દરેક ૨૫૦૦ બ્રહ્મચર્ય વ્રત, બાર વ્રત લેનારા, રાત્રિભોજન ત્યાગ કરનારા, કંદમૂળ ત્યાગ કરનારા, અભક્ષ્ય ત્યાગ કરનારા, સાત વ્યસન ત્યાગ કરનારા, બીડી ત્યાગ કરનારા, સીનેમા ત્યાગ કરનારા વગેરે ઊભા કરવામાં આવે. (૮) ૨૫૦૦ ધાર્મિક પાઠશાળાઓ ઊભી કરવામાં આવે. (૯) અમુક સમય સુધીમાં ૨૫૦૦ સામાયિક કરનારા, રોજ પ્રતિક્રમણ કરનારા તૈયાર કરવામાં આવે.

આજે જ્યારે જૈન કુટુંબોમાં પણ કંદમૂળ અને અભક્ષ્ય વસ્તુઓનો ઉપયોગ થતો હોવાનું જાણવા મળે છે ત્યારે ૨૫૦૦મા નિર્વાણ વર્ષની ઉજવણીની તક ઝડપી લઈ પૂજ્ય શ્રમણ ભગવંતો યોજનાબદ્ધ કાર્ય કરી સામાન્ય રીતે સર્વ જનતાને અને ખાસ કરીને જૈનોને મૂળભૂત ધર્મના માર્ગે વાળવા માટે યથાયોગ્ય પ્રયત્ન કરે એ એક આવશ્યક છે.

વળી સ્મૃતિમંદિરની જે વાત મેં કરી છે તે પણ જૈન શાસ્ત્રાનુસાર અને પ્રતિષ્ઠાવિધિ સંપન્ન સમજવાનું છે. આ બધાં કાર્યોને સરકાર સાથે કાંઈ સંબંધ નથી પરંતુ શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન ચતુર્વિધ સંઘ કરે.

**(- મુંબઈ સમાચારના 'જય જિનેન્દ્ર'ના સૌજન્યથી)**

# મહામહિમાશાલી વર્ધમાનતપ

## (લે.- પૂ. મુનિરાજશ્રી પદ્મવિજયજી ગણિવર)

(વર્ધમાનતપના મહિમાને પૂ. મહારાજશ્રી અહીં પોતાની શૈલીમાં રજૂ કરે છે. પૂ. મુનિવર્ય્યશ્રીએ યુવાનીના ઉંબરે પગ મૂકતા સંયમગ્રહણ કર્યું છે. મૂલ અમદાવાદ-રાજનગરના વતની. પૂ.પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની સેવામાં ત્રણેય ભાઈઓએ સંયમરત્નને ગ્રહણ કરેલ છે. મોટાભાઈ પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી ગણિવર, જેઓ સુપ્રસિદ્ધ વિદ્વાન તથા સમર્થવક્તા છે. પૂ. મુનિરાજશ્રી પદ્મવિજયજી મ. શ્રી પણ વિદ્વાન તથા વ્યાખ્યાતા છે. એમનાથી નાના ભાઈએ પણ સંયમગ્રહણ કર્યું હતું, અલ્પસમયમાં સુંદર આરાધના કરીને સમાધિપૂર્વક કાળ-ધર્મ પામ્યા છે. તેઓશ્રીના બહેને પણ સંયમગ્રહણ કર્યું છે. અને આજે સુંદર આરાધના કરી રહ્યા છે. પૂ. લેખક મહારાજશ્રીની શારીરિક પ્રકૃતિ અસ્વસ્થ છતાં વર્ધમાનતપની ઓળીઓ કરે છે.)

**પ્રભાવી જૈનશાસન :**

ત્રિલોકનાથ અનંતજ્ઞાની શ્રી જિનેશ્વર ભગવંતોનું શાસન ત્રિકાલાબાધિત છે. તે શાસનની આરાધનાના અજોડ પ્રભાવે અનંતાનંત આત્માઓએ નિજના અનંતજ્ઞાનાદિ ઐશ્વર્યને પ્રાપ્ત કર્યા. વિભાવ-હલાહલનું વમન કરી સ્વભાવના અમૃતપાનમાં મસ્ત બન્યા. અજ્ઞાનનાં કારમા અંધકાર ઉલેચાયા અને કેવળ જ્યોતિનો જ્વલંત પ્રકાશ આત્મામાં પથરાઈ ગયો. જન્મ, જરા, મૃત્યુના, ભૂખતરસના, આધિવ્યાધિના, છેદનભેદન વગેરેનાં સઘળા દુઃખો નામશેષ બની ગયા. કર્મરૂપ ક્રૂરસમ્રાટની અનંતકાલીન પરતંત્રતાના પાશમાંથી આત્યન્તિક છૂટકારાના દમને લીધા. અહો ! પ્રભાવવંતુ એ જૈનશાસન જયવંતુ હો. પ્રભુધર્મની કોઈ અજબ બલિહારી !

**વર્ધમાન તપ :**

પરમાત્માનું શાસન કહો, પરમાત્માનો ધર્મ કહો કે આરાધનાનો માર્ગ કહો એ બધા સમાન અર્થને કહેનારા પર્યાય શબ્દો છે. પરમાત્માનો ધર્મપ્રાસાદ દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર પાયાથી સુસ્થિર અને સુશોભિત છે. વર્ધમાનતપ એ ધર્મમહેલના ત્રીજા પાયા રૂપ છે. વિવિધ પ્રકારના તપધર્મમાં વર્ધમાન તપ એ અતિશય ઉગ્રતપની ગણતરીમાં આવે છે કારણ કે તે તપમાં આયંબિલ કરવાના હોય છે એટલે વિકૃતિને કરનારી વિગઈઓને સર્વથા તાળું દેવાઈ જાય છે. એમાં કાંઈ શંકાને અવકાશ નથી. વર્ધમાન એટલે ક્રમે કરીને વધતોજતો તપ, જેમાં એક



ઓળીથી પાંચ ઓળી સુધી પાયારૂપે કરવાની અને તે બાદ છઠ્ઠી-યાવત્ સોમી ઓળી સુધી અનુક્રમે વધવાનું બને છે.

**તપની મંગલમયતા :**

શ્રુતકેવલી ભગવાન શય્યંભવસૂરિજી મહારાજે દશવૈકાલિકના પ્રથમ અધ્યયનમાં પહેલી ગાથામાં ધર્મનું સ્વરૂપ વર્ણવતા ફરમાવ્યું કે 'ધમ્મો મંગલમુક્કિટ્ઠં અહિંસા સજમો તવો' જેથી તપધર્મની મહામંગલમયતા નિર્વિવાદપણે સિદ્ધ થાય છે. મંગળ એ સંસારને ગાળે છે, અને મહાન કલ્યાણને સર્જે છે. તપોમય મંગળની સાધનાથી નિકાચિત કર્મો પણ ભસ્મીભૂત થઈ જાય છે, મલીનવાસનાઓ અને દુષ્ટ વિચારોરૂપી અપમંગલોનો નાશ થાય છે. આ ભાવમંગલની સાધનાથી સુસાધ્ય શું ન બની શકે ?

**તપમાં વિઘ્નભૂત થતી આહારસંજ્ઞા :**

આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાઓની જબરજસ્ત ચોકી આત્મા પર અનાદિ અનંત કાળથી ગોઠવાઈ છે. આહારસંજ્ઞાના કુસંસ્કારો જન્માન્તરાનુગામી બનવાથી એક ગતિમાંથી બીજી ગતિમાં જતાં પહેલેજ સમયે ઔદારિકવર્ગણા વગેરેમાંથી પુદ્ગલો આહાર રૂપે ગ્રહણ કરે છે. તેમાંય માનવ અને તિર્યંચ આહારસંજ્ઞાના જોરે માતાપિતાના રૂધિર અને શુક્રનું સંયુક્ત દ્રવ્ય જે બીભત્સ અને ઘૃણાપાત્ર ગણાય તેમાંથી તે જ અશુચિ પુદ્ગલોમાંથી સપ્તધાતુમય નૂતન શરીરને બનાવે છે. આહારમાંથી શરીર ઊભું થયું, તે શરીરને સાચવવા ટકાવવા હિંસા વગેરે પાપસ્થાનકોનાં તાંડવો સરજાયા, તેની ગુલામીના કારણે આત્મા સદાચારનો ભંગ, અભક્ષ્યના ભક્ષણ, અપેયના પાન, ભોગવિલાસ અને મોજમજા, દુર્વ્યસનોની અમર્યાદિત ક્રીડા, અને માનવતાને દફનાવનારી સ્વચ્છન્દ અને અયોગ્ય પ્રવૃત્તિઓનો ભોગ બન્યો. એક જ આહારસંજ્ઞાના પાપે અનેકાનેક પાપોની પરંપરા વધી અને તે સંજ્ઞાના કીડા બનેલ રાંકડા આત્માની કારમી દુર્દશા થઈ, એ અત્યંત ખેદજનક ઘટના બની છે. આત્માના અનંતકાળના ઇતિહાસમાં આજ ચર્ચા ચાલુ રહી, હવે તપધર્મની આરાધનાથી નવીનયુગ સર્જવાનો છે.

**આહારસંજ્ઞા કોને કહેવી ? :**

ક્ષુધાવેદનીયના ઉદયથી ભૂખ લાગે અને ખાવાની ઇચ્છા થાય તેથી ખાવું પડે એ આહાર સંજ્ઞાની પરાધીનતા ન કહેવાય. શરીરની ઇમારતને ટકાવવા પૂરતું આપવાની આવશ્યક્તા ઉપસ્થિત થાય એ જીવનને જીવવા અંગેની ત્રણ જરૂરીયાતો જેવી કે આહાર, વસ્ત્ર અને ઘરમાંની એક જરૂરીયાત ગણાય. એટલે ક્ષુધા લાગે ત્યારે આહાર લેવો પડે એ આહારસંજ્ઞાની રમત નથી. વારંવાર ખાવાની ઇચ્છા, એકવાર ખાધા બાદ તૃપ્ત થયા પછી પણ ખાવાની ઇચ્છા, સરસ મધુર અને

વિવિધ વાનગીઓનો ભોગ તૃષ્ણા કરવાની લહેજતદાર પદાર્થો મળે, લમ્પટપણે અકરાંતીયા બનાય તેવી ઉત્કટ વાસનાભૂખ વિના પણ જેવું તેવું આરોગવાની કુટેવ એ બધા આહારસંજ્ઞાનાં જ ઉન્મત્ત તોફાનો છે. આ જીવે ધાન્યનાં અનંતરાશિઓનો ભોગ કર્યો સાગર જેટલા માતાના દૂધપાન કર્યા. મનગમતા રસનેન્દ્રિયના વિષયોને ભોગવવામાં કાંઈપણ કમીના ન રાખી છતાં આહારસંજ્ઞા કેમ કપાઈ નહિ ? પેટને જોઈએ કેટલું અને ભૂખ કેટલી ? ભૂખ કોના ઘરની ? સુવર્ણના ગચ્ચાઓથી ખાડો ભરાય છે અને ધૂળના ઢગલાથી પણ ખાંડો પૂરાય છે છતાં મહાનુભાવ ! પેટમાં ધૂળ જેવું જાય કે સુવર્ણ જેવું ? લૂખું, રસકસ વિનાનું અને અસાર ભોજન એ ધૂળ સમાન, રસકસવાળું સ્નિગ્ધ વિગઈ ભર્યું ભોજન એ સુવર્ણસમ કહેવાય. આ સુવર્ણસમ ભોજનની તૃષ્ણા એ કોના પાપે ? આત્માની એ દુઃખદ પરિસ્થિતિનું અવલોકન કરવા આંતરચક્ષુ એ અનન્ય સાધન છે.

**'આત્માની સાહજિક અવસ્થા' :**

આત્માના મૂળભૂત સ્વભાવમાં અણાહારીપણું રહેલું છે, ખાવું, પીવું કે ભોગ ભોવવવા વગેરેનો નિજના સ્વભાવમાં સમાવેશ થાય નહિ. જળનો સ્વભાવ ઠંડક આપવાનો, અગ્નિનો સ્વભાવ ગરમી આપવાનો, અગ્નિનો સ્વભાવ ગરમી આપવાનો તેમ આત્માનો સ્વભાવ સરસ કે વિરસ આહારમાત્ર વગર જીવવાનો, અને જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનંત ગુણમાં મહાલવાનો, સિદ્ધ પરમાત્માઓએ સંજ્ઞાઓના ઝેર વિનાના અને નિર્મળ અરિસા સમા, કોને સ્મરણીય, વંદનીય અને પૂજનીય ન બને ? આપણો આત્મા પણ સિદ્ધ પરમાત્માના જેવી અનંત ઋદ્ધિને ધારણ કરનારો છે. પણ ખેદની વાત સાથે જણાવવું પડે કે, પવિત્રતાના પૂંજસમા એ નિરંજન નિરાકાર સિદ્ધ-પરમાત્મા ક્યાં અને અનંત દોષથી જન્મેલી અપવિત્રતાના નિધાનરૂપ આપણો કંગાળ આત્મા ક્યાં ?

**આહારસંજ્ઞાના દમનનો અનન્ય ઉપાય :**

કાયાનો મહેલ જે આહારસંજ્ઞામાંથી ચણાય છે, તે આહારસંજ્ઞાને કાપવા માટે અમોઘ શસ્ત્ર તરીકે તપ સિવાય બીજું શોધ્યું જડે તેમ નથી. મદોન્તમત્ત હાથીનો વિજય જેમ અંકુશથી કરી શકાય, તેમ આહારસંજ્ઞા પર વિજય મેળવવા માટે તપરૂપ અંકુશ અનિવાર્ય જરૂરી ગણાય. મહાવીરપ્રભુએ ૨૫મા ભવમાં નંદનઋષિ તરીકે માસખમણને પારણે માસણખમણ કરી ૧૧ લાખથી અધિક માસખમણો કર્યા અને આહારસંજ્ઞાને જર્જરિત કરી નાંખી, તપમાંય વળી વર્ધમાનતપ એટલે ઉગ્રતાની પરાકાષ્ઠા. જેથી ભોગની અનેક ઈચ્છાઓ જર્જરિત બની આત્મામાં મહાન સાત્ત્વિકતા અને નિર્લોલુપતા જન્મે છે. વિષયોને કેળવી-કેળવીને વાપરવાની



કળા જાણનાર હે આત્મન્ ! તારી કળા, હોશિયારી અને બુદ્ધિનો સદુપયોગ ક્યાં થયો ? તીર્થંકરદેવોને પણ આહાર કરવો પડે છે, છતાં આહારસંજ્ઞાના ત્યાં લેશમાત્ર તોફાન નથી. મુનિઓ આહાર કરવા છતાં તપસ્વીઓ કહેવાય છે, તેના કારણ તરીકે તે મહાપુરુષોએ તપ-ત્યાગની સાધના દ્વારા આહારસંજ્ઞા ઉપર વિજય મેળવ્યો છે, ધન્ય હો તે તપસ્વી મહાવિભૂતિઓને ! ક્રોડ ક્રોડ વાર વંદન હો દિવ્ય તપના આરાધકોને.

**આયંબિલતપથી અજોડ સિદ્ધિઓ :**

રસનાનો લોલુપી આત્મા રસનેન્દ્રિયના ઉત્સવ કરે તેમાં કાંઈ નવાઈ નથી. રસના વિજય મેળવ્યો કે વિજય મેળવવા માટે તપમય જીવન જીવવું એમાં જ આત્માની - શાબાશી કહેવાય. પરમ પવિત્ર અને - એવા આયંબિલતપન ઉગ્ર સાધનાથી - મહાન ચક્રવર્તીનો પણ ચક્રવર્તી બની - સિદ્ધિઓ હાંસલ કરી શકે છે. જેથી - આયંબિલતપ એ ઈન્દ્રિયોના વિકારને - ભૂત કરી દે છે. સ્નિગ્ધ અને ઈન્માદક - રના સેવનથી આત્મામાં વિકારો વૃદ્ધિ છે. આત્મા ભાનભૂલો બની અકાર્ય લજ્જાગુણને ખોઈ બેસે છે. વિકારોની ગતી ભઠ્ઠીમાં આત્માના પાંડિત્ય આદિ- રોકાઈ જાય છે. સમર્થ આત્મા પણ વિકા - ભોગ બની નિઃસત્ત્વ બને તો બીજાનું - ગજું ? આયંબિલતપ એ વિકારોને સળ- ઈન્દ્રિયોનું દમન અપૂર્વ રીતે સાધી શકે (૨) જીવનમાં ઋક્ષવૃત્તિને કેળવવાના અને સાધન તરીકે આયંબિલનો તપ ગણાય. -ત્મામાં અનાદિકાળથી રહેલી રાગાદિની ચિ- કર્મના પૂંજો ખેંચી લાવે છે, તેમ ભોજન- ચિકાસ રસગારવને પુષ્ટ કરી અનેક કર્મો આત્મામાં જમા કરી દે છે. તપથી થતી ક્ષષવૃત્તિ ભોજનની ચિકાસ તરફ ભારે સૂગ ઉત્પન્ન કરે છે. મસાલાદાર વાનગીઓને વાપરવાની વૃત્તિઓને તથા સંકલ્પોને નામશેષ બનાવી દે છે. અનાસક્ત યોગની સાધના અસાધારણ ભાગ ભજવનાર રુક્ષવૃત્તિ જ હોઈ શકે. જેમ તેમ ખાવું, અનેકવાર ખાવું; અનુકુલ પદાર્થો પર ઓવારી જવું, દર્શન અને ભોગના આકર્ષણ વગેરે અનેક દુર્દમ્યવૃત્તિઓનું સુંદર દમન થવા પામે છે (૩) રૂક્ષવૃત્તિને જીવવામાં મહાન પવિત્રતા આત્મામાં સરજાય છે. પવિત્રતાનો અભિલાષી આત્મા જીવનમાં તપ કર્યા વિના રહી શકતો નથી. સદાચાર અને બ્રહ્મચર્યથી મેળવાતી પવિત્રતામાં તપની ઉપયોગિતા ઓછી ન ગણાય. આહારશુદ્ધિ પર વિચારશુદ્ધિ અવલંબે છે, વિચાર શુદ્ધિ પર જીવનશુદ્ધિ નિર્ભર છે. તેથી આત્મશુદ્ધિનું સંપાદન કરવા તપધર્મ એ અનન્ય શરણભૂત છે. સાત્ત્વિક વિચારો એ આત્માની પવિત્રતામાં પ્રબલ પ્રમાણભૂત છે, જેને આ તપધર્મ ખેંચી લાવે છે. અને તેથી મનોનિગ્રહ સિદ્ધ થવામાં મુશ્કેલીઓની ભેખડો ભેદાઈ જાય છે (૪) તપથી શરીર કૃશ બને છે, લોહી માંસ શોષાય છે, ચરબી ઓગળી જાય છે. તે કંઈ તપથી

મેળવવા જેવી ચીજ નહિ પણ આંબેલ જેવા તપ કરીએ અને કષાયોની કૃશતા ન મેળવી શકીએ તો એ વિચારણીય ખરું કે નહિ ? ક્રોધ-કષાયને જલાંજલિ આપવામાં આપણે તપની સહાય અવશ્ય લેવી પડે, તપસ્વી આત્માઓ તપના સતત અભ્યાસથી પ્રશાંત મુદ્રા અને શાંત હૃદયને મેળવતાં ક્રોધની ઉદ્દામવૃત્તિઓ પર વિજયપતાકા ફરકાવે છે. વાતવાતમાં તપી જવું; ચીડીયલ પ્રકૃતિ રાખવી, મનની સ્વસ્થતાને ગુમાવી અસ્વસ્થતાનો અનુભવ કરવો, કોઈ મનગમતું ન થાય ત્યારે ક્રોધથી ખળભળી ઉઠવું, અને ઇન્દ્રિયોનો ઉશ્કેરાટ થઈ જવો. આ બધા ક્રોધના રૂપકોનો અવશ્ય અંત આવી જાય છે. યુદ્ધના મેદાનમાં લાખો અને કરોડો માનવીઓનો સંહાર કરી વિજય મેળવવો એ કાંઈ કઠીન નથી. પણ આત્માના આંતરિક ક્રોધાદિ શત્રુઓ પર વિજય મેળવવો એજ મહાન ભગીરથ કાર્ય કહેવાય. તે જ આત્માનો સાચો વિજય કહેવાય. અંતરંગ દુશ્મનોનો સંહાર તપના અણુબોમ્બને આભારી છે. એ ભૂલવા જેવું નથી. (૫) તપની સિદ્ધિ એટલે **ઇચ્છાનો નિરોધ.** ઇચ્છાના યૌવન ખોરવાઈ જાય છે. શરીરની ભરયુવાનીમાં પણ ઇચ્છા ઘરડી અને પાંગળી બની જાય છે. આજના ભોગવિલાસી કાળમાં પણ યૌવનના આંગણે પ્રવેશનારા કુમળી કાયાને ધારણ કરનારા દંપતીઓ ભોગોને ભરમાવી આયંબિલતપની સાધનામાં શૂરવીર બનેલા દૃષ્ટિપથમાં આવે છે. દુન્યવી અનેક ઇચ્છાઓનો અંત લાવવા પણ આવા દિવ્યતપની અનિવાર્ય આવશ્યક્તા રહે. (૬) આયંબિલતપથી કાયા કસાય છે, કઠોર બને છે, જેથી સહિષ્ણુતા ગુણની સિદ્ધિ આત્મા કરી શકે છે. સહન કરવું એ આત્મધર્મ, તે સુંવાળા બનાવવામાં કેમ સાધી શકાય ? નરક-નિગોદના ભવોમાં અનંતા-અનંત કાળ આ જીવે છેદનભેદન તાડન તર્જના વગેરેના દુઃખો અનિચ્છાએ સહન કર્યા, પણ તે સહિષ્ણુતાના યોગે આત્માએ કેવળ અકામનિર્જરા સાધી. એ વાત કેમ યાદ આવતી નથી ? આયંબિલતપ એ સ્વેચ્છાપૂર્વકના એ મહામંગલતપની સાધનાથી આત્મા અનુપમ સહિષ્ણુ બને છે. ગમે તેના કડવાં ને કર્કશ વચનો ગળી ખાવા, તે વચનો બોલનાર પર ભાવ-દયાની લાગણી, કાયાપર અનેક ઉપસર્ગોના જુલ્મોને આનંદભેર સહન કરવાની વૃત્તિ, અધમાધમ માનવીઓ પ્રત્યે પણ અશુભ સંકલ્પને દૂર કરવાની મનોવૃત્તિ એ બધા સહિષ્ણુતાના પ્રકારો છે, ઉપરોક્ત તથા બીજી બીજી અનેક તેવી સિદ્ધિઓનું સંપાદન આયંબિલતપની આરાધનાને આભારી છે.

**તપની જીવનમાં જરૂરીયાત :**

આયંબિલતપના યોગે રોગો ભસ્મીભૂત થઈ જાય છે. મર્યાદાતીત અને ચીકણા ભોજનથી થતી અનિયમિતતા અટકી જાય છે. રોગોની ફરીયાદ વારંવાર થાય છે તેનું કારણ શું ? ખાનપાને તો આજના કાળે માઝા મૂકી દીધી છે. વિવિધ રોગોના ભોગ બની માનવીઓ વૈદ્ય-ડૉક્ટરને શરણે ગયા. તેથી જીવનને નિયમિત



બનાવવા અને આરોગ્ય ટકાવવા તપ એ અતિ ઉપયોગી સાધન છે. તપ એ કાયામાં સ્ફુર્તિ લાવનાર છે. શરીરની શુદ્ધિને કરનાર છે. રોગને શિકાર ન બનતી કાયા દ્વારા ક્રિયાનુષ્ઠાનો તથા ધર્મની સાધના શક્ય બને છે. કાયામાં નિષ્પ્રયોજન મેદમાંસ શોષાવાથી કાયા હલકી બને છે. અને આત્માના તો અપરંપાર લાભો છે.

**વર્તમાનમાં તેજસ્વી તપસ્વીઓ :**

ભૌતિકવાદના જમાનામાં પણ જૈનસમાજમાં આયંબિલતપ વૃદ્ધિને પામી રહ્યો છે. સંસારની અનેક પ્રતિકૂળતાઓ વચ્ચે પુણ્યશાળી મહાનુભાવો એ ઉગ્રતપની ઉપાસના કરે છે. પવિત્ર સાધુસંસ્થામાં અનેક મહર્ષિ ઉગ્ર વિહારમાં પણ વર્ધમાનતપની ઓળી અજબ રીતે કરી રહ્યા છે. તપસ્વીરત્નો મુનિરાજશ્રી કુમુદવિજયજી મહારાજે તથા મુનિરાજશ્રી હર્ષવિજયજી મહારાજે રોટલી અને પાણીથી પણ અનેક આયંબિલો કર્યા હાલ બીજા પણ કેટલાક મુનિપુંગવો જેવા પરમ તપસ્વી પં. શ્રી કાન્તિવિજયજી મહારાજ. પ.પૂ. મુનિશ્રી ભાવવિજયજી મહારાજ તથા પ.પૂ.મુ. શ્રી રાજવિજયજી મહારાજ તો સો ઓળીની નજીકમાં આવી રહ્યાં છે. કઠોર તપની સાધનાથી તેઓશ્રીના જીવનમાં અદ્‌ભુત ગુણોનો પ્રકાશ પથરાઈ રહ્યો છે. ધન્ય હો એવા મહાન તપસ્વીરત્નોને, મહાન તપસ્વી મહાત્માઓની તપગુણ અનુમોદના કરવા દ્વારા આપણે પણ તપગુણનો વિકાસ ઇચ્છીએ !

**"કલ્યાણ"** **વર્ષ-૧૩,અંક-૪,તા....-૬-૧૯૫૬**

## વર્ધમાનતપનો અનુભવ

**(લે.- પં. ભાનુવિજયજી ગણિવર)**

(યુવાનવયે સંસારને ત્યજી, પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની પાસે સંયમને સ્વીકાર્યા પછી, જેઓ શાસ્ત્રાભ્યાસ, અનેક શિષ્યાદિ પરિવારને વાચના, સ્વાધ્યાયમાં તત્પરતા, અને વ્યાખ્યાનાદિ પ્રવૃત્તિઓમાં સતત પ્રયત્નશીલ, છતાં જેઓશ્રીએ આજે આયંબિલની ૬૪ ઓળી પૂર્ણ કરી છે. જેઓશ્રીની વૈરાગ્યમય ધર્મદેશનાના પ્રભાવે અનેક નવયુવાનો આજે ભાગવતી દીક્ષાના મંગલમાર્ગે પ્રયાણ કરી ચૂક્યા છે. તે વિદ્વાન તપસ્વી મુનિવર્ય શ્રી, વર્ધમાનતપ વિષેનો પોતાનો કલ્યાણકારી અનુભવ વેધકવાણીમાં અહીં રજૂ કરે છે.)

**વર્ધમાનતપ નામ જ કેટલું પ્રેરક છે** - જેમ વર્ધમાન લક્ષ્મી, વર્ધમાન કીર્તિ, વર્ધમાન કીર્તિ, વર્ધમાન સત્તા ઠકુરાઈ વર્ધમાન બળ વગેરે શબ્દો જગતની આંખો

ચમકાવે છે. એમ 'વર્ધમાનતપ' શબ્દ આત્માર્થીનાં નેત્રને વિકસિત કરે છે. હૃદયને પ્રફુલ્લિત કરે છે, આત્માને ઉદ્યોતિત કરે છે.

વર્ધમાન એટલે આગળને આગળ વધતો. કમાઈ વર્ધમાન એટલે દા.ત. આ મહિનામાં પાંચ હજાર કમાયા, બીજે મહિને સાત હજાર, ત્રીજે મહિને દસ હજાર એમ 'કમાઈ વધતી ચાલે તે. **વૈભવ વર્ધમાન** એટલે વ્યાજમાંથી વૈભવ વધતો હતો. તેમાં નવા વેપારથી વધુ વૈભવ વધ્યો. ખોદતાં ધનની કમાઈથી વૈભવ વધ્યો. આમ વધતો જ ચાલ્યો તે વર્ધમાન. માણસને આવી વસ્તુનું શ્રવણ પણ ચમકાવી દે છે તો પ્રાપ્તિમાં તો પૂછવું જ શું ?

**વર્તમાન વૈભવ વિનશ્વર છે.** વિનાશક...પરંતુ અફસોસ એટલો જ કે એ બધું વિનશ્વર ! એક દિ' ઉડી જવાનું છે ! પાછું પૂર્વની પુણ્યમુડી સાફ કરનારું છે ! અને આરંભ-સમારંભ, રાગદ્વેષ વગેરે દ્વારા અઢળક પાપ આત્મામાં ભરી દેનારું છે, વળી આ વર્ધમાન વૈભવાદિમાં જીવને અશાંતિ અજંપો વધે છે ! ચિંતા અને ભય વધે છે. આ બધાનો અર્થ એ કે વર્ધમાન વૈભવાદિથી વર્તમાનમાં વર્તમાન દુઃખ પૂર્વના સુકૃતની વર્ધમાન બરબાદી ! આને ભાવીકાલ માટે વર્ધમાન પાપસંચય. કહો તો વધતી કમાઈ, વધતો વૈભવ, વધતી કીર્તિ વગેરેમાંથી શો સાર કાઢવાનો ? ત્રણેયકાળના વર્ધમાન અનિષ્ટ જ ને !

વર્ધમાનતપ અવિનાશી છે, પાપનાશક છે... ત્યારે આની સામે જુઓ કે ત્રિલોકનાથ શ્રી અરિહંત પરમાત્માએ કેવો ક સુંદર કેવો અનુપમ વર્ધમાનતપ બતાવ્યો છે ! જો કે એ દયાળુ પ્રભુએ બીજા અનેકાનેક તપો ફરમાવ્યા છે. જે મહા કલ્યાણ સાધી આપે છે. પણ વર્ધમાનતપની બલિહારી ઓર છે. કેમ કે એ તપમાં ઝટ ઉપશમનો અનુભવ થાય છે. અને તપના હિસાબે પાપ ખપે અને પુણ્ય વધે છે એ સ્પષ્ટ છે. વર્ધમાન તપ એ અવિનાશી મુડી કહી શકાય, આત્માનું મહાન ઓજસ્ વધે છે. આબાદી વધે છે. વળી તપનું ફળ જે ઇન્દ્રિયજય છે, કષાય-નિગ્રહ છે, ઇચ્છાનિરોધ અને શુભભાવનાની વૃદ્ધિ વગેરે છે, તે બધુંય મહામંગલમય વર્ધમાન આયંબિલ તપથી સારું સધાય છે. કહો કે વર્ધમાન આયંબિલતપ અનંત લાભનો પ્રેરક છે. માટે જ આ કલિકાલમાં પણ વર્ધમાનતપ એ ચમત્કારિક તપ છે. જાદુઈ તપ છે.

**વર્ધમાનતપમાં શું કરવાનું ?** વર્ધમાનતપ આમ તો, ચોવીસ ભગવાનના વધતા ઉપવાસ, અર્થાત્ પહેલા ભગવાનનો એક ઉપવાસ, બીજા ભગવાનના લાગટ બે ઉપવાસ એમ ચોવીસમાં ભગવાનના ચોવીસ લાગટ ઉપવાસ આને પણ કહી શકાય, પણ વર્ધમાન તપ એ શબ્દ વધતા જતા આયંબિલની ઓળીઓ માટે



પ્રચલિત છે. એમાં સો ઓળી કરવાની હોય છે. પહેલી ઓળી એક આયંબિલ ઉપર એક ઉપવાસની, બીજી લાગટ બે આયંબિલ ઉપર એક ઉપવાસની, ત્રીજી લાગટ ત્રણ આયંબિલ ઉપર એક ઉપવાસની, પચાસમી ઓળી લાગટ પચાસ આયંબિલ ઉપર એક ઉપવાસની, યાવત્ ૧૦૦ મી ઓળી લાગટ ૧૦૦ આયંબિલ ઉપર એક ઉપવાસની કરવાની. આમાં પહેલી પાંચ ઓળી લાગટ કરવાની હોય. પછીની ઓળી છૂટી છૂટી કરી શકાય છે. અર્થાત્ પાંચનું પારણુ થઈ ગયા પછી ગમે ત્યારે છઠ્ઠી ઓળી કરી શકાય. એનું પારણું થયા પછી ગમે ત્યારે સાતમી કરી શકાય. પછી ગમે ત્યારે આઠમી, એમ ક્રમસર સો સુધી ચઢવું જોઈએ.

**વર્ધમાનતપથી સત્ત્વ કેમ ખીલે ?** વર્ધમાન આયંબિલતપ એ અલૌકિકતપ છે. એનાથી આત્માનું અનેરું સત્ત્વ ખીલે છે.

**પ્ર.**- એથી સત્ત્વ કેમ ખીલે ?

**ઉ.**- આત્મામાં ધીખતી ષડરસ અને ખાઉંખાઉંની વૃત્તિઓને માર્ગ ન આપવામાં અને એનો સામનો કરવામાં મહાન સત્ત્વ જોઈએ. વર્ધમાનતપથી એ શક્ય બને છે, તેથી સત્ત્વ ખીલે છે. કામરાગની વાસનાઓ મોળી પાડવામાં પણ સત્ત્વ જોઈએ, વર્ધમાનતપથી એ સધાય છે. તેથી સત્ત્વ ખીલે છે, એમ કહી શકાય. ક્રોધાદિ કષાયોનો નિગ્રહ કરવામાં સત્ત્વ જોઈએ. વર્ધમાનતપથી એ સત્ત્વ વિકસે છે. આવા ખીલેલા સત્ત્વથી આગળ ઉપરની ઉદાત્ત શુભ ભાવનાઓ અને મહાન ધર્મપુરુષાર્થને સુંદર વેગ મળે છે.

**વર્ધમાનતપ સરળ છતાં આકર્ષક :** વર્ધમાનતપનો એક લાભ એ પણ છે કે, આમ તે તે ઓળીના બધા આયંબિલનું સામટું પચ્ચક્ખાણ નહિ હોવાથી બાળજીવને મગજ પર ભાર લાગતો નથી અને છતાં ઓળી પૂરી કરી આગળ વધવાની તમન્ના પૂરી રહે છે. એથી વચમાં કોઈ સામાન્ય વ્યાધિ વગેરેનું વિઘ્ન કે દીવાલી-ઊજાણી વગેરેના પ્રલોભન એને ડગાવતા નથી. ઉપરથી એમ થાય છે કે 'સારું થયું ઓળી હતી તો બચ્યા, નહીતર તીખું-મીઠું ખાવાના ટેસ્ટના પાપમાં કેઈ કાળાં કર્મ ઉપાર્જ્યાં હોત !' જ્ઞાનીઓએ પકવાન્ન વગેરેના કોળીએ કોળીએ થતી ગૃદ્ધિમાં કેટ-કેટલાં ચીકણાં પાપ બંધાતાં હોવાનું ફરમાવ્યું છે.

**વર્ધમાનતપમાં આગળ વધવાની ધગશ :** ત્યારે એ પણ એક મહાન લાભ છે કે, વર્ધમાન તપમાં થાકવાને બદલે આગળ આગળ વધવાની ધગશ રહે છે. અઠ્ઠાઈ જેવો તપ એકવાર કર્યા પછી વારંવાર કરવાનું કે વધારવાનું મન થાય એવા કેટલા ? વર્ધમાનતપમાં સહેજે થાય છે કે 'લાવો છપ્પનમી પૂરી થઈ, હવે સત્તાવનમી સાથે જ કરી લઈએ, જુઓ પંચાગ ૫૭ મી ક્યારથી શરૂ કરીએ તો

મેળ બેસે છે ? કેમ જાણે ધનની જેમ આ એક મૂડી ને તે વધાર્યે જવાનો હરખ રહે છે !

**તપની જીવંત વૃત્તિ :** ત્યારે જીવનમાં આહારના મીઠા રસોની વૃત્તિ ચાલુ રહે એ તો અનાદિની પોષક છે. એ આહાર-વિષયની સંજ્ઞામાં જ સંસારપરિભ્રમણ કરી રહેલ છે. એમાં જ પોતાના આત્મા, પરમાત્મા અને ધર્મને ભૂલી કુટુંબ અને કંચનની લપમાં પડ્યો છે. એવી સંજ્ઞાને કાબૂમાં લાવનાર કોણ ? તપની વૃત્તિ અને તપ. વર્ધમાનતપ એક એવું સાધન છે કે જે વૃત્તિને જીવંત રાખે છે. કેમ કે વર્ધમાનતપમાં ઉપર જોયું તેમ એક ઓળી પછી પારણું કર્યું પછી પણ મનને થયા કરે છે કે, 'હવે નવી ઓળી લઉં ?' આ વૃત્તિ કમ નથી, કેમ કે એમાં તો માયા લાગી ગઈ છે.

**રસસંજ્ઞાનો હ્રાસ :** બીજું એ પણ આ તપની ઓળીના દિવસો લાંબા ચાલે છે. એમાં લાંબો કાળ તપની અને નીરસ પોષણ ટકી રહે છે. જ્યારે બીજા તપમાં તો મનને રહે છે કે, ચાલો કાલે-પરમ દિ' પારણું જ છે. રસ, અમુક દ્રવ્ય લઈશું, સતત એકાશનમાં પણ રસ કસની હુંફ રહે છે, ત્યારે વર્ધમાન આયંબિલમાં તો તેમાંનું કાંઈ જ રહેતું નથી. કેવળ નીરસ હોવાથી આહાર સંબંધી વિચાર ઘટી જાય છે. કસ સંબંધી વિચારોને તો તેમાં સ્થાન જ નથી એટલે આત્મા કર્મના સંબંધમાં આવતો નથી. કર્મ નિર્જરતું જાય છે. અને અલ્પ કાળમાં સિદ્ધિગતિને વરે છે.

**મહાપુરુષનાં સ્મરણ :** વર્ધમાન તપની બલિહારી છે. ઠીકઠીક ઓળીઓ જ્યાં એની ચાલી રહી હોય છે. ત્યાં આંતર નજર સામે ધન્ના અણગાર જેવા મહાન તપસ્વીઓ ઉપસ્થિત થાય છે, એમની મહાવૈભવને લાતે મારી કરાયેલી અપૂર્વ તપ સંયમની સાધનાઓ તરફ વારેવારે મસ્તક ઝુકી રહે છે. શ્રી નંદન ઋષિ અને વીરપ્રભુના ઘોર તપનો ખ્યાલ વારે વારે આવી શકે છે. મનને એમ થાય કે 'અહો ! એમણે જીવન કેવું ધન્ય બનાવ્યું ? મારાથી બીજું કાંઈ ન બન્યું તોય છેવટે આટલી વર્ધમાન તપની આરાધનાનો તો લાભ મલ્યો ! જીવનમાં બીજું શું નક્કર ગણવા જેવું છે ? વર્ધમાન આયંબિલ તપની આરાધના એ રોકડીઆ વેપાર જેવી છે. આયંબિલ કર્યા અને આરાધના જમે થઈ જ ગઈ.

**વર્ધમાન આંબેલતપ એ રસાયણ છે.** જીવની કેટલીય માનસિક અશક્તિને એ દૂર કરી દે છે. અને સુંદર લાગણીઓને પુષ્ટ કરે છે, આસ્થાપૂર્વક આરાધના કરવી જોઈએ. તો એથી આત્માના આખાંને આખાં વલણ પલટાઈ જાય છે. ત્યાં સાથે કદાચ દુન્યથી સંયોગ છૂટતા નહિ હોય તોય હૈયે એનો એક ભારી બળાપો અને છૂટવાની તીવ્ર તમન્ના રહે છે. વળી શારીરિક કેવા કેવા રોગો મટી જઈ



અદ્ભુત આરોગ્ય પ્રાપ્ત થાય છે એ જુદું. હમણાં એક ઠેકાણે અખતરો કરવામાં આવ્યો. પાણીના એક ગ્લાસમાં લુખી રોટલી મૂકવામાં આવી, અને બીજા પાણીના ગ્લાસમાં ઘી તરબોળ ચોપડેલી રોટલી મૂકવામાં આવી. પરિણામ એ દેખાયું કે થોડી જ વારમાં લુખ્ખી રોટલી પાણી સાથે એકમેક થઈ ગઈ, અને ચોપડી રોટલી પાણી સાથે કેટલીય વાર સુધી મળી જ નહિ. આ સૂચવે છે કે લુખ્ખો આહાર ઠેઠ મુખની અમીથી માંડી હોજરીના રસો સુધીમાં જલદી સારી રીતે એકમેક થઈ (Assimilate) જાય છે. અને પોષણ આપે છે. ત્યારે વિગઈઓના આહાર પચાવવા ભારે પડે છે, એટલું જ નહિ પણ આજની ડાક્ટરી ટ્રીટમેન્ટમાં દેખાય છે કે એક બાજુ તો શરીરમાં અપચન-હોજરીની મંદતા-શરદી-તાવ વગેરે થયું હોય અને એવાને બીજી બાજુ કહેવામાં આવે કે થોડું થોડું પ્રવાહી પોષણ લેતા રહેજો. શું પ્રવાહી એટલે ? દૂધ, ચાહ, કોફી વગેરે. આ બધું લેવાનું રહે એનું પરિણામ ? ઉપરોક્ત રોગોને ત્યાં સારી રીતે સ્થિરવાસ મળી શકે ! દૂધ તો પારા જેવું છે એમ દક્ષિણ મહારાષ્ટ્રમાં અનુભવી વૈદ કહેતો હતો. મંદ હોજરીમાં એ શું લાભ કરે ? ઊલટું નુકસાન કરે ! રોગ લાંબા ચાલે, આની સામે આયંબિલ-ઉપવાસ રોગનાશનું અજબ કામ કરે છે.

**જાત-અનુભવ :** આવો એક અનુભવ મને શરૂમાં પ્રાયઃ ૧૯ મી ઓળી પૂરી થવાને પાંચેક દિવસની વાર હતી અને ખખડાઈને તાવ આવ્યો. એવો કે ઓળી મૂકી દઈને દવામાં પડવાનું મન થાય, એનું એક કારણ એ પણ હતું કે, મનને એમ થાય કે 'આમ ઢીલાશમાં લખવા-વાંચવાની પ્રવૃત્તિ શી રીતે ચાલે ? આયંબિલમાં કાંઈ વારેવારે દવા-અનુપાન તો લઈ શકાય નહિ.' પરંતુ બીજી બાજુ એમ થયું કે, ધર્મશાસ્ત્ર નવા તાવે લંઘન (ઉપવાસ) કરવાનું કહે છે, અને આયુર્વેદ પણ "**अभि-नवोदीर्णे ज्वरे भोजन विषम्**" કહે છે. તેથી ચાલુ ઓળી પડતી મૂકવાને બદલે એમાં આંબેલના સ્થાને ઉપવાસ કરવાનું ઠીક લાગ્યું. એમાં વળી ત્યાંના જાણકાર વૈદે કહ્યું કે એવું થાય તો બહુ સારું. તે એક ઉપવાસ, બીજો ઉપવાસ અને મોંની હજી કડવાશ જોતાં ત્રીજો ઉપવાસ પણ સાથે ખેંચી લેવાયો. હવે છેલ્લું આંબેલ બાકી હતું. તેમાં થોડું પ્રવાહી ભાત જેવું અને નરમ દાળ લઈ આંબેલ કરીને ઉપર ઓળીનો છેલ્લો ઉપવાસ કરી લેવાયો. તેમાં તાવ એવો ભાગી ગયો કે પછી ચાર દિવસ પારણું કરી ઉપર નવી ઓળી સુખપૂર્વક શરૂ કરી શકાઈ. અને મનનો ઉલ્લાસ વધતો ચાલ્યો. આયંબિલની ઓળીથી તાવો તો શું પણ મોટા દમ જેવા રોગ અજીર્ણ, અપચન વગેરે અનેકાનેક રોગો મટી જાય છે.

**સ્વભાવ પરિવર્તનનું દૃષ્ટાન્ત :** પણ આ તો જડ દેહની વાત થઈ. જો કે એ આરોગ્ય પણ આરાધનામાં સારું પ્રેરક છે, છતાં તે ઉપરાંત વર્ધમાન આયંબિલતપ

મનને અપૂર્વ શાંતિ, સમાધિ અને ઉદાત્ત વૈરાગ્ય ભાવનાનું બળ આપે છે. આજે પૂ.રાજવિજયજી મહારાજ જે નિખિલ વર્તમાન શ્રમણ સંઘમાં પ્રાયઃ એકલા જ આટલી ૪૦ વર્ષ જેવી નાની ઉંમરમાં સો ઓળી પૂરી કરવાની તૈયારીમાં છે. એમના ૫૨ વર્ધમાન ઓળીઓની આરાધનાએ એવો જાદુ કરી દીધો છે કે પ્રતિદિન એમનામાં પ્રૌઢતા અને ગંભીરતા ખીલી છે. એમને શાંતરસમાં ઝીલતા કરી દીધા છે. એમાં વળી મોટી મોટી ઓળીઓમાં તો એ (ભર ઉનાળામાં પણ) ઠામચોવિહાર કરતા થઈ ગયા ! છતાં બીજી બાજુ એમની પ્રકૃતિ બહુ સહિષ્ણુ અને સમતાભાવવાળી ઝળકી રહી છે. પાછા આખો દિવસ સ્વાધ્યાયમાંય તલાલીન. હવે એમને ૯૯ મી અને ૧૦૦ મી ઓળી બાકી છે.

**ધર્મપ્રચારકતા :** વર્ધમાન આંબેલથી સંયમની ધગશ અને સેવાવૃત્તિ તથા ધર્મપ્રચારકતા અજબ વધે છે. આ માટે વર્તમાનમાં સો ઓળી પૂરી કરવાની તૈયારીવાળા પૂ.પંન્યાસજી શ્રી કાન્તિવિજયજી મહારાજ આબેહૂબ દૃષ્ટાંત છે. ગૃહસ્થાવાસમાં ક્યાં એમનું સુખચેનભર્યું જીવન ! અને ક્યાં સાધુપણામાં વર્ધમાનતપના પ્રતાપે સંયમજીવનને શુદ્ધ-શુદ્ધતર રાખવાની ચીવટ ! સાથે એટલી જ સેવાવૃત્તિ ! ઉપરાંત અખંડ સ્વાધ્યાય તો ખરો જ ! ગત ચોમાસું એમણે ખંભાતમાં કર્યું. ત્યાં શ્રાવક સંઘમાં ચાર ખેપમાં કુલ પાંચસો લગભગ નવા વર્ધમાનતપના પાયા નખાવ્યા. કેટલા ? ૫૦૦. ખંભાત એટલે જુનું ધર્મક્ષેત્ર ! ત્યાં તો કેટલાયને વર્ધમાનતપ મંડાઈ ચૂક્યા હોય, છતાં આટલા નવા સાધકો !

વર્ધમાનતપનો મહિમા ઓર છે, પણ આસ્થા જોઈએ. નહિતર મન તો માંદુ પડે એવું છે. એક અનુભવ જુઓ, મેં વર્ધમાન તપનો પાયો નાખ્યા પછી બહુ ધીમે પગલે ૧૬ મી ઓળી સુધી કામ પહોંચ્યું, બાદ અટકી ગયું હતું. એ પછી મનને એમ એમ થયા કરતું કે, આપણે ભણવાનું રહ્યું, આપણાથી આયંબિલની ઓળીઓ શે થાય ? જીંદગીના છેડા સુધી ભણવું, ભણાવવું, લખવું વગેરે મગજના કામ રહેવાના, ત્યાં વર્ધમાનતપ આ જીવનમાં શે આગળ વધે ?

પાછા પડવામાં બીજી એક માનસિક નિર્બળતા એ હતી કે મનને એમ થતું કે આયંબિલ વિના પણ જ્યાં ઘી ચોપડી રોટલી, દૂધ, શાક, દાળ વગેરે દ્રવ્યો લેવાય છતાં કબજીયાત રહે છે, તો સતત આંબેલના લુકખા ભોજનમાં તો કેટલીય કબજીયાત રહે.

આ બે ગેરસમજને લીધે પાયો નાખ્યા પછી એ દસ વરસ નીકળી ગયા અને ૧૬ મી ઓળીએ અટકી ઊભું હતું. ત્યાં ૨૦૦૨ની સાલમાં મારવાડ જવાનું થયું. એમાં મન ફર્યું એમાં મદ્રાસવાળા સુશ્રાવક ઋષભદાસજીનો શિવગંજમાં ભેટો



થયો જૈનધર્મ પર દૃઢ આસ્થાવાલા છે. એમણે નિક્ષેપ તથા દર્શનોની સમજની સાથે આધુનિક વિજ્ઞાન અને કુદરતના નિયમો તથા સંચાલનનો વિચાર કરી જૈનધર્મની શ્રદ્ધા અત્યંત દૃઢ કરી છે. એ માને છે કે કુદરતને કોઈએ પણ ન્યાય આપ્યો હોય તો એક માત્ર જૈનધર્મે આપ્યો છે. જૈનધર્મ જ કુદરતના કાનૂનોને અનુસરે છે. સમસ્ત વિશ્વપર વિશ્વમાં ઠેઠ અણુ-અણુ સુધી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની ચાલી રહેલી મહાસત્તાનું સામ્રાજ્ય જૈનધર્મે જ પ્રકાશમાં આણ્યું છે.

**તપથી પ્રશાંતતા :** એ ઋષભદાસજી સાહિત્યના પ્રેરક છે. ઈંગ્લીશમાં સારું બોલી શકે છે. અને વિદ્વાનો તથા દેશનેતાઓ સાથે પરિચય ધરાવે છે. એમની સાથે ત્યાં વાત થતાં "આહારાદિસંજ્ઞાઓની પ્રવૃત્તિઓમાં અને અજ્ઞાનમૂલક વૃત્તિઓમાં આત્મા જે ઉકળી રહ્યો છે, અને મલમલિન રહે છે, એ જો એવા ઉકળાટને મૂકી તપ, જ્ઞાન અને ધ્યાનમાં લીન થઈ શાંત પડે તો, ગ્લાસમાં શાંત પડેલા પાણીનો કચરો શમી જવાની જેમ, આત્માનો કચરો પણ શમી જાય છે. તીર્થંકર ભગવાન જેવા પણ જે તપ કરતા હતા તે તપને આત્મશુદ્ધિનું અટલ સાધન સમજીને, તપ વિના આત્મા શાંત અને શુદ્ધ નહિ બની શકે, તપમાં અચિન્ત્ય શક્તિ છે." વગેરે તત્ત્વમાં એમણે પોતાની દૃઢ શ્રદ્ધા વ્યક્ત કહી, તે પરથી મને પણ નિર્ધાર થયો કે તેમ થાય હવે વર્ધમાન તપની ઓળીઓમાં ઝુકાવવું.

**ઉલ્લાસવૃદ્ધિ :** તે પછી ચોમાસું આવ્યું, એ સત્તરમી ઓળીથી શરૂઆત કરી દીધી. અલબત્ત પ્રારંભની ઓળીઓમાં કબજીયાત પણ રહેતી, તે ઓળીના પાછલા દિવસોમાં ગણતરી રહેતી કે હવે પારણાને આટલા દિવસ રહ્યા, હવે આટલા જ બાકીના રહ્યા. તપ પૂરો ઉતરવા સાથે પારણું કરવાની રૂચિ રહેતી તેમ કેટલાક દિવસ નવી ઓળી શરૂ ન કરવાનું પણ આગળથી મન રહેતું. પરંતુ વર્ધમાનતપ અને ગુરુકૃપાનો પ્રભાવ એવો કે ચારેક દિવસમાં તો પાછું મન ઓળી પર લાગી જતું. પછી તો ઓળીઓમાં આગળ વધતાં એ સ્થિતિ અનુભવી કે પારણા આડેના દિવસોની ગણતરીને બદલે બીજી ઓળી સાથે લઈએ તો કેવો મેળ આવે, એવી ગણતરીમાં મન રહેવા લાગ્યું. સ્વાધ્યાય માટે તો ભરપૂર સમય મળ્યા કરે. સાથે કબજીયાત તો ઊલટી એવી ભાગી ગઈ કે આયંબિલના લુખ્ખા ભોજન પર ચઢાવેલું ખોટું કલંક નીકળી ગયું.

ત્યારે પ્રશ્ન થાય કે આનું રહસ્ય શું છે ?

**વર્ધમાનતા ! :** ઉત્તર સ્પષ્ટ છે. (૧) ઓળીઓ વધતી જવાથી એના પર મમત્વ જાગે છે. જલદી આગળ વધવા મન ઉલ્લસે છે, તેથી હવે લાંબી ઓળીઓ આવવા છતાં પારણાની ગણતરીને બદલે નવી નવી ઓળીઓની ગણતરી અને

મેળ જોવાય છે. જો કે વચમાં વચમાં પારણાં થાય છે ખરાં, પણ લક્ષ એ રહે છે કે, આખા વરસમાં આટલા આંકડે પહોંચી જવું, અને આ રીતે ઓળીઓ લેવી. ઓળીની વૃદ્ધિનું લક્ષ્ય બંધાઈ જાય છે. એ વર્ધમાનતપનો પ્રભાવ છે. ત્યારે વિચારો કે ક્યાં રસકસ ખાવાના લક્ષ્યમાં કર્મથી ભારે થવાની સ્થિતિ ! અને ક્યાં રસઆહાર સાથે મનના મેળ જામવાથી નીપજતી અપૂર્વ અપૂર્વ કર્મનિર્જરાની સ્થિતિ ! એટલું ધ્યાનમાં રહે કે લુખ્ખા અને ફિક્કા ધાન્ય ભોજન સાથે મેળ થવામાં મુખ્ય કારણ 'વર્ધમાનતા' છે. તપ વર્ધમાન હોવાથી ઉત્કંઠા વધે છે. ને ભાવના જાગે છે કે આગળ આગળ ઓળી વધારું, તેમ શરૂ કરેલી ઓળી પૂર્ણ કરું. વચમાં તાવ જેવું આવે, અશક્તિ લાગે તોય વર્ધમાન ઓળી પૂરી કરવાની લાલચે આયંબિલ મૂકી દેવાનું મન નથી થતું. ખરેખર ! રોગ શમી જાય છે.

વર્ધમાનતપથી અરિહંત પરમાત્મા પ્રત્યે પણ ભક્તિભાવ ખૂબ વધે છે. એથી અનેક કુવિકલ્પો મટી જાય છે. તો પછી વર્તમાન ભયંકર કાળમાં ઉપસ્થિત થતી અસમાધિમાં સડવાને બદલે અને બીજા ત્રીજા વિકલ્પો વગેરે કરવાને બદલે શ્રી અરિહંતદેવની ભરપૂર ભક્તિ, ગુરુસેવા અને વર્ધમાન આયંબિલ તપ પર શા માટે ન લાગી જવું ?

**આત્મશુદ્ધિ-ઉન્નતિ :** ભૌતિક ઉન્નતિની કોઈ કિંમત નથી. ખરી કિંમત આત્મશુદ્ધિ અને આત્મઉન્નતિની છે, તે વર્ધમાન આયંબિલ તપથી અજબ કોટિની સધાય છે. આ તપના પ્રભાવે પૂર્વે **શ્રીચંદ્રકેવળી મહર્ષિ, જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજ** કે જેમણે બાર વરસ આયંબિલ કર્યા હતા. અને સાથે દિગંબર સામે ૩૩ વાદ જીત્યા હતા. અને એ તપથી જ ચિતોડના રાણાએ એમને તપાબિરુદ્ધ આપ્યું અને ત્યારથી શ્રીસંઘનું તપાગચ્છ એવું નવું નામ પ્રસિદ્ધ થયું. એ વગેરે મહાપુરુષો અનેક થઈ ગયા. આજે પણ ચતુર્વિધ સંઘમાં અનેક પુણ્યપુરુષો વિદ્યમાન છે, જેમણે વર્ધમાન તપથી અદ્ભુત આત્મોન્નતિ હાંસલ કરી છે.

એ ભૂલવા જેવું નથી કે અનેકાનેક ગુણો અને લાભોની ખાણ સમા આ વર્ધમાન આયંબિલ તપની પ્રાપ્તિ શ્રી જૈનશાસનમાં જ મળે છે. જેમ યોગીઓના કુળમાં જ વિશિષ્ટ યોગસાધના મળે, માંત્રિકના કુળમાં જ સહેલાઈથી વિશિષ્ટ મંત્રોનો વારસો મળે, એવી રીતે અનંત ઉપકારક શ્રી અરિહંત પ્રભુના શાસનમાં જ આ વિશિષ્ટ આરાધના પ્રાપ્ત થાય છે, તો એની દુર્લભતા અને સાથે મહાલાભકારિતા સમજી, જીવનમાં અનંત પુણ્ય ખર્ચી મેળવેલી તન-મનની શક્તિ આ તપમાં લગાડી દેવી જોઈએ. જીવ લાલચીઓ મીઠું-ચોપડ્યું ખાવાની લાલચમાં કે ખોટી શારીરિક ગણતરીમાં આ તપ ચૂકે છે, તે એક મહાન કમનશીબી છે. પણ એણે સમજી રાખવું



ઘટે કે રસમય આહારના ભોગમાં કાંઈ માલ નથી. અને જીવ એને ભોગવતાં-ભોગવતાં પોતે જ ભોગવાવાની પરિસ્થિતિમાં મૂકાઈ જાય છે. કહો તો ખરા કે સારું સારું ખાધું-પીધું એ કોના પરલોકના પુણ્ય ચોપડે જમે થયું છે ?

શાસ્ત્ર કહે છે કે, જે **तयक्खाया ते सारक्खाया** જે અનાજના છોડા (લૂખું અને રસકસ વિનાનું) ખાય છે, તે ખરી રીતે આરાધનાનો, સંયમનો માલ ચાખે છે. આહારના સ્વાદિલાપણાની પશુજીવનની આદતોને તોડવા માટે વર્ધમાન આયંબિલ તપ એક મહાન શસ્ત્ર છે.

**લાભોનો થોક :** પ્રાંતે ટૂંકમાં જોઈએ તો વર્ધમાન તપથી (૧) આત્મા સુવર્ણની જેમ કચરો સાફ થવાથી શુદ્ધ બને છે. (૨) નરકાદિની અપેક્ષાએ અનંતમાં ભાગનું મામૂલી કષ્ટ પણ સહર્ષ વેઠી લેવાથી મહાન કર્મક્ષય સધાય છે. માત્ર એક આયંબિલમાં શાસ્ત્ર ૧૦૦૦ કરોડ વરસ નરકના ત્રાસદાયી પાપો નાશ પામવાનું કહે છે, તો અનેકમાં શું પૂછવું ? (૩) અરિહંતદેવ અને એમના શાસન પર શ્રદ્ધા, પ્રેમ અને આદર સારા વધે છે. (૪) બીજા રસકસ ખાવાની સગવડ છતાં આ તપ રાજીખુશીથી કરવાથી આત્માનું ઓજસ્ વધે છે ! અને મહાન સત્ત્વ ખીલે છે !(૫) રસકસ જતા કરવાથી થતા ભાવી દુ:ખોથી બચાવ મળે છે ! (૬) શરીરમાં વિકારો શાંત પડી જઈ મનોરમ શુભ ભાવનાઓ અંતરમાં ઉછાળા મારે છે. (૭) કાયા-પરનુંય મમત્ત્વ ઘટે છે, તેથી અનેક વિકારો અને દુર્ગુણોનું પોષણ મોળું પડે છે ! (૮) રસ આહાર પર કાબૂ આવવાથી માણસ મહાવિવેકી બને છે. ! (૯) આયંબિલ મહામંગળકારી હોવાથી અને વિઘ્નો ટળી સંપદાઓ આવી મળે છે ! (૧૦) આર્થિક ખર્ચ પણ ઘટે છે. (૧૧) પ્રભુભક્તિ વધે છે, તે ધર્મકાર્યમાં ખર્ચવાની વધારે ઉદારતાય રહે છે. આ કેઈ લાભોના થોક વર્ધમાનતપથી મળે છે. માટે શ્રીસંઘ એમાં પુરુષાર્થ ફોરવે એજ એક શુભેચ્છા.

**"કલ્યાણ"** વર્ષ-૧૪,અંક-૧૧, તા....-૧-૧૯૫૮

## સોનગઢ મતના કેટલાક વિધાનોની સમીક્ષા

(લે.- પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવર)

**(સોનગઢ પંથના પ્રવર્તક શ્રી કાનજીસ્વામી જે કાંઈ વિધાનો કે પ્રરુપણા કરે છે, તે કેવલ એકાંગી અને વસ્તુના યથાર્થ સ્વરૂપથી નિરપેક્ષ તથા જૈનશાસનની ત્રિકાલાબાધ્ય મર્યાદા બહાર હોય છે, તેમાંનાં કેટલાક એવા વિધાનોની ટુંક મુદ્દાસરની સમીક્ષા અહીં તે વિષયમાં રસ લેનારા વર્ગને મનનીય હોવાથી રજૂ થાય છે.)**

**૧. 'સામગ્રીના આધીન સુખ દુઃખ નથી'** આ કથન અંગે એ સમજવાનું છે કે સાંસારિક સુખ-દુઃખ બે જાતના છે (૧) શાતા અને અશાતાના ઘરના, (૨) માનસિક કલ્પનાના ઘરના પ્રથમમાં, વીતરાગને પણ શાતા-અશાતાના સંવેદન હોય છે, ત્યારે બીજામાં એમને કલ્પનાના સુખ-દુઃખ નથી. વીતરાગની નીચી કક્ષાના પણ મહાવિરાગી મહાપુરુષને કલ્પનાનું દુઃખ નથી હોતું. પણ પાપકર્મના ઉદયે આત્મમલિનતા ટાળવાનો પ્રસંગ મળ્યાથી તૃપ્તિનું સુખ હોય છે. બંનેય સ્થિતિમાં, પ્રથમમાં કર્મરૂપી સામગ્રી કારણ છે. બીજામાં મનોવૃત્તિના પુદ્ગલથી નીપજતી સત્-અસત્-વિચારણારૂપી સામગ્રી કારણ છે. આત્માને મોક્ષનો અસાંયોગિક અનંત આનંદ ન પામવા દેનાર કર્મબંધન છે. એ કર્મસામગ્રીને આધીન શાતા-અશાતાના સંવેદન છે, એ ભૂલવા જેવું નથી. માટે જ ભવસ્થ કેવળજ્ઞાનીને અવ્યાબાધ સુખ કેવું હોય એનું પ્રત્યક્ષ જ્ઞાન છતાં સ્વયં સંવેદન-અનુભવ નથી. એનું કારણ પર એવી કર્મસામગ્રી જ બને છે, કે જે એ આત્માના અવ્યાબાધ સુખ સ્વભાવને પ્રગટ નથી થવા દેતી. એ સુખ પ્રગટ થવામાં એ અઘાતી કર્મનો નાશ કારણ બને છે.

**૨. 'સામગ્રી પરથી દૃષ્ટિ ઉઠાવ અને સ્વભાવ ઉપર દૃષ્ટિ કર'** એ વચન કર્મના શુભાશુભ ઉદયમાં મુંઝાતા જીવને સાવધાન કરી કષાયના (રાગદ્વેષના) સંકલેશમાં પડતો બચાવી શકે છે. સામગ્રી આત્માના અસલી અનંત સુખ-જ્ઞાનાદિનો નાશ નથી કરી શકતી, એ એ દૃષ્ટિએ સામગ્રી અકિંચિત્કર છે. પરંતુ તે અસલી સ્વભાવ હજી પ્રગટ થયો નથી એમાં સામગ્રી જ નિમિત્ત છે. નહિતર એ શા માટે પ્રગટ ન હોય ? વીતરાગ સર્વજ્ઞ બની ચૂકેલા તો નિર્વિકલ્પ બન્યા છે. છતાં હજી ય શા કારણે એ ભવસ્થ ?

**૩. 'જાણવું ને રાગદ્વેષ બંને સાથે ને સાથે થાય છે '**- આ કથન સ્થૂલ દૃષ્ટિનું છે. કેમકે જાણવું એ જ્ઞાનાવરણના ક્ષયોપશમનું કાર્ય છે, રાગદ્વેષ એ મોહનીયના ઉદયનું કાર્ય છે અને તે રાગદ્વેષ વસ્તુ જોયા-જાણ્યા પછી ઉઠે છે. એના નિમિત્તે ઉઠે છે. તે ઉઠે જ એવો નિયમ નથી. પ્રતિકૂળ સામે આવે જોવાય કે વિચારાય ત્યારે અજ્ઞાની દ્વેષ કરે છે, શરીરે ગુંમડું તણાય ત્યારે એના પ્રત્યે દ્વેષ થાય છે. કર્મના અટલ વિપાકને સમજનારો દ્વેષથી બચી શકે છે, પરંતુ કાયિક દુઃખ અને આત્મિક અશાતાનો પરાભવ તો અવશ્ય વેઠવો જ પડે છે, કેમકે **જીવવિપાકી** કર્મનું કાર્ય જ એ છે, કે જે આત્મા ઉપર અસર કરે; જેવી રીતે **પુદ્ગલવિપાકી** કર્મનું કાર્ય શરીરાદિ ઉપર અસર કરવાનું છે. પરને પર કશું જ કરતું નથી એમ કરી આ માનવા જતાં તો જીવવિપાકી, પુદ્ગલવિપાકી અને ભવવિપાકી એવા ભેદ ન પડી શકે.



**૪. 'શરીરમાં તેવી તેવી અવસ્થા થતાં અજ્ઞાનીનું જ્ઞાન તે તરફ વળે છે, પરંતુ વેદન આત્માને નથી.'** આ કથન પણ વિચારણીય છે. કેમકે **કર્મના વિપાક, ઉપર કહ્યું તેમ, પર ઉપર અસર કરે જ છે.** જ્ઞાનાવરણ કર્મ તે, કે જે આત્માનાં જ્ઞાનને આવરે; નહિતર એનો બીજો સ્વભાવ શો ? જ્ઞાનને શરીર અવસ્થા તરફ ન વાળવું એ ડહાપણ છે, એથી કલ્પના-દુઃખથી બચી શકાય. પરંતુ આત્માએ જે પૂર્વજન્મમાં હિંસાદિ ભાવો સેવેલા તેનું પછી ફળ શું ? ફળ ન હોય તો કૃતનાશ દોષ આવે. માટે કહો ફળ તરીકે અશાતાનું વેદન. નહિતર ખરી રીતે જડ શરીરને તો કોઈ વેદન જ નથી. એ કપાય કે સંધાય એમાં એને વેદન શું ? અન્યથા જડ પાષાણ-લાકડા વગેરેને પણ છેદન-ભેદન કે સંધાનમાં વેદન માનવાં પડશે. તેમ મડદાને પણ દહનાદિમાં વેદન કેમ નહિ ?

**૫. 'રળવાના રસ આડે શરીરની પીડા નથી ગણતો... માન્યતા ઉપર આધાર છે.'** આ વચન પણ સ્થૂલ વચન જીવને શરીરની ગુલામીમાંથી છોડાવી આત્માની ચિંતા કરતો કરવા અને સાંસારિક દુઃખમાં સમતા-સમાધિ રાખવા ઉપયોગી છે. પરંતુ વસ્તુસ્વરૂપના સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં દેખાશે કે પૈસા રળવાના રસમાં શારીરિક ભૂખ તાપ વગેરે ભૂલી જાય છે. એ વાત ખરી હોવા છતાં વસ્તુગત્યા એને ભૂખ નથી જન્મી, કે તાપ કે તાવ વસ્તુતઃ નથી એવું નથી. તાપ તાવ વગેરે શરીરમાં છે જ. તેમ શરીરના પ્રદેશે પ્રદેશ સાથે ક્ષીરનીરવત્ રહેલા આત્મા પર પણ એ વેદનની અસર કરે જ છે, હા, જ્ઞાનીને **મોહજન્ય** અસર ન કરે એ બને છે. એટલે શુભાશુભ નિમિત્તોની જબરજસ્ત અસર સમગ્ર વિશ્વવ્યાપી છે, એમ માનીને એની ઉપેક્ષા નજ થઈ શકે.

**૬. 'બહારની અવસ્થા ક્રમબદ્ધ છે શરીરની અવસ્થા ક્રમબદ્ધ છે, રાગનું પરિણમવું પણ ક્રમબદ્ધ છે, આમ ત્રણેનું સ્વતંત્ર પરિણમન છે.'** આમ ત્રણેનું સ્વતંત્ર પરિણમન છે.' આ કથનમાં પરસ્પર વિરોધ નથી લાગતો શું ? અવસ્થાને ક્રમ સ્વાધીન માનવી ને પાછું પરિણમન એટલે અવસ્થા સ્વતંત્ર કહેવી એ વિરુદ્ધ નથી ? બીજું રાગાદિ પરિણમન જો સ્વતંત્ર હોય તો મોક્ષનો પુરુષાર્થ જીવે ચાહીને કરવાનો રહેતો નથી. તેથી એનો ઉપદેશ, એનાં શાસ્ત્રો પણ નિરર્થક ઠરશે. જો કહો કે એ પણ ક્રમબદ્ધ અવસ્થા જ છે. તો તો સવાલ એ થશે કે ચાહીને સંસાર ઉપદેશ અને સંસાર-શાસ્ત્રો કાં નથી પ્રવર્તાવતા ? એ પ્રવર્તાવનારને ખોટો શા માટે કહો છો ? બધુંય માત્ર ક્રમબદ્ધ છે તો એ જ કરો ને ? વળી સ્વતંત્ર પરિણમનમાં નિયતિ જ કારણ રહી તો તે તે કાળ, તે તે પુરુષાર્થ, તે તે કર્મ, ને તે તે સ્વભાવને ક્યાં મૂકી આવશો ? એ કારણ નથી ? વ્યવહારુ દૃષ્ટાન્તથી પણ મડદું કેમ નથી ખાતું-પીતું-બોલતું ? કેમ હરતું ફરતું નથી ? એમાં શું

ખવરાવનાર-ફેરવનાર આત્મા નીકળી ગયો એ કારણ નથી ? દૂધમાં મેળવણ પડી દહીં થયું એમાં મેળવણે કાંઈ ન કર્યું ? પાણીમાં રંગ ભળી શાહી થવામાં રંગે કાંઈ ન કર્યું ? કોઈ માણસ બીજાને લાકડી મારવા જતાં ત્રીજાએ એને રોક્યો, એણે કાંઈ ન કર્યું ? દૂધમાં લૂણ પડ્યા પછી ફાટી ગયું, એને બદલે સાકર નાખ્યા પછી મીઠું થયું, એટલે લૂણ અને સાકરે કાંઈ ન કર્યું ? ઉપદેશમાં અમુક શબ્દ સાંભળતાં અમુક જ અસર થાય છે, એમાં શું શબ્દે કાંઈ ન કર્યું ? આ લખાણ વાંચતાં તમને જે મનોભાવ જાગશે એમાં લખાણે શું કાંઈ ન કર્યું ? અગ્નિથી કપડું બળ્યું એમાં અગ્નિએ કાંઈ ન કર્યું ? ઇલેક્ટ્રીકના કરંટને અડવાથી કંઈ ન થાય ?

ટૂંકમાં જો આ બધું જ ક્રમબદ્ધ પર્યાય પર નિર્ભય હોય તો ખાવા-પીવા વગેરેની શી જરૂર ! વિષ, સર્પ, અગ્નિ વગેરેથી દૂર રહેવાની શી જરૂર !

**"સુઘોષા"** **વર્ષ-૧૭,અંક-૮, તા....-૧૦-૧૯૬૦**

## સર્વ યાતનાનો એક માત્ર પ્રતિકાર

**(લે.- પૂ. પંન્યાસજી મહારાજશ્રી ભાનુવિજયજી ગણિવર)**

(વર્તમાનકાલમાં કેવલ ભૌતિકવાદનો જ પ્રચાર વધી રહ્યો છે, પણ આજના ભૌતિક યુગે અનેક અનર્થો, યાતનાઓ તથા રીબામણો ઊભી કરી છે, જ્યારે પૂર્વકાલમાં આધ્યાત્મિકવાદની છાયામાં જે સુખ, સંતોષ, સ્વસ્થતા અને શાંતિ હતા, આ પરિસ્થિતિ આજે જરૂર છે, આધ્યાત્મિક માર્ગ પર પ્રસ્થાન કરવાની. આ હકીકતને અનુલક્ષીને પૂ. મહારાજશ્રી અહીં મનનીય વિચારધારા રજૂ કરે છે.)

એક લેખકે ઠીક જ લખ્યું છે, કે-જીવન એક સ્વપ્ન જેવું કેમ છે ? એટલા જ માટે કે જેવી રીતે સ્વપ્નમાં ઘણું બધું જોયું, સુખના અનુભવ જેવું પણ કર્યું અને પૈસા પરિવાર-પ્રતિષ્ઠાનું સ્વામિત્વ પણ જાણે ભોગવ્યું, પરંતુ આંખ ખુલી જવા પર એમાંનું કશું રહેતું નથી. બરાબર એજ રીતે જીવનમાં ઘણું બધું જોવા અનુભવવા અને ભોગવવા પછી આંખ બંધ થવા પર એમાંનું કશું રહેતું નથી. આમ આંખ ખૂલવા-બંધ થવા જેટલું સ્વપ્ન અને જીવનમાં અંતર છે.

આજ આપણે વિજ્ઞાનના યુગમાં આવી ઊભા છીએ. વિજ્ઞાને કેટલીયે શોધ અને યાંત્રિક અનુકૂળતાઓ સુલભ કરી છે. છતાંય જીવનની ઉપરોક્ત અંતિમ સ્થિતિમાં કોઈ પણ પરિવર્તન એ કરી શક્યું નથી. ત્યારે વિચારવા જેવું છે, કે જ્યારે જીવનનો અંત આવા પ્રકારનો જ છે, તો પછી કઈ પ્રકારની ભૌતિક સગવડો કયા સારભૂત અંતિમ ઉદ્દેશ્યને સિદ્ધ કરવા માટે છે ?



Man has changed this earth chemi-cally, physically, geologically and in many other ways to his hearts desire, He has strived his best to conceive a lot of researches, invention and discoveries pertaining matter. But it is very sorrowful to say that when all these efforts seem to be one he eve of being frultfykm there is a complete ignorance of the ultimate goal as to why all these. Man knows much about matter but know little about himself and the ultimate purpose of all his working and Strivings when it is unknown, for what purpose should all this strivings be done, the natural consequance is that all his efforts to be frustrated and he has to be lost cff in an unknown place to suffer hardly the ill-fruits of his present material life as well as varied illimmotions and passions underlying the material attachment.

ભાવ એ છે, કે- આજના કોઈ પ્રકારના સંશોધન અને શોધોનો અંતિમ ઉદ્દેશ જ અજ્ઞાન છે. પૃથ્વી આદિ પંચભૂતના સંબંધમાં ઘણું બધું જાણનારો વૈજ્ઞાનિક પોતાની જાતના સંબંધમાં, પોતાના આત્માના વિષે કંઈ જ નથી જાણતો. એટલા માટે એ નથી જાણતો કે પોતાની બધી પ્રવૃત્તિ શા માટે ? કયા અંતિમ ધ્યેયથી કરી રહ્યો છે ?

બસ, ભૌતિક ઉન્નતિ અને આધ્યાત્મિક અંધકારનું આખુંય જીવન એક દિ' સ્વપ્નની જેમ ઉડી જશે અને પોતાના આત્માને કોઈ અગમ અગોચર પ્રદેશમાં ફેંકાઈ જવાનું થશે અને ત્યાં પોતાની અહીંની ભૌતિક જીવનચર્યા અને લોભક્રોધાદિ દુષ્ટવૃત્તિઓનું ભયંકર દુઃખમય ફળ ભોગવવાનું આવી બનશે.

કેવળ ભૌતિક જીવનથી-આટલું જ નથી કે માત્ર પરલોક દુઃખદ બને છે. પરંતુ આ જન્મ પણ ભૌતિક વ્યામોહવશ તૃષ્ણા, ચિન્તા, સંતાપ, ક્લેશ, કલહ, ઈર્ષ્યા, અસૂયા, માનાકાંક્ષા વગેરે કેઈ પીડાઓથી વિડંબિત રહે છે. આ આજે સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. ભૌતિક સગવડો જેટલી વધી છે એટલી જ અગવડ અને દુર્દશાઓ વધતી ચાલી છે. શું મનુષ્ય આ વધાવવા ચાહે છે ? શું આંતર હૃદય આના પ્રત્યે વિરોધ નથી ઉઠાવતું ? અવશ્ય ઉઠાવે છે. એ જ એની અનિષ્ટતામાં પ્રમાણ છે.

હવે જો આધ્યાત્મિક યુગનો ઇતિહાસ જોવામાં આવે તો માલૂમ પડે કે આટલી અગવડ, આટલી હેરાનગતિ, પીડા અને સંતાપ વગેરેની વિડંબના નહોતી તેથી એ ફલિત થાય છે કે સર્વ પ્રકારની યાતનાઓનો એક માત્ર ઉપાય ભૌતિકતા છે, અને એક માત્ર પ્રતિકાર આધ્યાત્મિકતા છે.

જીવનની સામે બે માર્ગ ઊભા છે, એક દુઃખમય દુઃખદાયી ભૌતિક ઉન્નતિનો, અને બીજો સુખશાન્તિમય અને સુખદાયી આધ્યાત્મિક અભ્યુદયનો માર્ગ. આપણે

ચાહીએ તે માર્ગ અખત્યાર કરી શકીએ છીએ. આધ્યાત્મિક ઉદયના માર્ગ પર ચાલવા માટે જીવનમાં સ્વાર્થ ત્યાગ, પરાર્થ પ્રવૃત્તિ, મૈત્રી, કરુણા, પ્રમોદ, માધ્યસ્થ્યની ભાવનાઓ, દેવાધિદેવ શ્રી વીતરાગ પરમાત્મા અને ત્યાગી ગુરુઓની ઉપાસના, દયા, દાન, ત્યાગ-તપસ્યા, અહિંસા-સત્ય, વગેરે સદાચારો, જીવાજીવાદિ તત્ત્વજ્ઞાન, વગેરેની સાધના કરવી જરૂરી છે.

આધ્યાત્મિક જીવનમાં ભૌતિક જીવનથી વિપરીત, અંતિમ ઉદ્દેશ સિદ્ધ છે. તે એ કે આપણા આત્મારૂપી સુવર્ણને વિવિધ આધ્યાત્મિક વિચાર-વાણી-વર્તન દ્વારા શુદ્ધ કરતાં કરતાં અંતમાં જઈને એને સંપૂર્ણ શુદ્ધ કરી દેવો, જેથી એ વીતરાગ, સર્વજ્ઞ થઈ અનંત આનંદમય મોક્ષાવસ્થામાં શાશ્વત કાલ માટે આરૂઢ થઈ જાય.

**"કલ્યાણ"** **વર્ષ-૨૧,અંક-૭**

## ધર્મ સાધનાનું ધ્યેય

### (લે.- પૂ. પંન્યાસજી મહારાજ ભાનુવિજયજી ગણિવર)

('કલ્યાણ'ના પર્યુષણાપર્વ વિશેષાંક માટે ખાસ તૈયાર કરીને પૂ. મહારાજશ્રીએ મોકલેલ આ લેખ, વિશેષાંકમાં પ્રસિદ્ધ થઈ શકે તેમ સમય નહિ હોવાથી આ અંકમાં આ લેખ પ્રગટ થાય છે. ધર્મારાધના કરનાર આત્માઓને પ્રેરક સંદેશ આપતો આ લેખ સર્વ કોઈને માટે અવશ્ય મનનીય છે.)

સંસારમાં પ્રાણી માત્ર કાંઈ ને કાંઈ કરતાં રહે છે. શા માટે ? કહો, કોઈ ને કોઈ ઉદ્દેશની સિદ્ધિ માટે. સિદ્ધિ માટેનો પ્રયત્ન એ સાધના છે. સાધનામાં ગૌણ પેટા ઉદ્દેશ પણ હોઈ શકે છે. કિન્તુ એ સાધનાનું અંતિમ ધ્યેય નહિ. ધ્યેય તેજ કે પરિણામે જેની સિદ્ધિ ઈષ્ટ હોય. એટલા જ માટે સાધના કરતાં કરતાં આ ધ્યેયને સિદ્ધ કરી શકે છે. ઉપાય ખોટા હોય તો પણ ધ્યેય-પ્રાપ્તિ ન થાય; અને સાચા ઉપાયો હોવા છતાં લક્ષ્ય પર ધ્યાન રાખી યોગ્ય સાધના ન કરે તો તો પણ તે સિદ્ધ ન થાય. ગમે તે પણ ધ્યેય પર લક્ષ રાખવું એ અત્યન્ત આવશ્યક છે. જો ધ્યેય પર કોઈ ધ્યાન જ નથી, અથવા પ્રસ્તુત ઉચ્ચ ધ્યેયને છોડી બીજી ત્રીજી વાતો પર ધ્યાન છે તો સાધના નિષ્ફળ અથવા નુકસાનકર્તા થાય, તેમાં શું આશ્ચર્ય ?

આજ આપણે એ વિચાર કરવો છે કે આપણે ધર્મ-સાધના કરીએ છીએ તેમાં શું ધ્યેયનો ખ્યાલ રાખીએ છીએ ખરા ? અગર ખ્યાલ રાખતા હોઈએ તો કેવા ધ્યેયનો અને કેટલી સાવચેતીથી રાખીએ છીએ ?



માણસ ચાલ્યા જ કરે, ચાલ્યા જ કરે, ન માલૂમ ક્યાં જવું છે ? અગર માલૂમ છે ખરું પણ ઊલટી જ દિશામાં ચાલ્યા કરે, તો વિચારો કે પરિણામ શું આવે ? એવું અનિષ્ટ પરિણામ ન આવે એટલા માટે સમજદાર પ્રવાસી પ્રવાસમાં, જો કે ખાવા-પીવાનું પણ કરતાં હોય છે, વાતો પણ કરતાં હોય છે, અને જરૂરી યા આનંદપ્રદ બીજું પણ કાંઈક કરી લે છે, છતાં ખાસ કરીને ધ્યાન આ રાખે છે કે હું ખોટા-રસ્તા પર તો, યા ખોટી દિશામાં તો નથી ચાલતો ને ? એમ મારું ઈષ્ટ મથક નજીક આવી રહ્યું છે ને ?

આ રીતે ઝવેરાતનો વેપારી સારી દુકાન લગાવે છે, ફરનીચર, તિજોરી, શો-કેસ, વગેરે પણ આકર્ષક લગાવે છે; ગ્રાહકનું સ્વાગત અને એને ચા-પાણી વગેરે ઉપહારનું અર્પણ પણ કરે છે; કિંતુ એ બધું કરવામાં એનું મુખ્ય ધ્યાન તો ધ્યેય પર યાને ઝવેરાત અને ઝવેરાતના વિપુલ નફાકારી વેચાણ પર રહે છે. મોટર પણ રાખે છે અને નોકર પણ રાખે છે... આ બધું જ, પરંતુ ધ્યાન એ કે ઝવેરાતનું રક્ષણ, સારો વ્યાપાર, ને વધારે લાભ કેવી રીતે થાય ?

આજ આપણને માનવભવ મળ્યો છે. એ ધર્મસાધનાને માટે, કે જેથી આપણો આત્મા ફરીથી નીચ યોનિમાં ન પડે, અને ઉચ્ચ વિશુદ્ધિ (પવિત્રતા) અને પુણ્યપુષ્ટિ થતી આવે. જેમ ઝવેરીનું મુખ્ય ધ્યાન ઝવેરાત પર, તેમ માનવ જીવનમાં મુખ્ય ધ્યાન આત્મા પર રાખવું જોઈએ. હવે આત્માનું સ્વરૂપ ખાવું-પીવું-પહેરવું-પૈસા કમાવવા મકાન દુકાન રાખવાં, આદિના તો છે નહિ, ત્યારે શું આપણે એ બધું બંધ કરી દેવું, આ પ્રશ્ન થશે. પરંતુ ઉત્તર એ છે કે એ બધું ચાલુ રહે છે એ શા માટે એ વિચારવાનું છે. 'જીવવા માટે' એમ જવાબ કરાય, પણ જીવવાનું કાયમી ક્યાં છે ? તેથી કયા કાયમી ધ્યેય માટે એ કરવાનું ? એ વિચારવાનું છે. ઝવેરી દુકાન-ફરનીચર-નોકર વગેરે બધું ય સંભાળે છે, પરંતુ એનું ધ્યાન ક્યાં છે ? ઝવેરાત પર, એવી રીતે ખાવું-પીવું-ધન કમાવવું વગેરેમાં આપણી દૃષ્ટિ આપણા આત્મા પર રાખવી આવશ્યક છે. જેવી રીતે ઝવેરાતને ધક્કો પહોંચે (વાંધો આવે), એવી બેદરકારી કોઈ પ્રવૃત્તિમાં નથી થવા દેતો, તેવી રીતે આપણા આત્માને નુકસાન કરે તેવી બેદરકારી કોઈ પ્રવૃત્તિમાં ન થવી જોઈએ. બધી પ્રવૃત્તિઓમાં એ ધ્યાન રાખવાનું છે કે તે આત્માના કલ્યાણની ઘાતક તો નથી ને? એક અક્ષરનું ઉચ્ચારણ પણ આ સંભાળીને કરવું પડે.

આ તો આત્મ-ઝવેરાતના રક્ષણની વાત થઈ. પણ હવે એનો વ્યાપાર કરીને લાભ પ્રાપ્ત કરવા જેવું આત્માના સંબંધમાં શું કરવું જોઈએ ? આ જ, કે કોઈ એવા પ્રશસ્ત ધ્યેયના લાભ માટે ધર્મ-સાધનારૂપી વ્યાપાર કરતા રહેવું.

ધર્મ શું ? જિનાજ્ઞાનું પાલન એ ધર્મ. વીતરાગ સર્વજ્ઞ ભગવાને જે કહ્યું, જે વિધિ-નિષેધ ફરમાવ્યા, એની પ્રવૃત્તિ-નિવૃત્તિ એ ધર્મ. એની સાધના કરવી, ઉદાહરણાર્થ, હવે પર્યુષણ-મહાપર્વનો અમૂલ્ય અવસર છે તો મહાપર્વની આરાધના કરવા માટે : ૧. અમારિપ્રવર્તન (અહિંસા પ્રચાર), ૨. સાધર્મિક-વાત્સલ્ય, ૩. ક્ષમાપના, ૪. અટ્ઠમતપ, ૫. ચૈત્યપરિપાટી, આ પાંચ કર્તવ્ય અને કલ્પસૂત્ર-શ્રવણ, સાંવત્સરિક પ્રતિક્રમણ, વગેરે અન્ય ધર્મ-કૃત્યોની સાધના એ આત્મા-ઝવેરાતનો વ્યાપાર કોણ જૈન આ કરવામાં થોડો પણ પ્રમાદ કરે ?

અહીં ખાસ એ વિચારવું છે કે આ વ્યાપાર કયા ધ્યેયના લાભાર્થે કરવો ? ધ્યેયનું ધ્યાન જ નહિ રાખીને કરેલી સાધના સંમૂર્છિમ સાધના કહેવાય છે, જ્યારે ખોટાં ધ્યેય જેવાં કે તુચ્છ પૌદ્ગલિક વૈષયિક સુખલાભ, કીર્તિ અથવા બીજાની પ્રત્યે ઈર્ષ્યા-અસૂયાવશ એને નીચે પાડવાનું લક્ષ રાખીને કરેલી સાધના વિષ-ગરલ કહેવાય છે. એવી સાધના તો અનંત સંસારકાળમાં અનંતી કરી ! તો પણ આજે આપણો આત્મા ભવચક્રમાં ભટકતો રહ્યો, એ એક હકીકત છે. હવે પણ તેવી જ વિષગરલ કે સંમૂર્છિમ ધર્મ-સાધના ન થાય, ભવભ્રમણ વધી ન જાય, માનવ-જીવનની અતિ મૂલ્યવાન દુર્લભ તક નિષ્ફળ ન જાય, માટે પ્રશસ્ત ધ્યેયની, આત્મહિતકર ધ્યેયની, ભવોદ્ધારક ધ્યેયની તરફ સતત જાગ્રત્ નજર રાખવી અત્યંત આવશ્યક છે.

'હાં, અમે આત્મ-કલ્યાણનું લક્ષ્ય રાખીએ જ છીએ.' એટલું કહેવા માનવાથી બસ નથી, પરંતુ એનું સ્પષ્ટ ચિત્ર આપણી નજર સમક્ષ રાખવું જોઈએ. એટલા માટે અહીં વિવિધ પ્રશસ્ત ભવ્ય ધ્યેય અતિ-સંક્ષેપમાં બતાવીને આ લેખને સમાપ્ત કરવામાં આવે છે. આ ધ્યેયોમાંથી કોઈપણ એક ધ્યેયને આપણી દૃષ્ટિની સામે રાખવું. કોઈપણ ધર્મ-સાધના જેવી કે બે મિનિટનું પ્રભુ દર્શન માત્ર કે નમસ્કાર મહામંત્રનું સ્મરણ પણ કરાય, કિન્તુ સાથે-સાથે ઝવેરીની ઝવેરાતના વ્યાપારથી ભરચક ધનલાભ કરવા તરફ દૃષ્ટિની માફક એ ચોક્કસ ધ્યેયના લાભ ઉપર મુખ્ય દૃષ્ટિ કેન્દ્રિત રહેવી જોઈએ. 'ભાઈ ! આ ધર્મસાધના કેમ કરી રહ્યો છે ?' એના ઉત્તરમાં નીચે લખેલામાંથી કોઈપણ એક ધ્યેયની સિદ્ધિ પ્રયોજન તરીકે રજૂ કરી શકાય. આપણી નજરની સામે આજ તરવરતું રહે.

ધર્મસાધનામાં પવિત્ર લક્ષ્ય-ઉદ્દેશ-ધ્યેય પ્રયોજન આ રાખી શકાય કે,-

(૧) જીવનમાં સર્વોચ્ચ કર્તવ્ય જિનાજ્ઞાનું પાલન છે. એનાથી વધીને બીજું કોઈ કર્તવ્ય નથી બસ, ધર્મ બધો કરું એ એટલા માટે કે મને જિનાજ્ઞાપાલનનો જ લાભ મળતો ચાલે, મોટા મોટા મહાપુરુષોએ જિનવચનની ઉપાસનામાં સર્વાંશ



જીવન સમર્પિત કરી દીધું છે. તો મારું પણ એ જ સદ્ભાગ્ય હો. જિનાજ્ઞાપાલન સિવાય મારે બીજું કાંઈ જોઈએ નહિ. જીવન નભાવવા જરૂરી જે બીજું કાંઈ જોઈએ તે પણ જિનાજ્ઞાપાલનને માટે જ જોઈએ. જિનાજ્ઞાપાલનમાં મારું જીવન ધન્ય બની રહ્યું છે. પૂ. શ્રી ગૌતમ ગણધર મહારાજ જેવાએ પણ જિનાજ્ઞાપાલનમાં જ જીવનને ધન્ય માન્યું હતું. દરેક ધર્મસાધનામાં એજ લક્ષ્ય કે બસ જિનાજ્ઞાપાલનનો લાભ મળતો રહે, અને સક્રિયતાના કારણે મન જિનવચનથી અધિકાધિક ભાવિત થતું ચાલે.

(૨) વીતરાગની આજ્ઞાનું વારંવાર પાલન કરતાં રહેવાથી એનું સાચું શરણ સ્વીકાર પુષ્ટ થતું જાય. એ જ લક્ષ્ય કે શરણ સમર્પણ વધતાં એમનાં ચરણોમાં સાંગોપાંગ લીન થઈ જાઉં.

(૩) પરમતારક દેવાધિદેવ અને સદ્ગુરુ પરમગુણસંપન્ન છે. જિનાગમ સંઘ, તીર્થ, ધર્મક્ષેત્ર આદિ પણ ઉચ્ચ ઉપકાર ગુણથી યુક્ત છે. બસ, આ જીવન દાનાદિ ધર્મસાધના દ્વારા એવી ગુણવિભૂતિની સેવામાં વ્યતીત થઈ, ગુણી-સેવાનાં લાભથી ધન્ય થાય, એજ એક કામના. મારું તન-મન-ધન સેવામાં જ લાગી જાઓ. એનાથી અધિક શું ઈષ્ટ છે ?

(૪) અરિહંત ભગવાનનાં અચિંત્ય પ્રભાવથી પ્રાપ્ત માનવભવ આદિની મહાન પુણ્યાઈના ઉપકારનો બદલો ધર્મસાધનામાં ભોગ દેવાથી સંપન્ન થાય છે. ઉપકાર પ્રત્યે કૃતજ્ઞતાનું પાલન થાય છે. બસ ઉપકાર-પ્રાપ્ત જીવનમાં કૃતજ્ઞતાનું અધિકાધિક પાલન થતું ચાલે એ જ શુભ લક્ષ્ય છે. આગળ પણ અર્હત્પ્રભુનાં ઉપકારથી જ કલ્યાણ થવાનું છે. એ માટે જ એમની પ્રત્યે કૃતજ્ઞતાનાં પાલનનો લાભ મળતો રહે.

(૫) જગતમાં ધર્મસાધનાનો પુરુષાર્થ કાળ મળવો એ અત્યંત મુશ્કેલ છે, દુર્લભ છે. તે જ્યારે અહીં મળી ગયો છે, ત્યારે મહાઅનર્થ રૂપ અર્થકામ પુરુષાર્થને છોડીને ધર્મપુરુષાર્થ જ કરતો રહું, જેથી ધર્મ-પુરુષાર્થ કાળ સફળ થાય, નિષ્ફલ કરું તો કર્મનો ગુનેગાર બનું. સાથે જ સફળ કરવાથી પુરુષ નામ સાર્થક કરીને ઉચ્ચતર પ્રાપ્તિનો અધિકારી બનું. બસ, ધર્મ પુરુષાર્થ કાળ સફળ કરવાનું જ એક લક્ષ્ય. એને માટે જ સર્વધર્મ-સાધના.

(૬) પાપજીવન ઘણું જીવ્યો, હવે ધર્મ-જીવન જ વ્યતીત થાઓ. એને માટે સર્વ વાણી-વિચાર-વર્તનમાં ધર્મ જ કરતાં રહેવાથી હૃદય પરથી સર્વ માયા ઉતરી જાવ. ફક્ત ધર્મની જ માયા લાગી રહો. ધર્મસાધના એ પ્રયોજનથી કરતો રહું કે સાચા કર્તવ્યનું પાલન રહે, ધર્મની અધિકાધિક માયા લાગી જાય.

(૭) તન-મન-ધન આદિ સર્વ વિનશ્વર છે, પર છે. આત્મ વિનાશક છે. તો પણ આશ્ચર્ય છે કે આ વિનાશી આદિથી અવિનાશી સ્વકીય પરમોચ્ચ આત્મકલ્યાણ સિદ્ધ થઈ શકે છે. બસ, ધર્મ-સાધના એ માટે કરું કે પછી તે વિનશ્વર અહીંથી સ્વકીય અવિનાશી આદિ સિદ્ધ થાય.

(૮) મારાં કર્મબંધનોનો નાશ થાઓ, કર્મક્ષય એ જ એક ધ્યેય. પાપનો ભાર ઓછો થાઓ. એ પ્રમાણે તન-મન-ધનની શક્તિ નવી પાપરમત કરી પાપ ભાર ન વધારે એ ઉદ્દેશથી ધર્મસાધનામાં લાગ્યો રહું.

(૯) મારા આત્મામાં રાગ-દ્વેષ-કામ-ક્રોધ-મદમોહ આદિ વિકાર શાંત થતાં આવો, એટલે કે વીતરાગ ભાવ પર પહોંચી જાઉં. હૃદયની અપવિત્રતા નષ્ટ થઈ પવિત્રતા વધો. ચિત્તરત્ન, આત્મરત્ન, સ્ફટિકની જેમ નિર્મળ રહે. બસ એના માટે ધર્મસાધના.

(૧૦) દાનાદિ ધર્મથી આત્માની ધનલુબ્ધતા, વિષયગુલામી, કાયા માયા, અજ્ઞાન મિથ્યાજ્ઞાન, આહારાદિની તથા કષાયોની સંજ્ઞા ઓછી થતી રહે, બસ એજ મારું ધ્યેય છે. જેની પૂર્ણતા ઉપર સાચું સ્વાતંત્ર્ય પ્રગટ થાય.

(૧૧) જીવન અશુભ યોગોથી બચીને શુભ યોગોમાં લીન રહો, એટલે પશુપણાથી બચું !

(૧૨) મારી અધમ સ્વાર્થબુદ્ધિ નાશ પામતી જાય; હું પરાર્થ બુદ્ધિ-પરમાર્થ-બુદ્ધિ બનું; જેથી મને વિશિષ્ટ બુદ્ધિશક્તિ આદિ પ્રાપ્ત થયેલી સાર્થક થાય. ધર્મ સાધના કરવામાં આ જ એક મારું લક્ષ્ય.

(૧૩) હું કેવળ સુખનો અર્થી છું. જીવમાત્ર પણ એવા જ સુખાર્થી છે. માટે ધર્મસાધના કરવા દ્વારા જીવો પ્રત્યે મારી ભરપૂર કરુણા અને દિલની કોમળતા વધતી ચાલો.

(૧૪) ચિત્ત પાપયોગોથી અસમાધિમાં રહે છે. અસમાધિ ભાવવર્ધક છે. ધર્મસાધના કરતાં કરતાં સદા ચિત્તસમાધિ બની રહો, ચિત્ત સમભાવ-શુભધ્યાન-શુભ અધ્યવસાયમાં રમતું રહો એ જ એક ધ્યેય છે જેથી ભવનો અંત થાય.

(૧૫) ધર્મસાધનાથી પુણ્યાનુબંધી પુણ્ય થાય. આત્મશુદ્ધિની વૃદ્ધિ થાઓ એ જ ઉદ્દેશ છે, જેથી ઉત્તરોત્તર અધિકાધિક ધર્મ સામગ્રી-ધર્મબુદ્ધિ ઉત્સાહ-ધર્મબળ મળે.

(૧૬) ધર્મસાધના સ્વરૂપ સુકૃત કરતો રહું કરતો જ રહું, જેથી પછી એની વારંવાર અનુમોદનાથી પુણ્યપુષ્ટિ વધતી જ ચાલે. બસ સુકૃતાનુમોદન એ જ ધ્યેય, એ જ પ્રયોજન.



(૧૭) ધર્મસાધના દ્વારા બહિરાત્મભાવથી છૂટી અંતરાત્મભાવમાં લીન બનતો રહું. અંતરાત્મભાવ વધતો ચાલે એ જ એક લક્ષ્ય.

(૧૮) ધર્મસાધના એટલા માટે કરું છું જેથી આત્મનિષ્ઠ બન્યો રહું; આત્મગમન કરું; બહારમાંથી નીકળી મારા આત્મામાં જ લીન બનતો જઉં, એ જ એક ધ્યેય; કેમકે પૂર્ણ શાન્તિ પૂરી સ્વાત્મલીનતામાં જ થશે.

આ ઉદ્દશોમાંથી કોઈ પણ એક પર જાગૃત દૃષ્ટિ રાખી ધર્મસાધના કરતાં રહેવું.

**"કલ્યાણ"** **વર્ષ-૨૩,અંક-૫**

## પર્યુષણાપર્વની આરાધનાનું મહત્ત્વ શાથી ?

**(લે.- પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રી ભાનુવિજયજી મહારાજ)**

(પર્વાધિરાજ પર્યુષણાપર્વની આરાધનાનો મહિમા સમજાવતા આ લઘુ લેખમાં પૂ. મહારાજશ્રીએ આરાધક આત્માઓને આરાધના માર્ગનો મંગલ સંદેશ ખાસ 'કલ્યાણ' માટે પ્રસિદ્ધિ અર્થે પાઠવેલ છે.)

પર્યુષણાની આરાધના બાર મહિને એક જ વાર મળે છે. એમ તો બીજા પણ કેટલાંક પર્વ વર્ષે એક જ વાર આવે છે, કિન્તુ આ પર્વ મહાપર્વ છે, પર્વાધિરાજ છે, અને બીજા પર્વ ભૂલનારો પણ આ મહાપર્વની આરાધનામાં જોડાય છે. ગામે ગામના સંઘ આખામાં આની એવી ઉજવણી થાય છે કે ઇતરોને પણ એ જ્ઞાત બને છે. એથી આનું ઘણું મહત્ત્વ છે.

મહાપર્વનું આટલું બધું મહત્ત્વ શાથી ?

એક કારણ આ છે કે ધર્મના પાયામાં મૈત્રીભાવ છે. અનાદિનો રાગ-દ્વેષવાસિત જીવ સહેજે કોઈ અનિષ્ટ-અણગમતા પ્રસંગમાં બીજા પર દ્વેષભાવ-અમૈત્રીભાવમાં આવી જાય છે, ને તે દિલમાં ધર્મવાસિતતાને અટકાવે છે અગર ધક્કો પહોંચાડે છે. ધર્મવાસિતતાને ધક્કો લાગ્યા પછી બહારથી ગમે તેલી ધર્મકષ્ટિ કરે, ધર્મપ્રવૃત્તિ કરે, પરંતુ બળી ગયેલા મૂળવાળા વૃક્ષ પર પાણી સિંચવા જેવું એ નિષ્ફળ જાય છે. પર્યુષણા મહાપર્વ આ અમૈત્રીભાવને દૂર હટાવી મૈત્રીભાવને વ્યવસ્થિત કરવામાં જબરદસ્ત નિમિત્ત બની જાય છે. તેથી એ આગવું અનેરૂં પર્વ બને એમાં નવાઈ નથી.

મૈત્રીભાવ વ્યવસ્થિત કરવા માટે મહાપર્વનું એક મહાન કર્તવ્ય ક્ષમાપના બતાવવામાં આવ્યું છે. ક્ષમાપના એટલે ક્ષમા યાચી લેવી. જેની સાથે વૈર-વિરોધ

ઊભા કર્યા હોય, જેને કોઈને પીડા પહોંચાડી હોય, એના અંગેના ચિત્તના કલુષિત ભાવ વોસિરાવી દેવા માટે નમ્ર બનીને ક્ષમા યાચી લેવી એ ક્ષમાપના છે. આ ક્ષમાપનાને ઉત્તેજિત કરવા માટે કલ્પસૂત્રનું શ્રવણ બહુ ઉપયોગી બને છે. કેમકે એમાં શ્રી તીર્થંકર ભગવાનનાં ચરિત્ર એમાં ય ખાસ કરીને આસન્ન ઉપકારી પરમાત્મા શ્રી મહાવીર ભગવાનનું, એમણે અનહદ ક્ષમા-સમતા સહિત સહન કરેલા ઉપસર્ગોનાં વર્ણન સાથેનું ચરિત્ર વિસ્તારથી સાંભળવા મળે છે. એમ બીજા પણ મહાપુરુષોનાં ઉપશમરસભર્યા ચરિત્ર સાંભળવાનું પ્રાપ્ત થાય છે. આ બધું આપણામાં મૈત્રીભાવ, ક્ષમાપના અને કષાયોના ઉપશમને જગાવે છે, અને વિકસ્વર કરે છે.

એમાં વળી દાન-શીલ-તપ-ભાવના એ ચારે પ્રકારના ધર્મની આરાધના થાય એવી આ મહાપર્વમાં ભરચક યોજના છે. એથી તૃષ્ણા-મૂર્છા-વિષયાસક્તિ, આહાર સંજ્ઞા; અને મલિન ભાવો વગેરે દબાવાને લીધે કષાયના ઉપશમ સુલભ બને છે. ત્યારે ઠેઠ સાંવત્સરિક સુધીનાં પ્રતિક્રમણ વળી સવિશેષ ઉપશમભાવને પ્રેરે એમાં નવાઈ નથી.

આ બધું બીજા કયા પર્વમાં મળે ? એ પર્યુષણા પર્વમાં જ મળે છે માટે એ પર્વાધિરાજ છે. ઈતર દર્શનોમાં આવી પર્વયોજના જ ક્યાં છે ? જૈન દર્શનની આ એક અનેરી વિશેષતા છે ! એ જેને પ્રાપ્ત છે એણે તો એટલું મોટું ગૌરવ લેવું જોઈએ કે 'અહોભાગ્ય મારા કે વિશ્વમાં આવા અજોડ મહાપર્વ અને એ દેનારા લોકોત્તર ધર્મશાસનની પ્રાપ્તિ થઈ !' જેથી વર્તમાનકાળની અનેકાનેક પ્રકારની જીવન-મુશીબતોમાં આત્મા દીન, રોતડ અને મનને ઓછું લાવનારો ન બને. કોહિનૂર હીરા મળ્યા હોય, તો પછી કાચના ટૂકડા સરખા ન મળવા પર શોક કોણ કરે ? દીન-ઓશિયાળો રાંક કોણ થાય ? એ તો કોહિનૂર હીરા મળવા પરના મહા ગૌરવને લીધે એના જ ઊંચા લાભ ઉઠાવવામાં સજાગ-સત્પરિશ્રમી બન્યો રહેવાનો. બસ, એ પ્રમાણે જૈન શાસનની આ એક આગવા અનેરા મહાપર્વની પ્રાપ્તિ પરના ગૌરવથી બીજી ન્યૂન પ્રાપ્તિઓને અવગણી મહાપર્વના ઊંચા લાભ ઉઠાવી લેવા માટે સજાગતા અને સળગતો પુરુષાર્થ જોઈએ.

આ પણ ચિત્તના પ્રસાદ સાથે થવો જરૂરી છે. આનંદઘનજી મહારાજ કહે છે 'ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું, પૂજા અખંડિત એહ.' પૂજન-દ્રવ્ય સ્તવ, બાહ્ય ધર્મક્રિયા, ચિત્તની પ્રસન્નતા હોય ચિત્તપ્રસાદ હોય... તો સફળ કહી છે, તો જ એ અખંડિત છે, પૂર્ણ છે. ચિત્તપ્રસાદ એટલે સ્વચ્છ સ્વસ્થ ચિત્ત. જેમાં કલુષિતતા નથી, આપમતિ, મિથ્યા કલ્પના, પાપનાં શલ્ય, જડની અંધ આસકિત



નથી, દંભ નથી, સ્વચ્છતા. તેમ હર્ષ-શોકની વ્યાકુળતા ને રાગદ્વેષની વિહ્વળતા નહિ, તૃષ્ણા-મમતાદિ નહિ એ સ્વસ્થતા. પર્યુષણા જેવા મહાપર્વની આરાધના વખતે આ ચિત્ત પ્રસાદ સ્વચ્છ-સ્વસ્થ ચિત્ત રાખવું અતિ જરૂરી છે.

**"કલ્યાણ"** **વર્ષ-૨૪,અંક-૫-૬**

## જિનભક્તિમાં કેટલીક સાવધાની !

**પ્રવચનકાર પૂ. પંન્યાસજી મહારાજ ભાનુવિજયજી મહારાજ**

અવતરણકાર : **શાહ હસમુખ હીરાલાલ-વડોદરા**

**(શ્રી જૈન ગ્રીષ્મ આધ્યાત્મિક શિક્ષાયતન મુંબઈ-(મલાડ)માં 'જૈન આચાર' પરના વિષય પ્રવચન પરથી સાભાર)**

જૈન આચારના વિષયમાં જિન પૂજા સંબંધી કેટલીક વિચારણા જરૂરી છે. અનંત ઉપકારી શ્રી વીતરાગ ભગવંતની પૂજામાં કેટલીક સાવધાની રાખવાની છે. પહેલા નંબરની સાવધાની તો એ કે દહેરાસરમાં જતાં જ સાક્ષાત્ ભગવાન જોવાના છે. દહેરાસરમાં પગ માંડતાં જ એ ભાવના લાવવાની કે આ દુનિયામાં વીતરાગ ભગવંતથી વધીને એક પણ ચીજ જોવા લાયક નથી.

ભગવાનને જોઈએ પણ બિંબ તરીકે નહીં. તેમાં અંજનશલાકા વિધિ કરીને સજીવન બનાવેલા છે. માટે આપણે દર્શન પણ સાક્ષાત્ ભગવંત તરીકે જ કરવાના છે. જીવતા જાગતા સાક્ષાત્ ભગવંત બેઠા છે એ ખ્યાલ નથી રહેતો માટે જ સાવધાની ચૂકીએ છીએ. માટે જ અવિનય થઈ જાય છે.

(૨) વીતરાગ ભગવંત આગળ ગરીબ રાંક થઈને સ્તુતિ કરવાની છે. દર્શન માત્રથી જીવનની બાજી ફેરવાઈ જાય છે. વીતરાગ ભગવંત ત્રણ લોકના ચક્રવર્તી છે. ઈંદ્રો આવીને તેમની પગચંપી કરે છે. એવા ત્રિલોકનાથની આગળ દર્શન કરતાં હૈયું ગદ્ગદ થવું જોઈએ. દર્શન કરતાં માનસિક કલ્પના કરવાની કે ભગવંત સમવસરણમાં બિરાજ્યા. અષ્ટપ્રાતિહાર્યો ગોઠવાઈ ગયા. દેવીઓ નાટારંભ કરે છે. 'ઉર્વશી રૂડી અપસરા... પાયે નેપુર રણઝણે કાંઈ કરતી નાટારંભ' આ જાતની કલ્પના કરતા અનેરો આલ્હાદ ઊભો થાય. બીજા નંબરની સાવધાની એ કે ભગવંતને સાક્ષાત્ માની દર્શન પૂજા કરવાના. દર્શન કરતા કરતા એકતાન એકાગ્રતા અનુભવાય.

(૩) ભગવંતના દર્શન પૂજા વગેરે કરી પાછા વળતા આપણી પુંઠ બતાવી ન નીકળાય. એક વખતનો પ્રસંગ છે. પાંચમા જ્યોર્જનો અભિષેક થયો. વિકટોરીયા

રાણીનો વાઈસરોયને ત્યાં દરબાર ભરાયો. રાજ્યવડાઓ ઉપડ્યા ત્યાં. વાઈસરોયને ત્યાં સલામી ભરવા. વડોદરાના ગાયકવાડે સલામી ભરી પાછા કરતાં પુંઠ બતાવી. વાઈસરોયે તરત સેક્રેટરીને પૂછ્યું Who is this fool ? કોણ આ બેવકૂફ છે ? ઉતારી નાખો ફર્સ્ટ ક્લાસમાંથી થર્ડ ક્લાસમાં. જિનેશ્વર ભગવંતની પુંઠ કરવી એ જિનેશ્વર ભગવંતનું ઘોર અપમાન છે.

(૪) વાળાકુંચીનો ઉપયોગ તો આજે ઓટલા ઘસાય તેમ થાય છે. આ પ્રત્યે તો ખાસ સાવધાની રાખવા જેવી છે. ભગવંતને ખુણામાં કેશર ભરાયું હોય તો અંગ લુછણું લઈ કાઢી લેવું જોઈએ. દાંતમાં અનાજનો કણ ભરાતાં કાઢતાં કેટલી સાવધાની રાખીએ છીએ. તેમ વાળાકુંચી ન છૂટકે વાપરતા તેથી પણ અત્યંત સાવધાની રાખવી.

(૫) જિનેશ્વર ભગવંત માટે અંગ લુછણા કેવા વપરાય ? સુંવાળા મુલાયમ. ત્રણ લોકના નાથ જીવતા બેઠા છે, તેનું ભાન ન રહેવાથી આજે તો પાષાણની મૂર્તિ સમજી બેઠા છે. માટે જ અંગ-લુછણા પાટલા જેવા વપરાય છે. ગમે તે જગ્યાએ મૂકાય છે. પબાસન ઉપર પડી ગયેલ ફૂલ ભગવાનને ફરી વખત ન ચડાવાય તો પબાસન કે બીજી જગ્યાએ મૂકેલ અંગલુછણાનો ભગવંતને સ્પર્શ કરાવાય જ કેમ ?

(૬) પ્રક્ષાલ પૂજા, કેશર પૂજા કરતા પણ તે સાવધાની રાખવાની કે ત્રણ લોકના નાથને કળશનો ગોદો ન લાગે. કેશર પાતળું લઈ પૂજા કરતા ભગવાનને રેલા ઉતરે માટે તે ન થાય તે પણ સાવધાની રાખવાની. આજે તો આંગળીઓના નખ વધારવાની ફેશન ચાલી છે. પૂજા કરતાં નખ ભગવંતને વાગે. ત્રિભુવન દેવાધિદેવ સાક્ષાત્ બેઠા છે તેનો ખ્યાલ નથી માટે જ આજે એમ ચાલે છે. જો કે વાણીયાની ચાલાકી વપરાય છે 'લે દેવ ચોખા ને મેલ મારો છેડો.' આજે તો તમારે બધું રેડી મેઈડ જોઈએ છે (Ready-made) કેશર, પ્રક્ષાલ, પુષ્પો વગેરે તો વાપરો છો ને ! ભગવાન પણ રેડી મેઈડ જોઈએ. ભગવાન પૂજારીએ પખાળ-ત્રણે અંગ લુછણાં કરીને તૈયાર કરેલા જોઈએ ! રેડી મેઈડનો જમાનો છે ને ?

ભગવાન પણ કંઈ પણ ખર્ચ ન કરાવે તેવા જોઈએ ! ત્યાં ભગવંત ઉપર વહાલ કેટલું ? આજે તો 'બાઈના ફૂલ ભાઈને, શોભા મારા ભાઈને' એવી દશા આવી છે.

પૂજા કરવી છે ? આ રીતે ? ચૌદસો ચુમ્માલીસ ગ્રંથના રચયિતા આચાર્ય ભગવંત શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ કહે છે પૂજા એટલે અર્પણ, પોતાના ઉપભોગમાં જે દ્રવ્યો રાખ્યા છે તેમાંથી પૂજાને યોગ્ય દ્રવ્યો અર્પણ કરી દેવાના.



પાણીનું ટીપું સમુદ્રમાં સમાતા અક્ષય થઈ જાય તેમ જિનેશ્વરને ચરણે ગયેલ થોડું પણ દ્રવ્ય કે લક્ષ્મી પુણ્ય ઉપાર્જન કરે છે.

(૭) ભગવંતને હાથ પગ ધોઈને ધૂપ કરીને પછી સ્પર્શ કરવાનો.

(૮) પુષ્પ કેવી રીતે ચડાવવું ? પુષ્પની પાંખડીઓ તોડીને નહીં. આજે તો તમે કરો છો ને સ્નાત્રમાં કુસુમાંજલિમાં એક ગુલાબના ફૂલને તોડી પાંખડીઓ નાખી દે છે ? અહીં પણ તમારા વાણીયા વેડા ? આ તો 'સસ્તું ભાડું અને સિદ્ધપુરની યાત્રા' જેવી વાત થઈ, પરંતુ જિનેશ્વર ભગવંતની પૂજામાં આવી ઘાલમેલ કેમ ચલાવાય ? પુષ્પને ઝાડ ઉપરથી ઉતાર્યા પછી એક પણ પાંદડી છૂટી ન પડે તેની સાવધાની રાખવાની, પુષ્પોને પાણીથી ધોવાય પણ નહીં. તેમાં રહેલા ત્રસકાયના જીવો મરી જાય.

(૯) પૂજા માટેનું કેશર પણ જાતે બનાવવાનું. અનેરો આલ્હાદ મળે. એકતાન થઈ પૂજા કરાય તો સુકૃતના ઠોર જામે.

(૧૦) ભાવ પૂજા કરતાં પણ સાવધાની એ કે મન ભગવાન સાથે એકતાન થાય. ગણધર મહારાજના સૂત્રો ગંભીરતાથી બોલાય. દશ ત્રિકની સાવધાની રાખવાની છે. આચાર્ય હરિભદ્રસૂરીશ્વરજી મ. શ્રી કહે છે, 'સૂત્રો કેવી રીતે બોલાય ? શરીરના રોમે રોમ ખડા થઈ જાય.

તીર્થંકર ભગવંતની ચૈત્યવંદના એવી ચીજ છે કે જેની આગળ ચક્રવર્તીઓની સમૃદ્ધિ પણ ઝાંખી પડે છે.

(૧૧) ભગવંની ભાવ સ્તવના કરતાં એ વિચારવાનું કે સ્તવન લલકારવાનું તે બરાડા પાડીને નહીં. બાજુમાં ક્રિયા કરનારને ભંગ ન પડે તેની સાવધાની રાખવાની. 'માતા મરુદેવીના નંદે... સ્તવન બોલાતા ચિત્તનો વિશેષ ઉપયોગ જોડવો. તેમ જ એક પછી એક સંભળાતા પદાર્થની કડી જોડતા જવું દા.ત. સાંભળ્યું 'પ્રભુભક્તિનું દિલ લોભાવે છે. કરુણાના સાગર છે, કંચનવર્ણી અનુપમ કાયાવાળા છે. સમવસરણ પર બેસી ધર્મવાણી રેલાવે છે, ત્યાં રંભા ઉર્વશી નાટારંભ કરે છે. આગળની કડીઓ બોલતાં પાછળની કડી ભૂલાય નહીં. ભગવંતે રૂપવાન કાયાનો ઉપયોગ સ્ત્રીઓને વશ કરવામાં લોભાવ્યા નહીં પણ સમવસરણમાં બિરાજી દેશના આપી. અરિહંત પ્રભુ બ્રહ્મા છે, તારણહાર છે...' વગેરે આ વાક્યોની કડી આ રીતે જોડાય- દિલ લોભાવે છે કારણ કરુણાસાગર છે. એ વિશ્વ કરુણાથી જ એમને લોકોત્તર કાયા મળે છે. પણ એ કાયાનો ઉપયોગ રંગરાગમાં નહી પરંતુ ધર્મ ઉપદેશમાં કરે છે. ઉપદેશ પણ કેવો ? રંભા ઉર્વશી ઉછરંગમાં આવી જાય છે, નાચતી શું કહે છે આ- 'હે પ્રભો ? તમે જ ખરેખરા બ્રહ્મા છો કેમકે મોક્ષ-માર્ગના

વિધાતા છો તેથી જ તારણહાર છો. આમ ચિત્ત એમાં રમ્યા કરે એનું નામ ભાવ સ્તવના. મોટી બૂમો પાડીને ભાવ સ્તવના નહીં. ઘરે જતાં પણ એમ વિચાર. વીતરાગ ભગવંતે તો ત્રણ લોકની સમૃદ્ધિ મેળવી તો પણ ગાંડા ઘેલા ન થયા. હું આ ગટર કલાસમાં સંસારનો સાર માની લઉં છું !'

સુકૃત કમાવવા હોય તો ગભરાવવાનું જરાય નહીં. અત્યંત સાવધાનીથી કામ કરવાનું. તેમાંય જિનેશ્વર ભગવંતની ભક્તિમાં તો વિશેષ સાવધાની કારણ પૂજા એ સુકૃત કમાવવાનું મોટામાં મોટું સાધન છે.

દેવાધિદેવ ત્રણ લોકોના નાથની પૂજા કરવામાં પેસી ગયેલ અખાડા અને ઉપેક્ષાભાવ દૂર કરી જિનભક્તિમાં અત્યંત સાવધાન બનો.

**"કલ્યાણ"** વર્ષ-૨૪,અંક-૮

## એકાદ સુકૃત પર પણ પુણ્યની સરિતા

**(લે.- પૂ. પંન્યાસપ્રવર શ્રી ભાનુવિજયજી ગણિવર મલાડ-મુંબઈ)**

સ્વકીય વિનશ્વર લક્ષ્મીના અક્ષય લક્ષ્મીકરણની કુશળતાથી ભાગ્યશાળીઓ શ્રી સમેતશિખરજી આદિ મહાતીર્થોની રંગે ચંગે ફરસના કરી આવે છે, એને આ જિનવચનામૃતની અનલ્પ પહેરામણી અપાય છે.

(૧) જિન શાસન કહે છે 'સુકૃત કર્યું એકવાર, પણ જેટલી વાર તેનું અનુમોદન કરો એટલીવાર નવું નવું પુણ્ય ઉપાર્જિત થતું જાય' માટે શાલિભદ્રનો જીવ પૂર્વભવે એક ગમાર ભરવાડણનો ખીર માટે રોતો નાદાન છોકરો છતાં એણે રોઈને જીવનમાં પહેલી વાર મેળવેલી મીઠી મજેની ખીર ખૂબ ઉછળતા ઉલ્લાસથી તપસ્વી મહાત્માને દાનમાં દઈ તો દીધી પણ પછી આ ગુરુપ્રાપ્તિ અને ત્યાગના સુકૃતની ઉછળતા ભાવોલ્લાસે વારંવાર 'અહો ! કેવા ઉપકારી ગુરુ ! કેવો દાનનો સુંદર લહાવો !' એવી અનુમોદના કરી એથી એ નિરાશંસ સુકૃતનાં પુણ્યાનુબંધી પુણ્ય ઉપર વારંવાર પુણ્યના ગંજ વધારતો જ ગયો ! એનું પરિણામ કરોડપતિને ત્યાં માનવ જન્મ, અતિ સુકોમળ શરીર સૌંદર્ય, ૩૨ અપ્સરા સમી સ્ત્રીઓ, રોજ ઉમદા વસ્ત્રો, આહાર, અલંકારની નવાણું દેવતાઈ પેટીઓ, વૈભવ તો મળ્યો જ; ઉપરાંત મગધ સમ્રાટ શ્રેણિકે ઘરે આવી સન્માન્યા છતાં એ દોગુંદક દેવ જેવી ભોગવિલાસોનો કાચી સેકંડમાં ત્યાગ કરી, એણે ચારિત્ર લઈ શ્રી મહાવીર પ્રભુને ગુરુ કર્યા; ગુરુનાં પગલે ભયંકર તપશ્ચર્યા અને અંતિમ અનશન કરી શરીરની મૂર્ચ્છા અને શરીરનો પણ ત્યાગ કર્યો ! ને સામે માતા તથા પત્નીઓ રૂદન સાથે કરગરતા



છતાં ગુરુ મહાવીર પરમાત્માને મન દઈ દીધું. **'સન્મુખ ખોલ જોયો નહીં માકું. ધ્યાન જિનેશ્વર મન ધરિયા'** ને અંતે મરીને સવાર્થસિદ્ધ વિમાનમાં સર્વ વિકાર-ખણજના ત્યાગ તથા ગુરુકથિત ષડ્દ્રવ્ય-તત્ત્વચિંતન રૂપ ગુરુસમર્પણમાં ઝીલતા થઈ ગયા. આટલો બધો શાનો પ્રભાવ ?

પૂર્વે નિરાશંસ ભાવે કરેલ થાળી ખીરના ત્યાગ અને તે ત્યાગનો મહા લાભ કરાવનાર ઉપકારી ગુરુને ભાવસમર્પણનાં સુકૃતનો પ્રભાવ તો એ હતો; પરંતુ વિશેષ કરીને એક જ સુકૃતની વારંવાર કરેલી અનુમોદનાથી એકત્રિત કર્યે ગયેલા નવા નવા પુણ્યાનુબંધી પુણ્યના ગંજનો એ પ્રભાવ હતો; નહિતર વિચારવા જેવું છે કે એક જ વખતના થાળી ખીરના દાન અને એક જ વખતના ગુરુસન્માનથી પુણ્ય કેટલું ઊભું થાય ? શું એટલા નાનકડા ત્યાગનું ફળ રોજની નવાણું દેવતાઈ પેટી ? અને એના સાથે દેવાંગના સમી બત્રીસ રમણીઓના સુંવાળા ભોગ વિલાસથી લચબચતા સમગ્ર સંસારનો ત્યાગ આવે ? તેમજ શું હૈયે એકવાર ગુરુને વધાવ્યાનું ફળ દિવ્ય સમૃદ્ધિ અને રાજ-સન્માન વચ્ચે ગુરુ મહાવીરદેવને હૈયે વધાવી ગુરુને ચરણે જીવન સમર્પણ ? ના, એ કલ્પનાતીત ફળ તો એકવાર પણ કરેલ એ સુકૃત, -ઈષ્ટ ત્યાગ અને ગુરુ બહુમાન, ઉપર વારંવાર ઠેઠ એજ દિવસે મરવાની ઘડી સુધી કરેલી ભારોભાર અનુમોદના હતાં; તેથી ભરચક ભરતી થયેલ પુણ્યના થોકનાં એ ફળ હતાં.

સુકૃત અનુમોદનાના અદ્‌ભુત ફળના સાયન્સના હિસાબે જ નમસ્કાર મહામંત્રમાં પરમેષ્ઠિ-નમસ્કાર પદોની પછીની 'એસો પંચ નમુક્કારો...'ની ગાથાથી તથા ચતુર્વિંશતિ સ્તવ 'લોગસ્સ' સૂત્રમાં ચોવીસ જિનને વંદન પછીની 'એવં મએ અભિથુઆ... કિત્તિય વંદિય મહિયા...' વગેરે ગાથાથી આ પરમેષ્ઠિ નમસ્કાર અને ચોવીસ જિન-વંદનારૂપી સુકૃત અનુમોદનાનો નવો વિશિષ્ટ લાભ મળે છે. કહો એ અનુમોદન માટે એ પાછળના ગાથાસૂત્ર છે. અનુમોદનાથી સુકૃતના સંસ્કાર અને પુણ્ય પુષ્ટ બને છે.

આ ખૂબ લક્ષ પર લઈ તીર્થ-યાત્રા કરી આવનારે એકવાર પણ કરેલ સુકૃતના લોટની હવે વારંવારની મનોમન અનુમોદના કરવાની છે. 'કેવી સુંદર યાત્રાઓ ! તથા જિનેશ્વર ભગવંતની ભવ્ય ભક્તિ વગેરે સુકૃત-સાધનાઓ થઈ ! આ સિવાય બેકાર જીવનમાં શું સારું છે ? ક્યાં ગોઝારા આરંભ સમારંભ પરિગ્રહ અને ઈન્દ્રિય વિષયોનાં દુષ્કૃત ? અને ક્યાં અનંત કલ્યાણ સાધક આવા મહા તીર્થયાત્રા, જિન ભક્તિ આદિના સુકૃતો ? આ ઉચ્ચ સુકૃત મારા જીવનમાં થયા ? ધન્ય જીવન ! ક્યારે સંપૂર્ણ જીવનને એકલી જિન સેવા રૂપ કરું ?...' એવી એવી

અનુમોદના વારંવાર કરવાની. એથી આત્મ ઘરે પુણ્યની સરિતા વહેતી આવે છે.

(૨) બને ત્યાં સુધી રોજ રોજ વહેલી પ્રભાતે માનસિક સમસ્ત તીર્થની યાત્રા કરવી. જાણે 'અત્યારે જ આપણે ઘરેથી નીકળી આ તીર્થે ગયા... ત્યાં આવું સુંદર જિનાલય ! એમાં, આ મૂળનાયક ભગવાન ! આવું સુંદર બિંબ ! એમની આસપાસ આ ભગવાન, આ ભગવાન,...' એમ દરેક બિંબ મનમાં સામે લાવતાં લાવતાં 'નમો જિણાણં, નમો જિણાણં' પદ સાથે નમન અંજલિ લલાટે અડાડી કરતા જવાનું. દર્શન નમન પછી આ રીતે પૂજા-સ્નાત્રપૂજા-ગુણ ગાન કરી બીજા તીર્થમાં ગયા. તેની માનસિક યાત્રા બાદ ત્રીજા તીર્થની... એમ ઠેઠ પાછી ઘરે આવતા સુધીના તીર્થોની યાત્રા, દર્શન, વંદન, પૂજન મનમાં લાવવાનું. એમાં સિદ્ધગિરિ તીર્થની માનસિક યાત્રા આ રીતે;-જાણે પહેલા દૂરથી મહાન ગિરિરાજ દેખ્યો... પછી તળેટીથી ચઢતા ગયા... નવ ટુંકમાં દરેકે દરેક સ્થાને એકેક જિન બિંબનાં દર્શન નમન કરતાં ચાલ્યા, યાવત્ દાદાના દરબારમાં વિસ્તારથી યાત્રા કરી. **'ઘેર બેઠા પણ એ ગિરિ ગાવે રે, શ્રી જ્ઞાન વિમલ સુખ પાવે રે,'** એ લાભ માનસિક તીર્થ યાત્રાના શાસ્ત્રકારો બતાવે છે.

(૩) તીર્થયાત્રામાં આપણે સંસારના ઘરેથી એટલે કે **પર ઘેરથી નીકળી પ્રભુના ઘેર જઈએ છીએ.** સંસાર ઘર એ ઘર છે. જીવ એમાં મહેમાનની માફક નવો જાય છે. મહેમાનની જેમ જીવનું આકસ્મિક આવતા પહેલાં કોઈ સ્મરણ નથી. આ સંસારઘરમાં આવ્યા એટલે કે જન્મ્યા ને રહ્યા. અર્થાત્ મર્યા ત્યાં સુધીમાં એની સરભરા થાય. પરંતુ સરભરાની એક એક બાબત સામે કિંમત રૂપે જીવન પોતાનાં પુણ્ય નાણાં ચૂકાવી ચૂકાવીને જ થાય. નવી પુણ્ય-કમાઈ નહીં, ઊલટું જે મજૂરી થાય અર્થાત્ ષટ્કાય જીવની રોજિંદી હિંસા, આદિ મન વચન કાયાના અશુભ યોગો આચરવાના થાય તેથી નવા ભરચક પાપના ગંજ આત્મામાં ખડકાયા જ કરે. આમ પુણ્ય-ચૂકવણી અને પાપ-કમાણી કરી કરી અંતે મૃત્યુ થાય એટલે મહેમાન-જીવ ઊડીને પાપ ભાર સાથે ચાલતો થયો. પછી એ ઘરમાં એનું કાંઈ લાગે વળગે નહીં. ઊલટું જે લક્ષ્મી મકાન રાચરચીલું ચૂલો, છરી, ધોકા પરાળ, વગેરે પાપ સાધનો પર મૂર્ચ્છા કરી કરીને ગયો. એ સાધનો અસંખ્ય જીવોની હિંસા કરતા રહે એની પાપ ક્રિયા પારસલ એ ભવાંતરે ગયેલા મહેમાન જીવને પહોંચ્યા કરે છે ! એથી પાપમાં ચકચૂર રાખે એવી હલકી દુઃખદ યોનિઓમાં રખડવું પડે છે.

આવા પર ઘરમાં વસી જવાના લખલૂટ અનર્થોથી બચવાનો એક માત્ર ઉપાય પ્રભુને ઘેર જઈ વસવું તે છે. સ્થૂલ ભાષામાં તેનો અર્થ એ કે તીર્થયાત્રા કરવી, જિન-મંદિરે જઈ દેવદર્શન, નમન પૂજન, ગુણગાન કરવાં, દેવ વંદન જાપ,



જિન ચરિત્ર શ્રવણ, મંદિર-મૂર્તિ-નિર્માણ, પ્રતિષ્ઠાદિ મહોત્સવ ઇત્યાદિ કરવું.

પ્રભુના ઘરે જવાનો તાત્ત્વિક અર્થ એ કે પ્રભુ અને તેમની આજ્ઞા પર અત્યંત, અવિહડ, અનન્ય શ્રદ્ધા-પ્રીતિ-બહુમાન ધરવું તેમજ હૃદયને પ્રભુની આજ્ઞાને જોરશોરથી પ્રતિબદ્ધ કરી જિનાજ્ઞાએ નિષેધેલ વાણી, વિચાર, વર્તનને અટકાવવા સાથે ફરમાવેલી આચાર-અનુષ્ઠાન, વ્રત-નિયમમાં પ્રવર્તવું. સ્થૂલ અર્થમાં પ્રભુના ઘેર જઈને રહેવાનો ભાવ સાચો ત્યારે કે, ત્યાં પણ આ તાત્ત્વિક અર્થનો ભાવ જીવંત રખાય, અને પછી પણ પ્રભુનો ઘેર રહેવાનું તે પ્રભુ અને પ્રભુની વાણી ઉપર અનન્ય શ્રદ્ધા રાખવાની; 'જિને કહ્યું તે જ સાચું અને શંકા વિનાનું' એવો હાર્દિક દૃઢ નિરધાર કરી રાખીને રહેવાનું, અને શક્ય જિનાજ્ઞાનુસારી શુભ પ્રવૃત્તિ કરવી. સાથે જિનાજ્ઞાએ નિષેધેલ અભક્ષ્ય, અપેય, હિંસા, જૂઠ અનીતિ, આરંભ-સમારંભ વગેરેનો પ્રતિજ્ઞાપૂર્વક યથાશક્તિ ત્યાગ કરવાનો.

**"કલ્યાણ"** વર્ષ-૨૫,અંક-૩

## વફાદારીનું ઊંચું મહત્વ સમજો !

### (લેખક : પૂ. પંન્યાસજી મહારાજશ્રી ભાનુવિજયજી)

**શ્રી ભગવતીસૂત્ર** કહે છે કે, 'વિરાધક સંયમી મરીને વિરાધિત સંયમના લીધે વધુમાં વધુ ૧લા દેવલોક સુધી જ જાય; જ્યારે મિથ્યાદૃષ્ટિ સંન્યાસી મરીને ઠેઠ પાંચમા દેવલોક સુધી જઈ શકે.'

અહીં પ્રશ્ન થાય કે આમ કેમ ? પેલા સંયમીને તો સંયમ જૈન શાસનનું છે, સર્વ-પાપત્યાગ યાને સર્વવિરતિના ઘરનું છે. પંચમહાવ્રતના સ્વીકારવાળું છે, જ્યારે સંન્યાસીને તો મિથ્યાદૃષ્ટિ અસર્વજ્ઞના મતની દીક્ષા છે. સંન્યાસ છે, તો ફળમાં આની અધિકતા અને પેલા વિરાધિત સંયમવાળાને ન્યૂનતા કેમ ?

અલબત્ત સંયમમાં વિરાધના યાને સંયમમાં સ્ખલના પહોંચાડે છે તેમાં કદાચ સમ્યક્ત્વનો પણ નાશ કરી નાખે એવા અનંતાનુબંધી રાગ દ્વેષ ઊઠતા હોય, ને મિથ્યાત્વ ઉદયમાં આવતું હોય, તેથી તો એવો જીવ ભવનપતિ કે જ્યોતિષ દેવલોકમાં પણ જાય; કિન્તુ સમ્યક્ત્વની હાજરી હોય તો તો વૈમાનિક દેવલોકથી નીચેનું આયુષ્ય બાંધે જ નહિ; ત્યારે આ તો નીચે જાય છે એ સૂચવે છે કે, સમકિત નષ્ટ થયું અને મિથ્યાત્વ ઉદયમાં આવ્યું છતાં પેલો સંન્યાસી ય ક્યાં સમ્યક્ત્વમાં છે ? એને ય મિથ્યાત્વનો ઉદય છે. ઉપરાંત દીક્ષા મિથ્યાશાસ્ત્રે કહેલી છે, ત્યારે સંયમીને સર્વજ્ઞમાં શાસ્ત્ર મુજબની પંચમહાવ્રતના સ્વીકારવાળી છે, તો

પછી ફળ ઓછું કેમ ?

આના ઉત્તરમાં એમ કહી શકાય કે સંયમીને ભલે સૂક્ષ્મરૂપે ત્રિવિધ ત્રિવિધે હિંસાદિત્યાગરૂપ મહાવ્રતપ્રતિજ્ઞા હોય અને સંન્યાસીને તો સ્થૂલરૂપે વ્રતસ્વીકાર હો; છતાં સંયમી એ પ્રતિજ્ઞાનો ભંગ કરે છે, એટલે કે વ્રતની વફાદારી ગુમાવે છે, ત્યારે સંન્યાસી લીધેલ વ્રતને બરાબર વફાદાર રહે છે. તેથી સંયમીને ઓછું ફળ નીચો દેવલોક અને સંન્યાસીને ઊંચું ફળ, ઊંચો દેવલોક મળે એ સહજ છે.

વ્રત-પ્રતિજ્ઞાને અખંડ અણીશુદ્ધ પાળ્યાનો આ મહિમા છે કે અભવી જેવાપણ જીવ સમ્યક્ત્વ નહિ છતાં જો જિનશાસનની સાધુ દીક્ષા લઈ ત્રિવિધ ત્રિવિધે સ્વીકૃત પંચમહાવ્રત બરાબર પાળે છે, તો ઠેઠ ૧૨ દેવલોકની ઉપર ગ્રૈવેયક સ્વર્ગ સુધી જાય છે. જ્યારે, સંન્યાસી મિથ્યાશાસ્ત્રોક્ત સંન્યાસ લઈ એના કહેલા સ્વીકૃત વ્રતને બરાબર પાળે છે, તો માત્ર પાંચમા દેવલોક સુધી જ જાય છે, આ ફરકનું કારણ એ છે કે જૈન સાધુદીક્ષામાં 'હું મનથી વચનથી કે કાયાથી સૂક્ષ્મ પણ હિંસા-અસત્યાદિ પાપ સેવીશ નહિ, સેવરાવીશ નહિ, સેવતાને આ ઠીક કરે છે એમ સારો માનીશ નહિ.' એવી ત્રિવિધ ત્રિવિધે પાપત્યાગની ભીષ્મ પ્રતિજ્ઞા હોય છે. ત્યારે જૈનેતરમતની સંન્યાસ દીક્ષામાં એટલી હદ સુધીની પ્રતિજ્ઞા નથી, અતિ સૂક્ષ્મ કોટિનો પાપત્યાગ નથી. તેમ આચાર પણ એટલા સૂક્ષ્મ વિવેકના નથી. સંન્યાસી તો પોતાના માટે બનાવેલ ભિક્ષા મળે તોય તે લઈ લે છે; ત્યારે જૈન સાધુ એ ન લે; કેમકે એમાં હિંસાની અનુમોદના લાગે.

આમ, સમ્યક્ત્વ નહિ છતાં સર્વજ્ઞકથિત મહાવ્રતના પાલનનું ઊંચું મૂલ્ય, ઊંચું ફળ છે, છતાં જો એની વિરાધના કરે, ભંગ કરે તો એમાં વફાદારી ગુમાવ્યાથી અલ્પ વ્રતના વિશુદ્ધ પાલનના ફળ કરતાં નીચું ફળ આવીને ઊભું રહે છે, એ પૂર્વોક્ત ભગવતી સૂત્રનું કથન છે.

આ પરથી એ બોધ લેવા જેવો છે કે,

(૧) નાના કે મોટા પણ સ્વીકારેલ વ્રતને બરાબર વફાદાર રહેવું, એનુ પાલન યથાસ્થિત જેવું સ્વીકાર્યું તેવું કરવું, કિન્તુ એનો ભંગ ન કરવો, એને દોષ ન લગાડવો, અને

(૨) કદાચ જાણ્યે અજાણ્યે દોષ લાગી ગયો, તો તરત સુગુરુ આગળ પશ્ચાત્તાપ સાથે એનું આલોચન-પ્રકાશન કરી પ્રાયશ્ચિત્ત કરવું; જેથી પછી વ્રત શુદ્ધ બને. એટલા જ માટે રોજના સવાર-સાંજ પ્રતિક્રમણનું મહત્ત્વ છે; કેમકે એ અજાણ્યે લાગેલા નાના દોષોનું પરિમાર્જન કરી આપે છે, ને વ્રતને શુદ્ધ અ-ભગ્ન અ-ખંડિત રાખે છે. ત્યારે બીજા દોષોનું પરિમાર્જન ગુરુ પાસે આલોચન કરી એમણે કહેલ



પ્રાયશ્ચિત્તને વહન કરવાથી થાય છે.

તો શું જેણે વ્રત જ લીધા નથી અને દોષ સેવ્યા છે એણે પ્રાયશ્ચિત લેવું પડે ? હા, (૧) જિનાજ્ઞાએ નિષેધ કરેલ અર્થાત્ ત્યજવા જેવા કહેલ કાર્યનું સેવન, (૨) આદરવા જેવા કહેલા કાર્યનું અ-સેવન તથા (૩) જિનોક્તની અશ્રદ્ધા, અને (૪) જિનોક્તથી વિપરીત પ્રરૂપણા-પ્રતિપાદન, એ ચારેય દોષ પ્રાયશ્ચિત્ત યોગ્ય છે. માટે જ જીવનના સર્વ પાપોની શુદ્ધિ માટે યોગ્ય ગુરુ આગળ ભવ-આલોચના કરાય છે.

(૩) વ્રતની વફાદારીની જેમ બીજી પણ વફાદારીઓનું ઊંચું મહત્ત્વ છે. દા.ત. વચનની વફાદારીઓનું, બોલ્યું પાળવું, પિતા-પુત્રની પિતા તરીકે પુત્ર તરીકે વફાદારી, મિત્રની મિત્ર પ્રત્યે, શિષ્યની ગુરુ પ્રત્યે અને ગુરુની શિષ્ય પ્રત્યે વફાદારી... વગેરે. જો તે તે વફાદારી ચૂકાય, તો વિશ્વાસભંગ વગેરે મહાઅનર્થ નીપજે.

**"કલ્યાણ"** વર્ષ-૨૭,અંક-...,

## શ્રી નવપદ ભગવંતનો મહિમા

**(લે.- પૂ. પંન્યાસજી મ. શ્રી ભાનુવિજયજી ગણિવર-કલકત્તા)**

(શ્રી અરિહંતાદિ નવપદોનું ટુંકમાં સચોટ શૈલીએ અહીં સ્વરૂપ દર્શાવવામાં આવેલ છે, શ્રી અરિહંતનું સ્વરૂપ 'કલ્યાણ'માં પૂર્વે પ્રસિદ્ધ થયેલ શ્રી અરિહંત પદના વર્ણનના અનુસંધાનમાં આ લેખ અત્રે પ્રસિદ્ધ થાય છે.)

### સિદ્ધ

જેમનો અંતરાતમ નિર્મળ, સ્ફટિક જેવો શ્વેત છે. જેમણે કર્મના મેલને દૂર કરી દીધા છે. આવરણોને ફગાવી દીધા છે. પાપો-વિષય-કષાયના ઝેર જેણે ત્યજી દીધા છે. તે સિદ્ધ પરમાત્માનું ધ્યાન ધરવાથી આપણો આત્મા નિર્મળ થાય છે.

સિદ્ધપદમાં વિચાર કરવાનો કે તે સિદ્ધ કેવી રીતે બન્યા ? તે પણ પહેલાં મારા જેવા જ હતા. પરંતુ તેમણે સત્ માર્ગે પ્રયાણ આદર્યું. સંયમ સામ્રાજ્યને ગ્રહણ કર્યું. બહારની દુનિયામાંથી મન ઉઠાવી લીધું. આત્મરમણતામાં ચિત્તને પરોવ્યું. પાપ કર્મોને દૂર હડસેલ્યા. કર્મના ભુક્કા બોલાવ્યા. ઉજ્જવળ કેવળજ્ઞાન પામ્યા. ધર્મદેશનાના ધોધ વરસાવ્યા. ચાર અઘાતિનો નાશ કર્યો. ત્રણ યોગને બંધ કર્યા. કાયા પિંજરમાંથી દોટ મૂકી અને સિદ્ધ શિલાના આસને સદાને માટે જમાવી દીધું. તો મારે પણ આજ કાર્ય કરવાનું છે.

સિદ્ધપદની અવસ્થાનો વિચાર કરવાનો... સાથે સાથે આપણાં અને સિદ્ધના ગુણો તરફ મન લગાવવું. બંને ગુણો સરખા જ દેખાશે, ફક્ત વચ્ચે એક દિવાલ આપણા ગુણોની આડી હશે જે આપણા ગુણોને જોવા નહીં દે. રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, મોહ, ઈર્ષ્યા, અસુયા આદિ કર્મોથી સભર બનેલ એ દીવાલ છે.

સિદ્ધ પરમાત્મા ઉઘાડા સિદ્ધ છે. હું ઢાંકેલો સિદ્ધ છું, વનરાજ સ્વતંત્ર સિંહ છે. તેમ પરતંત્ર પણ છે. પિંજરમાં પણ એને સપડાઈ જવું પડે છે. તેથી શું તે વનરાજ મટી જાય છે ? નહિ જ. પરંતુ ફરક જરૂર. એક પિંજરમાં પૂરાયેલો છે. બીજો સ્વતંત્ર વિહરનારો છે. સિદ્ધ સ્વતંત્ર છે, આપણે કર્મના પિંજરમાં પૂરાયેલા છીએ...

વિષ્ટાનો કીડો વિષ્ટામાં આનંદ માણે પણ જ્યારે તે મનુષ્ય બને, જ્ઞાની મલે, ભવ દેખાડે, જાતિ સ્મરણ જ્ઞાન થાય તો શું તે વિષ્ટા ગમે ? અને સંડાસમાં બેસવું ગમે ને ? ન ગમે.

ઈતર શાસ્ત્રમાં પણ કહે છે કે : માણસમાં વિવેક-વિનય શક્તિ પ્રગટે એટલે અવિદ્યા ટળે અને વિદ્યા આવે. એને વિવેક કહો કે સમ્યગ્જ્ઞાન કહો !

શૌચાગારના કીડાને મનુષ્ય થતા શૌચાર ન ગમે તેમ અવિદ્યારૂપી શૌચાગારમાંથી નીકળ્યા પછી વિદ્યારૂપ મનુષ્ય જીવનમાં આવ્યા પછી વિષય-કષાયરૂપ શૌચાગારમાં જવાનું ન ગમે.

કર્મરૂપ શૌચાગારમાંથી નીકળ્યા પછી સિદ્ધપદરૂપ મનુષ્ય જીવન પામ્યા બાદ સંસારરૂપ શૌચાગારમાં જવાની ઈચ્છા ન થાય. સિદ્ધપદને પામેલો આત્મા પોતાનાં આત્મગુણરૂપી ધનમાં જ લહેર ઉડાવે. સંસાર તો કારાવાસ લાગે. તેના તરફ નફરત છૂટે.

સિદ્ધપદના આરાધક બનીએ તો દુનિયાના આરાધક બનવામાં સૂગ આવે. આ સક્રિય રચનાત્મક નવપદમાંથી મેળવવા જેવું છે, મનને નવપદમાં જોડી દેવું.

સિદ્ધનું આલંબન મનને પકડાવવામાં આવે તો દુનિયાના સુખો ફિક્કા લાગે. સિદ્ધનું સુખ અનંત અવ્યાબાધ-અમાપ છે, માટે માપ નથી, સ્વાધીન છે. અક્ષય છે. ક્ષય પામે નહીં. સિદ્ધના સુખની સામે દુનિયાના સુખમાં શું ભલીવાર છે ?

**પ્ર.**- સિદ્ધના સુખનું વર્ણન ન થઈ શકે ?

**ઉ.**- સિદ્ધના સુખનું વર્ણન કરવાને કેવળજ્ઞાની પણ સમર્થ નથી તો મારા-તમારા જેવાની તો વાત જ ક્યાં કરવી ? છતાંય એક દૃષ્ટાંત કર્યું.



એક રાજા ભયાનક જંગલમાં ભૂલો પડ્યો; તૃષા સખત લાગી. પાણી ન મળે... ચોતરફ નજર ફેરવે છે... એક ભિલ્લ કન્યા પોતાના તરફ આવતી જોઈ... રાજા ખુશ થયો... આશાભરી મિંટ માંડતા રાજાની આગળ કન્યા આવી ઊભી... પાણીની માંગ કરી... કન્યાએ પાણી લાવી આપ્યું... રાજાને સંતોષ થયો... કન્યા ઝુંપડે લઈ ગઈ... પરિવાર મળ્યો... સર્વ રાજાને નમ્યા... રાજાએ કન્યાની માગણી કરી... માતા-પિતાએ રજા આપી...ભિલ્લ કન્યા રાજરાણી બની ગઈ... રાજા મહેલમાં આવ્યો... રાજ્યના રાજભોગ ભોગવવા લાગી.

એક વખત પોતાનું ઝુંપડું યાદ આવ્યું... રાજાને વાત કરી. રાજાએ રથ સાથે કન્યાને મોકલી. જંગલમાં થઈને રથ કન્યાના પિતાના ઝુંપડા આગળ આવીને ઊભો... પરિવાર ભેગો થયો... બધા કન્યાને ભેટ્યા... એકવાર બધા બેઠા છે... પરિવાર પૂછે છે, ‘દીકરી ! ત્યાં તને આનંદ આવે છે ? આવે છે તો કેવો આવે છે ?’ તે મને કહે...કન્યા કહે બાપા ! ત્યાંના સુખોને તો હું કહી જ ન શકું. એ તો જે જાતે ભોગવે એને જ ખબર પડે...દીકરીએ ઘણું કહ્યું પણ રાજશાહી ભોગોનું વર્ણન તો ન જ કરી શકી...

એજ પ્રમાણે સિદ્ધના સુખોને જે ભોગવે તેને જ તેનો સ્વાદ આવી શકે... નવી પરણેલી કન્યા જ્યારે પાછી આવે અને સખીઓ પૂછે. બહેન ! ત્યાં કેવી મજા આવી ! તો તે કન્યા કહી શકે ખરી કે આવી મજા આવી !

જેને સર્વ શત્રુ નાશ પામ્યા છે... સર્વ નષ્ટ થયા છે... સર્વ ઈચ્છાઓ ફળીભૂત થઈ એમને કેટલો આનંદ ! એ ઈચ્છાઓ સિદ્ધને ફળીભૂત થઈ છે.

નવ મહિના માતાના ગર્ભમાં સડવાનું નહીં... ભૂખ નહીં... તરસ નહીં... ટાઢ નહીં... તડકો નહીં... પરાધીનતા નહીં... અપમાન નહીં... રાગ નહીં... અનંત સુખ... અવ્યાબાધ... નિરંજન... નિરાકાર આત્માનું અનંત સુખ છે, જ્યાં એવા સિદ્ધપદનું આરાધન કરવાથી સિદ્ધિ વધૂને આપણે પણ ભેટી શકીએ...

## આચાર્ય પદ

આચાર્ય પદની આરાધનામાં મન રમતું થઈ જાય તો આ જીવ પ્રમાદમાંથી છૂટી જાય...આચાર્ય મહારાજ જેવા બીજા કોઈ વ્યાપારી નથી. વ્યાપાર તો આચાર્યનો જ. વ્યાપારી તો આચાર્ય જ.

મનને દુનિયાના વ્યાપારમાં બહુ જ રસ છે... આ વ્યાપાર સારા, આ ખરાબ...આ લાઈન સારી પેલી બેકાર... દુનિયાના વ્યાપારોમાં મન ભટકે છે... પણ તે વ્યાપાર પોતાને ડુબાડનારો... તારનારો નથી...

આચાર્ય મહારાજનો વ્યાપાર જાતને તારવાનો અને બીજાને તારવાનો...

કેશી મહારાજના વ્યાપારે નાસ્તિક પ્રદેશી રાજાને મહાઆસ્તિક બનાવ્યો... ગણધર ભગવાન શ્રી ગૌતમ મહારાજના વ્યાપારે પચાસ હજારને સંયમ સામ્રાજ્ય કેવળજ્ઞાન અને મોક્ષ અપાવ્યું...

આચાર્ય હીરસૂરીશ્વરજીએ અકબર બાદશાહને અહિંસા પ્રેમી બનાવ્યો... કલિકાલ સર્વલ આચાર્ય હેમચંદ્રસૂરીશ્વરજીએ કુમારપાળ મહારાજાને મહાશુદ્ધ શ્રાવક બનાવ્યો... આચાર્ય સિદ્ધસેનસૂરીશ્વરજીએ વિક્રમ મહારાજાને જૈનશાસનનો હીરો બનાવ્યો. આચાર્ય આર્યરક્ષિતસૂરીશ્વરજીએ સંપ્રતિ મહારાજાને જૈનશાસનનો સુભટ બનાવ્યો...

જે જે ભવ્યાત્માઓ આચાર્ય મહારાજના વ્યાપારમાં જોડાયા, તેમના વ્યાપાર પર અખંડ શ્રદ્ધા થઈ ગઈ. તે આત્માઓ સંસારનો વ્યાપાર ત્યજીને આચાર્ય મહારાજના વ્યાપારમાં લાગી ગયા.

## ઉપાધ્યાય પદ

ઉપાધ્યાયનું આલંબન પકડો... તેમાં મન લગાડી દો. મહાદાનેશ્વરી ઉપાધ્યાયપદમાં ચિત્ત જોડી દેવાથી દાનના પરિણામ જાગ્યા વિના રહે નહીં...

ઉપાધ્યાય જેવા કોઈ દાનેશ્વરી નથી... અબજોનું દાન કરનારો જે દાનેશ્વરી ગણાય એથી પણ મોટા દાનેશ્વરી ઉપાધ્યાય છે. ગણધરોએ બનાવેલા સૂત્રોનું દાન ઉપાધ્યાય કરે છે... ઉપાધ્યાય વાચક કહેવાય છે... સાધુઓનું ઘડતર તેમના જીવનનું રખેવાળ, અને તેમને આગે બઢાવવાની મહેનત ઉપાધ્યાય કરે છે...

આદિનાથ ભગવાન તીર્થંકર પહેલાના ત્રીજા ભવમાં ચક્રવર્તી હતા.. છ ખંડની ઠકુરાઈ ભોગવવાની, નવજવાન રાણીઓની સાથે વિલાસ માણવાના... ચૌદરત્નો અને નવનિધિઓ દ્વારા ભોગવટો કરવાનો... પોતાની સત્તાનો ધ્વજ ફરકાવવાને માટે મોટ મોટી લડાઈ કરી... પરંતુ જ્યારે તે સર્વને લાત મારીને ત્યાગના પંથે કદમ બઢાવ્યા ત્યારે ઉપાધ્યાય ભગવંતે ચૌદપૂર્વના પારગામી બનાવ્યા. ત્રીજા ભવે તીર્થંકરપદ નક્કી કરી લીધું...

## સાધુપદ

સાધુના પરાક્રમની જગગાથા ઈતિહાસ અને શાસ્ત્રોના પાને પાને શોભે છે...

"સાધુ અંતર અરિ સમુહને, વિક્રમી થઈય દંડે"

સાધુના જેવું પરાક્રમ કોઈનું નથી... સંગ્રામ ભૂમિમાં હજારો શત્રુઓ જીતવા



સહેલા... નાગના ઉપર રહેલો મણિ ગ્રહણ કરવો સહેલો... વાઘની બોડ પર રહીને નિષ્કંપ રહેવું સહેલું પણ ઘરમાં રહીને અંતર શત્રુઓને જીતવા ઘણું દુષ્કર છે... જેને સાધુઓ જીતે છે.

ચમરબંધીને સ્ત્રી નચાવે સાધુને નહિ... શિકારીને વનરાજ કંપાવે પણ સાધુને નહિ... સાધુઓ મહાપરાક્રમી છે... તેઓ પોતાના આંતર શત્રુઓની સામે સામનાં કરે છે... બીજાઓને તો બીચારા ગણે... બહારના શત્રુઓથી તો અડોલ જ રહે...

શ્રી ગજસુકુમાળ, મહાસુકુમાળ હતા. કૃષ્ણવાસુદેવના નાના ભાઈ હતા. પછી શું ઓછું હોય ? પણ નેમનાથ ભગવાનની વાણી સાંભળી... વૈરાગ્ય થયો. ચારિત્રજીવનને પ્રાપ્ત કર્યું... સ્મશાનમાં કાઉસગ્ગ ધ્યાને સોમિલ સસરો આવ્યો. માથે માટીની પાળ બાંધી અંદર નાંખ્યા બળબળતા અંગારા. પણ સાધુનું પરાક્રમ ! તેમને પોતાના શત્રુઓ પર જીત મેળવવાનો અવસર મળ્યો. જરા પણ દ્વેષ ન કર્યો... આંતરિક શત્રુઓ પર વિજય મેળવ્યો.

ગજસુકુમાળે સોમિલને જો એક લાત મારી હોત તો ક્યાંય પડત... પણ આ તો સાધુનું પરાક્રમ ! તેઓ વધારે ચેત્યા... જો હાલીશ તો અંગારો નીચે પડશે તો તો જીવ હત્યા થશે... આંતરિક શત્રુઓ ઉપર લાલ આંખ છે...દઢ મનોવૃત્તિ છે, તેમના પરાક્રમનો ટહુંકાર સાંભળીને અંતર શત્રુઓ શિથિલ બની ગયા.

ચંદનના વનની અંદર ચંદનના ઝાડની ઉપર દરેક ઝાડે સાપ વિટળાયેલા હોય પણ જો એક મોરનો ટહુંકાર થાય તો બધાં જ સાપ શિથિલ બની જાય...એ પ્રમાણે અનંતકાલની વાસના જે આત્મા ઉપર વળગેલી છે, તેની ઉપર લાલ આંખ કરી એક ટહુંકાર કરશો એટલે બધાં જ શિથિલ !

ત્યાં એક વાંદરો આવ્યો... મુનિને જોઈ જાતિ સ્મરણ જ્ઞાન થયું, વૈદ્યભવ યાદ આવ્યો, દોડ્યો... બે વનસ્પતિ લઈ આવ્યો...એક લગાડી...ચામડી ફાટી અને કાંટો નીકળી ગયો; બીજી લગાડી...રૂઝ આવી ગઈ...વાનરે હાથ જોડ્યાં...મુનિએ ઉપદેશ આપ્યો. નવકારમહામંત્ર અને દેશાવગાસિક વ્રત ગ્રહણ કર્યું. મુનિ આગળ ગયા...વાનર ચાલ્યો ગયો...વ્રતને પાલે છે. એક વખત આટલી શીલામાં જ બેસવાનો નિર્ણય... ભૂખ્યો સિંહ આવ્યો...મારી ખાધો...શુભભાવમાં મરી દેવ થયો... ઉપયોગ દીધો...મુનિ પાસે આવ્યો...વંદન વગેરે કર્યું...ઓળખ આપી...આચાર્યે ધન્યવાદ આપ્યા...વાહ પરાક્રમ !

દર્શનપદ

સમ્યગ્ દર્શન મનની શુદ્ધિ કરે છે...જેની પાસે સમ્યગ્ દર્શન નથી...તેની પાસે કાંઈ જ નથી. તામલી તાપસ પાસે સમ્યગ્દર્શન ન નહતું તેથી જે તપનું ફલ મળવું જોઈએ તે પ્રાપ્ત કરી શક્યો નહીં.

કાલિકસૂરીશ્વરજી પાસે સમ્યગ્દર્શન હતું એટલે શ્રી દત્ત રાજાને કહી દીધું કે, 'તારી નરકગતિ છે. મારી સદ્ગતિ છે. યજ્ઞનું ફલ નરક છે. સંયમનું ફલ દેવલોક કે મોક્ષ છે.'

સુલસા શ્રાવિકાએ સમ્યગ્દર્શનપદ બરાબર પાલ્યું તો તીર્થંકર નામકર્મ બાંધ્યું...સમ્યક્ત્વનાં પાંચ પ્રકારોથી પણ સમ્યગ્દર્શનની આરાધના થાય છે.

જ્ઞાનપદ

જ્ઞાનનું રહસ્ય અદ્ભુત કોટિનો પ્રકાશ. જ્ઞાન હોય તો જીવ આપદાઓ, જંગી પાપો, અંધકાર, દુર્ધ્યાન આદિથી બચી શકે.

જ્ઞાન દીવો છે. જ્ઞાનના દીવા ઉપર ઈન્દ્રભૂતિ ગૌતમ બ્રાહ્મણ મટી, ગૃહસ્થ મટી, ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય બન્યા. 'ભગવાને મંત્ર નથી આપ્યો ચમત્કાર નથી દેખાડ્યો ફક્ત જ્ઞાન જ આપ્યું છે.'

આપણને બધી વસ્તુની જીવનમાં જરૂર લાગે છે ફક્ત નથી લાગતી શુદ્ધ જ્ઞાનની. આત્માનો મુખ્ય ગુણ જ્ઞાન છે. જ્ઞાનના આધારે જ દર્શન ચારિત્ર છે.

ભગવાન મહાવીરનો અનુપમ વારસો હોય તો જ્ઞાન ! ભગવાન જે વારસો આપી ગયા છે એનો જ ખપ નથી. યવરાજાએ વૃદ્ધવયમાં ચારિત્ર સ્વીકાર્યું પણ અભ્યાસ ન કરે, ગુરુના કહેવા છતાં પણ જ્યાં પુત્રને પ્રતિબોધાર્થે ગયા અને શિખેલા ત્રણ શ્લોક બોલ્યા. જેનાથી પ્રાણ બચ્યા ત્યારે જ્ઞાનની ખબર પડી અને લાગી પડ્યા અભ્યાસમાં...મહાજ્ઞાની બન્યા.

ચારિત્રપદ

સર્વ જીવોને અભયદાન અને નિષ્પાપ જીવન જે ભવ્યાત્માઓ સર્વવિરાતિને સ્વીકારે છે તે આત્માઓનું કલ્યાણ નિકટતમ બની જાય છે.

જે સંયમ જીવનમાં જગતના સઘળા જીવોને અભયદાન અપાય છે... નિષ્પાપ જીવન જીવવાનો અનુપમ સુઅવસર મળે છે... જે સંયમજીવનને પ્રાપ્ત કરીને અનેક આત્માઓ કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા.



પૂ. આચાર્ય મ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજી આચાર્ય હેમચંદ્રસૂરીશ્વરજી જેવા કેઈ મહાપુરુષો ચારિત્ર સ્વીકારીને આત્મકલ્યાણ સાધી ગયા...

તપપદ

અનેકશઃ ભવોના પાપોના ભુક્કા બોલાવવાની અનુપમ તાકાત આ તપ ધરાવે છે. મહાસેના કૃષ્ણાએ વર્ધમાનતપની આરાધના કરી મોક્ષ પામ્યા..શ્રીચંદ્ર વર્ધમાનતપની આરાધના કરી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

કોઈ અક્ષયનિધિતપ, કોઈ વીશસ્થાનક તપ એમ વિવિધ પ્રકારે તપ કરે છે. અને પાપ કર્મોના ચૂરે ચૂરા બોલાઈ જાય, નિકાચિત કર્મો પણ તપ દ્વારા નષ્ટ થઈ જાય છે...

આ પ્રમાણે નવપદનું ઘણું મહાત્મ્ય છે, શ્રીપાલ મહારાજાએ નવપદનું આરાધન કર્યું તો જિનશાસનમાં તેનું નામ અમર થઈ ગયું. આ રીતે સર્વ જીવો નવપદનું આલંબન લઈ તેનું આરાધન કરે એજ શુભેચ્છા...

**"કલ્યાણ"** **વર્ષ-૨૭,અંક-૪+૫**

## પ્રતિકૂળતા એ પણ એક અનિવાર્ય સાધના

તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન પ્રગટ થયે તીર્થંકર નામકર્મનું પુણ્ય ઉદયમાં આવે છે. અને સાથે અષ્ટ પ્રાતિહાર્યની શોભાની જેમ પ્રભુને છએ ઋતુની અનુકૂળતા થાય છે. તેથી શું શિયાળાની કડકડતી ઠંડી, કે શું ઉનાળાની ધમધોખ ગરમી, એ એમને પીડવાની નહિ. જગતને એ પ્રતિકૂળ બને, પરંતુ ભગવાનને નહિ. પ્રભુનો એ અતિશય છે.

અહીં સવાલ થાય કે એ અતિશય પ્રભુને કેવળજ્ઞાન પછી કેમ ? દીક્ષા પછી કેમ નહિ ?

આનો ચાલુ જવાબ તો એ દેવાય કે તીર્થંકર નામકર્મથી સાથે જ એવા શાતા વેદનીય આદિ કર્મ ઉદયમાં આવતા હોવાથી એ સહેજે તીર્થંકર બન્યા પછી છએ ઋતુ અનુકૂળ વગેરે વિશેષતા બતાવે.

આમ છતાં જોવાની ખૂબી એ છે કે એમ તો તીર્થંકર નામકર્મ ઉદયમાં આવતા પહેલાં જનમથી ઉત્કૃષ્ઠ સુંદર રૂપ, સુગંધિત શ્વાસોચ્છ્વાસ, સફેદ લોહી, અદૃશ્ય આહાર-નિહારક્રિયા વગેરે હોય છે, તેમ દીક્ષા બાદ નખ કેશ વધે નહિ. એવો અતિશય હોય છે, પણ ત્યાં છ ઋતુ અનુકૂળ નહિ.

કુદરતનો કહો કે કર્મનો, આ કેવો હિસાબ છે, કે સાધનાકાળમાં એ નહિ, તેથી ત્યાં પ્રતિકૂળ કડકડતી ઠંડી ય લાગે, ત્યારે સાધનાકાળ પૂર્ણ થયે સિદ્ધ યાને વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર બન્યા પછી એ નહિ. ત્યાં પછી ઋતુઓ અનુકૂળ વર્તે.

આ સૂચવે છે કે કુદરત જાણે તીર્થંકર દેવને કહી રહી છે કે 'તમારે સાધના કરવી છે ? અને ઘાતીકર્મ ખપાવવા છે ? તો ભારે પ્રતિકૂળ સહો. સારી રીતે સમતા-સમાધિભાવથી નિર્લેપ ચિત્તે સહન કરો. તો જ તમારાં ઘાતી કર્મ નાશ પામી જઈ તમે વીતરાગ સર્વજ્ઞ બની શકશો. અને એ બન્યા પછી તમને પ્રતિકૂળ ઋતુ નહિ નડે, કોઈ ઉપસર્ગ-ઉપદ્રવ પણ નહિ નડે.

વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર બન્યા પછી કદાચ પ્રતિકૂળતા નડતી હોય તો ય એમને ક્યાં રાગ-દ્વેષ હર્ષ-ખેદ થવાના છે ? પરંતુ ના, હવે એ તીર્થંકરપણાનો પ્રભાવ પડે છે કે પ્રતિકૂળતા નહિ. કિન્તુ એ વીતરાગતાદિ સિદ્ધ કરવા માટે તો પહેલાં ભારે પણ પ્રતિકૂળતા નડે, અને તે સારી રીતે સહન કરવી જ પડે. કોને ? તીર્થંકરને પણ.

આ ઉપરથી આપણે બોધપાઠ લેવાનો છે કે જેમ પાલિસ-માલિસથી નહિ કિન્તુ અગ્નિમાં ઝીંકાઈને સોનું શુદ્ધ થાય છે, એમ આત્મા અનુકૂળ ભોગવીને નહિ, કિન્તુ પ્રતિકૂળ સારી રીતે વેઠીને શુદ્ધ થાય છે. ઋતુઓની કુદરત જો તીર્થંકર દેવ જેવા ઉત્કૃષ્ટ માતબર પુણ્યવાળા અને સુરેન્દ્ર-નરેન્દ્ર-પૂજ્ય પુરુષની પ્રત્યે એવા વલણવાળી છે કે બીજી સાધનાઓની સાથે પ્રતિકૂળ વેઠવાની ય સાધના કર્યે જાઓ અને સિદ્ધ થાઓ, વીતરાગ સર્વજ્ઞ બનો, પછી જીવશો ત્યાં સુધી હું સર્વ વાતે અનુકૂળ રહીશ.' તો પછી આપણા જેવા મુફલીસ પુણ્યવાળા જીવ માટે કુદરતનું જૂદું વલણ હોય ?

બસ સંસારભ્રમણથી કંટાળો આવ્યો છે ? 'આ વારે વારે જનમવું-મરવું શું ? કર્મની ભારે પરાધીનના વેઠ અને વિટંબણા શી ?' એવો ખેદ કંટાળો ગ્લાનિ થાય છે ? અને એથી છૂટવાની ને મોક્ષ પામવાની તાલાવેલી-તમન્ના-તત્પરતા છે ? તો સમ્યગ્દર્શન દેવ-ગુરુભક્તિ, જ્ઞાનધ્યાન, વ્રતનિયમ-તપસ્યા વગેરેની સાધનાની જેમ ભૂખ-તરસ, ટાઢ-તાપ, આક્રોશ-અપમાન, જરૂરી વસ્તુની અછત-અવળાઈ વગેરે પ્રતિકૂળ વેઠવાની ય સાધના જોરદાર કરવી જોઈએ. 'વેઠવાની એટલે સારી રીતે પ્રસન્નતાથી સહન કરવાની પણ એક સાધના, એમાં લેશ પણ અરુચિ નહિ, ખેદ નહિ, દ્વેષ ગ્લાનિ નહિ. 'હાય ! આ કેટલું અને ક્યાં સુધી સહન કરવાનું ?' એવું લેશમાત્ર મનને લાવવાનું નહિ. 'અરે ! હવે આ ક્યારે મટે ? જલ્દી મટે તો સારું' એવું જરા પણ ઝંખવાનું નહિ. બલ્કે આનંદ માનવાનો કે 'હાશ ! ચાલો



આમ કર્મક્ષય થતો આવે છે, બહુ સરસ ! પરીસહ-ઉપસર્ગની પીડાઓ તો કર્મગૂમડાના નસ્તરની પીડા છે. એ તો વધાવી લેવાની જ હોય, કેમ કે તો જ કર્મગૂમડાં નષ્ટ થઈ જાય.'

આમ ભૂખ-તરત, તાઢ-તાપ, અપમાન-અનાદર વગેરે પ્રતિકૂળ બાબત સહર્ષ વેઠવી એ પણ એક મહાન સાધના છે, જેથી કર્મગૂમડાં કપાતા આવવાનો અનન્ય લાભ મળે છે, અને સિદ્ધિ તરફ પ્રયાણ ચાલુ રહે છે. તીર્થંકરદેવો માટે પણ એ જ કાયદો, તો આપણા માટે પણ એ જ હોય. સતત એમને નજર સામે રાખવાથી આ સરળ બને.

**"કલ્યાણ"** **વર્ષ-૨૭,અંક-૬+૭**

## અખૂટબલી મલ્લ કેમ હાર્યો ?

કોઈ રાજાનો એક પહેલવાન મલ્લ પરદેશી મલ્લોને સારી હાર ખવરાવતો, તેથી રાજા એના પર મુગ્ધ હતો, અને એને સારું વર્ષાસન આપતો. લોકો તરફથી પણ ભેટો મળતી. પરંતુ વખત જતાં એ ઉંમરે પહોંચ્યો, એટલે રાજાએ એનું વર્ષાસન બંધ કરી એના સ્થાને બીજા મલ્લને ગોઠવ્યો. મધપૂડામાંથી મધ ઊડી ગયા પછી માખીઓ શાની એને સેવે ? **'જગત હૈ સ્વાર્થ કા સાથી, સમજ લે કૌન હૈ અપના ?'**

જુના મલ્લને રાજાની અને લોકોની એમ બંનેની આવક બંધ થઈ, તેથી આ દુનિયાનો માણસ શાનો જંપીને બેસે ? ઉંમરે પહોંચતાં નિવૃત્તિ લઈ સ્વાત્માને સંભાળવાનું કામ તો ભગવાનના માણસને સૂઝે, દુનિયાના માણસને નહિ. આ મલ્લને નવાની ઈર્ષ્યા પણ થઈ અને કમાઈનો લોભ પણ રહ્યો. તેથી એણે વિચાર કર્યો કે 'કોઈ પરદેશી તગડેબાજને શોધી એને મલ્લવિદ્યા શિખવાડી અલમસ્ત મલ્લ બનાવું, ને આને એની પાસે હરાવું.' એ ઉપડ્યો પરદેશ શોધવા.

ફરતાં ફરતાં એક ખેતરમાં એક ખેડુતને આખું ને આખું ભારે હળ ઉપાડી દોડતો જોયો. મલ્લનું એના પર ધ્યાન બેઠું. મન ઠર્યું કે 'આ કામનો છે. આને જો સારો વ્યાયામ કરાવી કુસ્તી દાવ શિખવાડું તો આ એવો જબરજસ્ત મલ્લ થાય કે પછી રાજાના પેલા નવા મલ્લને છક્કડ ખવરાવી દે, ને આના દ્વારા મારે કમાઈ પણ થાય. રાજા મને કાઢીને પેલાને રાખવામાં શું સમજતો હશે ? બતાવી આપું એને.'

માણસને લોભ મદ અને ઈર્ષ્યા જિંદગીના છેડા સુધી જંપવા દેતા નથી. આ

તો શરીર શક્તિની વાત છે, એટલે ઉંમરે પહોંચતાં શક્તિ ક્ષીણ થયે શું કરે ? તેથી બીજા દ્વારા કાર્ય સાધવાનું કરાય છે, પરંતુ હોશિયારી વસ્તુ એવી છે કે એ તો ઉંમર વધતાં અનુભવોની ઠોકરે પાકી બને છે એટલે તો પછી એના બળ પર તો તૃષ્ણા-મદ-ઈર્ષ્યા શાના છૂટે ? આજે દેખાય છે કે એવા હોશિયાર માણસો ઉંમરે પહોંચી ગયા છતાં દુકાન-ધંધાને વળગ્યા રહે છે.

આવા પાકટ ઉંમરવાળાને કોઈ વિચાર ખરો કે 'હું હોશિયારીનો કસ દુનિયાની બાબતમાં જિંદગીના છેડા સુધી ખેંચું છું, પરંતુ એનો જિંદગીના છેડે અંત આવ્યા પછી પરલોક માટે શું ? પરલોક સુધારવા આ હોશિયારીને અને માનવ સુવર્ણ સમયને આત્મહિતમાં લગાવવાની જરૂર નથી ?' ના, આ વિચાર જ નથી. જોવું જ નથી કે "જેમ અહીં વેપાર ધંધા વિના પૈસા નહિ." એમ માનું છું, એમ 'અહીંની પાપ નિવૃત્તિ અને સુકૃતાચરણ વિના પરલોકે સુખ-સગવડ નહિ.' એ ભૂલવા જેવું નથી.'

પેલો મલ્લ પેલા ખેડૂતને કહે, 'એય ભલા માણસ ! આ મજૂરી ક્યાં સુધી કરીશ ? ચાલ તને એવો મલ્લ બનાવું કે દુનિયામાં તું નામ કાઢે અને પૈસાના ઢગલાં થાય તેથી પછી ઘડપણમાં કશી મજૂરી નહિ ને બેઠો બેઠો ખાય. બોલ વિચાર થતો હોય તો હું મારી મલ્લવિદ્યા તને આપવા તૈયાર છું.'

ખેડૂત આ સાંભળી આકર્ષાયો, તૈયારી બતાવી. મલ્લે એની માતા અને પત્નીને ય સારું ભવિષ્ય સમજાવ્યું, અને ખેડૂત પાસે એનું ખેતર બીજાને સોંપાવરાવી એને સાથે લીધો. પોતાના નગરમાં લાવી એને સારો વ્યાયામ કરાવી કુસ્તીના દાવ શિખવાડ્યા ખેડૂત હવે અલમસ્ત મલ્લ બની ગયો.

એની પારખ માટે વૃદ્ધ મલ્લે એને લઈ બીજા રાજ્યોમાં પર્યટન કર્યું, ત્યાં ત્યાંના મલ્લો સાથે દાવમાં ઉતાર્યો. જીત મળતી ગઈ. પૈસા મળ્યા, નામના મળી. ખેડૂત પણ ખુશ થયો, ને વૃદ્ધને ય હરખ હરખ થઈ રહ્યો. મનને વિશ્વાસ બેઠો કે 'હવે મારા રાજાના નવા મલ્લની સામે આને ઉતારું તો પેલાને આ છક્કડ ખવરાવી દેશે. ને રાજાને પણ ખબર પડી જશે, ને આને વર્ષાસનથી રાખી લેશે.'

માણસને રાજી થવા શું જોઈએ ? પુણ્ય નાશવંત માટીના કૂકા અને નાશવંત કીર્તિ પરખાવી દે એટલે ખુશી ખુશી ! કોઈને વળી હૂંફ આપનારી પત્ની મળી તેથી રાજી રાજી. આમાં પશુ જીવનના સ્તર કરતાં કોઈ ઊંચો સ્તર ખરો ? ત્યારે આમાં કેટલી ય વાર હતાશા-અફસોસી પણ કેટલી અનુભવવી પડે ? વૃદ્ધ મલ્લ તરંગમાં ચઢ્યો છે, એને ક્યાં ખબર છે કે રાજાનો નવો મલ્લ પણ ગાંજ્યો જાય એવો નથી ? અસત્ તરંગોમાં કેઈ માણસો પાયમાલ થઈ ગયા.



વૃદ્ધ મલ્લ હવે ખેડૂત મલ્લને લઈને પોતાના ઘેર આવ્યો, અને રાજાને નવા મલ્લનો આની સામે કયાસ કાઢવા વિનંતી કરી. રાજા તરફથી બંને વચ્ચે કુસ્તીનો દાવ ગોઠવાયો.

બસ, ઠરાવેલા સમયે કુસ્તી શરૂ થઈ. રાજા ખાસ જોવા આવેલ છે, લોકોની ય ઠઠ જામી છે. બંને મલ્લ એક બીજાને મુક્કામુક્કી અને પછાડ ખવરાવવાનું કરી રહ્યા છે. પરંતુ રાજાનો મલ્લ અખૂટ બળવાળો, તે આને જીતવા દેતો નથી. સમય થઈ ગયો. મલ્લ કુસ્તી બીજા દિવસ પર મુલત્વી રહી.

ખેડૂત મલ્લ ભારે શ્રમિત થઈ જવા સાથે હતાશ થઈ ગયો. પરંતુ વૃદ્ધ મલ્લે એની પ્રશંસા કરી હિંમત આપવા સાથે એના શરીરને દબાવી આપ્યું અને જોરદાર તેલમાલિસ કરી આપી. બીજી સવારે એ સ્ફૂર્તિમાં આવી ગયો. અને નવી આશા અને ઓજસ સાથે કુસ્તી દાવમાં ઊતર્યો.

ત્યારે રાજાનો મલ્લ પણ એવી જ તૈયારી કરીને આવ્યો છે. એટલે એણે ય અખૂટ બળ-ઓજસ-સ્ફુર્તિ સાથે દાવ ખેલવા માંડ્યા. ખેડૂત મલ્લ પેલાને હંફાવવા ઘણો મથે છે, પણ પેલો ગાજ્યો જતો નથી.

આ અવસરે ખેડૂત મલ્લની માતા પણ દાવ જોવા આવેલી. ચકોર હતી. એણે જોયું કે આમ કાંઈ મારો દીકરો જીતી શકે એવું લાગતું નથી. તો હવે હું એક ઉપાય યોજું.' એમ વિચારી એ વચમાંથી ઊઠીને તરત ઘરે જઈ પુત્રવધુને સમજાવી શણગાર સજાવીને લઈ આવી. હવે પેલા રાજમલ્લનું જે બાજુ મુખ હતું, તે બાજુ આ પુત્રવધુને લઈ જઈ ખડી કરી દીધી. ખેડૂત મલ્લની જુવાન પત્નીએ આંખના અને અંગોના ચેનચાળા કરવા માંડ્યા.

રાજમલ્લની અચાનક એના પર દૃષ્ટિ પડી, જુવાનબાઈ, વળી શણગાર સજેલી, મોં-બદન પણ ગોરાટિયાં, અને વધારામાં આંખના કટાક્ષ સાથે અંગ પ્રદર્શનના ચાળા, આના પર એકવાર પણ દૃષ્ટિ પડ્યા પછી મોટા મલ્લના ય શા ગજા હતા કે એનું જોમ ટકી રહે ? રાજાના મલ્લના શરીરમાં સહેજ શિથિલતા આવી કે તરત પેલો ખેડૂત મલ્લ એને નીચે પટકી એની છાતી પર ચડી બેઠો. એની જીત અને રાજમલ્લની હાર જાહેર થઈ.

આ પરથી સમજાય એવું છે કે યુવાન સ્ત્રીનું એકવારનું પણ દર્શન જો મોટા મલ્લના ય શરીરને ઢીલું કરી દે, તો બીજાને શું ન કરે ? આજના ઉદ્‌ભટવેશ સજનારી અને ગાત્રનાં પ્રદર્શન કરનારી બાઈઓ લોકોને દર્શન આપીને કેટલાનાં શરીર અને મનને ઢીલા કરી નાખતી હશે ? તો એની બૂરી અસર શી પડે એ સમજવા જેવું છે.

જાણવા મુજબ એકવાર વૈદ્યોની કોન્ફરન્સમાં એક ભાઈએ પ્રશ્ન કર્યો કે, 'માણસ પરસ્ત્રી પર દૃષ્ટિ નાખે અને ખુશ થાય એમાં આયુર્વેદની દૃષ્ટિએ એને કાંઈ નુકસાન ખરું ?' એને જવાબ મળ્યો કે 'હા, પરસ્ત્રી દર્શનનો રાજીપો એ કામવિકાર છે. અને એથી લોહી ગરમ થાય છે. એ ગરમાટમાં શરીરનો રાજા વીર્ય પીગળે છે. પાતળું પડેલું વીર્ય એક યા બીજા રસ્તે વહી જાય છે. આમ બહુ ચાલવાથી ઇંદ્રિયોના ઓજસ તથા મનનું સત્ત્વ હણાઈ જાય છે. અકાળે વૃદ્ધપણું આવે છે, તેમ રોગોની પ્રતિકાર શક્તિ નષ્ટ થવાથી રોગો ચડી બેસે છે.' મલ્લના દૃષ્ટાન્તથી ય આ સમજાય એવું છે.

આ જોતાં પહેલા નંબરમાં તો ઉદ્ભટવેશ અને અંગોપાંગનાં પ્રદર્શન કરનારી બેનો આજની મૂઢ પ્રજાનું કેવું કારમું અધઃપતન કરનારી બને છે ? જર્મનીના હિટલરે સત્તા પર આવતાં સરકારી ઓફિસોમાંથી નોકરી કરતી સ્ત્રીઓને કહી દીધું, 'માતાઓ ! તમારાં દર્શન લોકોને સત્ત્વહીન બનાવે છે. એવા સત્ત્વહીન માણસોથી પછી પ્રજા કેવી જનમશે ? જાઓ તમે ઘરે બેસી જાઓ અને લોખંડી જર્મન પ્રજાની માતા બનો !' એમ કહી નોકરીમાંથી સ્ત્રીઓને હટાવી દીધી.

સ્ત્રીઓના દિલમાં દયા હોય તો ઉદ્ભટ વેશ અને માથું-છાતી-પીઠનાં પ્રદર્શન ન કરે. દયા એ કે, 'આ બીચારા ગભરૂ જીવો અમારાં આવાં દર્શનથી અહીં ય ખુવાર થશે, અને પરભવે કદાચ નરકગતિમાં પડ્યા તો એમની આંખોમાં પરમાધામીના ભાલાની ઘોંચાઘોંચ થશે, તો હું એમને એવું નિમિત્ત ન આપું.'

પણ પહેલાં નંબરમાં સ્ત્રીઓની નિષ્ઠુરતા અને બીજા નંબરે પુરુષોની લંપટતા આજે વ્યાપક ફેલાઈ ગઈ છે. આજે છાપાઓમાં એવા મોહક નારી ચિત્રો જોઈ જોઈ આજના જુવાનો જોમ ગુમાવી રહ્યા છે. છાપાવાળાઓ અને જાહેરાતવાળા વેપારીઓએ પ્રજાની આ નબળી કડી જોઈ છે કે આવા ઉદ્ભટ ચિત્રોથી પ્રજા આકર્ષાશે અને આપણો ધંધો ધીકતો ચાલશે. પછી પૈસાના લોભમાં બીજાના કારમા પતનની દયા ક્યાંથી આવે ?

ત્યારે આજના સિનેમાઓએ તો વળી દાટ વાળ્યો છે. કોઈ બાપ યા વડીલ પોતાના આશ્રિતના દેખતાં જે ચાળા ન બતાવે, કે કોઈ આડોશી-પાડોશીના સમક્ષ ચેનચાળા ન દેખાડે, એવા ચેનચાળા બતાવવાના ખુલ્લા બજાર આજના સિનેમાઓ બની ગયા છે.

સિનેમાનો જુલમ કેટલો ! માણસ રસ્તે જતી કે કોઈ સભામાં બાઈ પર નજરો નાખે તો ભૂંડો દેખાય. ત્યારે સિનેમામાં માણસ પડદા પરની સ્ત્રી સામે આંખો કોડા જેવી ફાડીને જોયા કરે છે. ત્યાં એને કોઈ ભૂંડો માનતું નથી. સરખે



સરખાની જમાત ભેગી થઈ હોય ત્યાં કોણ કોને ભૂંડો કહે ? ત્યારે એક જ ચિત્રપટનાં દર્શનમાં માણસ કેટલું સત્ત્વ ગુમાવતો હશે ? અને નરકાદિ ગતિનાં કેવો કારમા પાપ બાંધતો હશે ? આર્યનાં જીવનમાં ?

પેલા અખૂટબલી પણ રાજમલ્લની હારનું કારણ વિચારી સ્વ પરને સ્ત્રીના વિકારી દર્શનથી બચાવી લેવાની આજે ખાસ આવશ્યકતા છે.

**"કલ્યાણ"** **વર્ષ-૨૭,અંક-૮,૧૯૭૦**

## હું કોણ ? તે વિચારો !

**(લે.- પૂ. પંન્યાસજી મહારાજશ્રી ભાનુવિજયજી ગણિવર)**

આત્મા એ શરીરથી જુદો છે. સ્વતંત્ર છે. તે જાણ્યા પછી અને હવે જગત કરતાં વધારે વહાલો કરવાનો છે, હાડોહાડ સમજાઈ જવું જોઈએ કે 'હું એટલે સનાતન આત્મા, હું એટલે પૂર્વકૃત કર્મને પરવશ આત્મા, અશુભ માર્ગે મન, વચન કાયાની દોડધામ કરી કરીને હું મારા જ માથે નવો નવો કર્મનો ભાર લાદનાર આત્મા, મેં જ ઘડેલા, પાળેલા અને પોષેલા શરીરના લીધે જ વ્યાધિથી એકલો પીડાનાર આત્મા, મારા શરીરમાંથી અણધાર્યો દેશવટો પામનાર હું આત્મા, સંસારની વિવિધ યોનીઓમાં ભટકતો હું આત્મા...'

'હું એટલે શરીર નહિ પણ અનાદિ અનંત કાળથી કર્મોથી કચડાયેલો આત્મા.' ઇત્યાદિ યાદ રાખીને નિરાશ થવાની જરૂર નથી. આ યાદ તો એટલા માટે રાખવાનું છે કે, દેહના ધામોમાં લોભાઈ કે અટવાઈ જઈને આપણા પ્યારા આત્માને વિસારી, ભયંકર કર્મ બંધનથી એને જકડવાની ભૂલ ન કરી નાંખીએ, દેહને જોઈએ છે સારા જડ પદાર્થો, વિષયો, માનપાન, શાતા, સાહ્યબી અને સત્તા એવી એ દેહની લાલસા ખાતર આત્મા મિથ્યામતે પાપની પૂરી છૂટ, રાગદ્વેષ, મદ-માયા, તથા અસદ્ વાણી વર્તાવ અને વિચારણા કરી કરી ઘોર કર્મ બંધનથી પોતાની જાતને જકડે છે. કાયાને તો જકડાવાનું છે શું ? એ તો ઉઠીને ચાલતી થશે. અરે ! એ હજી ઊભી રહીને આત્માને બીજી કાયાની જેલમાં પુરાવાનું થશે. ત્યાં આ કર્મ બંધનોના ક્રૂર વિપાક રૂપે કારમા દુઃખ ભોગવવાં પડશે. આમાંથી સગો બાપ કે પ્રેમાળ સતી સ્ત્રી પણ છોડાવા નહિ આવે. વળી પાછું એવાં કર્મના ફળ ભોગવવા માટે દુર્ગતિના હલકા ભવમાં ધર્મની કાંઈ જ સમજ, શ્રદ્ધા કે પ્રવૃત્તિ પણ નહિ, તેથી પાછી પાપ કર્મની ચકચૂરતા હોય છે. એના પરિણામે અનેકાનેક હલકા ભવોમાં દુઃખ અને ત્રાસની ભઠ્ઠીમાં શેકાતા રહેવું પડે છે. આ બધું કોને ? આપણને, આપણને એટલે આત્માને તો કહો કે આપણે એટલે કોણ છીએ ? શરીર

નહિ પણ ભવચક્રમાં અનંતાનંત કાળથી ભટકતો કૂટાતો આત્મા.

આમ છતાં હતાશ થવાની, કે ભડકવાની જરૂર નથી. કેમકે આપણું બીજું સ્વરૂપ ઘણું સુંદર છે. આપણે એટલે ? (૧) 'હું' એટલે દેહ અને ઇંદ્રિયો પર તપ અને ત્યાગથી વિજય મેળવી શકનાર આત્મા. (૨) હું એટલે પૂર્વે કહેલા મિથ્યા મતિ વગેરેને બદલે સમ્યગ્દર્શન, પાપના પચ્ચક્ખાણ, વૈરાગ્ય, પ્રશાંતતા અને વિચારણાના ગુણનો અધિકારી આત્મા. (૪) હું એટલે આખા જગતના જીવોને મહા અભયદાન આપી શકે એવો મહા સત્ત્વ, મહાનીતિ, ન્યાય સંપન્નતા, મહા બ્રહ્મચર્ય અને મહા ત્યાગનો અમલ કરવાના અધિકારવાળો આત્મા. (૫) હું એટલે વિનય, વિવેક, વિરાગ, વિરતિ વિશુદ્ધિ વગેરે. 'વિ.' (V for victory વિજયનો 'વિ')નો અધિકારી આત્મા. (૬) હું એટલે શાંતિ, ક્ષમા, સહિષ્ણુતા, સદ્ આશય, સદ્ વિચારિતા વગેરે અનેકાનેક ગુણો અને ઉત્તમ ધર્મનો અધિકારી આત્મા. (૭) યાવત્ ઉત્તરોત્તર સુખે છલકાતી સદ્ગતિ અને પરમપદના અનંતાનંત શિવ સુખનો અધિકારી આત્મા તે હું...

**"કલ્યાણ"** વર્ષ-૨૮,અંક-૩,તા.૭-૮-૧૯૭૧

## જ્યારે નારી નાગણ બને છે

લક્ષ્મીકાંત સુખી ધરમદાસ શ્રાવકનો પુત્ર હતો. સારો રૂપાળો તેમજ ગુણસંપન્ન હતો. માતાપિતાની કેળવણી સારી તેથી મંદિર ઉપાશ્રયે જઈ દેવ ગુરુની ભક્તિ સારી કરતો. એને શાળામાં ભણતી વખતે એક સુમતિ નામના શ્રાવકપુત્ર સાથે દોસ્તી થયેલી. મિત્ર પણ ધર્મિષ્ઠ હતો. એટલે બંને જણ સારી ધર્મસાધના પણ કરતા, અરસપરસ મનોરથ કરતા કે 'આપણે મોટા થઈશું ત્યારે વિશેષ રૂપે ધર્મ કરીશું, રોજ પ્રતિક્રમણ, સામાયિક, સ્નાત્રપૂજા, મુનિ મહારાજની ભક્તિ વ્રત નિયમો તપસ્યા વગેરે ખૂબ કરશું.'

કાળનો પ્રવાહ વહ્યે જાય છે. લક્ષ્મીકાંત મોટો થયો ત્યારે એના માતા-પિતાએ એક સારા ઘરની સુશીલા નામની રૂપાળી કન્યા સાથે એનાં લગ્ન કર્યાં. ધર્મિષ્ઠ છે એટલે લક્ષ્મીકાંતે લગ્ન ઉત્સવના દિવસોમાં પણ રાત્રિભોજનનો ત્યાગ, પ્રભુપૂજા, સામાયિક વગેરે ધર્મપ્રવૃત્તિ જાળવી રાખેલી. સુશીલા પરણીને સાસરે આવી ત્યારે પણ જુએ છે તો ઘરમાં ધર્મનું વાતાવરણ હોઈ પતિનું જીવન ધર્મ-પ્રવૃત્તિ અને દયા-દાનાદિ ગુણોથી સારું મઘમઘતું હતું. વળી સાસુ-સસરા પણ સારા ધર્મિષ્ઠ અને મુલાયમ સ્વભાવના, તેથી એના મનને સંતોષ થયો કે 'ઘર તો



સરસ મળ્યું. તેમજ પતિ પણ માતાપિતાની ખૂબ આમન્યા રાખે છે. તેથી એમનું જીવન કોઈ ખરાબે નહિ ચડે, અને બંનેની જીવન ગાડી સારી ચાલશે.'

પરંતુ નસીબનાં નખરાં કોઈ વિચિત્ર જ હોય છે. લક્ષ્મીકાન્તનાં લગ્ન પછી એના પિતા ધરમદાસને ઉંમર તો હજી ૪૦ વર્ષની, પણ ક્ષયરોગ (ટી.બી.) લાગુ પડ્યો. નિષ્ણાત વૈદની દવા કરવા માંડી.

પરંતુ અસર નથી થતી. કારણ નારી નાગિણી.

વૈદે ખાસ કહેલું કે 'બ્રહ્મચર્ય બરાબર મન-વચન-કાયાથી પાળજો. જો મનથી પણ બ્રહ્મચર્ય નહિ પાળો તો એવા મલિન વિકારો અને વિચારોને લીધે પણ શરીરમાં ઉષ્ણતા વધશે ને વીર્યને તપાવી તપાવીને ઓગાળી શરીરના એક યા બીજા ખળમાં વહી જતું કરી દેશે. આટલા હજી રોગ સામે ટકી રહ્યા છો તે વીર્યના સંચયને હિસાબે. પણ જો એ વહી વહીને ખલાસ, તો રોગનું જોર વધીને જીવનદોરી ટુંકાવી દેશે. વીર્યનો ટકાવ પવિત્ર વિચારસરણી પર રહે છે, વાસનારહિત વિચાર શુદ્ધિ પર રહે છે. રૂપ સૌન્દર્ય કોમળ સ્પર્શ વગેરેના વિચાર વાણી અને કાયિક પ્રવૃત્તિ અગ્નિનું કામ કરે છે. અગ્નિ મીણને ઓગાળી નાખે એમ એ વીર્યને ઓગાળી નાખે છે.

'તેમ બીજી પણ એક વાત છે કે ટી.બી.માં ફેફસાં નબળા પડે છે. તેથી રક્ત શુદ્ધિ ન થવાથી હૃદય તેટલું જોરદાર કામ નથી કરી શકતું. એમાં જો બ્રહ્મચર્ય ન પાળો તો હૃદય પર જોર આવે છે, એટલે હૃદય વધારે નબળું પડતું જાય છે. દૂબળા માણસને લાકડીથી ઝુડો તો શું થાય ? સારાંશ, બ્રહ્મચર્ય વિચાર-વાણી-વર્તાવ ત્રણેયથી શુદ્ધ પાળજો. તો આ રામબાણ દવા તમારો રોગ કાઢી નાખશે, તમને સારા તગડા તેજસ્વી અને દીર્ઘાયુષ્ક બનાવી દેશે.

વૈદની સલાહ સોનેરી હતી. પરંતુ અહીં લક્ષ્મીકાન્તના પિતા ધરમદાસની દશા જુદી હતી. પત્ની બહુ રૂપાળી સુકોમળ અને સારા મુલાયમ સેવાભાવી સ્વભાવની મળેલી, તેથી એનું એને આકર્ષણ ભારે હતું. આમ ધર્મિષ્ઠ હતા. પરંતુ સ્નાત્ર-પૂજા, તપનાં અનુષ્ઠાન તીર્થયાત્રા વગેરેમાં પત્ની સાથે રહેવાથી એમના દિલને સારી હૂંફ રહેતી. એનો અર્થ શો ? આજ કે આ હૂંફ દેવાધિદેવ વગેરેમાં એકાન્તે દિલ ઓતપ્રોત થઈ જવા ન દે. ત્યારે પરમાત્મામાં એવા ભળવા ન દે એ દિલમાં રહેલી નારી એ દેવી કે નાગણ ? તિથિનાં બ્રહ્મચર્ય પણ પાળતા ખરા કિન્તુ કાંઈ ચોપડા વગેરેનું કામ કાઢીને સમય પસાર કરી લેવા દ્વારા. હવે એમને ટી.બી.ની બીમારી આવી, એટલે પત્ની તરફથી સરભરા વધી, પછી એનું આકર્ષણ વધી જ જાય ને ? પાછું દીકરાની વહુ સારી રૂપાળી, સુઘડ કાયાવાળી અને યુવાનીમાં

પ્રવેશ કરેલી આવેલી, એના ઢાંકેલાં બદન પર પણ દૃષ્ટિ પડી જતી એ પણ મનમાં ચોંટી જઈને એમની પત્ની પ્રત્યેની વાસનાને પુષ્ટ કરતી. તો દિલમાં નારીની છબી જો આવી વાસના-પોષક વાસનાની ઉત્તેજક બને તો એ નારી અમૃત છે કે નારી નાગણ ? બસ, આ કારણોને લીધે, વૈદની મનાઈ છતાં, ટી.બી. જેવા ભયંકર રોગમાં ય એમને બ્રહ્મચર્ય પાળવું કઠિન હતું. શ્રાવક ધર્મિષ્ઠ હતા. પરંતુ નારીનાં આકર્ષણે રહેતી એમની આ આંતરિક દશાની વૈદને ય શી ખબર પડે ?

બસ, રોગ વધતો ચાલ્યો. દવા ગમે તેટલી સારી, પણ સાથે પથ્ય પળાય તો એ કામ કરે. ટી.બી. માં બ્રહ્મચર્ય એ મોટું પથ્ય. એ ન પાળવાના હિસાબે ધર્મદાસ દહાડે દહાડે ક્ષીણ થતા ગયા. તે વીર્યથી ખલાસ અને હૃદયથી ખૂબ જ કમજોર બનતાં એમનો જીવનદીપક બુઝાઈ ગયો. પત્ની-પુત્ર-પુત્રવધુને કલ્પાંતનો પાર ન રહ્યો, પરંતુ પુત્ર લક્ષ્મીકાન્તે તો મન વાળ્યું કે 'હવે કાંઈ પિતા પરલોકથી પાછા નથી આવવાના, અને મારે માતા તથા પત્ની સારા મળ્યા છે, દુકાન સારી ચાલે છે, તો હવે આટલું જ બરાબર સંભાળું.' આમ પુત્રે તો મન વાળ્યું પણ એની માતા શી રીતે મન વાળે ? શું એને હવે સારા પુત્ર-પુત્રવધુથી મન ન વળે ? વળે, પરંતુ પતિની વાસનાએ અને એના પરના અથાગ પ્રેમે એને પણ તેવી બનાવેલી, તે હવે કાચી ઉંમરમાં પતિના વિયોગે શી રીતે સ્વસ્થ રહી શકે ? શું મન વાળે ? આમ તો સારી સ્ત્રીઓ સંતોષી હોય છે, પતિને પણ ધર્મમાં વ્રતમાં પ્રેરનારી હોય છે, કિન્તુ પતિ પર વધુ પડતી લાગણીવશતા અને પતિની ખૂબ સેવા-સરભરા સ્ત્રીને પતિમાં આંધળિયા કરાવે છે, વાસનાના ગુલામ પતિની પૂંઠે વાસના વિવશ બનાવે છે. હા, જો પતિ સંયમી હોય તો એના પર શુદ્ધ રાગવાળી પત્નીનો ય ઉદ્ધાર થઈ જાય, પણ પતિ જ નારી પાછળ કામઘેલો હોય તો પેલીના બીચારીનાં બાર જ વગાડે ને ? એટલે પતિના દિલમાં રહેલી નારી જો આ ઘેલછા પોષતી હોય તો એ નારી નાગણ નહિ તો બીજું શું ?

ધરમદાસની વિધવા બનેલી પત્ની મન વાળી શકી નહિ, તે એ ય શોકમાં સંતાપમાં ધીમે ધીમે ઘસાવા માંડી, ને એનું ય આયુષ્ય બે વરસમાં પૂરું થઈ ગયું.

લક્ષ્મીકાન્તને માતા ગયાનો ભારે ખેદ થયો, એના મનને થયું કે 'અહો કેવી ઉપકારી માતા ! ગર્ભથી માંડી મને ઉછેરેલો, સંસ્કાર આપેલા, ધર્મ શીખવેલો. ગઈ એ ? હવે એ ઉપકારી જોવા નહિ મળે ?' આ વિચારથી એનું દિલ ગમગીન બની ગયું. પરંતુ એની પત્નીને એથી ય વધુ ખેદ થયો. કારણ આજ કે લક્ષ્મીકાન્તને, માતા અંગે ભૂતકાળના ઉપકારો યાદ આવતા ત્યારે આને ભવિષ્યની ચિંતા થઈ કે 'આ સાસુ હતા તો પતિના માથે છત્ર હતું. ભાર હતો. એમની આમન્યા હતી,



તેથી એ આડુંઅવળું કંઈ કરત નહિ. આડે અવળે ફરવા કરવા જાત નહિ. ત્યારે હવે આ સ્વતંત્ર થયા, ગમે ત્યાં હરશે ફરશે. એમાં નથી ને કોઈ મારાથી વધુ રૂપાળી કન્યા જોઈ લોભાયા, ને એને પરણી લાવીને ઘરમાં બેસાડી, તો પછી એ મારી છાતી પર શિલા આવીને પડશે, ત્યાં મારું શું થશે ?'

બસ, બાઈના મનમાં ખોટા ભયે ઘેલી વિચારણામાં ચડાવી. વિચારમાં એ આગળ વધી કે 'તો પછી હવે પાણી પહેલાં બાંધું પાળ, પહેલેથી જ એવું કાંક કરું કે એ મને જ જુએ, મારામાં મોહ્યા રહે. પછી બીજીને જોવાની ય વાત નહિ તો મામલો આગળ વધવાની વાત જ શી ?'

આમ તો બાઈ સુશીલ છે, પરંતુ વિષય સુખમાં એ જોવું ભૂલી ગઈ કે હું 'પતિ મારા જ સામે જોયાં કરે' એમ ઈચ્છું છું, એમાં ઠીક છે બીજી સ્ત્રી તરફ એ નજર ન નાંખે, પરંતુ સાથે મારા અતિ આકર્ષણમાં એ પરમાત્મા અને ગુરુઓ તરફ પણ જોવાનું માંડી વાળશે એનું કેમ ?' આ જોવાનું ભૂલી ગઈ ત્યારે જે સ્ત્રી પોતાની પ્રત્યે દેવ-ગુરુને ભુલાવનારું આકર્ષણ ઈચ્છે એ નારી નર માટે દેવી કે નાગણ ?

હવે પેલી પત્ની એ વિચારે છે કે 'તો પછી મારા પર એમનું આકર્ષણ જોરદાર બનાવી દેવા મારે શું કરવું ? કામણ કરું ? કોઈ જંતરમંતરવાળાને સાધી એની પાસે યંત્ર-મંત્ર-તંત્રનો પ્રયોગ કરાવું ? પણ મોટો ભય છે કે નથી તે કશું આડું-અવળું થાય, તો તો હું સાવ પતિ જ ગુમાવું. માટે એમ નહિ, કિન્તુ હું વિનયનું વશીકરણ કરું. એથી જરૂર એ મને જ જોતા થઈ જશે. બસ, પછી તો મારે વાહ વાહ આનંદ મંગલ, એમ વિચારતાં મનમાં ખુશી થઈ ગઈ.

બીજા દિવસથી એણે સેવા વિનયનો કાર્યક્રમ શરૂ કરી દીધો. સવારે વહેલી ઉઠીને નાસ્તા પાણી બનાવી દીધા અને પતિને પ્રેમના સંબોધનથી કહે 'ચાલો ચા-પાણી નાસ્તો તૈયાર થઈ ગયો છે. લો આ દાતણ કરી લો.'

પેલો કહે 'પણ પ્રભુનાં દર્શન વિના ?

બાઈ બોલી 'ના, ના, એ મૂકાય ? ચાલો, જલદી દર્શન કરી આવીએ.'

ગયા, દર્શન કરી આવ્યા. દાતણ કરાવી બાઈ એના હાથ મોં પોતે લૂછે છે. પ્રેમથી નાસ્તો કરાવે છે. પછી કહે 'આજ તો હજી વહેલું છે, તો થોડો આરામ કરો. નહાવાની શી ઉતાવળ છે ? આરામથી કામ રાખો તો શરીર સારું રહેશે. એમ કહીને લક્ષ્મીકાન્તને સૂવાડ્યો.'

થોડી વારે એ ઉઠ્યો એટલે પત્ની કહે 'લો નહાવાનું પાણી તૈયાર છે. આ જરા ઉકાળો બનાવ્યો છે, પી લો, જરા સ્ફૂર્તિ સારી આપશે.'

'પણ આ નાસ્તો તો હમણાં કર્યો હવે ઉકાળો ?'

'તે તમે કેટલો નાસ્તો કર્યો તે હું જાણું છું ને ? આપ જરાક જેટલું ખાઓ એમાં શરીર શી રીતે ચાલે ? બજારની મહેનત કેટલી બધી કરો છો ? લો, પી લો.'

ઉકાળો પીવરાવીને નહાવા બેસાડે છે, ત્યાં પોતે વાંસામાં હાથ ચોળીને નવરાવે છે. પેલો હસીને કહે 'આજ તું સવારથી આ શું કરી રહી છે ? પાગલ તો નથી થઈ ગઈ ?'

'પાગલ નહિ મગજ ઠેકાણે આવ્યું છે. આ મેં ૨-૩ વરસ ગુમાવી નાખ્યા. કશી તમારી સેવા ન કરી. કાલે પાડોશણો સાથેની વાત પરથી રાત્રે મને ભારે પસ્તાવો થયો કે 'અરે શંખણી ! આવો દેવ જેવો પતિ મળ્યા પછી એની સેવા કરવાની ન આવડી ? પતિવ્રતા ધર્મ શો બજાવ્યો ? હાય ! આટલા વરસ પાણીમાં કાઢ્યા !' એમ બોલતી ગઈ અને નવરાવતી ગઈ. પેલાને પણ એના સુકોમળ હાથે માલીસ સાથે નહાવાનું મળ્યું, તાજગી આવી ગઈ. પછી તો ઊઠીને મંદિરે પૂજા કરવા ગયો, પણ આજના પત્નીના નવા મુલાયમ બોલ અને નવી સેવા-સરભરા જોવા મળ્યા તે પૂજા વખતે મનમાં એ જ આવ્યા કર્યું. થયું, પૂજા થઈ ગઈ લુખ્ખી. હવે આવું રોજ ચાલશે એટલે પછી પૂજા કેટલી બધી શુષ્ક અને બોજલ બની જશે ? કારણ ? નારી નાગણ. જે નારી મનમાં પેસીને પરમાત્માને એ મનમાંથી કાઢી મૂકે એ નાગણ નહિ તો બીજું શું ? કૂતરા ગધેડાના અવતારે તો એ મળી તેવી નારી નાગણ મનમાં વસાવવાનું કર્યું, પણ રૂડા માનવના અવતારે ય એ ?

બસ, લક્ષ્મીકાન્ત પૂજા કરી આવ્યો ત્યાં પાછો ચીકુની અને મોસંબીની ચીરીઓનો કાર્યક્રમ આવ્યો. ઘર રાણી કહે 'લો જરા આ હાર્ટને શક્તિ અને મગજને ઠંડક આપશે. વળી કલાક થયો એટલે ફોલેલી બદામ પિસ્તા એલચીનો પ્રોગ્રામ. પેલી કહે છે, 'આ તો તમારે બજારમાં ઘરાક સાથે લમણાં બહૂ કૂટવા પડે એટલે મગજને ટોનિક જોઈએ.' અગિયાર વાગે ભોજન તે એવું કે એમાં સત્તર ચીજો. પાછી પેલી વહાલથી આગ્રહ કરી કરી ખવરાવે છે. આ જરા કોઈ ચીજની ના કહે ત્યારે પેલી આંખનો લટકો કરી કહે, લો લો, આ મારા હાથે તમારા મોંમાં મૂકું. ના કહેવાતી હશે ? કેટલી હોંશથી તો મેં તૈયાર કરી છે.' ભોજન બાદ સુગંધિદાર મુખવાસ; તે બાઈ પાનનું બીડું પોતે વાળીને પોતાના હાથે પેલાના મોંમાં મૂકે છે, પછી પતિ દુકાને જતાં એ એના પોતે સાફસુફ પાલીસ કરેલ બૂટ પોતે પહેરાવે છે.

લક્ષ્મીકાન્તના મનમાં આ બધું આશ્ચર્યકારક રીતે અને દિલ પર ભારે અસર કરી જાય છે. દુકાને ગયો પણ ધંધામાં આજે ચિત્ત નથી, કેમ કે મનમાં નારી



નાગણ ! સાંજના ઘરે આવ્યો ત્યાં સામેથી વધામણાં 'પધારો પધારો સ્વામિનાથ ! આજ કાંઈક મોડું થયું ? મને તો તમારા વિના ગમતું નથી.' બેસાડ્યા કોચ પર, બૂટ પોતે પગમાંથી કાઢી થાળમાં પગ મૂકી પગ ધુએ છે, ને એ ધોવણનું પાણી પોતાના કપાળે લગાડતી બોલે છે કે 'અહો ! આજે હું પાવન થઈ. મારા હૃદયનાથનું ચરણોદક મારાં ભાગ્ય ઉઘાડી નાખશે.' પછી જમવા બેસાડે છે એમાં ય ભારે સરભરા ! જમતાં જમતાં કહે, 'આ જુઓને બા બાપુજી હતા ત્યારે મારાથી તમારી કશી સેવા થઈ નહિ. અરે ! મારું સંગીત-નૃત્યનું શિક્ષણ પણ એળે કાઢ્યું. શું કામનું એ ભણેલું, જો સ્વામિનાથના દિલને ઠારવામાં ન વપરાય તો ? એટલે આજે મારે જરા તમને એનાથી ઠંડક આપવી છે. કહો સાંભળશો જોશો ને ? મારા સમ, ના નહિ કહેતા !

લક્ષ્મીકાંત કહે, 'પણ મારે પ્રતિક્રમણ કરવાનું ને !

'તે કરજો ને પછી. હું ક્યાં આડે આવવાની છું ? હું ય એમ તો તમારી સાથે પ્રતિક્રમણ કરીશ.'

બસ, જમી પરવાર્યા પછી બારી બારણાં બંધ કરી બાઈએ સંગીત સાથે નૃત્ય કરી બતાવ્યું... આના રસમાં દેવતા ભૂલે, તો માનવ ન ભૂલે ? પડિક્કમણું ઠેકાણે પડ્યું. કેમ ? નારી નાગિણી. પત્ની કહે હવે સુવાનો સમય થયો. આખા દિવસના થાકેલા, વળી મોડા સુઓ, આરામ પૂરતો મળે નહિ, તો શરીર બગડશે. પ્રતિક્રમણ કાલે કરજો.' પત્યું. એના કોયલ-કંઠના મીઠા મધુરાં ગીત, નૃત્ય, હાવભાવ વગેરેએ લક્ષ્મીકાન્તને એનામાં મુગ્ધ કરી નાખેલો, તે એનું વચન ઠેલવાની હામ ક્યાં રહે ? સૂતો, પત્ની મોડા સુધી એના પગ દબાવે માથું દબાવે, 'અરે, પણ તું સૂઈ જા !' 'મારી ચિંતા શી કરો ? મારા નાથ ! મને તો આમાં જ ખરો આરામ મળે છે. અમારે પતિવ્રતા સ્ત્રીઓને તો પતિસેવા એ જ આરામ એ જ સુખ-મોજ-આનંદ.'

બસ, ચાલ્યો આમ રોજનો કાર્યક્રમ, પેલીનાં નવનવાં નખરાં અને ભારે સેવા-સરભરાવાળો. તે ભાઈ સાહેબે પછી તો ધીમે ધીમે મંદિર ઉપાશ્રય સાવ મૂકી દીધાં. માત્ર ઘર ને દુકાન અને ફરવા જવું હોય તો પેલીને સાથે લઈને જાય. હવે તો કદાચ બાઈ ધર્મ યાદ કરાવે, તો આ કહે, 'કરશું, મોટા થયે કરશું.' થયું. લક્ષ્મીકાન્ત ધર્મથી સાવ પરવારી ગયો. ત્યારે ધર્મનાં અમૃતપાન કરાવનારી દેવી સ્ત્રી કેટલી મળે ? જૂજ. મોટા ભાગે સ્ત્રીઓ એવી મળે કે જે પતિનાં હૈયાનો દેવ-ગુરુ-ધર્મ બધાને કાઢી મૂકે, યા પરાયા ભાડુતી કે સાવકા ઓરમાયા જેવા યા માથે પડ્યા બનાવી દે. માટે કહેવાય કે નારી નાગણ. કુટુંબમાંથી કોઈ મરીને ઘરમાં

દાટેલા ધન પર નાગણ થાય તો એ ધનવાળા ઓરડામાં કોઈને બેસવા ન દે. એમ આ નારી અને એના પ્રેમ-ટાયલાં દિલમાં પેઠા પછી દિલમાં બીજાને શાનાં એવાં સ્થાન કરવા દે ?

જીવન વ્યવહાર જોતાં દેખાશે કે પરણ્યા પછી (૧) મન કહે છે કે 'હવે મા મારી નહિ, મારી તો આ આવેલી એ મને સર્વેસર્વા માનનારી. મારે હૈયાની વાત કરવાનું સ્થાન આ. મને જીવનભર સહાયક આ, (૨) પૈસા-ટકા કમાવા તો સારી રકમ પત્નીની સાડીઓ ઘરેણા પાછળ ખરચાય છે, પરમાત્માની ગુરુની કે સાધર્મિકની ભક્તિ પાછળ નહિ. (૩) 'ભગવાન તો સૌના, પત્ની મારી' એમ માની દોઢ શેર દૂધ લાવી પત્નીને પાવાનું મન થાય, પરમાત્માને માટે પાશેર પણ દૂધ લાવવા ન મળે. (૪) પત્ની સાથેના રંગરાગ-વાતચીતના સમયમાં ભગવાન યાદ ન આવે, પણ ભગવાનના પૂજા-દર્શન-જાપ કરતાં કરતાં વચમાં પત્ની યાદ આવી જાય. અને (૫) આજે તો પૂજા ય ક્યાં છે ? કેટલા કરે છે ? પત્નીની અને પત્ની માટેના ધન વેપારની પૂજા કરે કે ભગવાનની પૂજા ? દિલથી આરતિ કોની ઉતારે ? આજે તો સાંજે ભગવાનની આરતિ ઉતારનાર કોઈ નથી મળતું, તે પૂજારી ઉતારી લે છે. (૬) પત્ની ૨૫ રૂપિયાની ચીજ લાવવાની કહે તો ૩૫ની લાવી આપે. ભગવાનના ઉત્સવની ટીપમાં લખાવવાનું આવે ત્યારે પચીસની સામે ૫ લખાવે યા કહે કે 'ભાવના નથી, જગા નથી' હમણાં ખરચા બહુ થઈ ગયા છે.'

આ બધા કદ્રૂપો જીવનવ્યવહાર કરાવનાર નારી એ નાગણ કે દેવી ?

પેલા લક્ષ્મીકાન્તને એનો બાળપણનો ગોઠિયો મિત્ર સુમતિ એકવાર રસ્તામાં ભેટી ગયો, પૂછે છે 'કેમ ભાઈ ! તું તો કાંઈ દેરાસર ઉપાશ્રયે દેખાતો નથી ? આજ છ મહિનાથી તારું મોઢું જોયું નથી. તું તો પહેલાં કેવા કેવા ધર્મના મનોરથ કરતો હતો ? તે હવે સાવ ભૂલી ગયો ?'

લક્ષ્મીકાન્ત કહે 'હવે બાપુજી જતાં કામ બહુ રહે છે, તેથી સમય નથી મળતો.'

'તે એટલું બધું કામ કે ભગવાનને ભૂલાવે ?'

'ભાઈ ! તને મોટા ઘરના કામની શી ખબર પડે ?'

મિત્ર કહે છે 'હા ભાઈ ! ખરી વાત. અમે ગરીબ રહ્યા તે એની ખબર ન પડે. ખેર, પણ ભાભી તો કુશળ છે ને ? ઠીક ચાલે છે ?'

આ કહે, 'ઠીકનું શું પૂછે ? સતી સીતા એની આગળ પાણી ભરે. સીતા રામની સેવા નહિ બજાવતા હોય એવી એ સેવા બજાવે છે.'



મિત્ર ચકોર હતો. તરત પામી ગયો કે 'બસ ત્યારે, આ મોંકાણ જ નારી નાગણની છે, ગમે તે હેતુએ એણે સેવા કરવા માંડી લાગે છે. એમાં આ ભાઈ સાહેબ ભગવાનને ભૂલે, ધર્મને ભૂલે એમાં નવાઈ નથી.' પણ એથી એને એની દયા આવી ગઈ કે 'સ્ત્રીના મોહમાં ધર્મ ભૂલી આની જિંદગી બરબાદ થશે. પછી કેવી દુર્ગતિઓમાં આ ભટકશે ?'

મિત્ર કહે છે, 'જો ભાઈ લક્ષ્મીકાન્ત ! આ હું સમજી ગયો છું કે તું પત્નીમાં આંધળો થઈ ગયો છે, પણ મને લાગે છે કે ઠગાઈ રહ્યો છે, કોક દિ' ધક્કે ચડશે. માટે ભલે તું એના પર અથાગ પ્રેમ રાખવો હોય તો રાખ, પણ એકવાર એની સેવા પાછળના પ્રેમની પરીક્ષા કરી જો. મને તો બધી બનાવટ લાગે છે.'

મિત્રના બહુ સમજાવવા પર લક્ષ્મીકાન્ત માની ગયો અને મિત્રે પરીક્ષાની યોજના બતાવી દીધી.

યોજના મુજબ લક્ષ્મીકાન્તે ઘરે ઓછું ખાવા માંડ્યું, બાકી બહાર પેટ ભરી લેતો. ઘરવાળી કહે 'કેમ આ તમે કાંઈ ખાતા નથી ?'

આ કહે 'કોણ જાણે હમણાં કાંઈ ખાવા પર રૂચિ જ થતી નથી. ચક્કર પણ આવે છે, પગ પણ તૂટે છે. તને કહું તો તું દુઃખી થાય. કેટલાય દિવસથી આવું ચાલે છે.

'હેં ? ત્યારે કોઈ સારા ડાક્ટરને બતાવો ને.'

'હા વિચાર છે, ડાક્ટરનો ટાઈમ લઈ કાલે જઈશું.'

બીજે દિવસે મિત્રે ગોઠવી રાખેલા એના ખાસ દોસ્ત ડાક્ટરને ત્યાં પહોંચ્યા. ડાક્ટરે જોયું, તપાસ્યું, સ્કીનીંગ કર્યું. પછી લક્ષ્મીકાન્તને જરા આઘે બેસાડી ગંભીર ચહેરે બાઈને કહે, 'તમે આમના વાઈફ છો ?'

'હા, એ તો મારા પ્રાણ છે. બોલો શું છે એમને ?'

'એમને ટી.બી. છે, અને તે આગળ વધી ગયો છે. તમે કેમ એમને મોડા લાવ્યા ? ખેર, લો આ દવા લખી આપું છું. દરદનું એમને કહેશો નહિ. એમને પૂરો આરામ કરાવજો.'

બંને આવ્યા ઘરે. બાઈ કહે, 'ડાક્ટર સાહેબે કહ્યું છે કે બધું મટી જશે. પણ તમારે આરામ પૂરો લેવાનો. તો હવે દુકાને જવાનું બંધ કરવાનું. આખો દિવસ આરામ કરવાનો. આ તમારું તો જરા માથું ય દુઃખે તો મારો તો જીવ જવા જેવું થાય. માટે મહેરબાની કરીને પૂરો આરામ રાખો.'

લક્ષ્મીકાન્તે હવે પથારી શરણ કર્યું. બે દિવસ નહિ જેવું ખાધું, અને બનાવટી

શ્વાસ હાંફ શરૂ કર્યો. એમાં વધારો કરી પછી પત્નીને કહે 'હવે મારા દેહનો ભરોસો નથી ક્યારે પડે. માટે હું તને વીલ કરી આપું.'

બાઈ રોવા માંડી, આ કહે રુએ શું વળે ? કર્મમાં લખ્યું થાય. હવે વીલ તરત જ કરી લેવાનું, જેથી તારે વાંધો ન આવે. હું વકીલને બોલાવી લઉં છું. સાથે નાતના બે સારા માણસો જે સાક્ષીમાં રહે.'

બાઈ ઊઠીને ગઈ બાજુના ઓરડામાં, અને બકવા માંડી, હાય ! 'હાય ! આ શું થઈ ગયું ? ઓય રે ! હું મરી ગઈ. આ મરશે ને મારી જિંદગી ધૂળધાણી થશે. આ મારો બાપ કેવો ગધેડો કે જોશીને આની જન્મોત્રીય ન બતાવી ને આ અભાગિયા સાથે મને પરણાવી ?...' ચડી લવારે. પેલો બધું સાંભળે છે. ચકિત થઈ જાય છે, 'અરે ! આ પ્રાણનાથ માનનારી ? મિત્રની વાત શી ખોટી હતી ?'

એવામાં બાઈના સગા ચાર મહેમાન આવ્યા. એમને શીરાપુરી જમાડી પોતે પણ જમી આવીને બેસી પતિ પાસે કહે છે 'આ કેવા મારાં ભાગ્ય ફૂટ્યાં કે આવા ટાણે મહેમાનની લોથ આવી. ડબલ રસોઈ ક્યાં કરું તે મારે પણ શીરો પૂરી ખાવા પડ્યા. તમને મૂકીને મને શે ગળે ઉતરે ? મારે તો ખાતાં આંખોમાંથી પાણી વરસી રહ્યા...' લક્ષ્મીકાંત એના ઢોંગ સમજી ગયો. મનને થયું, 'વાહ ! હું મરવા જેવો છું ને એને શીરો ઝાપટતાં આવડે છે ?'

પછી મિત્રે ગોઠવી રાખેલ વકીલને તથા નાતના બે માણસને બોલાવી લક્ષ્મીકાન્તે વીલ લખાવવા માંડ્યું. 'લખો પહેલાં મારી મિલકત લખી લો. રૂા. ૨૫ હજાર આ પોલીસીના, ૧૫ હજાર આ વીમાના, દુકાનમાં પોણો લાખનો માલ, ઉઘરાણી રૂા. ૪૫ હજારની, કેશ રૂા. ૪૦ હજાર. કુલ રૂપિયા બે લાખ તથા આ ઘર અને બાઈ પાસે દાગીનો સોનું. હવે આ ભાઈને ટ્રસ્ટી નીમું છું. એ બધી રકમ ભેગી કરે. ઘર અને દાગીનો બાઈ ભોગવે, નીચેના ભાગનું ભાડું મહિને સો રૂપિયા આવે છે તે એને મળે, ઉપરાંત રૂા. બે લાખ કે જેટલી રકમ પતે એનો ચોથો ભાગ એને મળે. બાકીની રકમનો આ... આ ખાતામાં આટલો આટલો ધર્માદો.' એમ કહી ધાર્મિક ખાતાં અને એમાં રકમ બોલી લગભગ રૂા. દોઢ લાખની સખાવત લખાવી.

વીલ લખાયું. બાઈને ભારે ચટપટી થઈ. તે જેવો લક્ષ્મીકાન્ત સહી કરવા જાય છે કે તરત એણે વીલ ખેંચી લીધું અને ત્યાં ને ત્યાં એના ટુકડા કરી ગરજી કે 'રોયાઓ ! મારું ઘર લૂંટવા આવ્યા છો ? આ તો જશે, પણ દોઢ લાખ ઉડાવીને મને ય મારી નાખવી છે ? પારકા ઘરે ડાહપણ કરવા હાલી નીકળ્યા છો ? ચાલ્યા જાઓ ચાલ્યા. ખબરદાર ! ફરી અહીં આવ્યા છો તો ? પેલાઓ ઉઠીને ચાલતા થઈ ગયા.



ત્યાં લક્ષ્મીકાંત સફાળો બેઠો થઈ ગયો. ગરજીને કહે છે, 'લુચ્ચી ! આ શું કર્યું. પણ સમજી લે મને ટી.બી. ય નથી, શ્વાસેય નથી. આ તો તું કેટલામાં છે એ માપ કાઢવા જરાક તુક્કો અજમાવ્યો હવે ક્યાં ગયું તારું પતિવ્રતાપણું ? હું સુકૃત કર્યા વિના જહન્નમમાં જાઉં એમાં તારે સનાન-સૂતક નહિ ? તે તું મને ધર્માદો ન કરવા દે ? તારે એકલીને માટે શું ઓછું હતું ? ૫૦-૫૦ હજારનું મકાન-દાગીનો-રોકડ, મકાનનું પૂરતું ભાડું, રોકડા ૫૦ હજારનું ભરચક વ્યાજ, ખાધા છતાં વધે તે તને ઓછું પડ્યું ? મારી કમાઈ પર મારો હક નહિ ? મારા પરલોક માટે, મારા હૃદયના સંતોષ માટે મારે કશું સુકૃત નહિ કરવાનું, અને બધું તારી પાશવી ભૂખ સંતોષવા જોઈએ ? તે છતાં તું પતિવ્રતા ? દંભી સ્ત્રી ! તેં તો મને ભગવાન ભૂલાવ્યા, ધર્મ ભૂલાવ્યો, તેં તો મારા દિલમાં પેસી કારમાં ઝેર નાખ્યા તે મારી ચેતના જ નષ્ટ ! ખરે જ નારી એક નાગણ છે તે અનુભવવા મળ્યું. આવી નાગણ મારે જોઈએ નહિ. ચાલી જા તારા બાપના ઘરે.

કહેવાની જરૂર નથી, પછી તો પત્નીએ પગે પડી પોતાની મુરાદ કહી ત્યારે કાકલૂદી સાથે માફી માગી, કહો તેમ વર્તવા કબૂલ કર્યું, ને ત્યાર પછી બંને જણ આદર્શ શ્રાવક શ્રાવિકા બન્યા, ઉચ્ચ કોટિનું ધર્મ જીવન જીવી થોડા જ વખતમાં સંયમધારી બની જીવન સફળ કરી ગયા.

**"કલ્યાણ"** વર્ષ-૨૮,અંક-૬,તા....-૯-૧૯૭૧

## બંગલાદેશના માનવોનાં દુઃખ અને અનુકંપા

વિલાસી સાધનોમાં અંજાઈ ગયેલો અને વિલાસ લંપટ બની ધૂમ ખર્ચ કરનારો આજનો માનવ સંયમ સાદાઈ અને પરમાર્થ-પરોપકાર ગુમાવી બેઠો છે. આર્યસંસ્કૃતિનું ખૂન કરી રહ્યો છે, નવી નવી મુગ્ધ પ્રજાને અનાર્ય રીતરસમો તરફ ઘસડી રહ્યો છે. એને મન સંયમ અને પરોપકારથી જીવનારા પોતાના પૂર્વજોનું ગૌરવ નથી, પરલોકનો ભય નથી. મહર્ષિઓનાં ધર્મશાસ્ત્રોનું બંધન નથી. એવા માનવને સાવધાન કરવા માટે **શિબિરસંચાલક ભાઈશ્રી કુમારપાળ વિ. શાહ** (વિજાપુરવાળા)નો નજરે દેખી બંગાળી નિર્વાસિતોની ભયંકર દુર્દશાનો અહેવાલ ઉપયોગી હોઈ અત્રે રજૂ કરવામાં આવે છે.

એ પાકીસ્તાની સરહદ પર પ. બંગાળનાં બોટારા ગામથી લખે છે કે મારી સાથે ૩ કોલેજીયન શિબિર વિદ્યાર્થીઓ છે. માટુંગાના નૌતમ ઘડિયાળી અને એમના

૪૮ મી વર્ધમાન તપ ઓળી કરી રહેલ ધર્મપત્ની કોકિલા વગેરે કુલ ૧૦ જણા છે. અમારી સામે જ નદી કિનારે પાકિસ્તાન છે. હજારો બંગાળી ત્યાંથી સર્વસ્વ છોડીને નિરાધારપણે આવી રહ્યા છે. તેમની હૃદયવિદારક દુઃખભરી પરિસ્થિતિનું વર્ણન લખવા સમય નથી લોકોને આફત અસહ્ય છે. સેંકડો લોક થાક-રોગ-કોલેરાથી મરી રહ્યા છે. મરનારનાં સગાં પાસે સાધન નથી તેથી મડદાં એમજ મૂકીને ચાલ્યાં જાય છે. ડોસા-ડોસી નાના બાળકો હજારોની સંખ્યામાં ભૂખ્યા રખડી રહ્યા છે. રોડ પર કેટલાય બેભાન પડ્યા છે, દવા નથી, ખોરાક નથી, કપડાં ચિંથરેહાલ છે, સાધન બધા લુંટાઈ ગયા છે. જોતાં આપણી આંખોનાં પાણી સુકાતા નથી. સમાચાર પત્રોની વિગત કરતાં વાસ્તવિક સ્થિતિ હજારગુણી ખરાબ છે.

અહીં આવવાનું સદ્ભાગ્ય એ રીતે બન્યું કે હું તા. ૧૫-૭-'૭૧ બોડેલી હતો. ત્યાંથી મુંબઈ મારા એક મિત્રને પત્ર લખી આ બાબત પર માત્ર ધ્યાન દોર્યું હતું. પૈસા માગ્યા નહોતા, પણ જેવો હું મુંબઈ આવ્યો કે એમણે મને બોલાવી રૂા. ૫૦ હજાર આપી તરત કામ કરવા જવા કહ્યું. અમે અહીં આવ્યા. જોયું કે બીજી સંસ્થાઓ તો કામ કરી રહી છે, માત્ર કોઈ જૈન સંસ્થા નહિ. અમે શ્રી વર્ધમાન જૈન કલ્યાણ કેન્દ્ર મુંબઈના નામે કામ પ્રારંભી દીધું. દિવસોના દિવસો છુપાઈ-સંતાઈને પાક સૈનિકોથી માંડ જીવતા બચીને ચાલી આવતા આમ નિરાધાર મહાદુઃખી લોકોને અમો ખોરાક કપડાં વાસણ રોકડ બ્લેન્કેટ આદિ જરૂરિયાત મુજબ આપીએ છીએ. ત્યારે એમના જે અંતરના આશીર્વાદ મળે છે એને હું મોટી કમાઈ માનું છું. ઉદાર દાતા પોતે અત્રે જોવા આવ્યા, જોઈને ખૂબ પ્રસન્ન થયા, વિશેષ કરવાની ભાવના જાગી. મુંબઈ આ સમાચાર જતાં શ્રી કાન્તિલાલ ઉજમલાલના એક સંબંધી ભાઈ સામેથી ઉઠીને આવી અમને આ કામ માટે રૂા. ૧૦ હજાર આપી ગયા.

અમો તા. ૯મી એ નીકળી રાયપુર 'માના' કેમ્પમાં જઈશું. ત્યાંના મૂર્તિપૂજક અને સ્થાનકવાસી સંઘ સ્ટેશન પર આવી ખાસ આમંત્રણ આપી ગયેલ છે. ત્યાં પણ રૂા. ૩૫ હજાર જેવું થોડુંક કામ કરી મુંબઈ જઈશું.

● કલકત્તાથી ગયેલ એક શિબિર વિદ્યાર્થી લખે છે. 'પૂર્વ પાકિસ્તાનમાંથી નીકળી આવતા માણસો પાસે ખાવાનું નથી, એક પણ વાસણ નથી, અંગ ઢાંકયા સિવાયનું કપડું નથી, એમની ટળવળતી સ્થિતિ હૃદયદ્રાવક છે. મેં જોયું કુમારપાળભાઈ અને સાથેનાઓ પોતાનો ખ્યાલ કર્યા વગર રાતના ૧૨ વાગ્યા સુધી નિરાશ્રિતોમાં ફરી ફરીને કપડું, પાઉંરોટી, પૌંઆ, ગોળ, વાસણ, બચ્ચાઓને બિસ્કિટ વગેરે વહેંચતાં, બિમારને દવાઓ આપતા. કલકત્તાની ગુજરાતી રીલીફ સોસાયટીને કુમારપાળભાઈએ સમજાવ્યાથી એણે ઉપયોગી વસ્તુઓના ભરેલા ગોદામ



વિતરણ માટે આપેલ. કુમારપાળભાઈ અને નૌતમભાઈની સેવા જોઈ હું તો દિંગ થઈ ગયો.'

● રાયપુર કેમ્પનો હેવાલ આપતાં શ્રી કુમારપાળ લખે છે કે 'અત્રે 'માના' કેમ્પમાં ૧ લાખ ૩૪ હજાર શરણાર્થી છે. કેમ્પ લશ્કરી માણસોના હાથમાં છે. કમાન્ડરે જાતે ફરીને અમને લોકોની ભયંકર દુઃખમય દશા બતાવી. રાયપુર કલેકટરના પત્ની શ્રીમતી પ્રીતિ ત્રિપાઠી બહુ ઉમદા ધર્મભાવનાવાળા, એમનો સહયોગ અમને સારો મળ્યો.

લોકે લાદીના ટુકડા પર કે હથેલીમાં ખાવાનું મળે તે ખાય છે. અહીં ૫૦૦૦ નિરાશ્રિત બેનો છે. તેમના અંગ ઉપર માત્ર એક જ સાડી, એ પણ ચીંથરેહાલ થયેલી (અંદર ચણીયો-બ્લાઉજ નહિ.) તેથી એ બેનો શરમ ખાતર કે મર્યાદા સાચવવા ઊભી પણ થતી નથી કે ટેન્ટ બહાર આવતી નથી. અમોએ ૫ હજાર સાડી તાત્કાલિક આપવાનું વચન આપી દીધું. અમારી પાસે પૈસા હતા નહિ, સાડીના રૂા. ૩૫ થી ૪૦ હજાર લાગી જાય, અમારી પાસે ૨૦ હજાર વધ્યા હતા. પૂર્વના મોટી રકમના દાતાને મુંબઈ જઈ વાત કરી એમણે કહ્યું 'તું ખરીદી કરી' ને મોકલી આપ. પૈસાની ચિંતા ન કર. હવે ખરીદીને અમે જાતે વહેંચી આવશું.

બંગાળના લોકોની કંગાલિયત, યાતનાઓ, આફતો અને દુઃખો દારુણ છે. લાખો લોકો રોડ પર પડ્યા છે. ચાલી ચાલીને જેમના પગ સૂઝી ગયા છે, પગ અકડાઈ ગયા છે, ખાવાનું જોયું નથી, મોતથી બચી ગઈ છે એવી કેટલીક બહેનો તો ભારતની ધરતી પર પગ મુકતાં બેહોશ થઈને ઢળી પડે છે. ગર્ભિણીને ડીલિવરીઓ રસ્તા પર થઈ જાય છે. નીચે કાદવ અને ઉપરથી ભારે વરસાદ દુઃખ ભારે કરે છે.

પશુથી પણ બદતર જીવન આ માનવોનું આજે છે. રોગના ભોગ દિવસના સેંકડો લોકો બની રહ્યા છે. દવા અને ડૉક્ટરો સુધી પહોંચી શકતા નથી. જેમની પાસે ખાવા માટે કંઈ નથી, એ દવા ખાવા ક્યાંથી જાય ? શી રીતે જાય ? મરી ગયેલાને કુટુંબીઓ રોડની બાજુમાં પાણીમાં ગમે ત્યાં નાખી દે. એ શબ સડે ગંધાય અને રોગચાળો વધુ ફેલાવે.

મરેલા સમજીને ફેંકી દેવાતામાંથી પણ જીવતા મળી આવે છે. એક નાનું બાળક અને વૃદ્ધ ડોશી એ રીતે મરેલા સમજી એમનાં સગાં છોડી ગયેલાં. જે આજે પણ સારવાર અપાયા પછી જીવતાં છે. હવે એ બાળકને કયા મા-બાપને સોંપવું ? એ ડોશીને કયા દીકરા કે વહુ પાસે મુકવી ? આવા માબાપ વિનાનાં હજારો બાળકો, નિરાધાર સ્ત્રીઓ વૃદ્ધ ડોસા-ડોસીઓ ફૂટબોલની જેમ ધક્કે ચડી રહી છે.

એક રસ્તા પર પડેલી ડોસી પાસે ગયા. તે બેસી શકવા માટે અસમર્થ

હતી. એના ચાલી ચાલીને પગ ભરાઈ ગયા હતાં. મેં દૂધના પાવડરમાં ખાંડ નાખી દૂધ બનાવીને કટોરી ભરીને ચમચીથી દૂધ પાયું. તે રોતી જ રહી અને મારી સામે જોતી રહી. આખી કટોરી દૂધ પી ગઈ. કોણ જાણે કેટલા દિવસનું એને દુઃખ હશે ? કેટલા દિવસની ભૂખ હશે ?

પછી એ ડોસીએ સૂતાં સૂતાં હાથ લંબાવ્યો. એનાં ભાગેલા ડબલા તરફ અને પૌંઆ અને ગોળના પેકેટને હાથમાં લઈને મને ઈશારાથી 'તું આ ખા' એમ કહેવા લાગી. જે પૌંઆ અમે રસ્તે જતાં બે ચાર દિવસ પહેલાં આપેલા. આ જાણતાં અને એની મમતા જોતાં મારી આંખ ભીની થઈ ગઈ. રડી પડ્યો હું ઢીલો પડ્યો. કાળજું કંપી ઊઠ્યું. એક છાવણીમાં એની સંભાળપૂર્વક ભરતી કરાવી આપી. એક મૂંગો પણ મજબૂત આશીર્વાદ મળ્યાનો ભારે આનંદ થયો.

એક વાર રસ્તા પર એક બાઈ જેના પતિની અત્યાચારી પાકિસ્તાન સેનાએ હત્યા કરેલી. ત્રણ બાળકો સાથે હતા. ૧૫ વર્ષની યુવાન છોકરી, ૧૦ વર્ષ આસપાસનો છોકરો અને એક નાનું બાળક કમ્મરમાં, છોકરીના માથે કાટ લાગી ગયેલો લોખંડનો ડબ્બો હતો. જે એની પૂરી મિલકત હતી. એમાં શું હતું તે જોવાની હિંમત ન હતી ! છોકરાને કોલેરા કે મરડો થયો હશે. શું દર્દ હતું તે હું સમજી ન શક્યો પણ શરીરમાંથી લોહી ઝાડા વાટે નીકળી ગયેલું. નીકળવાનું ચાલુ હતું. કોણ એની દવા કરે ? કોણ એને રોગથી બચાવે ? આ બાળકને લઈ બેઠેલું કુટુંબ મારી નજરે પડ્યું. હું પાસે ગયો. પૂછપરછ કરી અમારી સાથે બંગલા ભાષાના જાણકાર ડ્રાયવરો હતા. જે હિંદી સારી રીતે જાણતા. ડ્રાઈવરોની સેવા પણ ગજબ રહી. બાળકની દવા માટે મને ખાસ મન થયું. મેં મારી ગાડી ત્યાંથી ૧૫ માઈલ 'બનગાંવ' છે ત્યાં દોડાવી મને દવાઓનો અનુભવ હોવાથી 'મેકજાફોમ' ગોળી લીધી. ઘણી મુશ્કેલી અને રખડપટ્ટી પછી દવા મેળવવાનો આનંદ અનુભવતો હું તે સ્થાન પર પાછો આવ્યો ત્યારે તે કુટુંબ કોણ જાણે ક્યાં ચાલ્યું ગયું. એ ઘણા પ્રયત્ને ન મળ્યું. શું થયું તે બાળકનું ? તે હું જાણતો નથી. મને ભારે આઘાત થયો.

આજે પણ એ ગોળી એમ જ પડેલી જોતાં આંખમાંથી આંસુ વહાવી દે છે શું થયું એ કુટુંબનું ? શા હાલ હશે બાળકના ?

ખાનદાન અને સુખી કુટુંબો પણ હજારોની સંખ્યામાં ચાલી આવ્યા છે આવી રહ્યા છે. આપણે આપણા હાથ લંબાવીએ પણ એ ખાનદાની ભર્યા હાથ લાંબો કરતા સો વાર વિચારે છે. ખાવાની ચીજ કે રોકડ રકમ હાથ જોડી વિનંતી પૂર્વક



વિનવીએ ત્યારે હાથમાં પકડે છે.

કેટલાક તો ચીજ આપીએ ત્યારે રડી ઊઠે અને લેવાની ના પાડી દે, કારણ પૂછતાં કહે અમારી પાસે ખરીદવા પૈસા નથી. અમને એ વેચનાર વેપારી સમજતા ત્યારે અમો ખુલાસો કરતા કે ભાઈ આ ચીજના પૈસા લેવાના નથી. તમને અતિથિ તરીકે આપીએ છીએ.

૧૩-૧૪ દિવસનો પ્રવાસ યાદગાર અને આંસુ ભર્યો બની ગયો. માનવી કુદરત સામે કેટલો વામન નાનો છે તે સ્પષ્ટ સમજાયું. માનવદુઃખ જોઈને દ્રવે નહિ તો માનવ શાનો ? આવા પ્રસંગો આપણી ચાદર ખેંચીને આપણને જાગ્રત કરે છે. કહે છે કે માનવ તું અભિમાન ન કર ! પાપનો ભય અને ડર રાખ. આજે આ લોકોનો છે તેવો દિવસ આવતી કાલે તારો ન બને તે માટે નમ્ર બન. આત્મ આલોચના કરી પાપોથી પાછો હઠ. સુકૃત્યોમાં પ્રવૃત્ત બન. દુષ્કૃત્યોથી નિવૃત્ત થા.

કુમારપાળ વિ. શાહ લખે છે કે-

અમોને બીજા મિત્રોના બીજી મોટી આર્થિક મદદ મળી છે તેથી અમો ફરીથી તા. ૧૫-૯-૭૧ના રોજ ૮-૧૦ મિત્રો પ. બંગાળના સરહદી વિસ્તારમાં જઈ રહ્યા છીએ. ત્યાં અમો ૨૦-૨૫ દિવસ રોકાઈ ને હાથો હાથ સહાય આપવાનું. સારવાર કરવાનું અને આશ્વાસન આપવાનું શક્ય બધું કરીશું.

લાખો લોકો પર આવી પડેલી અકુદરતી અને હવે તો કુદરતી પુરની કાળી છાયા તેનો મૃત્યુનો પંજો વિસ્તારતી છવાઈ ગઈ છે. એમનાં દુઃખ, દર્દો અને હૃદયની પરિસ્થિતિ જોતાં આંખનાં પાણી તો સુકાતાં નથી પણ હૃદયનું લોહી થીજી જાય છે.

જેને આત્મ જ્ઞાન અને ભાન થયું તેને પર માં પરમાત્મ તત્ત્વ દેખાશે. તે સ્વ આત્મ તુલ્ય સૌ કોઈને જોશો જિનવાણી વાણીના જ્ઞાનથી, શ્રવણથી આત્મામાં પરમાત્મા જોવાની દૃષ્ટિ લીધે પરની પીડા જોઈ અંતર પીગળવા લાગે અને પરાર્થ તો વ્યસન બને.

આપણને આટલું મળે છતાં તૃષ્ણાનું તોફાન સમતું નથી. તૃપ્તી નથી. ત્યારે વરસતા વરસાદમાં ખુલ્લા રોડ પર રાતને દિવસ દિવસો દિવસો પડેલા એ લોકોનું શું ? મારા શરીરને પોષવા કરતાં એની ટાપટીપ ને બદલે લાવ આવા આત્માઓ ના દુઃખમાં ભાગ પડાઉં. લાવ એમને પહેરવાનું કે પાથરવાનું આપું ખાવા પૌંઆ કે પાઉંનું પેકેટ આપું, કહેવાય છે કે જ્યારે પારકી વેદના પોતાની લાગે ત્યારે સમજવું કે આપણે બીજાના દુઃખને સમજ્યા છીએ. સુખ તો વહેંચીએ એટલું વધે

દુઃખ વહેંચીએ એટલું ઘટે. જે સ્વજનો આ માનવીય કાર્યમાં સહયોગ આપવા ઈચ્છતા હોય તેઓએ વર્ધમાન જન કલ્યાણ કેન્દ્ર નીચેના સ્થળે સંપર્ક કરવો.

- **કુમારપાળ વિ. શાહ**

૬૮, ગુલાલવાડી, ત્રીજે માળે, મુંબઈ-૪.

# તપોનિધિ પૂજ્ય ગુરુદેવશ્રીને
# શ્ર દ્ધાં જ લિ

**પૂજ્ય ગુરુદેવશ્રીની વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ ઓળીની આરાધના પૂર્ણ થાય છે, આ પ્રસંગે જુદા જુદા લેખકોએ તેઓશ્રી પ્રત્યેના ભક્તિભાવથી જે હૃદયના ઉદ્‌ગારો કાઢ્યા છે. તે અહીં રજૂ કર્યા છે.**

## ૧. મંગલમૂર્તિ

### શતાવધાની પંડિતશ્રી ધીરજલાલ ટોકરશી શાહ

પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી ભાનુવિજયજી ગણિવર્યનું નામ શ્રવણ કરતાં જ મારા સ્મૃતિપટ પર એક મંગલમૂર્તિ ખડી થાય છે અને તેને હું મનોમન વારંવાર વંદના કરું છું. આમ તો પંચપરમેષ્ઠિના સ્મરણાર્થે નમસ્કાર મંત્રનો જપ કરતાં '**नमो लोए सव्व साहूणं**' પદની અનેકવાર આવૃત્તિ થાય છે અને તે વખતે સર્વે સાધુભગવંતોને વંદના કરું છું, પરંતુ આ નામનું શ્રવણ કરતાં મારા મનમાં વિશિષ્ટ ભાવો જાગે છે અને તે એક મંગલ મૂર્તિને તરત જ ખડી કરી દે છે.

એ મંગલ મૂર્તિની કાયા સૂકલકડી છે, પણ શ્રમણ શબ્દને સાર્થક કરનારની કાયા રુષ્ટપુષ્ટ હોય જ ક્યાંથી ? એક પછી બીજી તપશ્ચર્યા, બીજી પછી ત્રીજી તપશ્ચર્યા, એમ તપશ્ચર્યાની પરંપરા ચાલુ જ હોય છે અને શરીરમાં રહેલ સાતેય ધાતુનું શોષણ કરતી હોય છે ! વળી છેલ્લાં... વર્ષથી તો તેમણે વર્ધમાન આયંબિલની ઓળી આદરી છે કે જેમાં રસ વિનાનું અલૂણું ભોજન માત્ર એક જ વાર લેવાનું હોય છે અને હવે તો એ તપશ્ચર્યા પરાકાષ્ઠાએ



પહોંચી છે ! એક સામટાં સો આયંબિલ ! આ સ્થિતિમાં સૌષ્ઠવભર્યાં સુંદર અંગોની કલ્પના ક્યાંથી થઈ શકે ?

આ મંગલ મૂર્તિને આજે કાયા પરત્વે કંઈ મમતા રહી નથી ! એ મમતા તો તેમણે આજથી ૩૫ વર્ષ પહેલાં પ.પૂ. સિદ્ધાંતમહોદધિ સ્વ. આચાર્ય ભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજનાં ચરણે સમસ્ત જીવન સમર્પણ કર્યું, ત્યારથી જ વિસારી દીધી છે અને એ મમતા ફરી જાગૃત ન થાય તે માટે સંયમ-તપનાં અનુષ્ઠાનો ચાલુ જ રાખ્યાં છે. વચ્ચે કોઈ કોઈ વાર માંદગીએ ડોકિયાં કર્યાં છે ખરાં, પણ આ મંગલ મૂર્તિએ તેને દાદ દીધી નથી, કદી ઔષધાદિપ્રયોગ કરવા પડ્યા છે, તે પણ નિષ્કામ ભાવે અને ઘણીવાર તો ગુરુના આદેશથી કે શિષ્યોના અતિ આગ્રહથી જ કર્યા છે.

જૈન પરંપરામાં આધ્યાત્મિક પ્રગતિ માટે કાયોત્સર્ગને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે, પણ તેની પ્રથમ શરત એ છે કે કાયાનો ઉત્સર્ગ કરવો, એટલે કે કાયા પરની માયા-મમતાને સંપૂર્ણપણે વિસરી જવી. આ વસ્તુ તેમણે ખરેખર સિદ્ધ કરી છે અને તેથી જ તેમના પ્રત્યે મને અનેરું આકર્ષણ થયેલું છે.

ઘણા એમ માને છે કે જ્ઞાનોપાર્જન અને તપશ્ચર્યાને બનતું નથી. એટલે કે જ્ઞાનોપાસના કરવી હોય તો તેણે વિશેષ તપશ્ચર્યા કરવી ન જોઈએ, એટલું જ નહિ પણ ઘી-દૂધ વગેરેનો ઠીક ઠીક પ્રમાણમાં ઉપયોગ કરવો જોઈએ. પરંતુ આ માન્યતામાં વિશેષ તથ્ય નથી, એ વાત આ મંગલમૂર્તિએ પુરવાર કરી દીધી છે. તેમણે ગુરુચરણે બેસીને જ્વલંત જ્ઞાનોપાસના કરી છે, આગમના મર્મો અવધાર્યા છે અને વ્યાકરણ-ન્યાય આદિનું પણ ઊંડું અધ્યયન કર્યું છે. ઉપરાંત શ્રી હરિભદ્રસૂરિ આદિ અનેક શ્રુતસ્થવિરોના ગ્રંથ પર ઊંડું ચિંતન-મનન-નિદિધ્યાસન કર્યું છે અને તેમ છતાં તપશ્ચર્યા તરફ જરાયે ઉપેક્ષા કરી નથી. આ વસ્તુ સહુને માટે-ખાસ કરીને આજના સાધુ-સમુદાયને માટે દૃષ્ટાંત રૂપ છે.

તેઓ એમ માને છે કે દૂધ અને મીઠાઈ જેવા પદાર્થોનો ઉપયોગ થતાં વૃત્તિઓ ચંચળ બને છે. તેથી શ્રમણધર્મના આરાધકે તેનો ઉપયોગ કરવામાં બહુ સાવધાની રાખવી જોઈએ અને તેમણે પોતે એ વસ્તુનો અમલ કરેલો છે. આયંબિલની તપશ્ચર્યાને પ્રાધાન્યપદ આપવાનું ખરું કારણ પણ એ જ છે.

આજથી થોડાં વર્ષ પહેલાં સુરેન્દ્રનગરમાં સમૂહ પંન્યાસપદવીના પ્રસંગ

પછી મારો સાધુઓ સાથે વાર્તાલાપ યોજાયો હતો, તે વખતે આ વિષય પર મને તેમના વિચારો બહુ સ્પષ્ટતયા જાણવા મળ્યા હતા. તેમણે સાધુને ત્યાગવૃત્તિની ખૂબ જ આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. એ પરથી એમની ભાવના હું બરાબર સમજી શક્યો હતો અને તેની મેં ભૂરિ ભૂરિ પ્રશંસા કરી હતી.

મારે સ્વ. ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાથે અનેકવાર ચર્ચા-વિચારણા કરવાના પ્રસંગો આવ્યા હતા. ત્યારે તેમણે કહ્યું હતું કે ‘સાધુજીવનના વિકાસ અંગે હું બે વસ્તુ આવશ્યક માનું છું.’ એક બ્રહ્મચર્ય અને બીજો શાસ્ત્રાભ્યાસ. તેમાં બ્રહ્મચર્યના પાલન માટે રસત્યાગ એ મુખ્ય છે અને તેઓ સાધુઓ સ્ત્રીઓના સંપર્કથી બને તેટલા દૂર રહે એ ઈચ્છવા યોગ્ય છે, તેથી હું મારા શિષ્યોને બનતા પ્રયત્ને વર્ધમાન આયંબિલ તપ તરફવાળું છું અને તેઓ વિજાતીયોના સંપર્કમાં ન આવે તે માટે ખૂબ કાળજી રાખું છું. વળી કોઈ સાધુ નવરો બેસે નહિ કે ગપ્પાં સપ્પામાં પોતાનો વખત કાઢે નહિ તે માટે પણ મારો ખાસ પ્રયત્ન હોય છે. તે દરેકને હું શાસ્ત્રાભ્યાસમાં જોડું છું અને રાત્રે જ્યારે પ્રકાશ ન હોય ત્યારે તેમણે શીખેલા પાઠોની આવૃત્તિ કરવી અથવા તો શાસ્ત્રચર્ચા કરવી, એવો મારો આદેશ છે.’

અને આ વસ્તુ મેં મારી સગી આંખે અનેકવાર નિહાળી છે. આ પરમગુરુના વિચારોનો વારસો એમના સતત સાંનિધ્યમાં રહેલી, આ વંદનીય મંગલ મૂર્તિએ બરાબર જાળવી રાખ્યો છે અને આજે તેઓ પોતાના શિષ્યો પરત્વે તેનો અમલ યથાર્થપણે કરી રહ્યા છે.

આ મંગલમૂર્તિનું મસ્તક ભવ્ય છે. અને આંખો ચમકીલી છે. તેમાંથી અધ્યાત્મનું નૂર પ્રકટ થાય છે. છેલ્લાં પચીશ વર્ષોમાં તેમની વિશદ-વેધક વાણીથી હજારો હૈયાનાં મેલ ધોવાયાં છે અને તેમાંનાં કેટલાંક તો એટલાં પવિત્ર બન્યાં છે કે પોતાનું કલ્યાણ સાધવા સર્વ વૈભવો છોડી તેમના ચરણે બેસી ગયા છે.

ધાર્મિક સંસ્કરણ-શિક્ષણની મહત્તા કોણ નથી સ્વીકારતું ? પરંતુ તે માટે જે ધગશ અને પુરુષાર્થ જોઈએ, તેનાં આ મંગલમૂર્તિમાં મનોરમ દર્શન થાય છે. મુંબઈની અને પરાઓની ૫૦ પાઠશાળાઓમાં ૫૦૦૦ જેટલા બાળક-બાલિકાઓ ધાર્મિક અભ્યાસ કરે છે, તેની શુભ પ્રેરણા તેમણે જ કરી હતી.



ઉપરાંત છેલ્લાં દશવર્ષથી રજાઓના દિવસોમાં તેમની પ્રેરણાથી ધાર્મિક શિક્ષણાયતન યોજાય છે અને તેમાં કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ-સંસ્કાર આપવા માટે અતિ ખંતભર્યો પ્રયાસ કરેલ છે. આ રીતે તેમના હાથ નીચે ધાર્મિક શિક્ષણ-સંસ્કાર પામનારાઓની સંખ્યા ૧૦૦૦ થી પણ વધારે છે !

શ્રેયઃકાર્યની પ્રવૃત્તિમાં કેટલાક પ્રતિકૂળ સંયોગોનો સામનો કરવો પડ્યો છે, પણ તે તેમણે પ્રસન્નચિત્તે કર્યો છે અને તેમની સાધુતાનો સુંદર પરિચય આપ્યો છે.

જૈન ધર્મની પ્રભાવના માટે અને જિનશાસનની રક્ષા માટે તેઓ તીવ્ર તમન્ના ધરાવે છે અને તે માટે કલાકો સુધી એકધારું કામ કરતાં થાકતા નથી. આ વસ્તુનો અનુભવ મને ઘણીવાર થયો છે. તેઓશ્રી પૂ. ગુરુદેવ સાથે પૂનામાં ચાતુર્માસ હતા. ત્યારે પટવારીનું ‘બાલ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલ’ મુંબઈની ધારાસભામાં દાખલ થયું. તેની સંભવિત અસરો પર વિચાર કરતાં ગુરુદેવનું હૃદય કંપી ઊઠ્યું અને તેનો પૂરા બળથી પ્રતિકાર કરવાનો નિર્ણય લેવાયો. તેની કેટલીક કામગીરી મારા ઉપર પણ આવી. આ વખતે મારો એક પગ મુંબઈમાં અને બીજો પગ પૂનામાં રહેતો. બીલની લડત અંગે જે જે પ્રશ્નો ઊભા થતા, તેની ચર્ચા-વિચારણા કરવા માટે ત્યાં જવું પડતું. તેમાં મેં જોયું કે પ્રશ્નોને સમજવાની તેમની શક્તિ અદ્‌ભુત હતી અને તેના ઉકેલ માટે જે જે મંત્રણાઓ થતી તેમાં તેમની પ્રગલ્ભ બુદ્ધિનો ચમકારો દેખાયા વિના રહેતો નહિ. એટલું જ નહિ, પણ તે અંગે પત્રો લખવા, યોગ્ય વ્યવસ્થા કરવી આદિ પ્રવૃત્તિમાં પણ ઊંડી દિલચશ્પી લેતા અને માત્ર થોડા કલાકની નિદ્રા કરીને પાછા કામે લાગી જતા.

સાધુ ધર્મનું પાલન કરવું, વ્યાખ્યાન આપવા, શિષ્યોને અભ્યાસ કરાવવો, આગંતુકો સાથે ધાર્મિક વાર્તાલાપ કરવો અને તે સાથે લડતનો ભાર ઉપાડવો, એ તો કોઈ વિરલ વ્યક્તિ જ કરી શકે અને તેવું કાર્ય તેમણે ખરેખર કરી બતાવ્યું, ત્યારે તેમના માટે મારા અંતરમાં જાગેલી આદર બહુમાનની લાગણી અનેક ગણી વધી ગઈ.

તે પછી એ બીલ દિલ્હીની લોકસભામાં રજૂ થયું, ત્યારે પણ પૂજ્ય ગુરુદેવની જેમ તેઓ સતત પ્રવૃત્તિશીલ રહ્યા અને માર્ગદર્શન આપતા જ

રહ્યા. ત્રણ વર્ષની આખરે એ બીલ દિલ્હી-લોકસભામાં પણ ઊડી ગયું, ત્યારે તેમણે નિરાંતનો દમ ખેંચ્યો.

તે પછી દિલ્હીની લોકસભામાં સાધુસંન્યાસી રજીસ્ટ્રેશન બીલ તથા ધાર્મિક ટ્રસ્ટને લગતું બીલ આવ્યું, ત્યારે પણ તેમણે સચિંત બનીને એ બીલને હઠાવવા માટે સુંદર પુરુષાર્થ કર્યો હતો. અને મુંબઈમાં તે કાર્ય માટે જ સ્થપાયેલ અખિલ ભારતવર્ષીય ધાર્મિક ટ્રસ્ટ બીલ પ્રતિકાર સમિતિને પૂરતો ટેકો આપી તેની કામગીરીને સફળ બનાવી હતી.

અહીં મને એટલી સ્પષ્ટતા કરવા દો કે આ બધું કાર્ય તેમણે ગુપ્ત રહીને માત્ર શાસનસેવાના ખ્યાલથી જ કર્યું હતું અને પ્રસિદ્ધિના મોહથી સદંતર દૂર રહ્યા હતા.

છેલ્લાં એકધારા અઢાર વર્ષથી 'દિવ્ય દર્શન' સાપ્તાહિક પત્ર દ્વારા તેમની વાણી મુમુક્ષુઓને પીરસાય છે અને તેનાં પરિણામો ઘણાં સુંદર આવ્યા છે. ખાસ કરીને વર્તમાન પ્રજાના મનમાં ભૌતિકવાદ પ્રત્યે જામી રહેલા આકર્ષણને તોડવામાં તથા તેને શીલ-સંયમ-તપ-ત્યાગ અને સમ્યક્ત્વ પ્રત્યે વાળવામાં પ્રશસ્ય નોંધપાત્ર ફાળો આપ્યો છે.

અર્હદ્ભક્તિ યોગના મહાગ્રંથ :

(૧) પરમતેજ ભાગ-૧ (૨) પરમતેજ ભાગ-૨ (૩) હિન્દી લલિત વિસ્તરા. (૪) યોગદૃષ્ટિ પીઠિકા (૫) નિશ્ચય અને વ્યવહાર (૬) જૈન ધર્મનો સરળ પરિચય ભાગ-૧-૨ (૭) માર્ગાનુસારી જીવન (૮) ષોડશક-ધર્મ આરાધનાના મૂળ-તત્ત્વો (૯) ગણધરવાદ (૧૦) ઉચ્ચપ્રકાશના પંથે (પંચસૂત્ર-વિવેચન) (૧૧) સચિત્ર મહાવીર ચરિત્ર-તત્ત્વજ્ઞાન બાળપોથી-મહાપુરુષોના ભાવવાહી ચિત્રો તથા બામણવાડજી પટ્ટોના દિગ્દર્શક, (૧૨) સમરાદિત્ય કેવલી ચરિત્રના બે ગ્રંથો - ગુણસેન અને અગ્નિશર્મા. (૧૩) સિંહ અને આનંદ (૧૪) સતી મદનરેખા (૧૫) અમીચંદની અમીદૃષ્ટિ (૧૬) ગંગાપ્રવાહ (૧૭) વાર્તાવિહાર (૧૮) પ્રકરણ દોહન... વગેરે.

મનનીય-પ્રેરક-બોધક-આત્મોત્થાનકારી સાહિત્ય દિવ્ય દર્શન કાર્યાલય, કાળુશીની પોળ, કાલુપુર અમદાવાદથી પ્રગટ થયેલ છે. દરેક જિજ્ઞાસુઓએ ખાસ લાભ લેવા જેવો છે.



સાહિત્યક્ષેત્રે તેમને જે કૃતિઓ રજૂ કરી છે, તે તેમની બહુમુખી પ્રતિભાનો પરિચય કરાવે છે અને તેમને વર્તમાનકાળના એક શ્રેષ્ઠ ચિંતકની કક્ષામાં મૂકે છે.

આવી એક સર્વતોભદ્ર મંગલ મૂર્તિને પુનઃ પુનઃ વંદન કરી આ લઘુ લેખ સમાપ્ત કરું છું.

## ૨. ત્રિવેણી-સંગમ

**(-શ્રમણ પ્રિયદર્શી)**

તિતિક્ષા-તપ અને તત્ત્વજ્ઞાનની ત્રિવેણી :

તિતિક્ષા તપ અને તત્ત્વજ્ઞાનના અલગ અલગ વહેણ તો જુદા જુદા આત્માઓ પ્રત્યે નિરખાય છે, પણ એ વહેણો જ્યાં ત્રિવેણી અને ત્રિભેટો રચે ને જે ત્રિભેટે તીર્થ સરજાય એવા જીવન તો વિરલ જ જણાય છે !

આવો જ એક ત્રિભેટો-આવી જ એક ત્રિવેણી સંગમ સાધીને જે જીવનને 'તીર્થઘાટ' બનાવી રહી છે એ જે જીવનના સ્વામી એટલે જ પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ભાનુવિજયજી ગણિવર્ય ! એઓશ્રીના જીવનમાં તિતિક્ષાની સાથે તપ છે અને તપની સાથે તત્ત્વજ્ઞાનનો અદ્ભુત સંગમ છે.

વિશાળ-સંખ્ય સાધુઓના 'ગુરુપદે' બિરાજતા હોવા છતાંય એમનામાં જે સાદાઈ જે નિરભિમાનીતા અને જે તપ-પ્રીતિ છે એ અજોડ છે.

વિશદ તત્ત્વને નવો આકાર ને નવો પ્રકાર આપીને સાવ સહેલો બનાવવાની કળા એમને અજબ રીતે વરી છે. અને આ કળા દ્વારા નવયુગના અનેક નવજવાનોને ધર્મ અને એનાં ઊંડા રહસ્યોના જ્ઞાતા બનાવવામાં એમણે ગજબની સફળતા મેળવી છે. જ્ઞાન દાનને ટાણે ગમે તેવી ગંભીર વાતોને એઓ 'બ્લેક બોર્ડ' પર ચિત્ર દોરીને જાણે આંખ આગળ રમતી મુકતા હોય છે.

**'યોજકસ્તત્ર દુર્લભઃ'**ના આ યુગમાં એઓની 'યોજના શક્તિ'એ અનેક કાર્યોમાં સફળતા મેળવી છે.

કોઈ તત્ત્વને, ઇતિહાસનાં હૈયા સ્પર્શી કોઈ પ્રસંગને જીવ-વિચાર આવશ્યક સૂત્રો અને નવતત્ત્વો જેવી કોઈ ગંભીર વસ્તુને શબ્દ કરતાં ચિત્ર દ્વારા વધુ સુંદર રીતે સમજાવી શકાય છે. આ એમના ઉદ્દાત્ત વિચારો છે. અને

એથી જ એમણે પોતાના માર્ગદર્શન હેઠળ સારા એવા સમયનો ભોગ આપીને **'સચિત્ર મહાવીર ચરિત્ર'** અને ઇતિહાસની ભવ્ય વિભૂતિઓ જેમાં જાણે સંદેહે વિરાજી રહી હોય એવા લગભગ ૨૯ ઉપર ચિત્રપટોનું દિગ્દર્શન કલાકારને આપતા જૈનેતર કલાકાર જૈન બની ગયો. હજી પણ આ ક્ષેત્રે એમની મહેનત ચાલુ જ છે. ટૂંકમાં સચિત્ર-આવશ્યક સૂત્રો પ્રગટ થશે.

આયંબિલ તો એમનું અજોડ છે. એમને આયંબિલ કરતા નિહાળતા એય જીવનની એક પ્રેરણાક્ષણ છે.

રોટલી ! લગભગ આયંબિલ-ખાતા સિવાયની દાળ ! અને સૂંઠ ! આ એમના આયંબિલનાં દ્રવ્યો !

આનાથી વધુ દ્રવ્યોનો ઉપયોગ એઓ ભાગ્યે જ કરે છે. અને વિશેષતા તો એ છે કે આટલું સાદુ આયંબિલ હોવા છતાં દેહ પાસેથી એઓ કમ્મરતોડ કામ કઢાવે છે.

રાતને પ્રભાત બનાવવાની કુનેહ તો એમની જ !

'યા નિશા સર્વભૂતાનાં તસ્યા જાગર્તિ સંયમી' - રાત જે સર્વ જીવોની તેમાં જાગૃત સંયમી-આ સુભાષિત ભાખ્યું જીવન આજે એઓ અમલી બનાવી રહ્યા છે. દિવસભરની ભરચક્ર કાર્યવાહી છતાંય, રાતે એઓની નિંદ્રા અલ્પ છે. ને જ્યારે ગગનને ગોખે ચાંદનીના ચમકાર ચેતી ગયાં હોય એ રાતે તો સાવ જ અલ્પ !

જાવાલના ચાતુર્માસની એ રાત હજી આજેય મને યાદ છે. જ્યારે આ 'ચન્દ્ર-લેખનની પ્રવૃત્તિનો મૂળમંત્ર એમણે મને જણાવ્યો હતો. ચાંદની તેજમાં લખવાની એમની પ્રવૃત્તિ જોઈને એ રાતે હું પણ 'સ્વાધ્યાય' કરવા બેઠો, એમની બાજુમાં જ !

આ જોઈને એમણે મને કહ્યું,

"આમ, સ્વાધ્યાય ન કરાય, આંખો ખેંચાય !

મને આશ્ચર્ય સાથે પ્રશ્ન ઊભો થયો. મેં પૂછ્યું,

"સાહેબ ! આપ તો આખી રાત લખો છો. આપની આંખથી, આપ આટલું બધું સાહસ ખેડનારા ?

એમણે મને કહ્યું મારી વાત જુદી ! આંખને ખેંચાણ ન પડે એ રીતે હું



લખું છું. સવારે આવજે, મારી 'લેખન પદ્ધતિ'નો મૂળમંત્ર તને સમજાવીશ !"

સવારે હું ગયો-એમની પાસે ! એમણે એક નોટનું પાનું ખોલતાં કહ્યું, જો ! હું તો રાતે આ નોટના મોટાને કાળા અક્ષરે લખેલા મુદ્દા વાંચીને જ લખું છું !"

મેં એ નોટ જોઈ એમાં પોતાની લેખન દિશાને સૂચવતા મુદ્દાઓ મોટા ને ઘેરાં અક્ષરે લખેલા હતા. એ મુદ્દાઓ વાંચીને એ રાતે પણ લખતા કયારેક અક્ષરો પર અક્ષરો એથી જરૂર ચાલ્યા જતા. પણ સવારે એની શુદ્ધિ એઓ કરી લેતા.

આ મૂળમંત્ર જાણીને રાતને પ્રભાત કરવાની એ કુનેહ પર મને ખૂબ જ અહોભાવ જન્મ્યો. અને મને થયું સંસારીની જે નિશા એ જ સંતની ઉષા ! ભોગીની જે રાત યોગીનું એ જ પ્રભાત !

એઓશ્રીના આ 'ચંદ્રલેખ'ને તત્ત્વજ્ઞાનીઓ પાસે જ્ઞાનના રહસ્યને આવરી લેતા કેટલાંય રહસ્ય-ગંભીર ગ્રંથોની ભેટ ધરી.

આવી એક તપોમૂર્તિ-જ્ઞાનમૂર્તિ-તિતિક્ષામૂર્તિ આજે જ્યારે વર્ધમાનતપની વર્ષોપૂર્વે જલેલી યજ્ઞવેદીમાં છેલ્લી 'આહુતિ' દઈ રહ્યા છે ત્યારે...?

અભિનંદન એ તપને ? અનુમોદન એ તપોમૂર્તિને !

## ૩. અ-લૌકિક તપસ્વી

### (- પૂ. મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી મ. સાવરકુંડલા)

"માનવભવ વિષયસેના અને કષાયને દબાવવા માટે છે. જડના રંગરાગમાં ડૂબાડનારા એ હિતશત્રુ છે. બીજાને અધર્મ પમાડનાર અંધચેષ્ટા છે."

"શરીરની ચિંતા ખતરનાક છે. આત્મદૃષ્ટિ ભૂલાવે છે. શરીર સબળ થતાં આત્મા દુર્બળ થતો જાય, તોય તેનો ખેદ નહિ રહે. શરીર દુર્બળ થતાં આત્મા કર્મભાવ ઘટતો જવાથી પુષ્ટ બનતો આવે છે એની ખુશી નહિ થાય. માટે આત્માની જ ચિંતા રાખો. બીજી બધી ચિંતા ખતરનાક હોઈ છોડો."

"આપણી સાધુતાની સાધનામાં મુખ્ય લક્ષ્ય આત્માગમનનું રાખવાનું છે. દરેક સાધનામાં ને વ્યવહારમાં 'મારા આત્માને કેટલું લાગુ થાય છે ? એ જોતાં રહેવાનું. બહારથી નીકળી અંદર જાઓ. તેમાં મન સ્થિર કરો. અંતરના

દોષોના નિરાકરણ થતાં આવે છે ને ? ગુણવિકાસ-ઉપશમ-પરિણતિ-સૌમ્યભાવ વધતા આવે છે ને ? એ જોયા કરો.''

**અલૌકિક તપશ્ચર્યા :** બારે પ્રકારની તપશ્ચર્યા તેઓશ્રીના જીવનમાં વણઈ ગઈ છે સ્વાભાવિક બની ગઈ છે. આંતર મુખ્ય તપશ્ચર્યા જ્ઞાનધ્યાન સ્વાધ્યાય પઠન પાઠનાદિ ગ્રંથોના વિવેચનાત્મક લખાણો વર્ણાનાતીત છે ચોવીસ કલાક રાત્રે પણ એજ લત ! આંતર મુખ્ય તપશ્ચર્યાને ઉપયોગી હોવાથી બાહ્ય અનશન આદિ છ એ તપશ્ચર્યા તેમના જીવનમાં જોવાય છે. ને તેમાં મુખ્ય વર્ધમાન આયંબિલ તપ તદ્દન નિર્દોષ બેંતાલીસ દોષે રહિત ગણત્રીની એક બે ચીજ આંબેલ કરતા પણ જીવ સ્વાધ્યાયમાં જ ને તેથી પંદર મિનિટમાં જ આંબેલ કરીને ઉઠી જાય ! જીભને સ્વાદ લાવ્યા વગર જ ગળામાં ઉતારી દે. ફક્ત નામનું ભાડૂં આપવા માટે જ.

**તપનો મહિમા :** તપથી ઇન્દ્રિયોની શાંતિ થાય છે, વિકારો નાશ પામે છે, મન કાબૂમાં રહે છે, ચિત્ત સ્વસ્થ બને છે દેહ નિર્મળ બને છે, રોગો હઠે છે, ચિકણા કર્મો નાશ પામે છે. તપ કરવામાં પૈસો બેસતો નથી પણ શરીરની સુખાકારી સાથે કર્મની નિર્જરા થતા પાપભારથી હલકો થઈ ક્રમે કર્મથી છૂટી મોક્ષ પામે છે.

સંસારમાં પરિભ્રમણ કરાવનાર ચાર સંજ્ઞામાં આહારસંજ્ઞા ભયંકર છે તેના ઉપર વિજય મેળવવા તપ અવશ્ય કર્તવ્ય છે.

ધર્મનગર અમદાવાદમાં ધર્મના સારા સંસ્કારવાળા સુખી કુટુંબમાં જન્મ. મૂળથી ધર્મ તરફ સારું વલણ ને ધર્મશ્રવણનો અનુરાગ. ગૃહસ્થપણામાં (સી.એ.)ની પરીક્ષા પાસ ઉચ્ચકક્ષામાં પાસ કરેલ ને ધાર્મિક જ્ઞાન પણ પ્રમાણમાં સારું મેળવેલ. પૂ.સિદ્ધાંત મહોદધિ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા.ના સત્સંગ ને કુનેહપૂર્વકની અલૌકિક આકર્ષણ દોરવણી વગેરે કારણે વૈરાગ્ય વેગવંત બનતા સ્વ. પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિના સાચા શિષ્ય બની જઈ પ્રભુ આજ્ઞા મુજબના જીવનમાં તલ્લીન બની જઈ ગુરુ આજ્ઞાને જીવનનો મંત્ર બનાવી દીધો.

કુશાગ્ર બુદ્ધિ, રહસ્ય પામવાની શક્તિ અને અથાગ સત્ત્વે સાધુ જીવનના સુંદર કઠોર પાલન અને તપશ્ચર્યા સાથે ન્યાયશાસ્ત્રમાં નિષ્ણાત બની પ્રકરણગ્રંથો, આગમગ્રંથો છેદસૂત્રો, જૈન ન્યાયગ્રંથો, હારિભદ્રીય ગ્રંથાવલિ અને ન્યાયાચાર્ય



શ્રી યશોવિજય ઉપાધ્યાયની ગ્રંથાવલિના સાચા અભ્યાસી બની તલસ્પર્શી જ્ઞાતા બન્યા. જ્ઞાનદાનશક્તિ અજોડ, સચોટ અસરકારક ! ટૂંકમાં સરળતાથી વિસ્તૃત રહસ્ય પમાડી શકે તેવી ! તે આકર્ષક આગવી શક્તિથી અનેકને જ્ઞાનદાન કરે છે. પ્રભુમાર્ગના સાચા પથિક બનાવે છે.

માર્ગમાં અસ્થિર બનેલ આત્માને સ્થિર કરવાની સુંદર કળાને ઉત્સાહથી શ્રી જિનેશ્વરદેવના માર્ગોમાં સારી રીતે સ્થિર કરી શકે છે.

સુંદર આગવી વિચારસરણી ને ઉપદેશની પ્રતિભા ! ઉપદેશના ટંકશાળી વચનો હૃદયમાં કોતરી રાખી જીવન-જીવાતું (સંજીવનિ ઔષધિ) બની માર્ગના પ્રેરક ને ઉત્તેજક ! મારી સ્મૃતિ હાલ ઓછી છે છતાં ભાગ્યા તૂટ્યા યાદ આવતા તેમના ઉપદેશામૃતો જણાવું છું જે અનેક રીતે અનેક આત્માઓને અનેક સંજોગોમાં પ્રેરણાદાયી નીવડે તેમ છે.

''ઉપેક્ષા કરશો મા ! અનંત દુ:ખોથી ખદબદી ઉઠનારી તમારી જ ભવિષ્યકથાનું તમે જ નિર્માણ કરશો અને તે પણ માત્ર અઢી મણના માંસના લોચા ખાતર. યાદ રાખો ! આરાધના કષ્ટી જીવનમાં છે. સુખશીલ જીવન તો વિરાધનાઓની અને દુ:ખોની ''મા'' છે. લાચારી બતાવશો નહિ. અનંત જીવનોનો પ્રાણપ્રશ્ન છે. શા માટે તુચ્છ સુખ ખાતર અનંત સુખની શક્યતાનો હોમ કરવો ? એમાં શી બુદ્ધિમત્તા ?''

હંમેશા ઉદ્યોત જ જોવો, અંધકાર નહિ. આપણને સારું સારું શું મલ્યું છે એનો જ વિચાર રાખવો.

## ૪. જીવનશિલ્પી મહામુનિ

### (લે.- પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ.)

**મોહમયી નગરે સોનાનો સૂરજ :** કેવા એ યાદગાર સુવર્ણ દિવસો હતા ! ફરી એ દિવસો આવશે કે કેમ ? એ જ એક પ્રશ્ન છે.

વિ.સં. ૨૦૦૫ની સાલમાં મોહમયી મુંબઈ નગરીમાં મહાતપસ્વી ચારિત્રશીલ સંવેગ-વૈરાગ્યનો ધોધ વહેવડાવનારા પૂ. મુનિભગવંત શ્રી ભાનુવિજયજી મહારાજ આદિ પરિવાર ભૂલેશ્વર શ્રી મોતીશા જૈન લાલબાગ ઉપાશ્રયે ચાર્તુમાસ પધાર્યા. દિન-દિન દેશનાની જાદુઈ અસર ફેલાતી ગઈ,

નાના મોટા ધર્મશ્રવણના રંગે રંગાતા ગયા અને જે ઊંડા વૈરાગ્યના સિંચનથી પરિણામો આવતા ગયા એણે આખા મુંબઈને દિઙ્મુખ કરી દીધું !

કયો જમાનો ? કયું નગર ? કઈ સિદ્ધિઓ ? બધું ય આશ્ચર્યજનક ! પણ હા...એ બધુંય નરદમ સત્ય હતું; ના એ સ્વપ્ન ન હતું...

**ભાવી સ્વપ્ન સેવતા પરમગુરુદેવ :** પૂ. ગચ્છાધિપતિ સિદ્ધાન્ત મહોદધિ સચ્ચારિત્ર ચૂડામણિ, સુવિશુદ્ધ સંયમમૂર્તિ સૌના હિતવત્સલનિધિ પરમગુરુભગવંત આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા સપરિવાર વિ.સં. ૨૦૦૬ની સાલમાં શ્રી તીર્થાધિરાજ શંત્રુજયગિરિની સ્પર્શના કરતા એક દી વિચારે ચડ્યા. વિચારસ્વપ્નમાં દેવાધિદેવ પરમાત્મા શ્રી મહાવીરપ્રભુના શાસનની વર્તમાન કથળતી પરિસ્થિતિ નજરમાં આવી. એમનું અંતર દ્રવી ઊઠ્યું અને બોલી ઊઠ્યું ત્યાં જ એ મહાપુરુષે સંકલ્પ કર્યો કે ઓછામાં ઓછા ૨૫ યુવાનોને રત્નત્રયી આપું, અને મારી જાતના પૂર્ણભોગે શાસન માટે તૈયાર કરું, તપ-જપ અને સંયમની વિશુદ્ધ આરાધનામાં દૃઢ મજબૂત બનાવું.' આવી કલ્યાણકારી ભાવનાનું સ્વપ્ન સેવતાં મુંબઈ તરફ પ્રયાણની તૈયારી થઈ ગઈ.

**મુંબઈમાં ઉત્તમરત્નોની પ્રાપ્તિ :**

પરમકૃપાળુ પૂજ્યપાદશ્રીની અખંડ સેવામાં રાત ને દી ખડે પગે સજ્જ રહેતી (બાંધવ બેલડી) પૂજ્ય પં.શ્રી ભાનુવિજયજી મહારાજ અને પૂ.પં. શ્રી પદ્મવિજયજી ગણિવર સાથે જ હતા. મુનિપરિવાર સાથે પરમતારકશ્રી મુંબઈ પધાર્યા... પરંતુ પેલો સંકલ્પ તો સદા એમના અંતરમાં ઘૂંટાતો જ હતો. ક્ષેત્ર ખેડાયેલું હતું... પૂજ્યપાદશ્રીના ભવ્ય સંકલ્પને સિદ્ધ કરવા બાંધવબેલડીએ કમર કસી. પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજાના આકરાતપ સાથે વિરાગ નીતરતા પ્રવચનો શરૂ થયા. દર રવિવારે બેય ગુરુ-શિષ્યના સહીયારા પ્રવચનોએ મુંબઈને ધર્મઘેલું બનાવ્યું. હજારો ભાવુકો દોડી આવતા. મહાપુરુષોના ચરિત્ર મધુરકંઠે સજ્જાયના ભાવવાહી પદો પૂ.શ્રી પદ્મવિજયજી મહારાજ બોલતાં અને વૈરાગ્ય ઉત્પાદક અંતરસ્પર્શી મોહભેદક વિવેચન પૂજ્ય શ્રી ભાનુવિજયજી મહારાજ કરતાં ત્યારે શ્રોતાજન સર્વે સંવેગ-વૈરાગ્યથી રંગાઈ જતાં, ઘડીભર સંસારની મોહિની વીસરાઈ જતી.



આજે પણ મારી નજરમાં એ પ્રવચનોની વિશાળ પર્ષદાઓ તરવરી રહી છે. પૂ.પાદ ભાનુવિજયજી મહારાજાનું વિરાગના મેહલ વરસાવતું મુખારવિંદ જાણે આંખ સામે જ રમી રહ્યું છે. વૃદ્ધો અને વૃદ્ધાઓ તો દોડ્યા ! આધેડ વયના સ્ત્રી-પુરુષો પણ દોડ્યા એ પ્રવચનો સાંભળવા માટે ! પણ આશ્ચર્યની વાત તો એ હતી કે મારા જેવા પંદરથી વીસ વર્ષની વયના કિશોરો પણ દોડ્યા ! એમાં અમારું એક વૈરાગી યુનિયન બન્યું. મને બરોબર યાદ છે કે પૂજ્યશ્રીના એ પ્રવચનો સાંભળતાં હું તો માથું નીચે નાખીને ધ્રૂસકે ધ્રૂસકે રડતો... ઘેર ગયા પછી પણ મને ચેન પડતું નહીં. વિરાગે મારા અંતરનો કબજો લઈ લીધો, તેમ અનેક યુવાનોનો વૈરાગ્ય દૃઢ બનતો ગયો. સંસાર ઉપરથી પ્રવચનોના જાદુઈ પ્રભાવે મન ઉઠતું ગયું, અને અંતર ઉપર મોક્ષસાધનાની અજબગજબની અસર ઊભી થઈ... અને ટપોટપ સંસારની વિકેટો પડવા માંડી... ૧...૨...૩...ના ! ૨૧... ૨૨... ૨૩... ના...! ૨૮... ૨૯... ૩૦...!

મેટ્રીક ભણેલાઓએ ભણતર છોડ્યું; કોલેજીઅનોએ કૉલેજના ઉંબરોને અલવિદા કરી; ૩૫૦ થી ૪૦૦ રૂા. નો પગાર લાવનારા બાહોશ યુવાનોએ નોકરી ત્યાગી; વેવિશાળ કરી ચૂકેલાઓએ વેવિશાળ ત્યાગ્યું... મુંબઈગરાઓ ભવ્ય ભગીરથ પુરુષાર્થીઓને નિહાળી ઘડીભર સ્તબ્ધ થઈ ગયું ! શું આ ચમત્કાર ! શ્રદ્ધાવાન આત્માઓ પ્રમોદશીલ બન્યા અને ધન્યવાદના આશીર્વાદ જગ્યા જગ્યાએથી મળવા લાગ્યા ! ચારિત્ર બહુમાનના અનેક મેળાવડા થયા, અનેકોએ ચારિત્ર ધર્મપ્રશંસાના બીજ રોપ્યા, આ કાળે પણ વીતરાગ શાસનની બલિહારી છે ! ધન્ય માત ! ધન્ય પિતા ! ધન્ય યુવાનોને !

**ઉપકારની વર્ષા :** થોડા જ કાળમાં અમે લગભગ ૩૦ યુવાનો મુનિ બન્યા. પરમતારકશ્રીજીનો ૨૫ નો લક્ષ્યાંક આગળ વધી ગયો ! પૂજ્યપાદ પંન્યાસજી ભગવંતશ્રીએ પ્રવચનોની અને વાચનાની અનરાધાર અમીવર્ષા કરી. સળગતા સંસારમાંથી અમને ઉગાર્યા ! તો પરમતારક પૂજ્યપાદશ્રીજીએ અમને અપાર વાત્સલ્યનું પાન કરાવીને જીવન સંયમસજ્જ બનાવ્યું.

આ બંને ય પરમકૃપાળુ ગુરુભગવંતોએ પરમાત્મશાસનનું રખોપું મજબૂત બનાવ્યું. પૂજ્ય તપસ્વીરત્ન પંન્યાસજી મહારાજશ્રીએ પરમ ગુરુદેવશ્રીજીની

સાથે રહીને એઓશ્રીની અનુપમ સેવા કરી ભૂરિ કૃપા મેળવી !

**ગુણનિધિની ઓળખ :** એમના દર્શન કરનારને શું જોવા મળતું ? આયંબિલ પણ રોટલી અને પાણી સાથે, નિર્દોષ ભિક્ષાચર્યા સાથે ઘોર તપ અને ત્યાગ, આશ્ચર્ય પમાડે તેવો અપ્રમત્તભાવ, ઉગ્રવિહાર અને શિષ્ય-પ્રશિષ્યાદિ મુનિગણને અભ્યાસ-વાચના-પ્રેરણાદિનું જીવંત ભાન, વિહારમાં પણ ૨/૩ વાર પ્રવચન, અપૂર્વ શ્રુતલેખન-વિવેચન અલ્પનિંદ્રા વગેરે એ બધાય ગુણોનું તો કેટલું વર્ણન કરવું ?

આયંબિલનો દીર્ઘતપ, સ્વાધ્યાય અને સંયમ આ ત્રણેયનો સંગમ તો વિરલ જોવા મળે છે, જ્યારે આ મહાપુરુષમાં એ ત્રિવેણીસંગમ હૂબહૂ જોવા મળે છે.

પૂજ્યપાદશ્રીજીના વરદ હસ્તે જ સોમી ઓળીનું પારણું કરવાની તેઓશ્રીની ઉત્કટ ભાવના હતી. ૭૧ આયંબિલ તો થઈ પણ ગયા હતા. પણ અફસોસ ! કે તેઓશ્રીને અસ્વસ્થ થયેલા જોઈને અને માથે રહેલી ભારે જવાબદારીને ખ્યાલમાં લઈને સદૈવ સ્મરણીય પૂજ્યપાદશ્રીએ પારણું કરાવી દીધું. અને ટૂંકગાળામાં જ એકાએક વીરનું રટણ કરતા સૌને મૂકીને મહાસુકાની ચાલ્યા ગયા ! પૂજ્યપાદશ્રીનો અવર્ણનીય ઉપકાર ભૂલ્યો ભૂલાય એમ નથી. એ વખતનો આઘાત સહુ માટે વજ્રઘાત હતો ! એના ઘેર પ્રત્યાઘાત પૂ. પંન્યાસજીશ્રીના દેહ પર પડ્યા. લગભગ બે વર્ષ સુધી શરીર લથડેલી અવસ્થામાં ટકાવ્યું. છેવટે દૃઢ મનોબલી એ મહાત્માએ કલ્યાણક ભૂમિઓની પાવન સ્પર્શના કરી સોમી ઓળી ઉપાડી... અને જોતજોતામાં સોમી ઓળીની પૂર્ણાહૂતિનો પુણ્યદિન આવી ગયો. કલકત્તાના આંગણે એ પૂર્ણાહુતિના નિમિત્તે અનુપમ ધર્મપ્રભાવના થશે, સેંકડો-હજારોની સંખ્યામાં અભિગ્રહોની લ્હાણી થશે. હજારોની સંખ્યામાં આયંબિલ તપ થશે. કલકત્તાવાસી હજારો આત્માઓએ તપોબલીના શ્રીમુખેથી વિરાગ નીતરતી વાણી સાંભળીને તપ-જપના તેજ લીસોટા પોતાના આત્મામાં ચમકાવશે.

**સુકૃતકમાઈ :** વિચારની એક આછી વાદળી મનમાં દોડી આવે છે. મનમાં થાય છે કે બધુંય બરોબર છે પણ એક વાતની ભારે ઉણપ છે. તે એ છે કે આવા ભવ્યપ્રસંગે પૂજ્યપાદશ્રીજી હોત તો ? સોનામાં સુગંધ ભળી જાત



અને શાસનપ્રભાવનાનું તો પૂછવું જ શું ? -ના ના... ભક્તોના અંતરને વલોવી નાંખતી એ કલ્પના કરવાથી શું ? અરે જ્યાં હશે ત્યાંથી તેઓ આશીર્વાદના અમી વરસાવી જ રહ્યા હશે એ તપોમૂર્તિ પંન્યાસજી ભગવંત ઉપર ! પછી શીદને ઓછું માની લેવું ?

એક મહાત્માનો આ ઉત્કટ ત્યાગ-તપ ધર્મ અનેકોને ધર્મ પમાડશે ! અનેકોનો ધર્મ અઢળકોમાં પ્રસરશે ! પ્રભુશાસનની સરવાણી વહેતી રહેશે. આ પ્રસંગે જેટલી અનુમોદના કરીએ તે ઓછી છે !

મારા જેવા કેટલાય મુનિઓ અને શ્રાવકો, સાધ્વીજીઓ અને શ્રાવિકાઓ પૂ.પંન્યાસજીશ્રીના નિઃસીમ ઉપકારની હેલિના ઓઘમાં ભૂતકાળમાં ઓળઘોળ બન્યા હશે. ચાલો, આપણે સૌ એ તપોમૂર્તિ પંન્યાસ ભગવંતશ્રીજી પાસે આ પ્રસંગે પ્રાર્થના કરીએ, 'અમને અંતઃકરણની આશિષ આપો અમે વિશુદ્ધતપ-ધર્મના આરાધક બનીએ, સુવિશુદ્ધ સંયમમૂર્તિ, વાત્સલ્યાનિધિ પરમ-ગુરુદેવશ્રીજીની સઘળી અભિલાષાઓને પૂર્ણ કરનારા બનીએ.'

પરમગુરુદેવના સ્વપ્નશિલ્પને કંડારનારા શ્રી વર્ધમાન સો ઓળીના મહા ઉપાસક પૂ. પંન્યાસજી મહારાજ !

આપશ્રીના ચરણોમાં અમારા સૌના કોટાનુકોટિ - શિરસાવંદન.

## ૫. મહાન વિભૂતિ

**(લે.- શ્રી પુખરાજજી અમીચંદજી કોઠારી**
**પ્રાધ્યાપક : યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા, મહેસાણા)**

**॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥**

આઠ પ્રકારનાં કર્મોને તપાવે અર્થાત્ ક્ષય કરે તે તપ. અથવા ઈચ્છાઓનો નિરોધ કરવો તે તપ.

તે તપના બાહ્ય અને અભ્યંતર એમ મુખ્ય બે પ્રકાર છે. તે બંનેના છ-છ પ્રકાર હોવાથી કુલ બાર પ્રકારનો તપ છે, અને તે બાર પ્રકારના તપને જ શાસ્ત્રમાં નિર્જરા કહેવામાં આવે છે. નિર્જરા એ મોક્ષ પ્રાપ્તિનું પરમ સાધન છે.

જગતના દરેક તત્ત્વજ્ઞ પુરુષો મોક્ષ માટે જ પ્રયત્ન કરતા હોય છે અને

તે મોક્ષ જ પ્રાપ્ત કરવા યોગ્ય છે. એથી બાર પ્રકારના તપ રૂપ નિર્જરા પણ મોક્ષનું અંગ હોવાથી અત્યંત આદરણીય છે.

શાસ્ત્રોમાં સમ્યગ્-જ્ઞાન-દર્શન અને ચારિત્ર મોક્ષનાં સાધન બતાવેલ છે. તેમજ વિશેષાવશ્યકાદિ કેટલાંક શાસ્ત્રમાં જ્ઞાન અને ક્રિયા મોક્ષનાં મુખ્ય સાધન તરીકે કહેલ છે, ત્યાં ક્રિયાથી ચારિત્રનું ગ્રહણ કરેલ હોવાથી જ્ઞાન અને ચારિત્ર મોક્ષનું સાધન જણાવેલ છે, ત્યારે તપને મોક્ષનું સાધન બતાવેલ નથી. એવો પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે. પણ ત્યાં ચારિત્રના દશ યતિધર્મની અંદર તપનો સમાવેશ છે, અથવા તપ વિના ચારિત્ર હોઈ શકતું જ નથી, માટે ચારિત્રના ગ્રહણથી તપનું ગ્રહણ કરેલું છે, એમ નિઃશંકપણે માની શકાય છે.

કેટલાક કુતર્કવાદીઓ-નિશ્ચયનયાભાસીઓ બાહ્યતપને આડંબર અથવા કેવળ કાયક્લેશ રૂપ કહી તેવો તપ તો તિર્યંચો વગેરે પણ કરી શકે છે. એમ કહી ઉત્સૂત્ર પ્રરૂપણા કરે છે; પરંતુ તે બરાબર નથી કારણ કે બાહ્યતપને અભ્યંતરતપનું અસાધારણ કારણ માનવામાં આવ્યું છે. તેથી તે બાહ્યતપ પણ અત્યંત આદરણીય છે.

આજે છેલ્લા વિશેક વર્ષથી બાહ્યતપ વ્યાપક રીતે ચતુર્વિધ સંઘમાં જોવા મળે છે, અને તે પ્રસંશનીય છે, સાથે સાથે એક વાત એ પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે બાહ્યતપ અભ્યંતરતપની પુષ્ટિ કરનાર, કષાયોની મંદતા લાવનાર અને જેના દ્વારા ઇન્દ્રિયોની શક્તિઓ આદિ ક્ષય ન થાય તેવો જિનાજ્ઞા અવિરુદ્ધ તપ થવો જોઈએ.

એકાશન આદિથી આરંભી અટ્ઠાઈ... પંદર ઉપવાસ, માસક્ષમણ આદિ તેમજ પાંચસો અગર તેથી અધિક નિરંતર આયંબિલો તેમજ સંપૂર્ણ વર્ધમાનતપ આદિ નાના-મોટાં પચ્ચક્ખાણો તેમજ ઉણોદરી વગેરે તપોનો બાહ્યતપમાં જ્ઞાની ભગવંતોએ સમાવેશ કરેલો છે.

આજે મોટાભાગે બાહ્યતપ કરનારાઓમાં અભ્યંતરતપની અલ્પતા અગર બાહ્યતપના નિમિત્તથી અભ્યંતર તપનો ભોગ આપતો હોય તેમ જોવા મળે છે. પરંતુ લેશમાત્ર પણ અભ્યંતરતપમાં ક્ષતિ પહોંચે તેવા તપને બાહ્યતપ કહી શકાય નહિ, અને તેવા બાહ્યતપથી આત્માનું કલ્યાણ પણ થતું નથી. તે માટે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સાહેબે જ્ઞાનસાર અષ્ટકના એકત્રીસમાં તપ-અષ્ટકમાં જણાવેલ હકીકત વાંચવાથી આપણને સ્પષ્ટ ખ્યાલ આવી શકે તેમ છે.



પ.પૂ. શાસનપ્રભાવક, સિદ્ધાન્તમહોદધિ સ્વ. ૧૦૦૮ આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સાહેબના શિષ્યરત્ન પંન્યાસ પ્રવર પ.પૂ. ભાનુવિજયજી મ. સાહેબ કે જેઓશ્રીએ વર્તમાનમાં સોમી ઓળી પૂર્ણ કરી છે. જેઓશ્રીને તે તપની નિર્વિઘ્નપણે સમાપ્તિના મંગલપ્રસંગે આ વર્ધમાનતપ અભ્યંતર તપને કેટલો પુષ્ટ કરનાર છે, અને અન્યને માટે કેટલો અનુકરણીય છે તે હકીકત જણાવ્યા વિના રહી શકાતું નથી.

તેઓશ્રીની આજે લગભગ સાઠ વર્ષની ઉંમર અને પાંત્રીસ વર્ષનો દીક્ષા પર્યાય હોવા છતાં, તેમજ એક્યાશીની સંખ્યામાં શિષ્ય-પ્રશિષ્યો હોવા છતાં, કેટલીક લાંબી-લાંબી બે ત્રણ ઓળીઓ સતત સાથે કરવા છતાં, તેઓશ્રીનો અભ્યંતરતપ કેટલો બળવાન હતો તે મારા અનુભવ પ્રમાણે જણાવું છું.

(૧) તેઓશ્રી મોટા ભાગે સ્વ. આચાર્ય મ.સા.ની સાથે જ રહેતા હતા અને આચાર્ય મ.સા.ની નિશ્રામાં અનેક મુનિવરો તેઓશ્રીની પ્રેરણા પ્રમાણે કર્મસાહિત્યનું કાર્ય કરતા હતા, અને તે કાર્યમાં મને પણ રસ હોવાથી અને સ્વ. આચાર્યદેવની કૃપાદૃષ્ટિ હોવાથી તે સંબંધી શંકાઓના ખુલાસા કરવા તેમજ કેટલીક બાબતોનો વિચાર-વિનિમય કરવા માટે તેઓશ્રી પાસે પિંડવાડા-અમદાવાદ ખંભાત આદિ ચારથી પાંચવાર ગયેલ, ત્યારે પૂ. પંન્યાસજી મહારાજને મોટી મોટી ઓળીઓ ચાલતી હોવા છતાં કેટલીકવાર આયંબિલ કરીને ઉઠતાંની સાથે જ પૂ. આચાર્યદેવ બોલાવે તો તુરત જ ત્યાં જઈ કલાકોના કલાકો સુધી ઊભા રહી કાર્ય પતાવતા અને દિવસમાં છથી સાત સાત કલાક સુધી પોતાના શિષ્ય-પ્રશિષ્યોને અનેક દાર્શનિક તથા આગમિક ગ્રંથોનો અભ્યાસ કરાવતા. એકદા મારે પણ અમુક દિવસો જ રહેવાનું હોવાથી અને પૂ. પંન્યાસજી મહારાજને પણ દિવસે સમયનો અભાવ હોવાથી તેઓશ્રી સાથે મારે કેટલીક વિચારણા કરવાની હતી, તેમજ બંનેને સમયનો પણ અભાવ હતો. છેવટે તેઓશ્રીએ રાત્રે આઠથી અગિયારનો ટાઈમ આપ્યો તેથી હું તો ગભરાયો મને એમ પણ લાગ્યું કે, રાત્રે લખવા-વાંચવાનું કામ કેવી રીતે થશે ? પણ અવશ્ય કાર્ય હોવાથી ના પાડી શકું તેમ હતું જ નહિ. એટલે રાત્રે અગિયાર વાગ્યા સુધી વિચારણાઓ કરેલી અને આવશ્યક મુદ્દાઓ તેઓશ્રીને રોજની પ્રેકટીશ હોવાથી સામાન્ય ચંદ્રના પ્રકાશથી કાગળમાં ઉતારી કહ્યું કે અત્યારે વાંચી શકાશે નહિ પણ સવારમાં વંચાશે. આવા તો એક નહિ અનેક

પ્રસંગો બનેલ છે. તે સિવાય બાલવૃદ્ધ વગેરે મુનિઓની વૈયાવચ્ચના પ્રસંગે અને પૂ. આચાર્યભગવંત આદિના વિશિષ્ટ કાર્યોમાં તેઓશ્રીની તપ સાથે કેટલી અપ્રમત્તતા હશે અને છએ પ્રકારનો અભ્યંતરતપ તેઓશ્રીના રોમેરોમમાં કેટલો વ્યાપ્ત હશે તે તો તેમની પાસે રહી અનુભવ કરનારા જ જાણી શકે.

આવા બાહ્ય-અભ્યંતરતપના આરાધક મહાન તપસ્વી તેઓશ્રીના સમુદાયમાં પ.પૂ. પંન્યાસશ્રી કાન્તિવિજયજી મ. સાહેબ પ.પૂ. પંન્યાસશ્રી રાજવિજયજી મ. સાહેબ આદિ અને અન્ય સમુદાયમાં પણ એવા અનેક મહાપુરુષો થયા છે. અને આજે પણ છે. આ મહાત્માઓ બાહ્યતપ કરનાર અન્ય વ્યક્તિઓને માટે અનુકરણીય બની શકે તેમ છે.

આવા તપથી જ કલ્યાણ થઈ શકે એમ મને લાગે છે. જે મહાપુરુષો જ્ઞાન સાથે સુંદર ચારિત્ર અને મહાન તપ કરનારા છે, તેઓને જ વિશાળ શિષ્ય સમુદાય હોય છે, અને તેઓની શિષ્ય પરંપરા ઘણી લાંબી ચાલી શકે છે.

તેથી પ.પૂ. પંન્યાસજી મહારાજશ્રી પણ જગતની એક મહાન વિભૂતિ અથવા મહાન વ્યક્તિ કહીએ તો તેમાં જરાપણ અતિશયોક્તિ નથી પરંતુ એક સત્ય હકીકત છે.

આપણે સહુ પણ અભ્યંતર તપયુક્ત આવા સુંદર બાહ્યતપની આરાધના કરી સાચા અર્થમાં તપ એટલે કે કર્મનો ક્ષય કરી શિવપદ પ્રાપ્ત કરીએ-એજ મંગલકામના.

## ૬. શ્રેષ્ઠતપ

### (લે.- પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી મ.)

અનંત ઉપકારી શ્રી જિનેશ્વર ભગવંતોએ મોક્ષના અસંખ્ય યોગો-માર્ગો બતાવ્યા છે. તેમાં તપયોગ પણ મહત્ત્વનો યોગ છે. અનંત આત્માઓને તપધર્મથી બાહ્ય લાભોમાં ધન-આરોગ્ય-સુખ સૌભાગ્યાદિ અગણિત લાભોની પ્રાપ્તિ થઈ છે, ઈહલોક અને પરલોકના સુખ મેળવ્યા છે, પરંતુ આ બધા ક્ષણિક લાભો સમજવા. જ્યારે સમ્યગ્ તપ અને સંયમના બળે આંતરિક લાભમાં વિપુલકર્મ નિર્જરા-કષાયજય-ચિત્તસમાધિ-પરિણામવિશુદ્ધિ-ઈન્દ્રિયદમન-ત્રિયોગશુદ્ધિ વગેરે લાભ સાથે ક્ષાયિકભાવે આત્માની અનંતી-ઋદ્ધિ અનંતુજ્ઞાન-દર્શન-ચારિત્ર અને વીર્ય પ્રગટતા આત્મા સિદ્ધ-બુદ્ધ-મુક્ત-નિરંજન બની શાશ્વતસુખનો ભોક્તા



બને છે તે લાભ અવર્ણનીય છે.

આયંબિલના વધતા ક્રમે કરવામાં આવતો શ્રી વર્ધમાન તપ સર્વ તપોમાં શ્રેષ્ઠ તપ છે. આ તપનું સેવન આત્માને વિરાગી બનાવી, ત્યાગધર્મની સુંદર કેળવણી આપે છે. આ તપના પ્રભાવે વિકારો અને વાસનાઓનું દમન શીઘ્ર બને છે. આત્મશાંતિ અને અંતરના આનંદનો અનુભવ થાય છે. દુઃખ-દારિદ્રય-દૌર્ભાગ્ય આદિ વિપત્તિઓને દૂર કરે છે. સંકટ અને મુંઝવણમાં ધૈર્ય, બળ અને સહન કરવાની શક્તિ આત્મામાંથી પ્રગટ થાય છે. કર્મનિર્જરા સાથે શુભનો અનુબંધ પડે છે જે મોક્ષસુધી વળાવવામાં ગરજ સારે છે. સાત લવ જેટલી અલ્પ આયુષ્યની પુણ્યમુડી ઓછી પડવાના કારણે મોક્ષે ન પહોંચતા અનુત્તરવિમાનમાં ૩૩ સાગરોપમનો દેવભવ કરવો પડે છે. જો તેટલું પુણ્ય પહોંચત અથવા એક છઠ્ઠ જેટલા તપનું બળ ભળી જાત તો ક્ષપકશ્રેણીએ ચઢી તદ્ભવમાં મોક્ષે જાત. માટે મોક્ષસુધી પુણ્યાનુબંધીપુણ્યના વળાવાની ઠેઠ સુધી જરૂર છે, તે આ ઘટનાથી સમજાય તેવું છે.

આ તપનું વિધિપૂર્વક આરાધન કરવાથી તીર્થંકર નામકર્મ બંધાય છે. લાગલગાટ આરાધવામાં આવે તો પણ ૧૪ વર્ષ, ૩ માસ અને ૨૦ દિવસે પૂર્ણ થાય છે. વિરલ આત્માઓ જ આ તપ સંપૂર્ણ કરી શકે છે, તેમાં આ કાળે જ્યારે જ્યારે આ તપ પૂર્ણ થાય છે, ત્યારે શાસનની પ્રભાવના અપૂર્વ બને છે અને અનેક નાની-મોટી વયવાળા આ તપની શુભ શરૂઆત કરી દે છે. અને ઉત્તરોત્તર લગની લાગી જતાં જીવન-પરાવર્તન પામી આત્મા સાત્ત્વિક બનતો જાય છે, અનેક દોષોથી પોતાને બચાવી લે છે.

પૂર્વકાળમાં રોજિંદા જીવનમાં ત્યાગ અને તપ વણાયેલા હતા. જ્યારે આજે પશ્ચિમની હવામાં-સંશોધનના નામે પુદ્ગલાસક્તિ પ્રતિદિન વધતી ચાલી છે. અભક્ષ્ય પદાર્થોમાં વિટામિનની શ્રદ્ધા સ્થિર થઈ છે. -ધાતુઓને ઉત્તેજિત કરી, વિકૃતમાનસ સર્જી આત્માને ભૂલાવી દેવામાં આવ્યો છે. આત્મા ભૂલાયો એટલે માણસ જેવો માણસ પશુ કરતાં બદતર નીચી કક્ષાએ ઊતરતો ગયો. ખાવાની સંજ્ઞાએ દિ-રાત ભૂલ્યો. દિવસે પેટ ભરીને ખાધું છતાં રાત્રે નાસ્તો જોઈએ ! કેવી આ દુર્ગતિમાં લઈ જનારી સંજ્ઞા ! આ સંજ્ઞાને તપથી અંકુશમાં લેવામાં નહીં આવે તો પુનઃ મનુષ્ય જન્મ નહીં, દેવ નહીં પણ નરક અને તિર્યંચગતિ જ ભાગ્યમાં છે. ત્યાં તપધર્મ દુર્લભ છે, માટે હે ચેતન ! આત્માની

ઓળખ કર અને સર્વ કર્મક્ષય કરવાવાળા સમર્થ તપધર્મની ઉપાસના કર. આ કાળે મહા તપસ્વી ગુરુભગવંતનું આલંબન પ્રાપ્ત થયું છે.

ત્યાગ-તપરહિત જીવો અયોગ્ય ખાન-પાનથી વાસનાવશ શીલધર્મથી વંચિત બની વિવેકભ્રષ્ટ બની રહ્યા છે. વિષયોનું આકર્ષણ દુર્ગતિના ખાડામાં પાડ્યા વિના રહેતું નથી. કેમ કે **'भोगे रोग भयं'** એ સૂત્ર વિસરાયું છે. ભોગની આસક્તિ જોર કરતી હોય તો દ્રવ્યનો લોભી સંગ્રહખોર સ્વાર્થી બની પરોપકારમાં પાછો પડે અને જરૂર પડે સ્વાર્થાંધ બની જાય. આમ આહારસંજ્ઞા-મૈથુનસંજ્ઞા-પરિગ્રહસંજ્ઞાઓને કાબૂમાં ન લેવામાં આવે તો સદા ભય ભરેલું જીવન જીવવું પડે, અને ભયસંજ્ઞાની ચુંગાલમાંથી છટકવું ભારે પડે છે. આવો આત્મા ઉચ્ચ કોટીના ભાવધર્મને સેવી શકતો નથી. આજે તામસી ઉચ્ચ કોટીના ભાવધર્મને સેવી શકતો નથી. આજે તામસી અભક્ષ્ય ખાન-પાનથી બચવાની ખૂબ જ જરૂર છે. તપ સેવો તો બચી જશો. નહીં બચાય તો શરીર રોગગ્રસ્ત, ઇન્દ્રિયોના થનગનાટ, ભોગની ગુલામી... વગેરે આધિ-વ્યાધિ-ઉપાધિઓથી આકુળ-વ્યાકુળતામાં ચિત્તની સમાધિ જોખમમાં મૂકાઈ જશે. પરાર્થ અને પરદુઃખભંજનની ભાવના લુપ્ત થઈ રહી છે ત્યારે આવા જૈનશાસનના મહાતપની મન દઈને આરાધના કરનારા પૂજ્યપાદ ગુણગણનિધિ દાદા ગુરુદેવનું સંયમનું કઠોર પાલન ! નિર્દોષ જીવનચર્યા ! સાદાઈ ! અને શરીર પાસેથી કામકાઢી જ લેવાની વૃત્તિ ! આ બધું ભવ્ય આલંબન છે. અનેકોના જ્ઞાનદાતા-સંયમદાતા-માર્ગદર્શક અને હિતશિક્ષા આપી સ્થિરકરણ કરતા પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૦૦ ઓળીના ભવ્ય સુકૃત આલંબન આજના કાળે આપણને પ્રાપ્ત થયું છે તેની ભૂરિશઃ અનુમોદના અને આપણે સૌ આ આલંબને જીવનમાં આગળ વધીએ એ જ અંતર અભિલાષા.

## ૭. ગુરુદેવ ! અમર રહો...

### (લે.- પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ.સા.)

પૂજ્યપાદ ગુરુદેવ પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવર્યના શુભ નામથી ભાગ્યે જ જૈનસંઘમાં કોઈ અજાણ હશે ! પૂ. ગુરુદેવે સંવત ૧૯૯૧ના પોષ સુદ-૧૨ ના રોજ ગુજરાતમાં ચાણસ્મા મુકામે સ્વ. પરમારાધ્યપાદ કર્મસાહિત્ય નિષ્ણાત પ્રેમસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે ભાગવતી પ્રવ્રજ્યા સ્વલઘુબંધુને



(સ્વ.પૂ.પં. પદ્મવિજયજી ગણિવર્ય) સાથે લઈને સ્વીકારી. શિલ્પી કુશળ હોય અને ઉત્તમ ખાણનો પાષાણ તેના હાથમાં આવી જાય પછી શું કામ નયન- રમ્ય જગત્પૂજ્ય મૂર્તિનું નિર્માણ ન થાય ? એવું જ પૂ. ગુરુદેવશ્રીના જીવનમાં બન્યું છે. સંયમ અને જ્ઞાનની સાક્ષાત્ મૂર્તિ સમા સુયોગ્ય ગુરુદેવ મળી ગયા અને જ્ઞાન અને સંયમનો પિપાસુ સુયોગ્ય શિષ્ય મળી ગયો પછી બાકી શું રહે ?

પ્રવ્રજ્યાના પ્રારંભથી જ જ્ઞાનાભ્યાસ અને સંયમનું શિક્ષણ ઉત્સાહભેર આદરી દીધું. એક બાજુ પૂ. ગુરુદેવે પોતાના પૂ. ગુરુદેવનો અખંડ વિનય અને ભક્તિ કરવાનું ખૂબ જ ઉલ્લાસપૂર્વક શરૂ કરી દીધું. ગુરુકૃપાથી થોડાં વર્ષોમાં જ સંસ્કૃત, પ્રાકૃત ન્યાય, પ્રકરણો આગમો, ષડદર્શન વગેરેનાં તલસ્પર્શી અભ્યાસ કર્યો. વ્યાખ્યાન શક્તિ, લેખન શક્તિ પણ વિકસતી ચાલી. પૂ. ગુરુદેવશ્રીએ થોડાંક વર્ષોમાં તો વક્તૃત્વ કળા ઉપર સારું એવું પ્રભુત્વ પ્રાપ્ત કરી લઈને શાસન પ્રભાવનાનું મહાન કાર્ય આરંભી દીધું. તેઓશ્રીની વૈરાગ્યવાહિની હૃદયસ્પર્શી વાણીએ અનેક ચમત્કારો સર્જ્યા છે. ભરયુવાનીમાં આવેલા, ઘરના સુખી અને 'એજ્યુકેટેડ' એવા ૩૦-૪૦ યુવાનોને દીક્ષાનાં ભવ્ય દાન દઈને પરમ પદના પ્રસ્થાનવાળા બનાવી દીધા છે. એમાંથી ઘણા શિષ્યો-પ્રશિષ્યો-સારા શાસન પ્રભાવકો-વક્તાઓ-લેખકો-કવિઓ-શતાવધાની-ટીકાકારો-મહાનતપસ્વીઓ-મહાન ત્યાગીઓ પાક્યા છે.

પરંતુ આ બધી પૂ. ગુરુદેવશ્રીની પ્રગતિના મૂળમાં મુખ્ય તત્ત્વ હતું આયંબિલ. લગભગ દીક્ષા લીધા પછી પૂ. ગુરુદેવશ્રીએ આયંબિલ તપને આત્મવિકાસ માટે ખાસ પકડ્યો.

પૂ. ગુરુદેવશ્રીને બાર મહિનામાં લગભગ ૯-૧૦ મહિના તો આયંબિલ હોય જ. લાંબા ઉગ્રવિહારોમાં પણ લાંબી ઓળીઓ ચાલુ હોય. ગામમાં ગયા પછી સ્વાભાવિક જે આયંબિલનું મળે તે લઈને કરવાનું. જરાયે શ્રાવકોને ઉપયોગ આપવાનો નહિ. ખબર પડી ગઈ હોય અને કદાચ ગૃહસ્થ ભક્તિથી કાંઈ આયંબિલનું બનાવે તો પણ પૂ. ગુરુદેવશ્રી સાફ ઇન્કાર કરી દે.

ઓળીનું પારણું આવે તો પણ ખૂબ જ સંતોષવૃત્તિ અને સમતાભાવ. પારણામાં પણ જરાયે દોષિત વસ્તુ લેવાની વાત નહિ.

આવા ઉગ્ર વર્ધમાન તપની એક બાજુ ઉગ્ર સાધના, તપકૃશ શરીર છતાં

નિયમિત રોજ વ્યાખ્યાનની પ્રવૃત્તિ, શિષ્યોને અનેકવિધ શાસ્ત્ર વાચનાઓ આપવાની, શાસનના અનેક પ્રશ્નોની ચિંતા ઉપરાંત જ્યારે જોઈએ ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં કલમ હોય ! રાતને દિવસ પૂ. ગુરુદેવ ઉત્તમ સાહિત્યનું સર્જન કરતા દેખાય. લગભગ નવરા બેઠેલા તો જોવા જ ન મળે. રાતના અંધારામાં પણ ચિંતન કરી કરીને લખતા જ હોય ! ચાંદનીની રાત્રી એટલે બિચારી નિંદને તો નિરાશ થઈને જ પાછા ફરે જ છૂટકો. **सुखार्थिन कुतो विद्या ?** આ જીવન સૂત્ર પૂ. ગુરુદેવે પોતાના જીવનમાં વણી લીધેલું છે.

આજે અમારા માટે અને ભારતના તમામ જૈન સંઘો માટે પરમ આનંદનો વિષય છે કે આ ચાલુ વર્ષે આસો વદ-૧ ના પરમ મંગલમય પ્રભાતે કલકત્તાના આંગણે પૂ. ગુરુદેવશ્રીનું વર્ધમાન તપની ૧૦૦ મી ઓળીનું પારણું આવે છે.

કલકત્તાનો શ્રી સંઘ મહાન ભાગ્યશાળી છે કે આવા મહાન ત્યાગી, સંયમી, જ્ઞાની અને તપસ્વી પૂ. પંન્યાસજી ગુરુદેવશ્રીનું ૧૦૦ મી ઓળીનું પારણું પોતાના આંગણે મોટા સમારોહ પૂર્વક કરાવવા ભાગ્યશાળી બન્યો છે.

ખરેખર ! પૂ. ગુરુદેવે પોતાનું સમગ્ર જીવન તો ધન્ય બનાવ્યું છે પણ સાથે સાથે અનેક સાધુ-સાધ્વીઓ, અનેક શ્રાવક અને શ્રાવિકાઓના જીવન પણ ધન્ય બનાવી દીધાં છે.

પૂ.ગુરુદેવે જ્ઞાનયોગ પણ બરાબર સાધ્યો અને સાથે સાથે તપયોગ પણ બરાબર સાધી સાધનાનું શિખર સર કરી વિક્રમ નોંધાવ્યો છે.

આ ભાનુ તો ભારતનો ભૂષણ બની ગયો છે. આ જ્ઞાનભાનુએ તો ઘણાના જીવનઘરમાં દિવ્ય જ્ઞાનના પ્રકાશ પાથરી અનેક માનવોના જીવન ઉજળાં બનાવી દીધાં છે.

વર્ષોથી એકધારી શાસન સેવા, નવા નવા મુમુક્ષુઓને દીક્ષાનાં દાન દેવાનો પ્રવાહ ચાલુ, એકધારી લેખન પ્રવૃત્તિ, ઊંડું શાસ્ત્રચિંતન, જીવનની સાદાઈ, તપોમય કૃશદેહ, વિશાળ શાસ્ત્રબોધ, વિશાળ શિષ્ય પરિવાર, શુદ્ધ બ્રહ્મચર્ય, સંયમ ક્રિયાઓમાં અપ્રમત્તભાવ વગેરે વિશેષતાઓ પૂ. ગુરુદેવશ્રીની મહાનતાની સાક્ષી પૂર્યા વગર રહેતી નથી.

આવા તપોમૂર્તિ પૂ. ગુરુદેવશ્રીનું દીર્ઘાયુ ઇચ્છી તેઓશ્રીનો ગુણસમૂહ અમારામાં પણ ઉતરે એવી પૂ. ગુરુદેવશ્રી અમને અંતઃકરણની આશિષ અર્પે એ જ મંગલ પ્રાર્થના.



## ૮. વિનમ્ર શ્રદ્ધાંજલિ

### (લે.- પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ.)

એમના શા શા ગુણ ગાઉં ? એમના ગુણોના ગુણ ગાઉં ? એમના ઉપકારોના ગુણ ગાઉં કે એમની શક્તિના ગુણ ગાઉં ? જ્યારે જ્યારે એમની બહુમુખી પ્રતિભા કલ્પનાસૃષ્ટિમાં સામે આવે છે ત્યારે મસ્તક નમાવીને, આંખો નિમિલિત કરીને હૃદયના ભાવોથી વંદના કરું છું... શબ્દોની સ્તુતિ વિસરી જાઉં છું... મૌનની ભાષામાં પ્રાર્થના કરી લઉં છું.

કારણ કે શાસ્ત્રોમાં વાંચવા મળ્યું છે કે 'ગુણી પુરુષોના ગુણ ગાવાથી આપણામાં પણ ગુણ પ્રગટે છે.' આ ઉપકારી મહાપુરુષના ગુણો ગાવાની આ અણમોલ તક મળી છે ! તેઓશ્રી વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ ઓળીનો દીર્ઘ તપ સાઈઠ વર્ષની ઉંમરે પૂર્ણ કરી રહ્યા છે... તે પણ મારા જેવા અનેક શિષ્યોથી ઘણા દૂર... કલકત્તામાં !

તેઓશ્રી જ્ઞાની તપસ્વી છે. તેઓશ્રીનો તપ જ્ઞાનમૂલક છે. તેઓશ્રી સાચે જ આયંબિલ તપના કલાકાર છે. તપની કળા તેઓ પાસે છે. એ કળા તેઓશ્રીને અખંડ જ્ઞાનોપાસના અને નિરંતર તત્ત્વચિંતનમાંથી પ્રાપ્ત થઈ છે... અથવા કહો કે સ્વર્ગસ્થ પરમ ગુરુદેવ આચાર્યભગવંત વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની અનન્ય કૃપાથી પ્રાપ્ત થઈ છે.

તીવ્ર આત્માનુશાસન અને પ્રબળ ધર્માકાંક્ષાથી તેઓશ્રીએ અનેક શક્તિઓ અને અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. એક દિવસમાં બે-બે કલાકનાં ત્રણ ત્રણ પ્રવચન આપી હજારો શ્રોતાઓન મંત્રમુગ્ધ કરતાં મેં જોયા છે. દસ-દસ માઈલ સળંગ વિહાર કરીને આવતાં જ પ્રવચન... સાધુઓને અધ્યાપન કે ગ્રંથલેખનમાં ખોવાઈ જવું એમને મન આસાન ! ભૂખ અને તરસ ઉપર તેઓશ્રીએ મેળવેલો અદ્ભુત સંયમ... અમારાં મસ્તક નમાવી દે છે.

બાહ્ય અને આભ્યંતર તપશ્ચર્યાનું સુભગ મિલન તેઓશ્રીના જીવનમાં જોવા મળે છે. તપ અંગેની અનેક શાસ્ત્રીય વ્યાખ્યાઓ તેઓના જીવનમાં ઘટે છે. આયંબિલમાં પણ ઓછું ખાવું, નિરસ ખાવું, ઓછી ચીજો ખાવી... આયંબિલના રસોનો પણ ત્યાગ કરવો... ટાઢ અને તડકા સહવા અને એક

આસને કલાકો સુધી બેસવું... આ બધું જ એમના જીવનમાં ડોકિયું કરતાં દેખાઈ આવશે. સ્વાધ્યાયની ધૂન ગજબ ! પ્રતિક્રમણમાં તેઓશ્રીનું ધ્યાન કેવું અપૂર્વ હોય છે ! આલોચના-પ્રાયશ્ચિત્તમાં જાગ્રતિ... કાયોત્સર્ગ અને વૈયાવચ્ચ... વિનય અને નમ્રતા... આ બધાનો તેઓશ્રીએ સમન્વય સાધ્યો છે... કેવી રીતે સમન્વય સાધ્યો છે એ રહસ્ય છે !

તેઓશ્રીએ ૧૦૦ ઓળી પૂર્ણ કરી છે... તે માત્ર ઓળી જ નહીં... આ મહાન તપશ્ચર્યાની સાથે સાથે તેઓશ્રીએ સેંકડો જીવોને પ્રતિબોધ કરીને સાધુ-સાધ્વી બનાવ્યાં છે. અનેક શાસ્ત્રો-ગ્રંથોનું અધ્યયન-અધ્યાપન અને ચિંતન કર્યું છે. ૨૦-૨૦ વર્ષથી 'દિવ્યદર્શન' સાપ્તાહિક દ્વારા તેઓ શાસ્ત્રો પરનું મૌલિક ચિંતન પ્રસારી રહ્યા છે. સંઘ અને શાસનના અનેક પ્રશ્નોમાં તેઓશ્રીએ જહેમત ઉઠાવી છે.

મહાવ્રતોનું નિર્મળપાલન, ઉગ્રવિહાર, નિર્દોષ ભિક્ષાવૃત્તિ, સાદાઈ અને શુદ્ધ જીવનવ્યહાર... આ બધું તેઓશ્રીનો જીવનવૈભવ છે. અગાધ વિદ્વત્તા અને ન્યાયનિપુણતા તેઓશ્રીનો જ્ઞાનવૈભવ છે.

આયંબિલનો તપ તેઓશ્રીને સહજ બની ગયો છે. મહિનાઓના મહિનાઓ સુધી સતત આયંબિલ કરવા છતાં તેઓશ્રીને પારણા માટે ઉતાવળ નહીં ! પારણામાં પણ ખૂબ જાગ્રતિ અને રસનેન્દ્રિય પર વિજય મેળવવાનું લક્ષ ! તેઓશ્રી સાચા જિતેન્દ્રિય બન્યા છે.

સો ઓળીની પૂર્ણતાના આ પુનીત પ્રસંગે આ મારી વિનમ્ર શ્રદ્ધાંજલિ છે... તેઓશ્રીના ઉપકારો, ગુણો અને શક્તિઓની સ્મૃતિપૂર્વકની અનુમોદના છે. તેઓશ્રીનો આ તપ-ગુણ અનેક જીવોને પ્રાપ્ત થાઓ... મને પણ પ્રાપ્ત થાઓ એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું.

## ૮. ધન્ય ! મહાતપસ્વી !

**(લે.- પૂ. મુનિરાજશ્રી જિનપ્રભવિજયજી મ.સા.)**

જીવની ચાર ગતિમાં મનુષ્યગતિને શ્રેષ્ઠ ગણવામાં આવી છે. જો કે દેવગતિમાં સુખ સાહ્યબીની કમીના નથી, પરંતુ મોક્ષ સુખની પ્રાપ્તિ માટે મનુષ્ય ગતિ સિવાય બીજું કોઈ ઉત્તમ સાધન નથી.



માનવજીવનનું ચણતર ધર્મના દૃઢ પાયા પર જ નિર્ભર છે. માનવ-જીવનનું તે જ ધર્માચરણ છે. દાન-શીલ-તપ અને ભાવ એ ચાર ધર્મના સ્તંભો છે.

શ્રીમંત અથવા સાધન સંપન્ન હોય તે જ દાનધર્મનું આચરણ કરી શકે છે. વિશુદ્ધ શીલનું પાલન કરવા માટે મનોબળ જોઈએ. પરંતુ સામાન્ય માનવી પણ ભાવના શીલતાથી શરીરની શક્તિ પ્રમાણે તપધર્મનું સેવન કરી શકે છે.

"જે ક્રિયા વડે શરીરના રસ રૂધિર વગેરે સાતે ધાતુને તથા કર્મસમૂહ શોષાઈ જાય તેને તપ કહેવામાં આવે છે."

તપથી ચંચળ ચિત્ત કાબૂમાં આવે છે. ઇંદ્રિયો રૂપી ચપળ ઘોડાઓ પણ શાંત થઈ જાય છે. તપથી વિદ્યાશક્તિઓ અને લબ્ધિઓ પ્રગટ થાય છે. પરંતુ વિદ્યા અને લબ્ધિઓ મેળવવાનો ઈરાદો રાખવાનો નથી. તપ તો આત્માના અણાહારી સ્વભાવને પ્રગટ કરવા માટે જ કરવાનો છે. એ સૌ કોઈએ ધ્યાનમાં રાખવાનું છે. અનાદિકાળથી જીવને લાગેલી આહારાદિ સંજ્ઞાઓ તપથી તૂટે છે. ખાઉં ખાઉંના કુસંસ્કારો તપથી નાશ પામે છે. જે પુણ્ય પુરુષોની તે જ ભવમાં મુક્તિ નિશ્ચિત છે, તે તારક તીર્થંકરદેવો પણ ચારિત્ર લઈને ઘોર તપ આદરે છે. તપદ્વારા મહાન પુણ્યાનુબંધી પુણ્ય અને કર્મક્ષય થાય છે.

સંવત ૨૦૧૮ની સાલમાં પિંડવાડા મુકામે પરમારાધ્યપાદ પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રીની નિશ્રામાં અધ્યયન નિમિત્તે ચાતુર્માસ કરવાનું થયેલ. પૂજ્યપાદ પંન્યાસજી મહારાજ સાહેબને વર્ધમાન તપની ઓળી ચાલુ જ હતી. તેઓશ્રીનો ઓળીમાં ત્યાગ ગજબ હતો. રોટલી અને દાળ ! બીજું કંઈ ન જોઈએ. ઘણીવાર તો એકલી રોટલી વાપરી જતા અને ઉપર થોડી દાળ પી લેતા. તેમજ આયંબિલના તપ સાથે આખો દિવસ અપ્રમત્ત જીવન તેમાં સાધુઓને વાંચના આપવાની, વ્યાખ્યાન તથા રાત્રે પણ ચંદ્રમાની ચાંદનીમાં લખવાનું કાર્ય ચાલુ. નિંદ્રા બહુ ઓછી.

ધન્ય છે આવા તપસ્વી, વિદ્વદ્વર્ય મહાત્માને, જેઓશ્રીએ ૧૦૦ ઓળી વર્ધમાન તપની પૂર્ણ કરી છે.

## ૯. આરાધનાના ઉત્તુંગ શિખરે

### (લે.- પૂ. મુનિરાજશ્રી મુનિચન્દ્રવિજયજી મ.)

જેમના જીવનની પ્રત્યેક ક્ષણ પુરુષાર્થનું મહિમાગાન સુણાવી રહેલ છે. જે વિભૂતિના જીવનોદ્યાનમાંથી વિવિધરંગી ગુણકુસુમો નિરંતર સૌરભ પ્રસારી રહેલ છે. તે પરમ પૂજ્ય તપોમૂર્તિ ગુરુદેવ પંન્યાસ શ્રીમદ્ ભાનુવિજયજી ગણિવરનું નામ આજે વિમલ ખ્યાતિને વરેલું છે, જે યોગ્ય જ છે.

આજે તેઓશ્રીએ વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ ઓળીનું ઉત્તુંગ શિખર સર કર્યું છે. અને તે ય અનેક ભવ્ય શિખરોના આરોહણ સમેત.

એ મહામના ગુરુપુંગવે પુરુષાર્થનું પણ લઈને 'કરેંગે યા મરેંગે'ની પ્રાણવાન ઘોષણા સાથે કૂચકદમ આરંભી ધ્યેયસિદ્ધિના સમુજ્જવલ શિખરે વિજયધ્વજ લહેરાવી દીધો છે ! ખરેખર ! આજનો દિવસ આપણા માટે આનંદ અને પ્રેરણાનું પિયુષ લઈને આવ્યો છે.

ચાલો, આજના મંગળ પ્રભાતે આપણે સહુ એ ઉપકારી ગુરુદેવના ચરણયુગલમાં આનંદાશ્રુની અંજલિ ધરીએ ! પ્રકાશની રશ્મિઓથી વિશ્વને અજવાળતા એ વિશ્વભાનુના જીવનની ઈષત્ ઝાંખી મેળવીએ !

હા, ખરું પૂછો તો આપણા જેવા વહેંતીયાનું ગજું ય ક્યાં છે એમની વિરાટતાને માપવાનું ? છતાં '**शुभं यथाशक्ति यतनीयम्**' એ ન્યાયે આજે આપણે તેઓશ્રીની શુભ અને સુંદર કાર્યપરંપરાનું યથાશક્તિ પણ સ્મરણ કરવું એ આપણું કર્તવ્ય છે અરે, એક જીવન-લહાવો છે !

તો આવો, આપણે તેઓશ્રીના જીવન-પ્રાસાદના વિવિધ ખંડોની યાત્રા આરંભીએ. વિસ્મૃતિના પંડોને ભેદીને એમના દિવ્ય જીવન-ખંડોમાં આજે ડોકીયું કરીએ, જ્યાં યત્ર-તત્ર-સર્વત્ર સદ્ગુણોની ધૂપસુગંધ ફેલાયેલી છે.

જુઓ ત્યારે એમના જીવન-પ્રાસાદનો આ એક સુંદર ખંડ ! ત્યાં દૂર પેલા એક મુનિવર દેખાય છે ને ? જેમણે પોતાની તપથી કૃશ બનેલી કાયા પર સાદાં શ્વેત વસ્ત્રો ધારણ કર્યા છે ! કાયાની માયાને સાપની કાંચળી જેમ જેમણે ત્યજી છે ! એ જ આપણા તપોમૂર્તિ ગુરુવર ! જુઓ અત્યારે તેઓ આયંબિલ કરવા બેઠા છે. એમની આસપાસ શિષ્યગણ ગોચરી કરી રહેલ છે. પણ આશ્ચર્ય તો જુઓ, હજી દશ મિનિટ પણ નથી થઈ અને તેમનું આયંબિલ પૂરું થઈ



ગયું ! અને તે ય શેનાથી ? દાલ ઔર રોટી દૂસરી બાત ખોટી.' આવી રીતે ઓળી ઉપર ઓળી કરતા ગયા, અનેક જવાબદારીઓના વહન સાથે.

મને વર્ષો સુધી તેમની શીતલ છાયાનો યોગ સાંપડ્યો છે. એમાં મેં તેઓશ્રીના સમૃદ્ધ જીવનખંડોનું પ્રત્યક્ષ દર્શન કર્યું છે. જેમાંના કેટલાકની સ્મૃતિયાત્રા તમને અહીં કરાવું.

જુઓ, ત્યાં અંદરના ખંડમાં સુજ્ઞ મુનિવરોનું વૃન્દ જામેલું છે, તેમને ગુરુદેવ ન્યાયશાસ્ત્રના ગહન ગ્રંથોને કેવી ખૂબીથી અને રસમય પદ્ધતિથી સમજાવી રહેલ છે ! જાણે માતા પોતાના શિશુને પ્રેમથી અનાજનો કોળીઓ ચોળી ચોળીને ગળે ઉતારાવી રહેલ છે ! કોઈકને તેઓ સંસ્કૃતભાષા શીખવે છે તો કોઈકને આગમગ્રંથો ! કોઈકને વૈરાગ્યગ્રંથની વાચના તો કોઈકને ષડ્દર્શનનું તત્ત્વજ્ઞાન ! કેવો સુંદર જ્ઞાનયજ્ઞ માંડ્યો છે ! અને આટલો શ્રમ છતાં થાક કે કંટાળાનું નામ નથી !

જુઓ અહીંથી ઉઠીને હવે ચાલ્યા વ્યાખ્યાનપીઠ ઉપર ! લોકોની હેકડેઠઠ જામી છે, સર્વજનોના હિતાર્થે હવે પ્રવચન આપી રહેલ છે. વિશાળ લલાટ કેવું ઝગારા મારે છે ! શ્રોતા-ગણ પણ કેવો તન્મય બની એ પિયુષપાનમાં લીન બનેલ છે ! કેવી જ્ઞાનની પરબ મંડાણી છે ! એ આપતાં થાકતા નથી ને વિવિધ તાપથી તપ્ત સંસારના મુસાફરો એ અમૃતવાણીનું આચમન કરતાં ધરાતા નથી ! અદ્ભુત છે આ પીણું ! જેમાં તૃપ્તિ પણ છે અને પ્યાસ પણ !

અને જાણો છો ભાઈ ! આ કર્મઠ યોગી વિહારમાં ગામડાંઓમાં કેવો શ્રમ લે છે તે ? અરે, એક દિ'માં ત્રણ ત્રણ વ્યાખ્યાનો ! પરાર્થ ખાતર શ્રમ તરફ જોતા નથી ! '**देहदुःखं महाफलम्**' એ એમનું જીવનસૂત્ર છે.

પુરુષાર્થપ્રચુર છે જીવન એમનું ! તપ સાથે આટઆટલી પ્રવૃત્તિઓની વચ્ચે પણ જ્યાં સમય મળે કે લેખનકાર્ય ચાલુ જ હોય ! અને તે ય જાણે હજી ઓછી કમાણી હોય તેમ એમને લાગ્યા કરે છે. જુઓ પેલી ગેલેરી ! બધા નિદ્રાધીન છતાં તેઓ જાગે છે, અને રાતની શુભ્રચાંદનીમાં લીટીના ઈશારે કલમ દોડાવ્યે જાય છે ! માનવજીવનની લાખેણી ક્ષણોને સત્કાર્યોથી ભરી દેવાનું જાણે વ્રત લીધું છે ! પ્રમાદ એમની પાસે આવતાં જ ભોંઠો પડી જાય છે !

આવા અનેક જીવન ખંડો તેમના વટાવતા ચાલ્યા જાવ અને તમને તેમની અનેક વિભૂતિઓ દૃષ્ટિગોચર થશે !

અને આટલું છતાં તેમની નિરાભિમાનિતા તો જુઓ ! એમને કહીએ કે ‘આપ તો ગજબ સાધના કરો છો ! ત્યારે કહેશે કે ‘ભાઈ, હું તે શું કરી શકું ? આ તો બધો આરાધ્યપાદ ગુરુભગવંતની આશિષનો પ્રતાપ છે !’ અને એમણે સ્વ. પ.પૂ. ગુરુદેવ શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મહારાજાની અમોઘ કૃપા અને આશીર્વાદ કેવા મેળવ્યા હતા તે સર્વવિદિત છે. વર્ષો સુધી તેમણે તેઓશ્રીજીના ચરણની ઉપાસના કરી અને તે ફળી ! કલ્પદ્રુમ ફળે પછી બાકી શું રહે ?

આજે પણ જિનશાસનની ભાવિ પેઢીરૂપ યુવાનવર્ગને તેઓ ગ્રીષ્મકાળ-શિક્ષાયતનની યોજના દ્વારા જૈન તત્ત્વજ્ઞાનનું અને ધ્યાન વૈરાગ્યાદિનું અમીપાન કરાવી રહ્યા છે ! અનેક સ્થળે આ શિક્ષાયતનો યોજાય છે અને કંઈ કેટલાયે યુવકો અદ્ભુત માર્ગદર્શન પામે છે અને જીવનપરિવર્તન કરી જાય છે.

એમની જીવનસિદ્ધિઓ, ગુણો અને ઉપકારો પૂર્ણતયા આલેખવાની તાકાત તો આ લેખિનીમાં ક્યાંથી હોય ? છતાં એ મઘમઘતા ગુણોદ્યાનમાંથી જે બે ફૂલ ચૂંટાય તે ચૂંટીને એની સુરભિથી અંતરને સુવાસિત કરવું રહ્યું ! અને તેમ કરીને યત્કિંચિત્ આનંદપ્રાપ્તિનો સંતોષ માનવો રહ્યો !

આપણે ઈચ્છીએ કે તેઓશ્રી દીર્ઘાયુષી બને અને સદા સર્વત્ર સર્વ કલ્યાણની મંગલ વીણાના દિવ્ય સૂરો રેલાવતા રહે !!

અનંત વંદન એ તપોમૂર્તિને !!

## ૧૦. ગુણનિધિ ગુરુદેવ

### (લે.- પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ.)

જૈનશાસનમાં શ્રી વર્ધમાન તપ ૫૧૫૦ દિવસનો છે. જેમાં ૫૦૫૦ આયંબિલ અને ૧૦૦ ઉપવાસ થાય છે.

આવા પૂજ્યપાદ અસીમ ઉપકારી ગુરુદેવશ્રીના ભવ્ય મહાન તપની પૂર્ણાહૂતિ પ્રસંગે જૈન શાસનની પ્રભાવના સાથે અનેક આત્માઓ શ્રી વર્ધમાન તપનો પાયો નાંખીને અને પાયાવાળા આગળ વધવામાં જરૂર પ્રેરણા પામશે.

પરમોપકારી હિતવત્સલ ગુરુ ભગવંત પં. શ્રી ભાનુવિજયજી ગણિવર જૈન શાસનના ગુપ્ત મહાતપસ્વી જ્ઞાની રત્ન છે. ૩૬ વર્ષના ચારિત્ર પર્યાયમાં વર્ધમાન તપ પાછળ ભવ્ય પુરુષાર્થ કરતાં વિ.સં. ૨૦૨૬ આસો સુદ ૧૫ ના



૧૦૦ મી પૂર્ણાહુતિ કરતા કુલે ૫૧૫૦ દિવસનો તપ થશે. તેની ભૂરિ અનુમોદન કરવા સાથે પ્રમોદભાવ ઉછળે છે.

શ્રી વર્ધમાન તપના સતત અભ્યાસથી એઓશ્રીની જે આત્મશક્તિઓ વિકસી છે તેનો લાભ નાના મોટા સર્વેને તેમના પ્રેરણામય જ્ઞાનોપદેશ-વાચના-વિવેચન ગ્રંથો પત્ર દ્વારા મળી રહ્યો છે. સંયમ અને તપોમય આત્માના ઊંડાણથી નીકળતા શબ્દોએ અનેકોને મોહનિદ્રામાંથી જાગૃત કર્યા છે અને કરતા જાય છે, તે તેમના તપ ચારિત્રનો અજબ પ્રભાવ છે.

ટૂંકમાં અનેક ગુણોના નિધિ છે. તેઓશ્રીની આશ્રિતો પ્રત્યે સુંદર લાગણી-પરોપકારવૃત્તિ-ગુરુ આજ્ઞાધીનતા-દીર્ઘ ગુરુકુલવાસ સંવેગ વૈરાગ્યોત્પાદક પ્રખર વ્યાખ્યાન શક્તિ પદાર્થો-તત્ત્વોને સમજાવવાની તર્કશક્તિ ટુંકી સરલ ચિત્રમય રીતે શીખવવાની અદ્ભુત કલા-આવશ્યક ક્રિયામાં ભાવોત્પાદક ચિત્ર ખડું કરવાની કલ્પના શક્તિ વગેરે અનેક શક્તિઓ તેઓશ્રીમાં પ્રત્યક્ષ જોવા મળે છે. મિનિટ મિનિટ કામ વગરની ન જાય તેવી ચોંટ સાથે અનેકોને અંતર્મુખ બનવાની વારંવાર હિત શિક્ષા-માર્ગદર્શન આપી શિવપુર માર્ગમાં સ્વની ખંત ભરી પ્રગતિ સાથે અનેકોની પ્રગતિ કરાવનારા...

તપોધન ગુરુદેવને કોટીશઃ વંદનાઃ

## ૧૧. વિરલ વ્યક્તિત્વ !

### (લે.- પૂ. મુનિરાજશ્રી રાજશેખરવિજયજી મ.)

અનેક ગુણોના યોગે આ મહાપુરુષ જૈન સમાજમાં સુપ્રસિદ્ધ બની ગયા છે. વર્ષો સુધી એ મહાપુરુષની સાથે રહીને એમના જીવનમાં એવા અનેક ગુણો સાક્ષાત જોયેલા છે, કે જે ગુણો વિરલ વ્યક્તિઓમાં જ જોવા મળે. સગી આંખે જોયેલા વાસ્તવિક કોટીના એ સઘળા ગુણોનું યથાર્થ વર્ણન કરવું એ મારા જેવા માટે અશક્ય છે પણ એ ગુણો મારામાં પ્રગટે એ ભાવનાથી તેમનામાં રહેલા ગુરુભક્તિ આદિ ગુણોના દિગ્દર્શન માટે મન લલચાય છે.

**ગુરુભક્તિ :** પ્રવ્રજ્યાના પ્રારંભથી જ તેઓ ગુરુદેવના અદના સેવક બનીને રહ્યા છે. દીક્ષા લીધા પછી થોડા જ કાળમાં તેમને પુણ્યના યોગે શિષ્યસંપત્તિના યોગ થવા સાથે પ્રભાવક પ્રવચન-શક્તિની પ્રાપ્તિ થવા છતાં તેઓ ગુરુદેવશ્રી (સ્વ. સિદ્ધાંત મહોદધિ પ.પૂ. આચાર્યશ્રી પ્રેમસૂરીશ્વરજી

મહારાજા)ની સાથે રહેતા હતા.

માત્ર કાયાથી જ સાથે રહેતા હતા એવું ન હતું, કિન્તુ દીલથી પણ સાથે રહેતા હતા. એમના હૃદયમાં ગુરુભક્તિ અને ગુરુબહુમાન અસાધારણ કોટીના હતા. "**गुरुभक्ति बहुमानत एव चारित्रे श्रद्धा स्थैर्यं च जायते**" ગુરુ પ્રત્યે ભક્તિ અને બહુમાનથી જ ચારિત્રમાં શ્રદ્ધા અને સ્થિરતા થાય છે. એ ભાવ એમના હૃદયમાં તાણાવાણાની જેમ વણાઈ ગયો છે.

ગુરુની બાહ્ય સેવામાં વિનય વૈયાવચ્ચ સમાવેશ થાય છે. "મારા પરમ ઉપકારી છે." એવા ખ્યાલપૂર્વક હૃદયનો શુભ-ભાવ એ બહુમાન છે. ગુરુભક્તિ અને બહુમાનની સરળતા ગુરુ-આજ્ઞાના પાલનમાં છે. આથી જ એ મહાપુરુષે ગુરુઆજ્ઞાને પોતાના હૃદયમાં ઓતપ્રોત બનાવી દીધી હતી. પોતાને અનેક મુશ્કેલીઓ ભલે ઊભી થાય પોતાની અનેક ઇચ્છાઓ ભલે કચડાઈ જાય પણ ગુરુ આજ્ઞા ખંડિત ન થાય તેની પૂરતી કાળજી રાખતા હતા.

**સ્વાધ્યાય :** એમના જીવનમાં સ્વાધ્યાયની લગની પણ ગજબ છે ! દિવસે તો વાચના, ધર્મોપદેશ, અનુપ્રેક્ષા આદિ સ્વાધ્યાય હોય કિન્તુ રાત્રે પણ મોડી રાત સુધી સ્વાધ્યાય ચાલુ હોય. રાત્રે પણ ક્યાં સુધી ? સાંજના પ્રતિક્રમણ કર્યા પછી ચંદ્રના પ્રકાશમાં લખતા રહે છે. ચંદ્રનો પ્રકાશ પાછલી રાતે જ આવવાનો હોય ત્યારે આગલી રાતના થોડી નિંદ્રા લઈને પાછલી રાતે ઉઠી જાય અને સવારના પ્રતિક્રમણના સમય સુધી સતત લખ્યા કરે છે. જ્યારે ચંદ્રનો પ્રકાશ પાછલી રાતે જ આવવાનો હોય ત્યારે આગલી રાતના થોડી નિંદ્રા લઈને પાછલી રાતે ઉઠી જાય અને સવારના પ્રતિક્રમણના સમય સુધી સતત લખ્યા કરે છે. પૂર્ણિમાએ તો ચંદ્રનો પ્રકાશ આખી રાત રહેવાથી લગભગ (પ્રાયઃ એક બે કલાક જ નિંદ્રા કરે !) આખી રાત લખવાનું ચાલુ હોય, **આથી તેમને રાતના રાજા કહીએ તો તેમાં જરાય અતિશયોક્તિ નથી.**

**વિદ્વત્તા :** એ મહાપુરુષમાં તીવ્ર જ્ઞાનશક્તિ તો હતી જ અને સાથે સાથે જ્ઞાન મેળવવાની મહેનત પણ જોરદાર ચાલુ થઈ, એટલે દિન પ્રતિદિન જ્ઞાનમાં વૃદ્ધિ થવા લાગી. એનું પરિણામ આજે અનેક જીવો પ્રત્યક્ષ જોઈ રહ્યા છે. અસાધારણ આકર્ષક પ્રવચનો, લલીત વિસ્તરા જેવા કઠિન ગ્રંથોનું સરળ ગુજરાતી ભાષામાં અનુવાદન-વિવેચન વગેરે દ્વારા તેઓ આજે ભવ્ય જીવોમાં ધર્મપ્રત્યે અનેરું આકર્ષણ પેદા કરી રહ્યા છે. અમદાવાદથી પ્રગટ થતાં



"**દિવ્યદર્શન**" નામના સાપ્તાહિક પત્રમાં તેઓશ્રીના વૈરાગ્યરસથી ભરપુર તાત્વિક પ્રવચનોનું અવતરણ આપવામાં આવે છે. આ પત્રથી અનેક ભવ્ય જીવોમાં ધર્મશ્રદ્ધા અને ત્યાગ-વૈરાગ્યની જ્યોત પ્રગટે છે અને પ્રગટેલી એ જ્યોત પ્રદિપ્ત બને છે. યુવાનો ધર્મ પ્રત્યે આકર્ષાય જૈન ધર્મના રહસ્યો સમજે એ માટે જૈન ધાર્મિક શિક્ષાયતનના ઉપદેશનો પ્રારંભ કરવાનો યશ પણ આ મહાપુરુષને મળ્યો છે.

**અધ્યાપન :** તેઓ જૈનશાસ્ત્રોના બોધની સાથે ષડ્દર્શન આદિ જૈનેતર શાસ્ત્રોનો પણ સારો બોધ ધરાવે છે. માત્ર પોતે બોધ ધરાવે છે એવું નથી, કિન્તુ અન્ય-જીવોને તેનો સરળ રીતે બોધ કરાવવાની કુશળતા પણ ધરાવે છે.

પુના વગેરે સ્થળે તેઓ એકી સાથે ૨૦-૨૫ સાધુઓને ન્યાયના કઠીન ગ્રંથોને સરળ ભાષામાં સમજાવતા હતા ત્યારે જોનારા અનેક ગૃહસ્થોની દીલમાં શાસન પ્રત્યે એ સુસાધુઓ પ્રત્યે અનેરું આકર્ષણ ઉત્પન્ન થતું હતું.

તપ એ મહાપુરુષના જીવનમાં સ્વાધ્યાય આદિ અભ્યંતર તપની સાથે આયંબિલ આદિ બાહ્ય સાધના પણ ગજબની છે. એના પ્રતાપે જ તેઓએ આજે વર્ધમાન તપની ૧૦૦ ઓળી પૂર્ણ કરી છે. અભ્યંતર તપની સાથે બાહ્ય તપની સાધના એ સોનામાં સુગંધ સમાન છે. એ સિદ્ધાંતને તેઓ વળગી રહ્યા છે, આ ઉપરથી સ્વાદ ઉપર કેટલો કાબૂ છે તે પણ જોઈ શકાય છે. આથી લગભગ ૧૫-૨૦ મિનિટ જેટલા અલ્પ ટાઈમમાં આયંબિલ પતાવી દે છે ! આયંબિલમાં પણ દોષિત આહાર ન આવે તેની પૂરતી કાળજી રાખે છે આમ ખૂબ દૃઢતાથી નિર્દોષ આહાર માટે પૂરતી તકેદારી રાખે છે.

**સાદાઈ** તેમના જીવનમાં સાદાઈ પણ ઘણી છે, પ્રવચન દ્વારા અનેક જીવોને પ્રભાવિત કરવાની શક્તિ, સુવિશાળ શિષ્ય સમુદાય આદિનું વિશિષ્ટ પુણ્ય હોવા છતાં તેઓ તદ્દન સાદાઈમાં રહે છે. કપડાં સાદા, સંયમના ઉપકરણો સાદાં ! ૧૫ દિવસ પહેલા વસ્ત્રોનો કાપ કાઢવો નહિ વગેરે અનેક રીતે તેમના જીવનમાં સાદાઈ જોવા મળે છે.

## ૧૨. સત્કાર

**(લે.- ડૉ. યુ.પી. દેઢિયા (M.B.B.S.))**

**અંજાર (કચ્છ)**

મહામૂલા આ દેવદુર્લભ માનવજીવનને સફળ કરવા માટે અનંતજ્ઞાનીઓએ મોક્ષપ્રાપ્તિના હેતુને ધ્યેયને સતત્ લક્ષમાં રાખી સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપધર્મની સાધનાનો ભવ્ય શ્રેયો માર્ગ દર્શાવેલ છે. ચારિત્રધર્મથી ઉપાદેયરૂપ તત્ત્વો સંવર અને નિર્જરા સુલભ બની જાય છે. નિર્જરાતત્ત્વમાં મુખ્યત્વે છ બાહ્ય-છ અભ્યંતર તપનું જ મહત્ત્વ છે. અનેકવાર તપ અંગેની વાત સાંભળવાથી કે વિચારવાથી તપની મહત્તા જે સમજાય તેથી અધિક શીઘ્ર તપસ્વી મહાપુરુષોના સાક્ષાત્ દર્શન-વંદનથી સમજાય છે; ત્યારે આત્માની અલૌકિક શક્તિ ઉપર વિશ્વાસ દઢ થયા વિના રહેતો નથી. અને આત્મા વીર્ય ફોરવે-તપનો અભ્યાસ સતત કરતો રહે તો શું આશ્ચર્ય ઉપજતું નથી ?

આવાં જ એક શ્રી વર્ધમાન તપ ૧૦૦ ઓળીના ભવ્યતપસ્વી-જ્ઞાનીસંયમી પુરુષ પૂજ્ય પંન્યાસ પ્રવર ભાનુવિજયજી ગણિવર હાલે કલકત્તા મુકામે બિરાજમાન છે. જેમણે જેમણે તેઓશ્રીના દર્શન-વંદનાદિ દ્વારા પરિચય સાધ્યો હશે તેમને તપના પ્રભાવથી પ્રગટેલી અનેક તારકશક્તિઓનો પરિચય થયો હશે જ. તેઓશ્રીનો જ્ઞાનપ્રકાશ-સમજાવવાની બોધક-રોચક-પ્રેરક-સંવેગવૈરાગ્યોત્પાદક શૈલી-લેખનશક્તિ તથા સતત કાર્યશીલ રહેવાની વૃત્તિ અદ્ભુત છે. પ્રમાદ જ્યારે આપણો શત્રુ છે જ્યારે તેઓ પ્રમાદના શત્રુ બન્યા છે.

વર્તમાનકાળે અભક્ષ્યાદિ ખાનપાનમાં દુનિયા રાચી માચી રહી છે. તેમાં સદ્બુદ્ધિએ અનેક આત્માઓ ૧૪ા વર્ષ ૨૦ દિવસે પૂરા થનારા શ્રી વર્ધમાનતપમાં અનેક આત્માઓ આગળ વધી રહ્યા છે. અને વર્ષે વર્ષે આપણને આવા તપની પૂર્ણતાના ભવ્ય પ્રેરણાદાયી આદર્શ આલંબનો મળે છે. ત્યારે અનેક આત્માઓ પ્રોત્સાહિત બનીને પોતાના આત્માને નાનપણથી જ આ તપમાં જોડે છે. અને ઉત્તરોત્તર વધતાં ૧૦૦ ઓળી સુધી પહોંચી જાય છે, તેમાં આવા આલંબનનો મહા પ્રભાવ છે.



જૈન શાસનનો પ્રભાવ અચિંત્ય છે. એક એક યોગમાર્ગ મોક્ષે પહોંચાડનારો છે. જેમ અગ્નિ વડે કાષ્ટની રાખ થઈ જતા વાર લાગતી નથી તેમ સમ્યક્ તપ ધર્મ વડે અસંખ્ય વર્ષોની સ્થિતિવાળા કર્મોની નિર્જરા થયા વિના રહેતી નથી. તપ સર્વ પાપોનો નાશ કરે છે. કર્મને પરવશ જીવ અજ્ઞાનતાથી-મોહથી જીવ અતિ મોટા પાપ કરે છે, પરંતુ જ્યારે તેને આપ્તપુરુષોની વાણી સંયમી-ત્યાગી-તપસ્વી પુરુષો દ્વારા જાણવા સાંભળવા મળે છે ત્યારે નિજનું ભાન થાય છે. ત્યારે આત્મા મોક્ષમાર્ગનો પુરુષાર્થી બની કાયા પાસેથી સારભૂત તપની આચરણા કરી થઈ ગયેલા દુષ્કૃત્યોની નિંદા-ગર્હા-પ્રાયશ્ચિત્તાદિથી શુદ્ધિ કરી સમતા-સમાધિ કેળવી મોક્ષ ફલને સંપાદન કરી લે છે.

તપ તપતાં મહા અણગાર પંન્યાસજી મહારાજશ્રીની ગ્રીષ્મ ઋતુના શિક્ષાયતનોમાં પ્રાયઃ ૯૩ થી ૯૯ સુધીની મોટી ઓળીની અનુમોદનામાં અનેક વિદ્યાર્થીઓએ વિવિધ વ્રત-નિયમોનો લાભ ઊઠાવ્યો હતો અને તેમના મુખેથી જિનશાસનના તત્ત્વોને સમજતાં અનેકોને સાચી જીવનની દૃષ્ટિ સાંપડી છે. તેઓશ્રી તપસ્વી દેહે ઉપકારની વર્ષા કરતા જ રહ્યા છે. તેઓશ્રીની ભાવિ બાળકો પ્રત્યે કૃપાદૃષ્ટિ કામ કરી રહી છે. આજનો કાળ ! આજનું શિક્ષણ ! આજના સંશોધનો ! ભૌકિતક ભોગ વિલાસની તરફ જ્યારે ચોતરફ દોરવણી અને એવા નિમિત્તોનો ઢગલો વધી રહ્યો છે ત્યારે પૂ.પંન્યાસજી મહારાજશ્રીનો આ ઉપકાર ભાવી અનેક અપકારમાંથી જીવોને બચાવી લેનારો છે. તેઓશ્રીના ૧૮ વર્ષથી 'દિવ્યદર્શન' સાપ્તાહિકમાં નવા-નવા પ્રેરક-પ્રવચનો પ્રગટતાં રહે છે. તેણે પણ ભાવુક આત્માઓને ખૂબ ખૂબ જાગૃતિ આપી છે. જેઓ વાંચે અને વિચારે છે તેઓનો આત્મભાવ નિર્મળ થાય છે. આ માનવભવે કરવાનું શું છે ? અને આપણે શું કરી રહ્યા છીએ ? વિષયો-કષાયોથી બચવા માટે આ પ્રેરક મનનીય પ્રવચનો અને તેમના વિવેચન ભરેલા ગ્રંથો પરમતેજ-ઉચ્ચપ્રકાશના પંથે વગેરે ખાસ પરિશીલન કરવા ભલામણ છે. મને અદ્ભુત લાભ થયો છે; જે અવર્ણનીય છે, તેઓશ્રી પ્રત્યે અનહદ બહુમાન પ્રગટ્યું છે.

## ૧૩. ગુરુસ્તુતિ : અષ્ટક

### (લે.- પૂ. મુનિરાજશ્રી પુણ્યપાલવિજયજી મ.)

(રાગ : મન્દાક્રાન્તા)

પ્રેમોદ્યાને પરિમલ થકી મ્હેંકતું ભાનુ-પદ્મ,
અંતેવાસી યતિ-પતિ-તતિ રાજહંસોનું સદ્મ.
મુક્તિવાંછુ ભવિ-ભ્રમરથી ગુંજતું જેહ પદ્મ,
ક્ષોણિમાંહિ વિકસિત સદા શોભતું ભાનુ-પદ્મ. ૧

જેણે તોડ્યા લઘુવયમહિ બંધનો વિશ્વ કેરાં,
ભૂંડુ માની સુખ જગતણું ટાળવા યોનિ ફેરા,
સિદ્ધાન્તાબ્ધિ-સૂરીશવરના જે બન્યા 'ભાનુ' નામે,
અંતેવાસી વિજય વરવા કર્મનો મુક્તિ કામે. ૨

સમ્યક્રત્નત્રિતય-વરવા જે બન્યા બદ્ધકક્ષ,
સ્વાધ્યાયાદિ વિપુલ-દવથી બાળીયો કામકક્ષ,
પંચાક્ષોના વિષયવિષથી જે રહે દૂર દૂર,
તેથી જેના જીવનવનમાં ખીલતું ભવ્યનૂર. ૩

જેની વાણીથકી ભવિકના પાપ-સંતાપ નાશે,
આત્મા કેરા અઘગલનથી આત્મઆરોગ્યવાસે,
સંદેહો જે યુવકગણના યુક્તિઓથી વિનાશે,
ભીત્તિ તોડી સુખરતિતણી આણતા ધર્મપાસે. ૪

પ્રવ્રજ્યાના પુનિતપથને ચિંધી આ વિશ્વમાંહિ,
તાર્યાહસ્તે ગ્રહી ભવિકને કેઈ આ વિશ્વમાંહિ,
અંતેવાસી ગણ જસતણો દીપતો વિશ્વમાંહિ,
ભવ્યોને જે હિતભણી સદા ખેંચતો વિશ્વમાંહિ. ૫

જૈનેન્દ્રોના ગુણસ્તવનથી જાસ જિહ્વા પવિત્ર,
ભક્તિકેરા સુણી પ્રભુગીતો ડોલતા ભવ્યચિત્ત,
સિદ્ધાન્તાબ્ધિ મથન કરવા જેહનું બદ્ધચિત્ત,
વૈરાગ્યાબ્ધિ-વીચિ-લહરીથી ઓપતું જાસ ચિત્ત. ૬



વાત્સલ્યાબ્ધિ સૂરિ-પ્રવર-શ્રી પ્રેમનાં જે વિનેય,
શ્રીયુક્ભાનુવિજયઃ વિબુધવ્રાતધોરી અજેય,
આચામ્લોની શતતમ અહા ! ઓળીથી ઘાતી ડામે,
રાજે ગાજે વીર-વિભુતણા શાસને ઠામઠામે. ૭

મિથ્યાત્વાદિ વડસુભટથી હે ગુરુદેવ ! રક્ષો,
સંસારાબ્ધિથકી કર ગ્રહી શાશ્વાનંદ બક્ષો,
પુણ્યાંભોધિપ્રગુરુવરના પત્કજે પ્રેમબાળ,
વંદે પ્રેમે ભવવિરહની આશથી પુણ્યપાળ. ૮

## ૧૪. શ્રી વર્ધમાન તપ-વિધિ

**કર્મ ખપાવે ચીકણાં, ભાવ મંગલ તપ જાણ,**
**પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણખાણ.**

**દરેક તપશ્ચર્યામાં કરવાનો સામાન્ય વિધિ :**

| | | | |
|---|---|---|---|
| ૧. | ઉભયટંક પ્રતિક્રમણ | ૧૦. | ૨૦ માળા ગણવી |
| ૨. | ત્રિકાલ દેવવંદન | ૧૧. | સ્વાધ્યાય પાઠ |
| ૩. | વસ્ત્રાદિ પડિલેહણ | ૧૨. | બ્રહ્મચર્ય |
| ૪. | ગુરુવંદના ને પચ્ચ૰ લેવું અને પારવું. | ૧૩. | સાધુ-સાધ્વી મ૰ ની વૈયાવચ્ચ. |
| ૫. | જિનભક્તિ-સ્નાત્ર પૂજાદિ | ૧૪. | તપ પૂર્ણ થયે ઉદ્યાપન |
| ૬. | જ્ઞાનપૂજા | ૧૫. | તપ પારણે સ્વામી ભક્તિ |
| ૭. | સાથિયા, ફલ, નૈવદ્ય સહ | ૧૬. | સમતાપૂર્વક તપ કરવો |
| ૮. | ખમાસમણા... પ્રદક્ષિણા | ૧૭. | સંસારની કોઈ લાલસા ન રાખવી. |
| ૯. | લોગસ્સ....કાઉસ્સગ્ગ | ૧૮. | ક્રિયાઓમાં ઉપયોગ રાખવો. |

### વર્ધમાન તપનું ચૈત્યવંદન

બે કર જોડી પ્રણમીએ, વર્ધમાન તપધર્મ,
ત્રિકરણ શુદ્ધે પાલતાં, ટળે નિકાચિત કર્મ૰ ૧

વર્ધમાન તપ સેવીને, કેઈ પામ્યા ભવપાર,
અંતગડ સૂત્રે વર્ણવ્યા, વંદુ વારંવાર. ૨

અંતરાય પંચક ટલે એ, બાંધે જિનવર ગોત્ર,
નમો નમો તપરત્નને, પ્રગટે આત્મ-જ્યોત. ૩

વર્ધમાન તપ સ્તુતિ : (૪ વાર કહેવી)

વર્ધમાન આંબિલ તપ આદરો, ચોવીશ જિનની પૂજા કરો.
અંતગડ આગમ સૂણો વખાણ, સિદ્ધાઈ દેવી કરે કલ્યાણ.

## ૧૫. આધ્યાત્મિક ચિંતનનો રસથાળ

**શું તમારે આધ્યાત્મિક બળ વધારવું છે ?**

**શું તમારે આત્માનું ઓજસ ખીલવવું છે ?**

**શું તમારે તત્ત્વજ્ઞાનને જીવનસ્પર્શી બનાવવું છે ?**

**શું તમારે જીવન જીવવાની કળા પ્રાપ્ત કરવી છે ?**

તો **"દિવ્યદર્શન"** સાપ્તાહિક વાંચવાનો આગ્રહ રાખો. દિવ્યદર્શન સાપ્તાહિક દર શનિવારે પ્રગટ થાય છે. વર્ષમાં ૪૮ અંકો મળે છે, આજે પણ આ સાપ્તાહિક પત્રની કદર કરનારા ભાગ્યવંતો ગામે ગામમાં પથરાયેલા છે. દિવ્યદર્શન સાપ્તાહિકના વાંચનથી સહુને જીવન લક્ષ્યનો, સ્વકર્તવ્યનો અને જૈનશાસનની બલિહારીનો ખ્યાલ આવશે.

જેમ એક માણસ માત્ર બાહ્ય સંપત્તિથી લાખોપતિ યા કરોડપતિ થાય તેથી શું એ કાયમી અમર શ્રીમંત થયો ? જ્યારે એક મનુષ્ય **"દિવ્યદર્શન"** ના વાંચન વડે તેમાંથી જ્ઞાન અને ધર્મ પ્રેરણાની સંપત્તિ લઈ સાચો અમર કરોડપતિ બને છે.

પરિણામ ? સદ્ગતિની પરંપરા મળે છે. શુભ ભાવો અને સુખ શાંતિમાં ઝીલવનાર **"દિવ્યદર્શન"**થી સંસ્કારરૂપી ધન સંગ્રહીત થયું હોય એ સાચો કરોડપતિ બની ગયો.

### "દિવ્યદર્શન"

આ સાપ્તાહિક આપણે ઘેર બેઠા મેળવવું છે ? તો દરેકને ઘેર બેઠા પૂ.



પંન્યાસ **શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબ**નાં પ્રવચોનું દિવ્યદર્શન સાપ્તાહિકનું આજે જ લવાજમ રૂા. ૭-૫૦ ભરી ગ્રાહક બનો.

**-: લવાજમ ભરવાનાં સ્થળ :**

૧. **કુમારપાળ વિ. શાહ** ૬૮, ગુલાલવાડી, ત્રીજે માળ, મુંબઈ-૪.
૨. **ઈન્ડીયા ટ્રેડીંગ કોર્પોરેશન** ૫૮, નેતાજી સુભાષ રોડ, કલકત્તા-૧.
૩. **બિપીન સી. શાહ** મહાત્મા ગાંધી રોડ, નરસિંહજીની પોળ સામે, વડોદરા.

# શ્રમણ માર્ગ સાધના

## ૧. ગ્રહણશિક્ષા - આસેવનશિક્ષા

**('વિંશતિ-વિંશિકા'ના આધારે)**

**લેખક : પૂ.પં. શ્રી ભાનુવિજયજી ગણિવર્ય**

સાધુજીવન સ્વીકાર્યા પછી દીક્ષિતે ગુરુ પાસેથી બે જાતનું શિક્ષણ યાને શિક્ષા,-ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા-લેવી જ જોઈએ એમ શાસ્ત્રો ફરમાવે છે. શિક્ષણ વિનાના કોઈપણ નવા જીવનની કિંમત નથી, કેમ કે એમાં ન તો તે જીવનને યોગ્ય વર્તવાનું આવડે, કે ન તો તે જીવનના આદર્શ તરફ પહોંચવા મનોમંથન જાગે. સાધુ જીવનમાં જો આવું થાય તો માત્ર વેશ પાસે રહી જાય, પરંતુ સાધુતા યોગ્ય કરણીમાં મોટી ખામી આવે; તેમજ શિક્ષણના અભાવે મન બીજી ત્રીજી વાતો, સાવદ્ય અને પૌદ્ગલિક વિચારોમાં અટવાયું રહે તેથી સાધુ જીવનના ઊંચા આદર્શ તરીકે સમભાવ, નિસ્સંગદશા અને શુદ્ધ આત્મરમણના તરફ પ્રયાણ થાય નહિ. માટે સંયમમાં ઊંચી ભૂમિકાએ નહિ પહોંચેલ અને સંયમભાવને સ્થિર નહિ કરેલ સાધુ-સાધ્વીની આ અનિવાર્ય ફરજ છે કે એમણે ગ્રહણ શિક્ષા અને આસેવનશિક્ષા પ્રાપ્ત કરવામાં સદા કટિબદ્ધ રહી પ્રયત્ન કરવો.

**ગ્રહણશિક્ષા** એટલે સૂત્ર-અર્થનું ગ્રહણ કરવું; સૂત્રજ્ઞાન અને અર્થજ્ઞાન પ્રાપ્ત કરવા માટે ગુરુ પાસેથી શિક્ષણ લેવું તે.

**આસેવનશિક્ષા** એટલે સાધુચર્યા-સાધુને સેવવાના આચાર અનુષ્ઠાનો અંગેનું શિક્ષણ લેવું તે.

**ચક્રવર્તીથી ચઢિયાતાં સુખ :**

આ બંને શિક્ષાનું 'વિંશિકા'માં ઉચ્ચ મહત્ત્વ બતાવતાં કહ્યું છે કે 'જેવી રીતે ચક્રવર્તીપણું પામ્યા પછી ક્ષુદ્ર ક્રિયા કરવાનું મન જ થતું નથી એમ આ બે શિક્ષાનું જીવન પામ્યા પછી ક્ષુદ્ર પ્રવૃત્તિ મનમાં જ ઉઠતી નથી; અને જેમ ચક્રવર્તીપણાનો કાળ અત્યંત સુખમાં જ પસાર થાય છે એમ આ શિક્ષાદિનો જીવનકાળ અનુપમ સુખમાં જ પસાર થઈ જાય છે.' **જ્ઞાનધ્યાન કિરિયા સાધંતા કાઢે પૂરવના કાળ.** વધુ ને વધુ સૂત્રાર્થ પરિવર્તનમાં નવા નવા રસ છૂટે છે, અનુષ્ઠાનમાં સમભાવ વૃદ્ધિગત બને છે. એથી જ ચક્રવર્તીપણા કરતાં આ શિક્ષાદિનું પાલન પ્રધાન છે. કેમ કે ચક્રવર્તીને તો સામ્રાજ્ય ભોગવવામાં ઔદયિક સુખ છે, શાતાવેદનીયાદિ કર્મના ઉદયનું એટલે કે પરાધીન સુખ છે, ત્યારે મુનિને શિક્ષાદિના પાલનમાં વિષયાસક્તિ કષાયોના ઉપશમનું યાને સ્વાધીન-નિરપેક્ષ-નિરવધિ સુખ છે. દેખાવમાં કષ્ટમય છતાં રોગીને કષ્ટમય ચિકિત્સાની જેમ ભવરોગથી મુક્ત થવાની ઈચ્છાવાળા શ્રમણને આ સુખકર જ લાગે છે. એને પોતાના કૃત્યોમાં જે અનહદ આનંદ છે એવો ચક્રવર્તીને નથી.

**શ્રમણસિંહને એકધારો આનંદ :**

ગ્રહણ અને આસેવન શિક્ષાથી જ્ઞાન-ધ્યાન અને આચાર અનુષ્ટાનોમાં જ નિરંતર તત્પર રહેનાર મુનિ શ્રમણસિંહ બને છે. મોટા મોટા કર્મરૂપી હાથીઓનો વિધ્વંસ કરે છે. અને એકધારા આત્મિક આનંદમાં રહે છે. ચક્રવર્તી તો હજી ક્યારેક કંટાળે, પરંતુ મુનિને કંટાળો નથી, કેમ કે શ્રુતજ્ઞાનના નવા નવા રસ અને ઈર્યાસમિતિ વગેરે અને ગુપ્તિના પાલનના ઊંડા રહસ્યનું સંવેદન આગળને આગળ આનંદની વૃદ્ધિ કરાવે છે.

**ઉભયશિક્ષા એ પરમમંત્ર :**

ગ્રહણશિક્ષામાં સૂત્રાર્થનું જ્ઞાન લેવાનું છે, એને કંઠસ્થ કરવાના છે, તથા એનું પારાયણ ને ચિંતન-મનન કરતા રહેવાનું છે. એ પરમમંત્રરૂપ છે, એથી મોહનાં કારણમાં ઝેર ઊતરી જાય છે. નહિતર જગતના ઝેરીમાં ઝેરી નાગના ઝેર કે તાલપુટ યા કાલકુટ ઝેર કરતાં ય અનંતગુણ ભયંકર આ મોહનાં ઝેર ચઢ્યા તો અનંત ભવનાં સંસાર ભ્રમણ ઊભાં કરે છે. સૂત્રાર્થ ગ્રહણ અને આસેવન વિના નવરાં પડેલાં મનમાં એક યા બીજા રૂપે મોહને, રાગ-દ્વેષાદિ ઝેરને વ્યાપ્ત થઈ જવાનો અવસર મળે છે; કેમ કે જીવને એના અનાદિના અભ્યાસ છે અને એને



યોગ્ય જગતની વાત-વસ્તુ સામે જ પડેલી છે. એટલે જેમ ચક્રવર્તીને ફણિધર ડસતાં સારીય ઠકુરાઈ ડૂલ થઈ જાય તેમ અહીં સંયમની બધીય ઠકુરાઈ, મોહનાં ઝેર ચઢતાં, રાગ-દ્વેષાદિનું સામ્રાજ્ય જામતાં, નષ્ટભ્રષ્ટ થઈ જાય છે, અને મુનિ વિષય-કષાયનો એક રાંકડો કંગાલ ગુલામ બની જાય છે. માટે જ મુનિજીવન એટલે માત્ર સૂત્રાર્થગ્રહણ અને સાધ્વાચારપાલનથી જ ભર્યું ભર્યું રાખવું જોઈએ. એ પરમમંત્રરૂપ હોઈ એથી અસંખ્ય જન્મોનાં કર્મઝેર અને અનંત જન્મોનાં વાસનાવિષને નાબૂદ કરી નાખે છે.

**પરમસંપત્તિ :**

આ ગ્રહણ-આસેવનશિક્ષા એ લોકોત્તર કલ્પવૃક્ષનાં બીજ છે. એમાંથી કેઈ કેઈ પ્રકારની લબ્ધિઓ યાને આત્મશક્તિઓરૂપી પત્રપુષ્પની પ્રાપ્તિ થાય છે, અને અનુત્તર દેવલોક સુધીના સદ્ગતિનાં સુખ તથા કેવળજ્ઞાન અને મોક્ષ સુધીનાં શાશ્વત સુખ રૂપી ફળ નીપજે છે.

**વિધિગ્રહણનું મહત્ત્વ :**

ગ્રહણશિક્ષા વિધિપૂર્વક લેવાની છે. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે, સર્વજ્ઞશાસનના સૂત્ર-અર્થ એનું વિધિપૂર્વક ગ્રહણ એ સર્વોત્તમ બીજ સાથે મીઠાં પાણીનો યોગ છે. એમાંથી મનોરમ પાક નીપજે છે. એકલું બીજ શું કરી શકે ? અગર અવિધિગ્રહણરૂપી ખારાં પાણીથી કેવું ફળ આવે ? મહા બુદ્ધિનિધાન પૂર્વાચાર્યો પણ વિધિપૂર્વક સૂત્રાર્થગ્રહણ કરીને પછી શાસનપ્રભાવક અને શાસ્ત્રસર્જક બન્યા છે. માટે વિધિપૂર્વક ગ્રહણ કરવામાં પ્રમાદ ન જોઈએ.

**ગ્રહણવિધિ :** સૂત્રાર્થ ગ્રહણ કરવાની વિધિ એ છે કે તે તે સૂત્રને ભણવા માટે શાસ્ત્રે બતાવેલ ચારિત્રપર્યાય પ્રાપ્ત થવો જોઈએ. પછી જો એ કાલિકસૂત્ર હોય તો એની કાલગ્રહણ આદિ ક્રિયા કરવી જોઈએ. પછી ગુરુ આગળ એની વાચના લેવા માટે ગુરુનું આસન પધરાવવું, સ્થાપનાચાર્યજી પધરાવવા તથા મુનિઓએ મંડલિબદ્ધ બેસવાનું જેથી દરેકને સીધું ગુરુમુખ દેખી શકાય. તેમાં પણ પોતપોતાના વડીલનો ક્રમ સાચવીને બેસવાનું, અને ગુરુને તથા વડીલને વંદન કરીને બેસવાનું. ત્યાં સૂત્રનો અનુયોગ આઢવાનો કાયોત્સર્ગ કરવાનો; તથા વાચના લેવાના આદેશ માગી ગુરુને વાચનાપ્રસાદ કરવાની વિનંતી કરવાની. પછી ગુરુ સૂત્રાર્થની વાચના આપે તે બહુ એકાગ્ર બની અત્યંત બહુમાન-સંવેગ અને સંભ્રમ સાથે ઝીલવાની.

**એકાગ્રતા-બહુમાન-સંવેગ-સંભ્રમ :**

(૧) **અહીં એકાગ્રતા,** પ્રણિધાન (પ્રકૃષ્ટપણે મનનું નિધાન-સ્થાપન) એટલા માટે જરૂરી છે કે જો મન ચંચળ રહે અને વચમાં વચમાં ક્યાં ક્યાં ફરવા નીકળી

જાય તો વાચના સાંગોપાંગ મનમાં જામે નહિ, બીજને ખેતરમાં સ્થળે ફેરવવા જેવું થાય. એ તો એકાગ્ર ચિત્તે તન્મય થઈ વાચનાના સૂત્ર-અર્થને કડીબદ્ધ અને સાંગોપાંગ ગ્રહણ કરવામાં આવે તો જ ફળ નીપજે. માટે ચિત્તના કોઈ જ વિક્ષેપ ન થવા દેવા.

(૨) **બહુમાન,** વાચનાચાર્ય અને સૂત્રાર્થ પર દાતા અને રત્નનિધાનવત્ અત્યંત બહુમાન પણ જરૂરી છે. 'અહો, આ કેવા મહાન નિઃસ્વાર્થ ઉપકારી છે, કેવા મારા ભવભ્રામક અજ્ઞાનને ટાળી રહ્યા છે, એ ઉપકારનાં મૂલ્ય ન આંકી શકાય...!' બહુમાન રહેવાથી સૂત્રાર્થ હૈયામાં સોંસરાં ઉતરી જાય છે, અને કેટલોય કર્મક્ષય થાય છે. એના બદલે અનાદર, કચકચ વગેરે હોય તો ઊલટું ભારે કર્મબંધ થાય.

(૩) **સંવેગ** પણ જરૂરી છે. સંવેગ એટલે ધર્મરાગ-ધર્મશ્રદ્ધા-ધર્મરંગ, પ્રસ્તુતમાં વાચના અને સૂત્ર-અર્થ પર પણ ઉછળે તો રાગ, શ્રદ્ધા તથા રંગ જોઈએ. શુદ્ધ ધર્મરાગ પહેલો જરૂરી છે કેમ કે એ નહિ હોય તો ય એકાગ્ર ભાવે બહુમાનથી વાચના તો લેવાશે પણ માનપાનાદિની આકાંક્ષાથી, 'સારું ભણું તો વિદ્વાન થઈ લોકમાં પૂજાઉં.' આ ઝેર છે, વિષક્રિયા બને છે. એથી આત્મરોગ વધે છે. શુદ્ધ ધર્મરંગ હોય તો તો પવિત્ર જીવનનું એક મહાન કર્તવ્ય સમજીને અને આત્મવિશુદ્ધિકારક માનીને વાચના ગ્રહણ થશે. વળી વાચના પર શ્રદ્ધા હશે તો જે લેવાશે તે શ્રદ્ધાથી; તેથી પરિણતિ જ્ઞાન પ્રાપ્ત થશે; નહિતર અભવીના જેવું પ્રતિભાસ જ્ઞાન; કોઈના ચોપડે કોઈની રકમ, લખવા જેવું ! પોતાને લેવાદેવા નહિ. માટે પરમ શ્રદ્ધાથી લેવાનું.

(૪) **સંભ્રમ** એટલે અપૂર્વ પ્રાપ્તિનો ઉછળતો હર્ષ. જેમ કોઈને એકાએક લાખો રૂપિયાનો અણધાર્યો વારસો મળી જાય, કે હાથ ખંખેરી નાખેલ રોગમાં પણ કિમિયાગર વૈદ મળી જાય, યા ગુંડાના ઘેરાવાના ભયંકર ભયમાં એકાએક રક્ષક મિલિટરી, પોલિસપાર્ટી મળી જાય તો કેવો અપૂર્વ હર્ષ થાય ? એ સંભ્રમ.

એવો સંભ્રમ વાચના લેતાં લેતાં જેમ જેમ નવું સૂત્ર, નવાં શાસ્ત્ર-અક્ષર તથા નવા નવા પદાર્થ જાણવાના મળતા જાય તેમ તેમ ઉલસતો જાય. આત્મસંપત્તિ વિનાની અત્યંત ગરીબી, કર્મનો ભયંકર રોગ, અને રાગ-દ્વેષ-કામ-મોહ-મદ વગેરે ગુંડાઓનો ઘેરાવો જો નજર સામે તરવરે અને એનો ભારે ખેદ તથા ભય હોય તો આ સંભ્રમ થવો સહજ છે. મનને એમ થાય કે-'અહો આ જગતમાં ક્યાંય જોવા ન મળે એવો અપૂર્વ સૂત્ર-અર્થ મને મળ્યો ! કેવા કેવા અસાધારણ ઊંચા હિતવચન ! કેવા કેવા ઊંડા તત્ત્વ !' વાચનાના પ્રારંભથી ઠેઠ અંત સુધી અને તે પછી પણ



સૂત્ર-અર્થ ગોખતાં-વિચારતાં અને પરાવર્તન કરતાં સંભ્રમ બન્યો રહે, નવો નવો આલ્હાદ થયા કરે. સમ્યગ્ જ્ઞાન અને ગુરુપ્રત્યે હૃદયની સ્નિગ્ધતા, ભિનાશ, ગદ્ગદતા વગેરે હોય તો એ શક્ય છે.

**અવિધિની ભયંકરતા :**

આ બધી વિધિપૂર્વક સૂત્રાર્થ ગ્રહણ કરતા રહેવાનું છે. વિધિ વિના દુનિયામાં ક્યાં ચાલે છે ? એક દવા પણ વિધિથી લેવાય તો લાભ કરે છે. રસોઈ વિધિસર બને તો સારી થાય; ક્યાંક ઉપેક્ષા કરે ધૂળધાણી થાય. ઈમારત વિધિસર તૈયાર થાય છે. વિશિષ્ટ મહેમાનની વિધિપૂર્વક સરભરા થાય છે. તો 'આ શ્રુત દુન્યવી વસ્તુ કરતાં કેટલું અદ્‌ભુત વિશિષ્ટ !' એમ સમજી એને વિધિસર સત્કારવું જોઈએ. 'વિધિની શી બહુ જરૂર છે' એમ કરી એની ઉપેક્ષા કરે તો, શાસ્ત્રકાર કહે છે કે, એ યોગની ઉપેક્ષા છે, જિનાજ્ઞાના અનાદરનું મહાપાપ કરે છે. એનો વિપાક દારુણ છે.

**પ્ર.**- તો તો એના કરતાં શાસ્ત્ર ન ભણવા સારાં !

ઉ.- ના, એમાં તો પેલા કરતાં સર્વ ઉપેક્ષાનું મહાપાપ ઊભું થાય-માટે ભણવાનું તો બહુ જ, ક્રિયા અવશ્ય કરવાની, એમાં શક્ય બધી વિધિ જાળવવાની, અને અશક્ય બદલ ખેદ, દિલડંખ રાખવાનો, ભાવવાનું કે, ક્યારે થોડી પણ અવિધિ ટળે !' બાકી આરાધના તદ્દન છોડી દેવામાં અથવા શક્ય વિધિની ઉપેક્ષા કરવામાં તો જિનાજ્ઞા પ્રત્યે સૂત્ર-અર્થ અનુષ્ઠાન પ્રત્યે દિલ ગુમાવ્યું; અને દિલ ગુમાવ્યું એણે બધું ગુમાવ્યું.

**આસેવનશિક્ષા :**

ગ્રહણશિક્ષામાં તત્ત્વ અને માર્ગનો બોધ મળ્યો એને અમલમાં ઉતારવો જોઈએ. સદ્‌ગુરુએ આસેવનશિક્ષામાં જે વસ્તુ જે જે રીતે આચરવાની તાલીમ આપી તે તે રીતે આચરતાં રહેવું જોઈએ. નહિતર તો સુવર્ણવિદ્યા તો મળી પણ સુવર્ણ બનાવવાના પરિશ્રમ વિના નિર્ધન ગરીબડા રહેવા જેવું થાય-એકલું જ્ઞાન શું કામ લાગે ? રોગી ઔષધના જ્ઞાનમાત્રથી સાજો ન થાય; ઔષધ ચિકિત્સા કરવી પડે. તરવાની વિદ્યા જાણવા માત્રથી ન તરાય હાથપગ હલાવવા પડે; નહિતર ડૂબે ! આચરણ વિનાના જ્ઞાનની કંઈ કિંમત ન રહે, ભલેને આખાં ને આખાં શાસ્ત્ર મોંઢે કરી લીધાં !

આચરણમાં મહાવ્રતોની ૨૫ ભાવનાઓનું પાલન, પાંચ સમિતિ ત્રણ ગુપ્તિનું પાલન, ઈચ્છાકાર-મિથ્યાકાર વગેરે દશવિધ સામાચારીનું પાલન, ષટકાયરક્ષા, અકલ્પ્ય - અનેષણીયનો ત્યાગ, આવશ્યક સ્વાધ્યાય-પડિલેહણાદિનું પાલન,

પરીસહસહન, ક્ષમાદિ દશવિધ યતિધર્મપાલન, બાર ભાવના, તપસ્યા, દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી અભિગ્રહ પૂર્વક વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, લોચ-વિહારાદિ કષ્ટસહન, વિનય-વૈયાવચ્ચ-ભક્તિ, વગેરે વગેરેનું આસેવન કરવાનું. અને દરેકે દરેક અતિચાર-દોષની ગુરુ આગળ આલોચના તથા પ્રાયશ્ચિત્ત વહન... આ બધા સાધ્વાચારનું આસેવન કરતા રહેવું જોઈએ.

આ આચારો સહિત બંને શિક્ષાનું આસેવન અંતરના આત્મશુદ્ધિકરણના પરિણામ જાગ્રત કરીને કરવાનું. જેથી બીજું કોઈપણ માનાકાંક્ષાદિ પૌદ્ગલિક આશય ન આવી જાય, તેમજ થોડું કરી સંતોષ ન પકડી લેવાય. નહિતર આ બનવું સંભવિત છે કે અમુક અધ્યયન યા તપસ્યાદિ કર્યા પછી મન માની લે છે કે 'મારે આટલું થયું બસ છે, હવે નિરાંત રાખું.' આ બનવાનું કારણ એ, કે ઉદ્દેશ અમુક પ્રમાણમાં આસેવન કરવાનો બાંધી લીધો હતો. ખરી રીતે વિચારવું તો એ જોઈએ કે 'એ પણ શા માટે ? જીવનમાં ધર્મની એ સાધના એ પણ કાંઈ અંતિમ ધ્યેય નથી. ધ્યેય તો અંતરાત્માની પરિણતિનું વીતરાગભાવ સુધીનું શુદ્ધિકરણ છે.' આ ધ્યેય નિશ્ચિત કર્યું હોય તો તો ગમે તેટલી સાધના કરી છતાં જો હજી બીજી શક્ય છે તો અધિકાધિક શુદ્ધિકરણને માટે એ કરાતી રહેશે. સાથે સચોટ જોવાનું રહેશે કે આ ધ્યેય-પરિણતિ શુદ્ધિ પળે પળ થતી આવે છે ને ?

## ૨. લોકોત્તર ભાવો અને પાપવિકારો

**(લેખક : પૂ.પં. શ્રી ભાનુવિજયજી ગણિવર્ય)**

શ્રમણપણું એ ઊંચા છઠ્ઠા ગુણસ્થાનકની અવસ્થા છે, એમાં નીચેના ચોથા ગુણસ્થાનકની સમ્યક્ત્વ-અવસ્થા અંતર્મિલિત છે. માટે એ સુરક્ષિત હોય તો જ શ્રમણપણું ટકી શકે છે. હવે એ સમ્યક્ત્વ-અવસ્થાને ખરેખર ગુણરૂપે ઊભી કરવી હોય તો એ માટે શાસ્ત્ર કેટકેટલી પૂર્વભૂમિકા જરૂરી બતાવે છે એનો અહીં વિચાર કરીએ.

**'નમુત્થુણં'** પ્રણિપાતદંડક સૂત્રમાં અભયદયાણં. ચકખુદયાણં, વગેરે પાંચ પદોથી ક્રમ બતાવ્યો છે કે પહેલાં **અભય**=ચિત્તસ્વાસ્થ્ય આવે પછી જ **ચક્ષુ**=ધર્મઆકર્ષણ ઊભું થાય. તે પછીથી જ **માર્ગ**=વિશિષ્ટ ક્ષયોપશમ થાય એટલે **શરણ**=સાચી તત્ત્વબોધની ઝંખના ઊભી થાય; તે પછી જ **બોધિ**=સમ્યગ્દર્શન મળે.

અહીં **'શ્રી લલિતવિસ્તરા'**માં બતાવવામાં આવ્યું છે કે આ પાંચ અપુનર્બંધક આત્માઓને જ પ્રાપ્ત થાય છે. 'અપુનર્બંધક' એટલે હવે ફરીથી કદી કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ નહિ બાંધે તે. એમનામાં જ યોગ્યતા છે; અને યોગ્યતા એવી ચીજ છે કે



સાધનાના પ્રારંભથી માંડી સિદ્ધિ સુધી ઉત્તરોત્તર મોહનીય કર્મના ક્ષયોપશમની વૃદ્ધિ કર્યે જાય. વળી કહ્યું છે કે આ બધું થતું હોય એમાં લોકોત્તર ભાવોનો અમૃત આસ્વાદ અનુભવાય છે, અને વિષયતૃષ્ણાદિ પાપવિકારોની શાન્તિ થાય છે. આ 'લોકોત્તર ભાવો' અને 'પાપવિકારો કયા કયા' એ અંગે શ્રી ષોડશક શાસ્ત્રમાં બહુ સુંદર ખ્યાલ આપ્યો છે. જો સમ્યક્ત્વના આંગણે જરૂરી, તો પછી સાધુજીવનના આંગણે તો તે અતિ જરૂરી હોય જ. તેથી અહીં એની ટૂંકી વિચારણા આપવામાં આવે છે.

લલિતવિસ્તરાકાર મહર્ષિએ અહીં સામાન્યરૂપે અને ષોડશક ગ્રંથમાં વિશેષરૂપે લોકોત્તરભાવો અને પાપવિકારોનું વર્ણન કરી એ સૂચવ્યું છે કે જીવન ઉત્થાન, આત્મોત્થાન કરવા ચાહતા હો તો આ જ પ્રાથમિક અને સુંદર ઉપાય છે કે લોકોત્તર ભાવોને આદરી ભાવનું આરોગ્ય મેળવો. અને પાપવિકારો છોડો. આનું કારણ એ છે કે જીવન યા આત્માની અધોગતિ અવનતિ આંતરિક ભાવ-આરોગ્યના અભાવે છે, ભાવના રોગથી નીપજતા પાપવિકારોને લીધે છે. આમાંથી ઊંચે આવવા માટે, ઉત્થાન કરવા માટે, ભાવનું આરોગ્ય અને પાપવિકારોનો નાશ કરવો જોઈએ.

ભાવનું આરોગ્ય તો જ થાય કે લૌકિક અશુભ ભાવો પડતાં મૂકી લોકોત્તર શુભભાવ અપનાવવામાં આવે. ક્ષુદ્રતા-કૃતઘ્નતા-અનુચિતવર્તન, સ્વાર્થ-સ્વચ્છંદતા, પાપરતિ, અજ્ઞાનતા-મૂઢતા અને નિષ્ઠુરતા એ લૌકિક ભાવો છે. એની સામે ઔદાર્ય-દાક્ષિણ્યાદિ એ લોકોત્તર ભાવો છે.

(૧) ઔદાર્ય માટે પહેલું તો તુચ્છપણું છોડવું પડે. જીવનો અનાદિનો ચાલી આવતો તુચ્છ ક્ષુદ્ર સ્વભાવ હવે પડતો મૂકવો પડે. પ્રસંગ પ્રસંગ પર હલકા વિચારો ઝટ સ્ફુરી આવે છે. અડધી રાતે બારણું ખખડ્યું ત્યાં ઝટ મનને થાય છે કે-'કોણ હરામી છે ?' અત્યારે વળી કોણ આ પજવવા આવ્યું છે ?' હરામી અને પજવનારની કલ્પના એ ક્ષુદ્ર મનના ઘરની છે. પછી ભલેને આવનાર સારો શાહુકાર અને લાભ કરાવવા આવ્યો હોય ?' નોકર જરા મોડો આવ્યો, વેપારીએ જરા ભાવ વધુ લીધો, ત્યાં સીધા 'લુચ્ચા, હરામખોર' વગેરે ટાઈટલ આપી બડબડાટ શરૂ થઈ જાય છે. સ્વાર્થ દેખાય ત્યાં અધમ ઉપાયનો પણ સંકોચ નથી રહેતો ! આ બધી સહજ સિદ્ધ તુચ્છતા ક્ષુદ્ર હૃદયનું પરિણામ છે. ઓદાર્ય લાવવા માટે હવે એને અટકાવી ઉમદા સૌમ્ય વાણી, ઉમદા વિચાર અને ઉદાર વર્તાવ કરવો જોઈએ. 'બારણું ખખડ્યું ઓ. 'અહો ! કોણ ભાગ્યશાળી છે ?' વેપારીએ ભાવ જરા વધુ લીધો તો ભલે બીચારો રળે. આપણે કાંઈ આટલામાં તૂટી જવાના નથી અથવા

બીચારો ! ઠગાઈમાં કમાયો શું બહુ ? અને પાપ કેટલું બધું બંધાયું !' મનમાં આવી દયા ઊઠે. એમ સ્વાર્થ માટે પણ હલકા ઉપાયની સૂગ ચઢે. નિંદા, વિકથા, ચુગલી, હલકટ વાંચન અધમના સંસર્ગ વગેરે ટાળવા પડે. કેમ કે એ ક્ષુદ્રતા લાવનારા છે. એ ટાળી ઉત્તમ સત્સંગ સદ્‌વાંચન, ગુણ કથા, ઉત્તમ ઉપાયો વગેરેના સેવનથી દિલમાં ઉદાર વૃત્તિ ઘડાય છે.

ઔદાર્ય માટે વળી ઔચિત્યની બહુ જરૂર છે. વડીલ જનો અને દીન, હીન, દુઃખીયારા પ્રત્યે ઉચિત વર્તાવ. વડીલ જનોમાં ઉપકારી પણ હોય તેમના પ્રત્યે કૃતજ્ઞતાના પાલન રૂપે ઉચિંત સેવા જરૂર જોઈએ. કૃતઘ્ન માણસમાં ધર્મનો પાયો જ નથી જાગતો.

ક્યાં વાત ? ઉપકારી સિવાય પણ બીજા વડીલો પ્રત્યે બોલચાલનો ઉચિત વ્યવહાર જોઈએ. ઉપરાંત દીન-અનાથ-નિરાધાર-તેમજ દુઃખગ્રસ્ત પ્રત્યે પણ અવસરોચિત શક્ય ઉપાયે ઉચિત પ્રવૃત્તિ જાળવવી જરૂરી છે. આ બધું સાચવવામાં દિલમાં ઉદાર પરિણામ, ઉદાર વૃત્તિ, ઔદાર્ય કેળવાય છે.

(૨) દાક્ષિણ્ય માટે બીજાનું કાર્ય કરવા તરફ ઉત્સાહ-સેવાનો ઉત્સાહ બન્યો રાખવો જોઈએ. એ રખાય તો જ અવસર મળે ઝટ બીજાનું કાર્ય કરવામાં પાછી પાની નહિ થાય. અને સામા પ્રત્યે દાક્ષિણ્ય વ્યક્ત થશે, બેશરમ માણસ તો તેવા અવસરે આંખ મીંચામણા કરવાનો. 'આપણે તે કેટલે પહોંચીએ ? અને શું નવરા બેઠા છીએ તે બધાનું કરતા ફરીએ ?' આવા હલકા ધોરણમાં અટવાવાનો. વિચારવું તો એ જોઈએ કે સ્વાર્થરક્ત તો કોણ નથી હોતું ? કૂતરા-બિલાડા ય જાતનું તો સંભાળવામાં શૂરા હોય છે.

**માનવભવ એટલે ઊંચા સ્તર પર બેઠક.** ત્યાં પોતાનો સ્વાર્થ ગૌણ કરી બીજાની સેવા કરવાની ધગશ હોવી જોઈએ. જગતમાં સેવા કરનારા મહાન પુરુષો બની ગયા. વળી આપણને આપણાં પ્રત્યે બીજા કેવું વર્તે તો ગમે ? માટે જ સેવામાં ઉત્સાહી રહેવું જોઈએ. પહેલાં મન મારીને પણ એ કરતાં કરતાં પછી તો એનો રસ જાગશે. પરનાં કાર્ય કરવામાં વિશિષ્ટ આનંદ આવે છે.

દાક્ષિણ્ય માટે બીજું જરૂરી એ છે કે ગંભીર, ધીર અને સ્થિર બનવું. ગંભીરતા એટલે બીજાના ગુણદોષ પચાવી જાણવા. ગુણ પચાવવા એટલે એની કદર કરવી, દોષ પચાવવા એટલે એને સહી લેવા. પણ ઉકળી ન ઉઠવું બહાર બાફવું નહિ. એ જો ન હોય તો બીજાનું કાર્ય કરવાનો અવસર આવ્યે દાક્ષિણ્યથી પણ એ કરવાનું એના દોષથી ઉકળી ઉઠેલું મન ના પાડશે. અન્યોન્ય વસ્તુ છે; કોઈનું દાક્ષિણ્ય શરમ જાળવે તો એની રહસ્યમય બાબત અંગે ગાંભીર્ય જાળવી



શકે. અને ગંભીર રહેવાની ટેવ પાડી હોય તો બીજાની ગુપ્ત વાત બહાર ન પ્રકાશે, એનું દાક્ષિણ્ય જાળવી શકે. ગંભીર માણસ વસ્તુનો કે પ્રસંગનો ઉંડાણથી વિચાર કરનારો પણ બનશે. અને એ જરૂરી પણ છે. ઉપલકિયો વિચાર અનર્થ કરે એવો સંભવ છે. ધીરતા એટલે આપત્તિ-પ્રતિકૂળતા-અગવડ-કે અણગમાનું આવે ત્યાં ખળભળી ન ઉઠવું પરંતુ એને શાંતિથી સહન કરી લેવું તે. આકુળ-વ્યાકુળ થવું એ તો અધિરાઈ-અધૈર્ય છે. શા માટે તેમ કરવું ? કેમ કે વસ્તુ બનવાની બને જ છે; યા બનવાનું બની ગયું છે. હવે તો શાંતિ રાખી એને વેઠી લેવું, પસાર કરવું. તો જ ઉપકારીઓ ગુણીયલ કે બીજાઓ તરફથી એવું કાંઈ આપણું પ્રતિકૂળ કે અણગમાનું થતું હોય તો એમના પ્રત્યેનું દાક્ષિણ્ય ઉડી નહિ જાય. એમનું કાર્ય કરવાનો આપણો ઉત્સાહ મરી જશે નહિ.

ગાંભીર્ય અને ધૈર્યની જેમ સ્થૈર્ય પણ જરૂરી છે; અર્થાત્ આપણાં કર્તવ્ય, આપણી પ્રવૃત્તિ, આપણા ગુણો એમાં સ્થિર રહેવું. પરંતુ ચંચળ બની આઘાપાછા ન થવું. એક કાર્ય હાથમાં લીધું તો મનનો ઉપયોગ એમાં જ. એમ આપણા માથે જે જવાબદારી હોય આપણું જે સ્થાન હોય એને યોગ્ય વર્તાવ, મર્યાદા, કર્તવ્યનું કંઈક વિપરીત બનતાં માથેથી ઉલાળીયું ન કરવું-ઉતારી ન નાખવું. વારંવાર વિસ્મરણ ન કરવું. પરંતુ એમાં સ્થિર, સ્થિતપ્રજ્ઞ રહેવું. એમ પ્રવૃત્તિમાં સ્થિરતા, કોઈની સાથે વાત કરીએ ત્યારે ચિત્ત બીજે ભટકતું રહે તો કંઈને બદલે કંઈ બોલાઈ જાય, એમ બીજી કાર્યવાહીમાં અસ્થિરતાથી ભલીવાર ન આવે. માટે સ્થિરતાથી બોલવું, ચાલવું, વર્તવું. સ્થિરતા નહિ હોય અને પરનું કાર્ય લઈને બેઠા. પણ વચમાં આપણો સ્વાર્થ યાદ આવ્યો કે ઝટ ચંચળ બનાશે અને પર કાર્ય રખડશે.

આત્માની ઉન્નતિ માટે આ ગાંભીર્ય, ધૈર્ય, અને સ્થૈર્ય બહુ જરૂરી છે. એ દ્વારા દાક્ષિણ્ય ગુણનું ઘડતર પણ અતિ જરૂરી.

(૩) પાપ જુગુપ્સા એ ત્રીજો લોકોત્તર ભાવ, એ પણ પાયામાં જોઈએ. સમ્યક્ત્વની પરિણતિમાં તો 'મન મોક્ષ અને તન સંસારમાં'ની સ્થિતિ છે. ત્યાં જ્વલંત ધર્મરુચિ હોય, અને એ જુગજુની પાપ પ્રવૃત્તિ હટે તો જ બને. માટે પાપજુગુપ્સા કરી કરીને તેને હટાવવી પડે. એમાં શું કરવાનું ? આ જ કે પૂર્વભવોમાં અને આ ભવમાં જે કોઈ પાપ આપણાંથી આચરાઈ ગયાં. તેનો વિશુદ્ધ દિલથી અત્યંત ખેદ-પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત્ત પૂર્વક પાપ અને પાપી સ્વાત્મા પર જુગુપ્સા, ઘૃણા, સૂગ, તિરસ્કાર. (વિશુદ્ધ દિલે=બીજાની શાબાશી લેવા વગેરે આશયથી નહિ, કિંતુ પાપ ખરેખર ઘૃણાસ્પદ લાગે છે, સ્વાત્માના વિકાસ બગાડનાર લાગે છે માટે.) આતો અતિત પાપ અંગેનું થયું. વર્તમાન પાપ પ્રસંગને પહેલેથી જ

ઓળખી જઈ પાપથી દૂર રહેવાનું. અને ભાવિ માટે 'ભવિષ્યમાં હું પાપ કરીશ એવી ચિંતા નહિ કરવાની. કેમ કે ભવિષ્ય માટે પણ પાપની કોઈ યોજના વિચારે તો ત્યાં પાપ જુગુપ્સા શાની કહેવાય ? ઘૃણા એટલે ઘૃણા. ભવિષ્યમાંય ઘૃણાની વસ્તુ ન જોઈએ. એવી પાપઘૃણા હોય તો જ હૃદય સ્વચ્છ, પવિત્ર અને ધર્મયોગ્ય રહી શકે.

(૪) **નિર્મળ બોધ નામના** ચોથા લોકોત્તર ભાવને સિદ્ધ કરવા માટે પહેલાં તો પોતાની મોહમૂઢ અજ્ઞાન-મિથ્યાજ્ઞાનભરી દશા બદલ ભારે શરમ આવે, એનો ઉદ્વેગ થાય, કંટાળો આવે અને તેથી જ વિશુદ્ધ દિલે અર્થાત્ કેવળ સ્વાત્મહિતાર્થે તત્ત્વ અને યથાર્થ મોક્ષ-માર્ગ જાણવાની અને તે માટે ગુરુ પાસે જઈ સાંભળવાની અતીવ ઝંખના થાય. પછી યોગ્ય ગુરુમહારાજની પાસે એજ પવિત્ર આશયથી ઉપશમપ્રધાન શાસ્ત્રો સાંભળે. ઉપશમપ્રધાન શાસ્ત્ર એટલે એવા શાસ્ત્રો કે જેમાં તત્ત્વ અને માર્ગનો બધો જ ઉપદેશ મિથ્યામતિ, વિષયાસક્તિ તથા કષાય-રાગદ્વેષાદિ દોષ દુર્ગુણો-દુર્ભાવોને શમાવવાના એકમાત્ર લક્ષ્ય તરફ લઈ જવાનો હોય. સૂક્ષ્મમાં સૂક્ષ્મ તત્ત્વો અને ઊંડામાં ઊંડા રહસ્યમય સિદ્ધાંતો ઉપદેશીને પણ સરવાળે એ અશુભ આત્મ-ભાવોનો ઉપશમ તરફ પ્રેરે એવા શાસ્ત્રનું શ્રદ્ધા, સંભ્રમ (અપૂર્વ પ્રાપ્તિનો હર્ષ) અને એકાગ્રતા સાથે શ્રવણ કરે, અક્ષરશઃ ગ્રહણ કરે, ધારણા અને ચિંતન મનનથી હૃદયસ્થ કરે, ત્યારે નિર્મળ બોધ થાય.

(૫) **જનપ્રિયતા નામનો** પાંચમો લોકોત્તર ભાવ પ્રાપ્ત કરવા માટે એવી સાવધાની રાખવાની કે કોઈને પણ શુદ્ધધર્મ, ધર્માત્મા અને ધર્મસ્થાન પ્રત્યે અરુચિ ન થાય, બલ્કે આકર્ષણ થાય, શુદ્ધ ધર્મની પ્રશંસા કરે. આથી એનામાં ધર્મબીજનું વાવેતર થયું ગણાય છે. એ પછી પણ પોતાના વર્તન વ્યવહારની એવી સાવધાની રાખવાની કે પોતાને અને બીજાને ધર્મની પ્રેરણા, પૂર્તિ અને વૃદ્ધિ જ નીપજે યાવત્ ધર્મ સિદ્ધ થાય. જો આ લોકાપેક્ષા નહિ હોય અને લોકને ગમે તે લાગે એની પરવા કર્યા વિના નિષ્ઠુર સ્વચ્છંદ અને સ્વાર્થાંધ વર્તાવ કરશે તો બીજાને શુદ્ધ ધર્મ પ્રત્યે અરુચિ જન્માવવાનું થશે; એમ પોતાની એ કઠોરતા-નિષ્ઠુરતાથી સ્વધર્મ પણ ઘવાશે.

**પાંચેય લોકોત્તર ભાવોની ટૂંકી સમજ આ પ્રમાણે,-**

(૧) ઔદાર્ય એટલે તુચ્છ હલકટ વૃત્તિનો ત્યાગ કરી વિશાળ દિલ, ઉદાર ભાવ રાખવા અને ગુરુજન તથા દીન-નિરાધાર જન પ્રત્યે ઉચિત વર્તન રાખવું તે.

(૨) દાક્ષિણ્ય એટલે પણ એવો શુભ અધ્યવસાય કે જેમાં બીજાના કાર્ય કરવા તરફ ઉત્સાહ રહે અને જે ગંભીરતા તથા ધીરતા-સ્થિરતાથી યુક્ત હોય તથા ઈર્ષ્યા-અસૂયા (પરપ્રશંસાની અસહિષ્ણુતા)થી રહિત હોય.



(૩) પાપજુગુપ્સા એટલે થઈ ગયેલ પાપો બદલ સમ્યગ્ વિશુદ્ધ ચિત્તથી ખેદ. ઉદ્વિગ્નતા, તથા નવાં પાપ ન કરવા અને ભાવી કાળે કરવાનું ચિંતન ન કરવું તે.

(૪) નિર્મળ બોધ એટલે શુશ્રૂષાના ઉલ્લાસિત ભાવથી ઉપશમપ્રધાન શાસ્ત્ર દ્વારા ઉત્પન્ન થતું શ્રુત, ચિંતા અને ભાવના સ્વરૂપ જ્ઞાન, અર્થાત્ વાક્યાર્થ-મહાવાક્યાર્થ-ઐદમ્પર્યાર્થનું જ્ઞાન.

(૫) જનપ્રિયત્વ એટલે એવી નિર્દોષ લોકપ્રિયતા કે જે બીજાઓમાં ધર્મપ્રશંસા રુચિપ્રવૃત્તિ આદિ રૂપ ધર્મબીજાધાન વગેરે પ્રેરવા દ્વારા સ્વ-પરમાં ધર્મપ્રેરક-ધર્મપૂરક-ધર્મવર્ધક બને, અને ધર્મસિદ્ધિ સુધી પહોંચાડે.

**પાંચનો સંક્ષેપ આ રીતે,-**

| ઔદાર્ય | દાક્ષિણ્ય | પાપજુગુપ્સા | નિર્મળબોધ | જનપ્રિયત્વ |
|---|---|---|---|---|
| તુચ્છવૃત્તિનો | પરકાર્યનો | અતીત પાપનો | શુશ્રૂષાપૂર્વક | બીજાધાનાદિની |
| ત્યાગ | ઉત્સાહ | ખેદ | પરમાં | પ્રેરક અને |
| ઉદારવૃત્તિ | ગંભીર-ધીર- | વર્તમાનમાં | શમપ્રધાનશાસ્ત્રોનું | સ્વપરમાં ધર્મસિદ્ધિ |
| | સ્થિરતા | પાપાકરણ | શ્રવણ ને | સુધી પહોંચાડે એવી |
| ઔચિત્ય | ઈર્ષ્યા-અસૂયાનો | ભાવીપાપનું | શ્રુત-ચિંતન | લોકપ્રિયતા |
| | ત્યાગ | અચિંતન | ભાવના | |

**પાપવિકારો :**

અહીં યોગ્યતાને લોકોત્તર ભાવો ઔદાર્યાદિના આસ્વાદરૂપ કહીને વિષયાભિલાષથી વિમુખતા કરાવનારી કહી; એથી ધર્મ-આરોગ્ય અને પાપવિકાર શમનનો નિર્દેશ કર્યો.

શ્રી ષોડકશાસ્ત્રમાં પણ એજ વાત કહી છે. -જેમ આરોગ્ય પ્રાપ્ત થતાં વ્યાધિવિકારો હવે પ્રવર્ત્યા રહેતા નથી, એવી રીતે ધર્મ-આરોગ્ય પ્રાપ્ત થતાં પાપ-વિકારો હવે પ્રવર્તતા નથી. (લોકોત્તર ભાવો ઔદાર્યાદિઓ ધર્મ-આરોગ્યની અવસ્થા છે એ પ્રાપ્ત થતાં) અતિ વિષયતૃષ્ણા, દૃષ્ટિસંમોહ, ધર્મપથ્યમાં અરુચિ અને ક્રોધની ખણજરૂપી પાપવિકારો શાંત થઈ જાય છે.

**પાપવિકારો : વિષયતૃષ્ણા-દૃષ્ટિસંમોહ-ધર્મપથ્યની અરુચિ-ક્રોધખણજ :-**

(૧) **અતિવિષયતૃષ્ણા** એ આત્માનો એક એવો પાપી વિકાર છે કે જેથી જીવ ગમ્ય-અગમ્ય, ભોગ્ય-અભોગ્ય, વિષયનો વિવેક ભૂલીને શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શને વિષે બધે જ અત્યંત અણધરાયેલો રહે છે.

(૨) **દૃષ્ટિસંમોહ** એવો અધમ વિકાર છે કે જેથી ફળને આશ્રીને સમાન એવી પણ બે પ્રવૃત્તિમાં નામભેદે વિપરીત દૃષ્ટિ રખાય છે, અને તે દૃષ્ટિને પાછી આગમમાન્ય તરીકે સમજવામાં આવે છે. દા.ત., સ્વૈચ્છિક હિંસા અને યજ્ઞસંબંધી હિંસા, બંનેમાં ફળ સ્વયં માંસભક્ષણ સમાન છે. પરંતુ યજ્ઞીયહિંસાની પ્રવૃત્તિને વિધિપ્રવૃત્તિ તરીકે જુદા જુદા નામથી સંબોધી, એમાં નિષિદ્ધ એવી સ્વૈચ્છિક હિંસાથી વિપરીતદૃષ્ટિ વેદવિહિત તરીકેની દૃષ્ટિ એમાં રાખે છે, (અને લેશપણ પાપરૂપ ન માનતાં એ હિંસા આચરે છે.) આ દૃષ્ટિનો સંમોહ છે. અથવા દૃષ્ટિસંમોહ એટલે આંતરિક ભાવને આશ્રીને સમાનતા છતાં બે પ્રવૃત્તિમાં નામ જુદા અને બે પૈકી એક કરતા બીજામાં શાસ્ત્રદૃષ્ટિએ વિપરીતદૃષ્ટિ રાખવી તે. દા.ત., ઉપરોક્ત જ યજ્ઞહિંસામાં હાર્દિક ભાવનો સ્વૈચ્છિક હિંસાની જેમ સંકિલષ્ટ જ છે, કષાયકલુષિત જ છે. પરંતુ નામ વિધિવાકયવિહિત સમજી આ યજ્ઞવાળી હિંસાને વિપરીત દૃષ્ટિ યાને વેદનિષિદ્ધ નહિ પણ વેદવિહિત તરીકેની દૃષ્ટિથી જુએ છે. આ દૃષ્ટિસંમોહ છે, પરંતુ જિન મંદિરાદિ સંબંધી કોઈ ક્ષેત્ર ધન વગેરેનો આરંભ કરતો હોય એમાં સાંસારિક સ્વાર્થના ક્ષેત્ર-ધનાદિના આરંભ કરતા હાર્દિક ભાવ જુદો છે. સમાન નથી. ભાવ આમાં શુભ છે કેમ કે એમાં દેવદ્રવ્યની રક્ષાવૃદ્ધિથી સ્વપરની ભાવ-આપત્તિ આત્મિકદુઃખ નિવારવાનો અધ્યવસાય પ્રવર્ધમાન છે, તેથી જ જો કે સાંસારિક આરંભ કરતાં આ આરંભને વિપરીત દૃષ્ટિએ જુએ, અર્થાત્ ત્યાજ્ય નહિ પણ ઉપાદેય સમજે છતાં એમાં દૃષ્ટિસંમોહ નથી. આમાં ફળની પણ સમાનતા નથી. સાંસારિક આરંભનું ફળ તો સ્વભોગ્ય છે, ત્યારે મંદિરના આરંભનું ફળ તો સ્વભોગ્ય નથી. એટલે ભાવની ફળને આશ્રીને પણ સમાનતા ન હોવાથી અહીં દૃષ્ટિસંમોહ નથી.

(૩) **ધર્મપથ્યની અરુચિ** એવી છે કે એમાં ધર્મશ્રવણ તરફ અવજ્ઞા-બેપરવાઈ હોય છે. તત્ત્વ-પારમાર્થિક પદાર્થના રસાસ્વાદથી વિમુખતા હોય છે. અને ધાર્મિક આત્માઓ સાથે સંપર્ક હોતો નથી.

(૪) **ક્રોધની ખણજ**નું લક્ષણ એ છે કે સાચા-ખોટા દોષને સાંભળીને વસ્તુરહસ્ય વિચાર્યા વિના તરત જ અંદર બહાર ઉકળાટ ઉછળી આવે.

## ૩. સાધુ-સાધ્વીએ સમજી લેવાની ચાર જાતની ભાષા

શ્રમણ જીવનમાં ભાષાશુદ્ધિ એક મહત્ત્વનું અંગ છે. જીવનમાં ભાષાની શક્તિ બહુ થોડાને મળે છે. જગતમાં જેટલાને એ મળી છે એના કરતાં અનંતગુણા જીવોને એ નથી મળી. એવી ભાષાશક્તિનો જો ગેરઉપયોગ થાય તો અનર્થ પણ એટલો જ કરે છે ! ત્યારે સદુપયોગ કરવાથી લાભ પણ મહાન થાય છે !



પહેલાં ભાષા શી વસ્તુ છે એ જોઈએ.

ભાષા એ પાંચમી ભાષાવર્ગણાના પુદ્ગલમાંથી બને છે. જીવ પોતાના કાયયોગથી એ પુદ્ગલો ગ્રહણ કરીને ભાષારૂપે પરિણમાવી વચનયોગથી છોડે છે તેનું નામ ભાષા છે. એ જીવ જ કરી શકે છે. ફોનોગ્રાફ વગેરેમાં સંભળાય છે, તે તો શબ્દમાત્ર છે, ભાષા નથી. એ શબ્દ પણ મૂળમાં જીવના પ્રયોગ વિના બની શકતા નથી.

ભાષાવર્ગણાના પુદ્ગલ લેવા દૂર જવું પડતું નથી, જીવ જ્યાં રહ્યો છે તે જ આકાશ ભાગમાંથી તે મળે છે. જઘન્ય એક સમયથી માંડી ઉત્કૃષ્ટ અસંખ્ય સમય સુધીની સ્થિતિવાળા તે હોય છે. એને લઈને ભાષારૂપે છોડ્યા પછી એ બહાર જતાં બીજાં પુદ્ગલોને વાસિત કરે છે. એમ કરતાં તિર્છા ઉત્કૃષ્ટ લોકાન્ત સુધી જઈ શકે છે.

આ ભાષા ૪ પ્રકારની હોય છે, સત્ય ભાષા, અસત્ય ભાષા, મિશ્ર (સત્યાસત્ય) ભાષા. વ્યવહાર ભાષા. સત્યભાષાનો મુખ્ય આધાર જીવદયા અને પોતાના વ્રતરક્ષાના શુદ્ધ પરિણામ ઉપર છે. માટે કેટલીક વાર દેખીતું અસત્ય ખરેખર સત્યભાષારૂપ હોય છે, અને દેખીતું સત્યવચન પણ અસત્યરૂપ નીવડે છે. એટલે જ મેતારજ મહામુનિએ પક્ષી જવલા ચણી ગયાનું કદાચ દેખ્યું હશે છતાં એનું નામ ન આપ્યું, કેમ કે એથી પેલો સોની કદાચ પંખીને હણે તો ? યાવત્ પોતાની પાસે નથી એમ પણ ન બોલ્યા, કેમ કે એથી પણ કદાચ પેલાનું ધ્યાન ત્યારે બીજી બાજુ જતાં પંખી પર જાય તો ? તાત્પર્ય, બોલવામાં જીવદયા, વ્રતરક્ષા અને વિશુદ્ધ પરિણામ પર લક્ષ રાખવું જોઈએ.

સામાન્ય રીતે ચાર પ્રકારની ભાષામાંથી ભાષા સત્ય બોલવી જોઈએ, તેમજ વ્યવહારભાષા પણ નિરવદ્યજ બોલાય. અસત્ય અને મિશ્રભાષા તથા સાવદ્ય વ્યવહાર ભાષા ન બોલવી.

**સત્ય ભાષા ૧૦ પ્રકારે હોય છે :**

(૧) જે શબ્દ કે વાક્યપ્રયોગ જે દેશમાં જે અર્થમાં માન્ય હોય તે દેશમાં તે અર્થમાં તે શબ્દ બોલવો એ **જનપદ સત્ય** કહેવાય. દા.ત., દક્ષિણમાં ધણીને નવરો કહે છે, તો ત્યાં તે અર્થમાં તે બોલાય.

(૨) **સ્થાપના સત્ય** - દા.ત. મૂર્તિને ઉદ્દેશીને કહેવાય આ મહાવીરસ્વામી છે. નકશામાં કહેવાય છે આ અમેરિકા છે. કરન્સી નોટને લઈ કહેવાય. 'આ લો ૧૦ રૂ.'

(૩) **નામસત્ય** - નામ પૂરતું સત્ય, દા.ત. કુળને ન વધારનાર છતાં તે

નામવાળા ભાઈને માટે કહેવાય છે કે આ 'કુલવર્ધન' છે. એમ આ કેશરીસિંહ છે; પછી ભલે તે મનુષ્ય છે, ને ડરપોકે ય હોય.

(૪) **રૂપસત્ય** - કોઈનું રૂપ બનાવ્યું હોય. દા.ત., નાટકમાં રાજા ભર્તૃહરિનું રૂપ કર્યું, ત્યાં જે કહેવાય. 'હવે આ ભર્તૃહરિ આવે છે.' અથવા વેશધારીને આ સાધુ છે એમ કહેવાય.

(૫) **અપેક્ષાસત્ય** - તે તે સાચી અપેક્ષાએ તેવો તેવો વ્યપદેશ થાય. દા.ત., રામ દશરથની અપેક્ષાએ પુત્ર કહેવાય, પરંતુ લવણ-અંકુશની અપેક્ષાએ પિતા કહેવાય. ૫૦ કરતાં ૧૦૦ 'મોટી' સંખ્યા પણ ૨૦૦ કરતાં 'નાની' સંખ્યા કહેવાય.

(૬) **સંમત સત્ય** - કાદવમાં ઉત્પન્ન થનાર તો કીડા પણ છે, ઘાસ પણ છે, કિન્તુ કમળને જ 'પંકજ' કહેવાય કે તે જનસંમત છે.

(૭) **વ્યવહારસત્ય** - લોકવ્યવહાર તેવો પડી ગયો હોય તેથી તેવો ભાષાપ્રયોગ થાય; દા.ત., આ માર્ગ દિલ્હી જાય છે, ખરી રીતે તો માર્ગ તો ત્યાંનો ત્યાં સ્થિર છે છતાં આ વ્યવહાર થાય તે અસત્ય ન કહેવાય. એમ કૂંડી ગળે છે, પર્વત બળે છે.

(૮) **ભાવસત્ય** - શરીર પુદ્ગલમાં ચારે વર્ણ છે, છતાં કહેવાય કે 'બગલાં સફેદ હોય છે. ભાવ, તાત્પર્ય, મુખ્યતાની દૃષ્ટિએ સત્ય.

(૯) **યોગસત્ય** - વસ્તુના યોગથી તેવો વ્યવહાર થાય. દા.ત. ધન હોવાથી ધની કહેવાય.

(૧૦) **ઉપમાસત્ય** - અમુક અપેક્ષાએ ઉપમા પૂરતું સત્ય; દા.ત., આ પુરુષવ્યાઘ્ર છે, નરસિંહ છે, પાંદડે પાણીનાં બિંદુ મોતી જેવા લાગે છે. સરોવર સમુદ્ર જેવું છે.

આ પ્રકારો ધ્યાનમાં રાખી એને અનુસરીને સત્ય ભાષાપ્રયોગ કરવો જોઈએ.

**અસત્ય ભાષા ૧૦ પ્રકારની છે :**

(૧) **ક્રોધથી** બોલાય તે, દા.ત., બાપ ગુસ્સામાં પુત્રને કહે 'તું મારો દીકરો નથી.' અથવા ક્રોધના આવેશમાં બોલાય તે આશયના બિગાડાને કારણે અસત્ય છે.

(૨) **માનથી** બોલાય તે; દા.ત., પાસે થોડું ધન છે પણ અભિમાનથી કહે 'હું ધનવાન છું.'

(૩) **માયાથી** બોલાય તે, દા.ત., દાન ન દેવું હોય એટલે કહે 'મારી પાસે



પૈસા નથી.'

(૪) **લોભથી**- દા.ત., વેપારી ભેળસેળિયા માલ માટે કહે 'આ માલ ચોકખો છે.'

(૫) **પ્રેમથી**- દા.ત., અતિ રાગી કહે કે 'હું તારો દાસ છું.'

(૬) **દ્વેષથી**- દા.ત., ઈર્ષ્યાળુ ગુણવાન માટે કહે કે 'આ નિર્ગુણી છે.'

(૭) **હાસ્યથી**- દા.ત., મશ્કરો કોઈકનું આઘુંપાછું કરી કહે 'મને શી ખબર ?'

(૮) **ભયથી**- દા.ત., ચોર વગેરેથી પકડાયેલો બોલવામાં લોચા વાળે તે.

(૯) **કથા કહેતાં**- એમાં અસત્પ્રલાપ કરે, અસત્ય ગવડાવે તે.

(૧૦) **ઉપઘાતકારી** વચન, આળ; દા.ત., ચોર ન હોય તેને માટે કહે 'આ ચોર છે' અથવા કોઈને દુઃખ-પીડા થાય એવું બોલે; દા.ત., ચોર માટે પણ કહે 'આવાને તો મારવા જ જોઈએ.' એમ આંધળાને કહે 'એ આંધળા !' અથવા તૈયાર પાકેલા ખેતર માટે કહે 'હવે આ લણવા યોગ્ય છે.'

આ પ્રકારો ધ્યાનમાં રાખી અસત્ય ન બોલાઈ જાય એની કાળજી રાખવી.

**મિશ્ર (સત્યાસત્ય) ભાષા ૧૦ પ્રકારની :**

ભાષા મિશ્ર તરીકે તો વ્યવહારથી ગણાય છે, બાકી નિશ્ચયથી તો તે અસત્ય જ છે. વ્યવહારથી કહેવાય કે થોડો સાચો અંશ હોય ને થોડો જૂઠો અંશ, એવી ભાષા એ મિશ્ર. એમાં,

(૧) **ઉત્પન્ન** સંબંધી-દા.ત., 'આ નગરમાં ૧૦ છોકરાં જન્મ્યાં,' એમ બોલે, પણ ખરેખર ઓછા વધુ જન્મ્યા હોય.

(૨) **વિનષ્ટ** સંબંધી-દા.ત., 'અહીં આજે આટલા મરી ગયા.' ખરેખર ઓછા વધુ મર્યા હોય.

(૩) **ઉત્પન્ન વિનષ્ટ ઉભય** સંબંધી-દા.ત., 'આ શહેરમાં દશ જન્મ્યા, દશ મર્યા.'

(૪) **જીવમિશ્ર**-દા.ત., જીવતા-મરેલા કીડાના સમૂહને માટે કહે 'આ જીવસમૂહ છે.'

(૫) **અજીવમિશ્ર**-ઉપરોક્ત સમૂહમાં બધા નહિ પણ ઘણા મરેલા હોય છતાં કહે 'આ મરેલા કીડાનો ઢગ છે.'

(૬) **જીવાજીવમિશ્ર**-દા.ત., એ જ સમૂહ માટે કહેવું કે, 'આટલા જીવતા છે ને આટલા મરેલા છે.' ખરેખર તેજ પ્રમાણે ન હોય.

(૭) **અનંતમિશ્ર**-દા.ત., પાંદડાદિ પ્રત્યેક જીવ સહિત કંદમૂળ માટે કહે 'આ અનંતકાય છે.'

(૮) **પ્રત્યેકમિશ્ર**-દા.ત., અનંતકાયના લેશવાળી પ્રત્યેક વનસ્પતિ માટે કહે કે 'આ પ્રત્યેક જીવો છે.'

(૯) **અદ્ધામિશ્ર** એટલે કે કાળમિશ્ર-દા.ત., જવાની ઉતાવળ હોય અને દિવસ પૂરો થવા આવ્યો હોય ને કહે 'ચલો ચલો રાત પડી.'

(૧૦) **અર્ધકાળમિશ્ર** અર્થાત્ દિવસ કે રાતના એક ભાગ સંબંધી મિશ્ર, દા.ત., 'પહોર દિવસ ચડ્યો હોય ને કહે અડધો દિવસ તો થયો, કેમ બેસી રહ્યા છો ?'

આ પ્રકારો ધ્યાનમાં રાખી બોલવામાં ખૂબ ચોકસાઈ રાખવાની છે.

**વ્યવહારભાષાના ૧૨ પ્રકાર છે :**

એમાં સત્ય કે અસત્ય જેવું નથી; માટે એને અસત્યામૃષા પણ કહે છે. એમાં,

(૧) **આમંત્રણી** - (૧) આમંત્રણ, સંબોધન કરતી ભાષા. દા.ત., 'હે વીર !' 'હે પુત્ર !'

(૨) **આજ્ઞાપની** - નિર્દોષ વિવક્ષાપૂર્વક આજ્ઞાકારિણી, દા.ત., 'આ કર.'

(૩) **યાચની** - યાચનાકારી, દા.ત., 'ભિક્ષા આપો.'

(૪) **પ્રચ્છની** - પ્રશ્નકારી, દા.ત., 'એ કેવી રીતે ?'

(૫) **પ્રજ્ઞાપની** - વસ્તુતત્ત્વનિર્દેશક, 'હિંસામાં પ્રવર્તે તો દુઃખી થાય.'

(૬) **પ્રત્યાખ્યાતીય** - પચ્ચક્ખાણના શબ્દ, અથવા નિષેધ સૂચક ભાષા, દા.ત., 'મારે આપવાની ઇચ્છા નથી.'

(૭) **ઇચ્છાનુલોમા** - અન્યની ઇચ્છામાં સંમતિના શબ્દ દા.ત., કોઈએ કહ્યું કે અમે સાધુદર્શને જઈએ છીએ, તો એના ઉત્તરમાં કહે 'સારું' 'જહાસુખં.'

(૮) **અનભિગૃહીતા** - અર્થના ઉપયોગ વિના 'ડિત્થ' 'ડવિત્થ', શબ્દની જેમ બોલાય તે.

(૯) **અભિગૃહીતા** - ઘડો વસ્ત્ર વગેરે શબ્દની માફક ઉપયોગપૂર્વક બોલાય તે.

(૧૦) **સંશયકરણી** - સંશયમાં મૂકી દે એવી અનેક અર્થવાળી ભાષા બોલાય તે. દા.ત., કહે, મીઠું ખાઓ, આમાં શંકા પડે કે મીઠું એટલે લૂણ કે ગળ્યું ગળ્યું ?

(૧૧) **વ્યાકૃતા=સ્પષ્ટા** - દા.ત., 'આ સુશીલનો ભાઈ છે.'



(૧૨) **અવ્યાકૃતા** - દા.ત., બાળકની અસ્પષ્ટ ભાષા.

ઉપરોક્ત ભાષાના ચાર પ્રકાર વ્યવહારનય માને છે, ત્યારે નિશ્ચયનય માત્ર સત્ય અને મૃષા બે જ પ્રકાર માને છે. કેમ કે એ કહે છે કે જે પરિણામે મૃષાવત્ પરિણમે તે મૃષા જ છે. દા.ત., અર્ધમૃષા પણ મૃષાવત્ પાપબંધકારી જ છે, એમ પાપપ્રેરક વ્યવહારભાષા જેમ કે 'શાક સમાર' એ પણ પાપબંધકારી જ છે, એમ પાપબંધકારી છે તેથી નિશ્ચયથી મૃષા જ છે. એટલે સાધુસાધ્વીએ ભાષામાં ખાસ કરીને નિર્દોષતા, નિરવદ્યતા અને સત્યતાનું લક્ષ રાખવું જોઈએ.

## ૪. શ્રમણધર્મનો એક મુખ્ય અંશ

### ચરણ સિત્તરી

**(લેખક : પૂ. મુનિરાજશ્રી અભયસાગરજી મહારાજ)**

**वय[५]-समणधम्म[१०]-संजम[१७] वेयावच्चं[१०] च बंभगुत्तीओ[९] ।**
**नाणाइ[३] तियं तव[१२] कोह[४] निग्गहाई चरणमेयम् ॥**

મુનિમાર્ગ પાળવા માટે આ મૂળ ૭૦ પ્રકાર છે. તેની વિગત આ પ્રમાણે :

**૫ વ્રત :** ૧. **સર્વથા પ્રાણાતિપાત વિરમણવ્રત-**

**'सम्यग् ज्ञान श्रद्धान पूर्विका निवृत्तिः विरतिः ।'**

ત્રસ સ્થાવરાદિ જીવોનો અજ્ઞાન, સંશય, વિપર્યય, રાગદ્વેષ, સ્મૃતિભ્રંશ, યોગ-દુષ્પ્રણિધાન, અને ધર્મનો અનાદર; - આ ૮ પ્રમાદોથી વધ થાય છે, તેનાથી વિરતિ, વિરામ પામવું.

૨. **સર્વથા મૃષાવાદ-વિરમણ વ્રત-** ક્રોધ-લોભ-ભય કે હાસ્યથી અસત્ય બોલવાથી અટકવું.

૩. **સર્વથા અદત્તાદાન-વિરમણ વ્રત-** નાની કે મોટી કોઈપણ વસ્તુ સ્વામિ-જીવ-તીર્થંકર અને ગુરુની રજા વગર લેવાથી અટકવું.

૪. **સર્વથા મૈથુન-વિરમણ વ્રત-** વિષય ભોગાત્મક મૈથુન સંબંધી ક્રીડાથી સર્વથા અટકવું.

૫. **સર્વથા પરિગ્રહ-વિરમણ વ્રત-** મૂર્ચ્છા-આસક્તિ પૂર્વક સાંસારિક પદાર્થો સંગ્રહવાથી અટકવું. ધર્મના ઉપગરણોય વધુ પડતા ભેગા કરવાની વૃત્તિથી સર્વથા અટકવું.

**૧૦ શ્રમણધર્મ :** ૧. **ક્ષમા-** ક્રોધને કાબૂમાં રાખવો. હડહડતા અપરાધ

કરનાર ઉપર પણ માનસિક અહિતની ઇચ્છા સરખી પેદા ન થવા દેવી. સ્વપર હિતકારક સહનશીલતાનો સુદૃઢ અભ્યાસ કરવો.

**૨. નમ્રતા-** અભિમાનનો ત્યાગ કરવો. ગુણ-ગુણી ઉપર અનુરાગ બુદ્ધિ કેળવવી. યોગ્ય વિનય મર્યાદાના અભ્યાસી બનવું. કુલજાતિ આદિ આઠેય મદને સ્વપરહાનિકારક સમજી વર્જવા.

**૩. સરળતા-** સર્વ પ્રકારના માયા-દંભ-છળ-પ્રપંચ-કપટાદિનો ત્યાગ કરવો. નિષ્કપટભાવે કથન-વર્તનની એકવાક્યતા સાધી આદર્શ માનસિક પવિત્રતા જાળવવી.

**૪. મુક્તિ-** ઇચ્છામાત્રનો નિગ્રહ કરી પરમ શાંતિ-સુધારસનો આસ્વાદ કરવો. વિષયસુખની તૃષ્ણાને વધારનારા સાંસારિક પદાર્થોની મોહમાયાથી અલગ થઈ સ્વસંવેદ્ય સુખનો અનુભવ કરવો.

**૫. તપ-** ઇન્દ્રિયના વિકારો અને માનસિક અશુભ ભાવોના નિરોધ પૂર્વક પૂર્વ કર્મનો ક્ષય કરનાર બાહ્ય અભ્યંતર તપ કરી આત્મિક જ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત કરવા.

**૬. સંયમ-** અનાદિ કાળના સાહજિક અશુભ સંસ્કારોને આધીન થઈ પ્રમાદાદિ અશુભ આચરણમાં વર્તવા જતા આત્માને નિયંત્રિત રાખવો. વિષય કષાયાદિની પ્રવૃત્તિથી સાવચેત રહેવું અને પ્રેક્ષા-ઉપેક્ષા-પ્રમાર્જના-પરિષ્ઠાપના સંયમ સાચવવો.

**૭. સત્ય-** તથ્ય-પથ્ય-મિત-હિતકારી અને વીતરાગ પ્રભુની આજ્ઞાને નહિ ઓળંગનારું અવસરોચિત બોલવું.

**૮. શૌચ-** આંતરિક પ્રવૃત્તિઓની પવિત્રતા માટે જાગૃત રહેવું. મૈત્રી આદિ ભાવનાઓથી વિશુદ્ધ અંતઃકરણવાળા બનવું.

**૯. આકિંચન્ય-** મમત્વ ભાવને ઉત્પન્ન કરનાર મોહક પદાર્થોનું ગ્રહણ ન કરવું. ધર્મના ઉપકરણોનો પણ વધુ પડતો સંચય ન કરવો.

**૧૦. બ્રહ્મચર્ય-** સ્ત્રી પુરુષ સંભોગરૂપ મૈથુનનો સર્વથા ત્યાગ કરવો.

**૧૭ સંયમ :** ૫-પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકામ, વનસ્પતિ-કાયની સહેજ પણ વિરાધના ન કરવી.

૪-બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરેંદ્રિય અને પંચેંદ્રિય જીવોને પરિતાપના, કિલામણ, કે વિરાધના થાય તેવી પ્રવૃત્તિ ન કરવી.

**૧-અજીવકાય સંયમ-** ઠોકર લાગવાદિ પ્રસંગે અજ્ઞાનવશ પત્થરાદિ પર રોષ ન કરવો. અથવા મોહક પદાર્થોને સંયમના સાધન માની તેના ભોગથી વિરમવું.



**૧-પ્રેક્ષા** સંયમ-પ્રત્યેક કાર્ય કરતાં પહેલાં વિચાર પૂર્વક ચક્ષુ પડિલેહણાદિનો ઉપયોગ રાખવો.

**૧-ઉપેક્ષા** સંયમ-વિવિધ રીતે સમજાવવા છતાં પણ સંયમની સાધનામાં છતું પણ વીર્ય નહિ ફોરવનાર તરફ, સાવદ્ય વ્યાપારમાં પ્રવર્તતા ગૃહસ્થ તરફ ઉપેક્ષા ભાવ કેળવવો અને નિરવદ્ય વ્યાપારમાં તથા જ્ઞાનાદિની સાધનામાં અહર્નિશ ઉદ્યત રહેવા શુભ પ્રેરણા કરવી.

**૧-પ્રમાર્જના** સંયમ-વસ્તિ પ્રમાર્જે. વસ્ત્ર, પાત્ર પણ પ્રમાર્જીને લે-મૂકે. ગામમાં પેસતાં લોક ન દેખે તે રીતે પગ પ્રમાર્જે.

**૧-પરિષ્ઠાપના** સંયમ-સંયમની સાધનામાં અનુપયોગી અગર દોષિત આહાર-વસ્ત્ર-પાત્રાદિ વિધિપૂર્વક યતનાથી પઠવવા. કોઈ પણ તેનો હિંસાદિના સાધન તરીકે ઉપયોગ ન કરી શકે તેની તકેદારી રાખવી.

**૩-મન વચન કાયાનો** સંયમ-મન વચન કાયાના અશુભ યોગો રોકવા અને શુભ યોગો સેવવા,

**૧૦ વૈયાવચ્ચ :** આચાર્ય-ઉપાધ્યાય-તપસ્વી-શૈક્ષક-ગ્લાન-સ્થવિર-સમનોજ્ઞ-સંઘ કુલ-ગણ. આ દસેની ધર્મના સાધનો દ્વારા શુશ્રૂષા કરવી.

**૯ બ્રહ્મચર્યની ગુપ્તિ :** ૧. સ્ત્રી, પશુ કે નપુસંકવાળી વસતિમાં ન રહેવું.

૨. સ્ત્રી, પશુ કે નપુંસક સંબંધી કામકથા ન કરવી.

૩. સ્ત્રીના આસને બે ઘડી સુધી બેસવું નહિ.

૪. સ્ત્રીના અંગોપાંગ રાગદૃષ્ટિથી જોવા નહિ.

૫. સ્ત્રી સંબંધી વિષયકથા ભીંત આંતરેથી સાંભળવી નહિ.

૬. ગૃહસ્થપણામાં કરેલ કામક્રીડાનું સ્મરણ કરવું નહિ.

૭. કામવાસનાવર્ધક સ્નિગ્ધ આહાર વાપરવો નહિ.

૮. શુષ્ક, વિરસ આહાર પણ માત્રાધિકપણે કરવો નહિ.

૯. શરીર કપડાં વગેરેની ટાપટીપ કરવી નહિ.

**૩ જ્ઞાનાદિ :** જ્ઞાન-દર્શન-ચારિત્રની સુંદર આરાધના કરવી.

**૪ ક્રોધાદિ નિગ્રહ :** જેનાથી સંસાર વધે તેવા ક્રોધ-માન-માયા-લોભ એ ચારે કષાયોનો નિગ્રહ કરવો.

**૧૨ તપ :** બાહ્ય તપ છ પ્રકારે-૧ અનશન, ૨ ઉણોદરી, ૩ દ્રવ્યસંક્ષેપ,

૪ વિગઈત્યાગ, ૫ કાયકલેશ, ૬ અંગોપાગનું સંયમન. આ ૬ બાહ્યતપને સેવવા તથા પ્રાયશ્ચિત-વિનય-વૈયાવચ્ચ-કાયોત્સર્ગ સ્વાધ્યાય અને ધ્યાન. આ છ અભ્યન્તર તપને સેવવા.

## • ચરણસિત્તરિ અંગે પ્રશ્નોત્તર •

### (લે. પં. ભાનુવિજયજી ગણિવર્ય)

ચરણસિત્તરીના ૭૦ ભેદોને ધ્યાનમાં રાખી જીવનમાં તે ગુણોની પ્રાપ્તિ માટે સદા ઉદ્યમ રહેવું. એ ગુણોનો ઉપસંહાર આ રીતે :

| | | |
|---|---|---|
| વ્રત | ૫ | પ્રાણાતિપાત વિરમણાદિવ્રત |
| શ્રમણધર્મ | ૧૦ | ક્ષાન્ત્યાદિ ૧૦ ભેદે શ્રમણધર્મ |
| સંયમ | ૧૭ | પાછા હટવું - સંયમ ૧૭ પ્રકારે |
| વૈયાવચ્ચ | ૧૦ | આચાર્યદિના કાર્યમાં પ્રવૃત્ત થવું તે વૈયાવચ્ચ |
| બંભગુત્તિ | ૯ | વસત્યાદિ ૯ બ્રહ્મગુપ્તિ |
| જ્ઞાનાદિત્રિક | ૩ | સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્ર |
| તપ | ૧૨ | અનશનાદિ તપ |
| ક્રોધાદિનિગ્રહ | ૪ | ક્રોધમાન-માયા-લોભનો નિગ્રહ |

**પ્ર.**- ગુપ્તિઓ ૪થા વ્રતમાં અંતર્ગત હોવાથી જુદી શા માટે કહેવી ? ૪થા વ્રતની વાડભૂત ગુપ્તિઓ કહો છો, તો તેમ દરેક વ્રતની વાડરૂપ ગુપ્તિ કેમ બતાવી નહિ ? માટે કાં તો ગુપ્તિઓ કહો કે કાં ચોથું વ્રત કહો-બંને નહિ.

ઉ.- ૪થું વ્રત નિરપવાદ છે એ બતાવવા એની ગુપ્તિઓ એનાથી જુદી ગણી અથવા ૧લા છેલ્લા જિનના શાસનમાં પાંચમા મહાવ્રતથી આ મહાવ્રત ભિન્ન છે એ બતાવવા ભિન્ન કહી. બીજા વ્રતોનું ઉલ્લંઘન હજી ય કદાચ ક્યારેક રાગદ્વેષ વિના બને, પણ ચોથાનું નહિ. માટે ચોથું વ્રત ખૂબ કડક બની પાળવું.

**પ્ર.**- જ્ઞાનાદિમાં જ્ઞાનદર્શન બે જ કહેવા, ત્રણ શા માટે ? કેમ કે ચારિત્ર તો 'વ્રતગ્રહણ'માં જ આવી ગયું છે.

ઉ.- 'વ્રતગ્રહણ' એ તો પંચવિધ ચારિત્રનો એક અંશ છે. બાકી ૪ પ્રકારનું ચારિત્ર વ્રતગ્રહણથી ગૃહીત નથી માટે ચારિત્ર લેવા જ્ઞાનાદિત્રિક કહ્યું છે.

**પ્ર.**- શ્રમણધર્મ ગ્રહણમાં સંયમ અને તપ ન કહો, કેમ કે શ્રમણધર્મ ગ્રહવાથી તે આવી જ ગયા છે.



ઉ.- સંયમ અને તપ મોક્ષના પ્રધાન અંગ હોવાથી જુદા કહ્યા છે.

**પ્ર.**- મોક્ષ માટે પ્રધાન અંગ શી રીતે ?

ઉ.- નવાં કર્મનું આગમન રોકે તે સંયમ અને પૂર્વોપાર્જિત કર્મક્ષય કરે તે તપ. માટે આ બંનેની પ્રધાનતા છે. જેમ કહેવાય છે કે 'બ્રાહ્મણો આવ્યા ને વશિષ્ઠ પણ આવ્યા.' અહીંયાં બ્રાહ્મણો કહેવાથી વિશિષ્ઠ પણ ગૃહીત જ છે, છતાં વશિષ્ઠની પ્રધાનતા બતાવવા જુદાં કહ્યા. માટે શ્રમણજીવનમાં સંયમ અને તપ પર ખૂબ જોર આપવું.

**પ્ર.**- 'તપ' ગ્રહણથી 'વૈયાવૃત્ય'નો ઉપન્યાસ નિરર્થક છે. તપમાં જ વૈયાવચ્ચ અંતર્ગત હોવાથી.

ઉ.- વૈયાવૃત્યનું અપ્રતિપાતી ગુણ અને સ્વ-પર ઉપકારિત્વથી પ્રાધાન્ય છે, અનશનાદિ શેષ તપનું તેમ નથી. તે ભેદ બતાવવા જુદા કહ્યા. આ હિસાબે વૈયાવચ્ચ ખૂબ કરવા જેવી.

**પ્ર.**- ક્રોધાદિનો નિગ્રહ ક્ષમાદિ શ્રમણધર્મના ગ્રહણથી જ ગૃહીત થઈ ગયો, તેને પૃથક્ ન કહેવો જોઈએ.

ઉ.- ક્રોધાદિ બે પ્રકારે-ઉદીર્ણ-અનુદીર્ણ. ઉદીર્ણનો નિગ્રહ તે 'ક્રોધાદિ નિગ્રહ,' અને અનુદીર્ણનો નિગ્રહ તે શ્રમણધર્મ ક્ષમાદિ. અથવા વસ્તુ ૩ પ્રકારે. ગ્રાહ્ય-હેય-ઉપેક્ષણીય. ક્ષાન્ત્યાદિ ગ્રાહ્ય હોઈ આદરવા જેવા છે. ક્રોધાદિ હેય, માટે તેનો નિગ્રહ કરવો જોઈએ. તેથી ક્રોધાદિનો નિગ્રહ શ્રમણધર્મથી પૃથક્ કહ્યો. એ સૂચવે છે કે હૃદયમાં ક્રોધ ઉઠે તો તેના નિગ્રહ રૂપે એનું ફળ મુખવિકાર, ક્રોધિત શબ્દ, રીસ વગેરે ન બેસવા દેવું.

## ૫. અસમાધિ સ્થાન

### (લેખક : પં. ભાનુવિજયજી ગણિવર્ય)

સામાન્યથી ઘરખટલામાં ફસેલા શ્રાવકને પણ અસમાધિથી બચવાનું કહ્યું છે, તેથી જ અસમાધિકારક કેટલાય પ્રસંગોમાં શ્રાવકે આવવાનું નથી, તો પછી વિશ્વમાં અતિ ઉચ્ચ કોટિના ચારિત્ર જીવન પામેલાએ અસમાધિથી બચવા માટેનું તો પૂછવું જ શું ? અસમાધિમાં અપ્રશસ્ત હર્ષ-ખેદ થાય છે, રાગદ્વેષ ભભૂકે છે, ચિત્તને ખોટાં કૌતુક-આતુરતા અને આર્તધ્યાન થાય છે. એ એક બાજુ અનાદિના કુસંસ્કારને કમ કરવાની વાત તો દૂર, ઊલટું દઢ કરે છે, ને બીજી બાજુ થોકબંધ પાપ કર્મ બંધાવે છે. માટે સાધુ-સાધ્વીએ અસમાધિ કરાવનાર પ્રસંગથી જ દૂર રહેવું જોઈએ.

જેથી અસમાધિ થાય નહિ.

આવશ્યક સૂત્રમાં અસમાધિ કરાવનારાં ૨૦ સ્થાન કહ્યાં છે, તેનાથી દૂર રહેવા માટે પહેલાં એ સમજી લેવા જોઈએ. એ સહેલાઈથી યાદ રાખવા માટે તેને આ પ્રમાણે વહેંચી શકાય, -ગમનાદિ પ્રવૃત્તિના ૫ + સંગ્રહ ભોજનના ૩ + જ્ઞાનાચાર ભંગના ૩ + ભાષાના ૪ + કષાયના ૫ = ૨૦ તેનાં છૂટક નામ :

| | |
|---|---|
| ૧. શીઘ્રગમન | ૧૧. અકાલ સ્વાધ્યાય |
| ૨-૩. અપ્રતિ દુષ્પ્રતિ લેખિત બેસવું | ૧૨. સાવદ્યભાષાદિ |
| ૪. જીવઘાતક અજતના પ્રવૃત્તિ | ૧૩. નિશ્ચયભાષા |
| ૫. સચિત રજ વિરાધના | ૧૪. ભેદકારીભાષા |
| ૬. અધિક ઉપકરણ | ૧૫. નિંદા |
| ૭. અતિભોજન | ૧૬. ચીડિયો સ્વભાવ |
| ૮. એષણાદોષો | ૧૭. જેની તેની સાથે કષાય |
| ૯. રત્નાધિક અવિનય | ૧૮. આગંતુક સાથે કલહ |
| ૧૦. જ્ઞાનવૃદ્ધાદિ ઉપઘાત | ૧૯. જૂનું યાદ કરી કષાય-ઉદીરણા |
| | ૨૦. ક્રોધપરંપરા. |

**આની સમજુતી :**

૧. શીઘ્રગમન એટલે જલદી જલદી ચાલવું. આમ ચાલવામાં સહેજે મનમાં કોઈ એવી અસમાધિકારક ઝંખના-આતુરતા હોય છે કે જલદી પહોંચી જાઉં. વળી ઈરિયાસમિતિ પણ બરાબર સચવાય નહિ, એ ઉપેક્ષા પણ અસમાધિકારક બને છે. તાત્પર્ય ચિત્તની સમાધિ જાળવવામાં આ ઉતાવળ બાધક બને છે.

૨-૩. અપ્રતિલેખિત-દુષ્પ્રતિલેખિત સ્થાને બેસવું અર્થાત્ બેસતાં પહેલા તથા નીચેની જગા કે આસન પર દૃષ્ટિ જ ન નાખે તેમજ પૂંજે પ્રમાર્જે નહિ. અથવા બરાબર વિધિપૂર્વક નહિ કિન્તુ જેમ તેમ અડધું પડધું જુએ અને પૂંજે પ્રમાર્જે ત્યાં એવી બેદરકારીમાં ચિત્ત અસમાધિમાં પડે. દૃષ્ટિથી પ્રતિલેખન (નિરિક્ષણ) અને રજોહરણથી પૂંજવા પ્રમાર્જવામાં ચોક્કસ ઉપયોગ એ એક આવશ્યક ધર્મયોગ છે. અવશ્ય કર્તવ્ય ધર્મયોગમાં બેદરકારી એ અસમાધિવાળા ચિત્તનું લક્ષણ છે.

૪. જીવઘાતક અજતના પ્રવૃત્તિ-અજતના અનુપયોગથી પ્રવૃત્તિ કરવામાં જીવની વિરાધના થાય છે અને દશવૈકાલિકસૂત્ર તો ત્યાં સુધી કહે છે કે **'અજયં ચરમાણો ય પાણભૂયાઈ હિંસઈ'** અર્થાત્ અજતનાથી ચાલવા વગેરેમાં કદાચ જીવ



ઘાત ન પણ થાય તોય એ ભાવથી હિંસક બને છે. એટલે આ ઉપયોગ શૂન્યતા એ અધર્મરૂપ છે એમાં ચિત્ત સમાધિરહિત કહેવાય.

**૫. સચિત્ત રજ વિરાધના :** ગામમાં પેસતા નીકળતા અગર વિહારમાં સુવાળી રેતમાંથી કર્કશ રેતીમાં, લાલ માટીમાંથી કાળી માટીમાં જતાં પગ પૂંજી લેવા જોઈએ. તે ન પૂંજે તો પરસ્પર વિજાતિય પૃથ્વિકાયરજનો ઘાત થાય. એમ સચિત્તરજવાળા પગથી આસન પર બેસે યા સચિત્તરજવાળાના હાથેથી ભીક્ષા લે. ઈત્યાદિમાં ચિત્તની બેદરકારી હોઈ અસમાધિ વર્તતી ગણાય.

**૬. અધિક ઉપકરણ :** સંયમને માટે ખાસ જરૂરી ન હોય તેવા ઉપકરણ વસ્ત્ર પાત્રાદિ, પાટપાટલાદિ, અથવા વધારે પડતાં ઉપકરણ રાખે, વાપરે ત્યાં ચિત્ત મોહમૂઢ બને એ અસમાધિનું સ્થાન છે.

**૭. ભોજન :** એટલે ઘણું ભોજન કરે જેથી ગોચરીના દોષ તથા સંયમની ઉપેક્ષા થાય. વળી આખો દિવસ ખુલ્લા મોંઢે રહી વધારે ટંક કરે, અથવા પ્રમાદ, લોભ ઈત્યાદિ વશ દેવદ્રવ્યાદિનું સીધું યા આડકતરી રીતે (દેવદ્રવ્ય ખાનારના ત્યાંથી ભિક્ષા લાવીને) ભક્ષણ કરે આ બધામાં ચિત્તમાં ખૂબ જ અસમાધિ પોષાય છે.

**૮. એષણાદોષ :** ગોચરી પાણી આદિમાં એક યા બીજો ગવેષણાનો દોષ લગાડે, પણ દોષ ટાળવાનો પ્રયત્ન ન રાખે. એમ ગ્રાસેષણામાં રાગાદિ દોષ લગાડે ત્યાં બધે ચિત્ત અસમાધિવાળું બને છે.

**૯. રત્નાધિકનો અવિનય :** ચારિત્રપર્યાયે અધિકના સાથે અવિનયથી બોલે તે પણ અસમાધિસ્થાન છે.

**૧૦. જ્ઞાનવૃદ્ધાદિકનો ઉપઘાત :** એટલે જ્ઞાનવૃદ્ધ વયોવૃદ્ધ વગેરેનો ઉપઘાત કરે, એમને ઉદ્વેગ પમાડે તે પણ અસાધિસ્થાન છે.

**૧૧. અકાલ સ્વાધ્યાય :** કાળે સ્વાધ્યાયના જ્ઞાનાચારની કે એ ફરમાવનાર જિનાજ્ઞાની ઉપર અથવા શ્રુતજ્ઞાન ઉપર ભક્તિ બહુમાન ન હોવાથી અગર ઓછું હોવાથી અકાળે સ્વાધ્યાય કરવાનું બને છે તેથી ત્યાં ચિત્ત સ્પષ્ટપણે અસમાધિમાં છે.

**૧૨. સાવદ્યભાષાદિ :** જીવની અજતનાને અથવા બીજા સંસારી પાપને પ્રેરે એવી ભાષા તે સાવદ્યભાષા; તેમજ સાચાજૂઠાંના ખ્યાલ વિનાની ભાષા એય સાવદ્યભાષા તથા વિકાળે એટલે પાછલી રાત્રે પ્રતિક્રમણ, સ્વાધ્યાય વગેરે ઊંચા સ્વરે બોલે જેથી આજુબાજુના મનુષ્ય-તિર્યંચ જાગી જઈ અસંયમમાં પ્રવર્તમાન થાય, આ બધું પણ અસાધિસ્થાન છે. કેમ કે ચિત્તની તેમાં જીવ રક્ષા અને સંયમ પ્રત્યે બેદરકારી છે અથવા ગૃહસ્થની ભાષા બોલે.

**૧૩. નિશ્ચયભાષા :** સાધુ-સાધ્વી જેમાં સંદેહ હોય અગર ખબર જ ન હોય ત્યાં 'આ આમ છે, -આમ થશે' એવા નિશ્ચયાત્મભાષા ન બોલે, પરંતુ પૂરી સંભવિત હોવાની ખબર હોય એવી બાબતમાં પણ નિર્ણયાત્મક 'જ'કારવાળી ભાષા પણ ન બોલે, કેમ કે વિચિત્ર ભવિતવ્યતાથી બીજું જ બની જાય તો અસત્ય લાગે. નિશ્ચયાત્મક ભાષા બોલવી એ અસમાધિસ્થાન છે.

**૧૪. ભેદકારી ભાષા :** પોતાના સ્વાર્થવશ અગર ઈર્ષ્યાથી સમુદાયમાં એકને કાંઈ ને બીજાને બીજું ભળાવે જેથી એમને પરસ્પરમાં વૈમનસ્ય થાય દિલ ઊંચા થાય; એવી ભેદકારી ભાષા પણ અસમાધિજન્ય અને અસમાધિપ્રેરક છે.

**૧૫. નિંદા :** અન્ય સાધુ-સાધ્વી યા શ્રાવક શ્રાવિકાની હલકાઈ ગાય, ઘસાતું બોલે વગેરે નિંદા કરવી એ ભારે અસમાધિનું સ્થાન છે.

**૧૬. ચીડિયો સ્વભાવ :** એમાં વાતવાતમાં ચિડાઈ જાય, રિસાઈ જાય. આવેશ, ક્રોધ આવી જાય એ પણ અસમાધિ સ્થાન છે.

**૧૭. જેની તેની સાથે કષાય માંડે,** ગુસ્સો કરે, અભિમાન દેખાડે, પ્રપંચ રમે, હસામશ્કરી કરે એ અસમાધિસ્થાન છે.

**૧૮. આગંતુક સાથે કલહ,** ટંડો, ઝગડો, રગડો કરે, નવા આવેલ સાધુ-સાધ્વી ખમાય નહિ. આ પણ અસમાધિ સ્થાન છે.

**૧૯. જૂનું યાદ કરી કષાયની ઊદીરણા કરે,** અત્યારે એ યાદ કરવાનું કોઈ ફળ નથી, છતાં યાદ કરી કરી પણ કષાયમાં ચઢે, આવું યાદ કરવું એ પણ અસમાધિનું સ્થાન થયું.

**૨૦. ક્રોધની પરંપરા** એટલે કે કયાંક ગુસ્સો થઈ ગયો, પણ પછી એને ન ખમાવતાં ગાંઠ વાળે, ક્રોધ પર વાજબી હોવાનો સિક્કો મારે, તો ક્રોધની પરંપરા ચાલે. એ અસમાધિ સ્થાન છે.

આ ૨૦ અસમાધિસ્થાનો સૂચવે છે કે તે તે બાબત ચિત્તમાં અસમાધિને પોષનારી છે. માટે એ વીસેય બાબત જ અટકાવી દેવી; કેમ કે આખીય જીવનભરની ધર્મસાધનાઓનો સાર ચિત્તની સમાધિમાં લાવવાનો છે, તે અસમાધિનાં સ્થળ સેવીએ તો સમાધિ ક્યાંથી આવે, રહે કે ટકે ? તપ વગેરે ઘણી આરાધનાઓ કરનારાની પણ અસમાધિથી ગતિ બગડી ગઈ છે. અસમાધિથી આત્મામાં સંસ્કરણ બગડે છે, અને ચાલુ અસમાધિ રહેવાથી શલ્યના પણ ભોગ બનવું પડે છે, કેટલાક સ્થાનોમાં વૈરાદિના અનુબંધ પડે છે. વગેરે મહાઅનર્થ સમજી અસમાધિસ્થાનોનો ત્યાગ કરી દેવો.



## ૬. 'અટ્ઠારસસહસ સીલંગધારા'

**(લેખક : પં. ભાનુવિજયજી ગણિવર્ય)**

મુનિઓનું આ એક મહત્ત્વનું વિશેષણ છે કે એ ૧૮,૦૦૦ શીલાંગના ધારક હોય છે; શીલાંગ=સાધ્વાચારના પ્રકાર. એની ટૂંકી સમજ આ પ્રમાણે-

કાય-ધર્મ-ઈન્દ્રિય, સંજ્ઞા-યોગ-કરણ.

૧૦ x ૧૦ x ૫ x ૪ x ૩ x ૩ = ૧૮,૦૦૦

**કાય ૧૦માં** - પૃથ્વીકાયાદિ ૫ + બે ઇંદ્રિયાદિ ૪ + અજીવકાય.

**ધર્મ ૧૦માં** - ક્ષમાદિ ૪ + સંયમ, સત્ય, શૌચ, (હૃદયની પવિત્રતા), બ્રહ્મચર્ય, અકિંચનતા (અપરિગ્રહ) એ ૫ + તપ.

**ઈન્દ્રિય ૫** - સ્પર્શનેન્દ્રિય વગેરે.

**સંજ્ઞા ૪** - આહારસંજ્ઞા, -વિષયસંજ્ઞા-પરિગ્રહસંજ્ઞા-નિદ્રાસંજ્ઞા.

**યોગ ૩** - મનોયોગ, વચનયોગ, કાયયોગ.

**કરણ ૩** - કરવું, કરાવવું, અનુમોદવું.

હવે આમાંથી ૧૮,૦૦૦ ભેદ કરવા માટે છ પૈકી દરેક વિભાગમાંથી એકેકને બીજા દરેક વિભાગના એકેક સાથે જોડવાનો. દા.ત., ક્ષમા ગુણમાં રહીને સ્પર્શનેન્દ્રિયનો નિગ્રહ કરવા પૂર્વક, આહારસંજ્ઞાથી મુક્ત બની પૃથ્વીકાયનો આરંભ મનથી **કરીશ** નહિ.'- આ ૧લો ગુણ.

પછી ઉપર પ્રમાણે જ 'ક્ષમાદિ ગુણમાં રહી... પૃથ્વી० આરંભ મનથી **કરાવીશ** નહિ.' -આ ૨જો ગુણ.

એમ, 'ક્ષમાદિ... કરતાને **અનુમોદીશ** નહિ.' -આ ૩જો ગુણ.

પછી 'મનથી'ની જગ્યાએ હવે 'વચનથી' પદ લઈ ઉપર પ્રમાણે ૩ ગુણ; એટલે કે ઉપરોક્ત ક્ષમાદિ ગુણો સહિત પૃથ્વીકાયનો આરંભ **વચનથી** ન કરું, ન કરાવું, ન અનુમોદું.

પછી 'વચનથી' ને બદલે 'કાયાથી' ૩.

આમ કરણ અને યોગના ૯ ભેદ થયા.

બાદ, એ નવ **આહારસંજ્ઞાનિવૃત્તિ** સાથે હતા. તે જ નવે ય હવે **વિષયસંજ્ઞાનિવૃત્તિ** સાથે લેવા. પછી **પરિગ્રહસંજ્ઞાનિવૃત્તિ** સાથે, અને બાદ **નિદ્રાસંજ્ઞાનિવૃત્તિ** સાથે; એમ ચાર વાર ૯-૯ કુલ ૩૬.

આ છત્રીસે ય **સ્પર્શનેન્દ્રિયનિગ્રહ** સાથે ગણ્યા હતા. તેજ ૩૬ હવે **રસનેન્દ્રિયનિગ્રહ** સાથે, પછી ઘ્રાણેન્દ્રિય૦ સાથે...એમ **પાંચેય ઇન્દ્રિયનિગ્રહ** સાથે ૩૬-૩૬ ગણતાં કુલ ૧૮૦ ભેદ થયા.

આ ૧૮૦ પ્રકાર **ક્ષમા** ગુણમાં રહીને ગણ્યા, તે જ રીતે ૧૮૦ પ્રકાર ક્ષમાને બદલે **નમ્રતા** ગુણની સાથે ગણવાના... એમ દસે ય યતિધર્મ સાથે ૧૮૦-૧૮૦ ગણતાં ૧૮૦૦ ગુણ થયા.

આ ૧૮૦૦ ગુણો પણ પૃથ્વીકાય આરંભના ત્યાગ પર થયા, તે હવે અપકાય આરંભત્યાગ ઉપર એજ પ્રમાણે ૧૮૦૦; એમ તેઉકાય આરંભત્યાગ... યાવત્ અજીવ આરંભ ત્યાગ દરેક પર ૧૮૦૦-૧૮૦૦, કુલ ૧૮૦૦ x ૧૦ = ૧૮૦૦૦ ગુણ યા ભેદ થયા.

આ ક્ષમાદિ ગુણમાં રહેવું, ઇન્દ્રિયનિગ્રહ અને સંજ્ઞાનિવૃત્તિ કરવી, અને મન-વચન-કાયાથી આરંભ કરવો નહિ, કરાવવો નહિ, અનુમોદવો નહિ, એ બધો જ સાધુનો આચાર છે, શીલ છે, અને દરેક મુદ્દો એનું એકેક અંગ છે. તેથી ૧૮૦૦૦ શીલના અંગ=શીલાંગ થયા. આ શીલાંગને રથની ઉપમા અપાય છે, મુનિ એમાં આરૂઢ થાય છે. એ રથ જ્ઞાન અને ક્રિયા, નિશ્ચય અને વ્યવહાર, બાહ્યતપ અને આભ્યન્તર તપ, સંવર અને નિર્જરાં વગેરે બબે પૈડા ઉપર ચાલે છે.

આ હિસાબે મુનિપણું એટલે કેટલી બધી જવાબદારીવાળું જીવન છે, તો સાથે જ કેટલું અતિઉત્તમ ભવ્ય અને સુંદર જીવન છે, એ આ ઉપરથી ખ્યાલમાં આવી શકાશે. એવી જવાબદારીનું જીવન અરિહંત પરમાત્માની સાક્ષીમાં, ચતુર્વિધસંઘની સમક્ષ નાની અને મોટી દીક્ષા ગ્રહણ કરવા પ્રસંગે વીરતાપૂર્વક સ્વીકાર્યા પછી એ જવાબદારી અદા કરવા માટે મન, વચન અને કાયા ત્રણેયને તેની આરાધનામાં એકાકાર કરી રાખવા જોઈએ. એમ એવું સુંદર જીવન જીવવાથી આત્મામાં જે સાચો, નિર્મળ, આંતરિક આનંદ ઊભો થાય છે તેની આગળ પ્રમાદ, ઇન્દ્રિયાસક્તિ, આહારઆદિની ગુલામી કે ક્રોધાદિ કષાયોથી થતા સુખાભાસ કંઈ વિસાતમાં નથી. એ સુખાભાસ ક્ષણજીવી હોય છે. સમયવીતે એ કાંઈ વારંવાર આનંદ આપતા નથી, તેમ નવી નવી એની ભૂખ અને એ ભૂખની પાછળ પાછી એ જ ઇન્દ્રિયો વગેરેની વેઠ ઊભી રહે છે જ્યારે આરાધનાનો આનંદ અમર હોય છે કેમ કે એ પછીથી પણ જ્યારે જ્યારે કરેલી આરાધના યાદ આવે છે ત્યારે ત્યારે આનંદ જ આવે છે, અને નવી નવી આરાધનાની લગની ચાલુ રહે છે.

માટે ૧૮૦૦૦ શીલાંગનો ઊંડાણથી વિચાર-મનન કરી વારંવાર એનું સ્મરણ અને ભાવના કરવા સાથે જીવનમાં એ અઢારે હજારને ઉતારી આત્માને એનાથી



ભાવિત કર્યે જવો, ધ્યાનમાં રહે કે 'આમાંથી જેટલા પળાય એટલા પાળવા, પાળ્યા એટલો લાભ' એવું નથી, પણ બધા જ પાળવાના છે; કેમ કે ન પળાતા ભંગના હિસાબે વિરાધનાનું પાપ લાગે છે. ચારિત્રના વિરાધક બનાય છે.

## ૭. ષડ્આવશ્યકની વિધિ કેમ જરૂરી ?

**(લેખક : પં. ભાનુવિજયજી ગણિવર્ય)**

પરમ મંગળમય સાધુજીવનમાં ષડ્આવસ્યક અર્થાત્ ચાલુ ભાષામાં પ્રતિક્રમણ એ પ્રાણ છે. પ્રાણ વિના જીવન ન ટકે, એમ પ્રતિક્રમણથી પાપની શુદ્ધિ દોષોની શુદ્ધિ કર્યા વિના સાધુજીવન-સાધુતા ટકી શકે નહિ. એનું કારણ એ છે કે સાધુતાનો આધાર અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણ એ ત્રણેય કષાય ચોકડીના ક્રોધ-માન-માયા-લોભનો ક્ષયોપશમ અર્થાત્ વિશિષ્ટ નાશ ઉપર છે. સાધુજીવનમાં દિવસે ને રાતે કોઈને કોઈ કાયિક-વાચિક-માનસિક અને ઇન્દ્રિયોની પ્રવૃત્તિ દ્વારા એ કષાયવશ બનવાનું અને મહાવ્રતોને અતિચાર-દૂષણ લાગવાનું બની જાય છે. એ દિવસસંબંધી અને રાત્રિસંબંધી કષાયને વોસરાવવા માટે દૈવસિક અને રાત્રિક પ્રતિક્રમણ કરવાનું છે. એ કરવાથી એમાં વિસ્તારથી દોષોને યાદ કરવાનું, તથા એની નિંદા-ગર્હા-પશ્ચાત્તાપ અને કાયોત્સર્ગ દ્વારા દોષોની શુદ્ધિ થાય છે. એથી દોષો દ્વારા જર્જરિત બનેલું ચારિત્રશરીર દોષના ઘા પૂરાઈ જવાથી પાછું સશક્ત ટટાર અને અખંડ બને છે. જો પ્રતિક્રમણથી આ શુદ્ધિ ન કરાય તો ક્રમે કરીને ચારિત્ર તદ્દન નાશ પામી જાય છે. એટલે એ નક્કી થયું કે પ્રતિક્રમણ ચારિત્રને; સાધુજીવનને ટકાવે છે, માટે તે સાધુજીવનના પ્રાણરૂપ છે.

**પ્ર.**- શું પ્રતિક્રમણ વિના એમને એમ દોષોની નિંદા, પશ્ચાત્તાપ અને કષાયોને વોસરાવવાનું કરે તો શું ચારિત્ર ન ટકે ? પ્રતિક્રમણની જરૂર શી ?

ઉ.- એમને એમ દોષનિંદાદિમાં કાંઈ ન વળે, પ્રતિક્રમણની જરૂર છે. એનું કારણ એ છે કે (૧) ચૌદપૂર્વ અને દ્વાદશાંગીના રચનારા મહાજ્ઞાની ગણધર ભગવાને પ્રતિક્રમણસૂત્ર-વિધિની રચના કરી છે, અને એના પર સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાને યથાર્થ પ્રમાણભૂત હોવાનો સિક્કો માર્યો છે, એ પ્રતિક્રમણના વિસ્તૃત સૂત્રો અને વિધિ દ્વારા એમણે દોષોનું શુદ્ધિકરણ અને કષાયનિવારણ થવાનું દેખ્યું છે. એ શુદ્ધિકરણ અજ્ઞાન એવા આપણા મનમાન્યા રસ્તે કેવી રીતે થાય ? અતીન્દ્રિયાર્થદર્શી જ્ઞાનીએ કહેલી રીતે જ પ્રતિક્રમણ દ્વારા પાપનિરાકરણ થઈ શકે.

(૨) પાપની નિંદા માત્ર બસ નથી, પરંતુ ગુરુસાક્ષીએ ગર્હા પણ આવશ્યક

છે. એ માટે ગુરુ આગળ દોષોને આલોવવાનું, પ્રાયશ્ચિત્ત માગવાનું, અને પ્રાયશ્ચિત્ત રૂપે પ્રતિક્રમણ કરવાનું અર્થાત્ વિસ્તારથી પ્રત્યેક દોષવાર મિચ્છામિ દુક્કડં દેવાનું, આ બધું કરવું જરૂરી છે. એ પ્રતિક્રમણ વિના કેવી રીતે બની શકે ?

(૩) આ પાપ-આલોયણ-નિંદા-ગર્હા-પ્રાયશ્ચિત્તનું કાર્ય એમ જ સીધું કરાય નહિ, પરંતુ દેવવંદનાદિ મંગળ કરવા પૂર્વક પહેલાં તો પાપમાત્રની સાથેના માનસિક વાચિક-કાયિક સંબંધો રદ કરી વિરતિભાવમાં આવીને આત્માને પાપથી અલિપ્ત બનાવવો જોઈએ. એ માટે પહેલું સામાયિક જોઈએ. તો જ જૂનો કચરો બરાબર ખંખેરી શકાય.

(૪) દરેક શુભ કાર્ય મંગળ અને વિનયપૂર્વક જોઈએ. મંગલ રૂપે દેવાધિદેવ ચોવીસ પરમાત્માનું કીર્તન અને ગુરુને વિનયપૂર્વક વંદના કરાય, ગુરુની આજ્ઞા મંગાય પાપ આલોયણાદિ જેવું મહાન શુભકાર્ય કરવામાં આવે તો તે સંગીન અને વિધિપુરસ્સર યથાસ્થિત કાર્ય થયું ગણાય. આ માટે જ દેવવંદનાદિપૂર્વક વિરતિકારી સામયિક સૂત્ર ઉચ્ચાર્યા પછી ચતુર્વિંશતિસ્તવ અને વાંદણા એ ત્રણ આવશ્યક કરીને પાપ આલોચના વગેરે પૂર્વકનું પ્રતિક્રમણ કરવું જ જોઈએ.

(૫) વળી એ પણ વસ્તુ છે કે એમને એમ પાપની નિંદા ગર્હા કરી લેવામાં પૂર્ણ શુદ્ધિ ન થાય ત્યારે અહીં તો પ્રતિક્રમણમાં પૂર્ણ શુદ્ધિ કરવા માટે વિધિ છે, ને તે એ કે અતિચારોના વિસ્તૃત સૂત્રથી મિચ્છામિ દુક્કડં દેતા આવ્યા પછી રહ્યાસહ્યા દોષોની ય શુદ્ધિ માટે કાયોત્સર્ગ કરવામાં આવે છે. પાછું દોષોથી લાગેલા ઘા ઉપર પચ્ચક્ખાણરૂપી મલમપટી લગાડવામાં આવે છે. તેથી પૂર્ણશુદ્ધિનું કાર્ય નીપજે છે.

આમ વિરતિભાવ અર્થે સામાયિક, મંગળ અર્થે ચતુર્વિંશતિસ્તવ, વિનય અર્થે ગુરુવંદન, પછી પાપ આલોવવાદિ દ્વારા પ્રતિક્રમણ (દોષનિવૃત્તિ) બાદ કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ એમ છ આવશ્યકથી જ પાપશુદ્ધિનું કાર્ય થાય. માટે એના વિના ન ચાલે.

• • •

## ૮. પ્રતિક્રમણની ક્રિયામાં 'તચ્ચિત્ત, તન્મન' વગેરે

**(લેખક : પં. ભાનુવિજયજી ગણિવર્ય)**

પ્રતિક્રમણ રોજ બંને ટંક કરવાનું તો હોય જ છે. પરંતુ જો એ ક્રિયા નિષ્પ્રાણ જેવી કરવામાં આવે છે તો જબરદસ્ત પ્રભાવી યોગસાધનારૂપી સુવર્ણરસને



ધૂળમાં ઢળી જવા દેવા જેવું થાય છે. રખડતા ચિત્તે, રસ વિના, કંટાળાભરી રીતે અને તન્મય થયા સિવાય વેઠ ઉતારવા રૂપે પ્રતિક્રમણ કરાય એ નિષ્પ્રાણ પ્રતિક્રમણ ક્રિયા બને છે.

પ્રતિક્રમણ યાને ષડાવશ્યકનું આચરણ પ્રાણવાન બનાવવા માટે અનુયોગ દ્વાર સૂત્ર કહે છે. દ્રવ્યાવશ્યક નહિ કિન્તુ ભાવાશ્યક કરો અને એ માટે કેવા થવું તો કહે છે-

**"तच्चित्ते तम्मणे तल्लेस्से तदज्झवसाणऽज्झवसिए तदट्ठोवउत्ते तदप्पिअकरणे ।"**

અર્થાત્ તચ્ચિત્ત, તન્મન, તદ્‌લેશ્યાવાળા તદ્‌અધ્યવસાયમાં પરોવાયેલ, તદર્થમાં જ ચિત્તોપયોગવાળા, અને તેના પૂર્ણ ઉપકરણમાં અર્પિત, મન-વચન-કાયા ત્રણેયને તેનામાં જ ઓતપ્રોત કરનારા.

આની ટૂંકી સમજ આ પ્રમાણે - (૧-૨) અહીં આવશ્યકની વાત છે માટે **'તદ્'** શબ્દથી આવશ્યક અને એનાં સૂત્ર સમજવા. તચ્ચિત્તે એટલે તે તે સૂત્રમાં સામાન્ય ઉપયોગવાળા. તમ્મણે એટલે તે તે સૂત્રમાં વિશેષ ઉપયોગવાળા. સામાન્ય ઉપયોગ એટલે તે તે સૂત્ર અને ક્રિયા સમસ્તમાં જે ભાવ સમાયેલો છે તેનો ખ્યાલ; અને વિશેષ ઉપયોગ એટલે તે સૂત્રના દરેક પદ કે ગાથામાં અને તે ક્રિયાના પ્રત્યેક અંગમાં જે ભાવ રહેલો છે તેનો ખ્યાલ. દા.ત., નવકારસૂત્ર આખામાં નમસ્કારનો ભાવ છે, અને પદે પદે તે પરમેષ્ઠીને અલગ અલગ નમસ્કાર કરવાનો ભાવ છે. તો સામાન્યથી નમસ્કારના ભાવમાં ખ્યાલ-ઉપયોગ એટલે એ સાવધાની કે આમાં નમન અર્થાત્ દ્રવ્ય-ભાવ સંકોચ કરવાનો છે, જે નમસ્કાર નમસ્કાર્ય પરમેષ્ઠીના ઉત્કર્ષ અને પોતાના અપકર્ષના સૂચક બને એવો હોય, દ્રવ્ય સંકોચ એટલે મસ્તક, હાથ, આંખ વગેરેને બીજેથી સંકોચી લઈ અહીં પરમેષ્ઠી તરફ ઢાળવા. ભાવસંકોચ એટલે મનને બીજેથી સંકોચી લઈ પ્રસ્તુત પરમેષ્ઠીમાં ઢાળવું. એટલે આ સૂત્ર આખામાં હાથની અંજલિ, મસ્તક, આંખ તથા મન-હૃદય ઢળેલું, નમન કરતું રાખીને સામે નમસ્કરણીય પૂજ્ય હોવાનો ખ્યાલ રહે એ સામાન્યોપયોગ-તચ્ચિત્ત કહેવાય. વિશેષ-ઉપયોગમાં પદે પદે જુદા જુદા પરમેષ્ઠી સામે આવી રહ્યાનો ઉપયોગ અને નમનનું લક્ષ રાખવાનું.

(૩) **'તલ્લેસ્સે'** એટલે જેવું સૂત્ર અને ક્રિયા છે તેને યોગ્ય લેશ્યાવાળા બનવાનું. દા.ત., નવકાર એ નમનનું સૂત્ર છે. તો લેશ્યા ભક્તિ-બહુમાનની રાખવાની, એવી ખમાસમણ ક્રિયા, અને 'નમુત્થુણં' સૂત્રમાં પણ લેશ્યા રહે. પોતાની કર્મવિડંબિત દુર્દશા નજર સામે ખેદ સાથે તરવતી હોય અને આ તારણહાર

પરમેષ્ઠી મળ્યા છે એવો હર્ષોલ્લાસ સાથે ખ્યાલ હોય એટલે દિલ ગદ્ગદ બની ઉછળતી ભક્તિ અને અતિ બહુમાનની લેશ્યા સહેજે ઊભી થાય. એમ 'ઇરિયાવહિય' સૂત્ર તથા દૈવસિક રાત્રિક પાપ આલોવવા પડિક્કમવાનું સૂત્ર તથા શ્રમણસૂત્ર એમાં ભારે ગુનાના પશ્ચાત્તાપની અને પીગળી ગયેલા દિલે કરગરીને કરાતી ક્ષમાયાચનાને અનુરૂપ હોય. ખૂનીને જેમ ન્યાયાધીશ કે રાજા આગળ બચાવ માટે ગુનાનો ઈકરાર કરતાં કરગરતી વખતે જેવી લેશ્યા હોય તેવી અહીં લેશ્યા થાય.

ત્યારે, 'લોગસ્સ'ની છેલ્લી ૩ ગાથા, 'પુકખરવર'ની છેલ્લી લીટી, તથા 'જયવીયરાય' વગેરેમાં પ્રાર્થનાની લેશ્યા કરવાની. ધનના અર્થીને ક્યાંક ધન મળવાની પાકી આશા હોય, તો ત્યાં જઈને પ્રાર્થના કરે તેની પાછળ એના મનમાં કેવી લેશ્યા કામ કરતી હોય ? અથવા કોઈ ગુનો નહિ છતાં ક્યાંક પોલિસકેસમાં ફસાઈ પડ્યો તો છૂટવા માટે કોઈ વગશીલ સમર્થ શેઠ-સાહુકાર કે અમલદારને વિનવણી કરવા પાછળ કેવી મનોલેશ્યા પ્રવર્તે ? તે લેશ્યા અહીં ઊભી કરવાની છે.

**'પુકખરવર દીવઢ્ઢે'** સૂત્ર બોલતાં, જેમ કોઈ ચમત્કારિક વસ્તુ વર્ણવતાં જેવી લેશ્યા હોય એમ શ્રુતજ્ઞાનના ચમત્કારિક મહિમાનાં ગુણ ગાતાં ચમત્કારની લેશ્યા ઊભી કરી રાખવી જોઈએ.

એવી રીતે 'સિદ્ધાણં બુદ્ધાણં', 'ભગવાનહં, આચાર્યહં,' વગેરે ચાર ખમાસમણાં દેવા દ્વારા અહીં બેઠે એક જ સ્તુતિ-વંદનાથી અનંતા સિદ્ધ, મહાવીર પ્રભુ, ગિરનાર પર ત્રણેય કલ્યાણકયુક્ત નેમનાથ સ્વામી અષ્ટાપદાદિ તીર્થના ભગવાન, તથા અનંતા ભગવાન-આચાર્ય-ઉપાધ્યાય-સાધુને નમસ્કારનો લાભ એક જ સ્તુતિ-વંદના કરવા દ્વારા મળે છે, તો એની પારાવાર હર્ષની લેશ્યા જોઈએ. આ તો જાણે એક રૂપિયો આપતાં એ કરોડ-અબજ મળવાના હોય એવી ગજબ લાભની વસ્તુ બને છે ! તેથી ત્યાં અદ્ભુત રસભરી લેશ્યા ઉલસતી રહે. એવું નવકાર, નમોઽર્હત્, જાવંતિ ચેઈઆઈ, જાવંત કેવિ સાહૂ' વગેરેમાં પણ થાય.

(૪) **'તદજ્ઝવસાણઽજ્ઝવસિએ'** એટલે તે તે સૂત્ર અને ક્રિયાના ભાવને યોગ્ય અધ્યવસાયથી ભરેલું હૃદય હોય, તે તે સૂત્ર-ક્રિયા પર અથાગ શ્રદ્ધા સાથે એની વસ્તુનો પાક્કો નિર્ણય હોય.

**પ્ર.**- પૂર્વે લેશ્યા કહી તે અને આ અધ્યવસાય કહ્યો તેમાં શો ફરક છે ?

**ઉ.**- લેશ્યામાં શુભ ચિત્તવૃત્તિનો અસાધારણ ઉછાળો છે, અધ્યવસાયનાં ચંચળ નહિ પણ સ્થિર જાગતો આત્મપરિણામ છે. દા.ત. વેપારીને વેપાર કરતી વખતે ખૂબ ધન કમાવવાની લેશ્યા છે, અને હૃદયના ભાવ (આત્મપરિણામ) વેપારમય બનેલા રહે છે. લેશ્યા, જેવું કાર્ય, તેવી તેવી થવાની, તે પણ કાવ્યશાસ્ત્રમાં



વર્ણવેલા નવરસ પૈકી શાંત-વૈરાગ્ય રસ, અદ્ભુત રસ, કરુણરસ વગેરેમાંનો કોઈ રસ ઉછળતો રહે એવી ચિત્તવૃત્તિ બનવાની. અધ્યવસાયમાં હૈયું તે તે સૂત્ર અને ક્રિયામાં તન્મય રહેવાનું.

**(૫) 'તદટ્ઠોવઉત્તે'** એટલે સૂત્રોના એકેક પદના, વાક્યના અને મહાવાક્યના અર્થ પર બરાબર લક્ષવાળો હોય. અહીં **'અર્થ'** એટલે શું એ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે. **અર્થ એટલે ભાષાંતર નહિ પરંતુ તે તે શબ્દથી કહેવાની વસ્તુ.** દા.ત., 'નમો અરિહંતાણં' પદનો અર્થ સમજીએ કે 'હું અરિહંતદેવોને નમસ્કાર કરું છું,' પરંતુ એ તો પ્રાકૃત ભાષા પરથી ગુજરાતી ભાષામાં અવતરણ કર્યું, ભાષાંતર થયું. અર્થ એ વસ્તુ નથી, એ તો 'નમો' પદથી કહેવાતી વસ્તુ જે નમસ્કાર પદાર્થ-મસ્તક, આંખ, અંજલિ તથા હૃદય નમાવવાની ક્રિયા-એ છે. તથા 'અરિહંત' પદથી વાચ્ય વસ્તુ જે અષ્ટપ્રાતિ હાર્યયુક્ત સમવસરણસ્થ કે લોકોત્તમ નાથ અરિહંત ભગવાન, એ અર્થ છે. એનો ઉપયોગ એટલે કે સચોટ લક્ષ; જાણે નજર સામે એ પદાર્થ હૂબહૂ તરવરે, મન એ લક્ષ દઈને નીરખતું હોય. આ દશાને તદર્થમાં ઉપયુક્ત યાને ઉપયોગવાળી દશા કહેવાય.

મહા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે 'યોગવિંશિકા'માં વર્ણ-અર્થ-આલંબનનો પ્રસંગ આવ્યો ત્યાં 'અર્થ', શબ્દનો અર્થ 'અભિધેય' એવો કર્યો છે. અભિધેય એટલે તે તે વર્ણ-પદ-વાક્યથી કહેવાની વસ્તુ. એના પર ચિત્તનો ઉપયોગ-એનું નામ તદર્થોપયોગ. દ્રવ્યઆવશ્યકને બદલે ભાવઆવશ્યક આરાધવા માટે આ પાંચમી જરૂરિયાત છે.

સૂત્રથી વાચ્ય વસ્તુમાં ચિત્તને ચોંટાડવા માટે વસ્તુનું ચિત્ર મનની સામે આવવું જોઈએ, અથવા કહો કે જાણે આબેહૂબ એ વસ્તુ જ સામે છે અને આપણે એ જોઈ રહ્યા છીએ એવો ઘાટ મનથી ઊભો કરવો જોઈએ. આની મઝા ઓર છે. એમાં ધ્યાનનો સુંદર અભ્યાસ પડે છે. અને આપણે જાણે જુદી દુનિયામાં વિચરતા હોઈએ એવો ભાસ થાય છે. એથી ભાવોલ્લાસ અને શુભ આત્મપરિણતિ વિકસતી ચાલે છે. એ કેવી રીતે બને છે, તે તે સૂત્રનાં ચિત્ર કેવાં કેવાં કલ્પી શકાય વગેરે બાબતો જુદા લેખમાં જોઈશું. બાકી એટલું ખરું કે આવશ્યકના પ્રત્યેક પદનું ઉચ્ચારણ અને પ્રત્યેક ક્રિયા પદાર્થ-ઉપયોગથી સજીવન થવી જોઈએ.

**(૬) 'તદપ્પિઅકરણે' 'તદર્પિતકરણવાળા'** એટલે કે આવશ્યક ક્રિયાના (૧) કરણ યાને ઉપકરણ આવશ્યકમાં અર્પિત કર્યા હોય, બરાબર ઉપયોગી બનાવ્યા હોય; અથવા (૨) કરણ એટલે મન-વચન-કાયાને આવશ્યકક્રિયામાં બરાબર યોજી દીધા હોય.

આમાં ઉપકરણનું અર્પણ એ રીતે કે તે તે ક્રિયામાં જે જે રીતે કર્તવ્ય હોય તે તે રીતે ઉપકરણનો ઉપયોગ કરવાનો દા.ત. ખમાસમણું દેવાનું છે, તો રજોહરણથી ૧૨ અને મુહપત્તિથી ૫ એમ કુલ ૧૭ સંડાસા પૂજવા જોઈએ. ૧૨ માં ઊભા ઊભા પાછળના બે પગ તથા વચ્ચેના ભાગે ૩ વાર પૂજવાનું તથા આગળ એ જ પ્રમાણે ૩, એમ કુલ ૯; પછી ઢીંચણ પર બેસી મુહપત્તિથી લલાટથી માંડી આખા બંને હાથ એમ ૨, તથા જ્યાં નીચે માથું અડાડવાનું છે ત્યાં ૩ વાર પૂજવાનું એમ કુલ ૫ પ્રમાર્જન, પછી ઢીંચણ સહિત બે હાથ અને માથું એમ પંચાંગ નીચે અડાડવાના. બાદ રજોહરણથી બે પગનાં તળિયા પાછળની જમીન ૩ વાર પૂજી ઊભા થવાનું. આમ કુલ ૧૭ સંડાસા-પ્રમાર્જન. એવું બીજે. એ 'તદર્પિતઉપકરણ'.

**ત્યારે કરણનું અર્પણ** એ રીતે કે કાયાથી બરાબર યોગમુદ્રાદિ સાચવવાના, જરાય ચંચળતા કે અનુપયોગી હીલચાલ નહિ, દૃષ્ટિ આડીઅવળી જાય નહિ; વચનથી સૂત્રના સંયુક્ત-અસંયુક્ત અક્ષર, અનુસ્વાર-વિસર્ગ, ભાર મૂકવા ન મૂકવાના શબ્દ, સાથે કે અલગ બોલવાના શબ્દ, અલગ સંપદા વગેરેનું યથાસ્થિત ઉચ્ચારણ; મનને બરાબર આવશ્યકતા પ્રત્યેક અક્ષર અને પ્રત્યેક ક્રિયામાં જોડવાનું. આ 'તદર્પિતકરણ' થયું. આમાં કાયોત્સર્ગ માટે 'જિનમુદ્રા' છે. અર્થાત્ ઊભા રહી બે હાથ ફોરા લટકતા મૂકી, બે પગનાં તળિયા વચ્ચે આગળ ૪ આંગળ અંતર અને પાછલા ભાગે એથી સહેજ ઓછું અંતર રાખી, કાયા નિશ્ચેષ્ટ અને દૃષ્ટિ નાસિકાના અગ્રભાગ પર સ્થાપેલી રહે. જાવંતી ચેઈયાઈ, જાવંતકેવિસાહૂ તથા જયવીંયરાય સૂત્ર વખતે બે હાથ આંગળિઓનાં ટેરવાં સામસામા અડે એ રીતે પોલા જોડી લલાટે રાખવાના તે મુક્તાશુક્તિમુદ્રા. બાકીના સૂત્ર વખતે યોગમુદ્રા રાખવાની અર્થાત્ સામસામે આંગળિઓનાં ટેરવા એકેક પાછળ બીજું જોડાય એ રીતે બે હાથ જોડી મુખ આગળ રાખવાના.

એમ કાઉસ્સગ્ગમાં ઘોટક વગેરે દોષ નહિ લાગવા દેવાના, તેમ હોઠ ફફડાવવાના નહિ. કે આંગળીના વેઢાં ય ફેરવી ગણવાનું નહિ. શ્રમણ સૂત્રાદિ માટે નિયત વીરાસન વગેરે, તથા વાંદણાંનાં પચીસ આવશ્યક સાચવવાં... ઈત્યાદિ પણ કરણનું અર્પણ છે.

## ૯. મુનિ ક્ષમાશ્રમણ કેમ ? - ૧૦ યતિધર્મ

**(લેખક : પં. ભાનુવિજયજી ગણિવર્ય)**

**મુનિનું નામ ક્ષમાશ્રમણ કેમ ?** તપઃશ્રમણ વગેરે કેમ નહિ ? એનો ઉત્તર એ છે કે ૧૦ પ્રકારના મુનિધર્મમાં ક્ષમાગુણને પહેલો મૂક્યો છે, માટે જ મુનિને



ક્ષમાશ્રમણ કહેવાય છે. ક્ષમાયુક્ત શ્રમણ, ક્ષમાપ્રધાન શ્રમણ, અથવા ક્ષમાથી શ્રમે-આત્માને કસે તે ક્ષમાશ્રમણ. અહીં પ્રશ્ન થાય છે કે શું ક્ષમા સિવાય બીજા ગુણો શ્રમણમાં નથી ? છે જ, તો તે હિસાબે મૃદુશ્રમણ તપઃશ્રમણ, બ્રહ્મચર્યશ્રમણ એવું કોઈ નામ ન કહેતાં ક્ષમાશ્રમણ કેમ કહ્યું ?

### ૧. ક્ષમા

આનો ઉત્તર જ એ છે કે બધા ગુણોમાં ક્ષમાનો પ્રથમ નંબર છે. કારણ એ છે કે ક્ષમાથી ઉપશમ આવે છે, અને **'ઉવસમસારં ખુ સામણ્ણં'** ઉપશમ એ શ્રમણપણાનો સાર છે. ઉપશમ હોય તો જ બીજા ગુણ ટકી શકે છે. માટે ઉપશમ લાવનાર ક્ષમા અતિઆવશ્યક છે; તેમ ક્ષમા બહાર જણાઈ આવે છે; વગેરે કારણોએ એ ગુણ લઈને 'ક્ષમાશ્રમણ' કહ્યું.

ચારિત્ર માટે ક્ષમા બહુ જરૂરી છે, એ વાત **'ક્રોધે ક્રોડપૂરવ સંજમફળ જાય'** એ વચનથી બરાબર સમજાય છે. ક્ષમાના નાશથી બીજા ગુણોને નાશ પામતા વાર નથી લાગતી. એનું એક કારણ છે કે ક્ષમાના નાશથી અર્થાત્ ક્રોધના ઉદયથી પછીના ભવ જ એવા મળે છે કે જેમાં બીજા ય ગુણો રહેવા ન પામે. દા.ત., સાધુના ભવે ક્રોધ કર્યાથી પછી એ ચંડકોશિક તાપસ થયો કે નાગ થયો ત્યાં મૃદુતા, તપ, સંયમ વગેરે ગુણો રહેવા પામ્યા હતા ? ક્ષમા તો ગુણોની માતા છે, ગુણોની સરદાર છે. કર્મના વિપાકને સમજનારને ક્ષમા રાખવી કઠિન નથી. આપણું વાંકુ જો આપણા જ કર્મ કરે છે તો પછી બીજા પર શા સારુ ગુસ્સો કરવો ? ક્ષમા જ રાખવી. વળી ગુસ્સો કરવાથી નવીન કર્મબંધ થાય છે; આત્મસત્ત્વ હણાય છે, વૈર વધે છે, નુકસાની પાછી વળતી નથી, લોહી તપી ઉઠે છે...એમ ઘણા અનર્થ હોવાથી ક્રોધને ત્યજી ક્ષમા ધરવી. ખમી ખાધેલું લાભ માટે છે, સામનો કરેલો નુકસાન માટે નીવડે છે.

### ૨. મૃદુતા

**બીજો ગુણ ગર્વત્યાગ. એ માટેની છ વિચારણા :** બીજો યતિ ધર્મ 'મૃદુતા' માં માનનો ત્યાગ અને વિનય, નમ્રતાનું પાલન કરવાનું હોય છે. આ માટે વિચારવું કે (૧) પૂર્વના પુરુષસિંહોની આગળ જ્ઞાનમાં, તપસ્યામાં, ચારિત્રમાં, વિદ્યામંત્રશક્તિમાં આપણે તે કોણ માત્ર છીએ કે ગુમાન કરીએ ?

(૨) ત્યારે એવી આપણામાં કઈ મોટી યોગ્યતા આવી ગઈ છે કે કયા મોટા સુકૃત કર્યા છે કે ગર્વ કરીએ ?

(૩) આપની કઈ દોષરહિત યા મૃત્યુરહિત સ્થિતિ બની છે કે જેથી માનનો દાવો રાખીએ ?

(૪) તેમ જ ગર્વ કરવાથી કયો આત્મગુણ પોષાય કે વધે છે ?

(૫) અભિમાનથી સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર પૈકી કોનો પર્યાય વધે છે કે પુષ્ટ થાય છે ? કોઈનો નહિ.

(૬) કર્મ ખપાવવા હતા તેથી આપણા પ્યારા પ્રભુએ અનંત બળ છતાં સંગમ ગોવાળિયા આગળ ક્યાં જરાય ગુમાન દાખવ્યું હતું ? ઊલટું મૌનપણે એનો ત્રાસ સહ્યો હતો. ઈત્યાદિ વિચારી ગર્વ અકડાશ ત્યજી બહુ જ નમ્ર અને મૃદુ બનવાની જરૂર છે. મૃદુતામાં હૃદય કોમળ હોવાથી અનેક ગુણો આવે છે, ગુરુઆદિ પાસેથી વિદ્યા વગેરે મળે છે, સૌનો પ્રેમ જીતાય છે. "વિનય વૈરીને વશ કરે છે" નવો કર્મબંધ થતો નથી પાછળથી પસ્તાવું પડતું નથી; વગેરે લાભો પણ અનેક મળે છે. માટે મહાજ્ઞાની, મહાપ્રભાવક, મહાતપસ્વી વગેરે પૂર્વમહર્ષિઓને યાદ કરી ગર્વ જરાય નહિ રાખવાનો.

### ૩. ઋજુતા

ત્રીજા યતિધર્મ 'ઋજુતા'માં માયા-કપટનો ત્યાગ અને હૃદયની સરળતા આવે, આ લાવવા અહીં ધ્યાનમાં લેવાનું છે કે (૧) પ્રપંચ અને દાવપેચથી હૈયું બગડે છે આત્માના સુસંકાર બગડે છે એથી ભવિષ્ય બગડે છે.

(૨) પૂર્વ જન્મોમાં સેવેલી માયાનું ફળ ગીરોળી, બિલાડી, વગેરેના જીવનમાં દેખાય છે. એનું આખું જીવન શું છળ પ્રપંચથી અંધારામાં કે ઓથે છુપાઈ રહી શિકારને ઝંખ્યા કરે, અને અવસર આવે શિકારને જાનથી મારે, એ જ ને ? લગભગ ચોવીસે કલાક એ જ લેશ્યા, વિચારો પાપકર્મના કેવા થોકનાથોક ઉપાર્જાતા હશે. આ માયાથી એનું ભાવિ ભયંકર છે.

(૩) અહીં કેટલો કાળ જીવવું છે ? ભાવી અસંખ્ય કાળની અપેક્ષાએ બહુ થોડા ને ? એવા અતિ થોડા કાળમાં માયા સેવી શા માટે ભાવી અસંખ્યકાળ બગાડવો ?

(૪) માયાથી લોકનો વિશ્વાસ ગુમાવવો પડે છે, હૈયામાં શલ્ય રહે છે, બહુકાળ ચિંતા અને દુર્ધ્યાનમાં જાય છે, અને હલકાં, તિર્યંચ વગેરેના અવતાર અને ત્યાં ઘોર પાપ સેવવાનું નક્કી થાય છે.

(૫) માયા કરવાથી કંઈક દુન્યવી લાભ મળ્યો એમ લાગતા એ માયા પર કર્તવ્યની મહોરછાપ અને સારાપણાનો સિક્કો લગાડી મિથ્યાત્વના ખાડામાં ગબડી પડાય છે.

(૬) માયા તો સંસારની માતા કહી છે.



ઈત્યાદિ અનેક અનર્થો માયાના જાણી તેનો સત્વર સદાને માટે ત્યાગ કરી સરળતા, ભદ્રકતા, ઋજુતાનો જ સ્વભાવ બનાવી દેવો જોઈએ. **માયા તજવાથી અને સરળ હૃદયી પણે રહેવાથી સાચી દેવગુરુની ભક્તિ, ઉપકારીની કૃતજ્ઞતા, શુદ્ધ ધર્મસાધના, પરમાર્થ વૃત્તિ** વગેરે ઉમદા ગુણો ખીલે છે, સરળતાથી **અનુપમ આત્મશાંતિનો અહીં જ અનુભવ થાય છે.**

### ૪. મુક્તિ

યતિધર્મમાં ચોથું છે મુક્તિ. મુક્તિ એટલે લોભથી મુક્તિ. તૃષ્ણાથી મુક્તિ, મુક્તિ જે મોક્ષને કહેવાય છે, તે આ (ઈચ્છા, તૃષ્ણા, મમતાથી) મુક્તિ મળ્યા પછી દૂર નથી અરે ! એટલું જ નહિ પણ એ **મોક્ષરૂપી મુક્તિનો સ્વાદ, લોભમુક્તિ કરવાથી જાણે અહીં જ અનુભવાય છે.** આજે કેટલાક માણસો એમ જ પૂછે છે કે "મોક્ષમાં શું સુખ ?" તે પ્રશ્નનું કારણ એ છે કે એ લોકોને તૃષ્ણા-મમતા-લોભ એટલા બધા વળગેલા છે, કે તેઓ એને જ જીવન માને છે. એમાંથી જ્યાં સુધી મુક્તિ એટલે છૂટકારો ન લે, ત્યાં સુધી મોક્ષસુખની એ કલ્પના નહિ કરી શકે. એવા બહુ તૃષ્ણાવાળાના મનમાં તે નહિ જ ઉતરે કે મોક્ષમાં અનંતસુખ છે. **જેમ ખરજવાના દર્દીને 'નહિ ખણવાના આરોગ્યમાં સુખ છે.' એ સમજાતું નથી, જેમ તાવવાળી જીભે સારી વસ્તુનો સ્વાદ સમજાતો નથી, તેમ લોભમાં રક્ત માનવીને મોક્ષનું સુખ સમજાતું નથી.** માટે જ નિર્લોભતા-નિસ્પૃહતા, કેળવવાની જરૂર છે. તૃષ્ણા નાશ, મમતા-ત્યાગ સિદ્ધ કરવાની જરૂર છે. એ કેળવાય, એ સિદ્ધ થાય એટલે તો પછી એવો આંતરસુખનો અનુભવ થશે કે જગત કુછ વિસાતમાં નહિ લાગે, **"निस्पृहस्य तृणं जगत्"** એને એમ થશે કે થોડી ઘણી પણ જગતના પદાર્થોની આકાંક્ષા મૂકી તો એ તૃષ્ણાના કાપથી કલેજે અદ્ભુત ઠંડકનો અનુભવ થાય છે, અપૂર્વ શાંતિ ચિત્તભૂમિમાં પથરાઈ જાય છે, અને હૈયું આત્માનંદથી ઉભરાઈ જાય છે, તો પછી જગતનું બધું મુકાઈ જાય તો કેવી અનંત શાંતિ, અનંત આનંદ, અને અનંત ઠંડક અનુભવવા મળે ??

જ્યાં મોક્ષમાં શરીર જ નથી તેથી જ શરીરના ધર્મો ઓછામાં ઓછી રીતે બજાવવા જેટલી પણ ઈચ્છા કે ફિકરનું નામ નિશાન નથી, ત્યાં અનુપમ સુખ હોય એમાં નવાઈ નથી. ઈચ્છામાં, લોભમાં, ને મમતામાં તો પાર વિનાના દુઃખ છે, કારણ કે,

(૧) એને સંતોષવાની સળગતી ચિંતાઓના મહા સંતાપ છે.

(૨) એના ઉદ્યમમાં અઢળક વેઠ છે.

(૩) એક ઈચ્છા તૃપ્ત થઈ ન થઈ ત્યાં તો પાછી બીજી ઈચ્છા આવીને

ઊભી જ છે. ખાવાની ઇચ્છા થઈ એને મહામજૂરી કરી સંતોષી, તો હવે ખાધું એટલે ફરવાની આરામ કરવાની ઇચ્છા થઈ; એને પૂરી, ત્યાં તો નવું કમાવવાની ઇચ્છા થઈ, અથવા પાસે ભરપૂર છે તો કોઈ સંગીત, વાર્તાવિનોદ વગેરેની ઇચ્છા થઈ. આમ ઇચ્છાના રવાડે ચઢવામાં ઇચ્છાઓની સાયકલ ચાલ્યા કરે છે. એ પુરવામાં કેટકેટલી ચિંતા, હાડમારી, પરિશ્રમ વગેરે ઉઠાવવા પડે છે, એ તો નજરે દેખાય છે.

(૪) એમાં ક્યાંક અપમાન તિરસ્કાર, ટોણાં પણ વરસે છે ને ?

(૫) ત્યારે નિરાશ થઈ, 'આના કરતાં તો એના વિના ચલાવ્યું હોત તો સારું'. એવું કેટલીય વાર, ખેદ-પશ્ચાત્તાપ વગેરે થયું છે ને ? કેમ આ બધું ? કઈ ઇચ્છાના પાપે, લોભના વાંકે,

(૬) લોભથી ભાઈ ભાઈમાં ઝઘડા અને માબાપથી ય જુદાઈ થાય છે.

(૭) ધર્મમાં અખાડા, ગુરુથી ડરી ડરીને છેટા ભાગવાનું, એવું એવુંય બને ખરું ને ?

(૮) તૃષ્ણાને વશપડી કાળાં કામ, છેતરપીંડી, પાપધંધા, ઉપકારીનો દ્રોહ, ગુણી ઉપર દ્વેષ-એવું એવું પણ બને છે.

લોભવશ કનકરથ રાજા પોતાના પુત્રના અંગછેદ કરાવતો જેથી એ રાજ્યગાદીને લાયક ન રહે. ચુલણીએ પોતાના જ પુત્ર બ્રહ્મદત્તને લાખના ઘરમાં રાખી ઘર સળગાવ્યું. કોણિકે ઉપકારી પિતા શ્રેણિકને કેદમાં પૂરી ફટકા મરાવ્યા, વિનયરત્ને ધર્મી ગુણીયલ અને પૌષધમાં રહેલા ઉદાયી રાજાનું ખૂન કર્યું ! લોભ-તૃષ્ણા-મમતા શું શું અકાર્ય નથી કરાવતા ! કહો કે બધું કરાવે છે, એથી ભયંકર પાપો થાય છે, અને સર્વગુણો નાશ પામે છે, 'પાપોનો બાપ લોભ છે.'

(૯) **સર્વગુણ વિનાશકો લોભઃ** એમ પ્રશમરતિમાં ઉમાસ્વાતિ મહારાજ કહે છે.

(૧૦) લોભમાં પૂર્વના મહામૂલા પુણ્ય ઘસાઈ જાય છે.

(૧૧) લોભમમતાના પાપોથી ભયંકર કર્મબંધ અને અનેક દુર્ગતિના ભવોમાં ભટકવાનું થાય છે.

માટે તો પૂર્વના પુણ્યનો નાશ, ગુણનાશ, પાપબંધ, અને બીજા ચિંતા-ત્રાસ-નકામી વેઠ વગેરેના દુઃખોથી બચવા ઇચ્છનાર મુનિએ બધાના મૂળભૂત લોભથી પાછા ફરી નિર્લોભ, નિરીચ્છ, નિસ્પૃહ બનવાનું છે. એથી આત્માનંદ ઉપરાંત જગતના સન્માન મળે છે. 'ન માગે દોડતું આવે' મોટા સમ્રાટ રાજાના



પણ પૂજ્ય બનાય છે. આ લોભમુક્તિ ખૂબ અનુભવવી. 'જોઈએ'માં જેટલો કાપ તેટલું નક્કર સુખ.

## ૫. તપ

યતિધર્મમાં પાંચમો છે તપ. તપ એ તો સંયમી સાધુનું આભૂષણ છે. મહાવ્રતો એ મુનિનું નિર્મળ શરીર. પરંતુ એના પર શોભાકારી અલંકાર છે. તપ. તપ વિશાલ અર્થમાં-છ બાહ્ય અને અને છ અભ્યંતર. એમ બાર પ્રકાર છે.

**બાહ્યમાં,**

(૧) ખાવાના ટંકના ત્યાગ. (૨) ભૂખ છતાં થોડા કોળીયાનો ત્યાગ.

(૩) ખાવાની કેટલીક વસ્તુઓ ત્યાગ. (૪) રસનો ત્યાગ.

(૫) કાયાને કષ્ટિ. (૬) મન-વચન-કાયાનું સંગોપન.

**અભ્યન્તર તપમાં,**

(૧) પ્રગટ કે છૂપા ગુનાના એકરારપૂર્વક ગુરુ પાસેથી પ્રાયશ્ચિત્તનું ગ્રહણ અને સેવન.

(૨) વિનય (૩) વૈયાવચ્ચ (૪) સ્વાધ્યાય (૫) ધ્યાન (૬) કાયોત્સર્ગ.

આ બધોય તપ ખાસ સેવવા યોગ્ય છે.

**તપના લાભ-**

(૧) તપથી મન ખૂબ જ કાબૂમાં આવે છે.

(૨) તપ ચીકણાં કર્મને પણ તપાવી નાશ પમાડી દે છે.

(૩) ઇન્દ્રિયો શાંત થાય છે.

(૪) આત્મા ભવિષ્ય માટે આશ્વાસન અનુભવે છે.

(૫) તપથી અનેક વિદ્યાશક્તિ અને લબ્ધિઓ પ્રગટ થાય છે.

(૬) અનાદિની આહારાદિ સંજ્ઞાઓ તપથી તૂટે છે.

(૭) તપથી કુસંસ્કારો વિચ્છેદ પામે છે.

(૮) તપતી મહાવિઘ્નો પણ શમી જાય છે, તેથી તપ એ શ્રેષ્ઠ મંગળ છે.

**તપ દ્વારા કાયામાંથી કસ ખેંચવો :**

શ્રી તીર્થંકર દેવ જેવા પણ જે તેજ ભવે પોતે મુક્તિ જવાનું જાણે છે, તેઓશ્રી પણ ચારિત્ર લઈને ઘોર તપ આદરે છે. એમની પાછળ મહામુનિઓ મેઘકુમાર, શાલિભદ્ર, ધનાજી, કાકંદીનો ધન્નો, વગેરેએ મહાસુકોમળ છતાં ગજબનો તપ આદરી કાયાને સુક્કી ભુખ્ખી અને લુખ્ખી હાડપિંજર જેવી કરી દીધી ! તે આ

સમજથી કે આ માનવની મહાપુણ્યે ખરીદેલી કાયા તપ રૂપી કોલુમાં પીલવાથી જ પાપક્ષય અને પુણ્યના મધુર રસ આપે; માટે લોહીના છેલ્લા બુંદ અને માંસના છેલ્લા કણ સુધી કાયામાંથી તપ દ્વારા કસ ખેંચવો જોઈએ. તપ દ્વારા મહાન પુણ્યાનુબંધી પુણ્ય અને કર્મક્ષયનો કસ ખેંચવામાં કાયાનું જેટલું માંસ લોહી બાકી રહી જશે તે તો અગ્નિમાં જશે. માંસ લોહી એવું શા માટે વેડફી નાંખવું ? ફરી ફરીને આવી કાયા ક્યાં મળશે ? એ તો હજીય મળે, પરંતુ તપ દ્વારા એને કસવા ઘસવાની કરામત શીખવનારું શ્રી જિનેશ્વર દેવનું શાસન ફરી ફરીને ક્યાં મળશે ?'

લોચ વગેરે કાયક્લેશ છે. કાયક્લેશમાં બાવીસ પરિષહ અને મારણાન્તિક ઉપસર્ગો આવે. એ તથા મન-વચન-કાયાનું સંગોપન, આ બે દ્વારા તો આત્મા અકલ્પ્ય લાભ પામે છે. એમાં સાથે વિનયાદિ, અને શાસ્ત્રોનું ચોવીસે કલાક પારાયણ-એ તો જીવને જગત ભૂલાવી દે છે. ત્યારે ધ્યાન એ તો અપૂર્વ સાધના છે.

(૧) અહીં જન્મીને શ્રાવક માતાની કુક્ષિ રત્નકુક્ષિ કરવી હોય, (૨) શ્રી મહાવીર પ્રભુનું શાસન પામ્યા તે સાર્થક કરવું હોય, અને (૩) ભાવિ અનંતકાળને ઉજ્જવળ કરવો હોય... તો બીજી આળપંપાળ શું કરવી હતી ? એક માત્ર મહાકલ્યાણ તપની પુંઠે લાગી જવું જોઈએ.

## ૬. સંયમ

છઠ્ઠો યતિધર્મ-સંયમ. એમાં જીવવિરાધનાથી અને અસત્યાદિ આશ્રવોથી બચવાનો તીવ્ર ઉપયોગ આવે. શાસ્ત્રમાં પ્રેક્ષાસંયમ, ઉપેક્ષાસંયમ વગેરે કહ્યાં છે. પ્રેક્ષાસંયમમાં મુનિને કોઈ પણ વસ્તુ ઉપયોગમાં લેતાં પહેલાં ખૂબ સારી રીતે સૂર્યના પ્રકાશમાં જોવાની તપાસવાની હોય છે; ને પ્રમાર્જના સંયમમાં મૃદુ ઉનના રજોહરણથી પ્રમાર્જવાની હોય છે. 'કોઈ જીવ બિચારો અહીં ભૂલો તો નથી પડ્યો ને ?' એ પડિલેહણાં, ઈર્યાસમિતિમાં, વસ્તુનાઆદાન નિક્ષેપ કે પારિષ્ઠાપનિકામાં જોવું પડે. આ જોવાનું પ્રમાદદોષ પર સંયમ કેળવવાથી થાય માટે આને સંયમ કહેવાય. (સંયમનો જુદો લેખ ૧૫ જુઓ.)

**સંયમ માટે વિચારવું કે, "જીવે અનેક ભવોમાં બીજી ત્રીજી ઘણી ઘણી કાળજીઓ કરી છે, પણ એનું ફળ શું ? સંસાર ભ્રમણ ! ત્યારે આ કાળજી, આ સંયમનું ફળ ? સદ્ગતિ અને મોક્ષ. પણ તે આચરવાનું તો પછી, કિંતુ પળે પળે સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવની પણ હિંસાથી બચવાની કાળજી અને સંયમ જાણવા-સમજવાનું પણ બીજે ક્યાં મળે ? અનંતજ્ઞાની અરિહંત દેવોએ સ્વયં આરાધેલું અને જગતને ભાખેલું એ સંયમ મને મહાપુણ્યે સમજવા મળ્યું, તો એને હું જરૂર આરાધી લઉં"**



**આવી ધગશ રહેવી જોઈએ; અને સાથે સંયમનો ઉગ્ર પુરુષાર્થ જોઈએ; સંયમમાં ઈન્દ્રિય સંયમ મનઃસંયમ વગેરે પણ કેળવવાના છે.**

## ૭. સત્ય

યતિધર્મમાં સાતમો ધર્મ સત્ય છે. સત્ય આમ તો પ્રસિદ્ધ ગુણ છે. પરંતુ સાધુ જે સત્ય આદરે છે, તે સૂક્ષ્મ કોટિનું હોય છે. સાધુને માત્ર વાચિક અસત્ય જ ત્યાજ્ય હોય છે એમ નહિ, પણ માનસિક અસત્ય પણ ત્યાજ્ય હોય છે. તેમજ કોઈ અસત્ય બોલે એમાં સંમતિ કે રાજીપો રાખવાનું પણ ત્યાજ્ય હોય છે. ક્રોધાદિ કષાયથી, ભયથી કે હાસ્યાદિથી જૂઠ બોલવાને મુનિને ત્યાગ હોય છે. ત્યારે સાચુ પણ વચન જો સાવદ્ય હોય, જીવઘાતક હોય કે સામાને અપ્રિય લાગે તેવું હોય તો તેય બોલવાનું હોતું નથી.

મેતારજ મુનિએ, ક્રૌંચ પક્ષી જવલા ચણી ગયું છે એ સત્ય હોવા છતાં, એ વચન જીવઘાતક હોવાથી સોનીને ન કહ્યું, જો કહે તો પછીને કદાચ સોની મારી પણ નાખે. તેમજ એ પણ વાત છે કે સોનાની જવલાની વાત સાવદ્ય છે, સાંસારિક છે. મુનિ સાંસારિ બાબતમાં પડે નહિ. આમ મેતારજ મુનિએ કાંઈ ન બોલતાં મૌન રાખ્યું.

આમ સાચું હોવા છતાં જો અપ્રિય લાગે એમ હોય તો ન બોલી શકાય. દા.ત., કાણાને કાણો કે આંધળાને આંધળો ન કહેવાય, આવી રીતની મર્યાદાઓ સાચવીને મુનિવરો સત્યને વળગી રહે છે. જીવનભર સત્યને છોડતા નથી.

**સત્યનું મહત્ત્વ :** સત્ય એક મહાન ગુણ છે, જીભનો અલંકાર છે, પ્રતિષ્ઠાનો હેતુ છે, પાપથી બચાવનાર છે, તેમજ સત્યવાદીનો સૌ કોઈ વિશ્વાસ કરે છે.

**જૂઠનાં નુકસાન :** અસત્ય બોલવાથી

(૧) લોકોનો વિશ્વાસ ગુમાવાય છે.

(૨) અવસરે સાચું બોલેલું પણ 'વાઘ આવ્યો રે વાઘ'ની જેમ અસત્યમાં ખપે છે.

(૩) મન બગડે છે, મનમાં બીજી અનેક પાપ વિચારણા જાગે છે.

(૪) પાછળથી પશ્ચાત્તાપ થાય છે.

(૫) કેટલીકવાર એક અસત્યનો બચાવ કરવા માણસ બીજા અનેક અસત્ય બોલવા માંડે છે. અથવા બોલવાનો પ્રસંગ કદાચ ન આવે તો પણ મનમાં ગોઠવી રાખે છે.

(૬) અસત્યથી ઘણા માંઠાં કર્મ બંધાય છે. જેનાં ફળરૂપે ભવાંતરમાં જીભ

જ નથી મળતી, અથવા મળે છે તો સડેલી મળે છે, કે તોતડા બોબડાપણું મળે છે.

(૭) નરક સુધીના ભયંકર દુઃખો મળે છે. વસુરાજા અસત્યથી નરકમાં ગયો.

આ જીવે આજ સુધી પૂર્વના બહુ ભવોમાં અસત્યની મહાકુટેવો પાડી છે, તેથી સ્વાર્થ ઊભો થતાં અસત્ય બોલવાનું મન થઈ જાય છે. એ કુટેવ જે અહીં તાજી કરી તો આગળ પરિણામ ખતરનાક આવે છે, અને આ ભવની ભૂલના ગુણાકાર થાય છે. માટે અહીં તો અસત્યને સ્વપ્નમાંથી પણ દૂર કરવું જોઈએ. ગમે તેવા કષ્ટમાં પણ સત્ય વચનની સચોટ ટેવ પાડવી જોઈએ. એકવાર હિંમત કેળવી સત્ય સાચવતા થઈ ગયા પછી તો સત્યનો સ્વભાવ થઈ જાય છે. માટે "ભલે કષ્ટ આવો પણ સત્ય ન જાઓ. ભલે આફત આવો, પણ અસત્ય ન જ ખપે." આ નિર્ધાર જોઈએ.

## ૮. શૌચ

આઠમો યતિધર્મ શૌચ છે. શૌચ એટલે પવિત્રતા. તે અહીં માનસિક પવિત્રતા, આત્મિક પવિત્રતા લેવાની છે. મુનિ સાવદ્ય યોગમાત્રના ત્યાગી હોય છે. એટલે કે ઝીણામાં ઝીણી હિંસા, જૂઠ વગેરેના સર્વાંશે ત્યાગી હોય છે, તેથી એજ એમની મહાન સાચી પવિત્રતા છે. તેથી શારીરિક કે વસ્ત્રાદિ સંબંધી ઉજ્જવલતાની એની આગળ કાંઈ કિંમત આંકતા નથી તેમ એમને એની કાંઈ જરૂર પણ નથી હોતી.

**શૌચના લાભ :** (૧) મન પવિત્ર રાખવાથી ઘણી સારી તત્ત્વ-વિચારણા કરી શકાય છે.

(૨) તત્ત્વ વિચારણાને આત્મસ્પર્શી બનાવી શકાય છે.

(૩) પવિત્ર મનમાં જ પરમાત્માનો વાસ રહે છે. એટલે કે પરમાત્માનું ધ્યાન સચોટ અને સતત જાગતું રહે છે.

(૪) પવિત્ર મનવાળાને પોતાનો આત્મા બહુ ફોરો-હલકો ફૂલ જેવો લાગે છે.

(૫) મૈત્રી આદિ ઉચ્ચ ભાવનાઓ ભાવવી સહેલી પડે છે.

(૬) મહાપુરુષોના ઉપદેશ સારી રીતે ઝીલાય છે.

(૭) આખુંય જીવન પવિત્ર અને ઉજળું બને છે.

(૮) મોહની ગાંઠો તૂટી જાય છે, અને અવસર મળતાં કેવળજ્ઞાન લેવામાં વાર લાગતી નથી. સાધ્વી ચંદનબાળાના શિષ્યા મૃગાવતીજી પવિત્ર મનવાળા હતા તો સમવસરણેથી સહેજ મોડા આવ્યા બદલ મળેલા ગુરુણીના ઠપકા ઉપર એમણે કેવળજ્ઞાન લીધું. મન મેલું હોત તો ?



**અપવિત્ર મનના અપરંપાર નુકસાન :** (૧) તંદુલિયો મચ્છ અપવિત્ર મનથી મરીને નરકે જાય છે. (૨) પ્રસન્નચંદ્ર ઋષિએ મન બગાડ્યું તો સાતમી નરકના દળીયાં ભેગા કર્યા. (૩) સારા સંયોગમાં પણ મન જો અપવિત્ર રહે તો લાભને બદલે નુકસાન વહોરાય છે. ત્યારે (૪) બગડેલા મનવાળાનો ખરાબ સંયોગમાં તો ડૂચો જ નીકળી જાય છે.

**પવિત્રતાના ઉપાયો :** (૧) મન પવિત્ર રાખવા માટે શ્રદ્ધા સંવેગથી યુક્ત તત્ત્વજ્ઞાન, અર્થાત્ જ્ઞેય-હેય ઉપાદેયનું સચોટ ભાન બહુ સહાયક નીવડે છે. કેમ કે એમાંથી દરેક દુન્યવી પ્રસંગોના આગળ-પાછળના સાચા રહસ્ય જાણવા મળે છે, તેથી એના પર મન બગાડવાનું રહેતું નથી. મન કેમ બગડે છે ? પૂર્વના શુભાશુભ કર્મ આપણે જોતા નથી. તેમ વર્તમાન પ્રવૃત્તિ કે પ્રસંગથી ભવિષ્યમાં કેવાં પાપ કે પુણ્ય ઊભાં થવાના છે તેનો વિચાર નથી કરતા તેથી મન બગડે છે. આ જરા ઊંડા ઉતરીને વિચારતાં સમજાય એવું છે.

(૨) બીજો ઉપાય એ છે કે મનમાં સદા તીર્થંકર દેવો વગેરેના ચરિત્ર પ્રસંગો રમતા રાખવા જોઈએ. સાથે એ પ્રસંગોના હેતુ, એનાં ફળ વગેરે પણ ખ્યાલમાં રાખવાં જોઈએ.

(૩) ત્રીજો ઉપાય એ છે કે આત્માના અસલી શુદ્ધ સ્વરૂપનો ખૂબ ખૂબ વિચાર કેળવી એ સ્વરૂપ પર ખૂબ રાગ અને મમત્વ કેળવવું જોઈએ. તેથી કર્મલિપ્ત આત્માની કોઈપણ સુખી અવસ્થાની કિંમત ન લાગે. પછી તેના અંગે મન જે બગડતું હતું તે નહિ બગડે.

આ ત્રણ સચોટ ઉપાયો છે. જબરજસ્ત ઉપાયો છે માટે તેનો જીવનમાં ખૂબ અભ્યાસ કરી મનને પવિત્રતાના સરોવરમાં ઝીલતું રાખવું.

## ૯. આકિંચન્ય (અપરિગ્રહ)

નવમો યતિધર્મ છે આકિંચન્ય. આકિંચન્ય એટલે અપરિગ્રહ. પરિમિત ધર્મ-ઉપકરણ સિવાય પાસે કાંઈ પણ ન રાખે તે અકિંચન, અને ન રાખવાપણું તે આકિંચન્ય-પરિગ્રહરહિતપણું કહેવાય. આ ગુણ કેળવવા વિચારો કે, (૧) પરિગ્રહ એ આત્માને માટે ભારરૂપ છે. તે ભાર જેટલો વધારે તેટલો જીવ વધુ નીચે દુર્ગતિમાં જાય છે. માટે કહ્યું છે કે મહાપરિગ્રહી નરકે જાય છે. સંસારનું મૂળ આરંભ-સમારંભ છે અને એનું મૂળ પરિગ્રહ છે. કેમકે પરિગ્રહ હોય તો આરંભનાં પાપ થાય છે. સામગ્રી જ ન હોય તો શું કરે ? માટે જગતનું મોટું પાપ પરિગ્રહ છે. જેને મુદ્દલ પાપ જોઈતું નથી, એણે પરિગ્રહનો ગ્રહ છોડ્યે જ છૂટકો.

(૨) જેમ શનિ-રાહુ વગેરે ગ્રહોની દશા માણસને ભારે પીડે છે. તેમ આ

પરિગ્રહની દશા પણ જીવને ભારે પીડે છે. ઘરમાં રહીને સંપૂર્ણ ધર્મ શક્ય નથી કેમકે ઘરવાસ એટલે પરિગ્રહ રહે જ છે.

(૩) પરિગ્રહ ભયંકર ચીજ છે, એ હૃદયનો એવો કબજો કરે છે કે પછી એ હૃદયમાં બીજું સારું સૂઝતું નથી, વૈરાગ્ય ટકતો કે ખીલતો નથી.

(૪) પરિગ્રહ સાચવવાની રામાયણ તો વળી એવી છે કે એમાં કેટલીકવાર તો રૌદ્ર ધ્યાન પણ આવી જાય છે. અને રૌદ્ર ધ્યાન નરકનો દરવાજો છે; પછી ભલે આ પરિગ્રહ નાનો હોય કે મોટો. મમ્મણ શેઠ પરિગ્રહના પાપે સાતમી નરકે ગયો.

(૫) પરિગ્રહ એ બલા છે. "આવ બલા, પકડ ગલા" એમ એકવાર સંઘર્યા પછી એ છૂટવી કે છોડવી મુશ્કેલ પડે છે.

(૬) પરિગ્રહ એ જીવને દુર્ગતિ સાથે લગ્ન કરાવી આપનાર ગોર છે. માટે મુનિને એ પરિગ્રહથી બચાવી લેવા ભોજનની વસ્તુમાં પણ કુક્ષિશંબળ કહ્યા અર્થાત્ મુનિ પાસે ખાવાનું ભાતુ કેટલું ? કુક્ષિમાં હોય એટલું. બાકી સંગ્રહખાનામાં કાંઈ ન મળે.

(૭) પરિગ્રહ એ પિશાચ છે. ધીમે ધીમે પોતાનું સ્વરૂપ વધારી મૂકે છે. તેથી કલ્યાણકામી આત્માએ પહેલેથી જ ચેતી જઈ અલ્પ આરંભ-પરિગ્રહનું જીવનસૂત્ર રાખવું જોઈએ. મુનિ તો પરિગ્રહ માત્રથી દૂર જ રહે.

### ૧૦. બ્રહ્મચર્ય

દશમો યતિધર્મ બ્રહ્મચર્ય છે. બ્રહ્મચર્ય એ તો વ્રતોમાં દીવો છે. એ હોય તો બીજા વ્રતો ઉજળા-પ્રકાશિત રહે છે. બ્રહ્મચર્ય વ્રત બીજા વ્રતોમાં મુગટ સમાન છે. ઈન્દ્રો સભામાં બેસતાં પહેલાં વિરતિધરને પ્રણામ કરે છે. વિરતિધરમાંથી બ્રહ્મચર્ય ચાલ્યું ગયું તો કાંઈ ઈન્દ્રો નમે કરે નહિ.

**બ્રહ્મચર્યના લાભ :** બ્રહ્મચર્યના લાભ અગણિત છે. એનાથી શરીરના રાજા સમાન વીર્યનું સંરક્ષણ થાય છે. જે પછી ઈન્દ્રિયોને વધુ તેજસ્વી અને દીર્ઘકાળ સુધી સશક્ત રાખે છે. મોંની કાન્તિ વધે છે. ખોટી વાસનાઓ થતી નથી, તેથી મન પવિત્ર તેમજ સ્વસ્થ રહી શકે છે. એવા પવિત્ર અને સ્વસ્થ મનમાં સારી સારી તત્ત્વ વિચારણાઓ સ્ફુરે છે. પવિત્ર મહાવ્રતોની ભાવનાઓ જાગ્રત રહે છે. બ્રહ્મચારીનું ધાર્યું સફળ થાય છે. કીર્તિ વધે છે. ગુણ વધે છે. કામરાગના પાત્ર પરથી રાગ ઉઠી જાય છે.

**અબ્રહ્મના નુકશાન :** અબ્રહ્મચારીને સહેજે કામપાત્રનું ખેંચાણ રહે છે, એટલા પ્રમાણમાં દેવગુરુની ભક્તિમાં વાંધો પડે છે. ધ્યાનમાં સ્ખલના પડે છે. અબ્રહ્મચારીનું



વીર્ય હણાય છે, ઈન્દ્રિયો નબળી પડે છે, ઓજસ હ્રાસ પામે છે, પાપવૃત્તિ હૃદયમાં ઘર કરે છે. હિંસાદિરૂપ પાપો કરતાં અબ્રહ્મનું પાપ એટલા માટે ભયંકર છે કે હજી કારણવશાત્ રાગ વિના પણ હિંસાદિ થઈ જાય. પરંતુ અબ્રહ્મ તો રાગ વિનાનું સેવાતું જ નથી. એક વખતના અબ્રહ્મના સેવનમાં બે થી નવ લાખ ગર્ભ જ પંચેન્દ્રિય જીવોનો અને બીજા કેટલાક સંમૂર્છિમ જીવોનો નાશ થવાનું શાસ્ત્ર કહે છે.

**બ્રહ્મચર્ય પાલનનો ઉપાય :** વિચારવું તો એ જોઈએ છે કે અબ્રહ્મ સેવવામાં શું આજ સુધીના અનંત ભવોમાં બાકી રાખ્યું છે ? એક જ દેવતાના ભવમાં કરોડો દેવીઓના ભોગ મળે છે, કેમ કે દેવીનું આયુષ્ય દેવની અપેક્ષાએ બહુ થોડું હોય છે. તે દેવીઓ પાછી કાળી કુબડી નહિ, પણ સદા યૌવનવયની, ગોરી ગુલાબી રૂપસુંદરીઓ હોય છે. એવા દેવના ભવ પણ પૂર્વે અનંતા થઈ ગયા, તો કેટલી દેવીઓનો ભોગ થયો ? અનંત ! તો પણ હજુ તૃપ્તિ નથી થઈ. આટલા બધા અબ્રહ્મના સેવનથી જે તૃપ્તિ ન થઈ તે અહીંના અલ્પ કાળના તુચ્છ વિષયભોગથી થશે ? ના તૃપ્તિ નહિ, પણ અતૃપ્તિ વધશે. માટે જ જ્ઞાની ફરમાવે છે કે બ્રહ્મચર્યનું જ શરણ લો. જીવનભરના બ્રહ્મચારી બની સ્વ-પરને મંગળરૂપ બનો.

**બ્રહ્મચારી નવ કિલ્લાની વચ્ચે વસે :** બ્રહ્મચર્યનના પાલન માટે ખાસ નવ વાડનું પાલન કરવાનું ફરમાવ્યું છે, દા.ત., પુરુષે (૧) સ્ત્રીવાળી વસ્તીમાં ન રહેવું. (૨) સ્ત્રીની કથા ન કરવી. (૩) સ્ત્રીનાં આસન પર ન બેસવું. (૪) સ્ત્રીના અંગોપાંગ ન નિરખવાં. (૫) ભીંતના આંતરે થતા સ્ત્રી-પુરુષના આલાપ-સંલાપ પણ સાંભળવા નહિ. (૬) પૂર્વે કરેલી ક્રીડાઓનું બિલકુલ સ્મરણ ન કરવું. (૭) પ્રણીત એટલે ઘી-દૂધ વગેરેથી લચબચતો આહાર ન વાપરવો. (૮) તેમ ખૂબ આહાર પણ ન વાપરવો. (૯) શરીરે શોભા-વિભૂષા કરવી નહિ.

જંબુસ્વામી, સ્થૂલભદ્રસ્વામી, સુદર્શન શેઠ, વિજય શેઠ, વિજયા શેઠાણી વગેરેના દૃષ્ટાન્તો આંખ આગળ રાખી વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલનમાં સદા સાવધાન રહેવું.

## ૧૦. સાધુ જીવનમાં અતિ જરૂરી દશવિધ સામાચારી

**(લેખક : પં. ભાનુવિજયજી ગણિવર્ય)**

સાધુજીવનમાં હંમેશા દશ પ્રકારની સામાચારીનું પાલન કરવા તરફ ખૂબ જ લક્ષ રાખવાનું હોય છે. તે દશ પ્રકાર આ પ્રમાણે છે-

ઈચ્છાકાર, મિથ્યાકાર, તથાકાર, આવશ્યકી, નૈષેધિકી, આપ્રચ્છના, પ્રતિપ્રચ્છના, છંદના, નિમંત્રણા અને ઉપસંપદા.

૧. ઈચ્છાકાર-મુનિ-જીવનમાં મુખ્યપણે પોતાના કાર્ય પોતે જ બજાવવાનાં છે. પરંતુ જો

(૧) અમુક કાર્ય માટે પોતે અશક્ત હોય, અથવા

(૨) એની આવડત ન હોય, અથવા

(૩) શક્તિ અને આવડત બંને હોવા છતાં કોઈ ગ્લાનની સેવા આદિ કાર્યમાં પોતે રોકાયેલ હોય.

તો પોતાનું કાર્ય બીજા પાસે કરાવવાનું રહે. તેમ જો બીજાની એ સ્થિતિ હોય, તો પોતે એનું કાર્ય કરી શકે, પરંતુ નહિ કે ગમે તેમ. કેમ કે કારણ વિના કરવા-કરાવવામાં સુખશીલતા, પ્રમાદ, ધિટ્ટાઈ, વગેરે દોષ પોષાવાનો સંભવ છે. હવે બીજાનું કાર્ય કરવાનો પ્રસંગ હોય ત્યાં તેને પૂછવું જોઈએ કે 'તમારી ઈચ્છા હોય તો હું આ કાર્ય કરું.' જો સામો અનિચ્છા બતાવે તો એના કાર્યમાં બલાત્કારે હાથ ન ઘલાય. આનું નામ ઈચ્છાકાર સામાચારીનું પાલન કહેવાય. ઈચ્છકાર સુહ રાઈથી ઈચ્છાકારેણ સંદિસહ વગેરે સૂત્રમાં પણ પહેલી ઈચ્છા પૂછવાનું કરાય છે, એ આ સામાચારીનું પાલન છે.

પોતાને પણ ઉપરોક્ત કારણ ઉપસ્થિત થયું હોય અને બીજા પાસે પોતાનું કાર્ય કરાવવું પડે, તો ત્યાં પણ બીજાને આમ કહેવાનું કે 'તમારી ઈચ્છા હોય તો આટલું મારું કાર્ય કરી આપો.' આમ બીજા પાસે એની ઈચ્છાપૂર્વક જ કાર્ય કરાવાય પણ આજ્ઞા કે બલાત્કારથી નહિ. એવો આપ્ત પુરુષોનો આદેશ છે. પોતાનું સામર્થ્ય હોય તો બીજાને તે કાર્ય કરવા માટે પ્રાર્થના નહિ કરવાની કેમ કે સાધુએ વીર્યને ગોપવવું ન જોઈએ. અલબત્ત કોઈ વિશિષ્ટ નિર્જરાના કાર્યમાં રોકાવું પડ્યું હોય તો જુદી વાત.

જો કોઈ સાધુ ડાંડ જેવો હોય તો ગુરુ એને ઈચ્છા ન પૂછતાં આજ્ઞા કરીને પણ એની પાસે કાર્ય કરાવી શકે, અલબત્ત ત્યાં પણ એ સહેજ પણ **'પ્રજ્ઞાપનીય'** અર્થાત્ કહ્યું ઝીલે તેવો હોય તો જ આજ્ઞા થાય, પણ જો ગાઢ અયોગ્ય હોય તો તેવાને આજ્ઞા પણ ન કરે.

**૨. મિથ્યાકાર** - સમિતિ ગુપ્તિ વગેરે સંયમના યોગમાં પ્રવર્તતા મુનિને સહેજ પણ સ્ખલના થાય, અર્થાત્ સંયમને બાધક લેશ પણ કાંઈ આચરાઈ જાય તો ત્યાં તરત 'મિચ્છા મિ દુક્કડં' કહેવાનું. અર્થાત્ 'આ મારું મિથ્યા ચરણ એ દુષ્કૃત્ય છે.' અથવા 'આ મારું દુષ્કૃત્ મિથ્યા થાઓ. હું એનાથી પડિક્કમું છું.' આમ કરવું એને મિચ્છાકાર-મિથ્યાકાર સામાચારીનું પાલન કહેવાય.

એમાં શુદ્ધ અધ્યવસાય જોઈએ. અર્થાત્ સંવેગ એટલે કે શુદ્ધ સંયમનો રાગ



જોઈએ. વળી એવી ભૂલ ફરીથી ન કરવાનો ભાવ પણ સાથે જોઈએ. એવા શુદ્ધ 'મિથ્યા દુષ્કૃત્યતાથી મિથ્યાચરણનું પાપ ધોવાઈ જાય છે. આમાં ભાવની શુદ્ધતા-તીવ્રતા લાવવા 'મિચ્છા મિ દુક્કડં' પદના દરેક અક્ષરમાં આગમમાં બતાવેલ ભાવ હૃદયમાં ઊભા કરવા જોઈએ. જેમ કે, **'મિ'**થી મૃદુતા; **'ચ્છા'**થી દોષનું આચ્છાદન અર્થાત્ ફરી ઉભો ન થાય તેમ કરવું તે; બીજા **'મિ'**થી ચારિત્રરૂપી મર્યાદામાં પોતાની વ્યવસ્થિતતા; **'દુ'**થી દુષ્કૃતકારી પોતાના આત્માની દુર્ગંછા, 'ક્ક'થી કરેલી સ્ખલનાનું 'ડ'થી ઉપશાન્ત બની કરાતું ડેવન અર્થાત્ ઉલ્લંઘન; તે પાપ-દોષના ભાવને લંઘી આરાધનાના ભાવમાં આવવું.

**૩. તથાકાર** - તથાકાર એટલે વચનને શંકા રહિત પણે કે કોઈપણ પ્રકારનો વિકલ્પ કર્યા વિના 'તહત્તિ' કરવું તે. સૂત્રની વાચના સાંભળતાં કે બીજો સામાચારી અંગેનો ઉપદેશ સાંભળતા અથવા સૂત્રાર્થ લેતાં 'આપ જેમ કહો છો તેમ છે', 'તહત્તિ' 'તથૈવ' 'મારે તે નિઃસંદેહ માન્ય છે', આવું વચન બોલવું તે તથાકાર. અહીં કહ્યું છે કે જો ગુરુ કલ્પ્ય શું ? અકલ્પ્ય શું, એને બરાબર સમજતા ન હોય તો ત્યાં તથાકાર સામાચારી નથી.

**૪. આવશ્યકી** - (૧) જ્ઞાનાદિ કાર્ય અંગે, (૨) ગુરુની આજ્ઞાથી, (૩) ઈર્યાસમિતિ આદિ આગમ રીતિનું પાલન કરવા પૂર્વક બહાર જવાના પ્રસંગે **'આવસ્સહી'** કહીને મકાન બહાર નીકળવાનું, તે **'આવશ્યકી'.** અહીં ત્રણ વિશેષણથી સૂચવ્યું કે-

(૧) જ્ઞાનાદિ કાર્ય વિના નિષ્કારણ જવાનું કે હરવા ફરવાનું હોય નહિ; કેમ કે એમાં રાગ અને પ્રમાદની વૃદ્ધિ તથા પોતાના સ્વાધ્યાયાદિ કર્તવ્યમાં હાનિ, ...યાવત્ બહિર્ભાવ વગેરે પોષાય માટે જ આવસ્સહી બોલવામાં આ ઉપયોગ છે કે હું સંયમ-જીવનના આવશ્યક કાર્યાર્થે બહાર જઉં છું. જ્ઞાન-દર્શન-ચારિત્રને અપોષક કાર્ય સાધુએ કરવાના હોય જ નહિ.

(૨) બીજું 'ગુરુ-આજ્ઞાથી' કહ્યું; એ. સાધુ જીવનમાં ગુર્વાજ્ઞા પૂર્વક જ બધું કરવાનું એમ સૂચવે છે.

(૩) ત્રીજું, આગમની રીતે ગમન કહ્યું, તે સમિતિ-પાલન સાથે, પણ દોડાદોડ નહિ, સંભ્રમ કે મૂર્ચ્છા નહિ, વગેરે સાચવવાનું સૂચવે છે. કેમ કે દોડાદોડમાં સમિતિ ન સચવાય, યા કદાચ ઠોકર ખાઈ જવાય; સંભ્રમમાં કોઈ સાથે અથડાઈ પડે, તથા મૂર્ચ્છા-મમતામાં ગોચરી દોષિત ઉપાડે, ...આવા બધા દોષોનો સંભવ છે. આવશ્યકી એ સાધુજીવનના પ્રતિક્રમણાદિ આવકોથી યુક્ત સાધુની જ સાચી ગણાય; તેમજ બહાર જતાં પહેલાં લઘુનીતિ-વડીનીતિની સંજ્ઞા ટાળીને પછી

'આવસ્સહી' કહી બહાર નીકળવાનું.

**૫. નૈષેધિકી** - બહારથી આવી મુકામમાં પેસતાં નિસીહિ કહેવી જોઈએ. એ નિષેધના નિષેધ માટે કહેવી જોઈએ. ગુરુની અવગ્રહ ભૂમિનો ઉપભોગ યતનાપૂર્વક અર્થાત્ અસત્ પ્રવૃત્તિનો ત્યાગ કરીને જ થાય, તો જ તે ઈષ્ટ ફલ સાધક બની શકે. મકાનમાંથી નીકળતાં પેસતાં આવસ્સહી નિસીહિ બોલવાનું ખાસ લક્ષ જોઈએ.

**૬. આપ્રચ્છના** - જ્ઞાનાદિની સાધના કરતાં કાંઈ પ્રયોજન ઉપસ્થિત થયે ગુરુને યા ગુરુસંમત સ્થવિરાદિને તે માટે પૂછવું, રજા માગવી, એ આપ્રચ્છના. એથી (૧) કાર્ય શ્રેયસ્કર બને છે. પ્રશંસાર્હ થાય છે, (૨) ગીતાર્થ પાસેથી કાર્યવિધિનું જ્ઞાન મળે છે; (૩) જૈન દર્શનની વિશિષ્ટ વસ્તુ પર બહુમાન વધે છે. - 'અહો સકલ જીવહિતકારી આ કેવી સુંદર વસ્તુ જૈન મતમાં બતાવી છે !' ને (૪) ગુરુ અને જિનેશ્વર દેવ પર શ્રદ્ધા વધે છે. (૫) આ શુભ અધ્યવસાયરૂપ હોવાથી મહાન મંગળ છે તેથી જે કાર્ય માટે પૂછવા ગયા તે કાર્યની આડેના વિઘ્ન એથી દૂર થાય છે, તેમજ (૬) શુભ અનુબંધ યાને લાભોનો પ્રવાહ ઊભો થાય છે. આવા વિશિષ્ટ લાભ હોવાથી સામાન્ય, વિશેષ બંને જાતના કાર્યમાં પૃચ્છા કરવાનું શાસ્ત્રનું ફરમાન છે.

**૭. પ્રતિપૃચ્છા** - ગુરુએ શિષ્યને કોઈ કાર્ય કરવાનો આદેશ કર્યો હોય તેને બજાવવાના અવસરે શિષ્યે ફરીથી ગુરુને પૂછવું કે 'આપે ફરમાવેલ કાર્ય માટે જાવું છું અગર કાર્ય શરૂ કરું છું આને પ્રતિપૃચ્છા કહેવાય. આ કરવાનું કારણ એ છે કે કદાચ તેવી જરૂર ન હોય અગર બીજી રીતે કે બીજું કાર્ય કરવાનું હોય તો, ગુરુ પૂછવા ગયેલા શિષ્યને તે પ્રમાણે ફરમાવી શકે.

બીજી રીતે પૃતિપૃચ્છા શાસ્ત્ર એમ બતાવે છે કે કાર્ય કરવા નીકળતાં કોઈ અપશુકન યા અનિષ્ઠ શબ્દનું શ્રવણ વગેરે દુર્નિમિત્ત ઉપસ્થિત થાય તો આઠ શ્વાસોચ્છવાસ-પ્રમાણ અર્થાત્ ૧ નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પછી નીકળતાં ફરી દુર્નિમિત્ત ઊભું થાય તો દ્વિગુણ પ્રમાણ કાઉસ્સગ કરવો. તે પછી પણ નીકળતાં દુર્નિમિત્ત ઊભું થાય તો સંઘાટકમાં નાનાને આગળ કરી મોટાએ પાછળ રહેવું. ત્યાં ગુરુને ફરી પૂછવું તે પ્રતિપૃચ્છા.

**૮. છંદના** - વહોરી લાવેલ આહારાદિનો લાભ આપવા, ગુરુની આજ્ઞા મેળવીને ગ્લાન, બાળ આદિને નિમંત્રણ કરવું તે છંદના. અહીં ગુરુ આજ્ઞાથી કહ્યું એ સૂચવે છે કે સ્વતંત્રતાથી કે સામાન્ય રત્નાધિકના આદેશથી નહિ. બીજું લેનારને પણ નિર્જરા છે, અને સામાએ ન લીધું તો પણ વિનંતી કરનારને નિર્જરા છે, માત્ર મનના પરિણામ નિર્મળ જોઈએ.



**૯. નિમંત્રણા** - સ્વાધ્યાય કરી લીધા પછી રત્નાધિકની સેવા વૈયાવચ્ચનું કાર્ય ન હોય તો ગુરુની રજા માગે કે હું મુનિઓ માટે આહારપાણી લાવું ? જો રજા મળે તો પછી મુનિઓને વિનંતી કરે 'હું તમારા માટે શું લાવું ?' આને નિમંત્રણા કહેવાય. આનો લાભ દરિદ્ર માણસને રત્નાકરનું રત્ન મળી જવા જેવો છે. આથી ભાવી મોક્ષ સુધીનો લાભ અને અનિત્ય દેહાદિનો ઉત્તમ સદુપયોગ થાય છે.

**૧૦. ઉપસંપદા** - ગુરુની આજ્ઞા લઈ, જ્ઞાન, દર્શન કે ચારિત્ર માટે બીજા સમુદાયમાં ગુરુએ ચીંધેલ આચાર્ય પાસે જઈ, 'હું આ માટે અમારા આચાર્ય મહારાજની આજ્ઞા લઈ આપની પાસે આવ્યો છું, તો મને સ્વીકારો,' એવું આત્મનિવેદન કરવું તેને ઉપસંપદા કહેવાય. એ સ્વીકારે તો ત્યાં રહે એ ઉપસંપદા લીધી ગણાય. આમાં જ્ઞાન માટેની ઉપસંપદામાં સૂત્ર અર્થ કે બંનેની પુનરાવૃત્તિ, અથવા કંઈક ખંડિત-વિસ્મૃત થયું હોય તેનું અનુસંધાન, અથવા નવું ગ્રહણ જે પોતાના ગચ્છમાં અશક્ય હોય તે કરવાનો ઉદ્દેશ હોય. દર્શન-ઉપસંપદા સમ્યગ્દર્શનને નિર્મળ કરનાર સન્મતિતર્ક, અનેકાંત જયપતાકા વગેરે શાસ્ત્ર ભણવા માટે હોય. ચારિત્ર ઉપસંપદા અઠ્ઠમાદિ વિશિષ્ટ તપસ્યા, અથવા વિશિષ્ટ વિનય-વૈયાવચ્ચ માટે હોવા અગર પોતાના ગચ્છમાં ચારિત્રની શિથિલતા-સીદામણ હોય તો તેમાંથી બચવા માટે હોય.

સામાચારીના પાલનમાં ગુર્વાજ્ઞા મુખ્ય રાખવાની છે, કેમ કે પરિણામની શુદ્ધિ ગુર્વાજ્ઞા-પ્રતિબદ્ધ રહેવામાં જ છે, પણ ગુર્વાજ્ઞા નિરપેક્ષ બનવામાં નહિ.

આ સામાચારીના પાલનના ફળમાં, શાસ્ત્ર કહે છે કે, અનેક ભવોના સંચિત કર્મોનો નાશ થાય છે.

## પ્રશસ્ત-અપ્રશસ્ત સંકલ્પો : સંકલેશ

ચિત્તમાં સંકલ્પ વિકલ્પ ઉઠે છે. તે પ્રશસ્ત અને પ્રશસ્ત એમ બે જાતના હોય છે. પ્રશસ્ત સંકલ્પથી ચિત્ત નિર્મળ બને છે, અને બંધ શુભ કર્મનો થાય છે. નિર્મળ ચિત્તની સુંદર અસર ધર્મયોગોની આરાધના પર પડે છે, અને ભાવી શુભ પરંપરાનું સર્જન થાય છે. ત્યારે અપ્રશસ્ત સંકલ્પોથી ચિત્ત મલિન, સંક્લિષ્ટ બને છે, અને અશુભ કર્મબંધ થાય છે. બંનેની આગામી અસરો દુઃખદ હોય છે. તેથી અશુભ-અપ્રશસ્ત સંકલ્પો ત્યજી શુભ-પ્રશસ્ત સંકલ્પમાં રમતા રહેવું જરૂરી છે.

**પંચકલ્પ ભાષ્યમાં** કહ્યું છે-

દર્શન, જ્ઞાન, ચારિત્રના પાલનની પ્રાર્થના એ પ્રશસ્ત સંકલ્પ છે, જ્યારે ઇન્દ્રિયના વિષયો અને કષાયોના સંકલ્પ એ અપ્રશસ્ત સંકલ્પ છે.

દર્શનના સંકલ્પમાં દા.ત. એમ થાય કે 'હું કેમ દર્શનપ્રભાવક શાસ્ત્ર ભણું ! જેથી મારું સમ્યગ્દર્શન નિર્મળ થાય.' 'કેમ મારામાં ઉપબૃંહણા (સાધર્મિકના ગુણની પ્રશંસા-પ્રોત્સાહન) વગેરે દર્શનના આચાર ખીલે !'

જ્ઞાનના સંકલ્પમાં દા.ત., 'કેમ હું જ્ઞાનના અતિચારોથી બચું ! ગુરુવિનયાદિ જ્ઞાનાચાર કેમ વધુ ને વધુ વિકસ્વર થાય ! કેમ મારામાં અધિકાધિક સમ્યગ્જ્ઞાન વૃદ્ધિ પામે !'

ચારિત્રના સંકલ્પમાં દા.ત., મનને એમ થાય કે 'કેમ હું શુદ્ધ ચારિત્રી બનું ! કેમ મારામાં પિંડવિશુદ્ધિ વગેરે ઉત્તર ગુણોની વિશેષ પ્રાપ્તિ થાય ! હું સમિતિ-ગુપ્તિનો પ્રતિપળ નિરતિચાર પાળનારો બનું !'

દર્શન-જ્ઞાન-ચારિત્રના સંકલ્પો ચિત્તમાં રમતા રાખવાથી ઇન્દ્રિયોના વિષયો તથા કષાયોના સંકલ્પ-વિકલ્પોથી ઘણું બચી જવાય છે, ચિત્ત-અધ્યવસાય વિશુદ્ધ બને છે, ઉત્તમ સંગીન શુભ સંસ્કરણ ઊભું થાય છે, વગેરે અમૂલ્ય લાભો છે.

## સંકલેશ

આત્મામાં પરિણામ બે જાતના, ૧. કષાય અર્થાત્ સંકેલશના; ૨. વિશુદ્ધિના. આત્મા કામ, ક્રોધ, લોભ વગેરેની લાગણીમાં તણાયો હોય તો કષાયના પરિણામવાળો, સંકલેશવાળો કહેવાય. એમાંથી પાછો વળે, બ્રહ્મચર્ય, ક્ષમા, નિસ્પૃહતા વગેરેના ભાવમાં ચડે તો તે વિશુદ્ધિમાં વર્તતો કહેવાય.

અહીં ઝોક મુખ્ય છે. જીવનો ઝોક કઈ તરફ છે, કષાય તરફ ? કે ક્ષમાદિ તરફ ? એક જ ગુણઠાણે અમુક સમયે બે આત્મા વર્તતા હોય. પરંતુ એક ઉપર ચઢી રહ્યો હોય ને બીજો નીચે ઉતરતો હોય; તો આમ તો ત્યાં અધ્યવસાયનું સ્થાનક બંનેને સમાન છે, છતાં ઉપર ચઢી રહેલો **વિશુદ્ધિ**માં છે, અને નીચે ઉતરી રહેલો **સંકલેશમાં** છે. આ પરથી સૂચિત થાય છે કે વિશુદ્ધિ જાળવવી હોય અને સંકલેશથી બચવું હોય તો મનના પરિણામ ક્ષમાદિ યતિધર્મ, પંચાચાર સમિતિ-ગુપ્તિ, પરીસહસહન, અને બાહ્ય-આભ્યન્તર તપના તો અવશ્ય રાખવા જ, ઉપરાંત મનનો ઝોક ઉપર ચઢવા તરફ રાખવો.



સંકલેશનો અર્થ અસમાધિ પણ કર્યો છે; અને એના ૧૦ પ્રકાર આવે છે. એમાં ૩ પ્રકારમાં મનઃસંકલેશ, વચન સંકલેશ, અને કાયસંકલેશ છે. મનઃસંકલેશ એટલે મનની, વિચારોની અસ્વસ્થતા, વિહ્વળતા, ઉગ્રતા, અવિચારીપણું પ્રમાદ વગેરે. વચન સંકલેશ એટલે વાણીથી ગાળો-અપશબ્દો બોલવા-એલફેલ બોલવું-જૂઠું બોલવું વગેરે. કાયસંકલેશ એટલે કાયા-ઇન્દ્રિયો-અવયવોની અસ્વસ્થતા, ઉકળાટ, મદમત્તતા, પ્રમાદ વગેરે.

બીજા ૩ પ્રકારમાં જ્ઞાનાદિ ત્રણનો સંકલેશ છે. એ જ્ઞાનાદિ વિશુદ્ધિથી તદ્દન વિપરીત છે. જ્ઞાનસંકલેશ એટલે જ્ઞાન અને જ્ઞાનના આઠ આચારોની વિરાધના, જ્ઞાનનો મદ, જ્ઞાન પર અરુચિ વગેરે. દર્શન સંકલેશમાં દર્શન અને એના આચારોની વિરાધના આવે; દા.ત., શંકા કાંક્ષા વગેરે. ચારિત્ર સંકલેશમાં ચારિત્ર અને એના વિવિધ અંગ, વિવિધ આચારની વિરાધના આવે.

બાકી ૪ પ્રકારમાં, ઉપધિસંકલેશ, ઉપાશ્રયસંકલેશ, ભક્તસંકલેશ અને કષાયસંકલેશ છે. ઉપધિ સંકલેશ વસ્ત્ર, પાત્રાદિ ચારિત્રજીવનના ઉપયોગી ઉપકરણ અંગે ચિત્તસંકલેશ, વ્યગ્રતા-વ્યાકુળતા, રગડો-ઝગડો આવે. ઉપાશ્રય સંકેલશમાં જે મુકામમાં ઉતર્યા કે ઉતરવાનું હોય તે અંગે ચિત્તવિહ્વળતા વગેરે આવે. દા.ત., 'આવી બહુ ઘામવાળી કે ઠંડી લાગે એવી વસતિ ક્યાં મળી !' એમ મુકામ સંબંધમાં કલેશ-કલહ વગેરે થાય તે. ભક્તસંકલેશ, એટલે આહાર પાણી અંગે સંકલ્પ-વિકલ્પ કરવામાં આવે, વ્યગ્રતા-વિહ્વળતા, રગડો-ઝગડો કરાય વગેરે. કષાયસંકલેશ એટલે કોઈને કોઈ કષાય-નોકષાયનો સ્વભાવ બન્યો રખાય, એમ જ તેવા વિચારો કરી કરી મનમાં કષાયની ઉદીરણા કરાય... વગેરે.

શાસ્ત્રસંકલેશ બે રીતે થવાનું કહે છે, -સનિમિત્તક અને અનિમિત્તક અર્થાત્ નિમિત્ત પામીને અને નિમિત્ત પામ્યા વિના.

**પ્ર.**- નિમિત્ત એટલે તો કારણ; કારણ વિના કાર્ય કેમ બને ?

**ઉ.**- અહીં 'નિમિત્ત'નો અર્થ છે બાહ્ય કારણ. સંકલેશ ઉત્પન્ન થવામાં આભ્યન્તર કારણ કર્મનો ઉદય તો હોય જ છે, પરંતુ કેટલીક વાર બાહ્ય નિમિત્ત હાજર ન હોય તો પણ સંકલેશ થઈ આવે છે. અને કેટલીક વાર બાહ્ય કારણ ઊભાં થયા પછી જ સંકલેશ જાગે છે.

સંકલેશ થવામાં બાહ્ય નિમિત્ત તરીકે (૧) ઇન્દ્રિયોનો વિષય સંપર્ક બને છે. દા.ત. વિજાતીયનું રૂપ જોતાં કે વિષયવિલાસનાં ગીત સાંભળતાં ચિત્તમાં રાગાદિ સંકલેશ જાગે છે. તેમ (૨) પૂર્વ ભુક્તનું સ્મરણ કરાય તે પણ સંકલેશનું નિમિત્ત બને છે. પૂર્વે ભોગવેલા વિષયો યાદ કરવા જતાં સંકલેશ જાગે છે. વળી (૩) દૂધ-

દહીં-ઘી વગેરે રસોના આહાર અથવા લુખ્ખો પણ વધુ પડતો આહાર શરીરમાં વિકાર જગાડી સંકલેશ પેદા કરે છે. તેમજ (૪) તેવા સંક્લિષ્ટ સાધુ વગેરેના સંસર્ગમાં રહેવાથી પણ સંકલેશ જાગે છે...વગેરે.

આ સૂચવે છે કે સંકલેશથી બચવા માટે આ નિમિત્તોથી દૂર રહેવું જોઈએ, નિમિત્તો સેવવાં જોઈએ નહિ.

❋ ❋ ❋

## પ્રીતિ-ભક્તિ-વચન-અસંગ અનુષ્ઠાન

ધર્મના અનુષ્ઠાન ચાર પ્રકારે કરાય છે, -૧. પ્રીતિથી, ૨. ભક્તિથી, ૩. શાસ્ત્રવચનથી, અને ૪. અસંગપણે. માટે તેની ઓળખ પણ પ્રીતિ-અનુષ્ઠાન, ભક્તિ-અનુષ્ઠાન ઇત્યાદિ તરીકે થાય છે. આ ચાર કક્ષા ક્રમિક છે. આરાધક જીવ પહેલાં પ્રીતિ-અનુષ્ઠાનથી શરૂઆત કરે છે, અને આગળ વધતાં ભક્તિઅનુષ્ઠાન વગેરેની કક્ષાએ ચઢે છે. આ ચારે ય અનુષ્ઠાન ઉપાદેય છે, આત્મવિશુદ્ધિને કરનારા છે, માટે તેનું આરાધન, બીજો કોઈ ભૌતિક સ્વાર્થ લેશ પણ રાખ્યા વિના, અત્યંત ઉપાદેય બુદ્ધિથી થવું જોઈએ, તેમજ એનાં એનાં લક્ષણ-સ્વરૂપ સાચવીને થવું જોઈએ. ચારેયના લક્ષણ-સ્વરૂપ આ પ્રકારે છે :

**૧. પ્રીતિ-અનુષ્ઠાન :** જે અનુષ્ઠાન (ક્રિયામાં) (૧) આદર એટલે કે અતિશય પ્રયત્ન હોય અને (૨) પ્રીતિ, અભિરુચિ હોય, તેમજ તે ક્રિયા વખતે (૩) બીજા પ્રયોજનોનો ત્યાગ રાખે, અને (૪) એટલી બધી તે ક્રિયામાં એકનિષ્ઠતા હોય તે, પ્રીતિ અનુષ્ઠાન કહેવાય છે. એથી ક્રિયાકારકનો કલ્યાણકારી ઉદય થાય છે.

**૨. ભક્તિ-અનુષ્ઠાન :** જે અનુષ્ઠાનમાં (૧) પૂજ્યભાવનો અધિક સંબંધ થયો હોય, જે અનુષ્ઠાન કરનાર (૨) વિશેષ સમજ ધરાવતો હોય, અને (૩) ક્રિયારૂપે પ્રીતિ-અનુષ્ઠાનને સમાન હોય; છતાં એના કરતાં, (૪) જે અધિક વિશિષ્ટ વિશેષતાવાળી પ્રવૃત્તિવાળું હોય, તેને ભક્તિ-અનુષ્ઠાન જાણવું.

**૩. વચનાનુષ્ઠાન :** (૧) જિનાગમકથિત આદેશને જરાય ન ભૂલવાપૂર્વક જે ક્રિયા થતી હોય, તેમજ જ્યાં (૨) સમસ્ત ક્ષમાદિ યતિધર્મનું નિરતિચાર પાલન હોય, અને (૩) પડિલેહણ (સૂક્ષ્મ પણ જીવની હિંસા ન થાય એની કાળજીવાળું વસ્ત્ર પાત્ર ભૂમિ વગેરેનું નિરીક્ષણ-પ્રમાર્જન) વગેરે ધર્મયોગોમાં દેશ-કાળ-પુરુષ-વ્યવહારાદિનું ઔચિત્ય અર્થાત્ એને અનુકૂળ ભાવ જળવાતો હોય, એ ક્રિયા વચનાનુષ્ઠાન છે. એ નિશ્ચયનયની દૃષ્ટિએ ચારિત્રવાન સાધુને જ હોય છે. કેમ કે



એમનું ગુણસ્થાનક છઠ્ઠું સર્વ વિરતિનું હોવાથી ત્યાં લોકસંજ્ઞાનું બંધન નથી હોતું અને એજ સંસારરૂપી કિલ્લાને ઓળંગી જાય છે. ત્યારે વ્યવહારનયની દૃષ્ટિએ મુનિ નહિ એવા બીજા પણ જિનાજ્ઞા પ્રધાન કરીને પ્રવર્તમાન માર્ગાનુસારી જીવને એ વચનાનુષ્ઠાન અંશે હોય છે.

**૪. અસંગાનુષ્ઠાન :** જે અનુષ્ઠાન, એના વારંવારના આસેવનથી ઊભા થયેલ વિશિષ્ટ સંસ્કારના બળે, જેમ ચંદનમાં સુવાસ, તેમ જીવની સાથે આત્મસાત્ થઈ ગયું હોય એ રીતે જિનકલ્પિકાદિ સત્પુરુષો વડે સેવવામાં આવે છે. તેને 'અસંગાનુષ્ઠાન' કહે છે. એ જિનાગમના મૌલિક સંસ્કારમાંથી જન્મે છે.

વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાનમાં ફરક એ છે કે જેવીરીતે ચાકડો પહેલા કુંભારના દંડા પરના પ્રયત્નથી ચાલે છે, અને દંડો લઈ લીધા પછી એના સંસ્કાર ઊભા હોવાથી એમને એમ જાણે સહજભાવે ચાલે છે, તેવી રીતે પહેલાં જિનાગમના આદેશોના પૂરા સ્મરણ, પૂરા લક્ષ અને પાલન સાથે વચનાનુષ્ઠાન પ્રવર્તે છે, અને પછી એ આગમદેશો અને બહુસંખ્યક વચનાનુષ્ઠાન પ્રવર્તે છે, અને પછી એ આગમદેશો અને બહુસંખ્યક વચનાનુષ્ઠાનોના સંસ્કારબળે આગમ નિરપેક્ષ અર્થાત્ આગમાદેશોનું સ્મરણ થયા વિના જ સહજભાવે અસંગાનુષ્ઠાન પ્રવર્તે છે. અસંગ એટલે સંગ નહિ, નહિ શાસ્ત્રનો, કે નહિ મોક્ષની તાલાવેલીનો. સુખ-દુ:ખ અને સંસાર-મોક્ષ પ્રત્યે એ અસંગ સમભાવ યાને નિસ્પૃહભાવ રખાવે છે. ક્રિયા થાય છે તે પણ ઇચ્છા કર્યા વિના સૂર્યના પ્રકાશદાનની જેમ સહજભાવે થાય છે. ક્રિયા થઈ જાય ખરી, પણ ક્રિયાનો રાગ નહિ.

પ્રીતિ-ભક્તિ-અનુષ્ઠાન માટે દૃષ્ટાન્ત પત્ની પ્રત્યેનાં કર્તવ્ય અને માતા પ્રત્યેનાં કર્તવ્યનાં પાલનનું અપાય છે. ગૃહસ્થ માણસને પત્ની અત્યન્ત વલ્લભ હોય છે, તેમ માતા પણ હિતકારિણી હોવાથી અત્યંત પ્રિય ઉપરાંત પૂજ્ય હોય છે. બંનેને ભોજન, વસ્ત્ર ઔષધ વગેરે કરાવવાનાં કાર્ય સમાન હોય છે. છતાં પત્નીનાં કાર્ય પ્રીતિથી થાય છે, અને માતાનાં કાર્ય ભક્તિથી થાય છે. આમ કાર્ય કરતી વખતે દિલના અમુક ભાવમાં ફરક પડે છે. બંનેનું કાર્ય કરતી વખતે બીજાં કાર્યનાં ત્યાગ રખાવે એવી દિલની એકનિષ્ઠા સમાન, છતાં માતાનાં કાર્યમાં પ્રેમ ઉપરાંત વિશેષ સમજ સાથે એની પ્રત્યે ગૌરવ, પૂજ્યભાવ અને એ ઉપકારક તરીકે ભારે કૃતજ્ઞભાવ હૈયે ઝળહળતો હોય છે. માનવતા અહીં જીવંત રહે છે. આજની જડવાદી કેળવણી આ કશું શિખવતી નથી.

પ્રભુ અને પ્રભુએ આદેશેલ અનુષ્ઠાનો પ્રત્યે આ પ્રીતિ અને ભક્તિ બંનેના ભાવ એટલે કે હૈયે પ્રીતિ, વિશેષ સમજ, પૂજ્યભાવનું ગૌરવ, અતિશય પ્રયત્ન

અને એકનિષ્ઠતા ઝગમગતા રાખવાના છે. હજુય શ્રદ્ધાનો ખપ કરાય છે. પણ ત્યાં મંદ પ્રયત્નવાળી ક્રિયા થાય છે. અને બીજી ક્રિયા અગર તેના ચિંતનનો શંભુમેળો કરાય છે. ત્યારે દિલમાં પ્રીતિ-ભક્તિના ભાવ જીવતા-જાગતા રાખવાનું ને ઉછળતા કરવાનું વિસરી જવાય છે. વીતરાગ બનવું છે તો પરમાત્માનો અનંત ઉપકાર, એમના અનંત ગુણો, અને એમનો અચિંત્ય પ્રભાવ જરાય વિસર્યા વિના. એટલે ? દરેક શુભ પ્રાપ્તિમાં એ યાદ કરીને, અને અશુભ પ્રાપ્તિમા ય 'પૂર્વે એને આપણે ન ઝીલ્યાનું આ પરિણામ છે,-એ ધ્યાન પર લાવી લાવીને, હવે હૃદયે પ્રીતિ-ભક્તિના મોજાં ઉછાળવાનાં. કૃતજ્ઞતા એ પાયાનો ગુણ છે. એ હૈયે વિલસતી રહે એટલે આ શક્ય છે. સાથે એમ થાય કે વીતરાગ બનવા માટે સતીના સુશીલ અને પ્રેમાળ પતિ પ્રત્યેના પ્રેમની જેમ વીતરાગ પ્રત્યે અથાગ રાગ પહેલાં કરું તો જ દુન્યવી રાગ છૂટશે. તો જ વીતરાગની આજ્ઞાને જીવનના પ્રાણ બનાવવાનું સત્ત્વ વિકસશે, અને ખીલેલું સત્ત્વ ક્રોધાદિ આંતર શત્રુનો નાશ કરશે. બસ, ડગલે ને પગલે આવાં સ્મરણ કે-'અહો ! આ જગત પર વીતરાગ અરિહંત પ્રભુ એ કેવીક અકલ્પ્ય વિભૂતિ ! કેવું એમનું અનુપમ શાસન ! અહાહા, અમારા પર કેટલો ગજબ ઉપકાર !'

પછી વચનાનુષ્ઠાન માટે શાસ્ત્રની વિધિનું સચોટ પાલન, અતિચારોનો સર્વથા ત્યાગ, ઉચ્ચ કોટિનું ઔચિત્ય વગેરે જાળવવા સાવધાની જરૂરી છે.

## ૧૧. વિવિધ દૃષ્ટિએ મોક્ષમાર્ગે પ્રયાણ

**(લેખક : પં. ભાનુવિજયજી ગણિવર્ય)**

જૈન શાસ્ત્રોમાં મોક્ષમાર્ગે પ્રયાણ વિવિધ દૃષ્ટિએ વિચારવામાં આવ્યું છે. અલબત્ત બધાંય પ્રયાણ આત્માની પરિણતિના શુદ્ધભવનમાં સમાઈ જાય છે. યાવત્ પરાકાષ્ઠાએ આત્મા અત્યન્ત વિશુદ્ધ પરિણામવાળો બને છે, છતાં જુદી જુદી રીતે પ્રયાણને આમ વિચારી શકાય,-

(૧) પહેલા ગુણસ્થાનકથી માંડી ચૌદમા ગુણસ્થાનક સુધીનું પ્રયાણ.

(૨) માર્ગાનુસારી જીવનથી માંડી નિરપેક્ષ યતિધર્મ સુધીનું પ્રયાણ.

(૩) યોગપૂર્વ સેવાથી પ્રારંભી પાંચ યોગમાં અંતિમ વૃત્તિ સંક્ષય યોગ સુધીનું પ્રયાણ.



(૪) આઠ યોગ દૃષ્ટિમાં પ્રયાણ.

(૫) પાપ પ્રતિઘાતથી માંડી ક્ષાયિક ધર્મ સુધીનું પ્રયાણ.

(૬) પ્રણિધાત આશયથી માંડી અંતિમ વિનિયોગ આશય સુધીનું પ્રયાણ.

(૭) ઈચ્છાયોગથી માંડી સામર્થ્યયોગ સુધીનું પ્રયાણ.

(૮) સંસાર કારણો મિથ્યાત્વાદિને અટકાવતા નથી પ્રતિપક્ષ સેવનમાં પ્રયાણ...વગેરે.

આનો અહીં બહુ આછો ખ્યાલ આપવામાં આવે છે.

(૧) ગુણસ્થાનકની દૃષ્ટિએ વિચારીએ તો પહેલાં મિથ્યાત્વ ગુણસ્થાનકે જીવ અનાદિ કાળથી રહેલો છે. અને એ મિથ્યાત્વ અનંતાનુબંધી રાગ-દ્વેષથી ઉપષ્ટમ્ભિત છે. એટલે એ રાગદ્વેષને મંદ પાડવા જોઈએ. જડ પદાર્થો ઉપરના તીવ્ર રાગ અને તત્ત્વ ઉપરના તીવ્ર દ્વેષને નિર્ભીક, નિર્વિચાર, નિઃસંકોચપણે કરવાનું મંદ પાડવું, સાથે અતત્ત્વાભિનિવેશરૂપ મિથ્યાત્વને મંદ પાડવું જોઈએ. યથાપ્રવૃત્ત કરણથી એ મંદ પડે છે, ત્યાં એ કર્મોની અંત-કોડાકોડી સાગરોપમ જેટલી સ્થિતિ બનતાં બને છે. એમાં સહાયક તથા ભવ્યત્વનો પરિપાક બને છે, સાથે બાહ્ય સામગ્રીમાં આત્મવાદી ગુરુનો ઉપદેશ વગેરે નિમિત્ત પામીને પ્રગટનારા દયાદિ શુભભાવ, ગુણરાગ, દ્રવ્ય અભિગ્રહ વગેરે કારણભૂત બને. એ જીવને આગળ આગળ વધારે છે. આમાં આમાં જડની આવેશયુક્ત મૂર્ચ્છા, પ્રીતિ, રાગ, ઓછા કરવાનું અને તત્ત્વની નજીક આવવાનું મુખ્ય કાર્ય રહે છે. એમ કરતાં કરતાં અપૂર્વ કરણના પરિણામ જાગે એટલે એ અનંતાનુબંધીના ગાઢ રાગરૂપી ગ્રન્થિ ભેદાય, ત્યાં અનિવૃત્તિકરણ-અનંતકરણના આત્મ પરિણામ દ્વારા મિથ્યાત્વના ઉદયને તદ્દન સ્થગિત કરી દે. એટલે ચોથું સમ્યક્ત્વ ગુણસ્થાનક પામે છે. ત્યાં સર્વજ્ઞ વચનની શ્રદ્ધારૂપ આસ્તિક્ત્વ અને શમસંવેગ આદિ ગુણ પ્રગટ થાય છે.

અહીં સમ્યગ્દર્શનના આચારોનું પાલન કરતાં કરતાં જીવ અપ્રત્યાખ્યાનીય નામની બીજી કષાય ચોકડીના રાગદ્વેષને મંદ કરતો ચાલે છે. વિરતિ ભાવને પ્રગટ થવા માટે જરૂરી વિશુદ્ધિ પ્રગટ કરે તે સમકિતના ૬૭ પ્રકારના વ્યવહાર અને સમકિતની કરણી વગેરેથી કરતો આવે છે.

એમ કરતાં કરતાં બીજી ચોકડીના કષાયોથી થતાં રાગદ્વેષમાં વિરતિ અટકાવવાનું જે જોર છે, તેને મંદ કરતો આવે છે. એમાં કર્મની સ્થિતિમાં પલ્યોપમ પૃથક્ત્વ જેટલી સ્થિતિ ઓછી કરે અને કષાયની બીજી ચોકડી અપ્રત્યાખ્યાનીય રાગદ્વેષનો ક્ષયોપશમ કરે એટલે જીવ દેશ વિરતિ નામનું પાંચમું ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે. અહીં અણુવ્રતો ગુણવ્રતો વગેરે આવે છે. શ્રાવકપણાના ક્રિયાગત-ભાવગત

લક્ષણ કૃત્યો આચારો અનુષ્ઠાનો આચરતાં ત્રીજી કષાય ચોકડીનો રાગદ્વેષને મંદ મંદતર કરતો આવે એટલે વિશુદ્ધિ વધતી ચાલે. આમાં પણ રાગ, લોભ, મૂર્ચ્છા, ઓછા કરવાનું અને સંવર-નિર્જરા વધારવાનું મુખ્ય છે.

એમ કરતાં કરતાં કર્મની સ્થિતિમાંથી સંખ્યાતા સાગરોપમ જેટલી સ્થિતિ ઘટાડી નાખે અને ત્રીજી કષાય ચોકડીના પ્રત્યાખ્યાનાવરણીય રાગદ્વેષને ક્ષયોપશમ દ્વારા અટકાવી દે, એટલે સર્વ વિરતિનું છઠ્ઠું ગુણસ્થાનક પ્રાપ્ત થાય. અહીં મહાવ્રતો અને ઉત્તરગુણો આવે. એમાં પણ સાધુ ધર્મ યોગ્ય ચરણસિત્તરી-કરણસિત્તરીના આચાર-અનુષ્ઠાનો આરાધતાં આરાધતાં અવશિષ્ટ ચોથી કષાય ચોકડી સંજ્વલનના રાગદ્વેષ તથા નવ નોકષાયના સંકલેશને ઘટાડતો જાય છે વિશુદ્ધિ વધારતો જાય છે. અહીં સુધી પણ શાસ્ત્ર કહે છે કે ધર્મધ્યાન ગૌણ અને આર્ત્તધ્યાન મુખ્ય હોય છે. પરંતુ જીવ સાધના અને જાગૃતિમાં છે, તેથી એનો ઝોક વધુ વિશુદ્ધ સંયમસ્થાનકો સ્પર્શવા યાને વિશુદ્ધિ વધારવા તરફ, ધર્મધ્યાન-મુખ્ય કરવા તરફ અને પ્રમાદ ભાવને સંપૂર્ણ દબાવવા તરફ હોય છે. અહીં પણ અપ્રશસ્ત રાગદ્વેષ ઓછા કરવાનું અને આત્માના સંવર-નિર્જરાભાવને વિકસાવવાનું કાર્ય મુખ્ય છે. ધ્યાનથી પણ આ કરવાનું છે.

એમ કરતાં કરતાં પ્રમાદભાવ દાબે એટલે જીવ સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકને પામે છે. હવે અહીં રતિ અરત્યાદિ નોકષાય અને રાગદ્વેષ-સ્મૃતિ ભ્રંશ-ભ્રમ વગેરે પ્રમાદો નહિ રહેવાથી ધર્મધ્યાન મુખ્ય બને છે. એનાથી સંક્લિષ્ટ અધ્યવસાયને યાને સંકલેશને છોડતો છોડતો વિશુદ્ધ સંયમ સ્થાનકોને સ્પર્શે, તો ઊંચે ચઢે છે. ધર્મધ્યાનમાંથી અહીં અથવા ઉપરના ગુણસ્થાન કે શુકલધ્યાનમાં આરૂઢ થાય છે. એથી અપૂર્વ કર્મ ક્ષય, સંકલેશ ક્ષય અને ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કરતો ગુણસ્થાનકોમાં ઉપર ચઢે છે, અને અંતે વીતરાગ બને છે.

આમ ગુણસ્થાનકોમાં પ્રયાણ-પ્રગતિની દૃષ્ટિએ જોતાં મોક્ષમાર્ગ ઉત્તરોત્તર કષાય સંકલેશનો હ્રાસ અને સમકિત-સંયમના વિશુદ્ધિસ્થાનકોની સ્પર્શનારૂપ બને છે. એમાં ધ્યાનનું પણ કારણ તરીકે એકસ્થાન છે. કિન્તુ એ ક્યાં કેટલું તેનો વિવેક કરવો જોઈએ. મુખ્યતયા રાગ-દ્વેષની પરિણતિ મંદ કરતા આવવાની છે, એ પ્રારંભિક અને મધ્યકક્ષામાં કયા મુખ્ય સાધનોથી થાય એ ઉપરોક્ત પ્રક્રિયાથી સમજાય તેવું છે.

(૨) હવે માર્ગાનુસારીની ભૂમિકાથી નિરપેક્ષ યતિધર્મ સુધીના પ્રયાણ-પ્રગતિની દૃષ્ટિએ જોતાં મોક્ષમાર્ગ વિશુદ્ધભાવ સહિત ઉત્તરોત્તર આચાર-અનુષ્ઠાનોની સાધનારૂપ બને છે. એ સાધનામાં-

જીવ પ્રારંભે ભલે મિથ્યાદર્શનમાં પડ્યો હોય છતાં ન્યાયસંપન્નવિભવ,



અરિષડ્વર્ગજય વગેરે ગુણો હોય તો એ માર્ગાનુસારી કહેવાય છે. એમાં પ્રાયઃ ધર્મબીજ પડીને ઊગે છે. અને ક્રમશઃ સમ્યગ્દર્શન પ્રગટે છે, એમ ધર્મબિન્દુ-ધર્મસંગ્રહ શાસ્ત્ર કહે છે. ત્યાં પહેલાં તો અનાદિ સહજમલનો હ્રાસ થવાથી દુઃખી પર દયા, ગુણવાન પર અમત્સર અને ઉચિત વૃત્તિ આવે છે. તેમજ પછી સમ્યક્ત્વની નિકટ થતાં સમ્યક્ત્વપૂર્વે અપુનર્બન્ધક અવસ્થા પ્રાપ્ત થાય છે. જેમાં ભવવિરાગ, તીવ્રભાવે પાપઅકરણ અને ઔચિત્ય જન્મે છે.

પછી સમ્યક્ત્વ પ્રગટતાં મિથ્યાદેવગુરુ ધર્મના ત્યાગપૂર્વક અર્હદ્દેવ નિર્ગ્રન્થગુરુ તથા જિનોક્ત ધર્મની શ્રદ્ધા સાથે ઉપાસના કરે છે. દેવદર્શન-પૂજન તથા અર્હદ્ભક્તિ ઉત્સવ પંચપરમેષ્ઠિ-સ્મરણ, ગુરુસેવા, સત્સંગ, સુપાત્રદાન, ગુણાનુરાગ, જિનવાણીનું શ્રવણ, સાત ક્ષેત્રની ભક્તિ, સાધર્મિક વાત્સલ્ય ઉપબૃંહણા-તીર્થયાત્રા, કલ્યાણકાદિપર્વ ઉજવણી, શાસન પ્રભાવના વગેરે સત્કૃત્યોનું સેવન કરે છે. એ કરતાં કરતાં જીવની પરિણતિ વિશેષ વિશેષ શુદ્ધ બનતી આવે છે. વીર્યોલ્લાસ પ્રગટે છે. અક્ષુદ્રતાદિ શ્રાવકત્વ યોગ્ય ગુણોને પ્રગટ કરી શ્રાવકપણાના બારવ્રત સ્વીકારે છે. તેમજ સમ્યક્ત્વ ઉપરાંત શ્રાવકની વિશેષ કરણીમાં પ્રતિક્રમણ, સામાયિક, પૌષધ શાસ્ત્ર સ્વાધ્યાય વગેરે આદરે છે. ભાવશ્રાવકના ક્રિયાગત છ લક્ષણ અને ભાવગત સત્તર લક્ષણને ધરનાર બને છે. શ્રાવકની ૧૧ પડિમા વહે છે, અને ભાવના ભાવે છે કે ‘હું આ સંગ માત્રને ત્યજી જીર્ણ વસ્ત્રધારી તથા મેલથી મલિન શરીરવાળો બની માધુકરી ભિક્ષાને ધરતો મુનિચર્યાને ક્યારે આદરીશ ! એમાંય દુઃશીલ શિથિલાચારીઓનો સંસર્ગ છોડી ગુરુચરણની રજને સ્પર્શતો હું સંસારનો અંત લાવવા ક્યારે યોગનો અભ્યાસ કરીશ ! ક્યારે મહારાત્રિએ નગર બહાર કાયોત્સર્ગમાં રહીશ !’ અહીં આ ભાવના સૂચવે છે કે ધ્યાન એ માત્ર અભિલાષાનો વિષય બન્યું પણ આચરણનો વિષય નહિ. તેમજ અભિલષણીય ધ્યાન પણ પૂર્વે ચારિત્રયોગ સારી રીતે આરાધ્યા પછી લીધું.

આ રીતે કરતાં કરતાં આત્માની પરિણતિ વિશેષ શુદ્ધ થાય છે, વીર્યોલ્લાસ પ્રગટે છે, અને સંસારનો ત્યાગ કરી અણગાર બનવાની યોગ્યતાના સોળ ગુણો પ્રગટ કરી સાધુપણું લે છે. એમાં સર્વવિરતિ સામાયિક, પાંચ મહાવ્રત, અને સમિતિ-ગુપ્તિનું નિત્ય પાલન કરવાનું હોય છે. ગ્રહણ-આસેવન શિક્ષા, જ્ઞાનાચારાદિ પાંચ આચારો, ઈચ્છાકારાદિ દશ સામાચારી, આવશ્યક-સ્વાધ્યાયપ્રતિલેખનાદિ દશ સ્થાન વગેરેનું આચરણ છે.

આમાં સાધુનું મુખ્ય વિશેષણ ‘સજ્ઝાય ઝાણનિરએ’ આવે છે. તેમાં જ્યારે સજ્ઝાય પદથી જ્ઞાનમાર્ગ લેવાય છે, ત્યારે ઝાણ પદથી ક્રિયામાર્ગ જ લેવો પડે.

એમાં ધ્યાન એટલે આવશ્યકાદિ ધર્મયોગોમાં યોગ ચાંચલ્યનો ત્યાગ કરી મન-વચન-કાયાનું સ્થૈર્ય, તન્મય એકાગ્ર ઉપયોગ રાખવો તે બૃહત્કલ્પમાં ધ્યાનપદની આ વ્યાખ્યા આવે છે. બાકી બૃહત્કલ્પાદિ છેદ ગ્રંથ પંચવસ્તુ આચારાંગ વગેરેમાં ભરચક આચારમાર્ગ મૂકેલો છે. એમાં ધ્યાન અંતર્ગત બનેલું છે. આચારમાર્ગ મૂકીને કે ગૌણ કરીને એકલું ધ્યાન કરવાનું વિધાન યોગાભ્યાસીઓને નથી. જે નિષ્પન્ન યોગીઓ નિરપેક્ષ યતિ ધર્મનું પાલન કરે છે, એ અપવાદ માર્ગની અપેક્ષા છોડી ઉત્સર્ગમાર્ગે ગચ્છબહિર્ગત એકાકી વિચરે છે. ત્યાં મોટો ભાગ એ કાયોસર્ગધ્યાનમાં રહે છે.

(૩) **યોગપૂર્વ સેવા અને પાંચ યોગની** દૃષ્ટિએ મોક્ષમાર્ગ વ્યવસ્થા જોઈએ. તો પૂર્વ સેવામાં ત્રિકાળવંદનાદિ અનેક પ્રકારે ગુરુપૂજન (ગુરુમાં માતાપિતા-વિદ્યાગુરુ-ધર્મગુરુ) સ્વદ્રવ્યાર્પણાદિ અનેક પ્રકારે દેવપૂજન, સદાચારો, અને તપ ગણ્યાં છે. એના અભ્યાસથી અધ્યાત્મ આદિ યોગોની યોગ્યતા સર્જાય છે. ચોથા સમ્યકત્વ ગુણઠાણા સુધી પૂર્વ સેવાના અધિકારી કહ્યા છે. તત્ત્વચિંતનરૂપ અધ્યાત્મ યોગ હોય તે તો માત્ર ઉપચારથી અભ્યાસરૂપ હોય.

પાંચમા ગુણઠાણે દેશચારિત્રમાં આવ્યા પછી વાસ્તવિક અધ્યાત્મયોગ આવે. એ જીવાજીવાદિ પદાર્થચિંતનરૂપ છે, અને એની વારંવાર આવૃત્તિને ભાવનાયોગ કહ્યો.

જેમ જેમ ગુરુઓ પાસેથી શાસ્ત્રાધ્યયન થતું જાય તેમ તેમ ભાવના તત્ત્વચિંતનનો અભ્યાસ વધતો જાય છે, અને ધ્યાનની ભૂમિકા ઘડાતી જાય છે. એમાં જ્યાં કોઈ એક વિષય, એક પદાર્થ પર ચિત્તની એકાગ્રતા બની જાય છે, ત્યાં તે ધ્યાનરૂપ બને છે. પરંતુ ગૃહસ્થવાસ, દેશથી અવિરતિ, આરંભ-પરિગ્રહ-પરિવારાદિના સંયોગ વગેરે હજી બેઠા છે, તેથી વિક્ષેપનો ઘણો અવકાશ છે. તેથી ભાવનામાંથી તેટલા પ્રમાણમાં ધ્યાન લાગી શકતું નથી. પરંતુ તત્ત્વભાવના વિશેષ પ્રમાણમાં ચાલુ રહે છે. મુનિને પણ છટ્ઠે ગુણસ્થાનકે નવાં નવાં શાસ્ત્રનું અધ્યયન અને જુનાનું પરાવર્તન-પુનરાવર્તન કરી તત્ત્વજ્ઞાન વધારવાનું હોય છે. છતાં રતિ અરતિ આદિ નોકષાય અને પ્રમત્તભાવના યોગે આર્તધ્યાનનાં લક્ષણ તથા કારણ ઊભાં છે, એટલે ધર્મધ્યાન એટલા પ્રમાણમાં પ્રવર્તિ શકતું નથી, ઉપસર્ગ-પરિસહો સહન કરી કરી તથા તપનો અભ્યાસ વધારી તિતિક્ષા-શક્તિ ખૂબ વધારી દેવાથી વિક્ષેપ ઓછા થાય છે. ધ્યાન-શક્તિ વિકસતી જાય છે. ત્યાં શ્રુતપારગામી બને અગર અપ્રમત્તભાવ અને નિષ્પન્નયોગિતા આવે તો વિશેષ પ્રમાણમાં ધ્યાન પ્રવર્તી શકે. એમાં આગળ વધતાં સમતાયોગની ભૂમિકા સર્જાતી ગઈ હોય છે, તેથી કોઈ અવસરે સમત્વયોગ લાધે છે. એમાં ભવ અને મોક્ષ, સુખદુઃખ, કંચન-કથીર, જીવન-મૃત્યુ, શત્રુ-મિત્ર, એ દ્વન્દ્વો પ્રત્યે સમદૃષ્ટિ થઈ જાય છે. એ સ્થિતિ શ્રેણિમાં



સર્જાય છે. ત્યાં અંતર્મુહૂર્ત કાળમાં આત્મા વીતરાગસર્વજ્ઞ બને છે. અહીં પોતાને હવે વિચાર કરવાની, ધ્યાન કરવાની, માનસવૃત્તિનો સંક્ષય થાય છે. એ આંશિક વૃત્તિ સંક્ષયયોગ છે. છતાં અન્યને માટે મનોયોગ પ્રવર્તે છે, તેમ વચનકાય-યોગ પણ પ્રવર્તે છે. એટલે સંપૂર્ણ વૃત્તિસંક્ષય નથી. એ શૈલેશીકરણમાં સર્વ સ્થૂલ-સૂક્ષ્મયોગોનો નિરોધ થાય છે. ત્યાં સંપૂર્ણ વૃત્તિસંક્ષય નામનો પાંચમો યોગ બને છે.

(૪) **યોગદૃષ્ટિ**ના વિકાસક્રમની દૃષ્ટિએ મોક્ષમાર્ગે પ્રયાણ જોઈએ તો અનાદિકાળથી ઓઘ દૃષ્ટિમાં પડેલો જીવ જ્યારે તત્ત્વનો અદ્વેષ, અહિંસા સત્યાદિ યમ અને ખેદદોષનો ત્યાગ કરે છે. ત્યારે પહેલી મિત્રાદૃષ્ટિમાં આવે છે. ત્યાં એ જિનને વીતરાગને વિષે કુશળ ચિત્ત-નમસ્કારાદિ, આચાર્યાદિની વૈયાવચ્ચ, સહજ ભવોદ્વેગ, દ્રવ્યઅભિગ્રહો, અને શાસ્ત્ર લખાવવા-વંચાવવા-પૂજવા, એ પાંચ યોગ બીજોનો સંગ્રહ કરે છે. તે પણ અત્યંત ઉપાદેય બુદ્ધિથી તથા આહારાદિ અને ક્રોધાદિ સંજ્ઞાઓનો વિષ્કંભ તેમજ પૌદ્ગલિક આશંસાઓના ત્યાગ સાથે કરે છે ત્યારે તે વિશુદ્ધ યોગબીજ સંગ્રહ બને છે.

અહીં અનાદિ સહજમળનો બહુ હ્રાસ થયો હોય છે અને એનાં લક્ષણ રૂપે દુઃખી જીવો પર અત્યંત દયા, ગુણવાન પર અદ્વેષ અને ઔચિત્ય પ્રગટ થયા હોય છે. પછી એ બધા અભ્યાસથી આગળ તત્ત્વજિજ્ઞાસા, શૌચ, સ્વાધ્યાય, ઈન્દ્રિયનિગ્રહ, તપ અને ઈશ્વરપ્રણિધાન એ પાંચ નિયમ તથા ક્રિયાગત ઉદ્વેગ દોષનો ત્યાગ પ્રાપ્ત કરે છે, એમાં આગળ વધતા તત્ત્વશુશ્રૂષા, સ્થિર આસન અને ક્રિયાગત ક્ષેપદોષનો ત્યાગ પ્રાપ્ત કરતાં ત્રીજી બલાદૃષ્ટિમાં આવે છે. અહીં તત્ત્વશુશ્રૂષા કૂવાની પાતાળ સેરની માફક અખંડ વહે છે, કેમ કે તે સમજે છે કે શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, આપમતિ કામ ન લાગે. શાસ્ત્રો અધિકાધિક સાંભળવા દે.' આવી નિરંતર શુશ્રૂષા બની રહે છે. એમાં આગળ તત્ત્વશ્રવણ, પ્રાણાયામ. એટલે બહિર્ભાવરેચન, અંતર્ભાવપૂરણ અને અંતર્ભાવ-કુંભક, તથા ક્રિયાગત ઉત્થાન દોષનો ત્યાગ પ્રાપ્ત કરે છે, ત્યારે ચોથી દીપ્રાદૃષ્ટિ પ્રાપ્ત કરે છે. અહીં વેદ્ય-સંવેદ્ય પદ અર્થાત્ વાસ્તવિક હેય ઉપાદેય અર્થ; સંવેદનસ્થાન પ્રાપ્ત નથી, કેમ કે હજુ સર્વજ્ઞશાસન મળ્યું નથી. અગર મળ્યું છે તો હજી તત્ત્વ-પ્રતિભાસ જ્ઞાનમાં જીવ રમે છે. પરિણતિ જ્ઞાન આવ્યું નથી. એટલે પહેલી ચારેય યોગદૃષ્ટિ મિથ્યાત્વ અવસ્થાની છે. છતાં પૂર્વદૃષ્ટિઓમાં દોષત્યાગ, ગુણગ્રહણનો અભ્યાસથી ચોથી દૃષ્ટિમાં આત્માનો વિકાસ એટલો બધો થયો હોય છે, કે **'પ્રાણાંસ્ત્યજતિધર્માર્થં, ન ધર્મં પ્રાણસંકટે'** -અવસરે ધર્મ ખાતર પ્રાણ જતા કરે છે, પણ પ્રાણ નાશનો પ્રસંગ આવી ઊભો હોવા છતાં ધર્મ જતો નથી કરતો. એને એટલી બધી પ્રાણથી અધિક ધર્મની માયા લાગી હોય છે.

હવે એમાં એ તત્ત્વઅદ્વેષ, જિજ્ઞાસા, શુશ્રૂષાપૂર્વકના તત્ત્વશ્રવણ કરતાં કરતાં જ્યારે વાસ્તવિક-તત્ત્વબોધ થાય છે. વેદ્ય-સંવેદ પદ પ્રાપ્ત થાય છે. અર્થાત્ હેય-ઉપાદેય પદાર્થનું પરિણતિરૂપ સંવેદન આવે છે. તેમજ ઇંદ્રિય-પ્રત્યાહાર અર્થાત્ વિષયોથી પરાઙ્મુખવલણ ઊભું થાય છે. અને ક્રિયાગત ભ્રાન્તિદોષનો ત્યાગ થાય છે, ત્યારે તે જીવ સ્થિરા નામની પાંચમી દૃષ્ટિમાં આવ્યો ગણાય છે. પહેલી ચાર દૃષ્ટિમાં ક્રમશઃ તૃણાગ્નિ પ્રકાશ, બળતાં છાણાનો પ્રકાશ, કાષ્ઠાગ્નિપ્રકાશ અને દીપકપ્રકાશના દૃષ્ટાંતે આંતરદૃષ્ટિનો પ્રકાશ વિકસ્યો હોય છે. ત્યારે અહીં રત્નદીપકની માફક આંતરદૃષ્ટિ પ્રકાશ વિકસ્વર બને છે. એમાં પછી તત્ત્વમિમાંસા ગુણ આવે છે. તત્ત્વ ઉપર ઊહ-અપોહ અનુકૂળતર્ક-સમર્થન અને બાધકતર્ક-નિરાકરણરૂપી અન્વય-વ્યતિરેક આવે છે.

ત્યારે તેમજ 'ધારણા' યોગાંગ આવે. અને ક્રિયાગત 'અન્યમુદ્' (અપ્રસ્તુત વિષયનો આનંદ) રૂપી દોષનો ત્યાગ થાય છે. ત્યારે છઠ્ઠી કાંતાદૃષ્ટિ પ્રાપ્ત થાય છે. અહીં આકાશના તારા જેવો પ્રકાશ પ્રગટ થાય છે. એમાંય આગળ વધતાં 'તત્ત્વપરિણતિ' ગુણ અને 'ધ્યાન' નામનું યોગાંગ તથા ક્રિયાગત રાગદોષનો ત્યાગ થાય છે, ત્યારે સાતમી પ્રભાદૃષ્ટિ પ્રાપ્ત થાય છે. એમાં પણ આગળ વધતાં 'તત્ત્વપ્રવૃત્તિ' ગુણ તથા 'સમાધિ' યોગાંગ અને ક્રિયાગત 'આસંગ' દોષનો ત્યાગ થાય ત્યારે આઠમી પરાદૃષ્ટિ પ્રાપ્ત થાય છે. આમાં પરાકાષ્ઠા સુધીનો જ્યારે વિકાસ થાય ત્યારે જીવ કૈવલ્ય અવસ્થા-જ્ઞાન કૈવલ્ય અને મોક્ષકૈવલ્ય પ્રાપ્ત કરે છે. એમાં ધ્યાન સાતમી દૃષ્ટિમાં આવ્યું.

(૫) હવે **પાપપ્રતિઘાતથી માંડી** ક્ષાયિકધર્મ સુધીની પંચસૂત્રોક્ત ક્રમની દૃષ્ટિએ મોક્ષમાર્ગનું પ્રયાણ વિચારીએ.

અહીં પહેલા પગથિયે પાપપ્રતિઘાત અને ગુણબીજાધાન પ્રાપ્ત કરતાં તથાભવ્યત્વનો પરિપાક કરવો પડે છે. એ ત્રણ ઉપાયથી થાય. (૧) વારંવાર અરિહંતાદિ ચતુઃશરણ સ્વીકાર, (૨) સ્વદુષ્કૃતગર્હા અને (૩) અરિહંતથી માંડી ઠેઠ નીચેના માર્ગાનુસારી સુધી જીવોના સુકૃતોની અનુમોદનાથી થઈ શકે છે. આ શરણાદિને સંગીન બનાવવા અરિહંતાદિની ભક્તિ-ઉપાસના સત્શ્રવણ, પાપ-ભય વગેરે ઉપયોગી થાય છે. સાથે અચિંત્યપ્રભાવી અરિહંત ભગવાનને ગદ્ગદભાવે ભાવથી અભિજ્ઞ (જ્ઞાતા) અમૂઢ થવાની હાર્દિક પ્રાર્થના કરવામાં આવે છે. એ બધાથી ભવાભિનંદિતા પુદ્ગલૈકિકદૃષ્ટિ, અતત્ત્વાભિનિવેશ વગેરે પાપનો પ્રતિઘાત થાય છે. અને અનુકૂળ સાનુબંધ ગુણબીજ પ્રાપ્ત થાય છે. અહીં હવે આત્મહિતની ક્રિયા સબીજ બને છે. પછી અહિંસાદિ અણુવ્રતોનો સ્વીકાર કરવામાં આવે છે. સાથે હિંસાદિના, દુરંત પરિણામ અને અહિંસાદિના ઉત્તમ લાભ, એના અનુબંધ



વગેરેને દિલમાં ભાવિત કરાય છે. વળી સદા જિનાગમનું ગ્રહણ, ભાવન અને આજ્ઞાધીન અનુષ્ઠાન, તથા કલ્યાણ મિત્રોનો યોગ, લોકવિરુદ્ધ કાર્યોનો ત્યાગ, આજ્ઞાબહુમાન-કાંક્ષા-સ્વીકાર, અને આજ્ઞાની વિરાધનારહિત આરાધના, ધર્મગુણયોગ્યવર્તન, આદર્શ ગૃહસ્થવ્યવહાર, વિશુદ્ધ માનસિક-વાચિક-કાયિક આચાર-અનુષ્ઠાનો, અનેક જીવોપઘાત કરી નિન્દા, કલેશદાયી અને ભાવીહિતનાશક સમારંભોનો ત્યાગ, મનથી પણ પરપીડા ત્યાગ, દીનતા-હર્ષ-મિથ્યાભિનિવેશ-મિથ્યાકર્કશ, ભાષણ-દોષારોપણ-ગપાટા અસત્ય-અનીતિ પરસ્ત્રીસંગ-અનર્થદંડ, વગેરેનો ત્યાગ, લાભોચિતદાન-ભોગ-પરિવાર પોષણ-સંગ્રહ, પરિવારને સંતાપ નહિ, નિર્મમતા, અનુકંપા, કુળ-વ્રત-ધર્મસ્થાનાદિનું સ્મરણ, સારાસાર-વિવેક, ધર્મજાગરિકા, વિષયો-મૃત્યુ આદિ તત્ત્વનું ચિંતન, વગેરે સાધવામાં આવે છે. એ બધાથી સાધુધર્મની પરિભાવના થાય છે.

પછી વિધિપૂર્વક સાધુધર્મનું ગ્રહણ કરવામાં આવે છે. એમાં અત્યંત અનિવાર્ય ગુરુસેવાને અખંડ આરાધવા સાથે મંત્રની જેમ શ્રુતસિદ્ધાંતની ઉપાસના અને સાધ્વાચારોનું પાલન કરવામાં આવે છે. સાથે સાથે મહારોગી તિક્ષ્ણ ચિકિત્સાપ્રયોગો કરે એમ વિગઈ-ત્યાગ આદિ ત્યાગો, પરિસહ વગેરે તિક્ષ્ણ કર્મરોગના તિક્ષ્ણ ચિકિત્સા પ્રયોગ કરતાં કરતાં ક્ષાયોપશમિક ક્ષમાદિ ધર્મોમાંથી ક્ષાયિક ક્ષમાદિ ધર્મમાં જવાના પુરુષાર્થમાં રહે છે. એથી અસંક્લિષ્ટ ભોગજનક ઊંચા પુણ્યાનુબંધી પુણ્ય બાંધતા ભવાંતરે ઉચ્ચસામગ્રી, ત્યાં વળી સુંદર સાધનો, એમ કરતાં કરતાં અનેક ભવોની ઉચ્ચઉચ્ચત્તર સાધનાઓથી અંતે ચરમભવ ક્ષાયિક ધર્મપ્રાપ્તિ અને કર્મક્ષય કરે છે. એનાથી જન્મ-મરણ રોગ શોકાદિ રહિત પરમમંગળ સ્થાન સિદ્ધિપદને પ્રાપ્ત કરે છે.

(૬) ત્યારે **પ્રણિધાન**-પ્રવૃતિ-વિઘ્નજય સિદ્ધિ-વિનિયોગ એ **પાંચ આશયની** દૃષ્ટિએ મોક્ષમાર્ગ-પ્રયાણ જોઈએ તો ત્યાં (૧) પહેલાં અહિંસા, ક્ષમા, સંયમ, પ્રતિક્રમણ ચૈત્યવંદન, આદિ જે ધર્મ સિદ્ધ કરવા હોય તેનું પ્રણિધાન કરવાનું હોય છે. આ પ્રણિધાન એટલે વિશુદ્ધ ભાવનાપ્રધાન અને યથાશક્તિ ક્રિયોત્પાદક એવું તે તે ધર્મમાં અર્પિત મન. એમાં હીનગુણીને પ્રત્યે, અદ્વેષ, કરુણા, પરોપકાર, વાસના, અને નિરવદ્ય ધર્મસ્થાનોપાયની કર્તવ્યતાનું લક્ષ રહે છે. પછી (૨) પ્રવૃત્તિ થાય એટલે કે શુભ સારભૂત ધર્મોપાયમાં અત્યંત આદરયુક્ત પ્રયત્ન થાય છે. (૩) વિઘ્નજયમાં પ્રવાસીને નડતાં કંટકવિઘ્ન જ્વરવિઘ્ન અને દિઙ્મોહવિઘ્નના દૃષ્ટાંતથી તે તે અહિંસા, ક્ષમા આદિ ધર્મની સાધનાના પ્રવાહમાં નડતા જઘન્ય-મધ્યમ, ઉત્કૃષ્ટ વિઘ્નો પર વિજય પ્રાપ્ત કરવાનું હોય છે. તેના સાધન ક્રમશઃ પરિસહ-તિતિક્ષા, હિતાહાર, મિતાહાર, અનશનાદિતપ, અને માર્ગશ્રદ્ધા-ઉત્સાહ સાથે

ગુરુપારતંત્ર્યદ્વારા મિથ્યાત્વાદિની પ્રતિપક્ષભાવનાયુક્ત તત્ત્વપરિચય છે. (૪) સિદ્ધિમાં તે તે અહિંસાદિ ધર્મની તાત્ત્વિક પ્રાપ્તિ થાય છે. જેમાં અધિકગુણી ગુર્વાદિ પ્રત્યે વિનય બહુમાનાદિ તથા હીનગુણી પ્રત્યે દયા દાનાદિ અને મધ્યમગુણી પ્રત્યે ઉપકારકરણ જાગૃત રહે છે, (૫) વિનિયોગમાં સ્વપ્રાપ્ત ધર્મસ્થાનનું ઉપાયાનુસાર પરમાં સંપાદન કરાય છે. આ અનેક જન્મના ક્રમે ઉત્કૃષ્ટ ક્ષાયિક ધર્મસ્થાનની પ્રાપ્તિનું કારણ બને છે.

આ પ્રણિધાનાદિ દરેક પાછાં ઇચ્છા (તદ્‌વત્કથાપ્રીતિ), પ્રવૃત્તિ (ઉપશમપ્રધાન પાલન), સ્થૈર્ય, (બાધિકઅતિચાર રાહિત્ય), અને સિદ્ધિ (પરાર્થસાધક સિદ્ધિ) એ ચારે કક્ષાથી પસાર થવા જોઈએ. એમ કુલ ૨૦ ભેદ થાય. એ દરેક વળી પ્રીતિ-અનુષ્ઠાન, ભક્તિ-અનુષ્ઠાન, વચનાનુષ્ઠાન, અને અસંગાનુષ્ઠાન રૂપે સિદ્ધ કરવાના એમ ૮૦ ભેદ આશય સાધના કહી છે.

(૭) **ત્યારે ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગની દૃષ્ટિએ** મોક્ષમાર્ગ-પ્રયાણ જોઈએ, તો ત્યાં પહેલામાં તે તે ધર્મસાધના કરવાની ખરેખર વિશુદ્ધ ઇચ્છા જોઈએ. સાથે તેના વિધિ-વિધાનાદિને લગતા શાસ્ત્રોનું શ્રવણ તથા બોધ પણ જરૂરી છે, અને એ સહિત તે તે ધર્મયોગ સધાય તે ઇચ્છાયોગ કહેવાય. આને ઇચ્છાયોગ એટલા માટે કહેવામાં આવે છે કે એમાં ધર્મની ઇચ્છા જ વિશુદ્ધ હોઈ પ્રધાન છે. બાકી ધર્મયોગના આચરણમાં કોઈને કોઈ પ્રમાદ નડી જાય છે તેથી તે અત્યન્ત વિશુદ્ધ નથી. બીજા શાસ્ત્રયોગમાં પ્રમાદનો લેશ પણ સંચાર નથી. યાવત્ શાસ્ત્રે તે તે ધર્મયોગના જે જે કાળ, આસન, મુદ્રા વગેરે ફરમાવ્યા છે, તેને બરાબર સાચવીને ધર્મયોગ સધાય છે. સાથે એની સંપ્રત્યયાત્મિકા શ્રદ્ધા દીપ્તિ માન હોય છે. સામર્થ્યયોગ શાસ્ત્રાતિક્રાન્ત હેતુ વડે અપૂર્વકરણના અને શૈલેશીકરણના સામર્થ્યથી સાધવામાં આવે છે. એમાં પહેલામાં ધર્મસંન્યાસ અર્થાત્ ક્ષાયોપશમિક ધર્મોનો ત્યાગ અને બીજામાં યોગસંન્યાસ અર્થાત્ સ્થૂલ તથા સૂક્ષ્મ કાયવાઙ્-મનના યોગાનો ત્યાગ કરવામાં આવે છે.

(૮) **સંસાર કારણોના નિરોધ**ની દૃષ્ટિએ મોક્ષમાર્ગે પ્રયાણનો વિચાર કરીએ તો સંસારનું કારણભૂત પહેલું મિથ્યાત્વ અટકાવવા સમ્યગ્દર્શન જોઈએ-એ માટે જિનોક્ત તત્ત્વ રુચિ સહિત શમસંવેગાદિ લક્ષણ, ત્રણ લિંગ, ત્રણ શુદ્ધિ, ચાર સદ્દહણાદિનું પાલન જોઈએ; જેથી સાંશયિક-અભિનિવેશિક મિથ્યાત્વ પણ ઉઠવા ન પામે. બીજું કારણ અવિરતિ રોકવા અણુવ્રત-મહાવ્રતનું પાલન અતિચારોનો ત્યાગ, તથા ઉત્તમ વ્રતો, ઉત્તમગુણોનું પાલન જોઈએ. એમાં ઇન્દ્રિયનિગ્રહ, દ્રવ્યાદિ અભિગ્રહો વગેરે ઉત્તરગુણોના પાલનથી ઇન્દ્રિયોની અવિરતિ પણ અટકે છે. ત્રીજું કારણ કષાયો, એના નિગ્રહ માટે જિનાગમ બોધ, શ્રુતસાધના, અનિત્યાદિ ભાવનાઓ



પરિષહ-જય, બાહ્યાભ્યંતર તપ, યાવત્ ધ્યાન-કાયોત્સર્ગ ઉપયોગી છે. ચોથું કારણ યોગનો નિરોધ માટે પહેલાં તો અશુભયોગને રોકવા શુભ મન-વચન કાયાના યોગરૂપે ઠેઠ પ્રારંભથી અનેક પ્રકારની કાયિક-વાચિક-માનસિક-ધર્મપ્રવૃતિ જોઈએ. એમાં આગળ વધતાં સંપૂર્ણ ધર્મપ્રવૃત્તિમય જીવન અને અંતે શુકલધ્યાનદ્વારા શૈલેશીકરણથી યોગનિરોધ કરવો રહે છે. પછી મોક્ષ થાય છે.

આ બધાય મોક્ષમાર્ગ-પ્રયાણમાં મુખ્ય વસ્તુ એ દેખાય છે કે આત્મા જે અનાદિ કાળથી અશુદ્ધ પરિણતિવાળો છે, એની પરિણતિ શુદ્ધ કરતા આવવાની છે, માટે પહેલા અશુભ રાગદ્વેષ વગેરે ઓછાં કરવા માટે સામે શુભરાગ-મોક્ષરાગ પરમાત્મ-પરમાત્મવચનરાગ, ધર્મરાગ વગેરે કેળવવા જોઈએ, એ માટે તે તે કક્ષાને યોગ્ય ભરચક શુભ ચર્યા આચાર-અનુષ્ઠાનરૂપ પ્રવૃતિમાર્ગને અશુભ-ત્યાગરૂપ નિવૃત્તિમાર્ગ એમ બે માર્ગ જોઈએ. આમાં કોઈ ધારે કે હું એક જ પકડીને અગર અસ્થાનોચિત્ત માર્ગ આદરીને જ તરી જાઉં, તો એ ભ્રમણામાં તણાય છે. કેમ કે આત્મામાં રહેલા અનેક પ્રકારનાં દોષોનું નિવારણ તેને તેને યોગ્ય અનેક પ્રતિકાર વિના થઈ શકે નહિ. કવચિત્ માત્ર અપવાદરૂપે કોઈ એક યોગમાં કોઈને સ્થિરતા થવાથી મોક્ષ થઈ જાય એ વાત જુદી.

વિવિધ દૃષ્ટિના મોક્ષપ્રયાણમાં બતાવેલ વિવિધ સાધનાઓ કહી રહી છે કે તે તે સાધના દ્વારા આત્માની તેવી તેવી અશુદ્ધિ મટતી આવે છે, અને આત્મા આગળ આગળ પ્રયાણ કરે છે. માટે સાધકે બધી સાધનાનું લક્ષ રાખવું પડે.

## ૧૨. 'કરેમિ ભંતે૦'ના પદોનું રહસ્ય

**(લેખક : પં. ભાનુવિજયજી ગણિવર્ય)**

સાધુજીવન સ્વીકારતી વખતે જાવજ્જીવનું સામયિક ઉચ્ચરવામાં આવે છે, અને 'કરમે ભંતે !...' સૂત્રથી પ્રતિજ્ઞા કરવારૂપે હોય છે. વિશેષાવસ્યક ભાષ્ય આખું આ સૂત્રની નિર્યુક્તિના વિસ્તારરૂપે છે. સૂત્ર શ્રી ગણધર ભગવાનની રચના છે, એના પર ચૌદપૂર્વી શ્રુતકેવળી ભગવાન શ્રી ભદ્રબાહુસ્વામીએ નિર્યુક્તિ રચી. એના પર શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ નામના પૂર્વધર મહર્ષિએ લગભગ સાડા ત્રણ હજાર શ્લોકપ્રમાણ ભાષ્ય રચ્યું. એનાં પર પોતે જ ટૂંકી ટીકા લખી; પણ બાળ જીવોને સુગમ થાય એવી લગભગ ૨૮૦૦૦ શ્લોક પ્રમાણ વિસ્તૃત ટીકા બહુશ્રુત આચાર્યપુંગવ મલધારી શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે લખી.

આ વિશેષાવશ્યક ભાષ્યમાં સામાયિકસૂત્ર-અર્થની વિસ્તૃત પૂર્વભૂમિકામાં પંચજ્ઞાનનો મહાવિસ્તૃત અધિકાર, અનુયોગ, ઉપોદ્ઘાતના ૨૬ દ્વારોનું વિશાળ વિવેચન, ગણધરવાદ, નિહ્નવવાદ વગેરે વિષયો છે. તે પછી 'કરેમિ ભંતે !૦' સૂત્રના દરેક પદનાં રહસ્ય બતાવ્યાં છે, તેનો સાર અહીં આપવામાં આવે છે.

**'કરેમિ' એટલે** હું કરું છું. કરવું એટલે કરણ, ક્રિયા એ નામકરણ, સ્થાપનાકરણ, દ્રવ્યકરણ, ક્ષેત્રકરણ, કાલકરણ, અને ભાવકરણ એમ છ પ્રકારે છે. એમાં ભાવકરણના બે ભેદ જીવભાવકરણ, અજીવભાવકરણમાંથી પ્રસ્તુતમાં જીવભાવકરણ લેવાનું છે. જીવભાવકરણના પણ બે પ્રકાર, શ્રુતકરણ અને નોશ્રુતકરણ. શ્રુતકરણ એટલે શાસ્ત્રરચના. નોશ્રુતકરણના બે ભેદ, ૧ ગુણકરણ અર્થાત્ તપ સંયમાદિરૂપ જીવભાવને તથા મૂળગુણ-ઉત્તરગુણને પેદા કરવા, અને ૨ યોજનાકરણ=યોગકરણ એટલે કે મન-વચન-કાયાના પંદર યોગ પ્રવર્તાવવા. પ્રસ્તુતમાં સામાયિક કરવાનું છે તે શ્રુતસામાયિક નહિ પરંતુ ચારિત્રસામાયિક; કેમ કે ત્રિવિધ ત્રિવિધે સાવદ્યયોગના ત્યાગરૂપ સચ્ચારિત્રની પ્રતિજ્ઞા માટે આ સૂત્ર છે. આ ચારિત્રસામાયિક તપ અને સંયમગુણમય છે, એમાં યથાસંભવ શ્રુતકરણ અને પ્રશસ્ત યોજનાકરણ પણ અંતર્ગત છે.

આ યાવજ્જીવના સામાયિકકરણ માટે આ આઠ આવસ્યક સાધનો છે,- (૧) સ્વદોષોની ગુરુ આગળ આલોચના (પ્રકાશન), (૨) ગુરુવિનય-બહુમાન. (૩) ઈક્ષુક્ષેત્રાદિ પ્રશસ્ત ક્ષેત્ર, (૪) પૂર્વ કે ઉત્તર દિશા સન્મુખતા અથવા જ્યાં વિચરતા જિન કે જિનચૈત્ય હોય, (૫) ૪-૬-૮-૯-૧૨-૧૪-૧૫ તિથિ સિવાય દિવસે (૬) જ્ઞાનવૃદ્ધિકર મૃગશીર્ષ-આદ્રા-પુષ્ય-૩ પૂર્વા-મૂળ-આશ્લેષા-હસ્ત-ચિત્રા નક્ષત્રમાં અને સંધ્યાગત-વિગત રાહુહત વગેરે નક્ષત્ર ત્યજીને, (૭) ગુણસંપત્તિ તથા (૮) ગુરુ-શિષ્યની ઉક્તિ-પ્રત્યુક્તિ-('ઉદ્દિસહ', 'ઉદ્દિસ્સામિ' ...વગેરે.'

આમાં આલોચના કરતાં એ નક્કી થવું જોઈએ કે દ્રવ્યથી નપુંસકતાદિ, ક્ષેત્રથી અનાર્યતા, કાળથી ઠંડીગરમી આદિ સહવાની અશક્તિ, ને ભાવથી રોગ આળસુપણું, વગેરે દોષો નથી.

ગુણસંપત્તિમાં, -પ્રિયધર્મ, દઢધર્મ, સંવિગ્ન, પાપભીરુ, અશઠ, ક્ષમાશીલ, ઈન્દ્રિયદમનશીલ, મન-વચન-કાયગુપ્ત, સ્થિરવ્રત, જિતેન્દ્રિય, સરળ, નિષ્પક્ષપાત (રાગ-દ્વેષ-મધ્યવર્તી), સમિતિવાળો, તથા સાધુસંગમાં રક્ત હોવો જોઈએ. એ યોગ્ય છે બાકી અયોગ્ય.

હવે 'ભંતે'નો અર્થ-(૧) હે ભદન્ત !=હે કલ્યાણ, હે સુખ ! અર્થાત્ હે જ્ઞાનદર્શનચારિત્ર પમાડનારા ! યા હે સુખ=શોભન શુદ્ધ ઈન્દ્રિયોવાળા



('કલ્ય'=આરોગ્ય, મોક્ષ અને મોક્ષનાં સાધન જ્ઞાનાદિ, 'અણ'=બોલાવનાર, પમાડનાર; 'સુ'=શુદ્ધ, 'ખ'=ઇન્દ્રિય), અથવા સુખ=હે સારી રીતે ઇન્દ્રિયોથી જીવદયા-અહિંસા કરાવનારા !

અથવા, 'ભંતે'=હે ભજન્ત ! અર્થાત્ હે સિદ્ધોને યા મોક્ષમાર્ગને ભજનારા ! યા હે મોક્ષમાર્ગાર્થીઓથી સેવ્ય !

અથવા 'ભંતે !'=હે ભાન્ત ! ભ્રાજન્ત !=હે જ્ઞાન-તપોગુણથી દીપતા !

અથવા, 'ભંતે !'=હે મિથ્યાત્વાદિ બંધ હેતુઓથી ભ્રાન્ત, ભાગેલા, દૂર થયેલા !

અથવા 'ભંતે !'=હે ભગવન્, હે ઐશ્વર્ય-પ્રભાવ આદિવાળા !

અથવા 'ભંતે !'=હે ભવાન્ત ! હે નરકાદિ ભવનો અંત કરનારા ! યા હે ભયાન્ત ! હે ભયનો અંત લાવનારા !

આ રીતે ગુરુને આમંત્રણ કરીને સૂચવ્યું કે, (૧) ગુરુની સમક્ષમાં, ન હોય તો સ્થાપનાચાર્ય રાખીને જ, આ ક્રિયા થાય. વળી

(૨) ગુરુકુલવાસને હંમેશા સેવનારા બનવું. એથી નવા નવા જ્ઞાનની પ્રાપ્તિ થાય, દર્શન અને ચારિત્રમાં વધુ ને વધુ સ્થિર થવાય, ગીતાર્થની નિશ્રામાં રહેવાનો શાસ્ત્રીય વિહાર મળે, ધર્મમાં રતિ અનુચિત સ્થાનનો ત્યાગ અને કષાયોને નિગ્રહ પ્રાપ્ત થાય.

(૩) સર્વ આવશ્યક કાર્ય ગુરુને પૂછીને જ કરાય.

(૪) વિનય એ જૈનશાસનમાં મૂળ છે.

અથવા, 'ભંતે'પદથી ગુરુને બદલે પોતાના જીવને સંબોધન છે, 'હે જીવ ! હું બીજી ક્રિયા છોડીને સામાયિક ક્રિયા કરું છું.' આથી સ્વાત્માને એ સાવધાની આપી કે બીજી પડિલેહણાદિ ક્રિયા બધી એકબીજાને બાધક ન બને એ રીતે અને એના જ એક તન્મય ઉપયોગથી કરવાની.

અથવા 'ભંતે !' પદથી અન્ય અતિશય જ્ઞાનીઓ અને સિદ્ધોને સંબોધન કરી સૂચવ્યું કે એમની સાક્ષીએ સામાયિક કરાય છે માટે એમની લજ્જા, બહુમાન અને ભયથી વ્રતસ્થૈર્ય રહે.

અથવા 'ભંતે સામાઈય'માં 'ભંતે'નો એકાર પ્રાકૃત ભાષાપ્રયોગના હિસાબે અલાક્ષણિક ગણી ભંત=ભદન્ત, કલ્યાણપ્રાપક સામાયિક એવો અર્થ થાય. એથી નામસામાયિક, દ્રવ્યસામાયિક વગેરે નિષેધી ભાવસામાયિક, ભાવથી સાવદ્યયોગવિરતિ કરવાનું સૂચવ્યું; કેમ કે એ જ કલ્યાણપ્રાપક છે.

અથવા 'ભંતે'માં ષષ્ઠી વિભક્તિના અર્થમાં પ્રત્યય સમજી 'ભંતસ્સ' અર્થાત્ ભગવાનનું સામાયિક એ અર્થ લેવાનો. એથી કુતીર્થિક-પ્રણીત નહિ કિન્તુ જિનેન્દ્રદેવપ્રણીત સામાયિક હું કરું છું. એવી પ્રતિજ્ઞા થઈ.

હવે 'સામાઈયં'નો અર્થ :

સામાઈયં=સામાયિકને, (હું કરું છું.)

(૧) અહીં 'સામાય' શબ્દ પર 'ઈક' પ્રત્યય લાગવાથી, પ્રથમ સ્વરની વૃદ્ધિ થતાં 'સામાયિક' શબ્દ બને. એમાં 'સમાય' એટલે-

(અ) સમને આય, અર્થાત્ રાગદ્વેષરહિતતાને અયન, ગમન, પામવું તે. પછી સમાયિ એ જ સામાયિક; કેમ કે 'ઈક' પ્રત્યય સ્વાર્થમાં લીધો. જેના પર આ પ્રત્યય લાગે છે તેનો જે અર્થ છે તેના તે જ અર્થમાં પ્રત્યયનો પ્રયોગ, એ સ્વાર્થમાં પ્રયોગ કહેવાય. એટલે સામાયિક શબ્દનો અર્થ 'રાગદ્વેષરહિતતાને પામવું તે' એવો થયો. અથવા

(બ) 'ઈક' પ્રત્યય તદ્‌ભવ, તન્નિર્વૃત્ત અર્થાત્ 'તેમાં બનેલ' એવાં અર્થમાં લેવો. એટલે સમાયમાં યાને રાગદ્વેષના અભાવની પ્રાપ્તિમાં બનેલી ક્રિયા કે ભાવ તે સામાયિક. અથવા

(ક) 'ઈક'નો અર્થ તન્મય, સમાયમય તે સામાયિક અથવા

(ડ) 'ઈક'થી પ્રયોજન લેવું, સમાય છે પ્રયોજન જેનું તે સામાયિક ક્રિયા. અથવા

(ઈ) 'સમ'=સમ્યકત્વ-જ્ઞાન-ચારિત્ર. તેમાં 'અય'=અયન, ગમનં અથવા તેના સાથે ગમન. એ જ સામાયિક. અથવા

(ઇ) 'સમ'નો 'આય (લાભ)' યાને રાગદ્વેષાભાવનો લાભ કે સમ્યકત્વાદિ ગુણોનો લાભ તે સમાય. તે જ સામાયિક, યા તે પ્રયોજનક છે જેમાં એવી ક્રિયા તે સામાયિક. અથવા

(૩) 'સામાઈય' શબ્દમાં પ્રાકૃત ભાષાનો હોવાથી 'સામ+આય+ઈય' એ વ્યુત્પત્તિમાં સામના ત્રણ અર્થ થઈ શકે. ૧. સામ, ૨. સમ્મ, ૩. સમ એજ સામ. એમાં (૧) **'સામ'** એટલે સામન=મૈત્રી, અર્થાત્ પોતાના આત્માની જેમ બીજા જીવોને દુઃખ ન દેવું તે. (૨) **'સમ્મ'** એટલે સમ્યગ્ અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરસ્પર યોજના. (૩) **'સમ'** એટલે રાગ-દ્વેષમાધ્યસ્થ્ય. અર્થાત્ સ્વાત્માનું સર્વ જીવો પ્રત્યે રાગ-દ્વેષ વિનાનું તુલ્યરૂપે વર્તન. તેમાં 'આય'=અયન-ગમન, યા લાભ તે જ સામાયિક. અથવા 'ઈક'=પ્રવેશવું તે; એ હિસાબે સામ, સમ્મ, સમનો આત્મામાં પ્રવેશ કરાવવો તે સામાયિક.



**હવે 'સવ્વં' પદની વ્યાખ્યા.**

સવ્વ એટલે સર્વ. એ અનેક પ્રકારે છે, સર્વ દ્રવ્ય, સર્વ દ્રવ્ય-ભાગ, 'આદેશ સર્વ'=અતિ બહુ કે અતિ પ્રધાનમાં સર્વનો ઉપચાર, દા.ત., ઘણું ખરું ખાઈ ગયે કહેવાય કે બધું ખાઈ ગયો. મુખ્ય મુખ્ય માણસો ગયે બોલાય કે બધા ગયા. 'ભાવ સર્વ'=કર્મના ઔદયિકાદિ બધા શુભ-અશુભ ભાવ. એમ 'નિરવશેષ સર્વ' અર્થાત્ કુલ બધા પ્રસ્તુતમાં આ અર્થ મુખ્ય લેવાનો છે, કેમ કે કુલ બધા સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરવાનું છે. બીજા અર્થ યથાયોગ્ય લેવાના.

**'સાવજ્જં'નો અર્થ :**

સાવજ્જ એટલે (૧) સાવદ્ય, અવદ્યવાળો, વદ્ય-પ્રશંસનીય, અવદ્ય-ગર્હણીય, નિંદનીય, અર્થાત્ પાપ. સાવદ્ય એટલે પાપ લાગે તેવો (યોગ).

અથવા (૨) સવર્જ્ય વર્જ્ય વર્જનીય પાપ છે તે વાળું.

**'જોગં'નો અર્થ :**

જોગં એટલે યોગ, યોજન, આત્માની ક્રિયા, આત્મવ્યાપાર, અથવા જેનાથી કર્મનો યોગ, સંબંધ થાય તે મનોવ્યાપાર, વાગ્વ્યાપાર, કાયવ્યાપાર.

**'પચ્ચક્ખામિ'નો અર્થ :**

પચ્ચક્ખામિ=પ્રતિ+આ+ખ્યામિ. અહીં 'પ્રતિ' શબ્દ પ્રતિષેધ અર્થમાં છે. 'આ'નો અર્થ આભિ મુખ્યેન અર્થાત્ તેને અભિમુખ-સન્મુખ રહીને, અથવા આદરથી, 'ખ્યામિ' એટલે કહું છું. કુલ અર્થ નિષેધનું કથન યાને નિવૃત્તિ. 'સાવજ્જં જોગં પચ્ચક્ખામિ' એટલે સપાપ પ્રવૃત્તિના નિષેધનું ખ્યાપન, પ્રતિજ્ઞાબદ્ધ સપાપ યોગથી નિવૃત્તિ કરું છું. નિવૃત્ત થાઉં છું.

દ્રવ્ય પચ્ચક્ખાણ તે કે જે (૧) ભાવરહિત કરાય, દા.ત., અભવ્યાદિનું; કે (૨) દ્રવ્યલાભના ઉદ્દેશથી કરાય, દા.ત., ભવાભિનન્દી જીવ પૌદ્‌ગલિક લાલચથી કરે તે; યા (૩) સમ્યકત્વરહિત કરાય તે, દા.ત., નિહ્નવાદિનું. પહેલા કરતાં ત્રીજામાં ભેદ એ છે કે આ ત્રીજા પ્રકારનો જીવ કદાચ કર્મક્ષયના ઉદ્દેશરૂપી ભાવથી કરે તો પણ દર્શન-ભ્રષ્ટ હોવાથી તેનું પચ્ચક્ખાણ દ્રવ્યપચ્ચક્ખાણ છે.

'અઇચ્છા' પચ્ચક્ખાણમાં (૧) ભીક્ષા માટે જાઓ, અથવા (૨) ભીક્ષા ન આપવા અંગે પચ્ચક્ખાણ; જેમ કે 'વૈદે આ રોગીને આહાર બંધ કરાવ્યો છે.'

'ભાવ પચ્ચક્ખાણ' એટલે ભાવ (સાવદ્યયોગપરિણામ)નું કે ભાવ (શુભભાવથી) પચ્ચક્ખાણ, અથવા ભાવ (સર્વ કર્મક્ષય) અર્થે પચ્ચક્ખાણ, યા સાવદ્યયોગવિરતિરૂપ ભાવ હોયે જ જે પચ્ચક્ખાણ તે. આ ભાવપચ્ચક્ખાણ મૂળગુણની પ્રતિજ્ઞા અને ઉત્તરગુણની પ્રતિજ્ઞા એમ બે રીતે.

**'જાવજ્જીવાએ'નો અર્થ :**

આમા 'જીવ' શબ્દનો અર્થ જીવ, આત્મા નહિ કેમ કે તો તો 'યાવજ્જીવ'થી જ્યાં સુધી આત્મા છે ત્યાં સુધી અર્થાત્ અનંતાનંત કાળ માટે પચ્ચક્ખાણ થઈ જાય, તે કાંઈ પળે નહિ, ભવાંતરે એનો ભંગ જ થઈ જાય! માટે 'જીવ' એટલે 'જીવિત' યાને આ ભવનું આયુષ્ય. જાવજ્જીવ એટલે આ આયુષ્યની સમાપ્તિ સુધી. અથવા 'જીવ' એટલે પર્યાયવિશિષ્ટ જીવ લઈ શકાય, તે પર્યાય તરીકે આ ભવનું જીવિત-આયુષ્ય. તે વાળો જીવ છે ત્યાં સુધી પચ્ચક્ખાણ. આ જીવિત નરભવનું લેવાશે, કેમ કે મનુષ્યને જ સર્વસાવદ્યયોગનું પચ્ચક્ખાણ યાને સર્વવિરતિ ચારિત્ર હોય.

'જાવજ્જીવાએ'માં 'જાવ' શબ્દ મર્યાદા પરિમાણને જણાવનારો છે. જીવિતની મર્યાદા યા જીવિતના કુલ પરિણામ સુધીનું પચ્ચક્ખાણ પછીનું નહિ.

**'તિવિહં તિવિહેણં'નો અર્થ :**

સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરવાની વાત પહેલાં આવી, એ કેટલા પ્રકારે તો કહે છે 'તિવિહં' અર્થાત્ ત્રણ પ્રકારે, એ કયા કયા તે આગળ કહેવાના છે 'ન કરેમિ, ન કારવેમિ...' વગેરે. 'તિવિહેણં' એટલે ત્રણ પ્રકારના કરણ વડે. એ કયા તે આગળ 'મણેણં વાયાએ કાણેણં' પદથી કહેશે. પચ્ચક્ખાણ આ ત્રણે સાધનથી કરવામાં આવે છે.

**'મણેણં વાયાએ કાયેણં'નો અર્થ :**

મનથી, વચનથી અને કાયાથી સાવદ્યયોગ ત્યાગની પ્રતિજ્ઞા અર્થાત્ ચિંતનમાં, વાણીમાં અને કાયિક પ્રવૃત્તિમાં સાવદ્યયોગ લાવવાનો નહિ. સાવદ્યયોગ હિંસા, જૂઠ વગેરે છે.

**'ન કરેમિ ન કારવેમિ, કરંતંપિ અન્નં ન સમણુજાણામિ'નો અર્થ :**

હું કરીશ નહિ, કરાવીશ નહિ, કરતા બીજાની પણ અનુમોદના કરીશ નહિ. આ પચ્ચક્ખાણ કરાય છે. ઉપર 'તિવિહં' પહેલાં કહ્યું, અને 'તિવિહેણં' પછી કહ્યું, કિન્તુ એના સ્પષ્ટીકરણરૂપે 'મણેણં...' અને 'ન કરેમિ...' કહ્યું તે ઊલટા ક્રમે કહ્યું એનું શું કારણ ? કારણ એ, કે 'ન કરું...' એ ત્રિવિધ યોગ મન-વચન-કાયારૂપી ત્રણ કરણને આધીન છે, માટે કરણનો સ્ફોટ પહેલો કર્યો.

આ પચ્ચક્ખાણ ત્રણેય કાળનું ગણી ત્રિકરણ, ત્રિયોગ સાથે ૨૭ પ્રકારે માનવામાં આવ્યું છે. એમાં અતીત (ભૂત) કાળનું પચ્ચક્ખાણ એ અતીત સાવદ્ય યોગની નિન્દા કરી એની અનુમતિનાં પચ્ચક્ખાણ કરવા રૂપ છે, અથવા અતીત કાળની અવિરતિથી વિરમવા રૂપ છે.



**પ્ર.-** 'ન સમણુજાણામિ'થી ચાલી શકે, 'કરંતં મિ અન્નં' શા માટે કહ્યું ?

ઉ.- 'અનુમોદના નહિ કરું' એટલા અર્થ કરતાં અધિક અર્થ સૂચવવા કહ્યું છે. અધિક અર્થ એ, કે જેમ કોઈ સાવદ્યયોગ કરતાને નહિ અનુમોદું, તેમ સાવદ્યયોગ કરાવનારને તથા અનુમોદનારને પણ અનુમોદીશ નહિ; વળી સ્વયં કરતા એવા બીજાને હું કરાવીશ નહિ. બીજાને કરાવતા એવા બીજાને હું કરાવીશ નહિ. તેમજ વર્તમાનમાં સાવદ્યયોગ કરનારની જેમ ભૂતકાળમાં જેણે સાવદ્યયોગ કર્યો છે, તથા ભવિષ્યમાં જે કરશે એને પણ અનુમોદીશ નહિ. એવું જ ભૂત-ભવિષ્યમાં કરાવેલ-કરાવનાર તથા અનુમોદેલ-અનુમોદનારને પણ નહિ અનુમોદું.

**'તસ્સ ભંતે !'**નો અર્થ :

તસ્સ=તે સાવદ્યયોગ સંબંધી. અહીં 'તં' એવો દ્વિતીયા વિભક્તિનો પ્રયોગ ન મૂકતાં, 'તસ્સ' એવો ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ મૂકવાનું કારણ એ છે કે ક્રિયાપદ 'પડિક્કમામિ'...હું પ્રતિક્રમું છું... એ માત્ર ભૂતકાળમાં કરેલ સાવદ્ય યોગથી પાછા ફરવારૂપ, નિંદવારૂપ...છે, પરંતુ વર્તમાન ને ભાવી સાવદ્યયોગથી પાછા ફરવારૂપ નહિ; કેમકે હજી તો તે સેવાયેલ જ નથી; એનો પશ્ચાત્તાપ-પ્રતિક્રમણ શું ? માટે અહીં 'તસ્સ' કહી સૂચવ્યું કે 'તે સાવદ્યયોગ સંબંધી,' જે અતીત કાળના સાવદ્યયોગ એ અધ્યાહારથી જોડવાનું.

**પ્ર.-** 'તિવિહં તિવિહેણં' શા માટે કહ્યું ? 'મણેણં...ન કરેમિ...'કહેવાથી ચાલી રહે છે. પુનરુક્તિ નથી ?

ઉ.- (૧) સામાન્યરૂપે નિર્દેશ કરી પછી વિશેષરૂપ નિર્દેશ હોવાથી પુનરુક્તિ નથી. (૨) તિવિહં...કહ્યાથી સામાયિકની વાસના ઊભી થઈ તે 'મણેણં...' કહેવાથી દૃઢ થાય છે. (૩) 'મણેણં ન કરેમિ, વાયાએ ન કારવેમિ, કાયેણં ન સમણુજાણામિ' એટલું જ જોડી ન દેવાય પણ 'મણેણં ન કરેમિ, ન કારવેમિ, ન સમણુજાણામિ,' એમ 'વાયાએ ન કરેમિ[૩].' 'કાયાએ ન કરેમિ[૩]' એ રીતે દરેક મન આદિ સાથે ત્રણેયને જોડવા 'તિવિહં તિવિહેણં' કહ્યું.

**પ્ર.- ફરીથી 'ભંતે' કેમ કહ્યું ?**

ઉ.- (૧) ઉપરના 'ભંતે' શબ્દની અહીં સુધી અનુવૃત્તિ છે એ સૂચવવા ફરીથી કહ્યું. અથવા (૨) સામાયિક પ્રતિજ્ઞાની એક ક્રિયા પૂરી થયા પછી હવે અતિચારોથી નિવૃત્ત થવા વગેરેની બીજી ક્રિયાનો પ્રસંગ આવ્યો તેથી ફરીથી 'ભંતે' કહ્યું. અથવા (૩) પહેલા 'ભંતે'થી ગુરુને પૂછીને સામાયિક સ્વીકારવાની ક્રિયા શરૂ કરી, હવે ક્રિયાની પૂર્ણાહુતિમાં પાછું ગુરુને પ્રત્યર્પણ કર્યાનું નિવેદન કરવું જોઈએ, એ માટે ફરી 'ભંતે' કહ્યું.

**'પડિક્કમામિ...' વગેરેનો અર્થ :**

**'પડિક્કમામિ'** એટલે અતીત સાવદ્યયોગથી પાછો ફરું છું, અર્થાત્ કરવા-કરાવવા રૂપ બનવાનું તો પૂર્વે બની ગયું, પરંતુ હવે એની અનુમતિથી નિવૃત્ત થાઉં છું.

**'નિન્દામિ-ગરિહામિ'** એટલે સાવદ્યયોગકારી મારા આત્માની દુગંછા કરું છું. (૧) નિન્દા આત્મસાક્ષીએ, અને ગર્હા ગુરુસાક્ષીએ; અથવા (૨) બંને એકાર્થક હોવા છતાં અત્યંત દુગંછા સૂચવવા નિંદા અને ગર્હા બે શબ્દો વાપર્યા.

**'અપ્પાણં'નો અર્થ :**

અપ્પાણં એટલે (૧) અતીત સાવદ્યયોગ કરનાર મારા આત્માને, અથવા (૨) 'અત્તાણં' એટલે સંસારમાં અશરણ નિરાધાર આત્માને, અથવા (૩) અનાદિકાળથી ચાલ્યા આવતા 'અતત'ને એટલે કે સતત પ્રવર્તતા સાવદ્યયોગને.

**'વોસિરામિ'નો અર્થ :**

વોસિરામિ એટલે તે અતીત સાવદ્યયોગ વિશેષરૂપે ત્યજી દઉં છું. પૂર્વે 'સામાયિક કરું છું.' તે કહ્યું અહીં 'વોસિરામિ' કહીને એના વિપક્ષભૂત મિથ્યાત્વાદિનો ત્યાગ સૂચવ્યો.

'નિંદામિ ગરિહામિ' કહીને આલોચન, પ્રતિક્રમણ, ઉભય પ્રાયશ્ચિત્ત સૂચવ્યો, 'વોસિરામિ'થી વિવેક-ઉત્સર્ગ-તપ-છેદ એ ચાર પ્રાયશ્ચિત્ત સૂચવ્યાં.

## ૧૩. પ્રતિક્રમણાદિમાં એકાગ્રતાના ઉપાય

ધર્મસાધનામાં ચિત્ત ચંચળ રહેવાની બહુ ફરિયાદ રહે છે. પ્રતિક્રમણ, જાપ, મંદિરે દર્શન ચૈત્યવંદન વગેરેમાં બીજા ત્રીજા વિચારો આવ્યા કરે છે. પરંતુ એના ચોક્કસ ઉપાયો યોજવાથી એ રોકી શકાય છે એ અનુભવસિદ્ધ છે. આ ઉપાયોનો અહીં ખ્યાલ આપવો છે. કેમ કે મનને સ્થિર બનાવ્યા વિના નક્કર પ્રગતિ શક્ય નથી. અસ્થિર, ચંચળ મન ધર્મના બીજારોપણને જામવા દેતું નથી, ધર્મનું ઊંડું સંસ્કરણ થવા દેતું નથી, અને કુવિકલ્પો થવાથી કર્મનિર્જરાની સાધના વખતે પાપકર્મના બંધ થયા કરે છે ! વિચારણીય છે કે વર્ષોના વર્ષો સુધી આવી સાધના થાય છતાં બાહ્યથી નહિ પણ અંતરથી આત્મા કેટલે આગળ વધ્યો હોય ?

(૧) મનની સ્થિરતાના ઉપાય તરીકે પહેલું તો વૈરાગ્ય જ્વલંત બનાવવો જોઈએ; કેમ કે કેટલાય જે બીજા ત્રીજા વિચાર આવે છે તે જડપુદ્‌ગલને અનુલક્ષીને.



ત્યાં જો એમ વિચારાય કે "આત્માની ગુણસંપત્તિ આગળ પુદ્‌ગલની કશી જ કિંમત નથી, કેમ કે એને ગમે તેટલું સાચવ્યું પાછું એના સ્વભાવ મુજબ બગડવાનું જ ફૂટવાનું જ છે. ત્યારે આત્માના સિદ્ધ કરેલ ગુણો અજર અમર બની જાય છે. વળી પુદ્‌ગલની ય કિંમત, આત્મા એ તરફ લક્ષ લઈ જાય, એનું જ્ઞાન કરે, તો જ છે, તો એની ખાતર અશુદ્ધ મેલું જ્ઞાન કરીને આત્મગુણ કાં બગાડવો ? વળી આ જગતમાં વિષમતા તો રહેવાની, એ છતાં આત્મામાં સમતા સમત્વભાવ રાખી શકાય છે, જો એ જન્મસિદ્ધ વિષયોમાં ઈષ્ટ, અનિષ્ટ,-'આ મારે ગમતું-અનુકૂળ અને આ અણગમતું-પ્રતિકૂળ' આવી કલ્પના કર કર ન કરીએ તો. કેમ કે ખરી રીતે તો સંયોગ, કાળ કે કલ્પના ફરતાં, પાછા એના એજ ઈષ્ટને બદલે અનિષ્ટ કે અનિષ્ટને બદલે ઈષ્ટ લાગે છે. તો ચોક્કસ ઈષ્ટતા કે અનિષ્ટતા ક્યાં રહી ? માટે એની કોઈ જ આસ્થા રાખવા જેવી કે એનો પક્ષપાત તાણવા જેવું નથી. આમ કરી કરીને તો જીવ આ ભવમાં ભમ્યો. દુઃખ દુઃખ ને દુઃખ દેખ્યાં. માટે જડની હવે બહુ પરવા નહિ...' આમ વૈરાગ્ય વિકસાવી વિકસાવીને જડ પુદ્‌ગલને ભાવથી કિંમત વિનાના ઠરાવી દીધાં હોય તો પછી એમાં ચિત્ત બહુ નહિ જાય.

(૨) બીજો મહત્ત્વનો ઉપાય પદાર્થદર્શન છે. એમાં જે સૂત્ર કે ચૈત્યવંદનાદિ બોલતા હોઈએ યા જેનો જાપ જપતા હોઈએ તેનું જાણે આબેહૂબ ચિત્ર મનની સામે આવવું જોઈએ. આ (૧) એક તો અક્ષરચિત્રથી બને, અગર (૨) બીજું પદાર્થ ચિત્રથી બને, પદાર્થચિત્રમાં ભાવોલ્લાસ ઉછળતા લાગે છે, પરંતુ સૂત્રાર્થ ન આવડતો હોય ત્યાં સુધી પહેલું કરી શકાય.

**(અ) અક્ષરચિત્રમાં** એટલું કરવાનું છે કે જાણે આપણી આંખ સામે એક કાગળ યા બોર્ડ પર ઊભા કોલમ પાડેલા છે અને એ દરેક કોલમમાં એકેક ગાથા, યા એકેક સંપદા અથવા ૩-૪ પદનો એક નાનો વિભાગ લખેલો છે અને તે વાંચી વાંચીને આપણે બોલીએ અગર ચિંતવીએ છીએ. દા.ત.,

| | | | |
|---|---|---|---|
| તિહિં દંડેહિં | તિહિં ગુત્તિહિં | તિહિં સલ્લેહિં | તિહિં ગારવેહિં |
| મણ દંડેણં | મણ ગુત્તીએ | માયા સલ્લેણં | ઈઢ્ઢી ગારવેણં |
| વય દંડેણં | વય ગુત્તીએ | નિયાણ સલ્લેણં | રસ ગારવેણં |
| કાય દંડેણં | કાય ગુત્તીએ | મિચ્છત્ત સલ્લેણં | સાયા ગારવેણં |

બસ આ રીતે આગળ આગળ કોલમમાં એકેક ગાથા યા વિભાગ વાંચતા જવાનું. જ્યાં ગાથા કે વિભાગ ન હોય ત્યાં આપણે વિભાગ એકેક સમાન યા અર્થસંગ્રહના હિસાબે પાડવાના, દા.ત., વાંદણામાં-

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઈચ્છામિ...<br>જાવ૦<br>નિસી૦ | અનુજા૦<br>મે<br>મિઉગ્ગહં | નિ<br>સી<br>હિ | અહો...<br>સંફાસં<br>ખમ૦<br>ભે કિલામો | અપ્પ૦<br>બહુ૦<br>ભે દિવસો<br>વઈક્કંતો ? | જત્તા ભે...<br>ખામેમિ ખમા૦<br>દેવ૦ વઈક્કમં |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| આ<br>વ<br>સ્સિ<br>આ<br>એ | પડિક્ક૦<br>ખમા૦ દે૦<br>અસા૦ તિત્તી૦<br>જંકિંચિ મિ૦ | મણદુ૦<br>વયદુ૦<br>કાયદુ૦ | કો૦<br>મા૦<br>મા૦<br>લો૦ | સવ્વકા૦<br>સવ્વ મિ૦<br>સવ્વ ધ૦<br>આસા૦ | જો<br>મે<br>અઈ૦<br>કઓ૦ | તસ્સ૦<br>ખમા૦<br>પડિ૦<br>નિંદા૦<br>ગહિ૦<br>અપ્પા૦ વો૦ |

એમ્ 'ઈરિયાવહિયં'માં-

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ઈચ્છા૦<br>સંદિ૦ ભ૦<br>ઈરિયા૦<br>પડિક્ક૦ | ઈચ્છં<br>ઈચ્છા૦ પડિ૦<br>ઈરિ૦ વિરા૦ | ગ<br>મ<br>ણા<br>ગ<br>મ<br>ણે | પાણ૦<br>બીઅ૦<br>હરીય૦<br>ઓસા<br>...<br>સંકમણે | જે<br>મે<br>જીવા<br>વિરા૦ | એગિં૦<br>બે૦<br>તે૦<br>ચઉ૦<br>પંચિં૦ | અભિ૦ વ૦<br>લેસિ૦ સંઘા૦<br>સંઘ૦ પરિ૦<br>કિલા૦ ઉદ્દ૦<br>ઠાણા...વવરો | તસ્સ<br>મિચ્છા<br>મિ<br>દુક્કડં |



એમ 'દેવસિઅં આલોઉં'માં-

| | | | | |
|---|---|---|---|---|
| ઈચ્છા૦<br>સંદિ૦ ભ૦<br>દેવ૦ આલો૦ | ઈચ્છં, આલો૦<br>જો મે<br>દેવ૦ અઈ૦<br>કઓ | કાઈઓ<br>વાઈઓ<br>માણ૦ | ઉસ્સુ૦ ઉમ્મ૦<br>અકપ્પો૦ અક૦<br>દુજ્જા૦ દુવ્વિ૦<br>અણા૦ અણિ૦<br>અસમણપા૦ | નાણે<br>દંસણે<br>ચરિત્તે |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સુએ<br>સામાઈએ | તિ૦ ગુ૦ | ચ૦ ક૦ | પં૦ મ૦ | છ૦ જી૦ | સ૦ પિં૦ | અ૦ પવ૦ | નવ૦ બં૦ | દસ૦ સમ૦ | સમણાણં<br>જો૦ |

એમ

| | | | | |
|---|---|---|---|---|
| નમો અરિ૦<br>નમો સિદ્ધાણં | નમો આય૦<br>નમો ઉવ૦<br>નમો લોએ૦ | એસો૦<br>સવ્વ૦<br>મંગલાણં<br>પઢમં૦ | ઈચ્છામિ<br>ખમા૦<br>વંદિઉં | જાવ૦<br>નિસી૦<br>મત્થ૦ |
| કરેમિ<br>ભંતે<br>સામાઈઅં | સવ્વં સાવ૦<br>પચ્ચક્ખામિ<br>જાવજ્જીવાએ | તિવિ૦ તિવિ૦<br>મણે૦ વા૦ કા૦<br>ન કરે૦ ન કા૦ કરં૦ | તસ્સ<br>ભંતે<br>પડિ૦ નિં૦<br>ગ૦ વોસિ૦ | |

એમ, 'ધમ્મોમંગલ'ની પાંચ અથવા સત્તર ગાથા ભણતાં અગર બીજા પણ સૂત્રની ગાથાઓ ભણતાં-યાદ કરતાં નજર સામે એકેક કોલમમાં એકેક ગાથા લખેલી દેખાય, ને એમાં પ્રત્યેક લીટી અલગ અલગ નજર આવે તે રીતે ભણાવવાની કે યાદ કરવાની. દા.ત.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ધમ્મો મંગલ૦<br>અહિંસા સં૦<br>દેવા વિતં૦<br>જસ્સ ધમ્મે૦ | જહા દુમ૦<br>ભમરો આ૦<br>ન ય પુપ્ફં૦<br>સો ય મી૦ | એમે એ૦<br>જે લોએ૦<br>વિહંગ૦<br>દાણ૦ | વયં ચ<br>ન ય૦<br>અહા૦<br>પુપ્ફે૦ | મહુકાર૦<br>જે ભવં૦<br>નાણા૦<br>તેણ વુ | | |
| કહં નુ૦<br>જો કામે૦<br>પએ૦<br>સંકપ્પ૦ | વત્થ૦<br>ઈત્થિ૦<br>અચ્છં૦<br>ન સ૦ | જે અ<br>લધ્ધે૦<br>સાહી૦<br>સે હુ૦ | સમાઈ<br>સિઆ૦<br>ન સા૦<br>ઈચ્ચે૦ | આયા૦<br>કામે૦<br>છિંદા૦<br>એવં૦ | પક્ખંદે૦<br>ધૂમ૦<br>નેચ્છં<br>કુલે૦ | ધિરત્થુ૦<br>જો તં૦<br>વંતં૦<br>સેઅં૦ |

બસ, આ રીતે આગળ વધવાનું. એમ,

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| લોગસ્સ<br>ધમ્મ૦<br>અરિહંતે૦<br>ચઉવીસં૦ | ઉસભ૦<br>સંભવ૦<br>પઉમ૦<br>જિણં ચ | સુવિહિં<br>સીઅલ૦<br>વિમલ૦<br>ધમ્મં૦ | કુંથું૦<br>વંદે૦<br>વંદામિ૦<br>પાસં૦ | એવં૦<br>વિહુય<br>ચઉ૦<br>તિત્થ૦ | કિત્તિય<br>જે એ<br>આરુ૦<br>સમાહિ૦ | ચંદેસુ<br>આઈ૦<br>સાગર૦<br>સિદ્ધા૦ |

એમ, લઘુશાંતિ૦, સિદ્ધાણં૦ વગેરે. ‘ઈરિયાવહિયં’, ‘નમુત્થુણં’ જેવા સૂત્રમાં સંપદાના વિભાગવાર કોલમ દેખાય.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| નમુ૦<br>અરિ૦<br>ભગ૦ | આઈ૦<br>તિત્થ૦<br>સયં૦ | પુરિસુ૦<br>પુરિસસી૦<br>,, વર પુ૦<br>,, વર ગં૦ | લોગુ૦<br>લોગ ના૦<br>લોગ હિ૦<br>લોગ પઈ૦<br>લોગ પજ્જો૦ | અભય૦<br>ચક્ખુ૦<br>મગ્ગ૦<br>સરણ૦<br>બોહિ૦ | ધમ્મ૦ દ૦<br>,, દે૦<br>,, ના૦<br>,, સા૦<br>,, વર૦ | અપ્પ૦<br>વિયટ્ટ૦ | જિણા૦<br>તિણ્ણા૦<br>બુદ્ધા૦<br>મુત્તા૦ | સવ્વ૦<br>સવ્વ૦<br>સીવ<br>નમો૦<br>જિઅ ભ૦ |




**(બ) પદાર્થ ચિત્ર :** એકાગ્રતા માટે આ અક્ષરથી ધારણા થઈ, હવે પદાર્થની ધારણા કરવા માટે મનની સામે તે વસ્તુ આવવી જોઈએ. સૂત્રના પદ બરાબર બોલાતા જાય અને તેથી સાથોસાથ તે તે દૃશ્ય મનથી જાણે સામે જોતા જઈએ. દૃશ્ય જોવાથી હૃદયમાં ભાવોલ્લાસ પ્રગટે છે; ગદ્ગદતા આવે છે; પરિણામ નિર્મળ નિર્મળતર બનતા જાય છે; તન્મયતા ખૂબ આવે છે...ઈત્યાદિ અનેક લાભો હોવાથી અક્ષર-ધારણા કરતાં પદાર્થ-ધારણા વધુ અસરકારક બને છે.

**નવકાર માટે** દૃશ્ય આ, કે જાણે સામે સિદ્ધચક્ર-યંત્ર જેવા મોટાં ખાનાં છે. વચલા ખાનામાં આઠ પ્રાતિહાર્યે શોભતા અનંતા અરિહંત ભગવંત બિરાજમાન છે. એમની ઉપરના ખાનામાં અનંતા સિદ્ધભગવંત સિદ્ધશિલા પર બિરાજમાન છે. જમણી બાજુના ખાનામાં અનંતા આચાર્યો મહારાજ ચતુર્વિધ સંઘ આગળ દેશના આપી રહ્યા છે. નીચેના ખાનામાં અનંતા ઉપાધ્યાયજી મુનિઓની મંડલીને સૂત્ર ભણાવી રહ્યા છે. ડાબી બાજુના ખાનામાં અનંતા સાધુ મહારાજ કોઈ કાઉસ્સગ્ગ ધ્યાને છે, કોઈ સ્વાધ્યાય કરે છે, કોઈ વૈયાવચ્ચ કરે છે, કોઈ રાજસુકુમાળ ખંધક મુનિ વગેરેની જેમ ઉપસર્ગ સહી રહ્યા છે. નવકારના પાંચ પદ બોલતાં મન આ એકેક ખાનામાં જીવંત પરમેષ્ઠી જુએ અને નમન કરે એ જોવાનું. પછીના ચાર પદોમાં પાંચને કરેલ નમસ્કાર આપણા આત્મામાંથી સર્વ પાપને બહાર ફેંકી રહ્યો છે, અને નીચે બીજા સ્વસ્તિકાદિ સર્વ મંગળોના મથાળે મહા મંગળરૂપે પરમાત્મભાવની સમૃદ્ધિને આકર્ષી રહ્યો છે, એવું દૃશ્ય દેખાય છે.

**ઈરિયાવહિયં** સૂત્ર બોલતાં આ જોવાનું કે જેમ એક ખૂની માણસ ન્યાયાધીશ આગળ બે હાથ જોડી કરગતો કરગતો પોતાના ખૂનનો અહેવાલ આપીને પોતાની ભયંકર ભૂલનો ઈકરાર ભારે પસ્તાવા સાથે કરી રહ્યો હોય, એ રીતે આચાર્ય મહારાજની સામે પોતે બે હાથ જોડી કરગતો કરગતો જીવ-વિરાધનાનો અહેવાલ આપે છે અને એના ભારે પશ્ચાત્તાપ પૂર્વક મિથ્યાદુષ્કૃત કરે છે. એ ભાવ ઊભો કરવાનો. પદે પદે તે જીવ જાણે નજર સામે આવે ‘પાણક્કમણે’ તો કીડા કીડી માખી માકણ વગેરે, ‘બીઅ૦’, તો ધાન્ય, ‘હરિય૦’ તો વનસ્પતિ...વગેરે વગેરે જીવ પોતે કચર્યા દેખાય, તે પંચિંદિયા સુધી. પછી વિરાધનાઓ વિવિધ નજરે ચઢે. જેમ કે ‘અભિહયા’તો સામા ધસ્યા, ‘વત્તિયા’ તો ધૂળે ઢાંક્યા વગેરે.

**લોગસ્સ સૂત્રમાં** સામે

૨૪ ભગવાન ગાથામાં ૪ પદમાં દર્શાવેલા ક્રમે દેખાય.



ત્યાં પહેલી ગાથા બોલતી વખતે એ ૨૪ અને બીજા ભગવાન નજર સામે રહે, અને જ્ઞાનાતિશયાદિ ચારના પ્રતીક રૂપે **'ઉજ્જોઅગરે'**=જ્ઞાનરૂપી સૂર્ય, **'તિત્થયરે'**=સમવસરણ પર દેશના દેતા, **'જિણે'**=રાગદ્વેષ દૂર ફેંકનારા, 'અરિહંતે'=આઠ પ્રતિહાર્યની પૂજા પામેલા દેખાય. એમનું હું કીર્તન કરીશ, એવી હાથ જોડી પ્રાર્થના કરીએ છીએ. પછી **'ઉસભમજિઅં'**થી તે તે પ્રભુને જોતાં જવાનું, નમસ્કાર કરતાં જવાનું તે 'પાસં તહ વદ્ધમાણં ચ' સુધી. પછી છેલ્લી ત્રણ ગાથા વખતે એજ ભગવાન નજર સામે રહે 'એમ મેં સ્તવ્યા,' 'નિર્મળ અને અક્ષય' 'ચોવીસ તથા બીજા તીર્થંકર પ્રસાદ કરો.' 'કીર્તિત-વંદિત-પૂજિત ઉત્તમસિદ્ધ' 'મોક્ષ-આરોગ્ય અર્થે બોધિલાભ સમાધિ આપો.' 'ચંદ્ર-સૂર્ય-સાગરથી અધિક નિર્મળ-પ્રકાશક-ગંભીર' 'સિદ્ધિ આપો,'નો ભાવ મનમાં યથાયોગ્ય ચિત્ર દર્શન સાથે પ્રગટે.

એમ **'નમુત્થુણં'** વખતે વિચરતા સીમંધર ભગવાન સમવસરણ પર બિરાજમાન દેખાય. પદે પદે તેવું તેવું ચિત્ર દેખાય. દા.ત. 'અરિહંતાણં' તો પ્રાતિહાર્યથી વિભૂષિત 'ભગવંતાણં' તો અનુપમ રૂપાદિ અતિશયોવાળા, 'આઈગરાણં' તો ધર્મની આદિ કરતા, 'તિત્થયરાણં તો ગણધરોને ત્રિપદી આપતા, 'સયંસંબુદ્ધાણં' તો ગુરુ વિના સ્વયં દીક્ષા લેતા, 'પુરિસુત્તમાણં' તો ખાણમાં પડેલા વિશિષ્ટ જાત્યરત્નની જેમ અનાદિ કાળથી બીજા જીવોની વચ્ચે જાત્યરત્ન જેવા ઉત્તમ...એ પ્રમાણે દેખાય.

'નમુત્થુણં'ની છેલ્લી ગાથા 'જે અ અઈયાસિદ્ધા' બોલતાં આપણી ડાબી બાજુ ભૂતકાળના અનંતા ભગવાન દેખાય, 'જે અ ભવિસ્સંતિ' -બોલતાં જમણી બાજુ ભવિષ્યના અનંતા અને 'સંપઈઅ વટ્ટમાણં'થી સામે અઢી દ્વીપમાં વર્તતાં ૨૦ ભગવાન દેખાય.

**'જંકિંચિ'** કે **'જાવંતિ ચેઈયાઈં'** બોલતાં સ્વર્ગ પાતાળ મધ્ય લોકમાં દેરાસરો અને જિનબિંબો દેખાય તેને નમસ્કાર.

**'જાવંત કેવિ સાહૂ'** કે **'અઢ્ઢાઈ જજેસું'** વખતે અઢી દ્વીપમાં રહેલ ત્રિદંડ રહિત મુનિઓ દેખાય.

**'પુક્ખરવર દીવઢ્ઢે'** સૂત્રમાં મનની સામે દૃશ્ય તરીકે પહેલી ગાથા વખતે ૨॥ દ્વીપમાં ૨૦ વિહરમાન ભગવાન આવે; બીજી ગાથા વખતે ગણધર ભગવાનોનાં દિલમાં પ્રકાશી રહેલ મહાશ્રુત દેખાય જે અજ્ઞાન-અંધકારને વિધ્વંસતું, દેવોથી પૂજાતું અને મોહજાળને તોડતું દેખાય. ત્રીજી ગાથા વખતે મોટા પુસ્તક સંગ્રહમાં સમાવિષ્ટ ધર્મના સારભૂત શ્રુતને જન્માદિવારક, કલ્યાણપોષક, અને દેવાદિપૂજિત તરીકે જોવાનું. ચોથી ગાથા વખતે સામે જિનમત દ્વાદશાંગી શ્રુત મહાસાગર જેવું



દેખાય, દેવોથી ભાવપૂર્વક પૂજાતું દેખાય, સમસ્ત જ્ઞાન અને વિશ્વ એમાં પ્રતિષ્ઠિત દેખાય ત્યાં શ્રુત પ્રાપ્તિની પ્રાર્થના કરાય.

**'સિદ્ધાણં બુદ્ધાણં'** સૂત્રમાં દૃશ્ય તરીકે મનની સામે-

- પહેલી ગાથા વખતે અહીં સિદ્ધ બુદ્ધ થતા, ભવપાર કરી પૂર્વ સિદ્ધની પરંપરા પાછળ લોકાન્તે જતા મુક્તાત્મા દેખાય, એમને નમસ્કાર.

- બીજી ગાથા વખતે વિચરતા 'મહાવીર' પ્રભુ જોવાના, એમની પાછળ દેવતાઓ ચાલી આવતા દેખાય એટલે પ્રભુ એમના મોખરે 'દેવાણ વિ દેવ' તરીકે સમજાય, પછી 'દેવા પંજલિ નમંસંતિ' પ્રભુને સામેથી દેવતા આવી અંજલિ જોડી નમતા દેખાય તથા 'તં દેવ દેવમહિયં' એટલે પ્રભુને બે બાજુ દેવદેવ=ઈન્દ્રો ચામર વીંજતા દેખાય, એ વીર વિભુને હું શિર નમાવી વંદુ છું.

- ત્રીજી ગાથા વખતે એજ પ્રભુને ક્ષપક શ્રેણિનો ભાવનમસ્કાર કરતા નર-નારીઓ સંસાર તરી જતા=વીતરાગ કેવળજ્ઞાની બની દેવરચિત સુવર્ણ કમળ પર આરૂઢ થયા દેખાય.

- ચોથી 'ઉજ્જિંત૦' ગાથા વખતે ધર્મચક્રવર્તી નેમનાથ પ્રભુને ગીરનાર પર ત્રણ કોલમમાં જોવાના, પહેલા કોલમમાં પ્રભુ દીક્ષા લેતા=ખડા ખડા લોચ કરી 'કરેમિ સામાઈયં' ઉચ્ચરતા દેખાય, બીજામાં ગોદોહિકા આસને કેવળજ્ઞાન પામતા દેખાય, અને ત્રીજામાં નિર્વાણ વખતે અનશનસ્થ શરીર અને દેવો અગ્નિસંસ્કાર કરતા દેખાય. એ પ્રભુને નમસ્કાર.

- પાંચમી ગાથા વખતે અષ્ટાપદજી, (નંદીશ્વર વગેરે) દેખાય, અને ત્યાં ૪, ૮, ૧૦, ૨ ના ક્રમે પ્રભુને આપણે નમતા ચાલવાનું.

**'કલ્લાણ કંદં'** થોયમાં-

- પહેલી ગાથા વખતે-આ ક્રમથી- આદિ૦, શાંતિ૦, નેમિ૦, પાર્શ્વ૦ અને વર્ધમાન સ્વામીને જોતાં વાંદવાના.

- બીજી ગાથા વખતે સંસાર સાગર પાર કરી ઉપર ચાલ્યા જતા અનંતા જિનેન્દ્ર દેખાય એમને મોક્ષ દેવા પ્રાર્થના કરવાની.

- ત્રીજી ગાથા વખતે સંસાર સમુદ્રમાં જિન સિદ્ધાંતોરૂપી મોટું વહાણ દેખાય, એનાથી કુવાદી રૂપી મગરો દૂર ભાગતા, અને ડાહ્યા જનો વહાણનું શરણું લેતા જણાય.

- ચોથી ગાથા વખતે કુંદપુષ્પ-ચન્દ્ર-દૂધ-બરફ જેવી સફેદ સરસ્વતી હાથોમાં કમળ અને પુસ્તકવાળો તથા કમળ પર બેઠેલી સદા શોભતી દેખાય. એ આપણા

સુખ માટે તો એવું પ્રણિધાન કરવાનું.

આમ બીજા સૂત્રમાં દશ્ય ધારવાનું. સાથે દિલ ગદ્ગદ કરવાનું એથી અદ્ભુત તન્મયતા અને ભાવોલ્લાસનો અનુભવ થશે, જ્યાં દશ્ય ન આવે ત્યાં નાના નાના ઊભા કોલમમાં પૂર્વે કહ્યા મુજબ પદ લખેલાં વાંચવાનાં, અને એના અર્થથી ભાવિત થવાનું.

## ૧૪. ધર્મક્રિયામાંથી ટાળવાના ૮ દોષ

**(લેખક : પં. ભાનુવિજયજી ગણિવર્ય)**

**ધર્મક્રિયામાંથી ટાળવાના આઠ દોષો** આ પ્રમાણે શ્રી ષોડશકશાસ્ત્રમાં કહ્યા છે. ક્રિયાના ખેદ, ઉદ્વેગ વગેરે આઠ દોષ.

**(૧) ખેદ :** એટલે થાકેલાપણું, જેમ લાંબો માર્ગ કાપીને મનુષ્ય થાકી જાય, અને હવે આગળ ચાલવા માટે ઉત્સાહી ન રહે, તેમ પૂર્વ ક્રિયાની પ્રવૃત્તિથી થાક લાગતાં પછીની ક્રિયામાં પ્રવૃત્તિ કરવાને આત્મામાં ઉત્સાહ ન હોય ખેદ હોય, ખિન્નતા હોય. આ ખેદમાં પડેલું ચિત્ત પછીથી ક્રિયામાં દઢ જ બની શકતું નથી, તેવી ક્રિયામાં સુંદર પ્રણિધાન અર્થાત્ એકાગ્રભાવ તન્મયભાવ થઈ શકતો નથી. ત્યારે પ્રણિધાન વિના તો ચાલી શકે એમ પણ નથી. કેમ કે પ્રણિધાન એ, જેમ ખેતીમાં પાણી જરૂરી, તેમ જરૂરી છે. ખેદના લીધે એ તન્મયતાનો રંગ આવે નહિ. તો ભલે ક્રિયા કરશે, પણ શુભ અધ્યવસાય ક્યાંથી વિકસ્વર થઈ શકવાના ? જો ભક્તિ હોય તો, જેમ વેપારી લાભ કરાવનાર આડતિયાની સરભરા બરાબર રંગથી કરે છે, તેમ મહાન શુભ અધ્યવસાયનો લાભ કરાવનારી ક્રિયાની ઉપાસના બરાબર રંગથી કરાય.

**(૨) ઉદ્વેગ :** એટલે ક્રિયા કષ્ટસાધ્ય છે, એવી બુદ્ધિથી ચાલુ ક્રિયા કરવામાં થતી અરતિ, આળસ. એ આળસને લઈને, જો કે ખેદની જેમ કાયાને થાક છે એવું નથી. છતાં, સ્થાને બેઠાં બેઠાં ક્રિયા કરવામાં ઉત્સાહ નથી હોતો. એટલે ક્રિયા તો કરે. પરન્તુ ક્રિયામાં કોઈ ધન-ખર્ચ અથવા સમય બહુ લાગવાનો અથવા શારીરિક વગેરે કષ્ટ લાગવા-કરવાનો ઉદ્વેગ રહ્યા કરે છે. તેથી ચિત્તમાં આનંદ નથી પ્રગટતો. પછી અંતરમાં શુભ ભાવોલ્લાસ ક્યાંથી વધે ? ભક્તિથી એ ઉદ્વેગ દોષને ટાળી શકાય છે. પત્ની પ્રત્યે પ્રીતિ હોવાથી એના માટે કષ્ટસાધ્ય ક્રિયા પણ ઉદ્વેગ વિના કરાય છે ને ? તો અહીં પ્રભુની પ્રીતિભક્તિ દ્વારા ઉદ્વેગને ટાળીને ધર્મક્રિયા ઉલ્લાસથી કરાવી જોઈએ.



**(૩) ક્ષેપ :** એટલે ચિત્તની ક્ષિપ્ત અવસ્થા. આ ક્ષિપ્તાવસ્થામાં ખેદ-ઉદ્વેગ નથી. છતાં ચિત્ત ક્રિયાની વચમાં વચમાં બીજે બીજે ચાલ્યું જાય છે, બીજા ત્રીજા વિચારમાં ચઢી જાય છે, જેવી રીતે ડાંગરના રોપાને (છોડને) વચમાં વચમાં એક ક્યારામાંથી ઉખેડીને બીજા ક્યારામાં રોપે, અને બીજામાંથી ઉખેડી ત્રીજામાં રોપે, તો એ રોપા પર ફળ બેસતું નથી. એવી રીતે ચાલુ ક્રિયામાંથી ચિત્તને બીજે ત્રીજે ફેરવ્યા કરવાથી ક્રિયામાં સળંગ ચિત્તધારા અથવા તે ક્રિયાના શુભ અધ્યવસાયની એક સરખી ધારા ચાલી શકતી નથી. પછી ભલે વચમાં વચમાં બીજા વિચારમાંથી ચિત્તને પ્રસ્તુત ક્રિયામાં લઈ આવવામાં આવે. તો પણ પૂર્વના તે અનુપયોગી વિચારની અસર આ ક્રિયા પર રહે છે. તેને લીધે પ્રસ્તુત ક્રિયાના શુભ ભાવોલ્લાસમાં મન તરત ચઢી શકતું નથી. કે દઢ બની શકતું નથી. જો અંતરમાં ભક્તિ જાગ્રત હોય તો ક્રિયામાં રસ ભરપૂર રહે છે ને ક્રિયામાં ભરપૂર રસ રહે એટલે ચિત્તનો ઉપયોગ સળંગ ટકી શકે છે, ક્રિયા સમ્યક્ થાય છે. શુભ ભાવોલ્લાસ જાગ્રત્ રહે છે.

**(૪) ઉત્થાન :** એટલે ચિત્તની અપ્રશાન્ત વાહિતા. અસ્વસ્થતાભર્યું ચિત્ત, જેમ મદોન્મત્ત પુરુષનું ચિત્ત શાંત નથી હોતું તેમ અહીં ક્રિયામાં ચિત્ત સ્વસ્થ ન રહે. અલબત્ત પ્રસ્તુત ક્રિયા અંગે ખેદ-ઉદ્વેગ-ક્ષેપ એ ત્રણ દોષો ઊભા ન થવા દીધા હોય, છતાં ગમે તે કારણે જો ચિત્ત અશાંત-અસ્વસ્થ રહે છે; તો એ સ્થિતિમાં કરેલી ક્રિયા પણ શુભ અધ્યવસાયના સુંદર ફળને જન્માવી શકતી નથી. તેથી તે કરેલી ક્રિયા સમ્યક્કરણ નથી બનતી. દા.ત. કોઈએ સાધુ દીક્ષા લીધી; દીક્ષા પ્રત્યે અંતરનો સદ્ભાવ પણ પૂરો છે. પરંતુ મોહના ઉદયે કે અશક્તિના કારણે સંયમ સાધનામાં દોષ લાગે છે, ત્યાં એ પોતે જો સમજે કે આ સ્થિતિમાં મારામાં સાધુપણું કેવી રીતે કહી શકાય ? માટે એ સંવિજ્ઞ પાક્ષિક એટલે કે સંવેગ વૈરાગ્યશીલ સાધુના એક પક્ષપાતી તરીકે જીવન જીવે તો તે જીવનમાં વ્રતની અપેક્ષા હોવાનો ગુણ છતાં સ્ખલનાઓને લીધે દોષ લાગે છે. એટલે અંતરના તેવા પ્રકારના ભાવના હિસાબે ગુણ અને દોષ બંને રહે છે. અથવા મૂળગુણ ઉત્તરગુણ સર્વથા ન પાળી શકતાં દંભ ટાળવા કોઈ અજાણ્યા પ્રદેશમાં જવા વગેરેની વિધિ સાચવીને સાધુપણું છોડી શ્રાવકના આચાર પાળે છે. બંને સ્થિતિમાં ચિત્ત ચારિત્ર પાલનની ક્રિયા વખતે અસ્વસ્થ-અશાંત બન્યું ગણાય, ઊઠી ગયું ગણાય; તેથી ચારિત્ર-ક્રિયાના શુભ અધ્યવસાય જન્મી ન શકે. જો અહીં હૃદયમાં અદ્ભુત ભક્તિભાવ હોય તો આ ઉત્થાન દોષથી બચી શકાય. માટે ભક્તિ જગાડી મનની બીજી ત્રીજી અસ્વસ્થતા, ઉકળાટ દૂર કરવા ઘટે.

(૫) **ભ્રાન્તિ** એટલે ક્રિયાનો અમુક ભાગ કર્યા ન કર્યાની, અમૂક સૂત્ર બોલ્યા ન બોલ્યાની, ચિંતવ્યા ન ચિંતવ્યાની ભ્રમણા દા.ત., વન્દન, મુહપત્તિ-પડિલેહણ કર્યાને ન કર્યું-માની બેસે. નમોત્થુણં સૂત્ર બોલ્યાને ન બોલ્યું માની બેસે અથવા કર્યા-બોલ્યાને કે કાઉસ્સગ્ગમાં ચિંતવ્યાને નથી કર્યું ઓછું બોલ્યા અગર નથી બોલ્યા કે નથી ચિંતવ્યું એમ માની બેસે. આવા ભ્રાન્તિ દોષથી ચિત્તમાં ક્રિયાના સંસ્કાર નથી પડતા. શુદ્ધ ક્રિયા તો આટલું કર્યું, બોલ્યા, કે ચિંતવ્યું, આટલું નથી કર્યું નથી બોલ્યા કે નથી ચિંતવ્યું, એના સંસ્કારવાળી, ખ્યાલવાળી જોઈએ. ભ્રાન્તિથી અગર ઉપેક્ષાથી એ ખ્યાલ કે સંસ્કાર ન હોય તો શુભ અધ્યવસાય વિસ્તરતા નથી અને એથી ક્રિયા સમ્યક્કરણ નથી બનતી.

(૬) **અન્યમુદ્** એટલે જે ક્રિયા ચાલી રહી છે, તેના બદલે અન્ય ક્રિયાદિમાં આનંદ વધારે રાગ, આતુરતા વગેરે. આ પણ ચિત્તનો દોષ છે, અને તેથી ક્રિયાનો દોષ છે. એથી ફલતઃ પ્રસ્તુત ક્રિયામાં આદરની ખામી પડે છે અનાદર સિદ્ધ થાય છે. ક્રિયા પ્રત્યે લેશ પણ અનાદર એ તો દુઃખદ સંસારનું કારણ બને છે. અનાદરને તો અંગારવૃષ્ટિ સમાન કહ્યો છે. એથી ક્રિયામાં અતિ જરૂરી પ્રમોદભાવ હર્ષોલ્લાસ બળી જાય છે, અને તેનું મોટું નુકસાન છે. દા.ત. કોઈને સ્વાધ્યાય ઉપર બહુ રાગ છે. તેથી ચૈત્યવન્દનાદિનો સમય થયો હોવા છતાં એ કરવામાં અવગણના કરે, ઢીલ કરે, અથવા કરવા બેસે તો ચિત્તમાં ચૈત્યવન્દનાદિનો હર્ષ-આદર ન રાખતાં સ્વાધ્યાયનો હર્ષ, સ્વાધ્યાયની મજા, આતુરતા રાખે, તો અહીં અન્યમુદ્ દોષ લાગે. આ ખોટું છે. એથી ફળનો ઘાત થાય છે. શાસ્ત્રે કહેલા વિવિધ અનુષ્ઠાનોમાં એવું નથી કે એકના ઉપર આદર રાખવો અને બીજા પર ન રાખવો. એકમાં આસક્ત થવું ને બીજામાં ન થવું. બીજું અનુષ્ઠાન ભલે સુંદર હોય પરંતુ એકના-રાગ આદરના ભોગે બીજાના ઉપર આદરભાવ રાખવો એ શુભભાવ નથી. હૃદયમાં જો તે તે દરેક ક્રિયા પ્રત્યે અને ઉપદેશક શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યે પૂર્ણ ભક્તિ જાગ્રત્ હોય તો આ દોષથી બચી શકાય, અને સમ્યક્કરણદ્વારા શુભ અધ્યવસાયનું ફળ પામી શકાય.

(૭) **રોગ** એટલે ચિત્તની પીડા અથવા ચિત્તભંગ એ પણ ક્રિયાનો દોષ છે. એનાથી ક્રિયા શુદ્ધપણે સળંગ ધારાબદ્ધ વહેતી નથી. પ્રબળ કર્મોદયથી ચિત્ત પીડા હોય તો જુદી વાત; બાકી તો સાધકે શક્તિ ફોરવીને એ ચિત્તની પીડા ટાળવી જોઈએ. ચિત્તભંગ ન થવા દેવો જોઈએ. ભક્તિના આવેગથી ચિત્તોત્સાહ, ચિત્તની પ્રફુલ્લિતા જાળવી શકાય છે. અને આ દોષ ટાળી શકાય છે. તેથી સમ્યક્કરણ બને છે. જેના પરિણામે સુંદર શુભ અધ્યવસાય પ્રાપ્ત થાય છે.



(૮) **આસંગ** એટલે આસક્તિ એ આસક્તિથી એમ લાગ્યા કરે કે 'આજ ક્રિયા સુંદર છે, ને' તેથી એમાં જ વારંવાર પ્રવર્તવાનું મન થાય. અલબત્ત અમુક અવસ્થા સુધી ધર્મક્રિયા પર અથાગ રાગ જોઈએ જ, તો જ પાપ પ્રવૃત્તિના રાગ છૂટી શકે, છતાં ઉપરની અવસ્થામાં એ રાગ અર્થાત્ આસંગ દોષરૂપ છે. કેમ કે એ વીતરાગ બનવા દેતો નથી. બહુ તો નિયત ગુણસ્થાનમાં અટકાવી રાખે છે. અરિહંત પ્રભુ અને સર્વ ક્રિયાઓ પ્રત્યેની પ્રીતિ-ભક્તિ, આ દોષનું પણ ક્રમશઃ નિવારણ કરી શકે છે. આ સંગ દોષ ખરેખર ત્યારે ટળે કે જ્યારે અસંગ અનુષ્ઠાન સિદ્ધ થાય. અલબત તે પૂર્વે ક્રિયાનો એવી આસક્તિ ન જોઈએ કે જેથી એમાં જ લીન થઈ બીજા યોગને બાધ પહોંચાડવાનું થાય.

## ૧૫. સંયમ અને સંયમકુશળ

**(લેખક : પં. ભાનુવિજયજી ગણિવર્ય)**

સાધુજીવન એ સંયમજીવન કહેવાય છે. 'સંયમ' શબ્દના શાસ્ત્રમાં આ અર્થ આવે છે : સંયમ એટલે :

(૧) સંયમન કરવું તે, અર્થાત્ સાવદ્ય (પાપ) વ્યાપારોથી વિરમવું તે;

(૨) પાપ વ્યાપારના ભારથી આત્માને સંયમિત કરવો, બચાવી લેવો તે;

(૩) સમ્યગ્ મંત્રો અર્થાત્ અહિંસાદિ છે જેમાં તે;

(૪) મન-વચન કાયશુદ્ધિથી સર્વ હિંસાથી વિરામ;

(૫) પંચ-આશ્રવથી વિરમણ;

(૬) ઈન્દ્રિય-કષાયનો નિગ્રહ;

(૭) ...સમ્યગ્ અનુષ્ઠાન; ચારિત્રસામાયિક, દયા, લજ્જા...

**સંયમ ૪ પ્રકારે** પણ કહ્યું છે, મનઃસંયમ, વાક્સંયમ, કાયસંયમ, અને ઉપકરણસંયમ અર્થાત્ મહામૂલ્યવાળા વસ્ત્રપાત્રાદિનો ત્યાગ.

**સંયમ ૭ પ્રકારે** આ રીતે, - ૧-૬ ષટ્કાયસંયમ, અને ૭મું અજીવસંયમ. જીવ સંયમમાં જીવને સંઘટ્ટનાદિ કોઈ ન કરવું; અજીવ-સંયમમાં પુસ્તકાદિનાં ગ્રહણ-પરિભોગથી વિરામ પામવો.

**સંયમ ૧૦ પ્રકારે** : ૧-૫. પાંચ સ્થાવરકાયસંયમ, ૬-૯. બેઇંદ્રિયાદિથી પંચેંદ્રિય સુધીનાનો સંયમ, ૧૦મું અજીવસંયમ.

**સંયમ ૧૭ પ્રકારે આ રીતે;** -ઉપરોક્ત ૯ જીવસંયમ, ૧૦મું અજીવસંયમ, ૧૧-૧૨-૧૩મું મન-વચન-કાયસંયમ, ૧૪થી ૧૭મું પ્રેક્ષા-ઉપેક્ષા-પ્રમાર્જના-પરિષ્ઠાપનાસંયમ.

જીવસંયમમાં મન-વચન-કાયાથી જીવોનો સંઘટ્ટો વગેરે વિરાધના કરવા-કરાવવા-અનુમોદવાનો ત્યાગ. આમાં કાયાથી કરવું સમજાય એવું છે. કાયાથી કરાવવું એ રીતે બને કે આપણા હાથે બીજાને ધક્કો લાગવાથી એનાથી કોઈ જીવને સંઘટ્ટો વગેરે વિરાધના થઈ જાય. કાયાથી અનુમોદન એ રીતે કે બીજાએ કરેલ જીવવિરાધનમાં આપણા મુખ પર હર્ષની રેખા કે આંખમાં પ્રશંસા-ચમત્કારનો ચમકારો થઈ આવે. **વચનથી** જીવવિરાધના કરવા રૂપે એ, કે બીજાને સીધું સંઘટ્ટો આદિ કરવા કહેવું તે; અનુમોદના એ કે બીજાએ કરેલ જીવવિરાધના પર એને ‘ઠીક કર્યું’ એમ શાબાશી આપવી, એની પ્રશંસા કરવી ‘સારો કારીગર ?’ ...વગેરે. **મનથી** જીવવિરાધના કરવાનું એ રીતે બને કે ‘હું આ રીતે સંઘટ્ટો આદિ કરું’ એવો વિચાર આવે; મનથી કરાવાનું એ, કે ‘બીજા પાસે આ સંઘટ્ટો આદિ કરાવું.’ એવો આશય થાય. મનથી અનુમોદવાનું એ, કે બીજાએ કરેલ જીવવિરાધના પર મનમાં ખુશી થાય, એને માનસિક શાબાશી આપે ‘આણે આ ઠીક ઠીક કર્યું; આ સારો હોશિયાર...’ વગેરે વિચાર આવે તે.

સંયમના, અહિંસા-દયાના ખપીએ આ બરાબર ખ્યાલમાં રાખી ચોકસાઈપૂર્વક બચવાનું છે. જીવની વિરાધનાવાળા રસોઈ વગેરે કાર્યની પણ અનુમોદના ય ન થઈ જાય. દા.ત., ‘આ ચીજ સારી બનાવી છે.’ વગેરે વિચાર પણ ન આવે એ ધ્યાન રાખવાનું છે.

**અજીવ-સંયમમાં** જે પુસ્તક, તૃણ, ચર્મ અને વસ્ત્ર રાખવા-વાપરવાથી અસંયમ થાય, જીવવિરાધના થાય તેનો ત્યાગ કરવાનું આવે. જીવન ટૂંકું છે, સગવડ ઓછી હોય તે નભાવી લેવી સારી, પરંતુ અસંયમમાં નહિ પડવું; કેમ કે અસંયમથી મળેલો મહાદુર્લભ ઉત્તમ આરાધનાકાળ વેડફાઈ જાય છે.

**મન-વચન-સંયમ** એટલે અશુભ વિચાર-વાણી રોકી શુભ વિચાર-વાણી પ્રવર્તાવવા. દા.ત., વિજાતીયને જોઈને વિચાર આવ્યા કરે કે આ યુવાન છે, સુંદર છે, વગેરે, એ અશુભ વિચાર છે. પરંતુ એ જ વખતે કાં એવા તત્કાલ શુભ વિચારમાં જોડી દેવાય કે ‘અરે ! આ એક ચિત્તને બિચારો કેટલાય કર્મથી પીડિત સંસારે ભ્રમણ કરતો જીવ છે ! કરુણાપાત્ર છે ! એના ભવદુઃખ દૂર થાઓ.’



અથવા વિશેષ સારું તો એ, કે બીજા જ કોઈ તત્ત્વવિચાર, સાધનાવિચાર, દેવ-ગુરુ વિચાર, કે અહીં સૌંદર્ય તરફ જો ચિત્ત ખેંચાય છે તો અરિહંત ભગવાનમાં અનુપમ સુંદર રૂપ વગેરે ૩૪ અતિશય કયા કયા અને કેવા કેવા એના વિચાર ચાલુ કરી દેવાય. આ વિચાર-સંયમ થયો. એમ વાણી-સંયમમાં પણ અશુભ ટાળી શુભ બોલવું તે આવે.

**કાયસંયમમાં,** આવશ્યક કાર્યો માટે ગમનાગમનાદિ જે થાય તેમાં અહિંસાના ખ્યાલવાળા રહેવું. બાકી તે સિવાયના સમયમાં હાથ પગ વગેરે અવયવોને કાચબાની જેમ સારી રીતે સાવધાનપણે સંગોપી રાખવા તે પણ કાયસંયમ છે.

**પ્રેક્ષાસંયમ** એટલે ચાલવા-ઉભવા-બેસવાની ભૂમિ નિર્જીવ છે, ને, તે બરાબર જોવું. એમ ઉપકરણ અંગે બરાબર નિરીક્ષણ.

**પ્રમાર્જના-સંયમ** એટલે ઉપરોક્તમાં રજોહરણથી બરાબરપ્રમાર્જી લેવું તે. અહીં એક વિશેષ એ છે કે ગામમાં પેસતાં અગર નીકળતાં સાગારિક જોતાં હોય તો પગ ન પ્રમાર્જવા તે પણ સંયમ છે.

ઉપેક્ષા સંયમમાં બે પ્રકાર : ગૃહસ્થ એનાં કામોમાં સીદાતો હોય છતાં એને પ્રેરણા ન કરતાં ઉપેક્ષા કરવી તે અવ્યાપાર-ઉપેક્ષા સંયમ, અને સાંભોગિક (જેની સાથે વંદનાદિ વ્યવહાર હોય તેવા) સાધુ સાધનામાં સીદાતા હોય તેને પ્રેરણા-પ્રોત્સાહન કરવા તે વ્યાપાર ઉપેક્ષાસંયમ.

પરિષ્ઠાપના સંયમ એટલે વધારાની ઉપધિ કે અશુદ્ધ આહારાદિ, અથવા જીવસંસક્ત આહારાદિ દા.ત., કાચાં ગોરસ સાથે સંયુક્ત થયેલ વિદળ (કઠોળ), તેમજ મળમૂત્ર વગેરે નિર્દોષ અને નિર્જીવ ભૂમિ પર વિધિસર પરઠવવું તે.

## સંયમકુશળ

શાસ્ત્ર ૧૭ પ્રકારે સંયમના પાલનમાં બરાબર ઉપયોગવાળાને સંયમકુશળ કહે છે. ઉપરાંત બીજી રીતે પણ સંયમકુશળ આમ કહ્યો છે,-

૧. વસતિ (મુકામ), આસન, ઉપધિ અને આહારને લેવા-વાપરવા-મૂકવામાં ઉપયોગ-યતના રાખે; જોઈ-પ્રમાર્જીને લે યા મૂકે. ઉત્પાદનમાં ૪૨ દોષ ન લગાડે; અને ભોગવટામાં સંયોજનાદિ દોષ લાગવા દે નહિ. આ બધા સંયમ કર્તવ્યોમાં પોતાના મહાવ્રતાદિનાં સ્મરણવાળો હોય તે સંયમકુશળ. કહ્યું છે

**'स्मृतिमूलमनुष्ठानमवितथम्'** સ્મરણપૂર્વકનું અનુષ્ઠાન એ સાચું અનુષ્ઠાન છે.

૨. અશુભ મન-વચન-કાયવ્યાપારોને રોકી શુભ મન-વચન-કાયવ્યાપારોને પ્રવર્તાતે તે સંયમકુશળ છે.

૩. ઇન્દ્રિયોને એના ઇષ્ટ વિષયોમાં જતી રોકે, તથા કષાયોને અટકાવે; સહેજે શ્રોત્રાદિ ઇન્દ્રિયોના સંપર્કમાં આવી ગયેલા ઇષ્ટ-અનિષ્ટ શબ્દાદિ વિષયોમાં રાગદ્વેષ ન કરે, ક્રોધાદિ કષાય ઉઠવા પહેલેથી ન ઉઠે તેવી ક્ષમાદિ ભાવના વગેરેની જાગૃતિ રાખે, અને અંતરમાં ઉદયપ્રાપ્ત ક્રોધાદિનું ફળ ન બેસવા દે, એને નિષ્ફળ કરે, તે સંયમકુશળ ગણાય.

૪. પ્રાણાતિપાત વગેરે આશ્રવને બંધ કરે તે સંયમકુશળ.

૫. યોગ અને ધ્યાનમાં લીન રહે તે સંયમકુશળ કહેવાય. આમાં અશુભ વાણી, વિચાર-વર્તાવરૂપી યોગ અને આર્ત-રૌદ્ર ધ્યાનને અટકાવી શુભયોગ અને શુભધ્યાનમાં, બળ-વીર્યનો સંપૂર્ણ ઉપયોગ કરી, તન્મય રહેવાનું આવે.

આ સંયમકુશળતા સંયમીને યોગ્યગુણોથી સંપન્ન બની, ત્રિકરણ શુદ્ધ થઈ અર્થાત્ મન-વચન-કાયાથી લેશ પણ અસંયમ કરવાનો વિચાર પણ ન આવે એ રીતે વિશુદ્ધ પરિણામવાળા બન્યા રહી, તેમજ ભાવશુદ્ધ એટલે કે લોકાદિ-આશંસા લેશ પણ રાખ્યા વિના કરવાની.





# પ્રાચીન બાર ભાવનાની સજ્ઝાય

## 'બારભાવના'માં ગર્ભિત પાવનકામના

જૈનધર્મનો સનાતન ઉદ્ઘોષ છે 'ભાવના ભવનાશિની', ભાવના ભવોદધિ જહાજ ! 'ભાવના ભવઔષધિ' 'ભાવના મોહવિનાશ'.

મહર્ષિઓનાં હૃદય કેટલા કોમળ ! કેટલા મૃદુ ! કેટલા ઉદાર ! કોના પ્રભાવે ? નિરંતર હૃદયમાં સંચરતી શુભ ભાવનાઓના પ્રભાવે. શુભભાવનાઓ વિના પાપથી નિવૃત્તિ નહીં અને પરોપકારમાં પ્રવૃત્તિ નહીં. ચંચળ ચિત્તને સ્થિર બનાવવા માટે, ને મલિન મનને નિર્મળ કરવા માટે અને માનસિક શક્તિઓને વિકસાવવા માટે જે બારભાવનાઓનું મનન-ચિંતન જૈનધર્મસાહિત્યમાં પીરસાયું છે એ વિશ્વના કોઈ પણ સાહિત્યમાં જોવા મળવું દુર્લભ છે.

પ્રાચીન ઋષિપુંગવ શ્રી ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થસૂત્ર અને પ્રશમરતિમાં બારભાવનાઓનું સંક્ષિપ્ત દિગ્દર્શન કરાવ્યું છે. ત્યાર પછી થયેલા પૂજનીય કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય વગેરે મુનિપુંગવોએ યોગશાસ્ત્ર વગેરે ગ્રન્થોમાં વિસ્તારથી ભાવનાઓનું સ્વરૂપ આલેખન કર્યું છે. પૂ. શ્રી મુનિસુંદરસૂરિ મહારાજનો 'અધ્યાત્મકલ્પદ્રુમ' અને પૂ. શ્રી વિનયવિજય ઉપાધ્યાયના 'શાંતસુધારસ' ભાવના ગ્રંથ મુમુક્ષુ હૈયાનાં તાર ઝણઝણાવી રહ્યા છે. સંસ્કૃત ભાષાજ્ઞાનનાં અભાવમાં એ ભાવનાઓ માત્ર વિદ્વદ્ભોગ્ય ન બની રહે પરંતુ અલ્પજ્ઞ ભાવુક આત્માઓ પણ એનો સુંદર લાભ ઊઠાવે એવા શુભ આશયથી ગુર્જર ભાષામાં પણ શ્રી જયસોમ મુનિરાજ સદીઓ પૂર્વે (વિ.સં. ૧૭૦૬) **સંસાર-અનિત્યતા** વગેરે બારભાવનાઓની સજ્ઝાયો રચી અને કાવ્યબદ્ધ કરી ગયા. એના અર્થને સમજવામાં મુંઝવણ ન થાય માટે વર્ષો પૂર્વે સન્મિત્ર શ્રી કપૂરવિજયજીએ નાની પુસ્તિકા ભાવાર્થ સાથે છપાવેલી.

પૂ. મુનિરાજ શ્રી દેવસુંદરવિજયજી મ. રોજ આ પુસ્તિકાનું પારાયણ કરતા. એમણે પણ એવી શુભ ભાવના થઈ કે આ સજ્ઝાયોના ભાવાર્થ આધુનિક શૈલીમાં સુંદર રૂપ ધારણ કરીને ભવ્યાત્માઓને હસ્તગત કરાય તો એક ઉત્તમ કાર્ય થાય. આ શુભેચ્છાને સાકાર બનાવવાની ભાવના વ્યક્ત કરી.

અગવડ એક વણઉકલી રહેલી કે આનું નવી શૈલીમાં સુંદર વિવેચન કોણ કરી આપે કે જે વાંચતાં જ વાચકનું દિલ જીતી જાય ! પૂ. ગુરુદેવ શ્રી આચાર્ય ભુવનભાનુસૂરિ મહારાજને ચરણે મુંઝવણ વ્યક્ત કરી અને એનો સુખદ ઉકેલ આવી ગયો. પૂજ્ય આચાર્યદેવશ્રીએ બારભાવનાઓની સજ્ઝાયોની પુસ્તિકા હાથમાં લઈ એનાં ઉપર ચિંતન અને મનન પૂર્ણ ભાવાર્થ લખાવવા માંડ્યો. સમગ્ર ભાવનાઓ પૂજ્યશ્રીનાં સંયમદેહમાં દીક્ષા કાળથી આત્મસાત્ થઈને બેઠેલી હતી તે હવે ચિત્તની સપાટી ઉપર વિચારતરંગો રૂપે ઉભરાવા લાગી. **પૂજ્ય મુનિરાજશ્રી પદ્મસેનવિજયજી મહારાજે** એને ટપોટપ અક્ષરદેહ આપવાનું મંગળ કાર્ય પ્રારંભી દીધું અને એક મહિનાનાં લગભગ ટૂંકા ગાળામાં અક્ષર દેહ પામેલી એ બારે ભાવનાઓનું એક સુંદર મનનીય હૃદયસ્પર્શી-શાંતિપ્રદ-ટૂંકું વિવેચન સાકાર બન્યું. એનાં મુદ્રણ વગેરેની પણ સુંદર અને તાત્કાલિક વ્યવસ્થા થઈ ગઈ અને આજે એક દર્શનીય પુસ્તિકારૂપે અમે એને ભાવિકોના કરકમલમાં સાનંદ પ્રસ્તુત કરીએ છીએ. એનાં વાંચન-મનન અને વારંવાર સ્મરણ દ્વારા ભવ્યાત્માઓનાં હૃદયમાં શુભભાવનાઓ રમતી થાય, એજ મંગળકામના.





# પ્રાચીન બાર ભાવનાની સજ્ઝાય

**(કર્તા-પૂ. શ્રી જયસોમમુનિ)**

**ભાવાર્થ વિવેચક : પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી**

## પહેલી અનિત્ય ભાવનાની સજ્ઝાય

**દોહા**

**પાસ જિનેસર પય નમી, સદ્ગુરુને આધાર;**
**ભવિયણ જનના હિત ભણી, ભણશું ભાવના બાર. ૧**
**પ્રથમ અનિત્ય અશરણપણું, એહ સંસાર વિચાર;**
**એકલપણું અન્યત્વ તેમ, અશુચિ આશ્રવ સંભાર. ૨**
**સંવર નિર્જ્જર ભાવના, લોક સરૂપ સુબોધિ;**
**દુલ્લહ ભાવન જિનધરમ, એણીપરે કરે જીઉ સોધિ. ૩**
**રસકૂપી રસ ભાવિઓ, લોહથકી હોય હેમ;**
**જીઉ ઈણ ભાવન શુદ્ધ હુયે, પરમ રૂપ લહે તેમ. ૪**

### દુહાનો ભાવાર્થ

૧. ત્રેવીશમાં શ્રી જિનપતિ પાર્શ્વનાથ ભગવાનના ચરણકમળને હું નમસ્કાર કરું છું, અને સદ્ગુરુની નિશ્રામાં રહીને ભવ્ય જીવોના હિત માટે અનિત્યતા આદિ બાર ભાવનાનું હું વર્ણન કરીશ. બાર ભાવના આ પ્રકારે-

૨. પહેલી અનિત્યતાની ભાવના, બીજી અશરણતાની ભાવના, ત્રીજી સંસાર ભાવના, ચોથી એકત્વભાવના, પાંચમી અન્યત્વભાવના, છઠ્ઠી અશુચિત્વભાવના, સાતમી આશ્રવભાવનાને યાદ કરો.

૩. આઠમી અને નવમી સંવરભાવના તથા નિર્જરાભાવના. દશમી લોકસ્વરૂપભાવના, અગ્યારમી સમ્યક્ બોધિદુર્લભ ભાવના અને બારમી જૈન ધર્મની સ્વાખ્યાતતાની ભાવના. આ રીતે ભાવના ભાવીને હે જીવ ! તું તારા આત્માની શુદ્ધિ કર.

૪. જેવી રીતે રસકુંપિકાના રસથી ભાવિત કરેલું લોઢું સોનું બને છે તેવી રીતે આ બાર ભાવનાથી ભાવિત કરેલો મલિન આત્મા શુદ્ધ આત્મા થાય છે, અને પોતાના શુદ્ધ નિરંજન નિરાકાર અનંત જ્ઞાનમય પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે.

ભાવ વિના દાનાદિકા, જાણે અલુણો ધાન;
ભાવ રસાંગ મળ્યા પછી, ત્રુટે કરમ નિદાન. ૫

## ઢાળ પહેલી

(ભાવનાની દેશી)

પહેલી ભાવના એણીપરે ભાવીયેજી, અનિત્યપણું સંસાર;
ડાભઅણી જેહવો જલબિંદુઓજી, ઇંદ્રધનુષ અનુહાર. ૧

**સહજ સંવેગી સુંદર આતમાજી,** ધર જિન ધર્મશું રંગ;
ચંચળ ચપળાની પરે ચિંતવેજી, કૃત્રિમ સવિહુ સંગ. સ૦ ૨

ઇંદ્રજાળ સુહણા શુભ અશુભશુંજી, કુડો તોષ ને રોષ;
તિમ ભ્રમ ભૂલા અથિર પદારથેજી, શ્યો કીજે મન શોષ. સ૦ ૩

---

૫. દાનાદિ ધર્મો જો ભાવ વિનાના કરાય તો તે મીઠા વિનાની રસોઈ જેવા છે. પરંતુ ભાવના દ્વારા એ દાનાદિમાં ભાવરૂપી રસાયણ મેળવાય તો એનાથી નિશ્ચિતપણે કર્મોનો ક્ષય થઈ જાય છે એટલું જ નહિ પરંતુ કર્મોનું નિદાન અર્થાત્ મૂળ કારણ રાગાદિ બીજ નષ્ટ થઈ જાય છે.

## ઢાળ પહેલીનો ભાવાર્થ

૧. પહેલી અનિત્યતા ભાવના આ રીતે ભાવવી, ચિંતવવી કે- આ સંસારમાં ઠામ ઠામ અનિત્યપણું દેખાય છે. જેવી રીતે દર્ભ ઘાસના અણીયારા પર રહેલ ઝાકળના પાણીનું ટીપું ક્ષણદૃષ્ટ-નષ્ટ છે, પવનથી કે તાપથી ક્ષણમાં ઊડી જાય છે; તે પ્રમાણે સંસારના સમસ્ત સંયોગો ને સંયોગજન્ય પદાર્થો અનિત્ય હોવાથી જોતજોતામાં ઊડી જતા હોય છે.

૨. માટે સહજભાવે સંવેગવૈરાગ્યને ધરનારા હે સુંદર ભવ્યાત્મા ! આ અનિત્ય પદાર્થોનો મોહ છોડી જિનેશ્વર ભગવંતોએ કહેલા ધર્મને વિષે પ્રેમ, આસ્થા અને આદરનો રંગ ધારણ કર. જગતના સર્વ સંગ-સંયોગોને ચંચળ એવી વિજળીના ઝબૂકાના સમાન લેખ, જોતજોતામાં ઊડી જનારા અને કૃત્રિમ તરીકે ચિંતવ.

૩. સંસારના પદાર્થો ઈન્દ્રજાળની માયા જેવા છે, સ્વપ્ન સમાન છે. (સ્વપ્ન અને જીવન વચ્ચે ફરક માત્ર એટલો કે સ્વપ્નામાં દેખાતું બધું આંખ ખૂલે એટલે નષ્ટ, જ્યારે જીવનમાં દેખાતું બધું આંખ મિંચાયે નષ્ટ) માટે એવા એવા એવા સંસારના સારા નરસા પદાર્થો પ્રત્યે રાગદ્વેષ કરવા ખોટા છે. તેમ એ પદાર્થો



## ઢાળ પહેલીનો ભાવાર્થ

ઠારત્રેહ પામરના નેહજયુંજી, એ યૌવન રંગરોલ;
ધન સંપદ પણ દીસે કારમીજી, જેહવા જલકલ્લોલ. સ૦ ૪

મુંજ સરિખે માગી ભીખડીજી, રામ રહ્યા વનવાસ;
એણે સંસારે એ સુખ સંપદાજી, જિમ સંધ્યારાગ વિલાસ. સ૦ ૫

સુંદર એ તનુ શોભા કારમીજી, વિણસંતાં નહીં વાર;
દેવતણે વચને પ્રતિબુઝીયોજી, ચક્રી સનત્કુમાર. સ૦ ૬

---

કાયમી છે એવી ભ્રાંતિમાં ભૂલેલા હે ભવ્યજીવ ! વાસ્તવમાં કાયમી નહિ પણ અસ્થિર નાશવંત પદાર્થોને લઈને શું કામ તારા મનને સંતાપમાં મૂકે છે ?

૪. જેવી રીતે ઝાકળની ચિકાશ અને પામર મનુષ્યનો પ્રેમ ટકતા નથી સહેજમાં ઊડી જાય છે, એવી રીતે આ યુવાનીની રંગરાગની મસ્તી પણ ટકતી નથી. એમ જેવી રીતે સમુદ્રમાં પાણીના તરંગ ઊંચા ઉછળતા વિશાળ આકારના દેખાય છે, પણ ક્ષણવારમાં અદૃશ્ય થઈ જાય છે એવી રીતે ધન-સંપત્તિ, માલ-મિલકત પણ કાલાન્તરે ઊડી જાય છે અને પોતાના આત્માને અતિશય રાગ કરાવ્યો હોવાથી એ નષ્ટ થતાં ભયંકર શોક સર્જતી દેખાય છે.

૫. આના ઐતિહાસિક દાખલા તો જો, કે એક વખતના માંધાતા **મુંજરાજા**ને દુશ્મન રાજાના પનારે પડી ઘર ભીખ માંગી ખાવાનો અવસર આવ્યો, અને **રામચંદ્રજી** જેવાને બાર વરસ વનવાસમાં રહેવું પડ્યું. આમાં રાજ્યસંપત્તિ વગેરે સ્થિર ક્યાં રહ્યાં ? માટે સમજ કે આ સંસારમાં સુખસંપત્તિઓ સંધ્યાના મનોહર દેખાતા રંગની ક્ષણવારમાં થતી નાશવંતતાની જેમ સમય ફરતા ઊડી જનારી છે.

૬. અરે બાહ્ય સંપત્તિની ક્યાં વાત કરવી ? પોતાના આત્મા સાથે જડાએલી સુંદર કાયાની શોભા પણ ભયંકર છે. અર્થાત્ અલ્પકાળ રહીને ભયંકર પાપો કરાવનારી અને નષ્ટ થતાં ભયંકર સંતાપ કરાવવાનારી અને નિશ્ચિત વાત છે કે એને ય નષ્ટ થતાં વાર લાગતી નથી. દૃષ્ટાન્તમાં **સનત્ કુમાર** ચક્રવર્તીની કાયાનું ઈન્દ્ર વખાણે એવું અનુપમ સૌંદર્ય ક્ષણવારમાં ભયંકર સોળ રોગની ઘેરામણમાં નષ્ટ થયું ! અને દેવતાએ એનો ખ્યાલ આપ્યો એ વખતે ચક્રવર્તી કાયાના સૌંદર્યની જેમ છ ખંડની રાજ્યસંપત્તિ વગેરે સમસ્તની અનિત્યતા મન પર લઈ પ્રતિબોધ પામ્યો, અને સંસાર ત્યજી અણગાર બન્યો.

સૂરજ રાહુ ગ્રહણે સમજીઓજી, શ્રીકીર્ત્તિધર રાય;
કરકંડુ પ્રતિબુઝ્યો દેખીનેજી, વૃષભ જરાકુલ કાય. સ૦ ૭

કિહાં લગે ધુઆં ધવલહરા રહેજી, જલ પરપોટો જોય;
આઉખું અથિર તિમ મનુષ્યનું ગર્વ મ કરશો કોય.
જે ક્ષણમાં ખેરૂ હોય. સ૦ ૮

અતુલબલી સુરવર જિનવર જિસ્યાજી, ચક્રિ હરિબલ જોડી;
ન રહ્યા એણે જુગ કોઈ થિર થઈજી, સુરનર ભુપતિ કોડી. સ૦ ૯

---

૭. રામચંદ્રજીના પૂર્વજોમાં થયેલ **રાજા કીર્તિધર** સૂર્યના પ્રખર પ્રતાપને રાહુના ગ્રહણ વખતે આવરાયેલો જોઈ સંસારના સર્વ રંગને પણ એ રીતે અલ્પકાળમાં આવરાઈ જનારા તરીકે સમજી ગયો અને સંસારનો ત્યાગ કરી ચારિત્રમાર્ગે નીકળી પડ્યો. એવી રીતે **કરકંડુ રાજા** પણ એક વખતના લષ્ટપુષ્ટ બળદની કાયા ઘડપણથી દુર્બળતાથી વ્યાકુળ જોઈ પોતાની કાયા ને માયાની સરાસર અનિત્યતા સમજી ગયો અને પ્રતિબોધ પામી ચારિત્રમાર્ગે નીકળી ગયો.

૮. સફેદાઈને હરી લેનારો ધુમાડો ગમે એટલો મોટો દેખાય પણ એ કેટલો ટકે છે ? પાણીના પરપોટા ગમે તેટલા સુંદર દેખાય પણ તે કેટલા ટકે છે ? એમ મનુષ્યનું આયુષ્ય પણ કાયમી ટકનારું નહિ કિન્તુ અસ્થિર હોય છે, નાશવંત હોય છે, અને જેમ આયુષ્યના નાશની સાથે આ જીવનમાં પ્રાપ્ત સમસ્ત પદાર્થો પણ છૂટી જાય છે, કહો કે ક્ષણવારમાં ખેર બની જાય છે, તો એવા પદાર્થો મળ્યા પર કોઈ અભિમાન કરશો નહિ.

૯. અનિત્યતાનું સામ્રાજ્ય કેવું વિશ્વવ્યાપી અને બળવાન છે કે અતુલબળના ધણી મોટા ઈન્દ્ર કે જિનેશ્વર ભગવાન જેવા અથવા ચક્રવર્તી અને વાસુદેવ બળદેવની જોડી સરખા પણ આ યુગમાં કોઈ સ્થિર થઈને રહ્યા નહિ. તાત્પર્ય, કાયમીપણે ટક્યા નહિ એવા માંધાતા દેવો-મનુષ્યો અને ક્રોડો રાજાઓ પણ કોઈ ટક્યા નહિ. સૌ ઊઠી ઊઠીને ચાલતા થઈ ગયા.



# બીજી અશરણ ભાવનાની સજ્ઝાય

## દુહા

પલ પલ છીજે આઉખું, અંજલી જલ જ્યું એહ;
ચલતે સાથે સંબલો, લેઈ શકે તો લેહ. ૧

લે અચિંત્ય ગલશું ગ્રહી, સમય સીંચાણો આવી;
શરણ નહીં જિનવયણ વિણ, તેણે હવે અશરણ ભાવિ. ૨

## ઢાળ બીજી

(રાગ સામેરી, રામ ભણે હરિ ઉઠીયે-દેશી.)

બીજી અશરણ ભાવના, ભાવો હૃદય મઝાર રે;
ધરમ વિના પરભવ જતાં, પાપે ન લહીશ પાર રે,
જાઈશ નરક દુવાર રે, તિહાં તુજ કવણ આધાર રે; ૧

---

## દુહાનો ભાવાર્થ

૧. જેવી રીતે હાથની અંજલીમાં રહેલું પાણી ક્ષણે ક્ષણે નીચે ટપકતું જાય છે, એવી રીતે આપણું આયુષ્ય પળે પળે ક્ષય થતું જાય છે. માટે આ જીવનનું આયુષ્ય પસાર કરતો જાય છે ત્યાં સુધી એની સાથો સાથ પરલોકનું શંબલ (ભાતું) (સુકૃત સદ્‌ગુણ સદાચાર સદાચાર સદ્અનુષ્ઠાન) કમાઈ શકે એટલું કમાઈ લે. (આયુષ્ય બધું જ ક્ષય પામી ગયા પછી આમાંનું કશું થઈ શકશે નહિ.)

૨. કેમ કે બાજપક્ષી જેમ પારેવાને એકાએક આવીને ગળાથી પકડી ખતમ કરે છે, તેવી રીતે કાળ (મરણ સમય) અણચિંત્યો આવીને જીવને ગળાથી પકડી લે છે અને સુકૃત-સદ્‌ગુણ-સદ્અનુષ્ઠાનની બધી જ તક ખલાસ કરી નાખે છે, અને પછી ત્યાં અંતે લાચાર બનવું પડે એના કરતાં હજી આયુષ્ય હાથમાં છે ત્યાં સુધી જિનાજ્ઞાની આરાધના કરી લે. કારણ કે આ જગતમાં જીવને જિનવચન સિવાય બીજું કાંઈ પણ શરણભૂત નથી. શરણભૂત, આશ્રય આપનાર અને ત્રાતા રક્ષક હોય તો એક માત્ર જિનવચન છે. બાકી બધું ધન-માલ-સંપત્તિ-સગા-વહાલા કોઈ શરણભૂત નથી, પરભવમાં આશરો કે રક્ષણ આપનાર નથી. માટે હવે અશરણ-ભાવનાનો વિચાર કરીએ. અશરણ-ભાવનાથી મનને ભાવિત કરીએ.

## ઢાળ બીજીનો ભાવાર્થ

૧. હે મારા પ્યારા અને રંગીલા જીવો ! તમે તમારા હૃદયમાં બીજી

**લાલ સુરંગા રે પ્રાણીઆ,** મૂકને મોહ જંજાળ રે,
મિથ્યા મતિ સવિ ટાળ રે, માયા આળપંપાળ રે. લા૦ ૨

માત પિતા સુત કામિની, ભાઈ ભઈણી સહાય રે;
મેં મેં કરતાં રે અજ પરે, કર્મે ગ્રહ્યો જીઉ જાય રે,
તિહાં આડો કો નવી થાય રે, દુઃખ ન લીયે વહેંચાય રે. લા૦ ૩

---

અશરણ-ભાવનાનું ચિંતન કરી અશરણ ભાવનાથી હૃદયને ભાવિત કરો. જીવ ! તું જો કે પરભવમાં જીવને ધર્મ વિના જગની કોઈ પણ જડ-ચેતન વસ્તુ શરણભૂત નથી. ધર્મ જ એક શરણ છે, આધાર છે રક્ષણ છે. એ નહિ હોય તો જીવનમાં એકલા પાપો રહેશે અને એનાથી ભવનો પાર નહિ પામી શકાય. ઊલટું પાપો છે એટલે સદ્‌ગતિ નહિ મળે, તારે નરકના દરવાજે જાવું પડશે. ત્યાં વિચાર કર કે નરકના ત્રાસમાં તને કોનો આધાર ? ત્યાં તને કોણ બચાવનાર ?

૨. માટે હે પ્યારા રંગીલા લાલ ! અમે તને કહીએ છીએ કે મોહની જંજાળને મૂકી દે. એ જંજાળથી સુખ મળે, જીવન નભે, વગેરે બધી મિથ્યા કલ્પના ટાળી દે. તું એમ સમજતો હોય કે આ માયા અર્થાત્ દુન્યવી જડ-ચેતન પદાર્થો સાચા હિતકારી છે, કાયમી ટકવાવાળા છે, તો આ તારી સમજ ખોટી છે. કેમ કે એ માયા છે, આળ પંપાળ છે, આજ છે ને કાલે નથી. તેમજ તારા આત્માને ઠગનારા છે.

૩. આ જગતમાં માતા-પિતા, પુત્ર-પત્ની, ભાઈ-બહેન, મિત્ર વગેરે બધા સહાયતા આપનાર માને છે પણ એ તારી ભ્રાન્તિ છે. કેમ કે તું જો કે મ્લેચ્છના બકરાંએ ઘરના બધાને વહાલેસરી ને પોતાના ગણ્યા હોય પરંતુ અવસરે એ મેં મેં કરતો કપાઈ મરે છે, અગર કસાઈ જેવાને વેચાઈ જાય છે. ત્યાં પોતાનું માનેલું કોઈ તેને છોડાવવા આવતું નથી. એમ પોતાના કર્મે પકડ્યા જીવને પરલોક જવું પડે છે. આ બકરાની જેમ સંસારી જીવની પણ અંતે અસહ્ય અશરણ નિરાધાર દશા છે. બકરાનો માલિક કસાઈને વેચે ત્યારે એને વેચતો અટકાવવા કોઈ આડે આવતું નથી. એમ ભર્યા કુટુંબની વચ્ચેથી જમડો જીવને દુર્ગતિરૂપી કતલખાનાને હવાલે કરવા લઈ જાય ત્યારે એને એમ અટકાવવા કોઈ સગું વહાલું આડે આવતું નથી. વળી પણ હકીકત છે કે જે સગા સ્નેહીઓ ખાતર અઢળક પાપ કર્યા એ પાપનાં ફળ રૂપે જીવનનાં માથે જ્યારે દુઃખો વરસવા લાગે ત્યારે એ દુઃખો સગાસ્નેહીઓને વહેંચી શકાતા નથી. અરે પરલોકની વાત તો પછી પરંતુ જીવને સ્વ કર્મના ઉદયે અહીં પણ કોઈ લકવો કેન્સર શિરશૂળ વગેરે ભયંકર દુઃખ આવે એને પણ સગા-સ્નેહીઓને વહેંચી શકાતા નથી. એ જીવને એકલાને ભોગવવા પડે



**નંદની સોવન ડુંગરી, આખર નાવી કો કાજ રે;
ચક્રી સુભૂમ તે જલધિમાં, હાર્યો છખંડ રાજ રે,
બૂડ્યો ચરમ ઝહાજ રે, દેવ ગયા સવિ ભાજ રે,
લોભે ગઈ તસ લાજ રે.** લા૦ ૪

**દ્વૈપાયન દહી દ્વારિકા, બલવંત ગોવિંદ રામ રે;
રાખી ન શક્યા રે રાજવી, માત પિતા સુત ધામ રે,
તિહાં રાખ્યાં જિન નામ રે, શરણ કીઓ નેમિ સ્વામ રે,
વ્રત લેઈ અભિરામ રે, પોહોતા શિવપુર ઠામ રે.** લા૦ ૫

**નિત્યમિત્ર સમ દેહડી, સયણાં પર્વ સહાય રે;
જિનવર ધર્મ ઉગારશે, જિમ તે વંદનીક ભાય રે,
રાખે મંત્રી ઉપાય રે, સંતોષ્યો વળી રાય રે,
ટાળ્યાં તેહના અપાય રે.** લા૦ ૬

---

છે ! એવી જીવની આ સંસારમાં અશરણ નિરાધાર દશા છે.

૪. ખૂબી એ છે કે મોટા ધનના ઢેર હોય, દા.ત., **નંદરાજાએ** સોનૈયાની ડુંગરી સર્જેલી છતાં આખર એમાંનું એને કશું કામ આવ્યું નહિ. અર્થાત્ એ ન મૃત્યુ રોકી શક્યું, કે ન પરલોકમાં સાથે ગયું.

**સુભૂમચક્રવર્તી** (પરિવાર સાથે) ચર્મરત્નથી બનાવેલાં મોટાં વહાણ સાથે દરીયામાં ડૂબી ગયો. એ વહાણને ઉપાડનાર ૧૬ હજાર યક્ષદેવો બધાયે ભાગી ગયા પણ કોઈએ એનો દરિયામાંથી ઉદ્ધાર કર્યો નહિ) અને અતિલોભમાં પડ્યો તો એની આબરૂ ગઈ, અપકીર્તિ થઈ. વિશાળ સમૃદ્ધિ અને વિશાળ પરિવારમાંથી કોઈએ શરણ આપ્યું નહિ.

૫. **દ્વૈપાયન** તાપસ દેવતાએ અડતાલીસ ગાઉની દ્વારિકા ભડકે બાળી ! પણ બળવાન માંધાતા કૃષ્ણ વાસુદેવ અને બળરામ મોટા સમ્રાટ રાજા છતાં એને બચાવી શક્યા નહિ. અરે ! પોતાના માતા-પિતા-પુત્રો અને હવેલીઓને પણ બચાવી શક્યા નહિ. (સંસારમાં કોણ કોને શરણભૂત ? કોણ કોનું રક્ષણહાર ?) માત્ર જેમણે શરણ તરીકે ભગવાનનું નામ રાખ્યું અને ભગવાન નેમનાથ સ્વામિનું શરણું લીધું તથા સુંદર મહાવ્રતો લીધા તે મોક્ષનગરના શાશ્વત સ્થાને પહોંચી ગયા. (એટલે સંસારમાં ખરું શરણ ભગવદ્‌ નામનું અને ભગવાનના ધર્મનું છે.)

૬. (શું પોતાની કાયા શરણભૂત નહિ ?) ના, કાયા **નિત્યમિત્ર** જેવી છે. (રોજિયો મિત્ર રોજ મળવા આવે, આપણા ચા-પાણી ઉડાવી જાય પણ અવસરે

જનમ જરા મરણાદિકા, વયરી લાગ્યા છે કેડ રે;
અરિહંત શરણ તું આદરી, ભવભ્રમણ દુઃખ ફેડ રે,
શિવસુંદરી ઘર તેડ રે, નેહ નવલ રસ રેડ રે,
સીંચ સુકૃત સુરપેડ રે. લા૦ ૭

જરાય કામમાં ન આવે. એમ આપણું શરીર આપણા પુણ્યનો માલ રોજ ઉડાવે પણ રોગ-અકસ્માત્ જરાવસ્થા તથા મૃત્યુની આપત્તિ વખતે જરાય આપણા આત્માને ઉપયોગી ન થાય.) ત્યારે સ્વજનો સગાસ્નેહી એ પર્વમિત્ર જેવા છે. એ ક્યારેક સામાન્ય સહાય કરે પરંતુ અવસરે એ ય આઘા જઈને બેસે. (પર્વમિત્ર એટલે ટાંણે ટાંણે મળવા આવે, આપણા માલપાણી ખાઈ જાય અને બદલામાં જરાકશા ઉપયોગી થાય, પણ ખરા અવસરે આપણા સામુંય ન જુએ.) આ સ્થિતિમાં જિનેશ્વર ભગવાને કહેલો ધર્મ સાચા જુહારમિત્ર (પ્રણામમિત્ર)ની જેમ અવસરે બચાવનારો થશે. નવા મંત્રીને સાચા મિત્ર તરીકે ક્યારેક રસ્તે મળતો ને પ્રણામ કરી 'કામ હોય તો કહેજો' એમ કહેનારો સજ્જન મળ્યો. એનું પારખું કરવા માટે મંત્રીએ રાજકુમારને પોતાના ઘરે તેડી ખવરાવી પીવરાવી ભોંયરામાં સુવાડ્યો, અને બહાર આવી રૂમાલમાં છોલેલું કોળું છૂપાવી નોકરને દેખાડી કહ્યું કે, 'મારા હાથે આવેશમાં રાજપુત્રનું ડોકું કપાઈ ગયું છે તું કોઈને કહેતો નહિ, હું ચાલ્યો જાઉં છું.' એમ કહીને નીકળી ગયો. અને નિત્યમિત્ર, પર્વમિત્ર પાસે જતાં એ લોકોએ સંગ્રહ્યો નહિ. પણ "રાખે મંત્રી ઉપાય રે..." અર્થાત્ પ્રણામ મિત્રે એને પોતાના ભોંયરામાં રાખવાનો ઉપાય કરી બચાવ્યો. "ટાળ્યાં તેહના અપાય રે..." અર્થાત્ મંત્રીના માથેનો રાજા તરફનો ભય ટાળ્યો. તેમજ "સંતોષ્યો વળી રાય રે..." અર્થાત્ રાજાને પણ રાજપુત્ર અખંડ જીવંત કહી સંતોષ પમાડ્યો. (આમ પ્રણામમિત્રની જેમ જૈનધર્મ ઠેઠ પરલોક અને મોક્ષસુધી શરણ આપનાર છે.)

૭. હે ભવ્ય જીવ ! જન્મ-જરા-મૃત્યુ વગેરે દુશ્મનો તારી કેડે લાગ્યા છે. એમાં સંસારની કોઈ વસ્તુ તને શરણ આપનાર નથી. શરણ તો એક માત્ર અરિહંત ભગવાન આપે છે. તો તું એમનું શરણ આદરીને એમના કહેલા મોક્ષ માર્ગે વિચર, અને ભવ-ભ્રમણનાં દુઃખો હંમેશ માટે દૂર કરી નાખ, તેમજ શિવસુંદરી તારા આત્મ-ઘરમાં નોતરી દે. એ માટે મોક્ષ, જિનેશ્વર ભગવાન તથા એમની આજ્ઞા પર અભૂતપૂર્વ પ્રેમનો રસ રેડ, અને સાથે સુકૃતરૂપી કલ્પવૃક્ષનું સિંચન કર. અર્થાત્ જિનવચન પ્રમાણ કરી એના પરના અતિરાગથી શક્ય એટલી સુકૃતોની સાધના કરતો જા, જેથી એ અહીં તથા પરલોકમાં ખરેખર શરણ આપે.



# ત્રીજી સંસાર ભાવનાની સજ્ઝાય

## દોહા

થાવચ્ચાસુત થરહર્યો, જોર દેખી જમધાડ;
સંયમ શરણું સંગ્રહ્યું, ધણ કણ કંચણ છાંડ. ૧
ઈણે શરણે સુખીયા થયા, શ્રી અનાથી અણગાર;
શરણ લહ્યા વિણ જીવડા, ઈણીપરે રૂલે સંસાર. ૨

## ઢાળ ત્રીજી

(રાગ મારૂણી)

ત્રીજી ભાવના ઈણીપરે ભાવીયે રે, એહ સ્વરૂપ સંસાર;
કર્મવશે જીવ નાચે નવનવ રંગશું રે, એય વિવિધ પ્રકાર. ૧

## દુહાનો ભાવાર્થ

૧. (સંસાર કેવો વિચિત્ર અને વિષમ છે એ નેમનાથ ભગવાન પાસે સાંભળીને) **થાવચ્ચાપુત્ર** કંપી ઊઠ્યો. એમાં વળી જમરાજની ધાડ ગમે ત્યારે આવે તે જોઈને ધન ધાન્ય સોનું ચાંદી ઝવેરાત છોડી સંયમનું શરણું લીધું. (કૃષ્ણ વાસુદેવે એને કહ્યું તને કોનો ભય છે તે તું આટલો બધો સમૃદ્ધ સંસાર છોડી દે છે ? ત્યારે એણે કહ્યું એક માત્ર મૃત્યુનો ભય ટાળી દો પછી સંયમ લેવાની જરૂર નથી. તો શું સંયમને શરણે જનારને મૃત્યુનો ભય નહિ ? ના, સંયમના પ્રભાવે મૃત્યુને પંડિત મરણ બનાવી ઉત્સવરૂપ બનાવી દેવાય છે.)

૨. આ જ સંયમનું શરણ લઈને **અનાથી** મુનિ સુખી થઈ ગયા. (કેમ કે મોટા રાજવૈદ્યોથી નહિ મટતો એમનો દાહજવર સંયમ લેવાનો નિર્ણય કરવાથી મટી ગયો !) જ્યારે સંયમનું શરણ નહિ લેનારા જીવો સંસારમાં વિવિધ રીતે વિટંબણા ભોગવતા ભટકે છે.

## ત્રીજી ઢાળનો ભાવાર્થ

૧. અહો ! આ સંસારનું સ્વરૂપ કેવું છે ! (અનંત શક્તિના માલિક અને અનંત શુદ્ધજ્ઞાનમય) જીવો કર્મને પનારે પડેલા નવનવા ચાર ગતિના શરીર ધારણ કરી નવનવા રાગદ્વેષ મોહ વગેરેના રંગથી નાચી રહ્યા છે. એમાં હિંસા જૂઠ વગેરે વિવિધ પ્રકારની અસત્ ચેષ્ટાઓ પણ કરી રહ્યાં છે.

**ચેતન ચેતીયે રે,** લહી માનવ અવતાર;
ભવ નાટકથી જો હુઆ ઉભગા રે, તો છાંડો વિષય વિકાર. ચે૦ ૨

કબહી ભૂ જલ જલણાનિલ તરૂમાં ભમ્યો રે, કબહી નરક નિગોદ;
બિ તિ ચઉરિંદિય માંહે કેઈ દિન વસ્યો રે, કબહીક દેવ વિનોદ. ચે૦ ૩

કીડી પતંગ હરિ માતંગપણું ભજે રે, કબહી સર્પ શિયાલ;
બ્રાહ્મણ ક્ષત્રીય વૈશ્ય કહાવતો રે, હોવે શૂદ્ર ચંડાલ. ચે૦ ૪

---

૨. અજ્ઞાનતાના ભવોમાં આની સમજ પણ નહોતી. કિન્તુ હવે હે પ્રાણીઓ ! સમજણવાળો મનુષ્ય અવતાર પામ્યા છો તો ચેતી જાઓ, સાવધાન થઈ જાઓ. અને જો આ સંસારમાં વિવિધ ગતિઓના નવા નવા વેષ લઈ નવનવા નાચ કરવાથી ઊભગ્યા હો તો ઇન્દ્રિયોમાં એના એના વિષયોથી નીપજતા વિકાર ટાળો. (કેમ કે ઇન્દ્રિયોને ઈષ્ટ અનિષ્ટ શબ્દ રૂપ રસ વગેરે વિષયોના સંપર્કમાં રતિ-અરતિ વગેરે વિકારો વિકૃત ભાવો થવાથી જીવ કર્મ બાંધે છે અને એના વિપાકમાં સંસારની ચાર ગતિના અવતાર લઈ અનેક પ્રકારે ત્રાસ-યાતના-અપમાન વેઠવા પડે છે.)

૩. સંસારે જીવની કેવી કરુણ દશા કરી છે કે, જીવ ક્યારેક પૃથ્વીકાયમાં ભમ્યો, ક્યારેક ક્યારેક અગ્નિકાય વાઉકાય અને વનસ્પતિકાયમાં ભમતો રહ્યો, તો ક્યારેક નરકના ઘોર દુઃખ દેખ્યા. તો વળી અગણિત કાળ નિગોદમાં યાને અનંતકાય વનસ્પતિમાં અનંત જન્મ-મરણ કર્યા. એમ કેટલીય વાર બેઈન્દ્રિયમાં તેઈન્દ્રિયમાં અને ચઉરિન્દ્રિયમાં જઈ વસ્યો. એમાં વળી પુણ્યનો ઉદય થતાં ક્યારેક દેવતાઈ આનંદ પણ ભોગવ્યા.

૪. આટલેથી બસ નથી, કિન્તુ ક્યારેક કીડીનો અવતાર, પતંગિયાનો અવતાર, જંગલના સિંહનો અવતાર, ક્યારેક વળી ચંડાળપણાનો અવતાર પામ્યો એમ ક્યારેક સાપનો ને ક્યારેક શિયાળનો અવતાર પામ્યો. એવું પણ બન્યું કે જીવ ક્યારેક પોતાને બ્રાહ્મણ તરીકે ઓળખાવતો, તો બીજા અવતારમાં ક્ષત્રિય તરીકે ઓળખાવતો. તો પછીના અવતારે પોતાને વણિક તરીકે ઓળખાવતો. તો ક્યારેક શુદ્ધ ચંડાળ તરીકે પણ પોતાને ઓળખાવતો ! (જીવના પર અનંત કાળથી ચાલી આવતી આ સંસારીની અવસ્થા કેટલી વિચિત્ર અને કોઈ નાટક કંપનીના નટ જેવી અવસ્થા કે જેમાં જીવની પોતાની જાણે કશી કિંમત નહિ, તે સંસાર હમણાં તેને દેવ બનાવી સુખસન્માન દેખાડે અને પછી શુદ્રચંડાળ બનાવી અપમાન તિરસ્કાર ભર્યા હલકા અવતાર આપે !)



લખ ચોરાશી ચઉટે રમતો રંગશું રે, કરી કરી નવ નવ વેશ;
સુરુપ કુરુપ ધની નિર્દ્રવ્ય સોભાગીઓ રે, દુર્ભાગી દરવેશ. ચે૦ ૫

દ્રવ્ય ક્ષેત્ર સૂક્ષમ ને બાદર ભેદશું રે, કાળ ભાવ પણ તેમ;
અનંતાનંત પુદ્ગલ પરાવર્ત્તન કર્યા રે, કહ્યો પન્નવણા એમ. ચે૦ ૬

---

૫. આમ ચોરાશી લાખ યોનિરૂપી ચૌટામાં નવનવા વેશ કરી કરી અર્થાત્ ભિન્ન ભિન્ન જન્મ ધારણ કરી કરી તે તે ભવની ચેષ્ટામાં એકાકાર થઈને રમતો રહ્યો છે. (દા.ત. બિલાડી થયો તો ભૂખ હોય કે ન હોય પણ ઉંદર મારવા-પકડવામાં ચોવીસે કલાકની લગન !) અહો ! આ સંસાર કેવા વિરુદ્ધ ભાવોમાં જીવને નચાવે છે કે ક્યારેક તો જીવને સારો રૂપાળો બનાવે છે અને ક્યારેક કદ્રૂપો બેડોળ કૂબડો બનાવે છે ! ક્યારેક ધનવાન, તવંગર બનાવે છે તો ક્યારેક ગરીબ, રાંક ભિખારી બનાવે છે. વળી સંસાર ક્યારેક સૌભાગ્યવંતો અમીર બનાવે તો ક્યારેક દૌર્ભાગ્યવાન ફકીર બનાવે. (જીવના આવા હાલ-બેહાલ કરનાર કારમાં સંસારવાસ પર શી આસ્થા થાય ? સંસારમાં વસ્યા રહેવું શું ગમે ? એમ થાય કે ધિક્કાર પડો આવા સંસારમાં વસવાને ! ક્યારે આ સંસારથી મુક્તિ મળે ?)

૬. વળી કાળની દૃષ્ટિએ સંસાર અનંત છે. એમાં જીવને સંસારમાં ભમતાં અનંતા બાદર દ્રવ્યપુદ્ગલ પરાવર્ત થઈ ગયા ! એમ સૂક્ષ્મ પણ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત અનંત થઈ ગયા. (દ્રવ્ય પુદ્ગલપરાવર્ત એટલે આહારક સિવાયની ઔદારિક વગેરે પુદ્ગલની સાતેય વર્ગણારૂપે વિશ્વના સમસ્ત પુદ્ગલદ્રવ્યો ગ્રહણ કર્યા તેટલો કાળ તે બાદર દ્રવ્ય પુદ્ગલપરાવર્ત; અને પહેલાં સમસ્ત પુદ્ગલ દ્રવ્યો પહેલી ઔદારિકરૂપે પછી સમસ્તને વૈક્રિયરૂપે ગ્રહણ કર્યા, એમ ક્રમસર સાતેય વર્ગણારૂપે ગ્રહણ કરતાં જે કાળ ગયો તે સૂક્ષ્મ દ્રવ્યપુદ્ગલ પરાવર્ત.) એમ બાદર-સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત, બાદર-સૂક્ષ્મ કાળ પુદ્ગલ પરાવર્ત અને ભાવ પુદ્ગલપરાવર્ત. **પન્નવણા સૂત્ર** કહે છે. આ કેટલો બધો અગાધ કાળનો સંસાર ! આ જોઈ મનને શું એના પર નફરત ન છૂટે ?

ભાઈ બહિન નારી તાતપણું ભજે રે, માત પિતા હોયે પુત્ર;
તેહિજ નારી વૈરી ને વળી વાલહો રે, એહ સંસારહ સૂત્ર. ચે૰ ૭

ભુવનભાનુ જિન ભાખ્યાં ચરિત્ર સુણી ઘણાં રે, સમજ્યા ચતુરસુજાણ;
કર્મવિવર વશ મૂકી મોહ વિટંબનારે, મળ્યા મુગતિ જિનભાણ. ચે૰ ૮

---

૭. જીવને સગાવહાલારૂપ સંસાર પણ કેવો વિચિત્ર મળે છે કે એકભવમાં કોઈનો ભાઈ બનેલો બીજા ભવમાં એનો જ પિતા થાય છે ! તો કોઈ ભવમાં બેન બનેવી બીજા ભવમાં એની પત્ની થાય છે ! ત્યારે કોઈ ભવના માતા કે પિતા દીકરાના જ પુત્ર તરીકે થાય છે ! એમ એક ભવમાં એજ માતા વળી બીજા ભવમાં દીકરાની જ પત્ની બને છે. તેમ એક ભવમાં કોઈનો વૈરી એ વળી બીજા ભવમાં એનો વહાલેસરી થાય છે ! સંસારનું આ કઢંગુ સૂત્ર છે.

. . . . **ભવભાવના** શાસ્ત્રમાં શ્રી **ભુવનભાનુ કેવળીનું** ચરિત્ર બતાવતાં કહ્યું છે કે, એ કેવળજ્ઞાનીએ પોતાના સંસારકાળના ચરિત્ર પ્રસંગો કહ્યા તો એ સાંભળીને ઘણા બુદ્ધિએ ચતુર અને જ્ઞાને સારા વિદ્વાન બુઝી ગયા. એમને કર્મે વિવર અર્થાત્ છીંડુ આપ્યું એટલે મોહનીયની વિટંબણા મૂકી દીધી અને મુક્તિના અર્થે જિનેશ્વર ભગવાનનો આશરો લીધો. એ લઈને ઉત્કૃષ્ટ આરાધના કરી મોક્ષમાં જિનેશ્વર ભગવાનની જ્યોતિમાં પોતાની આત્મજ્યોત મિલાવી દેનારા બની ગયા.





# ચોથી એકત્વ ભાવનાની સજ્ઝાય

## દુહા

ઈમ ભવભવ જે દુઃખ સહ્યાં, તે જાણે જગનાથ;
ભયભંજણ ભાવઠહરણ, ન મળ્યો અવિહડ સાથ. ૧

તેણે કારણ જીવ એકલો, છોડી રાગ ગલપાસ;
સવિ સંસારી જીવશું, ધર ચિત્ત ભાવ ઉદાસ. ૨

---

## દુહાનો ભાવાર્થ

૧. (ચોથી એકત્વ ભાવનાનો વિચાર એ છે કે આ જગતમાં જીવનું અનેક રીતે એકાકીપણું અસહાયપણું છે. માત્ર તેમાં પરમાત્મા સહાયક બની શકે એમ છે તે બતાવવા દુહામાં કહે છે કે) પૂર્વે સંસાર ભાવનામાં કહ્યા પ્રમાણે જીવે ભવોભવ જે દુઃખ ત્રાસ અને વિટંબણાઓ સહી છે તે જગતના નાથ પરમાત્મા જાણે છે. એ પરમાત્મા જ સમસ્ત ભયોના ભંજનહાર છે અને આપણી સમસ્ત આપદાઓને દૂર કરનારા છે. પરંતુ એમનો અતૂટ અખંડ સાથ સહકાર આપણી અજ્ઞાનતા અને આપમતિ તથા વિષયાસક્તિને લીધે આપણને મળ્યો નથી.

૨. આ જ કારણને લીધે આપણો જીવ એકલો એકાકી બન્યો રહ્યો. જન્મવામાં એકલો, કર્મો બાંધવામાં એકલો, કર્મ ભોગવવામાં એકલો, આધિ વ્યાધિ રોગ ઉપદ્રવ અકસ્માત્ વગેરે વેઠવામાં એકલો, અકાળે ઘરડો થવામાં અંગોપાંગ દૂબળા પડવામાં યાવત્ મૃત્યુ પામવામાં પણ એકલો, અને પરલોક જવામાં તથા દુર્ગતિની જાલિમ દુઃખો ભરી પરંપરામાં ભટકવામાં એમ બધે એકલો જ અસહાય રહ્યો છે. તેથી હે જીવ ! આ બધાનું મૂળ કારણ જે પર એવા જડ અને ચેતન પદાર્થો પરનો રાગ છે, એ રાગનો ગળાપાશ છોડી નાખ અને બધાય સંસારી સ્નેહી સંબંધી કે વૈરી વિરોધી પ્રત્યે લેશમાત્ર રાગદ્વેષ ધર્યા વિના તારા ચિત્તમાં ઉત્કટ ઉદાસીન ભાવ ધારણ કર; અર્થાત્ સમજી લે કે જગતમાં કોઈ સંસારી મારું સુધારનાર નથી કે મારું બગાડનાર નથી. મારું સુધરવા બગડવાનું મારી એકલી જાત પર નિર્ભર છે. જાત પર આધારિત છે. તેથી સંસારી વહાલા વૈરી એ દેશાન્તરમાં રહેલા અજાણ્યા માણસની જેમ મારે લેણ દેણ વિનાના છે. એમની સાથે મારે કોઈ રાગ દ્વેષનો સંબંધ નથી.

## ઢાળ ચોથી

(રાગ : ગોડી)

(પૂત ન કીજે હો સાધુ વિસાસડો-એ દેશી)

**ચોથી ભાવના ભવિયણ મન ધરો, ચેતન તું એકાકીરે;**
**આવ્યો તિમ જાઈશ પરભવ વળી, ઈહાં મૂકી સવિ બાકી રે,**
**મમ કર મમતા રે સમતા આદરો. ૧**

**આણી ચિત્ત વિવેકો રે, સ્વારથિયા સાજન સહુએ મળ્યા,**
**સુખ દુઃખ સહેશે એકો રે. મમ૦ ૨**

## ઢાળનો ભાવાર્થ

૧. હે ભવ્ય જનો ! હવે તમારા મનમાં ચોથી એકત્વ ભાવનાને ધારણ કરો અને પોતાના જીવને ઉદ્દેશીને આ વિચારો કે હે ચેતન ! તું આ સંસારમાં એકલો જ છું. અર્થાત્ તારું કોઈ નથી. તું અહીં આ જનમમાં એકલો જ આવ્યો છું. નથી તો કોઈ સ્નેહીને સાથે લાવ્યો, એમ નથી કોઈ દુન્યવી વસ્તુ સાથે લાવ્યો. પૂર્વના બધાં જ સગા-સ્નેહી અને દુન્યવી પદાર્થો... યાવત્ પોતાનું શરીર પણ ત્યાં જ મૂકીને આવ્યો છું. તેમ અહીંથી આ જન્મમાંથી જ્યારે પરલોક જઈશ ત્યારે પણ અહીંનું બધું પડતું મૂકીને એકલા જ જવું પડશે. અહીંના એકપણ સગા-સ્નેહી કે એકપણ દુન્યવી પદાર્થ તારી સાથે પરલોક નહિ આવે. તો પછી અંતે અવશ્ય મૂકાઈ જવાના સગા-સ્નેહી અને માલ-મિલકત વગેરે પર મમતા કરવામાં શું ડહાપણ ? કેમ કે મમતા કરીને જ એની ખાતર અઢળક હિંસાદિ પાપો અને ક્રોધાદિ કષાયો કરાય છે. માટે હું તને કહું છું કે તારું એકાકીપણું બરાબર ખ્યાલમાં રાખી મમતા કર નહિ અને સમતાનો આદર કર. અર્થાત્ અવશ્ય મૂકવાના સગા અને બીજાઓ સમાન છે. તેમજ તારી માલિકીના પદાર્થો ને બીજા પદાર્થો એ છૂટવાની દૃષ્ટિએ સમાન છે. એવો સમત્વભાવ મનમાં લાવ.

૨. ચિત્તમાં વિવેક લાવીને મમતા છોડ ને સમતા આદર. વિવેક આ કરવાનો કે વાસ્તવમાં જેમાં પોતાના કર્મ-સંસ્કાર અને આત્મગુણો પોતાની સાથે ચાલનારા છે, એમ કાયા-કંચન-કુટુંબ સાથે ચાલનારા નથી. માટે એના પર મમતા



**વિત્ત વહેંચણે આવી સહુએ મળ્યા, વિપત્તિ સમય જાય નાસી રે;**
**દવ બળતો દેખી દશ દિશે પુલે, જેમ પંખી તરૂવાસી રે. મમ૦ ૩**

**ખટ ખંડ નવ નિધિ ચૌદ રયણ ધણી, ચૌસઠ સહસ સુનારી રે,**
**છેડો છોડી રે ચાલ્યા એકલા, હાર્યો જેમ જુગારી રે. મમ૦ ૪**

કરવા લાયક નથી. બધા સ્વજનો સ્વાર્થ-રસિક આપ-મતલબિયા મળેલા છે. એટલે એ ઈતરજનોની જેમ પોતાના જ સ્વાર્થને જોનારા હોઈ તારા સુખ-દુઃખમાં કોઈ ભાગ પડાવશે નહિ અને સુખ-દુઃખ તારે એકલાએ સહેવા પડશે. તો પછી જેમ સ્વાર્થમાં પડેલા ઈતરજન પર મમતા નથી કરતો તેમ સ્વજન પર પણ મમતા શી કરવી ?

૩. સંસારમાં જીવનું એકાકીપણું કેવું સ્પષ્ટ દેખાય છે કે જ્યારે પૈસા વહેંચવાનો સમય આવ્યો ત્યારે સૌ વહાલા-વહાલેસરી થઈને ભાગ પડાવવા આવી મળ્યા. પરંતુ પૈસા ખૂટી ગયા અને આપદા આવી તે સમયે સૌ ભાગી જાય છે. આ એના જેવું થયું કે ઝાડ પર સારો આશરો દેખીને **પંખીઓ** આવી મળ્યા હતા. પરંતુ જ્યારે ત્યાં દાવાનળ લાગ્યો ત્યારે કોઈ બીજાને પોતાનું કરી સાથે લેવા રહ્યું નહિ. કિન્તુ દરેક પંખી પોતાને સુઝી તે દિશામાં ઊડી ગયા. જ્યાં સુધી ઝાડ પાસે પત્ર પુષ્પ વગેરે માલ હતો ત્યાં સુધી પંખેરા ત્યાં આશરો લેવા આવી મળ્યા. પરંતુ અગ્નિથી ઝાડને બળતું જોયું ત્યારે ઝાડને એકલું મૂકીને પંખેરા દશે દિશામાં પલાયન થઈ જાય છે. ભર્યા ઝાડની જેમ માલ ભર્યા જીવની દશા એવી છે કે આપત્તિ આવે ત્યારે ભેગા મળેલા સ્વજનો પલાયન થઈ જાય છે. પંખીએ પૂર્વે કરેલી મમતા નકામી; એમ જીવની સાથે આપત્તિમાં સાથે નહિ ચાલનાર પર મમતા કરવી નકામી. સમજી રાખવાનું કે જેમ ઈતરજનથી આપણે અલગ એકલા છીએ, એમ કુટુંબ-કબીલાથી પણ આપણે અલગ એકલા છીએ.

૪. આપણી પાસે તો મમતા કરવા જેવું કસદાર છે જ શું ? મોટા ચક્રવર્તી કે જેની પાસે છ ખંડનું સામ્રાજ્ય, નવનિધાન અને ચૌદ રત્ન હતા, તેમજ ચોસઠ હજાર રાણીઓ હતી, એવાને પણ જેમ હારેલા જુગારીને બધું મૂકીને જવું પડે, એમ આ બધો સરંજામ મૂકીને એકલા જવું પડ્યું. તો પછી એ બધા પર પહેલા મમતા કરેલી શી

ત્રિભુવનકંટક બિરૂદ ધરાવતો, કરતો ગર્વ ગુમાનો રે;
ત્રાગા વિણ નાગા તે સહુ ચલ્યા, રાવણ સરિખા રાજાનો રે. મમ૦ ૫

માલ રહે ઘર સ્ત્રી વિશ્રામતા, પ્રેતવના લગે લોકો રે;
ચયલગે કાયા રે આખર એકલો, પ્રાણી ચલે પરલોકો રે. મમ૦ ૬

---

કારગત નીવડી ? જુગારી પહેલાં ડંફાસ મારે કે 'આવો, રમવા આવો, હું બધાનું ધન હમણાં જીતીને પડાવી લઉં છું,' પરંતુ જુગાર ખેલ્યા પછી સરાસર હારી જાય ત્યારે બીજા પાસેથી પડાવી લેવાની વાત ક્યાં ? પોતાનું હોય એ પણ ગુમાવી નાખે છે અને ત્યાં ને ત્યાં મૂર્ખ ઠરે છે. એને ડંફાસ માર્યા પર નીચું ઘાલવું પડે છે. એમ આ જીવન પણ જુગાર છે. એમાં મમતા કરનારને ખેલતા આવડતું નથી અને અંતે બધું જ હારીને એકલા જવું પડે છે, અને મમતા પાછળ કરેલા પાપોથી માત્ર નીચું ઘાલવાનું નહિ, પરંતુ દુર્ગતિના ત્રાસ સહવા પડે છે.

૫. આ સંસારમાં જીવનું એકલવાયાપણું કેટલું બધું વ્યાપક છે કે મોટા **રાવણ** જેવા રાજાઓ જે જીવનમાં એક વખતે 'ત્રિભુવન કંટક' એવું બિરૂદ ધરાવતા હતા. ગર્વ ને ગુમાન ધરાવનારા હતા, એવાને પણ જ્યારે એકાકીપણે મરવું પડ્યું ત્યારે શરીર પર એક દોરાનો ધાગો પણ ન હતો !

૬. સંસારમાં જીવની એકાકી દશા કેવી કરુણ કોટિની છે, કે જ્યાં સુધી પોતાની પાસે ધનમાલ રહેલો હોય ત્યાં સુધી જ પત્ની હૂંફનું વિશ્રામનું સ્થાન બને છે, અને ધન ખૂટી ગયે જીવને જાણે પત્નીવિહોણું એકલવાયાપણું ભોગવવું પડે છે ! એમ સ્વજનલોક પણ સ્મશાન સુધી જ સાથે આવે છે, પછી ઘર તરફ રવાના થાય છે. **'સીમ લગે સાજન ભલો, હંસ એકલો જાય...'** આવી જીવની પછીથી એકલવાઈ સ્થિતિ છે. જ્યારે પોતાની માનેલી અને જીવનભર મહલાવેલી (પોષેલી) કાયા પણ અંતિમ ચિતા સુધી જ સાથે હોય છે. બાકી તો કાયાને પણ છોડી એકલા અટુલા નિરાધારપણે જીવને પરલોક ચાલવું પડે છે. કેવું કરુણ એકાકીપણું ! આ જો સતત નજર સામે રહે તો આગન્તુક સંબંધમાં આવનારા પદાર્થો પર મમતા કરવાનું છોડી દેવાય.



નિત્ય કલહો બહુમેળે દેખીઓ, બહુ પણે ખટપટ થાય રે;
વળીયાની પરે વિહરીશ એકલો, ઈમ બુઝ્યો નમીરાય રે. મમ૦ ૭

---

૭. જીવ પોતાનું એકાકીપણું ભૂલીને જ્યાં સુધી પોતે અનેક પર-વસ્તુઓ સાથે અનેક છે એવા ભ્રમમાં રહે છે, ત્યાં સુધી હંમેશા કલેશના ભોગ બનવું પડે છે, એ વાત **નમિરાજાએ** જોઈ. કેમ કે એને દાહજ્વરની પીડામાં ઠંડક-શાંતિ સારુ રાણીઓ ચંદનના વિલેપન કરવા માટે ચંદન લસોટી રહી હતી. એના હાથ પરના કંકણો પરસ્પર અફળાતા હોવાથી અવાજ થતો હતો તે નમિરાજાને ખમાતો ન હતો. પીડામાં આંખ મીંચી પડી રહેલો રાજા કહે છે. 'આ શેનો કોલાહલ ?' રાણીઓ તરત સમજી ગઈ. હાથ પર એકેક સૌભાગ્ય કંકણ રાખી બીજા ઉતારી નાખ્યા. એટલે અવાજ બંધ થયો. રાજા પૂછે 'કેમ હવે કોલાહલ બંધ ?' રાણીઓ કહે છે 'કંકણ અનેક હતા એનો સંઘર્ષ હતો હવે એકેક રહ્યા તે કોની સાથે સંઘર્ષમાં આવે અને અવાજ થાય ?' આના ઉપર નમિરાજા વૈરાગ્યના વિચારમાં ચડી ગયો, કે 'જ્યારે અનેક ભેગા થાય ત્યારે હંમેશા સંઘર્ષ દેખાય છે. એટલે હું આ અનેક બલૈયાની જેમ રાજ્યસંપત્તિ પરિવાર વગેરેથી અનેકપણું લઈને બેઠો છું, ત્યાં સુધી સંઘર્ષ કોલાહલ અને ખટપટ થાય છે. જો આ મને પસંદ નથી તો મારે અનેકપણું છોડી એકાકીપણું સ્વીકારી લેવું જોઈએ. તેથી આ દાહજ્વર મટે એટલે હું એકાકી થઈને ચારિત્ર લઈ વિચરીશ.' એ પ્રમાણે નમિરાજા પ્રતિબોધ પામ્યો.



# પાંચમી અન્યત્વ ભાવનાની સજ્ઝાય

**દોહા**

ભવસાયર બહુ દુઃખજળ, જામણ મરણ તરંગ;
મમતાતંતુ તિણે ગ્રહ્યો, ચેતન ચતુર માતંગ. ૧
ચાહે જો છોડણ ભણી, તો ભજ ભગવંત મહંત;
દૂર કરે પરબંધને, જિમ જળથી જળકંત. ૨

---

## દુહાનો ભાવાર્થ

૧. પાંચમી અન્યત્વ ભાવનામાં આપણા આત્મા સિવાયનું સંસારનું બધું આપણાથી અન્ય છે, પર છે, તદ્દન જુદું જ છે, એ ભાવવાનું છે. જેથી પરની ખાતર સ્વાત્માનું હિત બગાડવાનું ન થાય. એ માટે આ વિચારવાનું છે, કે હે ચતુર ચેતન ! આ સંસાર મોટો સમુદ્ર છે, અને ભરચક દુઃખરૂપી પાણીથી ભરેલો છે, તથા એમાં વારંવારના જન્મ અને મરણના મોજાં ઉછળ્યા કરે છે, અને આ જન્મ મરણ અને બહુ દુઃખો જે ઊભાં થાય છે તે પર વસ્તુની મમતાવશ રાગાદિ દોષો ને દુષ્કૃત્યો આચરીને ઊભા થાય છે. અરે ! અનંતશક્તિના માલિક આત્માને આ પર પદાર્થો શા મહાત કરી શકે ? પરંતુ જેમ માતંગ (હાથી) સમુદ્રમાં રહ્યો દોર જેવા લાંબા જળચર જતુંથી વિંટળાય છે, અર્થાત્ હાથીના પગે આ જળચર જંતુ પગ ફરતા આંટામારી એને જકડી લે છે ત્યારે એ જંતુના બંધનથી બંધાયેલો બળવાન પણ હાથી સમુદ્રની બહાર નીકળી શકતો નથી એવી રીતે અનંતશક્તિનો માલિક હોવા છતાં ચેતન જીવ મમતારૂપી લાંબા જળચર જંતુથી પકડાએલો થકો સંસારમાંથી બહાર નીકળી શકતો નથી.

૨. હે જીવ ! હવે જો તું આ મમતાના બંધનોથી છૂટવાનું ઇચ્છે છે તો પરમ મહાન પરમાત્માને ભજ, અર્થાત્ એમનું શરણું લે, અને એમના ચરણની સેવામાં લાગી જા. કેમ કે એ ભગવત્ શરણ મનને આવર્જિત કરીને ભગવાનમાં જ લીન બનાવી પર પદાર્થોની મમતાનાં બંધન દૂર કરે છે. જેમ કે જળકાંત મણિ જળ જંતુથી પાણીમાં બંધાયેલ એ જ હાથીની પાસે પાણીમાં જો જળકાંતમણિ નાખવામાં આવે તો પાણીમાં ભાગ પડવાથી પગ પાસેની જગા પાણી વિનાની ખાલી બની જાય છે, એટલે જળચર જંતુ ત્યાં પાણીના અભાવે રહી શકે નહિ, એટલે એ હાથીના પગેથી તરત ઊતરીને પાણીમાં ચાલી જાય છે, અને હાથી બંધનથી મુક્ત થાય છે. એમ અહીં ભગવત્-શરણ અને ભગવત્-પ્રેમ જીવની પર



**ઢાળ પાંચમી**

(રાગ : કેદારો ગોડી)

(કપૂર હુવે અતિ ઉજલો રે-એ દેશી)

પાંચમી ભાવના ભાવીયે રે, જીવ અન્યત્વ વિચાર;
આપસવારથી એ સહુ રે, મળીઓ તુજ પરિવાર. ૧

**સંવેગી સુંદર ! બુઝ મા મુંઝ ગમાર.**
તારું કો નહીં ઈણ સંસાર, તું કેહનો નહીં નિરધાર. સં૦ ૨
પંથશિરે પંથી મળ્યા રે, કીજે કિણહીશું પ્રેમ;
રાતિ વસે પ્રહ ઉઠી ચલે રે, નેહ નિવાહે કેમ. સં૦ ૩

---

વસ્તુની મમતા અને રાગને હટાવી દે છે, એટલે જીવ પર વસ્તુના બંધનમાંથી મુક્ત થાય છે.

## ઢાળ પાંચમીનો ભાવાર્થ

૧. હે જીવ ! પાંચમી ભાવના ભાવીએ અને એમાં અન્યત્વનો વિચાર આ રીતે તારા આત્માને સંબોધીને કર, કે 'આ તારો સઘળો પરિવાર જે તને મળ્યો છે એ આપમતલબી છે, પોતાનો મતલબ યાને સ્વાર્થ સંધાતો હોય ત્યાં સુધી જ એ તારો થઈને રહે છે. માટે હે ધર્મપ્રેમી સુંદર જીવ ! તું બોધ પામ, સાચી ઓળખ કરી લે. અને આ પર પરિવારમાં ગમાર થઈને અક્કલહીન થઈને મુંઝાઈશ નહિ. અર્થાત્ પરિવારને સર્વેસર્વા કલ્યાણકારી માનવાની મૂઢતા ન કરતો.'

૨. સમજી રાખ કે આ સંસારમાં તારું ખરેખર કલ્યાણ કરનાર કોઈ છે નહિ. તારું પોતાનું સગું ગણાય એવું કોઈ જ નથી. તેમજ તું પોતે પણ કોઈનો કાયમી સગો નથી. એ વાત નિશ્ચિત છે.

૩. ખરેખર તો અહીં જે સગા-સ્નેહી મળ્યા છે એ પોત-પોતાની મુસાફરીના રસ્તે ચાલનારા જગતના પ્રવાસીઓ તને મળ્યા છે. એમાં પછી કોના પર પ્રેમ કરાય ? કારણ કે જેમ ધર્મશાળામાં મુસાફરો આવીને રાતવાસો કરે છે અને પ્રભાતે ઊઠીને પોતપોતાના રસ્તે ચાલતી પકડે છે ત્યાં કોણ રાત્રી-મુકામ ને કાયમી સમજી બીજા પ્રવાસીઓ સાથે અંતરના કાયમી પ્રેમ કરે છે ? એવી રીતે આ જનમ પછી ઊઠી ઊઠીને ચાલતી પકડનાર કુટુંબીઓ ઉપર સર્વેસર્વા સ્નેહ કર્યા ને પાળ્યા એ કેટલું ટકવાના ? અને અંતે શું દેખાડવાના ? ઊલટું એવાં જગતના અસ્થિર પ્રવાસીરૂપ કુટુંબી જીવો પર નાશવંત રાગ અને સ્નેહમાં ભૂવા પડી અવિનાશી પરમાત્માના

જિમ મેળો તીરથે મળે રે, જન જન વણજની ચાહ;
કે ત્રોટો કે ફાયદો રે, લેઈ લેઈ નિજ ઘર જાય. સં૦ ૪
જિહાં કારજ જેહનાં સરે રે, તિહાં તે દાખે નેહ;
સૂરિકાંતાની પરે રે, છટકી દેખાડે છેહ. સં૦ ૫

---

ચિરસ્થાયી અને દીર્ઘ કલ્યાણને કરનારા રાગ-આસ્થા-બહુમાન-ભક્તિ વગેરે કરવાનું જે ચૂકાય છે એ આ મનુષ્ય જન્મમાં એ મળેલી અણમોલ તકને નિષ્ફળ કરવાનું થાય છે. સમજવું જોઈએ કે,-

૪. જેવી રીતે કોઈ તીર્થસ્થાનમાં મેળો મળે ત્યાં આસપાસના ગામડાઓના લોકોને વ્યાપાર કરવાની ચાહના હોય છે. એટલે પોતપોતાનો માલ લઈને મેળામાં આવે છે, પણ ત્યાં આવેલા બીજાઓને પોતાના સગા કે અંગત સ્નેહી તરીકે માની લેતા નથી. માત્ર પોતપોતાના માલનો વ્યાપાર કરે છે. એમાં કોઈ ખોટ પામીને પણ જાય છે, ને કોઈ નફો લઈ લઈને જાય છે. આ સંસારના જન્મની સ્થિતિ છે કે આ જનમરૂપી મેળામાં કુટુંબીઓ પણ પોતપોતાનો પુણ્ય પાપનો માલ લઈને આવી મળ્યા છે અને સારી-નરસી કરણી તથા સારા નરસા ભાવોરૂપી વેપાર કરીને નફો તોટો લઈ અહીંથી ચાલતી પકડે છે. આમાં જ્યાં જીવનમેળો પૂરો થયો પોતપોતાની દિશામાં ચાલતી પકડવાની હોય ત્યાં જીવનમેળા વખતે આ તો મારા નિકટના સગા, આ તો મારા પોતાના જ પ્રેમી, વગેરે પોતાના માનવાનો શો અર્થ?

૫. અરે ! કેટલીક વાર તો સગાને પોતાના કરવા પર જ, જ્યાં સુધી એનું કાર્ય એટલે કે એનો સ્વાર્થ સરતો હોય છે ત્યાં સુધી જ એ આપણા પર પ્રેમ દેખાડે છે, પરંતુ એના સ્વાર્થનો ભંગ થતાં **સૂર્યકાંતા રાણી**ની જેમ અંતરમાં સ્નેહીપણામાંથી છટકી જઈ છેહ દે છે, એ દ્રોહ કરે છે, ભયંકર દુશ્મનનું કામ કરે છે. (પ્રદેશી રાજા નાસ્તિક હતો ત્યાં સુધી એને ધર્મ નહિ પણ માત્ર વિષયસુખો ખપતા હતા. એટલે જ એની રાણી સૂર્યકાંતાને મનમાન્યા પ્રેમ અને રંગરાગ મળતા હતા, ત્યાં સુધી એ રાજાને પોતાનો પ્રિય માનતી રહી. પરંતુ કેશી ગણધર મહારાજ પાસે પ્રદેશી ધર્મ પામ્યો અને એણે મોહની ઘેલી ચેષ્ટાઓ બંધ કરી એટલે રાણી હવે પોતાનો સ્વાર્થ ભંગાતો જોઈ અંતરથી નક્કી કર્યું કે આ પતિ જ્યાં સુધી જીવતો છે ત્યાં સુધી મને મનમાન્યા વિષયસુખ નહિ મળે, માટે આનું વહેલી તકે કાટલું કાઢી નાખું, એમ કરીને એણે પ્રપંચ કરી એક દિવસ રાજાને પોષધ ઉપવાસને પારણે ઝેર દઈ દીધું.)



ચુલણી અંગજ મારવા રે, કૂડું કરે જતુગેહ;
ભરત બાહુબળ ઝૂજિયારે, જો જો નિજનાં નેહ. સં૦ ૬
શ્રેણિક પુત્ર બાંધીઓ રે, લીધું વહેંચી રાજ્ય;
દુઃખ દીધું બહુ તાતને રે, દેખો સુતનાં કાજ. સં૦ ૭
એ ભાવનાએ શિવપુર લહે રે, શ્રીમરૂદેવી માય;
વીરશિષ્ય કેવળ લહ્યું રે, શ્રી ગૌતમ ગણરાય. સં૦ ૮

---

૬. **ચૂલણી** બ્રહ્મદત્ત ચક્રવર્તીની સગી માતા હતી. એટલે ખાસ પોતાની નિકટની સગી ગણાય. છતાં ચૂલણીએ પતિ મર્યા પછી પોતાની વિષય-વાસના પોષવાની આડે પુત્ર આવતો દેખાતા તો એણે મારી નાખવા માટે કપટથી લાખનું ઘર બનાવરાવી એમાં પુત્રને એની નવી પત્ની સાથે વસવાટની સગવડ કરી, રાતના ઘરને આગ લગડાવી.

**ભરત** અને **બાહુબળ** બંને શ્રી ઋષભદેવ ભગવાનના પુત્રો છતાં એમણે પરાયા દુશ્મનની જેમ સામસામે યુદ્ધ કર્યાં. વિચારજો આમાં 'સગા એટલે પોતાના ને એમના પર સ્નેહ રાખવો જોઈએ.' આ નિયમ મુજબ આમણે સ્નેહ કેટલો રાખ્યો ? આમાં ખરેખર તો જ્ઞાનીઓ પોતાના સગાને પણ પરાયા માનવાનું કહે છે તે સગાપણું અને પરાયાપણું છતું થાય છે.

૭. **કોણિક** શ્રેણિકરાજાની પટ્ટરાણી ચેલણાનો પુત્ર હતો. તો શું એને શ્રેણિકે પોતાનો માનવો ? અગર પોતાનો માન્યો ? ના, કેમ કે કોણિકે 'આ ડોસો ક્યાં સુધી રાજગાદી પકડી રાખશે ?' એ અધિરાઈમાં શ્રેણિકને પોતાના અંગત સુભટો પાસે મુશ્કેટાટ બંધાવીને જેલમાં નખાવ્યો, અને રાજ્ય પોતે બથાવી બેઠો. એટલું જ નહિ પણ બાપને જેલમાં રોજના પચાસ ચાબકા મરાવવા વગેરે બહુ દુઃખ દીધું. જુઓ આ પોતાના માનેલા પુત્રના કાર્ય !

૮. આ બધા દૃષ્ટાંતોથી જગતના સ્નેહી સંબંધી વગેરેને પોતાના માનવા એ ભૂલભરેલું છે. ખરેખર તો એ બધા પોતાના છે જ નહિ, પણ બિનસગા પરાયા જ છે, અન્ય છે. એથી એમના પર મમત્વ કરવું ખોટું છે. મમત્વ કરી કરી એમની ખાતર અઢાર પાપસ્થાનક આચરવા એ મૂઢતા છે. એ કોઈ આપણા છે જ નહિ માટે એના પરનો ખાલી રાગ પણ ખોટો છે. આવી અન્યત્વ ભાવના વારંવાર ચિંતવવી જરૂરી છે. એ ભાવના ભાવતાં **શ્રી મરુદેવામાતા** કેવળજ્ઞાન પામી ગયા, અને મોક્ષનગરે પહોંચી ગયા. એમ શ્રી મહાવીર પ્રભુના શિષ્ય ગૌતમગણધર મહારાજા પણ પ્રભુના નિર્વાણ પછી શોક કરતા કરતા અન્યત્વ ભાવના પર ચઢી ગયા તો કેવળજ્ઞાન પામી ગયા.

# છટ્ઠી અશુચિ ભાવનાની સજ્ઝાય

મોહવશે મન મંત્રવી, ઇંદ્રિય મળ્યા કલાલ;
પ્રમાદ મદિરા પાયકે, બાંધ્યો જીવ ભૂપાલ. ૧

કર્મજંજીર જડી કરી, સુકૃત માલ સવિ લીધ;
અશુભ વિરસ દુર્ગંધમય, તનુ ગોતહરે દીધ. ૨

---

## અશુચિ ભાવનાના દુહાનો ભાવાર્થ

૧. (છટ્ઠી અશુચિ ભાવનામાં માનવકાયાની સરિયામ અશુચિતા-અપવિત્રતા ભાવનાની છે. ઉપરથી રુડી રૂપાળી દેખાતી કાયામાં મોહિત ન થઈ જવાય એ માટે આ વિચારવાનું કે) જીવરૂપી રાજાને કાયારૂપી કેદમાં બાંધી પૂર્યો છે, અને મનને મંત્રી બનાવ્યો છે. મન લુચ્ચું અને વારંવાર જીવના અત્યંત અહિતકર વિચારો કરનારું છતાં જીવ મોહવશ એવા મનને પોતાનો મંત્રી માની એના ચિંધ્યા રાહે ચાલ્યો જાય છે ! (અહીં જેમ રાજા પરથી રાજવી શબ્દ એમ મંત્રી પરથી મંત્રવી શબ્દ વાપર્યો લાગે છે.) વળી જીવને ઇન્દ્રિયો રૂપી કલાલ અર્થાત્ દારૂ વેચનાર મળ્યા છે. જે જીવને પ્રમાદ યાને વિષયાસક્તિ રૂપી દારૂ પાઈને જીવ પાસે એવા ઘેલાં કરાવે છે કે એ ઇન્દ્રિયો જીવ નવી નવી કાયામાં પૂરાય એવા કર્મ બંધાવે છે.

૨. વળી પૂર્વ પૂર્વ કાયાઓએ જીવને કર્મ-જંજીરથી જકડાય એવું કર્યું છે, અને જીવનો પૂર્વોપાર્જિત પોતાનો સુકૃત માલ અર્થાત્ સુકૃતજન્ય વિવિધ પુણ્ય પોતાને આધીન કરી લીધા છે, જીવની કેવી અહીં પામર-મૂઢ દશા છે કે પૂર્વથી સુકૃત દ્વારા કમાઈ લાવેલા પોતાના પુણ્યના માલને કાયારાણી પૂરબહારમાં ભોગવે છે, પણ આત્માના હિતમાં એ કશોય ન વપરાય ! દા.ત., પૈસાથી કાયાને ઘી-કેળાં, પણ પ્રભુને ઘીની એક બત્તી નહિ ! અને અંતે જીવ પુણ્યવિહોણો ઠુંઠા જેવો થઈ દુર્ગતિમાં ફેંકાઈ જાય ! આમ કાયા જેમ ભાવથી અશુભ છે એમ દ્રવ્યથી પણ એવી અશુભ છે કે એ દેવોની આગળ સાવ અસુંદર દેખાય છે, તેમજ અંદરખાને વિરસ યાને બીભત્સ રસોથી ભરેલી છે, તેમજ દુર્ગંધમય છે. વિધાતાએ કેવી વિચિત્ર કાયા દીધી છે !



## ઢાલ છટ્ઠી

(રાગ-સિંધુ સામેરી)

છટ્ઠી ભાવના મન ધરો, જીઉ અશુચિ ભરી એ કાયા રે;
શી માયા રે, માંડે કાચા પિંડશું એ. ૧

નગરખાળ પરે નિતુ વહે, કફ મળ મૂત્ર ભંડારો રે;
તિમ દ્વારો રે, નર નવ દ્વાદશ નારીના એ. ૨

દેખી દુર્ગંધ દૂરથી, તું મુહ મચકોડે માણે રે;
નવી જાણે રે, તિણ પુદ્ગલ નિજ તનુ ભર્યું એ. ૩

---

## છટ્ઠી ઢાળનો ભાવાર્થ

હવે હે ભવી જીવો ! તમે છટ્ઠી અશુચિભાવનાનાને મન પર લો.

૧. છટ્ઠી ભાવનાને, હે ભવ્યાત્મા ! મનમાં ધારણ કર, અને એ વિચારો કે આ કાયા અશુચિ અપવિત્ર પદાર્થોથી ભરેલી છે. વળી એ પિંડ કાચના જેવો કાચો છે. એને ભંગાતા વાર નહિ. તો પછી આવી અશુચિ અને ભંગશીલ કાયા ઉપર મમતા શી માંડવી ? (કાયા પર મમતા માંડ્યાથી અંદરવાળો પોતાનો અવિનાશી આત્મા સરાસર ભૂલાઈ જાય છે. કાયાની સુખશીલતામાં આત્માના હિતાહિત ભૂલાય છે, હિતની ઉપેક્ષા અને અહિતના ભરચક આચરણ થાય છે, જેથી આત્મા એવો ભારે કર્મી બને છે કે પછીથી એને દુર્ગતિની કાયાઓમાં દુઃખ-ત્રાસ વિટંબણા જ જોતાં ભમવું પડે છે. એટલે જ કાયાની મમતા કરવા જેવી નથી. એને બહુ મહત્ત્વ આપવા જેવું નથી. એ માટે વિચારવું કે,-)

૨. કાયા નગરની બહાર વહી રહેલી ખાળ જેવી છે. જેમ ખાળમાં હંમેશા ગંદવાડ વહે છે, એમ આ કાયામાં હંમેશા વિવિધ મળ વહ્યા કરે છે. કારણ કે જે અંદર હોય એ જ બહાર આવે ને ? બહાર શું આવે છે એ પરથી અંદરમાં કાયામાં શું ભરેલું છે એ સમજાય એવું છે. કાયા અંદરમાં કફ, મળ અને મૂત્રની ભંડાર છે. આ મળ-મૂત્ર વગેરેને બહાર આવવા માટે પુરુષની કાયાને નવદ્વાર અને સ્ત્રીની કાયાને બાર દ્વાર લાગેલા છે.

૩. આશ્ચર્ય એ છે કે હે જીવ ! તું દૂરથી દુર્ગંધિ દેખે છે તો આવી દુર્ગંધ હું સહન ન કરું એવા અભિમાનથી મોં ફેરવી નાખે છે. પણ તું એ જોતો નથી કે તારી કાયા એ જ દુર્ગંધી પદાર્થોથી ભરેલી છે. ત્યાં શરીરથી અલગ દૂર રહેલ અશુચિ પદાર્થોની ઘૃણા કરનારો તું અશુચિ પદાર્થોને શરીરમાં સાથે ઊંચકીને ફરતાં તારું અભિમાન ક્યાં ચાલ્યું જાય છે ?

માંસ રૂધિર મેદા રસે, અસ્થિ મજ્જા નરબીજે રે;
શું રીઝે રે, રૂપ દેખી દેખી આપણું એ. ૪

કૃમિવાળાદિક કોથળી, મોહરાયની ચેટી રે;
એ પેટી રે, ચર્મ જડી ઘણા રોગની એ. ૫

ગર્ભવાસ નવ માસમાં, કૃમિ પરે મળમાં વસિયો રે;
તું રસીયો રે, ઊંધે માથે ઈમ રહ્યો એ. ૬

---

૪. બહાર જે માંસ-લોહી વગેરે બીભત્સ પદાર્થો સામે તું અરુચિ અભાવ કરે છે એ જ માંસ-લોહી-મેદ-રસ-હાડકા-જ્ઞાનતંતુ અને વીર્યના ભરેલા પોતાના શરીરનું રૂપ દેખીને શું ખુશી થાય છે ? (વિષ્ટાની ભરેલી કોથળી પર રેશમી અસ્તર ચઢાવ્યું હોય એ કોથળી જોઈને કોઈ ખુશી થાય નહિ, તો પોતાની કાયાના રૂપનું પણ શું છે ? મળ-મૂત્રની કોથળી પર માત્ર ઉપરની રૂપાળી ચામડીનું અસ્તર.)

૫. કાયા કૃમિ, વાળા વગેરેથી ભરેલી એક કોથળી સમાન છે. પાછી એવી પણ કાયા ગાઢ મમતા કરાવનારી હોવાથી મોહ રાજાની દાસી સમાન છે. મોહ રાજાએ જીવને આ દાસી વળગાડી ! મૂર્ખ જીવ એમાં જ ભૂલો પડી પોતાની જાતને ભૂલે છે. ખરેખર કાયા અનેકાનેક રોગોની પેટી છે અને એના પર ચામડી જડી દીધી છે. શાસ્ત્ર કહે છે. 'શરીરમાં સાડાત્રણ કરોડ રોમ જેટલા રોગ છે. માત્ર જેટલા બહાર નથી દેખાતા એટલું જ આશ્ચર્ય છે.' આવી રોગોની ભરેલી કાયા પર મોહ રાખનાર જીવની બુદ્ધિમત્તા કેટલી ?

૬. કાયા વર્તમાનમાં જ અશુચિ ભરેલી છે એટલું જ નહિ પરંતુ એની ઉત્પત્તિ પણ ગંદા પદાર્થોથી ગંદા વાતાવરણમાં થયેલી છે. કેમ કે જીવ ગર્ભાવાસમાં નવ મહિના રહ્યો ત્યાં જેવી રીતે વિષ્ટાના કરમિયાં વિષ્ટામાં જ રહે, એમ જીવ પણ નવ મહિના મલિન પદાર્થો ભરેલા ગર્ભાવાસમાં રહ્યો. આ રહેવામાં તું ત્યાં ઘૃણા નથી પામ્યો. પરંતુ રસિયો બની પૂરા રસ સાથે રહ્યો છે. દુર્દશા તો એવી કે નવે મહિના ગર્ભમાં ઊંધે મસ્તકે રહ્યો ! આ વિચાર કરે તો અશુચિ ભાવના મજબૂત થાય.



કનકકુંઅરી ભોજન ભરી, તિહાં દેખી દુર્ગંધ બૂઝ્યા રે;
અતિ ઝુજ્યા રે, મલ્લી મિત્ર નિજ કર્મશું એ. ૭

---

૭. **શ્રી મલ્લિનાથ** ભગવાને ગૃહવાસમાં વસતાં પૂર્વ ભવના પરિચિત **છ મિત્ર રાજાઓ** જે આ ભવમાં પણ રાજા બનેલા છે, એમને કેવી સુંદરયુક્તિથી અશુચિ ભાવના કરાવી પહેલાં તો પોતાના શરીર પ્રમાણ આબેહૂબ પોતાના જેવું જ સોનાનું પૂતળું બનાવરાવ્યું. એવું કે દૂરથી જોતા જીવતી મલ્લિકુમાર જ લાગે ! પછી એ પૂતળાના માથા પર રાખેલા ઢાંકણને ખોલી રોજ એનામાં રસોઈના પદાર્થ નખાવતા. એમ કરતાં એકવાર જ્યારે એ છ રાજા મલ્લિકુમારીને પરણવા આવ્યા ત્યારે એમને બગીચામાં તેડી કનકકુંવરી-સોના જેવી મલ્લિકુમારી સામે જરાક દૂર ઊભા કરી દીધા. પેલા સમજ્યા 'ઓહો ! શું મલ્લિકુમારીનું રૂપ છે !' એમ ચકિત થતા હતા ત્યાં જ પૂતળા ઉપરનું ઢાંકણ ખૂલ્યું. અંદર સડેલા ભોજનનની દુર્ગંધ બહાર ફેલાતાં, જ્યાં સૂગ કરે છે, ત્યાં પૂતળા ઉપરના ઝરૂખામાં મલ્લિકુમારી આવીને બોધ આપે છે કે, હે મહાનુભાવો ! આ જીવની કાયા પણ આવી દુર્ગંધ ભરેલી છે. એના પર શો મોહ કરો ? આપણે તો પૂર્વના ત્રીજે ભવે સાથે ચારિત્ર પાળી અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થઈ સાથે વસીને આવ્યા છીએ. કાં ભૂલો ? અપવિત્ર નાશવંત કાયાનો મોહ છોડી નિજના પવિત્ર સનાતન આત્માની સંભાળ કરો, અને એને સંયમ સાધનાથી કર્મની બેડીઓથી મુક્ત કરો. બસ, એ રીતે બોધ પામી શ્રી મલ્લિનાથ ભગવાન આ પૂર્વના મિત્રોની સાથે ચારિત્ર લઈ કઠોર સાધના કરી કર્મની સાથે ઝઝૂમ્યા અને તીર્થંકર થઈ અંતે કર્મક્ષય કરી મોક્ષ પામ્યા.

# સાતમી આશ્રવ ભાવનાની સજ્ઝાય

**દોહા**

**તન છિલ્લર ઇંદ્રી મચ્છા, વિષય કલણ જંબાલ;**
**પાપ કલુષ પાણી ભર્યું આશ્રવ વહે ગડનાલ. ૧**
**નિર્મલ પખ સહજે સુગતિ, નાણ વિનાણ રસાલ;**
**શું બગની પરે પંકજલ, ચુંથે ચતુર મરાલ. ૨**

---

## આશ્રવ ભાવનાના દુહાનો ભાવાર્થ

૧. સાતમી આશ્રવ ભાવનામાં, આશ્રવો એટલે કે આત્મામાં જેના દ્વારા કર્મરૂપી મલિન પાણી વહી આવે તે કર્મબંધના કારણો, દા.ત., ઇન્દ્રિયો, કે એના વિષયો, કષાયો, અવ્રત-અવિરતિ, મન-વચન-કાયાની પ્રવૃત્તિરૂપી યોગ, પ્રમાદ, પાપક્રિયાઓ વગેરે. તેના અંગેની ચિંતવના કરવાની છે. આશ્રવોમાં મુખ્ય પાંચ ઇન્દ્રિયોના વિષયો અને ક્રોધાદિ કષાયો છે. કેમ કે એને જ વશ થઈને જીવ અઢળક કર્મ બાંધે છે. એમાં પણ કષાયો વિષયોના લીધે જ જન્મે છે માટે અહીં બે દોહામાં વિષયો અંગેની ચિંતવના આ રીતે બતાવે છે કે, આપણું તન યાને આત્મા એક તળાવડા જેવો છે. એમાં ઇન્દ્રિયોરૂપી માછલાંઓ રહે છે. એ ઇન્દ્રિયોના શબ્દાદિ વિષયો એ મલિન કચરો છે, તેમજ એમાં પાપરૂપી મેલું પાણી ભરેલું છે, તથા આશ્રવોરૂપી ગરનાળા નિરંતર આત્મામાં વહેતા જ છે, જેથી પાપરૂપી પાણી વહ્યું આવે છે.

૨. વાસ્તવમાં હે જીવ ! તું ચતુર વિવેકી મરાલ અર્થાત્ હંસ સમાન છે. તારે ઉજ્જવળ પક્ષ-પાંખો છે, તારી ચાલ સહેજે સુંદર છે, અને તારી પાસે રસદાર જ્ઞાન તેમજ દૂધ પાણીનો ભેદ પાડનાર વિજ્ઞાન છે. હંસની જેમ આત્મા સહજ સ્વભાવે વસ્તુના નિર્મળ અંશને ગ્રહણ કરનાર છે, અર્થાત્ વિશ્વના પદાર્થોમાં રાગાદિથી ભિન્ન જે શુદ્ધજ્ઞેય સ્વરૂપ છે, તેને જ પકડનાર છે. તેમજ આત્માની સહજ સ્વભાવથી સુગતિ અર્થાત્ ઊર્ધ્વગતિ છે, જે સ્વભાવના લીધે જીવ કર્મ મુક્ત થતાં એની સહેજે ઉપર સિદ્ધશીલા સુધી ઊર્ધ્વગતિ થાય છે. તેમ આત્મામાં રસાળ જ્ઞાન અને વિજ્ઞાન છે. જ્ઞાન એટલે વસ્તુના સામાન્ય અંશને ગ્રહણ કરનારો બોધ. દા.ત., જગતના જીવમાત્રમાં જીવત્વ સામાન્યથી સૌને એકરૂપે દેખે તે સામાન્ય બોધ. એના પ્રભાવે કોઈ પણ જીવ ઉપર અમૈત્રીભાવ ઘૃણા તિરસ્કાર વગેરે થાય નહિ. વિજ્ઞાન એટલે વસ્તુના વિશેષ અંશને મુખ્ય કરનારો બોધ.



## ઢાળ સાતમી

(રાગ-ધોરણી)

**આશ્રવ ભાવના સાતમી રે, સમજો સુગુરુ સમીપ;**
**ક્રોધાદિક કાંઈ કરો રે, પામી શ્રીજિનદીપો રે.**
**સુણ સુણ પ્રાણિયા ! પરિહર આશ્રવ પ્રપંચો રે;**
**દશમે અંગે કહ્યા, જેહનાં દુષ્ટ પ્રપંચો રે. સુ૦ ૧**

---

દા.ત., જીવત્વથી યા ભવ્યત્વથી સૌ ભવ્ય એકરૂપ છતાં દરેકમાં તથાભવ્યત્વ અર્થાત્ વૈયક્તિક ભવ્યત્વ, યાને નિર નિરાળી રીતે મોક્ષ-પ્રાપ્તિની યોગ્યતા જુદી જ છે. આને લક્ષમાં લેતાં, જુદા જુદા સાધક જીવોમાં સાધનાની તરતમતા દેખાય છે, તેથી નીચેના કક્ષાના જીવો ઉપર અરુચિ અવગણના ન થાય, તેમજ પોતાને અભિમાન ન થાય.

આવા સહજ સ્વભાવે હંસ જેવા હે આત્મા ! તું આ શરીરમાં રહેલા ઇન્દ્રિયોના વિષયોના કીચડ અને પાપના પાણીને બગલાની માફક શું ચુંથી રહ્યો છે ? સ્ત્રીઓનાં શરીર અને હવેલી-ગાડી-વાડી આદિ એકેન્દ્રિય જીવના શરીર તરફ તું આકર્ષાય અને એના ઉપભોગ કરવા દોડે એ કાદવિયા પાણી ચુંથનારા બગલા જેવી દશા છે. એમાં પાપાશ્રવોના ગરનાળા સતત વહેતા રહી આત્મામાં પાપના કચરા ઠમઠોક ભરે છે.

## ઢાળ સાતમીનો ભાવાર્થ

૧. હે મહાનુભાવ ! સદ્ગુરુની સમીપે તમે સાતમી આશ્રવભાવનાને સજતા જાઓ, જેથી આશ્રવની ભયાનકતા ઓળખાય અને ચિત્તમાં એ બરાબર શ્રદ્ધાથી ઠસી જાય તો જીવનમાંથી આશ્રવો સેવવાનું ઓછું કરતા જવાય.

પહેલાં નંબરમાં આશ્રવ ક્રોધાદિ કષાયો છે. કેમ કે શ્રી **'આચારાંગ શાસ્ત્ર બીજા અધ્યયનમાં** કહે છે, **'સંસારનું મૂળ કષાયો છે.'** ત્યારે હે ભવ્ય જીવો ! શ્રી જિનેશ્વર ભગવાનરૂપી દીવો મળ્યા પછી સંસાર-મહાવૃક્ષ સરજનારા ક્રોધાદિ કષાયો કાં કરો ? કે આ દીવો એ કષાયોના દારુણ ફળમાં નરકાદિના ભયંકર દુઃખ દેખાડે છે. માટે હે પ્રાણીઓ સાંભળો ! સાંભળો ! આશ્રવના વિસ્તારોનો ત્યાગ કરો. જેના દુષ્ટ વિપાકને વિસ્તૃત રીતે દશમાં અંગ પ્રશ્નવ્યાકરણ-સૂત્રમાં બતાવ્યા છે.

**હોંશે જે હિંસા કરે રે, તે લહે કટુક વિપાક;**
**પરિ હોશે ગોત્રાસની રે, જો જો અંગ વિપાકો રે. સુ૦ ૨**

**મિથ્યા વયણે વસુ નડ્યો રે, મંડિક પરધન લેઈ;**
**ઈણ અબ્રહ્મે રોળવ્યા રે, ઈંદ્રાદિક સુર કેઈ રે. સુ૦ ૩**

**મહાઆરંભ પરિગ્રહે રે, બ્રહ્મદત્ત નરય પહુત્ત;**
**સેવ્યાં શત્રુપણું ભજે રે, પાંચે દુરગતિ દૂતો રે. સુ૦ ૪**

**છિદ્ર સહિત નાવા જળે રે, બૂડે નીર ભરાય;**
**તિમ હિંસાદિક આશ્રવે રે, પાપે પિંડ ભરાયો રે. સુ૦ ૫**

---

૨. બીજા નંબરમાં આશ્રવ હિંસાદિ પાપો છે. એ પણ એવા ખતરનાક છે કે જે જીવો હોંશે હોંશે હિંસા કરે છે એના કડવાં ફળ ભોગવે છે. ગોત્રાસની પરે ........................................ **વિપાકસૂત્રમાં** એનો અધિકાર મળે છે.

હિંસાની જેમ જૂઠ ચોરી વગેરે આશ્રવોના પણ ભયંકર વિપાકો ઊભા થાય છે.

૩. કષાય અને હિંસાદિની જેમ મિથ્યા વચન પણ મહાન આશ્રવ છે. એ માટે જુઓ કે **વસુરાજા** ધરાર સાચું જાણવા છતાં, -ગુરુએ 'અજથી હોમ કરવો' એમાં અજનો અર્થ જુની ડાંગર કર્યો છે,-એ જાણવા છતાં અજ એટલે બકરો એવા જૂઠા અર્થનું વચન બોલ્યો, તો એ વચન એવું એને નડ્યું કે એજ ભવમાં ત્યાં જ સિંહાસનપરથી દેવતાની લાતે નીચે પછડાઈ ગયો, મર્યો અને પરલોકમાં નરકે ગયો ! એમ **મંડિકચોર** પારકું ધન ચોરતો હતો, તો એકવાર રાજાએ ગોઠવેલ છટકામાં સપડાઈ ગયો અને ભયંકર પીડા પામ્યો ! એમ અબ્રહ્મના આશ્રવે ઈન્દ્ર વગેરે કેટલાય દેવોને ભૂંડી હાલતમાં રોળવ્યા છે !

૪. મહાઆરંભ અને મહાપરિગ્રહ આશ્રવને લીધે બ્રહ્મદત્ત ચક્રવર્તી સાતમી નરકે પહોંચ્યો, એટલે જ્ઞાનીઓ કહે છે કે જો આશ્રવોને સેવ્યા તો એ દુશ્મનનું કામ કરે છે, આમ જીવને દુર્ગતિમાં તાણી જનારા એ પાંચે આશ્રવો દુર્ગતિના દૂત છે.

૫. જેવી રીતે નાવડી જો કાણાવાળી હોય તો એ કાણાથી નાવડીમાં ધીમે ધીમે પાણી ભરાઈ જાય, ને અંતે નાવડી ડૂબી જાય; તેવી રીતે આત્મામાં હિંસાદિ આશ્રવો કાણાં જેવા છે, એનાથી આત્મામાં પાપો ભરચક ભરાય છે ને એ પાપોથી ભારે થયેલો આત્મા અફાટ એવા ભવસાગરમાં ડૂબે છે.



**અવિરતિ લગે એકેંદ્રિયા રે, પાપસ્થાન અઢાર;**
**લાગે પાંચેહી ક્રિયા રે, પંચમ અંગ વિચારો રે. સુ૦ ૬**

**કટુક ક્રિયા થાનક ફળ્યાં રે, બોલ્યા બીજે અંગ;**
**કહેતાં હિયડું કમકમે રે, વિરૂઓ તાસ પ્રસંગો રે. સુ૦ ૭**

**[1]મૃગ [2]પતંગ [3]અલી [4]માછલું રે, [5]કરી એક વિષય પ્રપંચ;**
**દુ:ખીયા તે કિમ સુખ લહે રે, જસ પરવશ એહ પંચો રે. સુ૦ ૮**

---

૬. એકેન્દ્રિય જીવો કે જે પ્રગટપણે એકે પાપસ્થાનક સેવતા નથી, છતાં અવિરતિ આશ્રવના યોગે (એટલે કે પાપત્યાગની પ્રતિજ્ઞા નહિ માટે પાપની છૂટના લીધે) અઢારે પાપ-સ્થાનકની અવિરતિનું પાપ અને કાયિકી આદિ પાંચ ક્રિયાના .................... **શ્રી ભગવતીસૂત્ર**માં વિચાર આપેલ છે.

૭. બીજા અંગ શ્રી **સુયગડાંગસૂત્ર**માં ગણધર ભગવંત બોલ્યા છે કે પચીસ ક્રિયાનાં સ્થાન જીવોને કટુ રીતે ફળ્યા છે, કેમ કે એનાથી એવી ભયંકર વેદનાઓ જીવને વેઠવી પડે છે કે જેનું વર્ણન કરતાં હૃદય કમકમે ! એવા તે તે ક્રિયા આચરનારના માઠા પ્રસંગ તેમાં બતાવ્યા છે, અને ઈન્દ્રિય વિષયોમાં એકેક વિષય-આશ્રવના વિપાક જોઈએ.-

૮. (૧) ગીતના શબ્દથી ખેંચાઈ **હરણ**ને શિકારનો ભોગ બનવું પડે છે. (૨) દીવાની જ્યોતની રૂપમાં ખેંચાઈ **પતંગિયું** અંતે સળગી જાય છે. (૩) કમળની સુગંધમાં આસક્ત થઈ **ભમરો** સાંજ પડે એમાં બીડાઈ જાય છે. (૪) કાંટા પરના માંસપેશીના સ્વાદમાં આસક્ત **માછલું** તાળવે એજ કાંટે વિંધાય છે. (૫) હાથણીના સ્પર્શ માટે મુગ્ધ થઈ દોડતો **હાથી** એને પકડી લેવા માટે યોજાયેલા ખાડામાં જઈ પડે છે. આમ, એકેક વિષયના અનેકાનેક જીવો શિકાર બને છે; તો જે આ પાંચે વિષયને પરવશ છે એ કર્મપીડિત દુ:ખિયા જીવો સુખ ક્યાંથી પામે ? અર્થાત્ વિષયભોગથી સુખ લેવા ઘણું ચાહે છતાં એને અંતે ક્ષણવારના સુખ પછી કર્મે આપ્યા દુ:ખ કરતાં વિષયસંગના લીધે ભયંકર દુ:ખ ભોગવવા પડે છે.

હાસ્ય નિંદ વિકથા વસે રે, નરક નિગોદે રે જાત;
પૂરવધર શ્રુત હારીયાં રે, અવરાંની શી વાતો રે. સુ૦ ૯

૯. આશ્રવમાં હાસ્ય મશ્કરી, નિંદા બીજાનું હલકું ઘસાતું બોલવું, નિંદ્રા, નિંદા, વિકથા, કુથલી, પાપકથા એ પણ મહા ખતરનાક છે અને પરવશ પડેલ જીવો ઠેઠ નરક અને નિગોદ સુધી પહોંચી જાય છે. એમ જ પૂર્વધર જેવા મહા વિદ્વાન મુનિ પણ આશ્રવને વશ પડીને પોતાનું ભણેલું આગમ હારી ગયા ભૂલી ગયા ત્યાં બીજાની શી વાત ? અર્થાત્ અલ્પજ્ઞ કે અજ્ઞાન હાસ્યાદિવશ પડીને ધર્મ ભૂલે તો શું ન પામે ? પરિણામે નરક-નિગોદ જેવી નીચામાં નીચી દુર્ગતિ સુધીની જેલમાં દીર્ઘાતિદીર્ઘ કાળ માટે પૂરાઈ જાય છે.





# આઠમી સંવર ભાવનાની સજ્ઝાય

**દોહા**

શુભ માનસ માનસ કરી, ધ્યાન અમૃત રસ રેલી;
નવદલ શ્રી નવકાર પદ, કરી, કમલાસન કેલિ. ૧

પાતક પંક પખાળીને, કરી સંવરની પાળ;
પરમહંસ પદવી ભજો, છોડી સકળ જંજાળ. ૨

**ઢાળ આઠમી**

આઠમી સંવર ભાવનાજી, ધરી ચિત્તશું એકતાર;
સમિતિ ગુપ્તિ સૂધી ધરોજી, આપોઆપ વિચાર.
**સલૂણા ! શાંતિ સુધારસ ચાખ,** (એ આંકણી);
વિરસ વિષય ફળ ફૂલડેજી, અટતો મન અલિ રાખ. સ૦ ૧

## સંવર ભાવનાના દુહાનો ભાવાર્થ

૧. આઠમી સંવર ભાવનામાં સંવર અર્થાત્ આશ્રવો પર ઢાંકણ, એટલે કે જેનાથી પાપબંધ અટકે કર્મબંધ રોકાય. દા.ત., સમિતિ-ગુપ્તિ-પરીસહ; યતિધર્મ-ભાવના-ચારિત્ર; અને ઈંદ્રિયાદિનો નિરોધ. એ બધા સંવર. એ અંગે વિચારવાનું છે કે સંવરનું કેટલું ઊંચુ મહત્ત્વ છે કે જો પોતાના શુભચિત્તને માનસરોવર કરી એમાં શુભ ધ્યાનરૂપી અમૃતરસ રેલાવવામાં આવે રેલંછેલ કરવામાં આવે, અને એ માટે હૃદય સરોવરમાં નવકારના પદોને બિરાજમાન થવા, કમળરૂપી આસનની કલ્પના કરવામાં આવે, તે એ કમળ નવ પાંખડીનું હોય અને એમાં નવકારના નવપદ અંકિત કરવામાં આવે, પછી

૨. નવકારના નવપદ ગોઠવીને એનાં ધ્યાનદ્વારા પાપના પંક સાફ કરીને, હવે એ મન-સરોવરને ચારે બાજુ પાળ બાંધીને તમે દુનિયાની તમામ જંજાળ છોડી દો, અને પરમહંસ પરમાત્માના પદને ભજો, અર્થાત્ પરમાત્માના પદને ભજો. પરમાત્માની પદવી અષ્ટપ્રાતિહાર્યવાળા સમોવસરણ ઉપર સ્પષ્ટ દેખાય છે, એને ભજો; અર્થાત્ એનું ધ્યાન કરો. એમ કરતાં હે ભવ્ય જીવો ! તમે આવા મનરૂપી માનસ સરોવરમાં રમનારા હંસપણામાંથી પરમ હંસપણાની પદવીને પામો.

## ઢાળ આઠમીનો ભાવાર્થ

૧. હે ભવ્યાત્મા ! તું આઠમી સંવરભાવના મનથી એકતાર બની જઈને ચિંતવ. (કેમ કે ઉપર કહ્યા પ્રમાણે ૫૭ પ્રકારના સંવરની વ્યવસ્થિત પાળ બનાવી હોય તો) (૧) મનસરોવરના વિકલ્પો તરંગો જઈ જઈને સંવરમાં ભળી જાય, સંવર

લાભ અલાભે સુખ દુઃખેજી, જીવિત મરણ સમાન;
શત્રુ મિત્ર સમ ભાવતો જી, માન અને અપમાન. સ૦ ૨
કદિયે પરિગ્રહ છાંડશું જી, લેશું સંયમ ભાર;
શ્રાવક ચિંતે હું કદાજી, કરીશ સંથારો સાર. સ૦ ૩

---

સમાપ્ત થાય. એમ (૨) સંવરની પાળથી મન સરોવર એવું સુરક્ષિત રહે કે એ મનમાં બહારના આશ્રવના વિકલ્પોના વહેણ પેસી શકે નહિ, આ પાળનો બીજો લાભ. તેમજ (૩) સંવરની પાળની પગથિયાં દ્વારા પવિત્ર મનસરોવરમાં ઊતરી શકાય. (તાત્પર્ય, મનને બીજા વિકલ્પોથી મુક્ત કરવા સંવરના ભેદ ક્રમશઃ વિચારાય આ ત્રીજો લાભ.)

સંવરને ભાવવા માટે ૫ સમિતિ, ૩ ગુપ્તિને સૂધી અર્થાત્ સીધે સીધી નિર્દોષ ધારણ કરજો. આપોઆપ એટલે કે આપમેળે વિચાર કરવામાં આવે તો જીવનમાં આપોઆપ વિચારીને ૫ સમિતિ ૩ ગુપ્તિ એજ વ્યવસ્થિત રીતે પાળવાનું પહેલું કર્તવ્ય શ્રેષ્ઠ કર્તવ્ય છે એ સમજાશે. આમ કરીને હે સલુણા ! અર્થાત્ સુલક્ષણા જીવ ! તું શાંતિ અર્થાત્ પ્રશમ-ઉપશમના અમૃતરસને ચાખતો રહે. તારો મનરૂપી ભમરો નઠારા વિષયોરૂપી ફળ અને ફૂલડા ઉપર ભટકતો રહે છે, એટલે કે વારેવારે ઈન્દ્રિયના વિષયમાં ભટકેલો રહે છે. એને તું રોકી શાંતિ-ઉપશમ-પ્રશમમાં સ્થિર કર. અર્થાત્ મનને શબ્દાદિ-વિષયોમાં જતું અટકાવી આત્મામાં સહજ રહેલી તૃપ્તિ-અનિચ્છા-ઉદાસીનતામાં સ્થિર કર. આ મનોગુપ્તિ-સંવરથી સાધી શકાય.

૨. એમ, પરિસહ-સંવર સાધવા ઈષ્ટવસ્તુના લાભમાં કે અલાભમાં મન ઊંચુ નીચું હર્ષિત કે ખિન્ન ન કરતાં સમભાવમાં રાખ. (એ સમજીને કે ઈષ્ટલાભમાં આત્માની જ્ઞાનાદિ-સંપત્તિમાં કંઈ ઘટતું નથી.) એમ જીવન અને મરણને સમાન લેખ. જીવનનો લોભ નહિ, મરણનો ભય નહિ. (કેમ કે અરૂપી જ્ઞાનમય શુદ્ધ આત્મ-સ્વરૂપને જીવન-મરણથી કાંઈ હાનિ કે લાભ નથી. એમ) શત્રુ અને મિત્રની પ્રત્યે પણ સમભાવ કેળવતો જા. (કેમ કે **ખરા શત્રુ કામ ક્રોધાદિ આંતર શત્રુઓ છે, અને ખરા મિત્ર સુપ્રસ્થિત-સુવ્યવસ્થિત-સુપ્રણિધાનયુક્ત મન છે.** એની સામે બાહ્ય શત્રુ કે મિત્ર રાંક છે. એ આત્માનું નથી કાંઈ બગાડતા કે નથી કંઈ સુધારતા.) એવી રીતે જગતના માન સન્માન અને અપમાનને પણ સમાન લેખી એમાં રાજી-નારાજ થઈશ ના. (કેમ કે એનાથી કાંઈ પુણ્ય-પાપ-બંધ યા સદ્ગતિ-દુર્ગતિ સર્જાતી નથી.)

૩. યતિધર્મનામના સંવરની ભાવનામાં શ્રાવક એ વિચારે 'ક્યારે હું બાહ્ય પૈસા પરિવાર વગેરેના પરિગ્રહને છોડીશ ? અને ક્યારે હું સંયમના ભારને સ્વીકારીશ ! અને ક્યારે હું આખા જીવનના સાર રૂપ અંતિમસંથારા એટલે કે, ભક્ત પરિજ્ઞા, ઈંગિત મરણ, તથા પાદપોપગમન અનશન કરીશ !'



સાધુ આશંસા ઈમ કરે જી, સૂત્ર ભણીશ ગુરુ પાસ;
એકલમલ્લ પ્રતિમા રહી જી, કરીશ સંલેષણ ખાસ. સ૦ ૪
સર્વ જીવ હિત ચિંતવો જી, વયર મ કર જગ મિત્ત;
સત્ય વચન મુખ ભાખીએ જી, પરિહર પરનું વિત્ત. સ૦ ૫
કામકટક ભેદણ ભણી જી, ધર તું શીલ સન્નાહ;
નવવિધ પરિગ્રહ મૂકતાં જી, લહીએ સુખ અથાહ. સ૦ ૬
દેવ મણુઅ ઉપસર્ગશું જી, નિશ્ચલ હોય સુધીર;
બાવીશ પરીસહ જીતિયે જી, જિમ જીત્યા શ્રીવીર. સ૦ ૭

---

૪. સંયમ પામેલ સાધુ આવા પ્રકારની તીવ્ર આશંસા અભિલાષા કરે કે 'હું ગુરુજીની પાસે ક્યારે સૂત્રો ભણીશ અને એકાકી પ્રતિમા (અભિગ્રહ)માં રહી એમાં વિશિષ્ટ સંલેખના, કાયસંલેખના અને કષાયસંલેખના કરીશ ? અર્થાત્ કાયા અને કષાયોને ઘસી નાખીશ ?

**'સર્વેઽપિ સુખિનઃ સન્તુ, સર્વે સન્તુ નિરામયાઃ** (નિરોગી) **સર્વે ભદ્રાણિ પશ્યન્તુ** (કલ્યાણ પામો) **મા ભૂત્ કોઽપિ ચ દુઃખિતઃ ।'** જગત આખાને મિત્ર માની સર્વ જીવ પ્રત્યે સ્નેહભાવ કેળવી કોઈની સાથે વૈર ન કરો, દ્વેષ ન કરો. હંમેશા કિંમતી માનવ મુખેથી સત્ય જ વચન બોલો અને પરના ધન ઉપર દૃષ્ટિ પણ ન નાખો; અર્થાત્ પરધન લેવાનો ત્યાગ કરો.

૬. કામ-વાસનાના સુભટોના લશ્કરનો ભેદ કરવા માટે શીલરૂપી બખ્તર પહેરી રાખ. જેથી બહારના વાસનાકારી સંયોગ પરિસ્થિતિ ઉપસ્થિત થતાં આપણા અંતરમાં શીલ બખ્તરના પ્રભાવે એના તરફ ઉપેક્ષા કરી કોઈ અસર થાય નહિ. તેથી અંદરની અનાદિની વિવિધ કામ-વાસનાના સંસ્કારોને ઉદ્બોધન ન મળવાથી એ ઘસારે પડતા જાય. એમ ધનધાન્યાદિ નવ પ્રકારના પરિગ્રહ ત્યાગ કરતા અથાગ સુખ પામીએ. સંવર ભાવનામાં 'આ બધું મારે ક્યારે બને ?'-એવી ભાવના કરતા રહેવાનું.

૭. દેવતાના કે મનુષ્યના ઉપસર્ગમાં સારા ધૈર્ય સત્ત્વવાળા બની મેરુની જેમ નિશ્ચલ થવું, નિશ્ચલ રહેવું. પરંતુ લેશ માત્ર ઉદ્વિગ્ન થાકયા કે કંટાળેલા ન બનવું, અને જેવી રીતે શ્રી મહાવીર પ્રભુએ બાવીશ પરિસહને જીત્યા તેમ આપણે પણ જીતવા. આવી આવી ભાવના કરવી કે, 'એ ધન્ય ઘડી મારે ક્યારે બને ? આત્માના અનંત કલ્યાણના સાધક ભવભેદક અને મોક્ષ-નિકટકારી આ બધા સંવરમાર્ગ મારા જીવનમાં ક્યારે આરાધવા મળે.'

# નવમી નિર્જરા ભાવનાની સજ્ઝાય

**દોહા**

દઢપ્રહારી દઢ ધ્યાન ધરી, ગુણનિધિ ગજસુકુમાર;
મેતારજ મદનબ્રહ્મો, સુકોશલ સુકુમાલ. ૧

ઈમ અનેક મુનિવર તર્યા, ઉપશમ સંવર ભાવ;
કઠિન કર્મ સવિ નિર્જર્યાં, તેણે નિર્જર પ્રસ્તાવ. ૨

---

## દુહાનો ભાવાર્થ

૧. નિર્જરા ભાવના માટે, -નિર્જરા એટલે ૬ બાહ્ય ૬ અભ્યન્તર તપ- અનશન, ઊનોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકષ્ટ, સંલીનતા, -તેમજ પ્રાયશ્ચિત્ત, ........................................................ **દઢપ્રહારીએ** ભારે ઉપસર્ગ વચ્ચે પણ મજબૂત ધ્યાન ધર્યું તેમજ ગુણનિધિ **ગજસુકુમાળ** માથે સળગતી સગડી છતાં શુભ ધ્યાનમાં અત્યંત સ્થિર રહ્યા. **મેતારજ** મુનિએ માસખમણી શરીરે ધૂમતાપમાં મસ્તકે ચામડાની વાધર વિંટાયેલી છતાં શુભધ્યાનથી દઢતા રાખી **મદનબ્રહ્મ ઝાંઝરિયા** મુનિએ રાજાની તલવારનો ઘા ઝીલતાં અને **સુકોશલ મુનિએ** પોતાનું શરીર વાઘણથી બટક બટક ચવાવા છતાં શુભધ્યાનને ચકાવ્યું !

૨. એમ અનેક મુનિવરોએ પહેલાં કષાયોના ઉપશમ ભાવ કેળવી તથા ૫૭ પ્રકારના સંવર ભાવને આત્મસાત્ કરી સર્વ કર્મ નિર્જર્યા એટલા માટે અહીં હવે નિર્જરા તત્ત્વનો પ્રસ્તાવ શરૂ થાય છે.

**દઢપ્રહારી :** બ્રાહ્મણના ઘરે ચોરી કરવા પેસવા જાય છે. ત્યાં દરવાજે આડે ગાય ઊભી હતી. ભૂખ્યો-ડાંસ દઢપ્રહારી અત્યંત ક્રોધાવેશમાં આવી ગાયને ખસેડવા એના પર તલવારનો ઘા ઠોક્યો ! ગાય મરી. ઘરની અંદર પેઠો ત્યાં ગર્ભિણી બ્રાહ્મણી સામે ધસી 'પિટ્યા ! અહીં તારા બાપનું શું દાટ્યું છે ? જા. તો દઢપ્રહારીએ અતિ ક્રોધાવેશમાં એના પેટ ઉપર તલવારનો ઘા માર્યો. બ્રાહ્મણી મરી પેટમાંથી ગર્ભ કપાઈ બહાર પડ્યો. કપાયેલું બાળક બહાર આવ્યું એ તરફડી મર્યું. ઘરમાં ખાવાનું શોધ્યું પણ મળ્યું નહિ. ધુંધવાએલો બહાર નીકળવા જાય છે, ત્યાં બહારથી બ્રાહ્મણ આવ્યો એણે દઢપ્રહારીને પડકાર્યો તો અધિક ધુંધવાયેલા એણે બ્રાહ્મણને ઠોકી પાડ્યો ! પરંતુ પછીથી ગોહત્યા, સ્ત્રી હત્યા, બાળહત્યા, ને બ્રહ્મહત્યા આમ મોટી ચાર હત્યા આવેશમાં કરી નાખવા પર ભારે પસ્તાવો થયો. લાગ્યું કે 'મારા જેવા ઘોર પાપાત્માથી ધરતી ભારે મરે છે તેથી પર્વત પરથી ઝંપાપાત કરી



આપઘાત કરી લઉં !' એમ કરવા માટે દોડ્યો; પરંતુ રસ્તામાં મુનિએ ઊભો રાખી એની હકિકત જાણીને કહ્યું કે, "એમ મરવાથી તું મરીશ પણ તારા પાપ નહિ મરે અને માનવજીવન એક સુકૃતોનું ભાજન હોવાથી જો જીવતો રહે, તો ઉપાય દ્વારા પાપનાશ કરવા ઉપરાંત એમાં નવનવા અનેક સુકૃતો ભરવાની તક છે, તે ગુમાવીશ." દઢપ્રહારી સમજી ગયો. ઉપાય તરીકે અહિંસા-સંયમ-તપનું જીવન સ્વીકાર કર્યું અને અભિગ્રહ કરી ઊભા. 'જે દિવસે પાપ યાદ આવે તે દિવસે ચોવિહાર ઉપવાસનો અભિગ્રહ !' લોકો રોજ એને ઓળખી ટોણાં-મેણાં ગડદાપાટુ વગેરે સાથે 'પાપિયા ! બિચારા આવા નિર્દોષને મારી નાખ્યો ? લે લેતો જા,' એમ સંભળાવવાથી મહાત્મા દઢપ્રહારીને ઉપવાસ પડતો, એમ ૬ મહિનાના અંતે સમતાના સાગરમાં ઝીલતો કેવળજ્ઞાન પામી મોક્ષે ગયો.

• • •

**ગજસુકુમાળ :** એ કૃષ્ણવાસુદેવના લાડિલા નાનાભાઈ, અને દેવકીમાતાને દેવતાના વરદાનથી પ્રાપ્ત થયેલ નાનડિયા આઠમા પુત્ર. દેવકીના પહેલા છ દીકરા તો જન્મતાં જ દેવે ઉઠાવી દ્વારિકામાંથી નાગપુરમાં સુલસા શ્રાવિકાને ત્યાં મૂકેલા. એ મોટા થયે દીક્ષિત થઈ દેવકીના ઘરે વહોરવા આવેલા. એમને સમાન રૂપવાળા જોઈ દેવકીએ પછીથી શ્રી નેમનાથ ભગવાનને પૂછતાં જાણ્યું કે એ પોતાના જ દીકરા હતા. એટલે એને નીસાસો પડ્યો કે 'મારે છ છ દીકરા છતાં એકેય મારો ખોળો ન ખુંદ્યો ! એક પુત્ર ખોળો ખુંદનાર નહિ ?' આ નીસાસો જાણી કૃષ્ણ વાસુદેવે અઠ્ઠમ કરી હરિણૈગમેષી દેવ પાસેથી વરદાન મેળવ્યું. પછી દેવકીને ગજસુકુમાળ પુત્ર જન્મ્યા. માતાને એથી બહુ આનંદ તેથી માતૃભક્ત કૃષ્ણ આમના પર બહુ લાડ પ્રેમ રાખતા.

એમાં નેમનાથ પ્રભુ પધાર્યા. કૃષ્ણ પરિવાર સાથે જતાં રસ્તામાં શ્રીમંત સોમિલની બહુ સુંદર પુત્રી જોઈ સોમિલ પાસેથી ગજસુકુમાળની પત્ની તરીકે માગી લીધી. પરંતુ ગજસુકુમાળ પ્રભુની વાણી સાંભળી વિરક્ત થયા તરત માતાને સમજાવી ચારિત્ર લીધું. સ્મશાને કાયોત્સર્ગ ધ્યાને રહ્યા. બહારથી આવતા સોમિલે જોઈ 'હેં મારી દીકરીનો ભવ બગાડ્યો ?' એમ ગુસ્સો કરી ગજસુકુમાળના માથે માટીની પાળ કરી એમાં ધગધગતા અંગારા ભર્યા. ગજસુકુમાળ ભાવના કરે છે.

'આ સજ્જન સોમિલે તો લગ્ન પહેલેથી દાયજામાં મને મોક્ષની પાઘડી બંધાવી મારા કર્મોનો ભાર ઉતરાવ્યો. મહા ઉપકારી. બાકી મારે તો જે મારું (જ્ઞાન દર્શન ચરિત્ર) છે તે બળતું નથી ને જે બળે છે તે મારું નથી. બળ બળ માથું બળ તું બળે એમ મારા કરમ બળી જાય.' આ ભાવનામાં કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

**મેતારજ :** મેતારજ પૂર્વભવે પુરોહિત પુત્ર, એને રાજપુત્ર સાથે સાધુની મશ્કરી કરતા એ જાણી રાજપુત્રના કાકા મહારાજ આવ્યા. પેલાઓએ એમને નચાવ્યા. મુનિએ પૂર્વે કરેલી શરતનો ભંગ થવાથી સીફતથી બંનેના હાડકાં ઉતારી નાખ્યા અને પછી નાનાભાઈ એટલે કે રાજપુત્રના બાપ રાજાના આગ્રહથી પાપના પ્રાયશ્ચિત્તરૂપે ચારિત્ર પકડાવ્યું. ચારિત્ર ઉત્તમ પાળે છે પણ પુરોહિત પુત્રને એકવાર મનમાં આવે છે કે,

'ગુરુએ ચારિત્ર તો સરસ આપ્યું પરંતુ આમ પરાણે ન અપાય, મારીને મુસલમાન કરાય ?' એવા ગુરુના ઉપરના દુર્ભાવથી એણે દુર્લભબોધિપણાનું કર્મ બાંધ્યું. બીજીવાર 'પ્રભુએ સાધુને શરીર પર થોડું પોતું ફેરવવાની પણ કેમ ના પાડી ?' એ વિચારમાં નીચગોત્ર કર્મ બાંધ્યું. ચારિત્રના પ્રભાવે બંને દેવલોકમાં ગયા. ત્યાં પુરોહિત પુત્રે મૃત્યુ પહેલા જ્ઞાનીને પૂછ્યું. 'હું ક્યાં જન્મીશ, અને મને ધર્મ મળશે કે નહિ ?' જ્ઞાનીએ કહ્યું, 'તું ભંગણીના પેટે જન્મીશ અને દુર્લભબોધિ હોઈ તને ધર્મ જલ્દી નહિ મળે.' તેથી ગભરાઈ એણે મિત્રદેવ પાસેથી કોલ લીધો કે 'દંડા મારીને સંસાર છોડાવજે.' પછીથી પુરોહિત પુત્ર ચ્યવીને ભંગણીના પેટે જન્મ્યા. એટલામાં નીચગોત્ર ભોગવાઈ ગયું અને ઉચ્ચગોત્ર ઉદયમાં આવતાં મરેલા બાળકોને જન્મ આપનારી એક શેઠાણીએ અપયશથી બચવા પોતાને હવે જન્મેલા મૃત બાળકની આ ભંગણીના બાળક સાથે બદલી કરી, અને મેતરણથી જન્મેલ એટલે એમનું નામ મેતારજ પડ્યું. સોળ વર્ષના થતાં નગરના શેઠિયાઓની આઠ કન્યા સાથે લગ્ન કરવા વરઘોડે ચડવા જાય છે ત્યાં દેવતાએ પૂર્વભવ યાદ કરાવી ચારિત્ર લેવા કહ્યું, પણ ન માન્યું તો વરઘોડા વચ્ચે દેવે ભંગણીના શરીરમાં પેસી ભંગણી પાસે ઘોડા પરથી એનો પગ ખેંચાવ્યો એમ બોલીને કે, 'ઉતર મારા પેટના, હેઠો ઉતર, ઊંચા કુળની કન્યાઓને અભડાવવી છે ?' લોકો સમજી ગયા કે મૂળ આ ભંગણીનો છોકરો.

વરઘોડો વિખરાઈ ગયો. મેતારજ ઘરે જઈ નિરાશ થઈ બેઠો. દેવ કહે છે કે, 'કેમ પરણી લીધું ? હવે ઉઠ.' આ કહે 'ફજેત થઈને સાધુ થાઉં ? આબરૂ પાછી લાવી આપ.' દેવતાએ રત્નની લીંડીઓ કાઢનારી બકરી આપી કહ્યું, 'આ રત્નનો થાળ રાજા શ્રેણિકને ભેટ કરજે.' એમ કર્યું તો રાજા પૂછે 'આવા અલૌકિક રત્નો ક્યાંથી લાવ્યો ?' આ કહે 'મારી બકરી લીંડીઓ તરીકે આજ કાઢે છે.' રાજાએ ખાત્રી કરી અને કોઈક દેવમિત્રની સહાય જાણી સગાઈ સંબંધમાં ક્યારેક ઉપયોગી થાય એ માટે સગાઈ સંબંધમાં લેવા પોતાની કન્યા મેતારજને પરણાવવાનું નક્કી કર્યું. એટલે આઠ શેઠિયા પણ ગભરાઈને પાછા પોતાની કન્યાઓ પરણાવવા આવ્યા. આમ નવ કન્યાને પરણી હવેલીમાં નવેથી વિંટળાઈ બેઠો છે.



ત્યાં દેવતા આવ્યો, 'ઊઠો..., ચારિત્ર લો.' દુર્લભબોધિ હોઈ કરગરીને બાર વર્ષની મહેતલ માંગે છે. બાર વર્ષ પૂરા થયા. દેવતા આવ્યો તો મેતારજ પાછો પત્નીઓ પાસે ૧૨ વરસની મહેતલ મંગાવે છે. એમ કરતાં બીજા ૧૨ વરસે એ દુષ્ટ કર્મ ખપી ગયું. એટલે હવે દેવતાના આવતાં સંસારનો ત્યાગ કરી ધામધૂમથી ચારિત્ર લે છે, અને પૂર્વભવના ઉગ્ર ચારિત્રના સંસ્કારથી અહીં ઉગ્ર સંયમ અને ઘોર તપસ્યા આદરે છે. એમાં એકવાર માસખમણના પારણે એક સોનીને ત્યાં ગોચરી પધારે છે. સોની રાજી રાજી થઈ ગયો. બહાર એરણ પર જવલાં ઘડતો ઊઠ્યો, મુનિને અંદર લઈ જઈને લાડુ વહોરાવે છે. વહોરીને મુનિ પાછા ફરતા જુએ છે કે ક્રૌંચપક્ષી એરણ પરથી જવલા ચણી જઈ ઝાડ પરે બેસી જાય છે. સોની પાછળ નીકળ્યો એને આ ખબર નહિ અને એરણ પર જવલા ન જોતાં મુનિ પર વહેમાયો. જવલા રાજા શ્રેણિકની નિત્ય પ્રભુભક્તિમાં સાથિયા માટે ઘડાતા હતા. રોજ ઘડતાં એ સમયસર હાજર ન કરે તો મોતનો ભય સમજી સોનીએ મુનિને તડકે ઊભા રાખી મસ્તક પર ચામડાની વાધર વીંટી.

.................................................... **'તડ તડ તૂટે ચામડી ફટ્ ફટ્ ફૂટે રે હાડ...'** પરંતુ આવા ઘોર ઉપસર્ગમાં ય મેતારજ મુનિ પૂર્વના સુકોશળ મહાત્મા વગેરેને યાદ કરતાં ભાવનામાં ચઢી કેવળજ્ઞાન પામ્યા ! તત્કાળ આયુષ્ય ક્ષય થતાં મોક્ષમાં પહોંચી ગયાં ! પછીથી ત્યાં મજૂરણે માથેથી લાકડાની ભારી નીચે પટકતાં પંખેરું ભય પામ્યું. એની ચરકમાં જવલા નીકળ્યા. સોની આ જોઈ ઘણું પસ્તાયો અને મેતારજનો મુનિવેશ લઈ તત્કાળ સાધુ થઈ નીકળી પડ્યો, અને એ પણ અંતે કર્મ ખપાવી મોક્ષે ગયો.

• • •

**મદનભ્રમ :** અર્થાત્ મદનબ્રહ્મ એ પ્રતિષ્ઠાનપુર નગરના મકરધ્વજ રાજાનો પુત્ર હતો. પિતાએ એને બત્રીશ રાજકન્યા પરણાવેલી. એકવાર ઈન્દ્રમહોત્સવે ઉદ્યાનમાં ગયેલ ત્યાં મુનિ મળ્યા. અને એમનો ઉપદેશ સાંભળી અત્યંત વૈરાગી થઈ માતાપિતાની રજા લઈ ચારિત્ર લે છે ! અને કઠોર તપસ્યાને નિર્મળ સંયમ-બ્રહ્મચર્ય પાળતાં ગુર્વાજ્ઞાથી કઠોર સંયમ પાળવા માટે એકાકી વિચરે છે. એમાં ત્રંબાવટી નગરમાં એક શેઠાણીએ ઘણા સમયથી પરદેશ ગયેલા પતિના વિરહમાં વાસનાથી વિવશ બની મુનિને ચારિત્ર મૂકી અહીંયા રહી જઈ પોતાના સ્વામી બની જવા પ્રાર્થના કરી ! મુનિ મક્કમતાથી ના કહેતાં બાઈ સાધુને વળગી મુનિના પગમાં પોતાનું ઝાંઝર ચઢાવી દે છે. મુનિ જોસ કરી છૂટી આ બિલાડીથી બચવા બજાર વચ્ચે ઝાંઝર સાથે ઉતાવળા ચાલે છે. ઝાંઝર આવી પડ્યું. ત્યારથી મુનિનું

નામ ઝાંઝરિયા મુનિ પડ્યું. લોક એમને ભ્રષ્ટ તરીકે નિંદા કરે છે પણ દૂર ચોબારે બેઠેલા રાજાએ આ સ્ત્રીનો પ્રપંચ નજરે જોયો હોઈ, સ્ત્રીને ભયંકર સજા કરે છે, અને લોક પાછું હવે મુનિના બ્રહ્મચર્યના ગુણ ગાય છે. હવે ક્રમશઃ મુનિ બેનની રાજધાનીમાં આવી લાગતાં ઝરૂખેથી રાણીને ભાઈ મહારાજને ઘણા વર્ષે જોતાં વિરહનો અગ્નિ ઉભરાયો, આંખમાં આંસુ આવ્યા; પરંતુ મુનિને નહિ ઓળખતા રાજાને વહેમ પડ્યો કે આ કોઈ રાણીનો પૂર્વનો યાર છે એટલે એણે ત્યાંથી ઊઠી નગર બહાર જઈ મોટો ખાડો ખોદાવ્યો. એ મુનિને બોલાવી ખાડામાં ઉતારી તલવારથી એમની હત્યા કરી નાખી. મહાત્મા સમતાભાવમાં ચઢી કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા. પછી તો રાજાને પણ ભ્રમ-ભાંગતાં ભયંકર પસ્તાવો થયો અને મુનિના કલેવર આગળ ભાવનામાં ચઢતાં એ કેવળજ્ઞાન પામ્યો.

• • •

**સુકોશલ**ની બાળવયમાં એના પિતા રાજા કીર્તિધરે ચારિત્ર લીધું. પત્ની રાણીને ભય લાગ્યો કે 'ક્યારેક મુનિ અહીં આવે તો કદાચ છોકરો પણ વિરાગી થઈ જાય ને બાપની સાથે સાથે જાય ! માટે મુનિને નગરમાં ન પેસવા દેવા.' એણે દરવાનોને હુકમ કર્યો કે 'બાવા-જોગી-સાધુ-સંન્યાસીઓ લોકોને ધર્મના નામે સુખથી ભડકાવી દુઃખી કરે છે માટે તમે કોઈ પણ આવા જોગી સાધુ સંતને નગરમાં પેસવા દેતા નહિ.' સુકોશલ યુવાન થઈ ગયો છે. રાજકન્યા પરણ્યો છે. એકવાર ઊંચે ઝરૂખે બેઠો જુએ છે કે નગરના દરવાજે સિપાઈઓ કોઈક સાધુને પેસવા દેતા નથી. પાસે રહેલી ધાવમાતાને પૂછતાં એ રોતી રોતી રાણીનો પ્રપંચ કહે છે. 'આ મહાત્મા તમારા પિતા જ છે.' એ પરથી પોતાની માતાનો સ્વાર્થવશ પતિ દ્રોહ જોઈ સુકોશલ સંસાર પર વૈરાગ્ય પામી જાય છે, અને તરત જ ઊતરીને પિતામુનિ પાસે જઈ ચારિત્ર સ્વીકારી લે છે. પછીથી રાણી આર્તધ્યાનમાં મરી જંગલમાં વાઘણ થાય છે. સુકોશલમુનિ પિતામુનિ સાથે વિચરતાં કઠોર તપસ્યાઓ કરે છે. એમાં એકવાર પર્વતની ગુફામાં ચોમાસાના ચાર મહિના ઉપવાસમાં પસાર કરી પારણા માટે નગર તરફ જતાં રસ્તામાં જંગલમાં પેલી વાઘણને દૂરથી ત્રાટકતી જોઈ તરત જમીન પૂંજી અનશન કરી સંથારો કરે છે, કાયા વોસરાવે છે, અને શરીર વાઘણના મોંઢે ચવાવા છતાં સુકોશલ સમભાવમાં રહી કેવળજ્ઞાન પામી મોક્ષે જાય છે. વાઘણ મોઢું બટકતી અંદરમાં સોનાનો દાંત દેખી ઊહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થતાં-પસ્તાવો થતાં ત્યાંથી પાછી ફરી.

❋ ❋ ❋



## ઢાળ નવમી

(રાગ ગોડી-મન ભમરા રે એ-દેશી)

**નવમી નિર્જર ભાવના, ચિત્ત ચેતો રે;**
**આદરો વ્રત પચ્ચક્ખાણ, ચતુર ચિત્ત ચેતો રે.**
**પાપ આલોચો ગુરુ કન્હે, ચિ૦ ધરિયે વિનય સુજાણ. ચ૦ ૧**

**વૈયાવચ્ચ બહુવિધ કરો, ચિ૦ દુર્બળ બાળ ગિલાન; ચ૦**
**આચારજ વાચક તણો, ચિ૦ શિષ્ય સાધર્મિક જાણ. ચ૦ ૨**

**તપસી કુલ ગણ સંઘના, ચિ૦ થિવિર પ્રવર્ત્તક વૃદ્ધ; ચ૦**
**ચૈત્ય ભક્તિ બહુનિર્જરા, ચિ૦ દશમે અંગ પ્રસિદ્ધ. ચ૦ ૩**

---

## નવમી ઢાળનો ભાવાર્થ

૧. હે ચતુર, બુદ્ધિમાન પુરુષો ! હવે તમે નવમી નિર્જરા ભાવનાને ચિત્તમાં ચેતો, અર્થાત્ ચિંતવો અને વ્રત-પચ્ચક્ખાણનો આદર કરો.

(નિર્જરાતત્ત્વમાં છ પ્રકારે બાહ્યતપ અને છ પ્રકારે અભ્યંતર તપ આવે છે. એમાંથી કવિ અહીં બાહ્ય તપના છએ પ્રકારનો વ્રત-પચ્ચક્ખાણમાં સમાવેશ કરે છે. કેમ કે અનશન ઉનોદરિકા, વૃત્તિ-સંક્ષેપ અને રસત્યાગ એ વ્રત નિયમથી આદરાય ત્યારે અદ્ભુત સકામ નિર્જરાનો લાભ મળે છે. તેમજ કાયકષ્ટ અને સંલીનતા પણ નિયમબદ્ધ આચરતાં મન સ્થિર બની ઉત્તરોત્તર અપૂર્વ નિર્જરા અને સત્ત્વવિકાસનો લાભ આપે છે. આમ બાહ્ય તપ પછી અભ્યન્તર તપની ભાવના બતાવે છે.)

આભ્યન્તર તપમાં ગુરુની પાસે પાપ-દુષ્કૃત્યની આલોચના અર્થાત્ પ્રકાશન કરી પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરો; અને હે સુજ્ઞાની આત્મા ! દસ પ્રકારના વિનયને જીવનમાં ધારણ કરો. આ બીજો આભ્યન્તર તપ.

(૨) આચાર્ય આદિની બહુ પ્રકારે વૈયાવચ્ચ કરો. એમાં દુર્બળ મુનિ, બાળ મુનિ, બિમાર મુનિ, આચાર્ય ઉપાધ્યાય શૈક્ષક-નૂતનમુનિ તથા બીજા સાધર્મિક સાધુઓની વૈયાવચ્ચ કરો.

(૩) એમ તપસ્વી તથા એક આચાર્યની સંતતિરૂપ કુલ તથા અનેક આચાર્યોના પરિવાર રૂપ ગણ, તેમજ અનેક ગણના સમૂહરૂપ સંઘની વૈયાવચ્ચ કરો. તથા વયસ્થવિર જ્ઞાનસ્થવિર પર્યાય સ્થવિર અને પ્રવર્ત્તક તેમજ વૃદ્ધમુનિઓની વૈયાવચ્ચ કરો; પછી ચૈત્યભક્તિ અર્થાત્ જિનમંદિર મૂર્તિના વિનય વગેરે ભક્તિ કરો;

ઉભય ટંક આવશ્યક કરો, ચિ૰ સુંદર કરી સઝાય; ચ૰
પોસહ સામાયિક કરો, ચિ૰ નિત્ય પ્રત્યે નિયમન ભાય. ચ૰ ૪

કર્મસૂદન કનકાવળી, ચિ૰ સિંહનિષ્ક્રીડિત દોય; ચ૰
શ્રી ગુણરયણ સંવત્સરુ, ચિ૰ સાધુ પડિમ દશ દોય. ચ૰ ૫

શ્રુત આરાધન સાચવો, ચિ૰ યોગ વહન ઉપધાન; ચ૰
શુકલધ્યાન સુધું ધરો, ચિ૰ શ્રી આંબિલ વર્દ્ધમાન. ચ૰ ૬

ચૌદ સહસ અણગારમાં, ચિ૰ ધન ધન્નો અણગાર; ચ૰
સ્વયંમુખ વીર પ્રશંસિઓ, ચિ૰ ખંધક મેઘકુમાર. ચ૰ ૭

---

જેનાથી કર્મની બહુ નિર્જરાનો લાભ છે; એ વાત દસમાં અંગ **પ્રશ્નવ્યાકરણ** સૂત્રમાં પ્રસિદ્ધ છે.

(૪) ઉભયટંક આવશ્યક ક્રિયા કરો; તેમ જ સુંદર શાસ્ત્ર સ્વાધ્યાય કરો, પોષધ કરો, અને રોજને માટે વિવિધ પ્રકારના ત્યાગના તથા આરાધનાના નિયમો કરો. આ બધી વસ્તુ પહેલી ચિત્તમાં ભાવવાની છે. તે એ રીતે કે 'અહો ! શ્રી જિન-શાસનમાં જનમ-જનમનાં કર્મોની નિર્જરા માટે આ બધા કેવા સુંદર સાધનો બતાવ્યા છે ! મારા જીવનમાં એ આવે તો જન્મ કેવો સફળ અને જીવન કેવું ધન્ય બની જાય ! આ એકેક બાહ્ય આભ્યન્તર નિર્જરાના પ્રકારને ક્યારે સાધું !

(૫) ક્યારે હું કર્મસુદન તપ કરું ! કનકાવલી તપ કરું ! એમ લઘુ અને બૃહત્ સિંહનિષ્ક્રીડિત એમ બે પ્રકારના તપને કરું ! એમ ક્યારે હું ગુણરત્ન સંવત્સર તપને સાધું ? તેમ ક્યારે બાર પ્રકારની સાધુ પ્રતિમા-ભિક્ષુ-પ્રતિમાને વહન કરું !

(૬) શ્રુત આગમની આરાધના સાધતાં જ રહેવું, જેથી ચિત્ત કુવિકલ્પોથી બચે. સાધુએ આગમના અધિકાર માટે યોગોનું વહન કરવું અને શ્રાવકે નમસ્કાર-મંત્રાદિના અધિકાર માટે ઉપધાન કરવા. આગળ વધતાં ધર્મધ્યાનની ઉપર શુકલ ધ્યાનને સીધું આત્મામાં લાવો. એમ વર્ધમાન આયંબિલ તપ કરો.

(૭) મહાવીર પ્રભુએ ચૌદ હજાર મુનિઓમાં તપસ્વી અને નિત્ય ચઢતે પરિણામે રહેલા **ધન્ના અણગાર**ને ધન્યવાદ આપ્યો, પોતાના શ્રીમુખે એની તથા ખંધકમુનિ અને મેઘકુમાર મુનિની પ્રશંસા કરી.



# દશમી લોકસ્વરૂપ ભાવનાની સજ્ઝાય

### દુહા

મન દારૂ તન નાલિ કરિ, ધ્યાનાનળ સળગાવ;
કર્મકટક ભેદણ ભણી, ગોળા જ્ઞાન ચલાવ. ૧

મોહરાય મારી કરી, ઊંચો ચઢી અવલોય;
ત્રિભુવનમંડપ માંડણી, જિમ પરમાનંદ હોય. ૨

### ઢાળ દશમી

(રાગ-ગોડી-જંબૂદ્વીપ માઝાર-એ દેશી.)

**દશમી લોક સ્વરૂપ રે, ભાવના ભાવીએ; નિસુણિ ગુરુ-ઉપદેશથી એ.** ૧

---

### દુહાનો ભાવાર્થ

દસમી ભાવના લોકસ્વરૂપ ભાવનાની. લોકસ્વરૂપ એટલે કે ચૌદ રાજલોક અને એમાં રહેલા પાંચ દ્રવ્યનું સ્વરૂપ. એની ચિંતવના એટલા માટે કરવાની કવિ અહીં કહે છે કે-

૧. હે દીક્ષાભિલાષી જીવ ! તનરૂપી નળીમાં, જ્ઞાનરૂપી ગોળામાં, મનરૂપી દારૂ ભરીને ધ્યાનરૂપી અગ્નિ પ્રગટાવ અને પછી આ તોપનળીમાંથી કર્મના લશ્કરની સામે સમ્યગ્ જ્ઞાનરૂપી ગોળા છોડ્યે રાખ.

૨. તેમ કરીને મોહરાજાને નષ્ટ કરીને જરા ઊંચા ચઢીને ત્રિભુવનરૂપી મંડપની માંડણી અર્થાત્ ત્રિભુવન મંડપમાં વસ્તુ વસ્તુની જે રીતે ગોઠવણ છે તેનું અવલોકન કર. એટલે કે લોકસ્વરૂપ નિહાળીને એનું ચિંતન કર, જેથી પરમ આનંદની પ્રાપ્તિ થાય. કવિએ આમ કહીને લોકસ્વરૂપ ભાવનાનું માહાત્મ્ય એવા પ્રકારથી બતાવ્યું કે પહેલાં તો આત્માને મહામોહ જે વળગ્યો છે એને હત-પ્રહત કર્યા પછી જ સાચી લોકસ્વરૂપની ભાવના થાય; અને લોકસ્વરૂપનું ચિંતન કરતાં કરતાં એમાં મન એકાકાર લાગવાથી જે લોકસ્વરૂપમાંના કોઈ એક દ્રવ્યના એક પર્યાય પર શુકલધ્યાનનું તાન લાગે છે એ પ્રબળ દાવાનળ સમાન હોવાથી ઘનઘાતીનો નાશ થઈને કેવળજ્ઞાન પ્રગટવા દ્વારા બાકીના ચાર કર્મોનો નાશ થઈને મોક્ષનો પરમ આનંદ પ્રાપ્ત થાય.

### દશમી ઢાળનો ભાવાર્થ

૧. ગુરુના ઉપદેશથી લોકસ્વરૂપને સાંભળી એની ભાવના ભાવીએ.

ઉર્ધ્વ પુરુષ આકાર રે, પગ પહુળા કરી; કર દોઉ કટી રાખીએ એ. ૨
એણે આકારે લોક રે, પુદ્ગલ પૂરીઓ; જિમ કાજળની કૂપલી એ. ૩
ધર્મ અધર્મ આકાશ રે, દેશ પ્રદેશ એ; જીવ અનંતે પૂરીઓ એ. ૪
સાત રાજ દેશૂણ રે, ઉર્ધ્વ તિરિય મલી; અધો લોક સાત સાધિકું એ. ૫
ચૌદ રાજ ત્રસનાડી રે, ત્રસ જીવાલય; એક રજ્જૂ દીર્ઘ વિસ્તરૂ એ. ૬

---

૨. એમાં લોક એટલે ચૌદરાજલોકનો પહોળા પગ કરીને ઊભેલા પુરુષના આકારે કલ્પીએ, અને એના બે હાથ કેડ પર લગાડેલ જોઈએ આવા આકારનો લોક છે. (એમાં કમરથી નીચે પગ સુધીમાં ઉત્તરોત્તર વધતી સાત પાતાળ પૃથ્વી છે અને કમરના ભાગે મધ્યલોક છે તથા ઉપરમાં ઠેઠ મસ્તક સુધીમાં મધ્યલોકે ઉપર જ્યોતિષ્ક દેવલોક છે; એની ઉપર વૈમાનિક દેવલોક અને ઠેઠ ઊંચે મસ્તકના ભાગે સિદ્ધશિલા છે.)

૩. જેવી રીતે કાજળની કુઈ કાજળથી ચિકાર ભરેલી હોય, એ પ્રમાણે આ લોક પુદ્ગલથી ચિકાર ભરેલો છે. (લોકના ખૂણે ખૂણે પરમાણુથી માંડી અનંત પ્રાદેશિક સ્કંધો ચિકાર ભરેલા છે. લોકમાં માત્ર પુદ્ગલ છે એટલું જ નહિ પણ.)

૪. લોક ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના દેશ-પ્રદેશથી તથા અનંતા જીવોથી ભર્યો પડ્યો છે. (અલબત્ત ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય માત્ર લોકવ્યાપી છે, પરંતુ આકાશસ્તિકાય લોકની બહાર પણ અનંતાનંત યોજન પ્રમાણ છે, ને એ લોકાકાશ તથા અલોકાકાશ મળી એક અખંડ આકાશાસ્તિકાય સ્કંધ છે.)

૫. ઊર્ધ્વલોક કંઈક ન્યૂન સાત રાજલોક પ્રમાણ છે. (કેમ કે સમભૂતલાથી ઉપર પૂરા સાત રાજલોક થાય. એમાં સમભૂતલાથી ઉપર જ્યોતિષચક્ર સુધીના ૯૦૦ યોજના સુધી તિર્ચ્છાલોક છે.) આ નવસો અને એની નીચે વ્યંતરનિકાય સુધીના નવસો, એમ કુલ ૧૮૦૦ યોજનનો તિર્યગ્લોક (તિર્ચ્છાલોક) કહેવાય. એ નીચેમાં મેળવતાં અધોલોક કુલ કંઈક અધિક સાત રાજલોક પ્રમાણ થાય. (આ લોક = ઊર્ધ્વલોક + અધોલોક એ દૃષ્ટિએ.)

૬. આ ચૌદ રાજલોકના ઠેઠ ઉપરથી નીચે મધ્યમાં એક રાજ લોક લાંબી પહોળી અને ચૌદ રાજલોક ઊંચી નળી જેવો ભાગ એ ત્રસનાડી છે અને એ ત્રસજીવોને રહેવાનું સ્થળ છે. ત્રસજીવો એમાં જ જન્મે, રહે, અને મરે.



ઉર્ધ્વ સુરાલય સાર રે, નિરય ભુવન નીચે; નાભિ નર તિરિ દો સુરા એ. ૭
દ્વીપ સમુદ્ર અસંખ્ય રે, પ્રભુ મુખ સાંભળી; રાયઋષિ શિવ સમજીઓ એ. ૮
લાંબી પોહોળી પણયાલ રે, લખ જોયણ લહી; સિદ્ધ શિલા શિર ઉજળીએ. ૯
ઉંચો ધનુ સય તીન રે, તેત્રીશ સાધિકે; સિદ્ધ યોજનને છેહડે એ. ૧૦
અજર અમર નિકલંક રે, નાણ દંસણમય; તે જોવા મન ગહગહે એ. ૧૧

---

૭. ઊર્ધ્વલોકમાં સારાં કિંમતી દેવવિમાનો છે. જે દેવતાઓને રહેવાનું સ્થાન છે ત્યારે નીચે અધોલોકમાં ભવનપતિદેવોના ભવનો અને નરકાવાસો છે. લોકના પુરુષ-આકારના નાભિ-સ્થાને મનુષ્યો અને પંચેન્દ્રિયતિર્યંચો તથા વ્યંતરનિકાય અને જ્યોતિષનિકાય એમ બે દેવનિકાયો છે.

૮. તિર્ચ્છાલોકમાં અસંખ્ય દ્વીપો અને સમુદ્રો છે, એ વાત ત્રિભુવનગુરુ મહાવીર પરમાત્મા પાસે સાંભળીને શિવરાજ ઋષિ, જેને સાત દ્વીપ-સાગરનું અવધિજ્ઞાન થયું હતું, અને જે એટલો જ તિર્ચ્છાલોક માની બેઠો હતો, તે હવે અસંખ્ય દ્વીપ સમુદ્ર પ્રમાણ તિર્ચ્છાલોક હોવાનું સમજી ગયો, અને પોતાના અવધિજ્ઞાનના વિકાસથી એ જોયા પણ ખરા, ને પ્રભુના વચન પર વિશ્વાસ બેઠો, તેથી પ્રભુની પાસે ચારિત્ર લીધું.

૯. આ ૧૪ રાજલોકના ઉપરના મથાળે ૪૫ લાખ યોજન લાંબી પહોળી ઉજ્જવળ સ્ફટિકરત્નની સિદ્ધશિલા છે.

૧૦. ઉપર એક યોજનને છેડે ઉપરના કંઈક-અધિક ૩૩૩ ધનુષ્યના આકારમાં અનંતા સિદ્ધ ભગવાનો બિરાજમાન છે.

૧૧. એ સિદ્ધ ભગવાનો અજર છે; જરારહિત છે; અમર છે મૃત્યુને પાર કરી ગયેલા છે; નિષ્કલંક છે કર્મ અને રાગાદિ દોષના કલંક રહિત છે; ને અનંતજ્ઞાન દર્શનમય છે. એવા સિદ્ધ ભગવાનને જોવા મારું મન ગહગહી રહ્યું છે ઝંખી રહ્યું છે. (કવિ આમ કહીને અનંતાનંત સિદ્ધોનું દર્શન અને ઠેઠ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની તીવ્ર આશંસા-અભિલાષા વ્યક્ત કરી રહ્યા છે; કારણ કે સિદ્ધશિલા તો રૂપી પદાર્થ હોઈ હજી અવધિજ્ઞાનથી જોઈ શકાય, પરંતુ નિરંજન નિરાકાર સિદ્ધ ભગવાન તો કેવળજ્ઞાન-રૂપી ચક્ષુથી જ પ્રત્યક્ષ જોઈ શકાય.)

# અગિયારમી બોધિદુર્લભ ભાવનાની સજ્ઝાય

**દોહા**

વાર અનંતી ફરસીઓ, છાલીવાટક ન્યાય;
નાણ વિના નાવિ સાંભરે, લોક ભ્રમણ ભડવાય. ૧

રત્નત્રય ત્રિહું ભુવનમેં, દુલહાં જાણી દયાળ;
બોધિરયણ કાજે ચતુર, આગમખાણિ સંભાળ. ૨

## બોધિદુર્લભ ભાવનાના દુહાનો ભાવાર્થ

૧. અગિયારમી બોધિદુર્લભ ભાવનામાં બોધિરત્ન-સમ્યક્ત્વરત્નાદિ રત્નત્રયીરૂપી જૈન ધર્મની પ્રાપ્તિ કેટલી બધી દુર્લભ છે એ વિચારવાનું છે. વિચાર આ રીતે કે, આપણો જીવ આ સંસારમાં અનંતીવાર છાલીવાટક ન્યાયથી લોકના ખૂણે ખૂણે ભટક્યો છે. 'છાલી' અર્થાત્ બકરી, વાટક=વાડામાં હરતી ફરતી વાડાના ખૂણે ખૂણે ફરતી. બેસતી ઊભી રહેતી હોય છે. કોઈ ખૂણો બાકી નથી જ્યાં બકરી ન બેઠી ઊઠી હોય, એમ જીવ ચૌદે રાજલોકના ખૂણે ખૂણે ભટકતો રહ્યો છે. એક પ્રદેશ ખાલી નથી કે જ્યાં જીવ અનંતીવાર જનમ્યો મર્યો ન હોય. આવા અફાટ સંસાર-ભ્રમરમાં અનંત કાળ વીતવા છતાં બોધિરત્ન ન મળ્યું એ કેટલી મોટી દુર્લભતા !

૨. ત્રણ ભુવનમાં દર્શન જ્ઞાન ચારિત્રરૂપી ત્રણ રત્ન પ્રાપ્ત કરવા દુષ્કર અતિ દુષ્કર છે, મહાદુર્લભ છે. (હજી ત્યાગ-તપના કષ્ટ સહન કરીને ઊંચા સ્વર્ગના સુખ મળવા સુલભ, પરંતુ સમ્યગ્દર્શન આદિ બોધિરત્ન સુલભ નથી.) એમ સમજીને હે દયાવંતા ચતુર જીવ ! મહેનત કરે તો બોધિરત્ન માટે મહેનત કર; અને એ માટે જિનાગમની ખાણનો આશરો લે. (એની કાળજી અને એનો પ્રયત્ન આદર.)

(કેમ કે જિનાગમના જિનવચનના શ્રવણ મનન અને પરિણતિથી સાચા તત્ત્વનો પ્રકાશ થાય છે; અને તેથી મિથ્યાત્વ દૂર થઈ સમ્યક્ત્વની પ્રાપ્તિ.)



## ઢાળ અગિયારમી

(રાગ-ખંભાતી)

દશ દૃષ્ટાંતે દોહિલો, લાધો મણુઅ જન્મારો રે;
દુલ્લહો અંબર-ફૂલ જ્યું રે, આરજ ઘર અવતારો રે,
**મોરા જીવન રે,** બોધિ ભાવન ઇગ્યારમી રે,
ભાવો હૃદય મઝારો રે. મો૦ ૧
ઉત્તમ કુળ તિહાં દોહિલો, સદ્ગુરુ ધર્મ સંયોગો રે;
પાંચે ઇંદ્રિય પરવડાં, દુલ્લહો દેહ નિરોગો રે. મો૦ ૨
સાંભળવું સિદ્ધાંતનું રે, દોહિલું તસ ચિત્ત ધરવું રે;
સૂધી સદ્દહણા ધરી, દુક્કર અંગે કરવું રે. મો૦ ૩

## ઢાળનો ભાવાર્થ

૧. હે ભવ્યાત્મા ! વિચાર કે બોધિરત્ન તો શું, પણ તે પહેલાં મનુષ્યજન્મ પણ કેટલો બધો દુર્લભ મળ્યો છે ! કે શાસ્ત્ર જેના માટે દુર્લભતાના દસ દૃષ્ટાન્તો બતાવે છે. એમાં ય આર્યઘરમાં મનુષ્ય અવતાર, એ તો વળી આકાશ કુસુમની જેમ દુર્લભ છે. (જો કે આકાશ-કુસુમ તો તદ્દન અસત્ હોવાથી દુર્લભ નહિ પણ અલભ્ય જ છે કિન્તુ ૨૯ આંકડાની જંગી મનુષ્ય સંખ્યામાં આર્ય કુળમાં મનુષ્ય તરીકે આવેલા એ નહિવત્ જ છે. એ હિસાબે અહીં આકાશ કુસુમની ઉપમા આપી છે.)

(૨) હે મારા જીવન ! મારા પ્રાણ ! મારા અનંતગુણના આધાર ! ચેતન હૃદયની આ અગ્યારમી બોધિ દુર્લભ ભાવનામાં ચિંતવવું, એ વિચારવું કે આર્યકુળમાં પણ ઊંચા સંસ્કારવાળું ઉત્તમ કુળ છે એમાં પણ સદ્ગુરુનો સંયોગ મળવો દુર્લભ છે કેમ કે એવા દૂર દેશમાં વસવાટ હોય તો સારા ગુરુનો યોગ ન જલ્દી મળે અને એ બી કદાચ મળે છતાંય ગુરુ મૌન સાધના કરનારા હોય ને ઉપદેશ ન દેતા હોય તો એમની પાસે ય ધર્મશ્રવણનો યોગ મળવો દુષ્કર છે. વળી ગુરુનો ને ધર્મશ્રવણનો સંયોગ કદાચ હોય તો ગુરુને દેખવા સાંભળવા આંખ સહિત પાંચ ઇન્દ્રિય પણ મળવી દુર્લભ છે. હજી એ મળે તો વધારામાં શરીરનું આરોગ્ય મળવું દુર્લભ.

(૩) એમાં પણ શાસ્ત્રનું શ્રવણ મેળવવું એ ય દુર્લભ (કેમ કે એની આડે ૧૩ કાઠિયા નડે છે.) શાસ્ત્રની વાતો ચિત્તમાં ઊતરવી દુર્લભ એમાંય ચિત્તમાં ઉતર્યા પછી એના પર સાચી શ્રદ્ધા થવી એ વળી દુર્લભ છે. શ્રદ્ધા થયા પછી પણ પોતાના જીવન માટે અંગીકાર કરવું એ દુષ્કર છે.

સામગ્રી સઘળી લહી રે, મૂઢ મુધા મત હારો રે;
ચિંતામણિ દેવે દીઓ, હાર્યો જેમ ગમારો રે. મો૦ ૪
લોકકીલકને કારણે, યાન જલધિમાં ફોડે રે;
ગુણકારણ કોણ નવલખો, હાર હીયાનો ત્રોડે રે. મો૦ ૫
બોધિરયણ ઉવેખીને, કુણ વિષયા-રથ દોડે રે;
કાંકર મણિ સમવડિ કરે રે, ગજ વેચે ખર હોડે રે. મો૦ ૬

(૪) આ રીતે જ્યારે અહીં સઘળી દુર્લભ સામગ્રી મળી ગઈ છે, તો મૂઢ બનીને એનો સદુપયોગ કર્યા વિના ફોગટ હારી ન જાઓ; નહિ તો પેલા ગમાર જેવું થશે કે જેને દેવતાએ તો એની તપસ્યાથી તુષ્ટ થઈ ચિંતામણિ રત્ન આપ્યું, કિન્તુ એને લઈને નાવડીમાં મુસાફરી કરતાં ચાંદનીના પ્રકાશમાં એની ચમક જોવા રમતમાં હાથમાં ઉછાળ્યા કરતો હતો એમાં એકવાર જરા વધારે ઊંચું ઊછળી પડ્યું અને હાથમાં એ પાછું આવે એ પહેલાં જ નાવડી નીચેથી પસાર થઈ ગઈ ને રત્ન દરિયામાં જ પડ્યું. ગમાર એને ગુમાવી બેઠો. (હવે જેમ ગુમાવેલ ચિંતામણિરત્ન મળવો મુશ્કેલ, તેમ ગુમાવેલ મનુષ્ય જન્મ વગેરે સામગ્રી મળવી મુશ્કેલ.) જેમ ગમારે ચિંતામણિ રત્ન ગુમાવતાં આ જીવનના મહાન વૈભવ-સુખ-સંપત્તિ ગુમાવી, એમ મનુષ્ય જન્મ વગેરે સામગ્રી ગુમાવતાં પરલોકની મોક્ષ સુધીની અનંતી આત્મ-સંપત્તિ ગુમાવી.

૫. સમુદ્રમાં ચાલી રહેલા જહાજને એક લોઢાના ખીલા માટે જહાજમાંથી એ કાઢતાં જહાજને કોણ તોડી નાખે ? એમ એક દોરા માટે નવલખા હારમાંથી દોરો કાઢી લઈ હારને કોણ તોડી નાખે ?

૬. એવી રીતે બોધિરત્ન બહુ સહેલાઈથી પ્રાપ્ત કરાવનારી ઉપરોક્ત અતિ અતિ દુર્લભ સામગ્રી પ્રાપ્ત કર્યા પછી અનંતા જન્મ-મરણની આપદાને મિટાવનારી મહા કિંમતી એ બોધિરત્નની ઉપેક્ષા કરીને કોણ વિષયાસક્તિના રથમાં પૂરજોસથી દોડતો જાય ? ઉપરોક્ત ઉત્તમ સામગ્રી મળ્યા પછી બે ય સુલભ છે,-બોધિરત્ન અને વિષયસુખો, પરંતુ બોધિરત્ન એ ઉત્તમોત્તમ હિતકર રત્ન છે ! ત્યારે વિષયસુખ કાંકરા સમાન છે. તેથી 'ના, જેને બોધિરત્ન લેવું હોય એ લે આપણે તો વિષયસુખ લો' એમ કરનારો મૂર્ખ કાંકરા અને રત્નને સમાન કરી લે છે ! વિષયસુખો તો



ગીત સુણી નટને કહ્યું રે, ક્ષુલ્લક ચિત્ત વિચાર્યું રે;
કુમરાદિક પણ સમજિયા રે, બોધિરયણ સંભાર્યું રે. મો૦ ૭

પશુ-જન્મ વગેરે સામગ્રીથી મળી શકે છે, એટલે એ વિષયસુખો ગધેડા સમાન છે; જ્યારે બોધિરત્ન તો અતિ દુર્લભ મનુષ્ય-જન્મ વગેરે સામગ્રીથી જ મળી શકે છે, અને એ ઐરાવત હાથી સમાન છે. હવે આ અતિ કિંમતી ઐરાવણ હાથી સમાન બોધિરત્ન અપાવનાર ઉત્તમોત્તમ મનુષ્ય-જન્મ આદિ સામગ્રીની સગવડ થયા પછી ગધેડા સમાન વિષયસુખો લેવાનું પસંદ કરવું, એ ઐરાવણ હાથીને ગધેડા માટે વેચી નાખવા બરાબર છે.

**'બહોત ગઈ થોડી રહી, મત કર રંગ મેં ભંગ'** એવું ચાર વારના ખેલથી થાકેલા નટની પ્રત્યે નટડી વડે ફરીથી પાંચમી વાર ઊંચા દોરડા પર ખેલ કરવાનું કહેવાયેલું ગીત સાંભળીને ક્ષુલ્લક મુનિએ ચિત્તમાં એનો બોધ વિચાર્યો. (અને હવે બાકીની થોડીશી જિંદગી માટે ચારિત્ર ન ભાંગવાનું નક્કી કર્યું.) એવી રીતે પિતાનું ખૂન કરી રાજ્યગાદી બથાવી લેવાના મનસુબાવાળા રાજકુમાર, દિવાન, શેઠાણી વગેરે પણ સમજી ગયા, અકાર્યની બુદ્ધિ પડતી મૂકી, અને સૌએ ચારિત્રરૂપી બોધિરત્ન સંભારી લીધું.

**ક્ષુલ્લકમુનિની કથા :** પતિ રાજાનું ભાઈના દ્રોહથી મૃત્યુ થતાં ગર્ભિણી રાણી ભાગી, અને પરદેશમાં સાધ્વીજી પાસે ચારિત્ર લીધા પછીથી ગુરુણીને ગર્ભની ખબર પડતાં ખુલાસો કર્યો. તો ગંભીર શ્રાવકે પોતાને ત્યાં ખાનગીમાં ભોંયરામાં પ્રસૂતિ કરાવી. જન્મેલા પુત્ર માતા સાધ્વીના અને ગુરુના સત્સંગથી વિરાગી થયો, અને બાર વર્ષની ઉંમરે ચારિત્ર લીધું. એ નાના હતા માટે ક્ષુલ્લક મુનિ તરીકે ઓળખાયા. યુવાનીમાં મોહના વિકારો જાગ્યા. દબાવવા પ્રયત્ન કરવા છતાં એ દબ્યા નહિ. દીક્ષાના બાર વર્ષ પછી માતા સાધ્વીને કહે, 'મારાથી ચારિત્ર નહિ પળાય, માટે મને સંસારમાં જવા દે.' સાધ્વીએ વિષયોની ભયાનકતા, મનુષ્ય જન્મની દુર્લભતા, અને ચારિત્ર માટે એક માત્ર ભવ મનુષ્યભવ...વગેરે સમજાવ્યા છતાં ક્ષુલ્લક મુનિ ચારિત્રમાં સ્થિર ન થયા; ત્યારે સાધ્વીજી અંતે કહે,-'નવ નવ મહિના પેટમાં રાખીને પોષવાનો તથા જન્મ અને સંસ્કારો આપવાનો જો તમારા ઉપર મારો ઉપકાર હોય તો મારી ખાતર બાર વર્ષ ચારિત્રમાં રહી જાઓ.'

માતાના દાક્ષિણ્યથી પુત્ર મુનિએ કબૂલ્યું, અને ૧૨ વર્ષ રહી ગયા. પણ બાર વર્ષ વીત્યા પછી ફરીથી માતા સાધ્વીને પાસે સંસારમાં જવાની રજા માગે છે એટલે માતાએ કહ્યું, 'ગુરુણી મહારાજને પૂછીને જાઓ.' ત્યારે ગુરુણીએ પણ બાર વર્ષ માગ્યાં તો તે પણ કબૂલી વળી બાર વર્ષ પાળ્યું. એ પછી પૂછતાં ગુરુણી કહે, 'અહો મહાનુભાવ ! ૩૬-૩૬ વરસ સંયમ પાળ્યું, એમાં સુખ ન લાગ્યું ? તે સંસારની આગમાં સુખ પામશો ? ખેર, આચાર્ય મહારાજને પૂછો.' આચાર્ય મહારાજે પણ બાર વર્ષ માગ્યા; અને તે પ્રમાણે કબૂલીને પાળ્યું. એમ કરતાં ૬૦ વર્ષની ઉંમર થઈ. એટલે હવે માતા સાધ્વી પેલા ગંભીર શ્રાવકને ત્યાંથી એના પિતાના નામની વીંટી તથા કામળી અપાવી કહે છે. 'જાઓ કાકા રાજા પાસે પહોંચી જાઓ, અને ઓળખ આપજો, એટલે એ તમને રાજ્યભાગ આપશે.'

ક્ષુલ્લક મુનિ એ લઈને સાધુ-વેશમાં જ કાકાની રાજધાનીમાં પહોંચ્યાં ત્યાં રાજગઢમાં નટ ઊંચા વાંસને બાંધેલા દોરડા પર નોધારો નૃત્ય કરી રહ્યો હતો. એ જોવાને રાજા પણ ત્યાં બેઠો હતો, કિન્તુ નટનો નાચ જોવાને બદલે નીચે ગાતી અને ઢોલ બજાવતી રૂપાળી નટડીના રૂપને જોવામાં એ પડેલો ! અને 'બહુ ઊંચેથી નટ પડીને મરે તો સારું, જેથી નટડીને હાથ કરી લઉં !' એમ ચિંતવે છે. ખેલ પૂરો કરી નટ પહેલું રાજા પાસે દાન માગવા આવ્યો. ત્યાં રાજાની દાનત ખોટી હતી એટલે કહે 'રાજખટપટની ચિંતામાં તારો ખેલ મેં બરાબર જોયો નહિ. માટે ફરીથી ઊંચે દોરડે ચડીને ખેલ કર.' એમ કંઈક ને કંઈક બહાનાથી ત્રણ વાર ફરી ફરી ખેલ કરાવ્યો. હવે જ્યારે હજી બહાનું કાઢી ફરીથી ખેલ કરવા રાજા કહે છે, ત્યારે થાકેલા એ નટમાં હવે હોંશ નથી, પણ નટડી સમજે છે કે 'હવે આ છેલ્લી વાર છે કેમ કે પછી તો સવાર થઈ જશે એટલે ખેલ કરવાનો રહેશે નહિ. તો પછી થોડાક માટે શા સારુ પાછી પાની કરવી ?' એમ વિચારીને નટડી ઢોલ બજાવતી ગાય છે કે, 'બહોત ગઈ થોડી રહી, મત કર રંગમેં ભંગ.' નટને ઉદ્દેશીને કહેવાયેલા આ ગીતને સાંભળી ત્યાં જેવી રીતે રાજકુમાર, દિવાન, શેઠાણી અને રાજા બુઝ્યા, એવી રીતે ક્ષુલ્લક મુનિ પણ બૂઝી ગયા, અને ચારિત્રમાં પાછા આવી ગયા.

રાજકુમારને લાગ્યું હતું કે 'બાપાજી બુઢ્ઢા થવા આવ્યા છતાં લોભથી રાજગાદી છોડતા નથી માટે હવે મારાઓ પાસે એમનું કાટલું કઢાવી નાખું, અથવા સિપાઈઓને



હાથમાં લઈ બાપાજીને જેલમાં બેસાડી દઉં, અને રાજગાદીએ ચઢી બેસું.' પરંતુ ઉપરોક્ત ગીત કડી સાંભળીને સમજ્યો કે 'અહીં કેટલું જીવવું છે ? એમાં નીચ થઈ આવું ગોઝારું કૃત્ય કરી શા સારું મનુષ્યપણે આ ઉત્તમ જીવનની ઉચ્ચતાના રંગમાં ભંગ કરું ?' એમ સમજીને નટની સામે યુવરાજપણાની વીંટી ઈનામમાં ફેંકી !

બરાબર એ જ વખતે દિવાન કે જે દુશ્મન રાજાની સાથે ખાનગીમાં મળી જઈ અહીં એની લશ્કર સહિત ચઢાઈ લાવવાનો હતો, એ પણ બુઝી ગયો અને એણે નટ તરફ મંત્રીપણાની વીંટી ફેંકી !

એક શેઠાણી જેના પરદેશ ગયેલા પતિનો બાર વર્ષથી પત્તો ન હતો, હવે એ બીજો ધણી કરી લેવાના નિર્ધારમાં આવી અને એ પણ બુઝી ગઈ, અને અનુચિત વિચાર પડતો મૂકી નટની સામે હીરાનો હાર ઈનામમાં ફેંક્યો !

આ વખતે ક્ષુલ્લક મુનિએ કામળ અને વીંટી ઈનામમાં ફેંકી ત્યારે રાજાએ બધા ઈનામોનું કારણ પૂછ્યું અને એના ખુલાસા જાણી પોતે પણ બુઝી ગયો. ક્ષુલ્લક મુનિએ ઉપદેશ આપ્યો. રાજા, દિવાન તથા શેઠાણીએ ચારિત્ર રત્નરૂપી બોધિરત્ન અંગીકાર કર્યું.



# બારમી ધર્મ-સ્વાખ્યાત ભાવનાની સજ્ઝાય

### દોહા

પરિહર હરિ હર દેવ સવિ, સેવ સદા અરિહંત;
દોષ રહિત ગુરુ ગણધરા, સુવિહિત સાધુ મહંત. ૧

---

### ધર્મ-સ્વાખ્યાત ભાવનાના દુહાનો ભાવાર્થ

બારમી ધર્મસ્વાખ્યાત ભાવના ભાવવાની છે. ધર્મસ્વાખ્યાત એટલે અહો ! આ અનાથ જગતમાં વીતરાગ સર્વજ્ઞ શ્રી જિનેશ્વર ભગવંતોએ કેટલો સુંદર અને અનંત કલ્યાણકર ધર્મ બતાવ્યો છે ! કવિ આની ભાવના માટે એમ કહે છે કે, 'હે ભવ્યાત્મા ! તું મિથ્યા ધર્મના ઈષ્ટદેવ તરીકે મનાયેલ વિષ્ણુ મહાદેવ વગેરે બધા દેવોને માનવાનું છોડી દે અને અઢાર દૂષણ રહિત અરિહંત પરમાત્માની હંમેશ ભક્તિ-આરાધના કર અને ગુરુગણધર મહારાજો તથા સારા ચારિત્રવાળા સાધુ મહંતોની હંમેશા સેવા કર. (અને જો આ સુદેવ સુગુરુ મળ્યાની કદર સમજતો હોય તો) તારી મિથ્યા દેવ ગુરુ માનવાની કુમતિ અને પાપસિદ્ધાન્તો માનવાનો કદાગ્રહ છોડી દે. એના બદલે શ્રુતધર્મ અને ચારિત્રધર્મનો વિચાર કર, શ્રુતધર્મ એટલે જિનાગમ-શાસ્ત્રરૂપી ધર્મના સ્વાધ્યાય-પારાયણના ધર્મની તથા ચારિત્રધર્મ એટલે પંચમહાવ્રત, સમિતિ-ગુપ્તિ અને સાધ્વાચારોની, પવિત્રતા, અગાધતા તથા એકાંત-હિતકરતા અને અતિ દુર્લભતાનો વિચાર કર. સમજી રાખ કે આ ધર્મ સંસાર-સમુદ્ર તરી જવા મોટ જહાજ સમાન છે. માટે એને હંમેશા હૈયામાં ધારણ કર, એના પર ખૂબ ચિંતન મનન કર.

### ઢાળનો ભાવાર્થ

૧. બારમી ભાવના આ રીતે ભાવનાની છે કે અહો ! શ્રી જિનેશ્વર ભગવંતોને લાખ લાખ ધન્યવાદ છે કે જેમણે જગતને એકાંતે રૂડો જૈનધર્મ પ્રરૂપ્યો છે. અહો આ ધર્મ કેવો આ ભવ અને પરભવમાં સુખદાયી બતાવ્યો છે ! હે જીવડા ! આવા સુંદર જિનકથિત ધર્મને પામીને તું જીવનભર એની સેવા કર, આરાધના કર. (કારણ કે વિશ્વમાં અતિ દુર્લભ એવો આ ધર્મ મહાદુર્લભ જૈન માનવકુળમાં જનમવાની એક અદ્‌ભુત બક્ષીસરૂપ છે ! તો એને શા માટે એળે જવા દેવી ? હંમેશા એવી આરાધનાની ઝંખના રહે એ માટે)



કુમતિ કદાગ્રહ મૂક તું, શ્રુત ચારિત્ર વિચાર;
ભવજળ તારણ પોતસમ, ધર્મ હિયામાં ધાર. ૨

### ઢાલ બારમી

ધન ધન ધર્મ જગહિતકરું, ભાખીઓ ભલો જિનદેવ રે;
ઈહપરભવ સુખદાયકો, જીવડા જનમ લગે સેવ રે. ૧

**ભાવના સરસ સુરવેલડી,** રોપ તું હૃદય આરામ રે;
સુકૃત તરૂ લહિય બહુ પસરતી, સફળ ફળશે અભિરામ રે. ભા૦ ૨

ખેત્રશુદ્ધિ કરીય કરુણા રસે, કાઢી મિથ્યાદિક સાલ રે;
ગુપ્તિ ત્રિહું ગુપ્તિ રૂડી કરે, નીક તું સુમતિની વાળ રે. ભા૦ ૩

---

૨. તારા હૃદયરૂપી બગીચામાં કલ્પવૃક્ષની વેલડી સમાન સરસ ભાવનાને ઉગાડ. હૃદયમાં આ સુ-આખ્યાત-સુકથિત ધર્મ પર મહાન અહોભાવ સાથે વારંવાર એની ભાવના કરવાથી આત્મામાં એ આરાધવાની હોંશ અને જોમ પ્રગટે છે એ ભાવના સુકૃતરૂપી વૃક્ષને પામીને હૃદયમાં સારી પ્રસરે છે. અર્થાત્ જેમ જેમ સારા સારા દાનાદિ સુકૃતો, અહિંસાદિ આચારો અને જિનભક્તિ આદિ સુંદર અનુષ્ઠાન વગેરે સેવતા જવાય તેમ તેમ અમૂલ્ય ધર્મની ભાવના વધતી રહે છે. કહો કે સુકૃતો એ વૃક્ષ છે, ભાવના એ વેલડી છે. વૃક્ષને વળગીને વેલડી ઊંચે ઊંચે વધતી રહે એમાં નવાઈ નથી, અને અંતે એ ભાવના સુંદર રીતે ફળને આપનારી બનશે. તાત્પર્ય, ભાવના વારંવારની ભાવવાથી આત્મા ભાવિત થતાં ધ્યાન-શક્તિ પ્રગટે છે; તેથી ઉપર ઉપરના ગુણસ્થાનકે ચઢવાની શક્તિનું સુંદર ફળ ઊભું થાય છે.

૩. જ્યારે ભાવનાની વેલડી હૃદયમાં ઉગાડવી છે તો હૃદય એ ક્ષેત્ર (ખેતર) થયું, અને ક્ષેત્રને શુદ્ધ કર્યા વિના વેલડીનો સારો ઊગમ થાય નહિ. એ ક્ષેત્ર શુદ્ધિ માટે હૃદયમાંથી મિથ્યાત્વ કદાગ્રહ-તીવ્ર આંતર શત્રુ કામક્રોધાદિ વગેરે શલ્યોને હે જીવ ! તું હટાવી દે, અને હૃદયની અંદર કરુણારસ વહેવડાવી દે. જેથી એમાં ભાવનાની વેલડી સારી ઊગે. જીવો પર કરુણા લાવ્યા વિના દિલ કોમળ બને નહિ, તો એમાં શુભ ભાવનાની વેલડી ઊગે નહિ માટે જીવો પર દ્રવ્ય કરુણા અને ભાવ કરુણા કર. ભાવ કરુણા એટલે કે ભૂલતા જીવો, પાપમાં પડેલા જીવો, અધર્મમાં રક્ત, કષાયથી પકડાયેલા, અથવા અજ્ઞાન પ્રમાદી જીવો પર જરાય દ્વેષ નહિ કિન્તુ એમને સદ્‌બુદ્ધિ મળે એવી નીતરતી દયા દિલમાં પહેલાં લાવવી જોઈએ.

**સીંચજે સુગુરુ વચનામૃતે, કુમતિ કંથેર તજી સંગ રે;**
**ક્રોધ માનાદિક સૂકરા, વાનરા વાર અનંગ રે.** ભા૦ ૪

વળી આ હૃદયભૂમિની અંદર સુમતિની નીક વાળવી જોઈએ, જેથી હૃદયમાં સદા શુભમતિનું પાણી વહ્યા જ કરે; તો જ એના પર સુંદર ભાવનાઓ ઊગી શકે. કવિએ આ નીકની ઉપમા મજેની કહી; કેમ કે શુભમતિ નિરંતર વહેતી રહે એવું કરવું જરૂરી છે; નહિતર જો વચમાં વચમાં એ અટકી જઈને અશુભ મતિ; અશુભ ભાવ, અશુભ વિચાર દિલમાં વહેતો થાય તો ત્યાં શુભ ભાવના સુકાઈ જાય છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિ સંયમની સુંદરમતિ ઉપર શુભ ધર્મ-ધ્યાનમાં રક્ત હતા; પરંતુ જ્યાં પુત્રના મોહથી પુત્ર પ્રત્યે દિવાન દ્રોહ કરનારો લાગ્યો ત્યારે એના પર દ્વેષ-ગુસ્સાની અશુભમતિ દિલમાં વહેતી કરી, તો ધર્મ ભાવના લુપ્ત થઈ ગઈ અને યુદ્ધની પાપ ભાવના ઝળકી ઊઠી ! એટલે જ શુભમતિ સુમતિની નીક હૃદયભૂમિ પર સદા વહેતી રહેવી જોઈએ. આ શુભમતિની વહેતી નીક ઉપર વધતી ધર્મભાવના હૃદયમાંથી ખસી ન જાય એ માટે હૃદયને ત્રણ ગુપ્તિ અર્થાત્ મનોગુપ્તિ, વચન ગુપ્તિ કાયગુપ્તિની ત્રણ વાડ આ ત્રણ પાળ બનાવી દેવી જોઈએ. ગુપ્તિ એટલે અશુભની નિવૃત્તિ અને શુભ વિચાર-વાણી-વર્તાવની પ્રવૃત્તિ. આ જો સલામત ન રહેતી હોય, અને એના બદલે અશુભ વિચાર વાણી કે વર્તાવ હૃદયમાં ઊભા થઈ જાય, તો ધર્મભાવનાને ટક્કર લાગી જાય છે. દા.ત., શાસ્ત્ર સાંભળતા જો ડાફોળીયા મરાય કે કૂથલીમાં પડાય તો શાસ્ત્રશ્રવણથી દિલમાં રમતી ધર્મભાવના તે વખતે લુપ્ત થઈ જાય છે અને મન રાગદ્વેષ ને બહિર્ભાવમાં ચાલ્યું જાય છે. અહો ! શ્રી જિનેશ્વર ભગવંતોએ આવી બધી તકેદારીવાળો કેવો સુંદર ધર્મ કહ્યો ! એમ આ ધર્મ-સ્વાખ્યાત ભાવનામાં ચિંતવવાનું છે.

૪. હે ભવ્યાત્મન્ ! સદ્ગુરુના વચનામૃતનાં શ્રવણ કરી કરીને ભાવનાનું સિંચન કરતો રહેજે. કારણ કે અકવાર શાસ્ત્ર સાંભળીને ધર્મભાવના ઊભી તો કરી, કિન્તુ જગતના ચારેકોર છવાઈ ગયેલા મોહના પ્રસંગોના વાતાવરણનાં તાપમાં ધર્મભાવનાની વેલડી સુકાઈ જતાં વાર નથી લાગતી. એ તો એના પર સંયમી નિસ્વાર્થ સદ્ગુરુ પાસેથી વારંવાર ધર્મોપદેશનાં અમૃતવચનો સાંભળ્યા કરાય તો જ ધર્મભાવના હંમેશા નવપલ્લવિત રહે. સાથે આ પણ ધ્યાન રાખવાનું છે કે જ્યાં જ્યાં કુમતિ-પાપમતિ રાગદ્વેષની પોષક મતિ તથા બહિર્ભાવના વિચાર ઊભા કરે, તથા એવાં કાંટાળા ઝાડ સમાન પાપસંયોગો પાપનિમિત્તો અને અકલ્યાણ-મિત્રોનો યોગ થાય, ત્યાં પણ ધર્મભાવના લુપ્ત થઈ જાય છે. દા.ત., માણસ સારામાં સારું



વૈરાગ્યનું વ્યાખ્યાન સાંભળી પિક્ચર જોવા જાય કે વિલાસી નોવેલ નવલિકા વાંચે તો પેલા વ્યાખ્યાનથી ઝગમગેલી ગમે તેવી વૈરાગ્ય ભાવના મોળી પડી જતાં કે નષ્ટ થતાં વાર લાગતી નથી. એટલે હંમેશા એવા કુમતિ-પ્રેરક અશુભ નિમિત્તોનો સંગ કરવો નહિ. એ કાંટાળા ઝાડ સમાન છે.

**સિંહગુફાવાસી મુનિ** વેશ્યાને ત્યાં ચોમાસું સ્થૂલભદ્ર પ્રત્યેની ઈર્ષ્યાથી કરવા ગયા હતા, પરંતુ લેશમાત્ર કામવાસનાથી નહિ; છતાં ત્યાં રૂપાળી વેશ્યાના માત્ર દર્શનનું નિમિત્ત પણ કાંટાળા ઝાડ સમાન હતું. તેથી એ નિમિત્ત મળતાં એમને ભોગની કુમતિ જાગી, તો સંયમધર્મની ભાવના નષ્ટ થઈ ગઈ ! કેવો રુડો જૈનધર્મના ચારિત્રનો યોગ ! છતાં કુમતિના નિમિત્તે એ સંયમભાવને હત-પ્રહત કરી નાખ્યો !

એ પણ ધ્યાન રાખવાનું છે કે પવિત્ર હૃદય ભૂમિ પર ઊગેલી શુભભાવનાની વેલડીઓ, જો ત્યાં હૃદયમાં ક્રોધ માન માયા અને લોભ રૂપી ડુક્કરો ફરતા થઈ જાય, તો ભાવનાની વેલડીને ચાવી ખાય છે. એમ હાસ્ય શોક રતિ અરતિ વગેરે પણ ડુક્કરો જેવા છે. એ પણ ધર્મભાવનાને નષ્ટ કરે છે. દા.ત., મુનિને કાઉસ્સગ્ગ ધ્યાનમાં શુભભાવનાથી અવધિજ્ઞાન પ્રગટ્યું ! એમાં દેવલોકમાં મોટો માંધાતો ઈન્દ્ર રિસાએલી ઈન્દ્રાણીને મનાવતો જોયો ! ત્યાં મુનિએ જગતભરમાં પ્રસરેલી મોહની વિચિત્રતાને પરખી ઉદાસીનભાવ વૈરાગ્યભાવ અને અનાસક્તભાવ લાવવા જેવો હતો, એના બદલે હાસ્યભાવ આવ્યો, તો ધર્મભાવના ખત્મ થઈ ગઈ અને અવધિજ્ઞાન પણ ખત્મ થઈ ગયું. માટે હે ચતુર જીવ ! આ ક્રોધાદિ કષાયો તથા હાસ્યાદિ નોકષાયોરૂપી ડુક્કરોને હૃદયમાં ચરવા-ફરવા દેતો નહિ.

વળી આ તો વિશેષ ધ્યાન રાખવાનું છે કે અનંગ યાને કામવાસનાના ભાવ તો હૃદયમાં જરાય પેસવા દેવા જેવા નથી; કેમ કે આ ભાવ વાંદરા જેવા છે, હૃદયના વનમાં ભારે ધમામસ્તી અને હૂકાહૂકના કોલાહલ જગાવનારા છે. એ કાંઈ ધર્મભાવનાને સલામત રહેવા દે નહિ. દા.ત, લક્ષ્મણા સાધ્વીને ચકલા-ચકલીની ક્રીડા પર સહેજ પણ લક્ષ જતાં મનમાં કામવાસનાનો જરાક-શો વિચાર સ્ફૂર્યો, તો ત્યાં સર્વજ્ઞ જિનેશ્વરભગવાન પરની શ્રદ્ધાની પવિત્ર ભાવના ખંડિત થઈ ગઈ ! અને મનમાં વિચાર આવ્યો કે 'ભગવાને આવી હિંસા વિનાની નિર્દોષ ક્રીડાનો નિષેધ કેમ કર્યો ?' એટલે કામભાવનું એક આછું કિરણ પણ ભૂંડું ! માટે જ શાસ્ત્ર સો વરસની બુઢ્ઢી કેડમાંથી વળીને કુંધી થઈ ગયેલી, આંખ કાન મોંમાંથી મળ ગળતી એવીને પણ સહેજ જોવાનોય નિષેધ કર્યો ! કેમ કે એ વિજાતીય હોવાથી કામભાવની પ્રેરક છે. માટે એ કામભાવનાને તો તું હૃદયભૂમિમાં ઊઠવા જ દેતો નહિ.

સેવતા એહને કેવલી, પન્નર સય તીન અણગાર રે;
ગૌતમશિષ્ય શિવપુર ગયા, ભાવતાં દેવગુરુ સાર રે. ભા૦ ૫
શુક પરિવ્રાજક સીધલો, અર્જુનમાળી શિવવાસ રે;
રાય પરદેશી અપાપિઓ, કાપીઓ તાસ દુઃખ પાસ રે. ભા૦ ૬

૫. આ ધર્મ-સ્વાખ્યાતભાવના કેટલી બધી ચમત્કારિક છે કે ગણધર ભગવાન **શ્રી ગૌતમસ્વામીજી**એ અષ્ટાપદજીની યાત્રામાં મિથ્યા તપ તપતા પંદરસો ત્રણ (૧૫૦૩) તાપસોને જીવંત કૈલાસનાથ વીતરાગ શ્રી જિનેશ્વર ભગવંતની તથા એમના કહેલા સદ્ધર્મની ઓળખ કરાવી. ત્યાં એ તાપસોને એવો ચમત્કાર લાગ્યો કે 'અહોહો ! ત્યારે કેટલો અદ્ભુત આ જૈન ધર્મ ! કેટલો પવિત્ર આ જૈનધર્મ-કથિત સંયમધર્મ !' એમ આ ભાવનાથી સંયમ સ્વીકારીને પણ એજ ભાવનામાં સંયમધર્મ ઉપરના અહોભાવને વધારતાં વધારતાં કેવળજ્ઞાન પામી ગયા ! માત્ર આ ધર્મ જ ઉત્તમ અને અદ્ભુત એટલું જ નહિ, પણ આ ધર્મને કહેનારા દેવાધિદેવ જગદ્ગુરુ તીર્થંકર ભગવાન મહાવીરસ્વામી કેવાક લોકોત્તર તથા અતિ અદ્ભુત ! તેમજ ગુરુગૌતમસ્વામી પણ કેવા અલૌકિક અને અદ્ભુત ગુરુ ! એવી સારભૂત દેવગુરુની ય ભાવના સેવતાં સેવતાં કેવળજ્ઞાન પામી ગયા અને અંતે મોક્ષનગરે પહોંચી ગયા.

૬. રાજાના છોકરાને ખાજાના ભૂકાની કિંમત નહિ, એમ આપણે જનમથી આવો જૈનધર્મ પામ્યા એટલે 'એ કેટલું બધુ અલૌકિક ! અદ્ભુત ! ધર્મ કેવો અનેરો અનુપમ અરિહંત ભગવાને કહેલો મળ્યો છે !' એની એવી કિંમત નથી; પરંતુ જૈનધર્મ નવો પામનારા આ ભાવ ઉપર કેવા ભવ્ય આત્મપરાક્રમ કરનારા બને છે એ જોવા જેવું છે.

**શુકપરિવ્રાજક** મિથ્યાધર્મી સંન્યાસી હતો અને એક હજાર ચેલાઓના પરિવારવાળો હતો અને એ મિથ્યા ધર્મપર ભારે પક્ષપાત તથા કદાગ્રહવાળો હતો, છતાં એનો જ ભક્ત સુદર્શનશેઠ થાવચ્ચા પુત્ર આચાર્ય મહારાજના ઉપદેશથી ચુસ્ત સમ્યક્ત્વ અને બારવ્રતધારી પરમશ્રાવક બનેલો. એને જ્યારે શુકપરિવ્રાજક કહે છે 'તને કોણે ભોળવ્યો ? ચાલ, મને લઈ જા એની પાસે, હું એની સાથે વાદ કરું અને જો એ મને સમજાવી શકે તો હું એનો શિષ્ય થઈ જાઉં.' ત્યારે સુદર્શન શેઠ એને થાવચ્ચાપુત્ર આચાર્ય પાસે લઈ ગયો.

આચાર્યને એ કહે છે. 'તમે લોકો સ્નાન જ કરતા નથી, જ્યારે શૌચ-પવિત્રતા એ તો ધર્મનો પાયો છે. જો તમારી પાસે એજ નહિ તો તમારી પાસે



ધર્મ શાનો ?' પરંતુ આચાર્ય મહારાજે કહ્યું 'લોહીથી ખરડાયેલું કપડું શું લોહીથી સાફ થાય ?' એમ હિંસાદિથી ખરડાયેલો આત્મા શું હિંસાદિથી પવિત્ર થાય ? કાચા પાણીના ટીંપે ટીંપે અસંખ્ય જીવો છે. સ્નાનમાં એ પાણીનો ઉપયોગ કરીને અસંખ્ય અસંખ્ય જીવો છે સ્નાનમાં એ પાણીનો ઉપયોગ કરીને અસંખ્ય અસંખ્ય જીવોની હિંસા કરતો આત્મા શી રીતે પવિત્ર થવાનો હતો ? વાસ્તવિક શૌચ સ્નાન તો અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય વગેરે સંયમથી જ થાય.

શુક પરિવ્રાજકને અહીં ધર્મસ્વાખ્યાત ભાવના જાગી કે 'અહો ! વીતરાગ સર્વજ્ઞ શ્રી જિનેશ્વર ભગવંતોએ તો પછી આ કેટલો અદ્ભુત અનુપમ સર્વોત્તમ ધર્મ બતાવ્યો !' એમ કરી ત્યાં જ જૈન ધર્મમાં કહેલ સર્વવિરતિ-ચારિત્ર પોતાના ૧૦૦૦ શિષ્ય સાથે સ્વીકારી લીધું, અને ક્રમશઃ થાવચ્ચાપુત્ર આચાર્ય મહારાજની પાટે ગચ્છાચાર્ય બની અંતે શ્રી સિદ્ધગિરિ પર અનશન કરી આ ધર્મ-સ્વાખ્યાત ભાવનાને આગળ વધારતાં એટલે કે સંયમધર્મ પર અહોભાવની પરાકાષ્ઠાએ પહોંચતાં કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

એમ **'અર્જુનમાળી જે ધૂર પાપી'** -અર્થાત્ જે પહેલા પાપી હતો... પોતાની નજર સમક્ષ પોતાના છ ગોઠિયા અર્જુનમાળીને થાંભલા સાથે બાંધી એની પત્ની સાથે કામક્રીડામાં ચડ્યા દેખ્યા, ત્યારે અર્જુનમાળીના શરીરમાં યક્ષનો પ્રવેશ થયાથી, યક્ષની મૂર્તિના હાથમાં રહેલ મોટો પથ્થરીયો મોગર ઊંચકી લઈ, અર્જુનમાળીએ ત્યાં ને ત્યાં બંધનો તોડી, પથ્થરીયો મોગર હાથમાં લઈ સાતેના ભૂક્કા બોલાવી દીધા. હવે પછી રોજ ને રોજ છ પુરુષ ને એક સ્ત્રીની, આકાશમાં ઊડીને જઈ પહોંચી, હત્યા કરતો ત્યાં સુધી રોજ નગરમાં લોક ઘરમાં ભરાઈ રહેતા, અને રસ્તાઓ શૂન્યકાર થઈ જતા. આવો પહેલાં જે પાપી હતો તે હવે જ્યાં સુદર્શન શ્રાવક ત્રિભુવનગુરુ મહાવીર પરમાત્મા પધાર્યાના સમાચાર સાંભળી, પ્રભુને વંદનાર્થે બહાર નીકળી રસ્તા પર આવે છે ત્યાં, ઊંચે આકાશમાં દૂરથી અર્જુનમાળી આ શિકાર મળ્યો જાણી મોગર ઉલાળતો ઉલાળતો સુદર્શન તરફ નીચે ધસ્યો આવે છે. એ જોતાં સુદર્શને સુંદર સમાધિ રાખી સાગાર અનશન સાથે કાઉસ્સગ્ગ કર્યો. એના ધર્મતેજના વર્તુળમાં પેસતાં જ યક્ષ અંજાઈ-ડઘાઈ ગયો અને અર્જુનમાળીના શરીરમાંથી ભાગી ગયો ! એટલે અર્જુનમાળી પોટલાની જેમ નીચે પડ્યો. 'પોતે કોણ છે ? ક્યાં છે ? આ શું છે ?' ...વગેરે પૂછે છે, એટલે સુદર્શન કાઉસ્સગ પારી એના રોજના ભયંકર દુષ્કૃત્ય બતાવી મહાપાપથી બચવા એને તીર્થંકર ભગવાન મહાવીર પ્રભુની અને એમના ધર્મની ઓળખ કરાવે છે, અને પ્રભુ પાસે લઈ જાય છે. અર્જુનમાળી 'અહો આ કેવા નિરૂપમ કરુણાવંત પરમાત્મા ! તથા માત્ર આ જન્મના જ નહિ કિન્તુ જન્મોજન્મના ઘોરાતિઘોર પાપોનો નાશ કરનાર અહો !

દુઃસમ સમય દુપ્પસહ લગે, અવિચળ શાસન એહ રે;
ભાવશું ભવિયણ જે ભણે, તેહ શુભમતિ ગુણગેહ રે. ભા૦ ૭

---

અહિંસા-સંયમ-તપનો એમનો કહેલો કેટલો અદ્‌ભુત ધર્મ !' એમ ધર્મસ્વાખ્યાત ભાવનામાં આગળ વધતાં ચારિત્ર લઈ કેવળજ્ઞાન પામી મુક્તિમાં શાશ્વત વાસ કરનાર બની ગયા.

એવું જ **રાજાપ્રદેશી**ને થયું. પહેલાં એ પૂરો નાસ્તિક હતો. એવો કે પોતાની રાજધાની શ્રાવસ્તી નગરીમાં બાવા-જોગી-સાધુ-સંન્યાસીને રહેવા જ ન દે. કેમ કે એ માનતો હતો કે આ લોકો ધર્મ ધર્મ કરી લોકોને ત્યાગ-તપસ્યા વગેરેના ખોટા કષ્ટમાં નાખે છે. પરંતુ જ્યાં એને મંત્રીની કુનેહથી કેશીગણી મહારાજ મળ્યા, અને તેમની પાસેથી ધર્મ સાંભળી આત્મા-પરમાત્મા-ધર્મ-પુણ્ય પાપ-અને પરલોકની સમજ અને શ્રદ્ધા પ્રાપ્ત થઈ, એટલે એ ધર્મ-સ્વાખ્યાત ભાવનામાં ચઢી અપાપિયો બન્યો, ને ત્યાં ને ત્યાં જ એણે સમ્યક્ત્વ સહિત શ્રાવકના બાર વ્રત સ્વીકાર્યા ! અને એ શ્રાવકના આચાર-અનુષ્ઠાનમાં લાગી ગયો ! એમાં પણ એણે આ ધર્મ-સ્વાખ્યાત ભાવના એવી અપનાવી કે એમાં આગળ વધતાં, જ્યાં એની વિષયાંધ રાણી સૂર્યકાંતાએ એને ઉપવાસના પારણે ઝેર આપ્યું ત્યાં 'અહો ! આ જિનેશ્વર ભગવાન-કથિત કેવો સુંદર અને અનન્ય કોટિનો જૈન ધર્મ મને મળ્યો ! તો હવે હું રાણી પર ક્રોધ કષાયથી અસુંદર થાઉં ? ના, ઉપશમ અને અરિહંતાદિ શરણની સુંદર સમાધિમાં રહું.' એમ કરી સમાધિ મરણ પામી પહેલા દેવલોકમાં સૂર્યાભદેવનો માલિક દેવતા થયો. એના નાસ્તિકપણાના યોગે જે નરકનાં દુઃખનાં પાપ ઊભા થઈ ગયેલા, એ પાપના પાશ-બંધન આ ભાવનાએ કાપી નાખ્યા.

(૭) 'અહો ! તીર્થંકર ભગવાને આ કેવું ધર્મશાસન સ્થાપ્યું કે જે દુષમ કાળમાં ઠેઠ છેડે **યુગપ્રધાન દુપ્પહસૂરિ** આચાર્ય મહારાજ થશે ત્યાં સુધી એ અવિચલ અવિચ્છિન્નપણે ગાજતું રહેવાનું છે, એવા આ ભવ્યાતિભવ્ય ધર્મશાસનને જે ભવીજન હૃદયના નિર્મળ ભાવથી ભજે છે, આરાધે છે, તે ભવ્યાત્મા શુભ મતિવાળા અને ગુણોના મંદિર બને છે. અનંતકાળમાં એવા અનંતા ભવ્યાત્માઓ આ શાસનને પામીને ગુણગણના ભંડાર બનીને અનંત ગુણના ધામભૂત મોક્ષને પામી ગયા. અહો ! કેવું અદ્‌ભુત ધર્મશાસન તીર્થંકર પરમાત્માનું !



# (કળશ-દોહો)

તપગચ્છ વિજય દેવગુરુ, વિજયસિંહ મુનિરાય;
શુદ્ધ ધર્મદાયક સદા, પ્રણમો એહના પાય. ૧

## ઢાળ તેરમી

(રાગ ધન્યાશ્રી)

**તમે ભાવો રે, ભવિ ઈણ પરિભાવના ભાવો;**
**તન મન વયણ ધરમ લય લાવો, જિમ સુખસંપદ પાવો રે. ભ૦ ૧**

---

### કળશના દુહાનો ભાવાર્થ

બાર ભાવનાના વર્ણનના પ્રાંતે કવિ કહે છે, તપગચ્છના અધિપતિ વિજય દેવસૂરિજી મહારાજના શિષ્ય વિજય સિંહસૂરિજી મહારાજ, એ જે હંમેશા શુદ્ધ જૈન ધર્મના દેનારા છે, એમના ચરણ કમળને હંમેશાં નમસ્કાર કરો.

### ઢાળ તેરમીનો ભાવાર્થ

(૧) હે ભવિજનો ! તમો આ પ્રકારે બાર ભાવનાને ભાવો, એના પર ખૂબ ચિંતન મનન કરીને એ ભાવનાથી હૃદયને ભાવિત કરો, અર્થાત્ વિચારસરણીને રંગી નાખો. અને મન, વચન, કાયામાં એટલે કે વિચાર-વાણી-વર્તાવમાં ધર્મની લય લાવો. અહીં 'લય' શબ્દ સૂચક છે.

**'पूजाकोटिसमं स्तोत्रं, स्तोत्रकोटिसमो जपः ।**
**जपकोटिसमं ध्यानं, ध्यानकोटिसमो लयः ॥**

આ બાર ભાવનાઓનો એવો પ્રભાવ છે કે એનું ચિંતન કરતાં કરતાં એ એક પ્રકારની આત્માની અને ધર્મની પૂજા સમાન બને છે. પછી વાણીથી એના ગુણગાન કરતાં એ સ્તોત્ર સમાન બને છે. આગળ વધતાં મનને એની રટણા કરાવતાં એ જાપ સમાન બને છે. એથી આગળ મનને એ ભાવનામાં બરાબર એકાગ્ર કરતાં એ ધ્યાન સમાન બને છે. આ બધામાં ધર્મભાવની જ વૃદ્ધિ થાય છે, એટલે ધ્યાન-અવસ્થામાંથી આગળ ધર્મની લય-અવસ્થા આવે છે. આ રીતે ભાવના દ્વારા કવિ કહે છે કે તન, મન અને વચનથી ધર્મની લય-અવસ્થા ઊભી કરો; અને એમ કરતાં લૌકિક લોકોત્તર સુખ સંપત્તિને પ્રાપ્ત કરો.

લલનાલોચન ચિત્ત ન ડોલાવો, ધન કારણ કાંઈ ધાવો;
પ્રભુસ્યું તારોતાર મિલાવો, જો હોય શિવપુર જાવો રે,
કંઈ ગર્ભાવાસ ન આવો રે. ભ૦ ૨

---

લૌકિક સંપત્તિઓ પુણ્ય યાને શુભ કર્મથી પ્રાપ્ત થાય છે. બાર ભાવનાની ઉપરોક્ત પ્રમાણે સાધના કરતાં કરતાં મનના શુભ ભાવો જોરદાર ચાલવાથી શુભ ........ **'જં જં સમયં જીવો...'** વાળી ઉપદેશમાળાની ગાથા કહે છે. એટલે આ ભાવનાથી પુણ્ય-બંધ થાય એ શાસ્ત્ર-સિદ્ધ છે. વળી શુભ ભાવના દ્વારા ધર્મને લય અવસ્થા સુધી પહોંચાડતાં ઉપર ઉપરના ગુણસ્થાનકોએ ચડતાં ચડતાં શુકલધ્યાન અને ક્ષપકશ્રેણી દ્વારા કૈવલ્યલક્ષ્મી અને અંતે મોક્ષ-લક્ષ્મી પ્રાપ્ત થાય એ પણ સહજ છે.

(૨) આ ભાવનાઓનું ઔષધ સેવતાં કુપથ્ય ન સેવાઈ જાય એ અત્યંત જરૂરી છે. નહિતર સંગ્રહણીના દરદવાળો ઔષધ ખાવા સાથે વાલ, વટાણા આરોગ્યે રાખે એને જેમ ઔષધ કારગત ન થાય, એમ કુપથ્યથી ભાવના નિષ્ફળ જાય. એ માટે કવિ આ પ્રકારના કુપથ્યથી બચવા જણાવે છે કે સ્ત્રીઓની હરણી જેવી આંખો તથા એના કટાક્ષો ઉપર મનને લુબ્ધ કરતા નહિ. એમ લક્ષ્મીના લોભમાં પડીને દોડધામ કરતા નહિ, કારણ કે આ રમા (લક્ષ્મી) અને રામા (સ્ત્રી)ની લગન એ મહાકુપથ્ય છે; અને એ મનને એવું પકડી લે છે, એવું નિ:સત્ત્વ કરે છે, ને એવું મલિન ખરાબ-ખસ્ત બનાવે છે, કે જેથી મન બિચારું ભાવનાને અડી જ શકે નહિ ! અડવાનું જોમ જ ન હોય ! પવિત્ર ભાવનાઓ એને સ્પર્શી શકે નહિ.

બીજી રીતે જોઈએ તો ભાવના કલ્પ વેલડી છે; અરે ! એનાથી પણ અધિક છે. કેમ કે સદ્ગતિ અને મોક્ષ સુધીની અનુપમ સંપત્તિને આપવાની તાકાત કલ્પ વેલડીમાં નથી એ આ ભાવનામાં છે. માટે જ્યારે ઉચ્ચ મનુષ્ય ભવ પામ્યા છો, એમાં વળી ઉત્તમોત્તમ શુભ ભાવ અને વિશુદ્ધ ધ્યાનની કમાઈ કરી આપવા એક માત્ર સમર્થ અતિ ઉચ્ચ માનવ-મનની મૂડી મળી છે, તો પછી એ મનને સ્ત્રીઓના વિલાસરૂપી વિષ્ટામાં ઘાલી ખરાબ ખસ્ત ન કરો, તેમ જ વેશ્યા જેવી અને નરકદાયી નાશવંત લક્ષ્મીના કારણે આવા સુંદર મનને અસદ્-અશોભન વિષયોમાં શું દોડાવો ? તમારે જો મોક્ષનગરીએ પહોંચવું હોય તો, અને ફરી ગર્ભાવાસમાં ન આવવું હોય અર્થાત્ ફરી જનમ ન લેવો હોય તો, આ મનથી વીતરાગ અરિહંત પરમાત્મા સાથે તારો તાર મિલાવો. મનના તાર તાણાની જેમ પ્રભુના ગુણોના તારરૂપી વાણામાં એકમેક કરો.



જંબૂની પરિ જીવ જગાવો, વિષયથકી વિરમાવો;
એ હિત શિખ અમ્હારી માની, જગ જસપડહ વજાવો રે. ભ૦ ૩
શ્રી જશસોમ વિબુધ વૈરાગી, જગ જસ ચિહું ખંડ ચાવો;
તાસ સીસ કહે ભાવન ભણતાં, ઘરિ ઘરિ હોય વધાવો રે. ભ૦ ૪

**દોહા**

ભોજન નભ ગુણ વરસ શુચિ; સીત તેરસિ કુજવાર;
ભગતિ હેતુ ભાવન ભણી; જેસલમેરુ મઝાર. ૧

શ્રી જશસોમમુનિ શિષ્યકૃત ભાવના બારની વેલિ સંપૂર્ણ.

---

મન પ્રભુની સાથે એકતાર અને એકતાન કરવાનું ઉત્તમ સાધન મનથી બાર ભાવનાનું ચિંતન છે. એનું કારણ મનને પ્રભુમાં ન જોડવા દેનારા જગતના ઈષ્ટાનિષ્ટ સંયોગો છે પરંતુ એ સંયોગો ઉપર અનિત્યતાની ભાવના એ સંયોગોના આકર્ષણ ખતમ કરી નાખે છે, એટલે ઈષ્ટાનિષ્ટમાંથી ઊભગી જઈ મુક્ત બનેલું મન પરમાત્મામાં ઠરી શકે છે. એમાં બારે ભાવનાના અપ્રશસ્ત વિષયો પરથી મન સદંતર ઊઠી જાય છે, અને પ્રશસ્ત વિષયો પર મન ચિપકી જાય છે, તેથી પછી મનને પરમાત્મામાં ઠરવાનું અતિશય સરળ બને છે.

(૩) કવિ કહે છે કે જેમ જંબૂકુમારે સુધર્માગણધરની દેશના સાંભળી મોહમાં સૂતેલા પોતાના જીવને એવો જગાડ્યો અને વિષયો તરફથી ભારે વિમુખ કર્યો ! આની પાછળ અશરણ-ભાવના સંસાર-ભાવના વગેરે ભાવનાઓનું બળ કામ કરી ગયું.

એવી રીતે હે ભવીજનો ! તમે પણ જીવને જાગ્રત્ કરી મનને વિષયોથી તદ્દન પરાઙ્મુખ કરી દો ને અમારી આ હિતશિક્ષા માનીને એવા આત્મ-પરાક્રમ કરો કે જેથી જગતમાં તમારો યશડંકો બજે.

(૪) શ્રી યશસોમ મહાત્મા પંડિત હતા અને મહાન વૈરાગી હતા. એવા જગતમાં ચારે દિશા-ખંડમાં એમનો યશ ગર્વ લઈ રહ્યો હતો. એમના શિષ્ય કહે છે કે આ બાર ભાવનાની સજ્ઝાયોને ભણતાં ઘેર ઘેર મંગળ વધામણાં થાઓ.

(૫) વિ. સં. ૧૭૦૬ની સાલમાં અષાઢ માસની સુદ તેરસ મંગળવારે જેસલમેર નગરમાં રહીને જિનશાસન પ્રત્યેની ભક્તિના કારણે બારભાવનાની આ ઢાળો રચી છે.

**સમાપ્ત**